॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સ.ગુ. જ્ઞાનીસ્વામી હરિસ્વરૂપદાસજીનો વા

ભાગ - ૧

પ્રકાશક
સ.ગુ. શાસ્ત્રીસ્વામી સત્સંગભૂષણદાસજી
મેનેજીંગ ટ્રસ્ટી
શ્રી ઘનશ્યામ માનવસેવા ટ્રસ્ટ, આણંદ

સ.ગુ. જ્ઞાનીસ્વામી હરિસ્વરૂપદાસજીનો વાર્તા ભાગ - ૧

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સ.ગુ. દ્યાનૌરસ્વામી હરિસ્વરૂપદાસજીની વાતો ભાગ - ૧

વડતાલ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજના

રૂડા આશિર્વાદથી.

સંવત્ ૨૦૭૨ મહા સુદ ૭ (લોચા શાકોત્સવ) તા. ૧૪.૦૨.૨૦૧૬ રવિવાર

પ્રકાશક

સ.ગુ. શાસ્ત્રીસ્વામી સત્સંગભૂષણદાસજી

– મેનેજીંગ ટ્રસ્ટી

શ્રી ઘનશ્યામ માનવસેવા ટ્રસ્ટ, આણંદ

જી/૨૦૭, કવિતા શોપીંગ સેન્ટર, જી.પી.ઓ. રોડ,

આણંદ-૩૮૮૦૦૧

મો.+૯૧ ૯૮૭૯૨ ૦૫૯૪૪, +૯૧ ૯૮૭૯૧ ૦૯૭૧૬

આ પુસ્તકના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન રહેશે.

સંવત્ ૨૦૭૨ મહા સુદ ૭ (લોચા શાકોત્સવ) તા. ૧૪.૦૨.૨૦૧૬ રવિવાર

પ્રથમ આવૃત્તિ – ૫૦૦૦ પ્રત

કિંમત : રૂા. ૫૫/–

પ્રિન્ટીંગ : અમર પ્રિન્ટરી - અમદાવાદ

પ્રાપ્તિ સ્થાન :

શ્રી ઘનશ્યામ માનવસેવા ટ્રસ્ટ, આણંદ

જી/૨૦૭, કવિતા શોપીંગ સેન્ટર, જી.પી.ઓ. રોડ,

આણંદ–૩૮૮૦૦૧

મો.+૯૧ ૯૮૭૯૨ ૦૫૯૪૪, +૯૧ ૯૮૭૯૧ ૦૯૭૧૬

સર્વજીવહિતાવહ શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ, કણભા,

તા.દસ્ક્રોઈ, જી. અમદાવાદ–૩૮૨૪૩૦

મો. ૯૮૭૯૫ ૨૯૭૧૨, ૯૮૭૯૫ ૫૯૭૧૧, ફોન : ૦૨૭૧૮–૨૮૬૦૦૧



ઉપાસ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલ

શ્રી ઘનશ્યામ મહારાજ - કણભા ગુરૂકુળ

લક્ષ્મીનારાયણ દેવ દેશ વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮
આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ



પ્રાતઃસ્મરણીય પ.પૂ. સ.ગુ. શ્રી ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજી

બ્રહ્મનિષ્ઠ સ.ગુ. મહંતશ્રી શ્રીવલ્લભદાસજી સ્વામી - ભુજ
(સ.ગુ. ધ્યાનીસ્વામીના ધ્યાનગુરૂ)

સ.ગુ. ધ્યાનીસ્વામીના ગુરૂ બ્રહ્મનિષ્ઠ સ.ગુ. શ્રી બાલમુકુંદદાસજી સ્વામી - ભુજ

પ્રસ્તાવના

॥ શ્રી હરિ ॥

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રી શ્લોક નં. ૩૬ માં કહે છે કે "કાર્યં સઙ્ગોન્વહં સતામ્" તથા અમારા આદ્યગુરૂ કવિ સમ્રાટ, શીઘ્રકવિ, શતાવધાની બ્રહ્માનંદ સ્વામી પણ કિર્તનમાં લખે છે કે "સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે" તથા સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહેલ કે સ.ગુ. ગોપાળાનંદ સ્વામી તથા કૃપાનંદ સ્વામી જેવા જ્ઞાનના કથનારા મળેને બ્રહ્માના કલ્પ પર્યંત આવરદા હોય ત્યારે જ્ઞાન થાય અને વેદો પણ કહે છે "ऋते ज्ञानान् न मुक्तिः त्वमेव विदित्वाति मृत्युमेति न्यायः पंथा विद्यते अयनाय" એમ ભગવાનના જ્ઞાન વિના જીવની મુક્તિ થતી નથી. આથી ભગવત્સ્વરૂપનું જ્ઞાન સામાન્ય જીવને પણ થાય ને આંત્યંતિક કલ્યાણના અધિકારી થાય તે હેતુથી અતિ કરૂણા કરીને સ્વામીજીએ ધ્યાન પ્રકાશ તથા શ્રી હરિ ઉપદેશામૃત નામના બે ગ્રંથો વહેલા ઉઠીને અતિ વ્યસ્ત જીવનમાં પણ સમય કાઢીને સ્વયં અતિ જહેમત ઉઠાવીને લખ્યા છતાં પણ વ્યાસજીએ જેમ વેદના ચાર વિભાગ કર્યા, ૧૭-૧૭ પુરાણો કર્યા, વ્યાસસૂત્રો રચ્યા, એક લાખ શ્લોકનું મહાભારત રચ્યુ તો પણ મનમાં અસંતોષ રહ્યો કે મારાથી જીવનું સરળાતાથી કલ્યાણ થાય તેવું લખાયું નથી. તેથી શ્રીમદ્ ભાગવત પુરાણ ગણેશજી પાસે લખાવ્યું તેમ સ્વામીશ્રીએ પણ ઝાઝા જીવના સરળતાથી આંત્યંતિક કલ્યાણ થાય તેવા ઉમદા હેતુથી અત્યાર સુધી શિબીરો તથા સભામાં કરેલી વાતો, પ્રવચનોનો દિવ્ય ખજાનો પુસ્તક સ્વરૂપે મુમુક્ષુઓને મળે કે જેથી મળતા સમયાવકાશે વાંચીને ધર્મ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આત્મનિષ્ઠા આદિ શુભ ગુણોના તથા મોક્ષના અધિકારી બને.

ઘણા સમયથી સંતો-ભક્તોની માંગણી હતી કે સ્વામીજી આપના પ્રવચનો વાતોના સંગ્રહ રૂપે પ્રકાશિત થાય તો સારું તેથી સહુની લાગણીને વશ થઈને સ્વામીજીએ પોતાની ખ્યાતિ વધારવા નહિ પણ શ્રી હરિ, આચાર્ય મહારાજશ્રી તથા સંતો-ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત થાય એ હેતુથી આ પુસ્તક તૈયાર કરાવ્યું છે. આ દરેક વાતોને પૂજ્ય સ્વામીજીએ વાંચીને પ્રમાણ કરેલી છે. અને એક વખત તો આનુ પ્રૂફ રીડીંગ પૂજ્ય સ્વામીજીએ કરેલુ છે.

આ વાતોમાં મુખ્યત્વે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, આત્મનિષ્ઠા, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ, કથા વાર્તાનો મહિમા, પવિત્ર ગૃહસ્થાશ્રમ, ઉપાસના, પતિવ્રતાની ટેક, પંચવર્તમાન આદિ અનેક વાતો તથા શિબીરમાં શ્રોતાઓએ પૂછેલા પ્રશ્નોના જવાબ પણ આપેલા છે.

પૂજ્ય સ્વામીશ્રીની એક ખાસીયત છે કે એક દૃષ્ટાંતમાં બીજું અને બીજામાં ત્રીજું અને એમા ચોથુ દ્રષ્ટાંત આપી દ્રષ્ટાંતની સાંકળ બનાવે પછી પૂછે કોની વાત ચાલતી હતી? ત્યારે આપણે ભુલી ગયા હોઈએ પણ એમને યાદ હોય પાછું પ્રથમ દૃષ્ટાંત લીધુ હોય તેની અધૂરી વાત યાદ કરીને વાર્તા પૂરી કરે. આવા અનેક દૃષ્ટાંત આ પુસ્તકમાં છે.

પૂજ્ય સ્વામીજીની વાતોમાં ક્યારેક ધ્યાન-સમાધિની વાત આવે ત્યારે અધ્યાત્મના શિખરોને આંબે છે. તો ક્યારેક શૌચાશૌચની સીધી સાદી વાતો પણ એટલી જ સરળતાથી કહે છે.

મુમુક્ષુઓના મોક્ષમાર્ગની વાટ વહેતી રાખવા માટે પૂજ્ય સ્વામીજીએ ગાંધીનગર, પેથાપુર, વાસણા, બાવળા, મોરબી, કણભા તથા અમેરિકામાં ૧૯૯૩ થી ૨૦૧૪ સુધી અનેક વખત શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબીરનું આયોજન કર્યું ને મુમુક્ષુઓના જીવનમાં અજ્ઞાનના અંધારા ઉલેચીને જ્ઞાન,સદ્‌વર્તન, ભક્તિને વૈરાગ્યનો પ્રકાશ પ્રાથર્યો. તથા સ્વયં પ્રશ્નોના ઉત્તરો આપીને મુંઝવતા કોયડાના સરળ ઉકેલો આપ્યા તે પૈકીની સ્વામિનારાયણ મંદીર સે-૨ ગાંધીનગરમાં સને ૧૯૯૪ થી ૧૯૯૮ દરમ્યાન યોજાયેલ ત્રિદિનાત્મક શિબિરમાં પૂ.સ્વામીજીએ કરેલ વાતો તથા પ્રશ્નોત્તરીનો સમાવેશ આ પુસ્તક સદ્‌ગુરૂ ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીની વાતો ભાગ-૧માં સમાવેશ કરવામાં આવ્યો છે.

તારીખ ૦૨/૦૨/૨૦૧૬ના રોજ વડતાલ પ. પૂ. મહારાજશ્રીના દર્શને અમે ગયા હતા. સ્વામીની વાતોનું આ પુસ્તક છપાવવા માટેની વાત જ્યારે આપણા લાડીલા વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજજી મહારાજશ્રીને કરી કે સ્વામીની સ્મૃતિમાં સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ પ્રસંગે આ પુસ્તકનું પ્રકાશન કરવાની ઈચ્છા છે, પણ હજુ બીજી વારનું પ્રૂફ રીડીંગ પણ બાકી છે. એટલે તુરંત અતિશય રાજી થઈને પૂજ્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા કહ્યું કે સ્વામીની વાતોનું પુસ્તક તમે છપાવો એમા અમારો અતિશય રાજીપો છે.

આ પુસ્તકનું સંપાદન, પ્રુફ રીડીંગ તથા કોમ્પ્યુટર કમ્પોઝીંગની સેવા અમદાવાદ નિવાસી પ. ભ. શ્રી હિતેન્દ્રભાઈ અંતાણી સાહેબ, ભુજ નિવાસી પ.ભ. શ્રી નિતિનભાઈ ભટ્ટ, પ. ભ. શ્રી મહેશભાઈ ચૌહાણ, પ. ભ. શ્રી વિનોદભાઈ કાચા, પ.ભ. શ્રી નિતીનભાઈ લીલાધરભાઈ ઠક્કરે તથા ડીઝાઈનની સેવા અમદાવાદ નિવાસી પ. ભ. શ્યામભાઈ સલાટે બજાવેલી છે. તો આ સર્વે ભક્તજનો ઉપર ભગવાન શ્રી સ્વામિનારાયણ તથા ગુરૂવર્યની અપાર કૃપા ઉતરે અને આ વાતોનું રહસ્ય તેઓને આત્મસાત્ થાય એવી પ્રાર્થના.

પૂજ્ય સ્વામીજીની આ વાતો એકદમ સરળ ને અભણ માણસને પણ સમજાય એવી છે. જે વાંચવાથી મુમુક્ષુઓના ધર્મજ્ઞાન, વૈરાગ્ય ભક્તિ, આત્મનિષ્ઠા, આજ્ઞાને ઉપાસના દૃઢ થાય એવી પરમકૃપાળુ પરમાત્મા ભગવાન સ્વામિનારાયણનાં ચરણોમાં કોટી કોટી વંદન સાથે પ્રાર્થના.

પૂ.સ્વામીજીની વાતોના આવા ચાર ચાર પુસ્તકો લગભગ ૩૫૦-૩૫૦ જેટલા પેઈજવાળા કમ્પોઝ કરેલ છે. એમાનું આ એક પુસ્તક સંવત ૨૦૭૨ મહાસુદ-૭ (લોયાનો શાકોત્સવ)ના શુભદિને પ.પૂ.ગુરુવર્ય સ.ગુ.ધ્યાનીસ્વામીજીની સ્મૃતિમાં શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે કણભા ગુરૂકુળ પરિવાર તરફથી પ્રસિદ્ધ કરતાં અતિ આનંદની લાગણી અનુભવીએ છીએ અને કિંચીત ગુરુ ઋણ અદા કરીએ છીએ.

આ પુસ્તકમાં ઘણી ચોકસાઈ રાખીને પ્રુફ રીડીંગ કરાવ્યું છે છતાં ક્યાંય ક્ષતિ રહી ગઈ હોય તો સુજ્ઞ વાંચકો ક્ષમા કરશે.

લિ. શાસ્ત્રીસ્વામી સત્સંગભૂષણદાસજી

ગુરૂ ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીના સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ

નિવેદન

વ્હાલા ભક્તો ! પ.પૂ. સદ્‌ગુરુવર્ય શ્રી ધ્યાનીસ્વામી હરિસ્વરૂપદાસજીની વાતો ભાગ-૧ એટલે આપણા અંતઃકરણમાં રહેલા અજ્ઞાનરુપી અંધકારનો નાશ કરી જ્ઞાનરૂપી પ્રકાશ પાથરી મોક્ષમાર્ગે ચાલવાની શ્રદ્ધા વૃદ્ધિ પમાડવાનો સર્વોત્તમ ઉપાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલના ચોથા વચનામૃતમાં કહે છે કે ત્રીશ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન કર્મ વચને કરીને રાખે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલા સર્વે તેના સંગમાં આવી જાય છે.

ગુરુવર્ય શ્રી ધ્યાનીસ્વામીજીની આ વાતોનું વાંચન કરવાથી આપણને જાણે કે સાક્ષાત્ ગુરુવર્યનો સમાગમ કરી રહ્યા હોઈએ તેવી અનુભૂતી થાય છે(થશે). સ્વામીશ્રીની વાતો એકદમ સરળ ભાષામાં લખાયેલી હોવાથી ગામડાના ખેડૂતને પણ સરળતાથી સમજાય તેવી છે. સદ્‌ગુરૂવર્ય શ્રી ધ્યાનીસ્વામીજીની વાતોમાં જેમ સોય કેડે દોરો સોંસરો ચાલ્યો આવે તેમ એક જ અભિપ્રાય સોંસરો ચાલ્યો આવે છે કે આપણા અનેક જન્મના પુણ્ય પ્રતાપથી ત્થા ભગવાનની અપાર દયાથી પ્રાપ્ત થયેલા આવા મનુષ્યદેહને પામીને તથા આવા દિવ્ય અલૌકિક સત્સંગનાં યોગને પામીને ભગવાનનું ધ્યાન-ભજન-સત્સંગ બરાબર કરી તથા ભગવાનની આજ્ઞાનું દૃઢપણે પાલન કરી પોતાના મોક્ષ સંબંધી કાર્ય કરી લેવું એજ ખરો લાભ છે.

તે માટે સ્વામીશ્રીએ રાત-દિવસ જોયા વિના દેશ-પરદેશમાં વિચરણ કરી મનુષ્ય જન્મની દુર્લભતા તથા ભગવાનના મહિમાની ત્થા સત્સંગની મહત્તાની વાતો કરી અનેક જીવાત્માઓને ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરી દૃઢ ઉપાસના તથા તેમની આજ્ઞારુપ શિક્ષાપત્રીનું પાલન કરવાની દૃઢતા કરાવી મોક્ષમાર્ગે ચાલવાનું બળ પુરુ પાડ્યું તે વાતો ભવિષ્યની પેઢીઓને પણ પ્રાપ્ત થતી રહે એવા શુભ હેતુથી સ્વયં સદ્‌ગુરુ શ્રી ધ્યાનીસ્વામીજીએ જ પોતાના મનમાં દૃઢ સંકલ્પ કર્યો કે આ વાતો મારે પુસ્તકના રુપમાં બહાર પાડવી તેથી સ્વામીશ્રી જાતે આ વાતોનું લેખન કરતા હતા ને અમુક સંતો-

હરિભક્તોએ સ્વામીશ્રીએ પોતાના આશીર્વચનોમાં જે વાતો કરેલી તેનું લેખન કરેલું તે પણ સ્વામીજીએ જાતે વાંચીને પ્રમાણ કરેલ છે કે આ વાત મારી કહેલી છે ને બરાબર છે. સ્વામીશ્રી છેલ્લે સુધી આ વાતોનું વાંચન તથા લેખન કાર્ય કરતા હતા ને સંતોને ભલામણ કરેલ કે આ વાતોનું પુસ્તક મારી હયાતીમાં જો હું પ્રકાશન ન કરી શકું તો તમો આ વાતોનું પ્રકાશન કરજો. જેથી ગુરુવર્યની સ્મૃતિમાં યોજેલ ગ્રંથરાજ શ્રીમદ્ સત્સંગિજીવનની પારાયણ પ્રસંગે પ.પૂ.સ.ગુ.શ્રી ધ્યાનીસ્વામીની વાતો ભાગ-૧ પુસ્તકનું પ્રકાશન કરેલ છે.

પ.પૂ.સ.ગુ.શ્રી ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં લખેલ છે કે કરોડો રૂપિયા દેતા પણ આવા સાધુ ન મળે ને કરોડો રૂપિયા ખરચતાં પણ આ વાતો ન મળે ને કરોડો રૂપિયા આપતાં પણ મનુષ્ય દેહ ન મળે ને આપણે પણ કરોડો જન્મ ધર્યા છે પણ કોઈ વખત આવો જોગ મળ્યો નથી. નીકર શું કરવા આ દેહ ધરવો પડે માટે સદ્‌ગુરુવર્ય શ્રી ધ્યાનીસ્વામીની આ અમુલ્ય વાતોની મહત્તા સમજી વાંચન કરી જીવનમાં આત્મસાત્ કરી આપણો છેલ્લો જન્મ કરી લેવો એ જ આ મનુષ્ય જન્મનો ખરો લાભ છે.

અંતમાં મારા અને આપ સર્વેના જીવનમાં ત્થા આવનારા સમયમાં અનેક જીવાત્માઓને સદ્‌ગુરુવર્ય શ્રી ધ્યાનીસ્વામીની આ વાતોનું પુસ્તક મોક્ષમાર્ગના ભોમિયારૂપ બની રહે એવી સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા ગુરુવર્ય શ્રી ધ્યાનીસ્વામીજીના ચરણ કમળમાં પ્રાર્થના...

લિ. દાસાનુદાસ સાધુ ન્યાલકરણદાસજીના
સર્વેને ભાવપૂર્વક જયશ્રી સ્વામિનારાયણ.

" શ્રીહરિ "

અનુક્રમણિકા

૧ આંબા ભક્તે મહારાજનું નામ ન્યાલકરણ પાડ્યું. ૧

૨ શ્રીજી મહારાજે હરિભક્તોને દયા રાખવાનું કહ્યું. ૧

૩ શ્વાસોચ્છ્વાસે ભજન કરવામાં બહુ કાળજી રાખવી. ૨

૪ શ્રી સ્વામિનારાયણ ભગવાને ઘોર કળીયુગમાં સતયુગ સ્થાપ્યો. ૩

૫ ભગવાનને સદાય સમીપે(ભેળા) રાખીયે તો ઉપાસનાની દૃઢતા કરી કહેવાય. ૪

૬ એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં. ૫

૭ કચ્છ દેશના અંજાર ગામના એક ભક્ત. ૬

૮ ભગવાનના ભક્તને દુઃખ શા માટે આવે છે? ૭

૯ અનસૂયાજીની પતિવ્રતાની ટેક. ૭

૧૦ ભગવાન પોતાની મોટપ છુપાવીને મનુષ્ય જેવા થઈને વર્તે છે. ૯

૧૧ ભગવાન પોતાની મોટપ સામું જુવે તો આપણી શું ગણના? મુક્તાનંદ સ્વામીનું દૃષ્ટાંત. ૧૦

૧૨ ભગવાન આપણા ગુના સામું જુવે તો કોઈના કલ્યાણ થાય નહીં. ૧૧

૧૩ અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરે તે સાચા ગુરૂ. ૧૨

૧૪ ભુજના અચ્યુતદાસ સ્વામી. ૧૩

૧૫ જેની વૃત્તિ ભગવાનમાં ન રહે એ ભગવાનનો ભક્ત જ ન કહેવાય. ૧૪

૧૬ ભગવાનના ભક્તોએ નામુ માંડવું કે મારે કેટલી જગતની વાસના છે ને કેટલી ભગવાનની છે. ૧૫

૧૭ ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવાનું સાધન. ૧૬

૧૮ ત્રણ દેહની ભાવના ટાળીને આત્માને અક્ષરધામ માની અક્ષરરૂપ થઈ ધ્યાન કરવું. ૧૬

૧૯ પડ્યું મારે સહજાનંદજી શું પાનું. ૧૭

૨૦ વૃંદાવન ગામના લાલાબાબુ. ૧૮

૨૧ એક દિવસતો આ દુનિયામાંથી જવું જ પડશે માટે મોક્ષની તૈયારી કરી લેવી. ૨૦

૨૨ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય? ને ભાગવત ધર્મનું પોષણ કેમ થાય? ૨૧

૨૩ પ્રતાપભાનુ રાજા ૨૧

૨૪ ખટ્વાંગ રાજા ૨૪

૨૫ સ્વામિનારાયણ ભગવાન ઝીંઝાવદર ગામમાં ગુપ્ત રહેતા હતા ત્યાં એક પઠાણ આવ્યો ને તેના અંતરમાં શાંતિ થઈ ગઈ ૨૫

૨૬ શ્રી સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાંથી આ પૃથ્વી ઉપર આપણા ઉપર દયા કરીને પધાર્યા છે તે ભગવાનનો મહિમા સમજાય તો આપણે એક મિનિટ પણ ભગવાનને ભુલીએ નહીં. ૨૯

૨૭ ભગવાનની દિવ્ય માધુરી, માણીગર મૂર્તિના સુખનું વર્ણન ૨૯

૨૮ પાછી વૃત્તિ વાળી પોતાના હૃદયને જોયા કરવું ૩૧

૨૯ પરીક્ષિત રાજા ૩૨

૩૦ માયિક ઇન્દ્રીયોને અંતઃકરણ વડે ભગવાનનો નિશ્ચય કેમ થાય ? ૩૩

૩૧ સંત સમાગમરૂપી નોળવેલ સુંઘવાથી સંસારરૂપી સર્પનું ઝેર ઉતરી જાય છે. (નોળિયાનું દૃષ્ટાંત) ૩૪

૩૨ જેણે મન જીત્યું તેણે જગત જીત્યું ૩૭

૩૩ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભક્તને ગ્રહો કે પનોતી નડતા નથી ૩૭

૩૪ સાચું સુખ ક્યાં છે? ૩૮

૩૫ સંત સમાગમ દ્વારા ભગવાનની મૂર્તિનું જ્ઞાન થવાથી અજ્ઞાન રૂપી અંધકારનો નાશ થઈ જાય છે. ૩૯

૩૬ સત્સંગિભૂષણ ગ્રંથનો મહિમા ૪૦

૩૭ અર્થં સાધયામિ, વા દેહં પાતયામિ ૪૧

૩૮ આહાર વિહાર શુદ્ધ રાખવા ૪૧

૩૯ પછી નહિ મળે, પછી નહિ મળે કાંઇ લે ને લ્હાવ પછી નહિ મળે ૪૩

૪૦ ભગાવનની મૂર્તિના ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે. ૪૫

૪૧ જેના કરોડો જન્મના પુણ્યનો ઉદય થયો હોય તેને આ સત્સંગ કરવો ગમે છે. ... ૪૬

૪૨ આજે આપણને ભગવાન ભજવામાં સત્યયુગ કરતા પણ દેશકાળ સારા છે. ૪૬

૪૩ ચક્રવેણુપાણી રાજા ૪૯

૪૪ પૂતળીનું દૃષ્ટાંત ૪૯

૪૫ સામા ધાવ્યા છો કે ડબકા ધાવ્યા છો ? ૫૦

૪૬ જોધો ભરવાડ ૫૦

૪૭ ભગવાનના ગુણ રૂપી સમુદ્રમાં નાહ્યા કરવું ૫૫

૪૮ સ્વામિનારાયણ ભગવાને અઢાર પરમહંસો કર્યા ૫૫

૪૯ જ્ઞાની ભક્ત કોને કહેવાય ? ૫૮

૫૦ પ્રતિલોમ ધ્યાનની રીત ૫૯

૫૧ જન્મ મરણ અને ગર્ભવાસના દુઃખન વર્ણન ૬૦

૫૨ ભગવાનના ભક્તને મરવાની બીક શાથી લાગે છે ? ૬૧

૫૩ હરિ મેરે હાલરકી લકરી ૬૨

૫૪ ગૃહસ્થ ભક્તોએ સંસારમાં જળકમળવત્ રહેવુ ૬૩

૫૫ પ્રશ્નોત્તરી ૬૪

૫૬ સ્વામિનારાયણ મહામંત્ર સર્વોપરી મંત્ર છે ૬૭

૫૭ આપણા સૌના મોટા ભાગ્ય છે કે, અપણને આવા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મળ્યા ૬૭

૫૮ ભગવાનને વિષે સ્નેહ કેમ થાય ? ૬૮

૫૯ ભગવાનના દર્શન કરવાની રીત ૬૯

૬૦ ઘરમપુરના કુશળકુંવરબાઈ ૭૦

૬૧ હીરામાં નહીં હરિવર હીરલામાં ઘણુ સુખ છે ૭૫

૬૨ આપ બચ્યા તો બધુંયે ફરી મળે ૭૬

૬૩ આપણે દરેકે આ દુનિયામાંથી જરૂર જવું જ પડશે. ૭૯

૬૪ ભગવાન સહજાનંદ સ્વામીએ ગુરૂ પાસે બે વરદાન માંગ્યા ૮૦

૬૫ શ્રી સ્વામિનારાયણ ભગવાનની દયાથી જ આપણે બધા સુખીયા છીએ. ૮૨

૬૬ પ્રેમદાસ ભક્ત ૮૩

૬૭ ભગવાનનું નામ નામીએ સહીત લેવું ૮૫

૬૮ બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને જે ભગવાનનું ધ્યાન ભજન કરે છે તેને હજાર ગણું પુણ્ય મળે છે. ૮૬

૬૯ રાત્રે સૂતી વખતે અને સવારે ઉઠીએ ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ૮૭

૭૦ પ્રત્યક્ષ અથવા માનસીપૂજામાં ભાવથી અર્પણ કરેલી વસ્તુ ભગવાન અવશ્ય સ્વીકારે છે. ૮૮

૭૧ બ્રહ્માનંદ સ્વામી તથાચ પ્રેમાનંદ સ્વામીના પ્રેમનું વર્ણન ૯૦

૭૨ પ્રશ્નોત્તરી..... ૯૨

૭૩ જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા રે લોલ આજ ધર્મવંશીને દ્વાર ૧૦૨

૭૪ સાચા સંતોના દર્શન માત્રથી અંતરમાં શાંતિ થાય અને સમાગમ કરવાથી એકાંતિક ભક્ત થવાય ૧૦૩

૭૫ ભગવાનના સુખનો મહિમા સમજાય તેને આ સંસારના સુખો તુચ્છ થઈ જાય છે. ... ૧૦૭

૭૬ વચનામૃતનું મહાત્મ્ય તથા ગ.મ.પ્ર. ના ૨૨ મા વચનામૃતનું વિવેચન..... ૧૦૮

૭૭ ભગવાનનો જેવો મહિમા છે તેવો જ સાધુનો મહિમા છે ૧૧૦

૭૮ નાવ નવીન નાંગર્યું છે વ્હાલે, બેસો તો થઈ જાવ ભવ પાર ૧૧૨

૭૯ કર વિચાર નર કોણ? કહે તું કહાંસે આવે? ૧૧૩

૮૦ જ્યાં ભગવાનના એકાંતિક સંત રહેતા હોય ત્યાં નૈમિષારણ્યક્ષેત્ર જાણવું. ... ૧૧૫

૮૧ શ્રીજી મહારાજ કહે કાંઈક નિમિત્ત ઊભું કરીને પણ સંતોના મધ્યે જન્મ ધરવો.... ૧૧૬

૮૨ જે ભક્ત ભગવાનનું ધ્યાન કરે છે તેની અલૌકિક સ્થિતિ થાય છે ૧૧૬

૮૩ આ ઘડી ને આ પળમાં દેહ પડી જાશે તેનો કાંઈ નિર્ધાર નથી માટે સદાય અંત અવસ્થા જેવું રાખવું..... ૧૧૭

૮૪ કાચબાના દ્રષ્ટાંતે કરીને પ્રતિલોમ ધ્યાન શીખવું ૧૧૮

૮૫ જેમ સમુદ્ર મંથન કરવાથી રત્નો મળ્યા તેમ આપણે ભગવાનની વાતોનું મંથન કરીશું તો મૂર્તિનું સુખ પ્રાપ્ત થશે ૧૧૯

૮૬ મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરુદ મારૂ ન બદલે એમ સર્વ જનને જણાવવું ૧૨૦

૮૭ ભગવાનના મંદિરમાં ભજન કરે તેનું અનેક ગણુ પુણ્ય થાય છે ૧૨૧

૮૮ ભગવાનને વિષે સ્નેહનું રૂપ ૧૨૨

૮૯ સત્પુરૂષના સમાગમથી ભગવાનમાં દ્રઢ સ્નેહ થાય છે ૧૨૩

૯૦ ઘણા જન્મના પુણ્ય વડે આ સત્સંગ મળ્યો છે ૧૨૪

૯૧ દેહ મૂકીને જે સુખને પામવું હતું, તે દેહ છતાં જ મળી ગયું છે. ૧૨૪

૯૨ ભગવાનના ચરિત્રરૂપી જાળામાં મનને ગૂંચવી મેલવું ૧૨૫

૯૩ દદુકા ગામની લીલા..... ૧૨૬

૯૪ શ્રી સ્વામિનારાયણ ભગવાનને આ પૃથ્વી ઉપર પધારવાનો હેતુ..... ૧૨૮

૯૫ મુક્તોને આ પૃથ્વી ઉપર પધારવાનો હેતુ ૧૨૯

૯૬ રાજા ભૂંડના દેહમાં બંધાયો ૧૩૧

૯૭ શ્રીજી મહારાજ પાંચસો પરમહંસોને સાથે લઈ અક્ષરધામથી અહીં પધાર્યા ૧૩૪

૯૮ દંઢાવ્ય દેશના શામબાઈ ભક્ત ૧૩૫

૯૯ પ્રેમાનંદ સ્વામીનો પ્રેમ ૧૩૭

૧૦૦ બ્રહ્માનંદ સ્વામીનો પ્રેમ ૧૩૮

૧૦૧ પ્રશ્નોત્તરી ૧૪૧

૧૦૨ પંચવર્તમાનનું પાલન કરવું તથા આહાર વિહાર અને બ્રહ્મચર્યની શુદ્ધિ રાખવી ૧૫૨

૧૦૩ શ્રી સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર કોઈ થયો નથી અને થાશે પણ નહીં ૧૫૩

૧૦૪ આઠે પહોર અહો અહો પણ કેમ સમજીએ તો રહે ૧૫૪

૧૦૫ શ્રીજી મહારાજે અમદાવાદમાં ચોર્યાશી કરી ૧૫૪

૧૦૬ મરના મરના સબ કહે મરી ન જાને કોઈ એક દિન ઐસા મરના કી કભી જન્મ ન હોઈ ૧૫૫

૧૦૭ એક જન્મ હરિ અર્થે કરે, તો સરી જાય સર્વે કામ ૧૫૬

૧૦૮ ન જોઈ જાત કુજાત પુરૂષોત્તમ પ્રગટી રે ૧૫૭

૧૦૯ છપૈયાપુરમાં ઘનશ્યામ મહારાજ મોક્ષ પીપળા ઉપર ચડ્યા મુમુક્ષ રૂપી ફળ જોયા ૧૫૯

૧૧૦ નીલકંઠવર્ણી નવ લાખ યોગીને મળ્યા ૧૬૦

૧૧૧ નીલકંઠવર્ણી લોજની વાવ ઉપર પધાર્યા ને સુખાનંદ સ્વામી મળ્યા ૧૬૩

૧૧૨ મેં હું આદિ અનાદિ આતો સર્વે ઉપાધિ. ૧૬૪

૧૧૩ આપણા સહુના મોટા ભાગ્ય છે કે આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા ... ૧૬૭

૧૧૪ શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવાથી સાક્ષાત્કાર થાય ૧૬૮

૧૧૫ મોરબી પાસેના જેતપર ગામના પ્રેમચંદભાઈ ૧૬૯

૧૧૬ કચ્છ-ભુજ પાસેના સુખપર ગામના વાલજીભાઈ ૧૬૯

૧૧૭ સુરલોક, નરલોક, નાગલોક યે તીનો મેં સુખ નાહિ, કા સુખ હરિ કે ચરન મેં કાં સંતન કે માંઈ ૧૭૦

૧૧૮ ધન, જોબન ને આવરદા તેનો ન કરીએ નિર્ધાર, વિજળીના ઝબકારાની પેઠે જાતા ન લાગે વાર ૧૭૨

૧૧૯ ચાલશે, નભશે, ફાવશે આ ત્રણ વાના શીખી જાય તો અંતરમાં શાંતિ વર્તે..... ૧૭૩

૧૨૦ જ્ઞાનની દૃઢતા કરવી..... ૧૭૬

૧૨૧ શ્રીજી મહારાજ આ સત્સંગમાં ચાર સ્વરૂપે પ્રગટ છે..... ૧૭૮

૧૨૨ આ સભા અક્ષરધામની છે..... ૧૭૯

૧૨૩ ભગવાન પોતાના પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરવા આ પૃથ્વી ઉપર પધારે છે.... ૧૮૦

૧૨૪ સુરા ખાચર..... ૧૮૦

૧૨૫ કહોને પરમેશ્વર કેવા હશે? શું કરતાં હશે?..... ૧૮૧

૧૨૬ ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી..... ૧૮૨

૧૨૭ વાગડ દેશના ભરવાડ..... ૧૮૩

૧૨૮ વણિકની પેઠે જીવનનું નામું લખવું..... ૧૮૫

૧૨૯ આ દેહનો કાંઈ નિર્ધાર નથી..... ૧૮૬

૧૩૦ અમારે તો સદાય અંત અવસ્થા જેવું વર્તે છે..... ૧૮૭

૧૩૧ અંતરમાં જગત ન ભરવું..... ૧૮૮

૧૩૨ ઇન્દ્રિયો અંતઃકરણ એકાગ્ર કરી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું..... ૧૯૦

૧૩૩ ઘનશ્યામ મહારાજનું બાળચરિત્ર..... ૧૯૧

૧૩૪ એવી તકમાં હું પણ આવ્યો, જીવન જાણું છું, મારો ફેરો સફળ ફાવ્યો..... ૧૯૨

૧૩૫ અમારે તો બ્રહ્માંડ રહે ત્યાં સુધી મોક્ષનો મારગ ચાલું રાખવો છે..... ૧૯૩

૧૩૬ નારણદાસને અંતર્યામીપણુ દેખાડી ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો..... ૧૯૪

૧૩૭ હે સંતો આ બેલા તો શિખર ઉપર ખડકજો હૃદયમાં નહીં..... ૧૯૫

૧૩૮ મારે પાર થયો ભવ પંથનો..... ૧૯૭

૧૩૯ માનસીપૂજાનો મહિમા..... ૧૯૮

૧૪૦ સ્નાનાદિક ક્રિયામાં ભગવાનની મૂર્તિ સંભારવી..... ૧૯૯

૧૪૧ ક્યારેય પણ ક્રોધ ન કરવો..... ૨૦૦

૧૪૨ વડોદરાના નાથભક્ત..... ૨૦૧

૧૪૩ જ્યારે સંતો વર્તમાન ધરાવે ત્યારે સર્વે પાપ નાશ પામી જાય છે..... ૨૦૨

૧૪૪ ભુજ નગરના પ્રેમભાઈ..... ૨૦૪

૧૪૫ તક તક ફરર..... ૨૦૫

૧૪૬ પ્રશ્નોત્તરી..... ૨૦૫

૧૪૭ આપણા સૌના મોટા ભાગ્ય છે કે આપણને આવો અક્ષરધામતુલ્ય દિવ્ય સભામાં બેસવાનો લાભ મળ્યો ૨૧૨

૧૪૮ સુખપર ગામના દેવજીભક્ત ૨૧૨

૧૪૯ છપૈયાપુરમાં ઘનશ્યામ મહારાજે કરેલુ દિવ્ય ચરિત્ર ૨૧૪

૧૫૦ શ્રીજી મહારાજે કરેલું મનુષ્ય ચરિત્ર ૨૧૬

૧૫૧ ભગવાનમાં પ્રેમ થઈ જાય તેને આ સંસારના સુખમાંથી મોહ ટળી જાય.... ૨૧૬

૧૫૨ રામદાસ ભક્તની અલૌકિક સ્થિતિ..... ૨૧૭

૧૫૩ માંડણ ભક્ત..... ૨૨૧

૧૫૪ ભગવાને વણઝારાનું રૂપ લીધુ ૨૨૨

૧૫૫ જમતા જમતા કોળિયે કોળિયે સ્વામિનારાયણ નામ લેવું ૨૨૫

૧૫૬ હું તો ગઈતી સુણવા પારાયણ, મારો લોટો લઈ ગયા નારાયણ ૨૨૬

૧૫૭ એક કુંભારને સોનાની વટલોઈ મળી ૨૨૬

૧૫૮ સત્સંગરૂપી ગંગામાં નાહ્યા કરવું ૨૨૭

૧૫૯ જાણે આખા જકતને લઈ જઈએ અમારે ધામ ૨૨૮

૧૬૦ એક વૃત્તિ વડે કામ કરવુ બીજી વૃત્તિ વડે ભગવાન સંભારવા..... ૨૨૯

૧૬૧ ટી.વી. ન જોવા વિષે ૨૩૦

૧૬૨ રટ રટ રે મન બાવરે, એક નામ હરિકો..... ૨૩૧

૧૬૩ લોમ, અનુલોમ અને પ્રતિલોમ ધ્યાનની રીત ૨૩૨

૧૬૪ આહાર, વિહાર અને બ્રહ્મચર્યની શુદ્ધિ રાખવી ૨૩૫

૧૬૫ માતા-પિતા અને ગુરૂની સેવા કરવી તથા તેમની આજ્ઞાનું પાલન કરવું ... ૨૩૬

૧૬૬ માતા-પિતાએ નાનપણથી બાળકોમાં સારા સંસ્કાર રેડવા ૨૩૮

૧૬૭ કરીયાણા ગામના મીણબાઈ..... ૨૩૯

૧૬૮ કથા વાર્તા સાંભળીને તેનું મનન કરવું ૨૪૧

૧૬૯ લપટ્યા તોય ગંગામાં ૨૪૩

૧૭૦ સંસાર છે સુખ દુઃખનો દરિયો, સંત સમાગમ કરીને મનને મારીયે ૨૪૩

૧૭૧ સો કરોડ દિવાળીને દશેરા કરોડ હજાર એ થકી મમ અંતરે આનંદ અપરંપાર ... ૨૪૫

૧૭૨ નામીએ સહિત નામ લેવું ૨૪૫

૧૭૩ અતિથિ દેવો ભવ ૨૪૬

૧૭૪ સંત પ્રેમદાસ ૨૪૭

૧૭૫ બલિરાજા પાસે વામન ભગવાન ભિક્ષા માંગવા ગયા ૨૫૦
૧૭૬ હોલાના દૃષ્ટાંતે કરીને માયારૂપી જાળમાંથી છુટવાનો ઉપાય ૨૫૨
૧૭૭ પ્રત્યક્ષ પૂજા તથા માનસીપૂજા બંનેનું પૂણ્ય સરખું છે ૨૫૩
૧૭૮ ભગવાન સંબંધી કીર્તનનો મહિમા..... ૨૫૪
૧૭૯ જ્યાં ભગવાનના ભક્તો ભેળા થઈને સત્સગ કરે છે ત્યાં ભગવાન અખંડ
નિવાસ કરીને રહે છે. ૨૫૫
૧૮૦ ભુજમાં શ્રીજી મહારાજે અઢાર પરમહંસોને દંડવત્ કર્યા ૨૫૫
૧૮૧ સૌ કરતા ભગવાનના ભક્ત થાવું એ કઠણ કામ છે..... ૨૫૭
૧૮૨ જેમ મોરલી વાગે ને મણિધર ડોલે તેમ ભગવાનના ભક્તોએ ભગવાનના
ધ્યાન કથા કીર્તનાદિના આનંદમાં ડોલ્યા કરવું..... ૨૫૮
૧૮૩ મોક્ષ સંબંધી કામ આપણે પોતે જ કરવું પડે છે..... ૨૫૯
૧૮૪ મૂળજી બ્રહ્મચારી ૨૬૦
૧૮૫ જેણે એ રસ ચાખ્યો તેણે સંસાર રસ કૂચો કરી નાખ્યો ૨૬૧
૧૮૬ પેટનું શેઠનું અને ઠેઠનું આ ત્રણ કામ કરે તે ડાહ્યો કહેવાય..... ૨૬૨
૧૮૭ સાધુનો ધર્મ છે, સર્વજીવનું હિત કરવું ૨૬૩
૧૮૮ ભગવાનની અપાર દયાથી આજે આપણને જેવો જોઈએ તેવો ભગવાન
ભજવાનો યોગ મળ્યો છે ૨૬૪
૧૮૯ ભક્તરાજ પર્વતભાઈ..... ૨૬૫
૧૯૦ સંસારરૂપી રથના પતિ અને પત્ની બે પૈડા છે ૨૬૭
૧૯૧ સીતા માતાના ચરણ વિના લક્ષ્મણજીએ બીજું કંઈ પણ જોયું નહીં..... ૨૬૮
૧૯૨ પવિત્ર ગૃહસ્થાશ્રમના નિયમો ૨૬૯
૧૯૩ શીદ જાઓ છો બીજે શીર કૂટવા, આવો સત્સંગ મેલીને મોક્ષ રૂપ..... ૨૭૨
૧૯૪ ગુરૂ કરવા તો જ્ઞાની કરવા ૨૭૩
૧૯૫ ગાય છે તે ગાય છે દૂધ પ્યારા ને પાય છે. છાશે જગ ભરમાય છે.
આપ ઘાયી ગાય તો કોઈક જ થાય છે..... ૨૭૪

૧૯૬ માતા પિતાની સેવા કરવી ૨૭૫

૧૯૭ જેમ માતા બાળકને પિતાની ઓળખાણ કરાવે છે તેમ સાધુ મુમુક્ષુને પરમ પિતા ભગવાનની ઓળખાણ કરાવે છે ૨૭૬

૧૯૮ આળસ, પ્રમાદ અને મોહનો ત્યાગ કરી ભગવાનમાં પ્રેમ કરવો ૨૭૮

૧૯૯ શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિષે જ એક પતિવ્રતાની ટેક રાખવી..... ૨૮૦

૨૦૦ જાણે અજાણે કોઈ નાનું મોટું પાપ થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત કરવું..... ૨૮૪

૨૦૧ એકાદશીના દિવસે અન્ન જમે તેને કોળીયે કોળીયે બ્રહ્મહત્યાનું પાપ લાગે છે... ૨૮૬

૨૦૨ કોઈપણ પ્રકારના વ્યસન ન કરવા તથા કાંદા લસણ ન ખાવા ૨૮૭

૨૦૩ સાધુને વ્હાલા ભગવાન..... ૨૮૮

૨૦૪ પ્રશ્નોત્તરી..... ૨૯૦

૨૦૫ ધ્યાન અને ભજન તો એક સ્વામિનારાયણ ભગવાનનું જ કરવું ૨૯૭

૨૦૬ ચાતુર્માસના નિયમ વિષે..... ૨૯૮

૨૦૭ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ જ છે. ૨૯૮

૨૦૮ માતા જેમ બાળકની રક્ષા કરે છે તેમ ભગવાન પોતાના ભક્તની રક્ષા કરે છે. ૩૦૯

૨૦૯ એકાંતિક ભક્ત ભાલચંદ્ર શેઠ..... ૩૧૧

૨૧૦ ગાડાના દૃષ્ટાંતે કરીને કામકાજ કરતાં ભગવાનની સ્મૃતિ રાખવી ૩૧૩

૨૧૧ શ્રદ્ધા આદર અને પ્રેમથી સંતો, હરિભક્તોને પીરસવું ૩૧૬

૨૧૨ સંતોને જલેબી જમાડી અખંડ મૂર્તિ દેખતા કર્યા..... ૩૧૭

૨૧૩ પીજ ગામના અવલબાઈ ૩૨૦

॥ શ્રી હરિની જય ॥

॥ શ્રી હરિ ॥

શુદ્ધિ પત્રક

સુજ્ઞ વાચકોને નમ્ર અરજ છે કે કોમ્પ્યુટરમાં ફોન્ટ મીસીંગને લીધે પ્રીન્ટીંગમાં ભૂલો દેખાય છે તો સુધારીને વાંચવું.

ભૂલવાળી જોડણી	:	સુધારેલ જોડણી
કપા	:	કૃપા
કપાનાથ	:	કૃપાનાથ
હરિકષ્ણ	:	હરિકૃષ્ણ
ગહસ્થ	:	ગૃહસ્થ
ગહસ્થાશ્રમ	:	ગૃહસ્થાશ્રમ
વાસોચ્છ્વાસે	:	શ્વાસોચ્છ્વાસે
વચનામત	:	વચનામૃત
પ્ર ન	:	પ્રશ્ન
વેતદ્વીપ	:	શ્વેતદ્વીપ
વત્તિ	:	વૃત્તિ
વતિ જી	:	વૃત્તિજી
વિ વ	:	વિશ્વ
કષ્ણદેવ	:	કૃષ્ણદેવ
પંચામત	:	પંચામૃત
લોક	:	શ્લોક
વંદાવન	:	વૃંદાવન
વાસ	:	શ્વાસ
સમધ્ધિ	:	સમૃદ્ધિ
પ જાણ્યું	:	પણે જાણ્યું
વિ વાસ	:	વિશ્વાસ

ભૂલવાળી જોડણી	:	સુધારેલ જોડણી
અંતરવત્તિ	:	અંતરવૃત્તિ
પરમે વર	:	પરમેશ્વર
પ્રકતિપુરૂષ	:	પ્રકૃતિપુરૂષ
મત્યુ	:	મૃત્યુ
અમત	:	અમૃત
પ્રકતિ	:	પ્રકૃતિ
પથ્વી	:	પૃથ્વી
રાધાકષ્ણ દેવ	:	રાધાકૃષ્ણ દેવ
કતાર્થ	:	કૃતાર્થ
સ્વામિ	:	સ્વામી
પ્રવત્તિ	:	પ્રવૃત્તિ
વતાંત	:	વૃત્તાંત
મયારામ ભટ	:	મયારામ ભટ્ટ
સષ્ટિ	:	સૃષ્ટિ
તમ્ર	:	તૃપ્ત
સદ્ગહસ્થ	:	સદ્ગૃહસ્થ
નિવત્તિરૂપ	:	નિવૃત્તિરૂપ
વધ્ધ	:	વૃદ્ધ
વધ્ધાશ્રમ	:	વૃદ્ધાશ્રમ
સાધ્યામિ	:	સાધયામિ

ભૂલવાળી જોડણી :	સુધારેલ જોડણી
મિલ્કત	: મિલકત
કતાર્થપણું	: કૃતાર્થપણું
નિઃસ્પહ	: નિઃસ્પૃહ
દષ્ટિ	: દૃષ્ટિ
હદિયામાં	: હૃદિયામાં
ગુરૂકપા	: ગુરૂકૃપા
વૈ ણવ	: વૈષ્ણવ
મહરાજ	: મહારાજ
મત્યુલોક	: મૃત્યુલોક
માનસી	: માનસિક
ભગવાની	: ભગવાનની
ઈ વરતુલ્ય	: ઈશ્વરતુલ્ય
પિત	: પિતૃ
પિતલોક	: પિતૃલોક
કલ્પવક્ષ	: કલ્પવૃક્ષ
સ્મતિ	: સ્મૃતિ
વદ્ધિ	: વૃદ્ધિ
કષ્ણાદિક	: કૃષ્ણાદિક
પ્રાગ	: પ્રયાગ
કપાનંદ	: કૃપાનંદ
કપાનાથ	: કૃપાનાથ
પ્રપન્નોડસ્મિ	: પ્રપન્નોડસ્મિ
વક્ષ	: વૃક્ષ
સષ્ટા	: સૃષ્ટા
કપાએ	: કૃપાએ

ભૂલવાળી જોડણી :	સુધારેલ જોડણી
તપ્તિ	: તૃપ્તિ
કષ્ણાર્પણ	: કૃષ્ણાર્પણ
વદ્ધાવસ્થા	: વૃદ્ધાવસ્થા
ગોરધનભાઈ	: ગોવર્ધનભાઈ
ધૂમ્ર	: ધૂમ
દષ્ટાંત	: દૃષ્ટાંત
દષ્ટિ	: દૃષ્ટિ
અંતરવત્તિ-	: અંતરવૃત્તિ
સત્સંગીજીન	: સત્સંગિજીવન (પ્રસ્તાવના)
શુકાનંદસ્વામી	: સુખાનંદસ્વામી તથા માયાજીતાનંદસ્વામી (પે.નં.૧૮)
જળમતિ	: જડમતિ (પે.નં.૪૮)
પ્રેમાનંદ સ્વામી	: નિષ્કુળાનંદ સ્વામી (પે.નં.૬૮)
આવી	: આથી (પે.નં.૮૨)
આખી	: આખા (પે.નં. ૧૨૦)
અનુસંધાન પે.નં. ૧૭૩ ઉપર	: ૧૭૧ ઉપર (પે.નં.૧૬૯)
ઉપાંગ	: સ્વાંગ (પે.નં.૨૦૬)
બાજી	: બાઝી (પે.નં.૩૦૪)
સ્થિર	: સિદ્ધ (પે. નં. ૩૨૦)

આંબા ભકતે મહારાજનું નામ ન્યાલકરણ પાડયું

સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી કૃપા કરી અને આપણને આવો દિવ્ય સત્સંગનો યોગ આપ્યો. સ્વામિનારાયણ ભગવાને તો આપણા ઉપર એટલી બધી કૃપા કરી, એનું વર્ણન થઈ શકે નહીં. એ સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી દયા કરી, એટલા માટે આંબા ભકતે સ્વામિનારાયણ ભગવાનનું નામ 'ન્યાલકરણ' પાડયું.

મહારાજે આંબા ભકતને પૂછયું કે, આંબા ભકત ! આ નામ તમે કયાંથી કાઢી લાવ્યા ? હરિકૃષ્ણ, નારાયણ એવા નામ તો પાડયા. પણ આ નામ તમે કયા શાસ્ત્રમાંથી કાઢી આવ્યા ? ત્યારે આંબા ભકત ગઢાળી ગામના હતા. બહુ પ્રેમી હતા. તેમણે મહારાજને કહયું, મહારાજ ! તમે મારા ઉપર દયા કરી અને આ સમે મને ન્યાલ કરી નાંખ્યો, એટલે મેં તમારૂં નામ 'ન્યાલકરણ' પાડયું. એતો આંબા ભકતને ન્યાલ કરી આપ્યા, પણ આપણને ન્યાલ કર્યા નથી, કે કર્યા છે ? ભલે, આપણને પણ ભગવાને ન્યાલ કરી નાખ્યા છે.નહીંતર આજે આ જગતમાં ઘોર કળિકાળ વ્યાપી ગયો છે. જેમ મોટા સંતોએ દૃષ્ટાંત આપ્યું છે કે, વાસણના તળીયામાં પાણી નાંખે અને એમાં દાણા નાંખે ; ચોખા કે દાળ નીચે અગ્નિ બળે, તો કેટલા કણ ઉછળ્યા વિના રહે ? બધા કણ ઉછળે , તેમ જેને ભગવાન મળ્યા નથી, ને જેને આવો સત્સંગનો યોગ મળ્યો નથી, એ બિચારા એ રીતે ઉછળ્યા જ કરે છે. પણ આપણે ભગવાનના દર્શન કરીએ, આચાર્ય મહારાજના દર્શન કરીએ, સંતોના દર્શન કરીએ, આવા મંદિરોમાં દર્શન કરીએ, તો આપણને શાંતિ થઈ જાય છે.

શ્રીજી મહારાજે હરિભકતોને દયા રાખવાનું કહ્યું

આપણા ઉપર ભગવાને ઘણી દયા કરી છે. મહારાજ એક સમયે એક ગામમાં ગયા હતા. ત્યાં હરિભકતોએ કહયું મહારાજ ! તમે દયા રાખજો. ત્યારે સ્વામિનારાયણ ભગવાને પણ કહયું કે, તમે પણ દયા રાખજો. તે વખતે તો ભકતજનો સમજયા નહીં, ગામ બહાર ગયા, ત્યારે મનમાં વિચાર કરવા મંડયા, આપણે તો જીવ કહેવાઈએ, ભગવાનને દયા રાખવાનું કહીએ. પણ આપણે ભગવાન ઉપર શું દયા

રાખીએ ? મહારાજ પાસે પાછા વળીને આવ્યા. મહારાજ ! તમે અમને દયા રાખવાનું કહ્યું, અમે તમારા ઉપર શું દયા રાખશું ? મહારાજ કહે કે, આ સાડા ત્રણ હાથનો દેહ છે. એમાં ત્રણ આંગળનું હૃદય છે, એ હૃદય ચોખ્ખું રાખજો. હૃદયમાં સ્ત્રી, ધન કે આ લોકના માયિક વિકારો પેસવા દેવા નહીં. જુઓ, મહારાજ કહે કે, હૃદય ચોખ્ખું રાખવું. આજે આપણા પર ભગવાને કેવી દયા કરી ? તો આપણે પણ ભગવાન ભજવામાં કાળજી રાખવી.

શ્વાસોચ્છ્વાસે ભજન કરવામાં બહુ કાળજી રાખવી

ગહસ્થાશ્રમમાં તમે બધા રહયા, એટલે વ્યવહારિક કાર્ય જેને જરૂરી હોય, તેણે તો કરવું જ પડે, પણ કાર્ય કરતા કરતા પણ ભગવાનને સંભારવા ને સૂતા, બેસતા, હાલતા, ચાલતા મનમાં મનમાં ભગવાનનું સ્મરણ કરવું. તે મોટા સંતોએ કહયું છે કે, રૂડું સ્વામિનારાયણ નામ નિત્ય સંભારીએ, હરતા ફરતા કરતા, ઘરનું કામ સ્વામિનારાયણ નામ નિત્ય સંભારીએ અને આપણે ચેષ્ટામાં પણ બોલીએ છીએ અને નિષ્કુળાનંદ સ્વામીએ કહયું છે કે,

હવે મારા વ્હાલાને નહીં રે વિસારૂં
વાસોચ્છ્વાસે નિત્ય સંભારૂં

આપણે સર્વેએ એવી રીતે ભજન કરવામાં કાળજી રાખવી. બીજું, નિષ્કુળાનંદ સ્વામીએ એમ લખ્યું કે, વાસોચ્છ્વાસે તે નિત્ય સંભારૂં. મોટા સંતો લખી ગયા અને એ સર્વે કરી ગયા ને આપણને તેમ કરવાનું કહી ગયા છે. તે આપણે ભજન કરી, આપણા આત્માનું કલ્યાણ કરી લેવું અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો આપણો આ માનવ જન્મનો ફેરો સુફળ થયો કહેવાય.

એ કામ કરવાને માટે જ આપણે અહીં સર્વે ભેળા થયા છીએ. એક મોટા સંતે દ્રષ્ટાંત આપ્યું છે, શેઠીયાનું. એક શેઠ હતા, તેને એક દિકરો. ત્યારે તેના પિતાએ તેને ભણાવ્યો. ઉમર લાયક થયો એટલે તેના લગ્ન કરી આપ્યા. ત્યારે તેના પિતાએ તેને કહયું કે, હવે કાંઈક કમાણી કરે તો સારૂં. ત્યારે કહે કે કયાં જાઉ ? તો કહે મુંબઈ

શહેર જા. ત્યાં ગયો. તેના પિતાએ ભલામણ કરી હતી કે, કોઈ સારા શેઠને મળજે. પણ બીજા ગમે તેવા શેઠને ન મળજે. પણ છોકરાએ ધ્યાન ન રાખ્યું, ને ઠગારા મળી ગયા. તો બધુંયે ધન ખોઈ નાખ્યું. એમ આપણે ગર્ભવાસમાંથી અહીં આવ્યા, ત્યારે ભગવાનને કોલ દઈ આવ્યા છીએ, કે હે મહારાજ, તમારી ભક્તિ જ કરીશ, તમારી કથા સાંભળીશ, તમારા દર્શન કરીશ. આપણે સર્વે ભગવાનને એવો કોલ દઈને આવ્યા છીએ, પણ આપણે બરોબર ભગવાનની ભક્તિ, ભજન, સત્સંગ ન કરીએ તો એ આપણી ખામી કહેવાય. માટે આપણે કાળજી રાખી ભજન કરવું.

શ્રી સ્વામિનારાયણ ભગવાને ઘોર કળીયુગમાં સતયુગ સ્થાપ્યો

બીજું, મોટા સંતોએ લખ્યું છે કે, ઘોર કળિયુગમાં સતયુગ સ્થાપ્યો, અનાદિ મોક્ષની રીત, પ્રેમાનંદ કહે નહીં માને તો, પછી થાશે ફજેત. આજે જગતના જીવોમાં ઘોર કળિકાળ વ્યાપી ગયો છે. પણ આપણા સૌના મોટા ભાગ્ય છે કે, આપણને આવા ભગવાન પુરૂષોત્તમ નારાયણ મળ્યા અને આવા ભગવાને ગામ વચ્ચે વન કરી આપ્યા. તો આપણા સૌના મોટા ભાગ્ય છે. માટે આપણે દરેકે આળસ,પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દિન–દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય અને દેહને અંતે અપાર,અપાર ને અપાર જે અક્ષરધામમાં દિવ્ય સુખ રહેલું છે, તે સુખને પામીએ એ જ મોટો લાભ છે. બીજું, મોટા સંતોએ લખ્યું કે, દેહને અંતે તો એ સુખ આપણને ભગવાન આપશે જ, પણ વચનામતમાં લખ્યું કે, દેહ મૂકીને આપણે જે સુખને પામવું હતું, તે સુખ આપણને દેહ છતાં જ મળી ગયું છે.

તમે ગહસ્થાશ્રમમાં રહયા, એ ભગવાને ના નથી પાડી ને બધા સંન્યાસી થઈ જાઓ, એમ ભગવાને કહયું નથી ને બધા સાધુ થઈ જાય, તો સંસાર પણ ચાલે નહીં. એ સંસારમાં રહેલા હોય પણ એમ જાણે કે આ બધું ખોટું છે. હું તો ભગવાનનો ભકત છું, આત્મા છું. મારા આત્માને વિષે પરમાત્મા રહેલા છે. એવી ભાવના કરીને આ વ્યવહારિક કાર્યો કરીએ, તો અંતરમાં જગત ભરાય નહીં. પહેલા મહારાજે કહયું ને કે,અંતરમાં જગતને ભરશો નહીં. આ સાડા ત્રણ હાથનો દેહ છે. તેમાં ત્રણ આંગળનું

હૃદય છે. તે હૃદયમાં ભગવાન રાખજો. તો આપણે જો એ હૃદયમાં ભગવાન રાખ્યા હોય, તો વ્યવહારિક કાર્યમાં આપણે લોપાઈ જઈએ નહીં. હજી વ્યવહારિક કાર્યમાં આપણે કયારેક લપટાઈ જઈએ છીએ. તો આપણી એટલી ખામી કહેવાય. ન લપટાતા હો તો કાંઈ વાંધો નહીં. આટલામાં કોઈ લપટાય એવા છે નહીં. લપટાતા નથી તો આપણે નામું કરીએ તો ખબર પડે કે, લપટાયા છીએ કે કેમ ? તે વ્યવહારિક કાર્યમાં જો આપણે ઓતપ્રોત થઈ જતા હોઈએ, તો એટલી આપણી ખામી કહેવાય. તો એ કસર ટાળવા માટે આપણે સર્વે અહીં ભેળા થયા છીએ.

છોકરાઓ હાઈસ્કૂલમાં કે કોલેજમાં ભણવા જાય, તો એ શા માટે ? કે, ભણીને હોશિયાર થાય તો એને સારી નોકરી મળી જાય. તો એને સારો હોદો મળી જાય. આપણને ભગવાને સત્સંગરૂપી સારી હાઈસ્કૂલો તથા કોલેજો કરી આપી છે. તો આપણે સર્વે સાથે મળીને ભજન કરશું, તો મહારાજનું બિરૂદ છે, તેથી એ આપણને જરૂર સુખ આપશે જ. એક સ્વામીએ કીર્તનમાં લખ્યું છે કે, " ઓરા આવો મારા નટવર નાનડીયા " ત્યારે મહારાજ સભામાં બિરાજમાન હતા. એટલે મહારાજ કહે કે, તમે બધા ઓરા આવો. એટલે બધા સંતો મહારાજની નજીક ગયા. હરિભકતો પણ ગયા એટલે મહારાજે બધાને જ્ઞાનની, ભકિતની, વૈરાગ્યની વાતો કરી ને આનંદ આપ્યો. તેમ આપણે આ રીતે ભગવાનને સંભારશું તો ભગવાન સદાય આપણા ભેળા જ રહેલા છે.

ભગવાનને સદાય સમીપે(ભેળા) રાખીયે તો ઉપાસનાની દ્રઢતા કરી કહેવાય

આપણે એમ જાણીએ જે ભગવાન સદાય આપણા ભેળા જ રહેલા છે. બેઠા હોઈએ તો એમ વિચારીએ કે મહારાજ આપણી પાસે બેઠા છે. આ મુકતો બેઠા છે, હું અક્ષરધામમાં બેઠો છું. તમે ઓફિસમાં બેઠા હો, કે ઘરે બેઠા કે કોઈ દુકાને બેઠા હો, ત્યારે એમ જાણવું કે, હું આ ભગવાનનું અક્ષરધામ છે ત્યાં જ બેઠો છું.

બીજું, આપણા ગોપાળાનંદ સ્વામી સાધુ થયા પહેલા ત્યાં વિદ્યાર્થીઓને ભણાવતા. ત્યારે એમ જાણતા કે, આ બધા મુકતો જ છે. તો આપણે પણ એવી

ભાવના કરીને વ્યવહારિક કાર્ય કરવું અને ભગવાનનું સદાય સમીપપણું રાખવું.
ઉપાસના કેને કહેવાય? ઉપ એટલે સમીપ. ભગવાનને સદાય આપણે સમીપે
રાખીએ, ભગવાનને ભેળા રાખીએ, તો જાણે આપણે ઉપાસના દ્રઢ કરી કહેવાય. તે
આપણે સર્વેએ એમ કરવાનો ખટકો રાખવો.

એવી કોણ વસ્તુ છે આ ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં

વચનામતમાં મહારાજે બહુ સારી વાત કરી કે, ભગવાનના જે ભકતો હોય
તેમણે ભગવાન સર્વ સુખના નિધિ છે, એમ જાણીને ભગવાનને વિષે પ્રીતિ કરવી
ભગવાનના જેવી કોઈપણ સારી વસ્તુ આ દુનિયામાં છે જ નહીં.

નિષ્કુળાનંદ સ્વામીએ ભકતચિંતામણીમાં કહયું કે, "એવી કોણ વસ્તુ છે અ
ભૂમાં, જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં" તે સર્વ સુખના ધામ, સર્વના નિયંતા એવ
ભગવાન પુરૂષોત્તમ નારાયણ છે એમના વિષે આપણે પ્રીતિ કરવી. આમાં કહયું છે
એવા ભગવાન છે, એમને મૂકીને બીજે ઠેકાણે પ્રીતિ થઈ જાય છે તેનું શું કારણ છે
તો એના ઉત્તરમાં મહારાજે કહયું કે, જ્યારથી ભગવાને આ બ્રહ્માંડની સષ્ટિ કરી
ત્યારથી એવી કળ ચડાવી મૂકી છે કે, સહેજે સહેજે સ્ત્રી, પુત્ર, સગા સંબંધીઓમ
હેત થઈ જાય. તો મહારાજે એ કળ તો ચડાવી મૂકી, પણ એમાં છેલ્લે શું કહયું?
એ માયાના પ્રવાહમાં જે ન વહે, એને ભગવાનમાં વત્તિ રહે. તો આપણે નામું તો કર
પડશે જ. કે માયાના પ્રવાહમાં વહી જઈએ છીએ, કે ભગવાનમાં વહી જઈ
છીએ? પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું કે,

બાંય ઝાલીને કાઢી લીધી બારણે રે લોલ
નહીતો વહી જાત કયાંય ની કયાંય.અલબેલે–
ધર્મકુંવરને જાઉ વારણે રે લોલ.

આપણે બધા સંસારરૂપી સમુદ્રમાં વહી જતા હતા, પણ ભગવાને આપ
બાંય એટલે હાથ જાલી અને આપણને આ સત્સંગરૂપી નાવમાં બેસાડી આપ્યા
આપણે સર્વે આ માયારૂપી પ્રવાહમાં વહયા જ જાતા હતા અને હજી આપણે નામ

કરીએ, વિચાર ન કરીએ, તો વહ્યા જ જઈએ. તો એ માયાના પ્રવાહમાં ન વહી જવાય અને ભગવાનની મૂર્તિના સુખમાં જ આપણે તલ્લીન થઈ જવાય. તે સારંગપુરના ૧૧ માં વચનામતમાં લક્ષ્મીજીનું દ્રષ્ટાંત આપ્યું, કે લક્ષ્મીજી છે, તે ભગવાનની મૂર્તિને સ્નેહે કરીને સંભાર્યા કરે, અને કયારેક તો ભગવાનની સેવામાં રહે અને કયારેક તો ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જાય, તો પોતાના દેહની પણ ખબર રહે નહી, એમ દ્રષ્ટાંત આપ્યું. અગિયારમાં વચનામતમાં મહારાજે તો બહુ સારી વાત કરી. આપણે વાંચી, વિચારીને મનન કરીએ, તો આપણને શાંતિ આવ્યા કરે ! ને અખંડ આઠે પહોર અહોહો– પણું થાય. અહો ! મને આવા ભગવાન મળી ગયા ! મને આવા સંતો મળી ગયા ! મને આવા હરિભક્તો મળી ગયા ! તે મારા મોટા ભાગ્ય કહેવાય. તો તેનો કેફ રાખી આનંદમાં ભજન કરવું.

કચ્છ દેશના અંજાર ગામના એક ભક્તની વાત

બીજું, કચ્છમાં એક અંજાર ગામ છે. ત્યાં એક હરિભકત હતા, તે આમ ભોળા જેવા હતા. તે દર્શન કરવા આવે ને ભગવાનના દર્શન કરીને અહો ! અહોપણું લાગે ને બોલે. એમાં તલ્લીન બની જાયે. અહો ! આ ભગવાન ! અહો ! આ ભગવાનની મૂર્તિ ! અહો આ તેજ ! આમ ભોળા જેવા હતા. આ લોકમાં પણ એને અહો અહોપણું વર્ત્યા કરે. મહારાજને પણ ગઢડા પ્રથમના ૭૮ માં વચનામતમાં લક્ષ્મણાનંદ સ્વામીએ પ્ર ન પૂછયો કે, આઠે પહોર અહો અહો સરખું કેમ રહે ? તો એને એવો ભગવાનનો મહિમા સમજાય કે, અહો ! આ ભગવાન તે સર્વ સુખના નિધિ છે. વૈકુંઠ, ગોલોક, વેતદ્વીપમાં જે ભગવાન છે, એના કરતા પણ આ ભગવાન મોટા છે, અક્ષરધામના અધિપતિ છે, મહાસુખમય છે. એવા ભગવાન મને મળી ગયા છે. તો તેનો કેફ રાખવો ને ભગવાનની મૂર્તિને સુખે સુખીયા રહીએ, તો જાણે આપણે ભગવાનના ભકત બરાબર થયા કહેવાઈએ.

ભગવાનના ભક્તને દુઃખ શા માટે આવે છે?

બીજું, કહયું કે, ભગવાનના ભકતને દુઃખ શા માટે આવે છે ? તો તે તુચ્છ પદાર્થને માટે ભગવાનની આજ્ઞા લોપે છે, તેણે કરી દુઃખ આવે છે. માટે આપણે ભગવાનની નાની–મોટી જે આજ્ઞા છે, એ બરાબર પાલન કરીએ, તો જાણે આપણે ભગવાનના ભકત થયા કહેવાઈએ, ને તેને જરા પણ દુઃખ થાય નહીં.

બીજું, ત્યાગી હોય તેમણે અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યનું પાલન કરવું, ને ગહસ્થ હોય તેને પણ મહારાજે યોગ્ય રીતે બ્રહ્મચર્ય કહયું છે. ગહસ્થનું બ્રહ્મચર્ય કયું કહેવાય ? તો મહારાજ કહે કે, ગહસ્થ હોય તેણે એક પત્નીવ્રતની ટેક રાખવી. બીજી સ્ત્રીઓ સામે ખોટી દ્રષ્ટિથી જોવું નહીં અને માતા, બહેન અને દિકરી સમાન બીજી સ્ત્રીઓને જાણવી અને એમાં પણ મહારાજે શું કહયું? કે, ઉત્તમ બ્રહ્મચર્ય કેને કહેવાય? તો ઋતુ સમયે સ્ત્રીસંગ કરે, તે સિવાય ન કરે. વ્રતના દિવસે પણ ત્યાગ રાખવો અને ઋતુ સમય કયારે કહેવાય? તો રજસ્વલાપણું આવે અને રજસ્વલામાં આવ્યા પછી ચોથે દિવસે શુદ્ધ થાય ત્યાર પછી ૧૬ દિવસ સુધી ઋતુકાળ કહેવાય. તે પછી તે બ્રહ્મચર્યનું પાલન કરે, તો એ ગહસ્થને પણ બ્રહ્મચર્ય કહેવાય, આપણે સર્વેએ આ પ્રમાણે વર્તવામાં કાળજી રાખવી.

અનસૂયાજીની પતિવ્રતાની ટેક

આપણે ભગવાનના ભકત થયા છીએ, તો ભગવાનને વિષે પતિવ્રતાની ટેક રાખીને ભગવાનને આપણે સંભારીએ તો આપણા અંતરમાં શાંતિ વર્ત્યા કરે.

એક મોટા સંતે વાત લખી કે, અત્રિ ઋષિ હતા, એના પત્ની અનસૂયા હતા. ત્યારે અનસૂયા એવા ભગવાનના ભકત અને પતિવ્રતા હતા. તે પોતાના પતિ વિના બીજા દરેક પુરૂષોને ભાઈ, પિતા અને પુત્ર સમાન જાણતા અને કોઈને ખોટી દ્રષ્ટિથી જોતા નહીં. એવા અનસૂયા હતા, ને પતિવ્રતાની એવી ટેક, કે જરા પણ ફેર પડવા ન દે. તે એના બળે કરીને એટલું બધું એમાં બળ આવી ગયું, કે આખાય વિ વમાં એમનું નામ ફેલાણું, કે અહો ! આ અનસૂયા બહુ પતિવ્રતા છે. ત્યારે એની પરીક્ષા લેવાને માટે બ્રહ્મા, વિષ્ણુ અને શંકર એ ત્રણેય દેવો ગયા, સર્વેએ ના પાડી, છતાં કહે અમારે એની

પરીક્ષા લેવી છે કે એ કેવા છે ? ત્યાં ભિક્ષુકના વેશ લઈને ત્રણેય દેવો ભિક્ષાન્ન દેહી કરીને ઊભા રહયા !

મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, ગહસ્થાશ્રમમાં હોય ને કોઈ ભિક્ષુક આવે તો તેને અન્ન વસ્ત્ર આપવું. આ બાઈ તો પોતાના ઘરની સંપત્તિ પ્રમાણે અનાજ, ઘી, ગોળ આદિ લઈને આવ્યા પણ એ ત્રણેય દેવો કહે કે, અમારે આ ભિક્ષા નથી લેવી. અમારે તો નગ્ન ભિક્ષા આપો તો બરાબર કહેવાય. ત્યારે આ બાઈ કહે કે, હું તો પતિવ્રતા સ્ત્રી કહેવાઉં, એ રીતે મારાથી થાય નહીં. ત્યારે આ ત્રણેય દેવો કહે કે, અમે માંગી એ સિવાય બીજી કોઈ ભિક્ષા લેવી નથી. ત્યારે આ બાઈએ પોતાના પતિવ્રતાના બળે કરી ભગવાનનું પ્રસાદીનું પાણી એ ત્રણેય દેવો પર છાંટયું ! તેથી તે ત્રણેય દેવો છ છ મહિનાના બાળકો બની ગયા ! પછી એ બાઈએ ત્રણેય દેવોને સ્તનપાન કરાવ્યું અને ઘોડિયામાં સુવાડયા. આ થોડો ટાઈમ ચાલ્યું. એમ કરતા કરતા, અઠવાડિયું, પંદર દિવસ થયા તો ત્રણેય દેવોના પત્નીઓને ખબર પડી કે, અમારા પતિ તો ત્યાં અનસૂયાને ઘેર છે. તે ત્યાં ગયા અને કહે હે બેન, અમારા પતિ તમારા ઘેર આવ્યા છે? તો તે બહેન કહે મને ખબર નથી. આ બાબા આવ્યા હતા એ આ ઘોડિયામાં સૂતા છે. લઈ જાઓ બાઈ. આ ત્રણેય ભાઈઓ ભિક્ષા માંગવા આવ્યા હતા. તેને મેં ભિક્ષા આપી. જુઓ, આ ત્રણેય દેવીઓ પતિવ્રતા તો ખરી. લક્ષ્મીજી હતા, પાવર્તીજી હતા ને બ્રહ્માના પત્ની સાવિત્રી હતા, પણ તેમના પતિને ઓળખી શકયા નહીં. એક બીજાને છોડાવી જાય તો ? તો સારૂં ન કહેવાય. તેથી એ ત્રણેય દેવીઓ બોલ્યા કે, હે બાઈ! તું પતિવ્રતા સાચી. માટે અમારા પતિદેવ પહેલા જેવા હતા, તેવા કરી દે તો અમારૂં પતિવ્રતાપણું બરોબર રહી જાય. એ બાઈએ પાછું ભગવાનની પ્રસાદીનું પાણી છાંટયું. જેવા વિષ્ણુ ભગવાન, જેવા બ્રહ્મા અને જેવા શંકર હતા એવા રૂપે થઈ ગયા. તેથી તે ત્રણેય દેવીઓ પોતાના પતિને લઈ ગયા, ને રાજી થઈને તે બાઈને કહે કે હે બાઈ, તારૂં પતિવ્રતાપણું બરોબર. સાચું. તો એમાં કહેવાનું એટલું જ છે કે, એમણે પોતાના પતિને વિષે કેટલી પતિવ્રતાની ટેક રાખી તો બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ત્રણેય દેવોને નાના બાળકો બનાવી દીધા. મોટા સંતોએ આ દ્રષ્ટાંત આપ્યું, પણ આપણે આપણા

પતિ સ્વામિનારાયણ ભગવાન એને વિષે પતિવ્રતાની ટેક રાખીને ભગવાનનું ભજન કરશું, તો આપણામાં કેમ બળ નહીં આવે ? જરૂર આવશે જ. તો આપણે પણ સાચે ભાવે ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરીને દિન દિન પ્રત્યે ભગવાનની માધુરી મૂર્તિ પ્રત્યે હેત થાય અને દેહને અંતે ભગવાનના અક્ષરધામમાં રહેવાઈ જવાય, એ જ કામ કરવાને માટે આપણે સર્વે ભેળા થયા છીએ. તો આપણે સર્વેએ કાળજી રાખી ભજન કરવું. બીજું, સ્વામિનારાયણ ભગવાને આપણી ઉપર દયા કરીને આપણને પોતાને શરણે લીધા. તો આપણા મોટા ભાગ્ય કહેવાય. તો આપણે સાચે ભાવે ભજન કરી, આપણી સર્વે કસરો ટાળી નાખવી, એ જ આપણું ખરૂં કર્તવ્ય છે.

ભગવાન પોતાની મોટપ છુપાવીને મનુષ્ય જેવા થઈને વર્તે છે

બીજું , નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે,

" કિયાં અમે કિયાં આપ જીવન જાણું છું
કીડી કુંજરનો મેળાપ જીવન જાણું છું"

કીડી અને કુંજર એટલે હાથી. કીડી અને હાથીને મિત્રતા થવી બહુ કઠણ છે, પણ નિષ્કુળાનંદ સ્વામી કહે અમે તો કીડી જેવા જીવ છીએ અને ભગવાન પુરૂષોત્તમ નારાયણ છે, તેને હાથીની ઉપમા આપી છે. આમાં ભગવાનને તો કોઈ ઉપમા દેવાય નહીં કે ભગવાન આ જેવા હોય. આ તો આ લોક માયિક છે એટલે માયિક દ્રષ્ટાંત આપીને આપણને સમજાવે છે.

એક મોટા સંતે વાત લખી. એક શેઠ હતા ને બે–ત્રણ બાળકો સાથે રસ્તામાં ચાલ્યા જતા હતા. હમણાંની પેઠે કોઈ સાધન નહીં, ગાડી હોય કે ઘોડા હોય એવા વાહનો હતા. કેટલાક માણસો ચાલીને જતા એટલે આ બંને પતિ–પત્ની અને બે–ત્રણ બાળકો રસ્તામાં ચાલ્યા જતા હતા. ચાલતા ચાલતા થાકી ગયા એટલે એક ઝાડ આવ્યું એને છાંયે બેઠા. આજુબાજુ પર્વતો ઘણા હતા એટલે એ બેઠા. તે જરાક થાક લાગ્યો

હતો એટલે જરાક ડોલું આવી ગયું. એમાં નાના નાના બાળકો હતા તે ગુફામાં પેસી ગયા. ત્યારે આ પતિ પત્ની જાગ્યા. થોડીવારમાં તો બાળકો જોવામાં આવ્યા નહીં. ચિંતા કરવા મંડયા. અરે ! આ બાળકો કયાં ગયા ? એમ ચિંતા કરવા લાગ્યા. અરે છોકરાઓ કયાં ગયા ? કયાં ગયા ? છોકરાઓને બોલાવ્યા. છોકરાઓ કહે કે, બાપુજી ! અમે તો અહીં છીએ. અરે ! ચાલો ચાલો, આમાં કયાં પેસી ગયા ? પણ છોકરાઓ તો નીકળે નહીં. ત્યારે બીજા એક ગામમાંથી નાના – નાના છોકરાઓ લઈ આવ્યા, ભેળા થોડાંક રમકડાં લઈ આવ્યા અને આ છોકરાઓ રમકડાંથી રમવા મંડયા. એટલે નાના છોકરાઓ બહાર નીકળી આવ્યા અને એના માતા–પિતા છોકરાઓને ખભે બેસાડીને પોતાને ઘેર લઈ ગયા.

આ તો એક દ્રષ્ટાંત છે. સિદ્ધાંતમાં શું છે ? આપણે બધા જીવાત્મા માયારૂપી ગુફામાં પેસી ગયા છીએ ! ને ભગવાન આપણા જેવા થઈ આપણા ભેગા રહયા ને આપણને માયારૂપી ગુફામાંથી કાઢયા.

ભગવાન પોતાની મોટપ સામુ જુવે તો આપણી શું ગણના?
મુકતાનંદ સ્વામીનું દ્રષ્ટાંત

બીજું, એક વખતે મહારાજ રિસાણા. બધા મનાવવા માંડયા પણ કોઈથી માન્યા નહીં. મહારાજ મુકતાનંદ સ્વામીને લોજપુરમાં મળ્યા ત્યારથી તેમને ગુરૂ માનતા હતા. સર્વે સંતોએ કહયું કે, સ્વામી, તમે મહારાજને મનાવો, ત્યારે મુકતાનંદ સ્વામીએ પણ કહયું કે, હે મહારાજ ! હે દયાળુ ! આ સર્વે ભકતજનો તમારા દર્શન માટે આવ્યા છે, તો રિસાઈ જાઓ તો કેમ ચાલે ? પણ મહારાજ તો પોતાની સ્થિતિમાં એટલે કોઈ સામું જુએ નહીં. બીજા સર્વે ભકતજનોએ, સંતોએ મહારાજને સમજાવ્યા. મહારાજને કહે,આ તમારા ગુરૂ મુકતાનંદ સ્વામી કહે છે, તો મહારાજ બોલ્યા, કે કોણ મુકતાનંદ ? જુઓ, ભગવાન આગળ કોઈનું ચાલ્યું નહીં. ત્યારે કહેવાનો હેતું એટલો જ કે ભગવાન પોતાની મોટપ સામું જુએ તો, આપણી શું ગણના?

ભગવાન આપણા ગુના સામું જુવે તો કોઈના કલ્યાણ થાય નહીં

ભગવાને આપણા ઉપર દયા કરી અને આપણા ગુના સામું ન જોતા, આપણને માયામાંથી છોડાવી દીધા ! બીજું, આપણે આથી આ અગાઉ કેટલાય જન્મો ધરી આવ્યા છીએ. કૂતરા, બિલાડા, ગધેડા, સસલા કેંક દેહ આપણે ધરી આવ્યા હશું અને એ યોનિમાં આપણે કેંક પાપ કર્મ કર્યા હશે ! તો એ પાપ સામું ભગવાન જુએ તો કે'નાં કલ્યાણ થાય ? એટલા માટે ભગવાન પોતે પોતાની હયાતિમાં ભકતજનોને વર્તમાન ધરાવીને કંઠી પહેરાવતા. સર્વે ભકતોના ગુના માફ કરતા. તે પરંપરા હજી આપણા સંપ્રદાયમાં ચાલી આવે છે કે, આચાર્ય મહારાજ કે સંતો મહારાજની આજ્ઞાએ કરીને વર્તમાન ધરાવે ત્યારે શું બોલે ?

કાળ માયા પાપ કર્મ, યમદૂત ભયાદહમ્ ।
શ્રી કષ્ણદેવ શરણં, પ્રપનોઽસ્મિ સ પાતુમામ્ ॥

તન મન ધન અનેક જન્મના કર્મો ભગવાનને અર્પણ, એટલે અનેક જન્મના કર્મો ભગવાનને અર્પણ. તે બોલવાનું તો શિષ્ય ને હોય, કે હું કાળ, પાપકર્મ ને યમદૂતના ભયથી ડરીને તમારે શરણે આવ્યો છું. મારા ગુના માફ કરો. હે મહારાજ ! તન, મન, ધન અને અનેક જન્મના કર્મો હું તમારા ચરણોમાં અર્પણ કરૂં છું. એમ મુમુક્ષુ વર્તમાન ધરાવે ત્યારે મુમુક્ષુ વતી સંતો કે આચાર્ય મહારાજ બોલે છે, ત્યારે અનેક જન્મોના કેંક પાપ કર્મો કર્યા હોય, કેઈક ગુના કર્યા હોય એ સર્વે માફ થઈ જાય. જો ભગવાન એ માફ ન કરે તો આ જીવના ગુના સામું જોવે તો કોઈનું કલ્યાણ થાય નહીં. ત્યારે ભગવાન પોતે પોતાની મોટપ સંતાડીને આપણા જેવા થઈને રહે છે, ને માણસ જેવા થઈને બોલે – એવા ભગવાન પુરૂષોત્તમ નારાયણ દયાળુ આપણને મળી ગયા છે, તો આપણા સૌના મોટા ભાગ્ય છે. તો આપણે દરેકે શું કરવાનું? કે,સ્વામિનારાયણ ભગવાનનો દ્રઢ આશરો રાખવો.આ સ્વામિનારાયણ ભગવાન છે, એ આપણા ઈષ્ટદેવ છે. બીજું, આથી અગાઉ ભગવાનના ઘણા અવતારો થઈ ગયા. હજી પણ ઘણાક અવતારો

ગીતાજીના વાકય પ્રમાણે થાશે, પણ આ સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર તો કોઈ થયો નથી ને થાશે પણ નહીં. એવા ભગવાન પુરૂષોત્તમ નારાયણ આપણને મળી ગયા છે. આપણે એનો દ્રઢ આશરો રાખી અને એમની આજ્ઞા પ્રમાણે વર્તશું તો " દેહ છતાં દુ:ખી નહીં ને તન છૂટે તેજ અંબાર" દેહ છતાં પણ ભગવાન પોતાના ભકતના ગુન્હા માફ કરી અને પોતાના ભકતની અન્ન, વસ્ત્ર ને આબરૂએ કરીને રક્ષા કરે છે, ને દેહને અંતે રથ, વેલ, વિમાન લાવીને પોતાના અક્ષરધામમાં તેડી જાય છે. તો આપણે ભગવાનનો આશરો રાખીને જેટલું બને તેટલું ભગવાનનું ભજન કીર્તન કરીએ, તો ભગવાન રાજી થાયે, ને આપણા અંતરમાં શાંતિ વર્ત્યા કરે. અહોહો ! મને આવડા મોટા ભગવાન મળી ગયા, સંતો મળી ગયા, આવા આચાર્ય મહારાજ મળી ગયા, આવો દિવ્ય સત્સંગનો યોગ મળી ગયો, એમ એના અંતરમાં અખંડ કેફ વર્ત્યા કરે અને આનંદ વર્ત્યા કરે.

અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરે તે સાચા ગુરૂ

બીજું, વચનામતમાં બ્રહ્માનંદ સ્વામીએ પ્ર ન પૂછયો કે, ભગવાનમાં વત્તિ રાખવી, તે બહુ મહેનત કરીએ ત્યારે માંડ માંડ રહે, પણ જગતના પ્રવાહમાં તો એની મેળે જ રહે. કેમકે, આ જીવ અનાદિ કાળનો માયામાં ભટકતો આવે છે, એટલે માયામાં ઢળી જવાય છે. જેમ નદીનું પાણી હોય તે ઢાળ આવે ત્યાં ઢળી જાય તેમ આ જીવનો સ્વભાવ જ એવો છે કે, આ જીવ અનાદિ કાળનો માયાના જ વેપાર કરતો આવ્યો છે. તે નિષ્કુળાનંદ સ્વામીએ હૃદયપ્રકાશ નામના ગ્રંથના દશમાં પ્રકરણમાં લખ્યું. તે ગુરૂ શિષ્યનો સંવાદ છે. ગુરૂને શિષ્ય પૂછે છે, હે ગુરૂમહારાજ ! હું ભગવાનને જોવા માટે ઘણો દાખડો કરૂં છું, પણ ભગવાન મારા અંતરમાં દેખાતા નથી. માટે મારા પર તમે દયા કરીને આ જગત ટળી જાય અને ભગવાન મારા અંતરમાં દેખાય એવી દયા કરો. એમ એક શિષ્યએ ગુરૂને પ્ર ન પૂછયો. ત્યારે ગુરૂ તો દયાળુ છે અને ગુરૂનો અર્થ એ જ છે કે, 'ગુ' એટલે અંધકાર અને 'રૂ' અટલે નાશ. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે એનું નામ જ સાચા ગુરૂ કહેવાય. આ ભગવા લૂગડાં પહેરી લીધા એટલે ગુરૂ બની ગયા એમ નહીં, પણ શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને,

ત્રિવિધ તાપમાં બળતા જીવોને શાંતિ પમાડી દે એ જ સાચા ગુરૂ કહેવાય. એટલે ગુરૂએ શિષ્યને ઉત્તરમાં આમ કહયું કે, હે શિષ્ય! તે આ પ્ર ન સારો પૂછયો, પણ આ ભગવાન તારા અંતરમાં રહે કયાં ? એક સળી રહી શકે તેટલી જગ્યા પણ તારા અંતરમાં ખાલી નથી, તો ભગવાન રહે કયાંથી? આ બ્રહ્માંડ આખું તેં ભર્યું છે. વળી શિષ્યે અપીલ કરી, દલીલ કરી હે ગુરૂમહારાજ ! એ તો વાત સાચી, પણ તમે મારા ઉપર દયા કરીને એ બધું ટળી જાય, ને ભગવાનની મૂર્તિના મારા અંતરમાં દર્શન થાય, એવો ઉપાય મને બતાવો. ત્યારે એના ઉત્તરમાં ગુરૂએ કહયું કે, હે દૈવી જીવ ! તું ભગવાનને અખંડ સંભાર અને જ્યાં જ્યાં વત્તિ જાય ત્યાં ભગવાનને સંભાર. આ ઝાડ છે ત્યાં ભગવાન બેઠાં છે. જમવાની કોઈ સારી વસ્તુ દેખાય તો આ વસ્તુ મારા ભગવાન જમે એવી છે, એમ જ્યાં જ્યાં તને માયિક વસ્તુ દેખાય, ત્યાં તું ભગવાનને સંભાર. તો તને ભગવાન દેખાઈ જશે, એટલે એ શિષ્યે એવો અભ્યાસ કર્યો, તો છ મહિનાની અંદર એના સર્વે માયાના આવરણ ટળી ગયા અને ભગવાનની મૂર્તિ દેખાવા માંડી.

બીજું, સ્વામિનારાયણ ભગવાને ગ.પ્ર. ૨૦ માં વચનામતમાં એ જ કહયું છે કે, તમે કે દહાડે કરવા મંડયા ને ન થયું ? તમે અભ્યાસ કરો તો આત્મા દેખાય અને આત્માને વિષે રહેલા પરમાત્મા પણ દેખાય. પણ આપણે એવો અભ્યાસ નથી કરતા. જેવો છે તેવો જો આપણે અભ્યાસ કરતા હોઈએ, તો આ માયાના પડદા ટળી જાય. બીજું, મોટા ભકતો જીવુબા, લાડુબા એ સર્વે ભગવાનની સેવા કરતા. સેવું ને પાપડ વણતાં. આ મારા ભગવાન જમશે. તે વણતાં વણતાં વત્તિ પાછી વળી જાય ને ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈ જાય !

ભુજના અચ્યુતદાસ સ્વામીની વાત

બીજું, ભુજમાં એક સંત હતા. અચ્યુતદાસ સ્વામી તેમનું નામ હતું. કચ્છમાં સંતો ફરતાં ફરતાં ધ્રુફી ગામ છે ત્યાં ગયા. તે હમણાંની પેઠે સંતોને રહેવાનું, જમવાનું કાંઈ સાધન હતું નહીં. જ્યાં રાત પડે ત્યાં રહી જાય. જમવાનું હરિ ઈચ્છાએ મળે તો જમે, ન મળે તો ભૂખ્યા પણ રહે. તે ત્રણ દિવસ સુધી સંતોને કાંઈ જમવાનું મળ્યું

નહીં. ચોથે દિવસે ધ્રુફી ગામ આવ્યું. ત્યાં કૂવો હતો, ત્યાં નાહી ભગવાનની પૂજા કરીને ચાલતા થયા. ત્યાં નાના નાના છોકરાઓ રમતા હતા. તે છોકરાઓ પાસે પોંક હતો. તે છોકરાઓને એમ થયું કે આ સાધુ સારા છે. બાવા તો ઘણા જોયા, પણ આ સાધુ સારા લાગે છે,એટલે છોકરાઓએ સંતોને પોંક આપ્યો. સંતો આજુબાજુથી ઘાસ ને એવું કાંઈક હશે તેના પર શેકીને ભગવાનને જમાડીને, જમ્યા. સંતો તે પોંક જમીને રાજી થયા ને બોલ્યા કે અમે ત્રણ દિવસના ભૂખ્યા હતા. તમે આજે અમને આ પોંક જમાડયો તો અમે બહુ રાજી થયા તો તમે કાંઈ માંગો. જે માંગો એ અમે તમને આપીએ. જુવો, હવે પોંક તો બહુ મામૂલી વસ્તુ હતી, પણ સંતોની જીવ ઉપર દયા થઈ ગઈ અને પૂર્વ જન્મના કોઈ જોગી હોય, તો સંતો ઓળખી લે ને ? એટલે આ છોકરાઓને સંતોએ માંગવાનું કહયું. ત્યારે આ છોકરાઓ કહે સ્વામી ! અમને તો માંગતા કાંઈ આવડે નહીં, તમને વ્હાલી વસ્તુ હોય એ અમને આપો. બીજું તો કાંઈ માંગતા નથી, પણ તમને જે વસ્તુ વ્હાલામાં વ્હાલી હોય એ આપો. તે ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું છે કે, પિતાને વ્હાલું જગત એટલે સ્ત્રી એટલે છોકરાંને પરણાવી દે, ને સાધુને વ્હાલા ભગવાન, એટલે સાધુએ એના માથે હાથ મૂકયો કે જા ! આજથી અમે તને અમારી વ્હાલી વસ્તુ આપી. ભગવાન આપ્યા. ત્યારથી એ છોકરાને ભગવાનની મૂર્તિ અખંડ દેખાતી. પછી બે–પાંચ વર્ષે એ છોકરો ભુજમાં સાધુ થયો. ત્યાં પણ એની એવી જ સ્થિતિ. ત્યારે સંતો રોટલા બનાવવા જાય, તે રોટલો ચડાવતાં ચડાવતાં આ રોટલો મારા ભગવાન જમશે અને એ સ્થિર થઈ જાય. ત્યારે કહેવાનું એટલું કે, મહારાજે વચનામતમાં કહયું કે, તમે એવો અભ્યાસ કરો તો ભગવાનની જરૂર દયા થઈ જાય. એટલે આપણે પણ એવો અભ્યાસ કરશું તો ભગવાન આપણા ઉપર જરૂર દયા કરશે, ને પોતાની માધુરી મૂર્તિનું સુખ આપશે.

જેની વૃત્તિ ભગવાનમાં ન રહે એ ભગવાનનો ભક્ત જ ન કહેવાય

પછી વળી એમ કહયું કે, આવી રીતે અભ્યાસ કરે એની વત્તિ ભગવાનમાં જ રહે અને જેની વત્તિ ભગવાનમાં ન રહે એ ભગવાનનો ભકત જ ન કહેવાય. આખી કલમ કાપી નાંખી ! કલમ એટલે શું કહેવાય ? પહેલા તો કલમથી જ લખતા, હવે તો

બોલપેનો થઈ ગઈ. પણ પહેલાં તો લાકડાંની કલમ રાખતા. એટલે જો કોઈ ગુનામાં આવી જાયને તો એની કલમ કાપી નાખે. એટલે આમાં પણ મહારાજે લખ્યું કે, જેની ભગવાનમાં વત્તિ ન રહે એ ભગવાનનો ભકત જ ન કહેવાય. જુઓ આખી કલમ કાપી નાખી. ત્યારે આપણે નામું કરીએ તો ખબર પડે કે, આપણે કેટલા ભકત થયા છીએ? એટલા માટે કલમ કાપી નાખી ને કે, ભગવાનના ભકત હોય એને ભગવાનમાં વત્તિ રહે જ. તે ગઢડા પ્ર.પ.ના ૧૪ ના વચનામતમાં એમ કહયું કે, સૌ કરતા ભગવાનના ભકત થાવું બહુ કઠણ છે. ત્યારે આપણે સર્વે ભગવાનના ભકત તો થયા છીએ. આપણને કોઈ કહે કે, તમે કુસંગી છો તો આપણને બહુ માઠું લાગી જાય! તો આપણે સર્વે ભગવાનના ભકત તો થયા છીએ પણ આમાં ભગવાન કે ભગવાનના મોટા સંતોએ જે કહયું એટલી ભકતમાં થોડી ખામી કહેવાય. મહારાજ કહે કે, ભગવાનના જે ભકત હોય એની વત્તિ ભગવાનમાં જ રહે અને પોતાના આત્માને સત્ય માને, દેહને મિથ્યા જાણે.

ભગવાનના ભક્તોએ નામુ માંડવું કે મારે કેટલી જગતની વાસના છે ને કેટલી ભગવાનની છે

આપણે વિચાર કરીએ, નામું કરીએ. મહારાજે ગઢડા પ્ર.પ્ર. ના ૩૮ મા વચનામતમાં લખ્યું, આપણે સત્સંગ થયો હોય, ત્યાંથી નામું કરવું. વેપારી હોય તે નામું કરે, તેમ આપણે પણ નામું કરવું. કે જ્યારે આપણને સત્સંગ બરોબર ન હતો ને સત્સંગ કર્યા પછી મને ભગવાનમાં આટલો પ્રેમ થયો, આટલી જગતની વાસના ઓછી થઈ, કે ટળી ગઈ કે ઘણી છે? એમ નામું કરીએ તો આપણને ખબર પડે અને જે કાંઈ કસર હોય, તે ખટકો રાખીને ટાળીએ તો ટળે. અરે! હું ભગવાનનો ભકત થયો અને મને આવો સંકલ્પ થયો? તે ભગવાનના ભકતને ભગવાનની મૂર્તિ વિના બીજો સંકલ્પ થાય તો કપાળમાં બળબળતો ડામ દે તેવો વસમો લાગે. તે બળબળતો એટલે શું? તો લોખંડનો સળીયો તપાવીને કપાળમાં ચોડે એવું વસમું લાગે. એવું ભગવાનના ભકતને ભગવાનની મૂર્તિ વિના બીજો જગતનો સંકલ્પ થાય, તો એવું વસમું લાગે.

બીજું દ્રષ્ટાંત આપ્યું કે, પંચામત ભોજન જમતા હોઈએ એમાં ધૂળનો ખોબો

ભરીને નાંખે એવું વસમું લાગે. આપણે જમતા હોઈએ ને બીજો કોઈ માણસ આવીને એમાં ધૂળ નાંખે, તો આપણને સારું લાગે ? કે ખરાબ લાગે ? તેમ આમાં એમ લખ્યું કે, પંચામત ભોજન જમતા હોઈએ ને કોઈ ધૂળનો ખોબો નાંખે તો એને વસમું લાગે, તેમ જે ભગવાનનો ભકત હોય એને ભગવાનની મૂર્તિ વિના બીજો કોઈ સંકલ્પ થઈ જાય તો એવું વસમું લાગે. આપણી જે કાંઈ કસર હોય તેને કાળજી રાખીને ટાળશું તો જરૂર ટળી જશે.

ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનું સાધન

બીજું, ભગવાનમાં વત્તિ રાખવાનું સાધન શું ? તે મહારાજ આપણને ઘણું કહી ગયા છે. જેમ મોટા શેઠ હોય, તે પોતાના નાના બાળકો માટે કેટલું રાખી જાય છે? બંગલા રાખી જાય, પૈસા રાખી જાય, ગાડી રાખી જાય કે આ મારા છોકરાંને કામ આવશે. તેમ આપણા પિતા જે ભગવાન, તે આપણા માટે ઘણું રાખી ગયા છે. આ શાસ્ત્રો વાંચી, વિચારીને આપણે મનન કરીએ તો એમ થાય, કે ભગવાનની આ કથા છે એવો આપણને આનંદ થાય. બીજું, આમાં વાત કરી કે ભગવાનના ભકતને ભગવાનમાં વત્તિ રાખવાનું સાધન શું? તો અંતરદ્રષ્ટિ. તે અંતરદ્રષ્ટિ કેને કહેવાય? તો અંતરમાં મૂર્તિના દર્શન કરે, કે બહાર મૂર્તિના દર્શન કરે, તેને અંતરદ્રષ્ટિ કહેવાય.

ત્રણ દેહની ભાવના ટાળીને આત્માને અક્ષરધામ માની અક્ષરરૂપ થઈ ધ્યાન કરવું

બીજું, મહારાજે શિક્ષાપત્રીમાં એકસોને સોળમો લોક લખ્યો. એમાં એમ લખ્યું કે, પોતાના ત્રણ દેહની ભાવના ટાળી અને આત્માને અક્ષરધામરૂપ માની, ધ્યાન કરવું. બીજું, મોટા સંતો કહેતા કે, આ દેહ જાણે બળી ગયો. બળીને રાખ થઈ ગયો. વાની રહી. તેને પછી પાણીમાં નાંખી દઈએ ત્યારે એને બીજે દિ' એમ થાય કે હાલો ! આ ભાઈને મળવા જઈએ ? કે આ શેઠને મળવા જઈએ ? કેમ કે એની વાની થઈ ગઈ, ને વાની તો પાણીમાં નાંખી દીધી. એમ મહારાજ કહે કે, જ્ઞાને કરીને આ દેહને બાળી નાંખવો. મહારાજે ગ.પ્ર. ના ૨૪ માં વચનામતમાં એ જ લખ્યું છે કે, જ્ઞાને કરીને સ્થિતિ થાય છે, ત્યારે તેને એક રસ ચૈતન્ય ભાસે છે અને તેને વિષે એક

ભગવાનની મૂર્તિ જ રહે છે, પણ બીજો કોઈ આકાર રહેતો નથી. એટલે આ દેહને જાણે બાળી નાખ્યો, ને વાનીને પાણીમાં નાંખી દીધી. પછી દેહ તો જાણે રહયો જ નહીં, આત્મા રહયો, ને એ આત્મા તો અણુ જેટલો છે. એક વાળના અગ્ર ભાગના સો કટકા કરીએ, એમાંથી એક કટકો લઈએ, એના પણ સો કટકા કરીએ એટલો સૂક્ષ્મ આત્મા છે. કીડીમાં એટલો હોય, મચ્છરમાં પણ એટલો હોય ને નાના જંતુમાં આત્મા તો સરખો જ છે. ત્યારે આત્મા તો અણું જેટલો છે, પણ મોટા સંતો કહેતા કે, આત્માની અક્ષરધામ સાથે એકતા કરવી. તે ભગવાનનું જે અક્ષરધામ તેમાં મહારાજ દિવ્ય સિંહાસન ઉપર વિરાજમાન થયેલા છે અને પ્રકાશ–પ્રકાશ છે એવું દિવ્ય અક્ષરધામ. તે અક્ષરધામ સાથે આપણા આત્માની એકતા કરવી, ને એમ ધારવું કે તે અક્ષરધામ તે હું છું. એવો અભ્યાસ આપણે કરીએ. મહારાજે કોઈ વાતની ખામી રહેવા દીધી નથી. આત્માની અક્ષરધામ સાથે એકતા કરી, અક્ષરધામ માનવું. પોતાનું સ્વરૂપ દિવ્ય અને પ્રકાશમાન છે. બીજું,મોટા સંતોએ લખ્યું કે, રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે એમ કીર્તનમાં લખ્યું. બીજું, મુકતાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું કે,

" અનુભવીને અંતરે, રહે રામ વાસે રે,
જ્યાં જુએ ત્યાં રામજી, બીજું કાંઈ નવ ભાસે રે."

અનુભવી એટલે ભગવાનના એવા જે સંતો હોય, કે ભગવાનના એવા હરિભકતો હોય, તે આવી રીતે અભ્યાસ કરે એને અનુભવી કહેવાય. તો આત્માને અક્ષરધામની એકતા કરીને અક્ષરધામને વિષે મહારાજની દિવ્ય મૂર્તિનું ધ્યાન કરે તે બરાબર કહેવાય.

પડ્યું મારે સહજાનંદજી શું પાનું

બીજું, આપણે હંમેશા બોલીએ છીએ કે, હવે મારા વા'લાને નહીં રે વિસારું પછી શું બોલીએ છીએ ? કે, વાસોચ્છ્વાસે નિત્યે સંભારૂ. તે એવી રીતે સંભારવાની આપણે ટેવ પાડવી. બીજું, મોટા સંતોએ લખ્યું છે કે, પડયું મારે સહજાનંદજી શ પાનું. પાનું કોને કહેવાય ? કોઈની પાસે દુકાન હોય, મકાન હોય, બીજી કાંઈ માલ

મિલ્કત હોય, તો એક છોકરો કહે છે, મારે આ મકાન લેવું છે, બીજો કહે છે મારે દુકાન લેવી છે. વળી પહેલો કહે છે મારે દુકાન લેવી છે એટલે એમ એક બીજામાં મતભેદ થાય તો આગળ આમ કરતા. એક ચિઠ્ઠીમાં મકાન લખે, એક ચિઠ્ઠીમાં દુકાન લખે, પછી નાનું છોકરૂં હોય, તેના હાથમાં ચિઠ્ઠી ઉપડાવે. જેના હાથમાં જે ચિઠ્ઠી આવે, તે મિલ્કત તેના નામની થઈ જાય. તેને પાનું પડયું કહેવાય. તો આપણા હાથમાં કોનું પાનું આવ્યું કહેવાય ? તો આપણા ભાગમાં ભગવાન આવ્યા છે તેનો કેફ રાખી, આનંદમાં ભજન કરવું. બીજું, આપણને આવા ભગવાનની અને આવા સત્સંગની ઓળખાણ થઈ છે, તો આપણા મોટા ભાગ્ય છે. તો આપણે દરેકે શું કરવાનું છે ? ભગવાનની ભકિત કરવાની. બીજું, આગળ માણસો હતા, એ ભાથું બાંધીને ભગવાનને શોધવા જાતા ! ને આપણે ! કયાંય ભગવાનને શોધવા ગયા નથી. તે કીર્તનમાં લખ્યું છે કે,

" ન ગઈ ગંગા, ગોદાવરી, કાશી
ઘેર બેઠા મળ્યા મને અક્ષરવાસી
તપરે તીરથમાં હું કાંઈ નવ જાણું
સહેજે સહેજે હું તો સુખડા રે માણું "

પછી શું કહયું ? "જેરામ કહે સ્વામી સહેજે રે મળીયા, વાતની વાતેમાં વહાલો અઢળક ઢળીયા." અહોહો ! આપણા ઉપર ભગવાન અઢળક ઢળ્યા છે, તેનો કેફ રાખી આનંદમાં ભજન કરવું.

બીજું, નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, " શીદને રહીએ કંગાળ સંતો, શીદને રહીએ કંગાળ, મળ્યો મહા મોટો માલ." તો આપણી જાતને કંગાળ ન માનવી. સ્વામિનારાયણ ભગવાન આપણને મળ્યા છે, તેનો કેફ રાખી આનંદમાં ભજન કરવું.

વૃંદાવન ગામના લાલાબાબુ

બીજું, વંદાવનમાં લાલાબાબુએ ઘણા રૂપિયા ખર્ચ્યા, તેને પણ સ્વામિનારાયણ ભગવાનના દર્શન થયા નહીં. આપણા સંતો ત્યાં ગયા, શુકાનંદ સ્વામીએ જ્ઞાનની,

ધ્યાનની, ધર્મની વાતો કરી. તેથી તેમને બહુ આનંદ આવ્યો, ને તેમણે સ્વામીને પુછયું કે, તમે કોના સાધુ છો ? તો કહે કે, અમે સ્વામિનારાયણના સાધુ છીએ. તો એ લાલાબાબુ શેઠે કહયું કે, તમે સ્વામિનારાયણને અહીં તેડી લાવો. મારે ભગવાનના દર્શન કરવા છે. સંતો કહે કે, મહારાજ તો અહીં આવે કે ન આવે, પણ તમે ભેળા ચાલો તો દર્શન થાય. તે શેઠ કહે કે, મારાથી આ બધું છોડીને ત્યાં અવાય નહીં. પછી મહારાજ માટે એક અત્તરની શીશી આપી. સંતો ફરતા ફરતા ઘણા દિવસ પછી ગઢપુર ગયા. અત્તરની શીશી મહારાજને આપી અને એ લાલાબાબુની વાત કરી. મહારાજ કહે કે, એ લાલાબાબુને અમારા દર્શન થાય અને આ સત્સંગ મળે, એટલા પુણ્ય હજુ તેમના થયા નથી. કેટલા રૂપિયા ખર્ચ્યા હતા ? સાત કરોડ રૂપિયા. એ જમાનામાં તો ઘણા કહેવાય ! પણ તેમને હજુ અમારા દર્શન થાય એટલા એમના પુણ્ય થયા નથી. તે મોટા સંતો આ દ્રષ્ટાંત આપતા કે, લાલાબાબુના કરતા જેના ઘણાં પુણ્ય હશે, તેને આ સત્સંગ મળશે. તો આપણે કેટલા રૂપિયા ખર્ચ્યા છે ? એટલે એવા મોંઘા તે રૂપિયા ખર્ચ્યા તેના કરતા પણ આપણા ઘણા પુણ્ય હશે, તેથી જ આ ભગવાન મળી ગયા છે ! તે નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે,

" ઘણા મોંઘા જે ઘનશ્યામ, નાવે નજરે ન મળે કોઈને રે
અક્ષરવાસી આઠું જામ,જેને રહયા છે અખંડ જોઈને રે."

એવા મોંઘા ભગવાન આપણાને મળી ગયા છે, તેનો કેફ રાખવો. બીજું, ગહસ્થોએ વ્યવહારિક કાર્ય કરવું, પણ અંતરમાં જગત ભરવું નહીં. બીજું, આપણે એમ વિચારવું, કે આપણે અહીં શું કરવા આવ્યા છીએ ? ને ભગવાનની શું આજ્ઞા છે ? બીજું , એક મહાત્માએ લખ્યું, " કે કર વિચાર નર, કોન તુમ કહાંસે આયા." કે હે ભાઈ ! તું વિચાર કર કે, તું કયાંથી આવ્યો ? ને કયાં જવાનો છે ? બીજું, આપણા વડિલો બધું મૂકીને ચાલ્યા ગયા, તેમ આપણે પણ જાવું પડશે ને ? એટલે મહારાજે કહયું છે કે, જ્યાં સુધી દેહ સારો છે, ત્યાં સુધી ભગવાનની ભકિત કરી, આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરીને, આપણા આત્માનો મોક્ષ કરી લેવો. ભગવાને આપણા

ઉપર ઘણી દયા કરી, આવા " ઘોર કળિમાં સતયુગ સ્થાપ્યો, અનાદિ મોક્ષની રીત, પ્રેમાનંદ કહે નહીં માનો, તો પછે થાશે ફજેત." આજે જગતમાં હળાહળ ઘોર કળિયુગ વ્યાપી ગયો છે. જેને આ સત્સંગ નહીં મળ્યો હોય, આ ભગવાન નહીં મળ્યા હોય, એ સર્વે અત્યારે કયાં બેઠા હશે ? કોઈ ફિલ્મ જોવા બેઠા હશે, કોઈ ટી.વી. જોતા હશે. પણ ચાલો આપણે માળા કરીએ એમ કોઈ એકબીજાને કહે છે ખરા ? નથી કહેતા. તો એના એટલા પુણ્ય નથી, તે બિચારા ઘણા દુઃખ ભોગવે છે.

એક દિવસતો આ દુનિયામાંથી જવું જ પડશે માટે મોક્ષની તૈયારી કરી લેવી

બીજું, એક ભકત બહુ સારી સ્થિતિવાળા હતા. સવારમાં નહાઈ ધોઈ, પૂજાપાઠ કરી ભગવાનનું ધ્યાન, ભજન કરે. બપોરના જમવા જાય, બાકી આખો દિવસ મંદિરમાં ધ્યાન, ભજન કરે. ત્યારે એ ભકત દરરોજ સ્વામીને કહે કે, સ્વામી, તમે ભગવાનને કહો કે, મહારાજ મને ધામમાં તેડી જાય. ત્યારે સ્વામીએ તેમને પુછયું કે, તમે એવી તૈયારી કરી છે ? ત્યારે કહે હા, એવી તૈયારી કરી છે. એમ દરરોજ સ્વામી સાથે વાત કરે. એક દિવસ બપોરના સમયે સર્વે સંતો જમીને કથા વાર્તા કરતા હતા, ત્યારે એ કથામાં એમ વાત આવી કે, દરેક સમયે અંત અવસ્થા રાખવી. ત્યારે એ સ્વામીએ એ ભકતને પૂછયું કે, હે ભકત, તમે તૈયારી રાખી છે ને ? ત્યારે એ ભકત બોલ્યા કે, હા મેં એવી તૈયારી રાખી છે. ત્યારે સ્વામીએ એમના શિષ્ય ઘનશ્યામદાસ સ્વામી હતા એમને કહયું કે, સ્વામી, મારા ખડિયામાં ભગવાનની પ્રસાદીનો કાગળ છે, એ કાગળ લાવો. આ ભકતને વંચાવીએ. એ કાગળ વાંચીને આ ભકત સાંભળશે એટલે મહારાજ તેમને ધામમાં તેડી જશે. ભકતને તો નિશ્ચય થઈ ગયો કે આ સ્વામી ત્રિકાળજ્ઞાની છે અને હમણાં જ મહારાજને પ્રાર્થના કરશે તો મહારાજ આવી, હમણાં જ મને ધામમાં તેડી જાશે. એટલે એણે સ્વામીને કહયું સ્વામી, થોડીવાર ઊભા રહો. મારા છોકરાને જઈને ભલામણ કરી આવું. સ્વામી કહે કે, તું તો કહેતો હતો ને હું તૈયાર છું, મહારાજને પ્રાર્થના કરો મને આવીને તેડી જાય. ત્યારે તે ભકત બોલ્યા કે, હું તૈયાર તો છું, પણ કયાંય પૈસા રાખ્યા હોય, કયાંય દાગીના રાખ્યા હોય, એ બધું કહેવું તો પડે ને ? ત્યારે સ્વામીએ કહયું કે, હવે ભગવાન હમણાં તમને નહીં તેડી

જાયે. હવે તમારે દશ વર્ષ રહેવું પડશે. તો તેના ઉપર કહેવાનું કે, આપણે આ શાસ્ત્ર વાંચીને તથા સંત સમાગમ કરીને, એવી તૈયારી રાખવાની કે, આ દેહનો કાંઈ નિર્ધાર નથી. અચાનક આ દેહ છોડીને જવું પડશે. બીજું લખ્યું કે, કળિયુગમાં સો વર્ષની આયુષ્ય છે, પણ પચાસ, સાઈઠ, સીત્તેર કે એંસી કે ભલે સો વર્ષ થાય,પણ એક દિવસે તો આ દુનિયામાંથી જાવું જ પડશે. માટે મોક્ષની આપણે તૈયારી કરી લેવી.

જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય? ને ભાગવત ધર્મનું પોષણ કેમ થાય?

બીજું, વચનામતમાં મુકતાનંદ સ્વામીએ પ્ર ન પૂછયો કે, મહારાજ! ભાગવત ધર્મનું પોષણ કેમ થાય અને જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું કેમ થાય? ત્યારે શ્રીજી મહારાજે કહયું કે, કપિલદેવ ભગવાને દેવહૂતિ પ્રત્યે કહયું છે જે,

પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ।
સ એવ સાધુષુ કતો મોક્ષદ્વારમપાવતમ્॥

જેવી દેહ અને દેહના સંબંધીને વિષે આત્મબુદ્ધિ છે, એવો જ પ્રસંગ અને હેત ભગવાન અને ભગવાનના સંતોને વિષે થાય, તો તેમના સમાગમ થકી ભાગવત ધર્મનું પોષણ થાય અને જીવને મોક્ષનું દ્વાર પણ ઉઘાડું થાય અને સ્વામિનારાયણ ભગવાનના માતા ભકિતમાતાએ પણ આવો જ પ્ર ન સ્વામિનારાયણ ભગવાનને સત્સંગી જીવનમાં તથા હરિગીતામાં પૂછયો છે, હે ભગવાન! અમારો મોક્ષ કેમ થાય? અને આ દેહે અક્ષરધામને કેમ પમાય? એના ઉત્તરમાં સ્વામિનારાયણ ભગવાને ભકિતમાતાને કહયું કે, ચોસઠ લક્ષણે યુકત સત્પુરૂષ હોય, તેનો સમાગમ કરે, તો એના સમાગમ થકી મોક્ષ થઈ જાય, ને ગીતામાં, રામાયણમાં, મહાભારતમાં દરેકમ પણ એ જ વાત કરી કે, ભગવાન અને ભગવાનના સંતો થકી જ આ જીવનો મોક્ષ થાય છે. મોટા સંતોએ પણ આજ વાત લખી છે.

પ્રતાપભાનુ રાજા

પ્રતાપભાનુ નામે એક રાજા હતા. રાજય કરતા હતા પણ સત્પુરૂષોના સમાગમ થકી પોતે એવા વિરકત થયા હતા અને દરરોજ પોતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરત અને એ સંતનો સમાગમ કરતા કરતા, એમને આત્માનું, પરમાત્માનું અને ભગવાનન

દ્રઢ સ્વરૂપનું જ્ઞાન દ્રઢ થઈ ગયું. ત્યારે ગોપાળાનંદ સ્વામીની વાતુમાં લખ્યું કે, યમ, નિયમ,આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ એ છેલ્લું અંગ સમાધિ થઈ જાય, તો એને ધ્યાનની સ્થિતિ થઈ કહેવાય. તો આ જે પ્રતાપભાનુ નામે રાજા હતા એમને પુત્ર, માલમિલ્કત બધું હતું, પણ સંતોના સમાગમ થકી એમને સમાધિ થઈ જાતી. ત્યારે છ મહિના સુધી આ રાજા સમાધિમાં રહે, ને ખાવા પીવાનું કાંઈ ભાન રહે નહીં. એમ છ મહિના સુધી ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જતા.

આપણને તો છ મિનિટ રહેવું હોય તો પણ એમ થાતું નથી. કેટલાક ભકતજનો પ્ર ન પૂછે કે, દિવસના તો બહુ સંકલ્પ થાય નહીં, પણ આ ધ્યાન કરવા બેસીએ, કે ભજન કરવા બેસીએ, ત્યારે સંકલ્પો કેમ થાય છે? ત્યારે સંકલ્પ થાય અને બાકી શું ન થતા હોય ? એ તો થતા જ હોય. મોટા સંતોએ લખ્યું કે, જેટલા વાસ ઉઠે છે, એટલા સંકલ્પો માણસોને થાય છે. પણ આપણે ભગવાનના ભકત થયા છીએ તો વાસોચ્છ્વાસે જો ભગવાનની મૂર્તિને સંભારીએ તો એક પણ સંકલ્પ થાય નહીં.

તે પ્રતાપભાનુ રાજા એવા હતા કે, છ મહિના થાય અને વળી આ દેહ ને લોક સાંભરે. વળી આ લોકમાં આવે ને રાગ અને વૈભવ જેમ ભોગવતા હોય તેમ ભોગવે. ત્યારે સ્વામિનારાયણ ભગવાન એ સમયે હયાત હતા. એમણે અંતર્યામીપે જાણ્યું કે, પ્રતાપભાનુ નામે રાજા છે એ બહુ સારા ભકત છે, ને એમને આવી સમાધિ થઈ જાય છે, છતાં પણ સમાધિમાંથી બહાર આવીને એ રાજા આ લોકના વૈભવ ભોગવવા તૈયાર થઈ જાય છે. ત્યારે મહારાજે શતાનંદ સ્વામીને વાત કરી કે, હે સ્વામી ! આ પ્રતાપભાનુ રાજા છે, એ સારા ભકત થયા છે, પણ હજી એમને કોઈક કસર રહી ગઈ લાગે છે, એટલે ધ્યાનમાંથી – સમાધિમાંથી બહાર નીકળી આવે છે,માટે તમે ત્યાં જાવ અને ત્યાં જઈ એમને આત્મા–પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ જાય અને આ ને આ દેહે મોક્ષ થઈ જાય, તેવો ઉપાય બતાવો. ત્યારે સંતોનો ધર્મ એજ છે કે સર્વજીવ હિતાવહ. આનું હિત કરવું ને આનું ન કરવું એમ નહીં, દરેકનું હિત કરવું. સ્વામી ફરતા ફરતા ત્યાં ગયા. પ્રતાપભાનુ રાજાને ખબર પડી કે, આ સ્વામી આવ્યા છે. ત્યારે દરરોજ તે રાજા સ્વામીનો સમાગમ કરે. ત્યારે એક દિવસ સ્વામીએ વાત કરી, હે રાજન્ ! તમે ધ્યાનમાં જાઓ છો, સમાધિમાં જાઓ છો, તો ફરી પાછા કેમ બહાર

નીકળી આવો છો ? ત્યારે રાજાએ કહયું કે, સ્વામી ! મને એ કાંઈ ખબર પડતી નથી. પણ પોતાની મેળે એવું થઈ આવે છે. ત્યારે સ્વામીએ પૂછયું કે, તમે ધ્યાન કેમ કરો છો ? ત્યારે રાજાએ કહયું કે, હું તો આ ભગવાન સામે ઊભા હોય, બેઠા હોય એમ ભગવાનના અંગે અંગ જોઈને ધ્યાન કરૂં છું અને એમ કરતા કરતા ભગવાનની મૂર્તિમાં વત્તિ સ્થિર થઈ જાય છે, એટલે આવું થઈ જાય છે. ત્યારે સ્વામીએ કહયું કે, હે રાજન્ ! તમે ધ્યાન કરો છો એ બરાબર કહેવાય પણ તમે જો અંતરમાં ધ્યાન કરો તો તમારા સંકલ્પ ટળી જશે અને તમારો આ ને આ દેહે મોક્ષ થઈ જાશે. ત્યારે રાજાએ કહયું કે, અંતરવત્તિ શું એ મને ખબર નથી. ત્યારે સ્વામીએ મહારાજના જ્ઞાનની, ધ્યાનની, મહિમાની વાતો કરી અને અંતરમાં એટલે આ ભગવાન સામા ઊભા છે એમ નહીં, પણ આ લોક, દેહ, બ્રહ્માંડનો નાશ થઈ જાય અને અક્ષરધામરૂપ એવો જે આત્મા, એના વિષે ભગવાનનું જે દિવ્ય સિંહાસન, તે જેમ હનુમાનજીની છાતીમ ભગવાનના દર્શનનો ફોટો હોય છે તેમ દેખાય, સામા ન દેખાય. પાછી વત્તિ વાળીને જોઈએ તો આમ દેખાય. એવી રીતે દરરોજ સ્વામી ધ્યાનની, ભજનની વાત સમજાવે એટલે એમ કરતા કરતા એને એ દ્રઢ થઈ ગયું એટલે એ ધ્યાન કરવા મંડયા. એટલે એમને આ લોકના અને દેહના ભાવ ટળી ગયા. પછી એ પ્રતાપભાનુ રાજા છ મહિના પછી ધ્યાનમાંથી બહાર ન આવતા અને ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા અને અક્ષરધામમાં ભગવાનના સુખે સુખીયા થઈ ગયા.

આ તો દ્રષ્ટાંત છે, પણ એમાં કહેવાનું શું છે કે, આ રીતે આ રાજાએ અભ્યાસ કર્યો તો એમને આ દુનિયાના રાગ ટળી ગયા અને શતાનંદ સ્વામીની દયા થઈ વચનામતમાં પણ એ જ વાત આવે છે કે, સાચા સંતોનો સમાગમ કરવાથી આ લોકના રાગ ટળી જાય છે અને બ્રહ્માનંદ સ્વામીએ પણ કહયું કે,

" સંત સમાગમ કીજે હો નિશદિન
સંત સમાગમ કીજે "

નિશદિન એટલે રાત્રી દિવસ સંત સમાગમ કરવો, એટલે દિવસ અને રા

આ સાધુ પાસે બેઠા રહેવું એમ નથી. મોટા સંતો પાસે પા કલાક, અર્ધો કલાક બેઠા હોઈએ ત્યારે, સંતોએ જે ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની વાતો કરી હોય, એ સંભારીને અને સદાને માટે સૂતા–બેઠા, હાલતા–ચાલતા દરેક ક્રિયામાં એમ જાણીએ કે, ભગવાન મારી પાસે બેઠા છે અને આ અક્ષરધામની સભા છે અને એમાં હું બેઠો છું. તમે ભલે તમારી ઓફિસ બેઠા હોવ કે ખેડૂત ભલે પોતાના ખેતરમાં હોય, કે વેપારી હોય એ ભલે દુકાનમાં બેઠા હોય, પણ એવી રીતે જો એમની વૃત્તિ ભગવાનમાં લગાડવા અભ્યાસ કરે તો જરૂર થાય, ન થાય એવું કાંઈ નથી. એ તો એવી રીતે આપણે વૃત્તિને કેળવવી પડે. આ પ્રતાપભાનુ રાજાને આવી રીતે ધ્યાન કરવાથી એમના સર્વે રાગ ટળી ગયા ને એમનો મોક્ષ થઈ ગયો.

ખટવાંગ રાજા

વળી બીજા પણ એક ભક્તની વાત લખી છે. ગુણાતીતાનંદ સ્વામીની વાતુંમાં લખ્યું છે કે, ખટવાંગ નામે રાજા હતા. એને પણ એવા સંત મળી ગયા, તેથી તેમનો મોક્ષ થઈ ગયો. તે રાજાને એક જયોતિષે કહયું કે, હે રાજન્ ! છ મહિનામાં તમારો દેહ પડી જશે અને આ દુનિયામાંથી તમારે વિદાયગીરી લેવી પડશે. ત્યારે આ રાજા પોતે તો ભગવાનના ભક્ત હતા પરંતુ જેવું છે એવું ભગવાનનું મહાત્મય અને સંત સમાગમનું જોર નહીં, એટલે એમને થયું કે, અરેરે ! મારે છ મહિનામાં આ દેહ મૂકીને જાવું પડશે ? પછી રાજાએ વિચાર કર્યો કે મારે મોક્ષ માટેનું કામ કરી લેવું છે. એટલે એમણે તો મોટી સભા બોલાવી. પોતાનો દીકરો હતો એને ગાદીએ બેસાડયો અને પછી બધાને પૂછયું કે, જયોતિષે મને કહયું છે કે છ મહિનામાં મારો દેહ પડી જશે. આ જયોતિષી બહુ ત્રિકાળજ્ઞાની છે અને ઘણા લોકોને આ જયોતિષી જેમ કહેતા એમ થાતું. ત્યારે રાજાને પણ વિ વાસ થઈ ગયો, કે છ મહિનામાં આ દેહ પડી જાશે. એટલે એમણે પૂછયું કે, છ મહિનામાં મારો મોક્ષ કેવી રીતે થાય ? જેમ પરીક્ષિત રાજા હતા એમને ઋષિનો શ્રાપ હતો કે સાત દિવસમાં મારો આ દેહ પડી જાશે, તો મારે મોક્ષનું સાધન શું કરવું, તો એમણે શુકદેવજી પાસે ભાગવતની કથા સાંભળી ને એમને આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ ગયું ને એમનો મોક્ષ થઈ ગયો. એટલે આ

રાજાએ પણ વિચાર કર્યો કે, આ છ મહિનામાં મારો દેહ પડી જાશે, તો મારે શું કરવું એમ બધાને પૂછયું. તો કેટલાકે જપ કરવાનું કહયું, કેટલાકે તપ કરવાનું કહયું, કેટલાકે દાન કરવાનું કહયું, પણ આને તો ઘેડ બેઠી નહીં. એમાં કોઈ ભગવાનના ભકત હતા, એમણે કહયું કે,તમે જાત્રા કરવા જાવ. જાત્રા કરવાથી ત્યાં સાચા સત્પુરૂષોનો જોગ મળી જાશે, તો જરૂર તમારો મોક્ષ થઈ જાશે. રાજાને પણ વાતની ઘેડ બેઠી.

સ્વામિનારાયણ ભગવાને પણ સારંગપુરના વચનામતમાં કહયું કે, સાચા સત્પુરૂષ કેને કહીએ, કે જેની પાસે મનની વત્તિ કુંઠિત થઈ જાય અને ભગવાનમાં જોડાઈ જાય એને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. હજુ પણ આવું નૈમિષારણ્ય ક્ષેત્ર છે જ. ઘણા લોકો જાત્રા કરવા જાય ત્યાં પણ કુદરતી શાંતિ થઈ જાય. આપણે છપૈયા દર્શન કરવા જઈએ અને મહારાજના જન્મ સ્થાનના દર્શન કરીએ, તો આપણને અંતરમાં કુદરતી શાંતિ થઈ જાય અને આનંદના ફુવારા વહે કે, અહોહો ! મેં ભગવાનના દર્શન કર્યા ! તેમ મહારાજે કહયું કે, નૈમિષારણ્ય ક્ષેત્ર કયાં જાણવું ? કે, જ્યાં મનની વત્તિ કુંઠિત થઈ જાય અને મનની વત્તિ ભગવાનમાં જોડાઈ જાય. તો આ જયોતિષીએ પણ એમ કહયું કે, તમે જાત્રા કરવા જાવ. ત્યાં તમે ભગવાનના દર્શન કરવા જશો, ત્યાં કોઈ મહાત્મા મળી જશે. તેમના સમાગમ થકી જરૂર તમારો મોક્ષ થઈ જાશે. એ વાતની રાજાને ઘેડ બેઠી. રાજાએ થોડા પૈસા લીધા, એક નોકર લીધો, ને ઘોડાગાડી લઈને આ તો જાત્રા કરવા નીકળ્યા. ફરતા ફરતા ગંગામાં ન્હાય, જમનામાં ન્હાય. એમ ફરતા ફરતા અઠવાડિયું, પંદર દિ, મહિનો થઈ ગયો. જ્યાં જાય ત્યાં એને શાંતિ થાય નહીં. ત્યાં ઘણા મહાત્માઓ હોય પણ એ બધા હુક્કા પીતા હોય, ગાંજો પીતા હોય, એટલે એને થાય કે આ મહાત્મા પાસે આપણો કાંઈ મોક્ષ થાશે નહીં. (આ વાતનું અનુસંધાન પેઈજ નંબર – ૨૭ ઉપર)

સ્વામિનારાયણ ભગવાન ઝીંઝાવદર ગામમાં ગુપ્ત રહેતા હતા ત્યાં એક પઠાણ આવ્યો ને તેના અંતરમાં શાંતિ થઈ ગઈ

સ્વામિનારાયણ ભગવાનના વખતમાં ઝીંઝાવદર નામના ગામના પાદરમાં એક પઠાણ, એટલે મુસલમાન હતો, તે ત્યાંથી ચાલ્યો, એટલે એના અંતરમાં શાંતિ

થવા લાગી. એને એમ થયું કે આ ગામમાં કોઈ મહાત્મા હોવા જોઈએ. મહારાજે પણ એક ઠેકાણે લખ્યું કે, સ્વરૂપાનંદ સ્વામીને વાયરો અડીને જાય એ વાયરો જેને અડે, એના અંતરમાં શાંતિ થઈ જાય. સ્વરૂપાનંદ સ્વામી પાસે કાંઈ બરફ હતો નહીં, પણ એ પોતે ભગવાનની મૂર્તિને અખંડ સંભારતા અને અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરતા. ત્યારે આ પઠાણ પોતે તો મુસલમાન હતો, એના કુરાનમાં એવું લખ્યું કે, જ્યાં એવા મહાત્મા હોય, એના દર્શન કરીએ તો અંતરમાં શાંતિ થઈ જાય. ત્યારે આણે વિચાર કર્યો, કે આ ગામમાં કોઈક મહાત્મા હોવા જોઈએ. ફરતો ફરતો ગામના પાદરમાં ગયો, અરે ભાઈઓ! અહીં કોઈ મહાત્મા છે? ત્યારે કોઈએ કહયું કે અહીંયા ચોરો છે ત્યાં મહાત્મા બેઠા છે. ફરતો ફરતો ત્યાં ગયો. ત્યાં તો બાવાઓ બેઠા હતા. બે ચાર હુક્કાઓ ગગડાવ્યા કરે અને છોકરાંઓ રમાડયા કરે. અરે, આ તે કોઈ મહાત્મા કહેવાય? આને તો મહાત્મા કહેવાય નહીં. આના થકી મને શાંતિ થાય નહીં, એટલે એ ત્યાં ગયો નહીં.

સ્વામિનારાયણ ભગવાને પણ કહયું છે કે "ગુરૂ કરવા તો જ્ઞાની કરવા અને સત્ અસત્ ને જોઈ, બળદ લેવો તો ખેડી લેવો અને ડોબું લેવું તો દોહી" કાલા ઘેલા ગુરૂ કરવા નહીં. 'ગુ' એટલે અંધકાર અને 'રૂ' એટલે નાશ. અજ્ઞાનરૂપી અંધકારનો જે નાશ કરે, તે ગુરૂ કહેવાય. ત્યારે પઠાણ હતો તેણે આ સાંભળ્યું. એને થયું કે, આ તો મહાત્મા કહેવાય નહીં. વળી આગળ ચાલ્યો. વળી આગળ પૂછયું કે અહીંયા કોઈ મહાત્મા છે? સર્વેએ કહયું કે દરબારમાં મહાત્મા રહે છે ખરા, એટલે એ ત્યાં ગયો. દરબારમાં એક દરવાજો હતો. ત્યારે એ દરવાજા પાસે એક ચોકીદાર બેઠો હતો એને પૂછયું કે, હે ભાઈ, હું ગામમાં આવ્યો ત્યારથી મને શાંતિ થઈ ગઈ તેથી મને થયું કે, આ ગામમાં કોઈ એક મહાત્મા રહે છે. ત્યારે એ ચોકીદારે શું જવાબ આપ્યો કે, અહીંયા એક મહાત્મા રહે છે ખરા પણ એણે મને કહયું છે કે, કોઈને તું કહેજે નહીં. આગળના જમાનામાં માણસો ભોળા ખરા ને, એટલે ના એ પાડી દીધી અને કહી પણ દીધું કે અહીં કોઈ મહાત્મા રહે છે. થોડીવાર બેઠો ત્યાં અલૈયાખાચર ત્યાં આવ્યા. તેમને કહયું કે, હું જ્યારથી આ ગામમાં આવ્યો, ત્યારથી મને શાંતિ થઈ ગઈ માટે

અહીંયા કોઈ મહાત્મા હોવા જોઈએ ખરા. આ અલૈયાખાચર તો બહુ હોશિયાર. એટલે એમણે કહયું કે બેસો, હોય તો જોઉ, એમ કહી દરબારમાં જઈ મહારાજને વાત કરી કે, મહારાજ, એક મુસલમાન પઠાણ છે એ અહીં આવ્યો છે અને એ એમ કહે છે કે, અહીં એક મહાત્મા હોવા જોઈએ. આ ગામમાં આવ્યો, ત્યારથી મને શાંતિ થઈ ગઈ છે. મારે એમના દર્શન કરવા છે. મહારાજે કહયું કે તેડી આવો. પૂર્વનો કોઈ યોગભ્રષ્ટ જીવ છે, આગલા જન્મમાં બ્રાહ્મણ હતો એટલે એને બ્રાહ્મણનું અભિમાન આવી ગયું હતું. એટલે હવે એને આ મુસલમાનનો દેહ મળ્યો છે, માટે તમે એને બોલાવો. એને બોલાવ્યો. એતો મહારાજની મૂર્તિમાં તલ્લીન થઈ ગયો. મહારાજે કહયું કે આ તો અમારી મૂર્તિમાં તલ્લીન થઈ ગયો છે. એટલે અહીંથી જઈ શકશે નહીં. એટલે જેમ ચમકપાણની પાસે લોઢું ખેંચાઈ આવે, એમ આ પઠાણ ભકતની વત્તિ ભગવાનમાં ખેંચાઈ ગઈ. પછી એની આડું કપડું રાખ્યું એટલે ભકત ત્યાંથી જઈ શકયા.

તેમ **ખટવાંગ** રાજા પણ જાત્રા કરવા ગયા. ફરતા ફરતા મહિનો, બે મહિના, પાંચ મહિના થઈ ગયા. છટ્ઠો મહિનો આવ્યો એટલે એ તો થાકી ગયા. અરેરે.... હવે તો તુરતમાં મારો દેહ પડી જાશે અને મને કોઈ મહાત્મા મળ્યા નહીં. જેવી ભગવાનની ઈચ્છા. છેલ્લો દિવસ આવ્યો. હવે આજે તો મારે આ દુનિયામાંથી જાવાનું છે, બાર વાગ્યે. જયોતિષીએ કહયું હતું એટલે અગિયાર વાગ્યા સુધી ગામમાં ફર્યા. સાડા અગિયાર વાગ્યા એટલે ઝાડ આવ્યું, એટલે એ ઝાડ તળે બેસી ગયા અને ભગવાનના નામનો જાપ કરવા બેઠા, પણ એના અંતરમાં શાંતિ થઈ નહીં. અરેરેરે....મારો આ દેહ હમણાં પડી જશે, પણ મારો મોક્ષ થશે કે નહીં, એની ખબર પડી નહીં. પણ આની ભાવના સાચી હતી, એટલે એક મહાત્મા ફરતા ફરતા ત્યાંથી ચાલ્યા જતા હતા. ખાલી પાંચ જ મિનિટ બાકી હતી અને આ મહાત્માએ એ રાજા સામે જોયું, ત્યારે મહાત્માને થયું કે, અરે ! આ કોઈ દેવી જીવ લાગે છે, પણ એના અંતરમાં શાંતિ લાગતી નથી. એટલે મહાત્માએ એને પૂછયું કે, ભાઈ, તમે કોણ છો ? કયાંના છો ? એટલે એણે બધી વાત કરી કે હું ફલાણા ગામનો રાજા હતો અને જયોતિષીએ મને કહયું હતું

એટલે હવે આ પાંચ મિનિટ પછી મારો દેહ પડી જાશે, પણ મને એ ખબર પડતી નથી કે મારો મોક્ષ થશે કે નહીં ? મહાત્માએ કહયું કે અરે ભાઈ, એમાં તું શું ચિંતા કરે છે ? હજુ પાંચ મિનિટ તો છેને ? એટલે આ મહાત્માએ એના સામે જોયું અને આણે મહાત્મા સામે જોયું, તરત આના અંતરમાં શાંતિ થવા માંડી. અહોહો.... ઘણા મહાત્મા જોયા, સંતો જોયા, પણ આવા મહાત્મા કયાંય જોયા નથી ! એના અંતરમાં શાંતિ થવા માંડી અને અંતરમાં આનંદના ફુવારા ઉડવા મંડયા. એટલામાં મહાત્માએ કહયું જો ભાઈ, આ દેહ ખોટો છે અને આત્મા સત્ય છે. આત્માને વિષે પરમાત્મા રહેલા છે. આણે કહયું પરમાત્મા તો ઘણાય છે, પણ કેવા પરમાત્મા? અમે ભણતા ત્યારે એક કવિતા આવતી " મને કહો ને પરમે વર કેવા હશે ? તે શું કરતા હશે ? કહોને પરમે વર કેવા હશે ? " પણ ત્યારે તો ખબર પડતી નહીં. કવિતા ભણતા અને ભૂલી જાતા, પણ અત્યારે એમ થાય કે પરમાત્મા આવા છે. ત્યારે આણે પણ પૂછયું કે, પરમાત્મા કેવા હશે ? એટલે મહાત્માએ ભગવાનની મૂર્તિનું વર્ણન કર્યું. ભગવાનના ચરણમાં સોળ ચિહ્ન હોય. આવી આંગળીઓ છે, આવો સોનેરી વર્ણ છે, આવી પ્રકાશમાન મૂર્તિ છે. આવી ભગવાનની મૂર્તિને જોયા કરવી અને સ્મરણ કરવું એટલે આ તો ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા અને બોલ્યા તમે જે મૂર્તિનું વર્ણન કરો છો, એ મૂર્તિ મારા અંતરમાં દેખાય છે. મહાત્માએ કહયું , તું એ મૂર્તિને સંભાર, તારો મોક્ષ થઈ જાશે અને પાંચ જ મિનિટમાં એનો મોક્ષ થઈ ગયો.

ત્યારે વચનામતમાં પણ એજ વાત આવી કે, જો સત્પુરૂષનો સમાગમ કરે તો ભાગવત ધર્મનું પોષણ થાય અને આ જીવનો મોક્ષ થાય. આપણા પર ભગવાને દયા કરી, દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે, તો આપણી જે કાંઈ ખામી હોય, તે સાચે ભાવે સત્સંગ કરીને ટાળી દેવી અને આ ને આ દેહે ભગવાનના અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહી જવાય એ કામ કરવા માટે જ આપણને સર્વેને ભેળા કર્યા છે. તો આપણે સર્વેએ વિશેષ કાળજી રાખી, વિશેષ ભજન કરવું, આવી કાળજી રાખી ભજન કરશું, તો જરૂર આપણો મોક્ષ ભગવાન કરશે.

શ્રી સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાંથી આ પૃથ્વી ઉપર આપણા ઉપર દયા કરી ને પધાર્યા છે તે ભગવાનનો મહિમા સમજાય તો આપણે એક મિનિટ પણ ભગવાનને ભુલીએ નહીં

બીજું, સ્વામિનારાયણ ભગવાને આપણા પર ખૂબ દયા કરી છે, જો આપણે વિચારીએ તો આપણે એક મિનિટ પણ ભગવાનને ભૂલી શકીએ નહીં. સ્વામિનારાયણ ભગવાને લખ્યું છે કે,

" અમે જોને આવીયા તમ કારણ તન ધરી,
મન વાણી પહોંચે નહીં, કહે નેતિ નેતિ નિગમ વળી "

સ્વામિનારાયણ ભગવાન આપણા ઉપર દયા કરીને અક્ષરધામથી અહીં પધાર્યા અને

"અક્ષરધામથી જાન લાવ્યા
મુકતો જાનૈયા થઈ આવ્યા "

આ લોકમાં જો કોઈ જાન લાવે, તો એ વર કન્યાનો મેળાપ કરવા માટે લાવે. પણ આ સ્વામિનારાયણ ભગવાન પોતે અક્ષરધામથી જાન લાવ્યા અને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી અને આ જીવને માયા થકી મુકત કરીને, પથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહત્તત્વ અને પ્રકતિપુરૂષ એ અષ્ટઆવરણ થકી પર ભગવાનનું દિવ્ય અક્ષરધામ છે. એ અક્ષરધામને પમાડવા માટે જ મહારાજ પોતે અક્ષરધામથી અહીં પધાર્યા છે અને અક્ષરધામથી પધાર્યા તો ખરા, પણ આપણા પર દયા કરી અને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી, ને કાળ માયાથી મુકત કરી, પોતાની માધુરી મૂર્તિનું સુખ આપ્યું. તે આપણા અહોભાગ્ય કહેવાય.

ભગવાનની દિવ્ય માધુરી, માણીગર મૂર્તિના સુખનું વર્ણન

બીજું, આપણને આવા ભગવાન પુરૂષોત્તમ નારાયણ મળી ગયા છે.તે ભગવાનની દિવ્ય મૂર્તિમાં તો એટલું બધું સુખ રહેલું છે, તે સારંગપુરના વચનામતમાં લખ્યું છે કે, એક નિમિષ માત્ર ભગવાનની દિવ્ય મૂર્તિનું સુખ ભોગવ્યું હોય, તો એ

ભકતને બહુ જ આનંદ આવે ને આનંદ આનંદના ફુવારા વહયા કરે, તે માધુરી મૂર્તિના સુખમાં તલ્લીન બની જાય. તે મોટા સંતો એમ કહેતા કે, ભગવાનનો આવો મહિમા સમજાઈ જાય અને ભગવાનની મૂર્તિમાં આવું હેત થઈ જાય, તો એના અંતરમાં આનંદના ફુવારા ઉડયા કરે ને અહોહો....! એમ થાય કે મને આવા ભગવાન મળી ગયા, આવો દિવ્ય સત્સંગનો યોગ મળી ગયો. તો જેમ આ લોકમાં ચુંટણી આવે છે તે માણસને આનંદ થઈ જાય છે, કે હું પ્રધાન થઈશ, વડાપ્રધાન થઈશ. આ માયિક વસ્તુ છે, તો પણ એને આ માયિક વસ્તુમાં ઘણો આનંદ આવી જાય છે. પણ ભગવાન પુરૂષોત્તમ નારાયણ છે, તેમની દિવ્ય મૂર્તિમાં તો એટલું બધું સુખ રહેલું છે, કે આપણે આંખનું એક મટકું ભરીએ, એટલીવાર પણ જો ભગવાનની મૂર્તિનું સુખ લીધું હોય, તો આનંદના ફુવારા ઉડયા કરે. આ લોકમાં પાણીના ફુવારા ઉડે છે, તે તો આપણે જોઈએ છીએ પણ આનંદના ફુવારા કેમ ઉડે ? જેમ આ લોકમાં પાણીના ફુવારા ઉડે છે, તો કેમ ઠંડક થઈ જાય છે, તેમ ભગવાનના ભકત હોય એ ધ્યાન, ભજન કરીને એવી સ્થિતિને પામી જાય, તો એના અંતરમાં આનંદ આનંદ ને આનંદના ફુવારા ઉડયા કરે. અહોહો ! મને આવા ભગવાન મળ્યા, આવો સત્સંગનો યોગ મળ્યો, આવા સંતો મળ્યા ! એને આનંદના ફુવારા વહ્યા જ કરે !

વળી મોટા સંતો કહેતા કે, અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડયા કરે. જેમ આ લોકમાં આપણે બરફને અડીએ, જેમ આ લોકમાં જરાક કોઈને ગરમી ચડી ગઈ હોય, તેને બરફનો શેક કરે છે, એમ કહે છે કે, એથી ઠંડક થઈ જાય. તેમ મોટા સંતો કહેતા કે, આવી રીતે ભગવાનનો મહિમા સમજાઈ જાય, તો એના અંતરમાં ભગવાનની મૂર્તિના સુખથી ઠંડા ઠંડા શેરડા પડયા કરે ! એ તો જે આવું સુખ ભોગવતા હોય, તેને ખબર પડે. ભગવાનની મૂર્તિમાં આવું દિવ્ય સુખ રહેલું છે, ને આપણે સર્વે એ સુખ લેવાને માટે ભેળા થયા છીએ અને કેટલાક ભકતો તો એ સુખ લેતા પણ હશે. આપણે તો કાંઈ જાણી શકતા નથી અને એવી રીતે અભ્યાસ કરે તો ભગવાન જરૂર તેને મદદ કરે. તે દ્રઢતા જોઈને મદદ કરે મોરારી. આપણને એવી ભાવના હોય કે, મારે આ ને આ દેહે આત્મા પરમાત્માનું સુખ મેળવી લેવું છે, તો ભગવાન પોતાના

ભકતને આવુ સુખ જરૂર આપે જ છે અને મહારાજે વચનામતમાં પણ કહયું છે કે, દેહ મૂકીને જે સુખ પામવું હતું, તે સુખ આપણને દેહ છતાં જ મળી ગયું છે.

મહારાજે તો વચનામતમાં એમ કહયું, પણ આપણે જો આપણા અંતરનો વિચાર કરીએ અને નામું કરીએ, તો ખબર પડે કે, મને દેહ છતાં કેટલો ભગવાનનો આનંદ આવે છે. તો આપણે બાઈ–ભાઈ, ત્યાગી–ગહસ્થ દરેકે આવી રીતે ભગવાનની મૂર્તિના સુખમાં ગરકાવ થઈ જવું ને આનંદ આનંદ ને આનંદના સાગરમાં નહાયા જ કરવું. અહોહો ! આવું માધુરી દિવ્ય મૂર્તિમાં સુખ રહેલું છે.

પાછી વૃત્તિ વાળી પોતાના હૃદયને જોયા કરવું

મોટા સંતોએ લખ્યું કે, પાછી વત્તિ વાળીને પોતાના હૃદયને જોયા કરવું, ને વિચાર કરવો કે, હું અહીં શું કરવા આવ્યો છું ? અને શું થાય છે ? ને ભગવાનને ચોખ્ખા કરીને પોતાની સેવામાં રાખવા છે. માટે આપણે કાળજી રાખી ભજન વિશેષ કરવું. બીજું, લખ્યું કે,

" કર વિચાર નર, કોન તું કહાંસે આવે
અબ જાને કહાં, યહાં કોઈ સ્થિર ન રહાવે "

આ દુનિયામાંથી જાવાનું છે, અહીં કોઈ સ્થિર રહેતું નથી. બીજું, મોટા સંતોએ લખ્યું કે,

નલિની દલગત્ જલવત્ તરલં, તદ્ વત્ જીવનમતિશય ચપલમ્ ।
ક્ષણમપિ સજ્જન સંગતિરેકા, ભવતિ ભવાર્ણવ તરણે નૌકા ॥

તે નલિની એટલે કમળ, કમળની પાંખડી હોય એ કમળના પાંદડા પર પાણીનું ટીપું કેટલા કલાક રહે ? બે કલાક રહેતું હશે ? ના. એક ક્ષણ માત્રમાં જ એ પડી જાય છે. કમળના પાંદડા પર પાણીનું ટીપું રહેલું હોય, એ એક ક્ષણ માત્રમાં પડી જાય છે. એવી રીતે આ મનુષ્યનું જીવન અસ્થિર છે. તો પણ ક્ષણ માત્ર મોટા સંતોનો સમાગમ

કર્યો હોય, તો તેના થકી આત્મા અને પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ જાય છે અને ભગવાનની મૂર્તિનો આનંદ આવી જાય છે. આપણે પણ ભગવાનના ભકત થયા છીએ તો, આવી રીતે પાછી વત્તિ વાળી ને ભગવાનની મૂર્તિના દર્શન કરવા. તે ભગવાનની મૂર્તિના દર્શન કરવામાં બહુ આનંદ આવે.

પરીક્ષિત રાજા

મોટા સંતોએ લખ્યું કે,

"મરના મરના સબ કહે, મરી ન જાને કોઈ
એક દિન ઐસા મરના કિ, ફીર કભી જન્મ ન હોય."

આપણે બધા જાણીએ છીએ કે, આપણે મરી જાવું છે. મરી જાવું છે પણ મરી કોઈથી જવાતું નથી. એક દિન ઐસા મરના કે ફીર જનમ ન હોય. તો જનમ ફરીથી કે'નો ન હોય ? તો આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ જાય, તેને ફરીથી જન્મ લેવો પડતો નથી. બીજું, પરીક્ષિત રાજાની વાત ભાગવતમાં લખી છે કે, પરીક્ષિત રાજાને ઋષિનો શ્રાપ થયો કે, સાત દિવસમાં તારૂં મત્યુ થઈ જાશે. ત્યારે એને તો એમ થયું કે, મારે તો હવે સાત દિવસમાં મરવાનું જ છે ? પણ એને તો સાત દિવસની અવધિ હતી, પણ આપણે તો એક ક્ષણ માત્રની પણ અવધિ છે નહીં, તોય હજી આપણે મોટા મોટા મનોરથો કરીએ છીએ ને ? આ ફલાણા ભાઈ ગયા તો ભલે ગયા, મારે તો હજી સો વર્ષ રહેવાનું છે ને ? પણ એ ગયા એમ આપણે પણ જરૂર જાવું પડશે.

તો પરીક્ષિત રાજાએ સત્સંગ કર્યો અને શુકદેવજી મહારાજે એમને કથા સંભળાવી, તો એમને આત્મા–પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ ગયું. છઠ્ઠે દિવસે શુકદેવજી મહારાજે પૂછ્યું કે, કેમ રાજન ! તૈયાર છો ને ? ત્યારે શુકદેવજીને પરીક્ષિત રાજા કહે કે, હવે મને કાંઈ બીક લાગતી નથી. મારો દેહ કાલે પડતો હોય, તો ભલે આજે પડી જાય. હવે મને મરવાનો ભય નથી. એને કાળનો, મરવાનો ભય ટળી ગયો. એ ભય કયાંથી ટળ્યો? તો સાચે ભાવે એમણે સત્સંગ કર્યો અને એ શુકદેવજી મહારાજની દયા થઈ ગઈ, તો એમને મરણનો ભય ટળી ગયો.

આપણને હજી મરવાની બીક લાગી જાય છે. હમણાં આપણે સર્વે અહીં બેઠા છીએ અને અચાનક કયાંકથી સર્પ નીકળે તો કેટલા જણા બેસીએ ? બે જણા કે પાંચ

જણા ? કે દશ જણા ? ના, એકેય ન બેસીએ. આપણાને એમ બીક લાગી જાય છે. શું કામ ડર લાગી જાય છે ? કે આપણે હજી મરવાની તૈયારી કરી નથી. નહીંતર આપણે સર્વે જાણીએ છીએ કે, મારે તો અક્ષરધામમાં જવાનું છે અને અક્ષરધામમાં તો ભગવાનનું દિવ્ય સુખ રહેલું જ છે, તો પછી ભગવાન પાસે જવામાં આપણે શું કામ બીવું પડે ? પણ આપણે મરવાની તૈયારી નથી કરી તેથી આપણને મરવાની બીક લાગી જાય છે. પણ સાચે ભાવે સત્સંગ કરી, આત્મા – પરમાત્માનું જ્ઞાન દ્રઢ કર્યું હોય અને ભગવાનની મૂર્તિમાં જો હેત થઈ જાય, તો મરવાની બીક ન લાગે.

માયિક ઇન્દ્રીયોને અંતઃકરણ વડે ભગવાનનો નિશ્ચય કેમ થાય ?

બીજું, પ્રથમ પ્રકરણના એકાવનમા વચનામતમાં પૂર્ણાનંદ સ્વામીએ પ્ર ન પૂછયો કે, હે મહારાજ ! ઈન્દ્રિયો અને અંતઃકરણ તો માયિક છે અને ભગવાન તો દિવ્ય છે, અમાયિક છે, તો એનો માયિક ઈન્દ્રિયો, અંતઃકરણે કરીને નિશ્ચય કેમ થાય ? એ પોતે તો ભગવાનની મૂર્તિને સુખે સુખિયા જ હતા, પણ આપણને શીખવાડવા માટે એવો પ્ર ન પૂછયો. તો એના ઉત્તરમાં મહારાજે કહયું કે, અક્ષરધામના અધિપતિ જે પુરૂષોત્તમ ભગવાન એ કપા કરીને જીવના કલ્યાણ માટે આ પથ્વી પર પધારે છે. ત્યારે જે જીવાત્મા સંતનો સમાગમ કરીને એ પુરૂષોત્તમ ભગવાનનો અલૌકિક મહિમા સમજીને આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરી આત્માની અક્ષરધામ સંગાથે એકતા કરીને તે કહયું છે કે " રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે ". આવી રીતે પોતાના આત્માને અક્ષરબ્રહ્મરૂપ માનીને અક્ષરધામના અધિપતિ જે પુરૂષોતમ નારાયણ એમની મૂર્તિનું ધ્યાન, ભજન કરતા કરતા તેને આ દેહ અને આ લોકના ભાવ સર્વે ટળી જાય છે. ને તેના ઈન્દ્રિય અંતઃકરણ પુરૂષોત્તમરૂપ થઈ જાય છે. પુરૂષોત્તમરૂપ થઈ જાય એટલે શું તે ભગવાન થઈ જાય છે ? ના તે ભગવાન થતા નથી, અને ભગવાન થાય તો ભગવાન ઘણાંક થઈ જાય. ભગવાન તો એકજ છે. પણ જેમ ભગવાન પોતે માયાના આવરણ થકી રહીત છે. તેમ એવો જે ભગવાનનો ભકત હોય તેને આને આ દેહે કરીને માયાનું આવરણ ટળી જાય છે અને તેને ભગવાનની દિવ્ય મૂર્તિનો આનંદ આવે છે.

બીજું, શાસ્ત્રમાં લખ્યું છે કે, મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તે બ્રહ્મરૂપ થાય છે. હું બ્રહ્મ છું, ભગવાનનો ભકત છું, મારા આત્માને વિષે પરમાત્મા અખંડ રહેલા છે. મનન દ્વારા જો બ્રહ્મનો સંગ કરે તો જરૂર એ બ્રહ્મરૂપ થાયે અને અક્ષરધામ સાથે એકતા થાય ને તે અક્ષરધામને વિષે ભગવાન પુરૂષોત્તમ નારાયણ બિરાજમાન છે, ને તે ભગવાનનું ધ્યાન ભજન કરતા કરતા, એને આત્મા ને પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ જાય છે.

માટે આપણે પણ આ સાચે ભાવે સત્સંગ કરીને, શાસ્ત્રો વાંચીને, સંત સમાગમ કરીને, આપણી કાચ્યપ ટાળીને, આત્માને પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરી અને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય તો જ આપણો આ ફેરો સફળ થયો કહેવાય.

બીજું દ્રષ્ટાંત આપ્યું કે, હીરે કરીને જ હીરો વીંધાય છે. એમ ગઢડા પ્ર.પ્ર. ના ૫૧મા વચનામતમાં લખેલ છે, તેમ ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય છે. ઈન્દ્રિયો અને અંતઃકરણ તો માયિક છે પણ આવી રીતે સત્સંગ કરતો જાય, ભગવાનનું ભજન કરતો જાય, ભગવાનનો મહિમા સમજતો જાય, તો એને આત્મા ને પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ જાય. તો ભગવાનનો નિશ્ચય ભગવાન વતે જ થાય એમ આ વચનામતમાં લખ્યું કે, આવો ભગવાનનો ભકત, આવી રીતે ભગવાનનો મહિમા સમજતો જાય, તો એ ભગવાનને આકારે થઈ જાય ને તેને માયિક વસ્તુ કાંઈ દેખાય જ નહીં. તે સત્સંગી જીવનનું બીજું પ્રકરણ છે એમાં ૫૧ મો અધ્યાય છે એમાં પણ બહુ જ સારી વાત છે.

સંત સમાગમરૂપી નોળવેલ સુંઘવાથી સંસારરૂપી સર્પનું ઝેર ઉતરી જાય છે (નોળિયાનું દ્રષ્ટાંત)

બીજું, મોટા સંતો લખી ગયા કે, હવે મારા વ્હાલાને નહીં રે વિસારૂં, વાસોચ્છ્વાસે નિત્ય સંભારૂ. તો આપણે પણ એમ ભજન કરવામાં કાળજી રાખવી. બીજું, સ્વામિનારાયણ ભગવાને ઘોર કળિમાં સતયુગ સ્થાપ્યો, અનાદિ મોક્ષની રીત, પ્રેમાનંદ કહે નહીં માને તો પછી થાશે ફજેત. આજે જગતમાં હળાહળ ઘોર કળિકાળ

વ્યાપી ગયો છે અને ત્રિવિધ તાપમાં જગતના જીવો બિચારા રાત દિ બળ્યા જ કરે છે. તે ત્રિવિધ તાપ કયા ? તો અધ્યાત્મ, અધિદૈવ અને અધિભૂત એ ત્રણ પ્રકારના તાપમાં જગતના જીવો બળ્યા જ કરે છે, પણ આપણાં તો બહુ મોટા ભાગ્ય છે કે, આપણે તો મંદિરમાં આવીને ભગવાનના દર્શન કરીએ, આચાર્ય મહારાજના દર્શન કરીએ, સંતોના દર્શન કરીએ કે સારા એવા હરિભકતોના દર્શન કરીએ, તો આપણાને શાંતિ થઈ જાય છે. તો આપણાં સૌના મોટા ભાગ્ય છે. જો આપણને આ સત્સંગ, આ સંતોનો યોગ મળ્યો ન હોત તો, જેમ જગતના જીવો ત્રિવિધ તાપમાં બળ્યા જ કરે છે, ને તે ભગવાનનું નામ લઈ શકતા નથી, તેમ આપણને આ ધર્મદેવ, ભકિતમાતાના પુત્ર ઘનશ્યામ મહારાજ મળ્યા ન હોત, તો આપણી પણ એ જ હાલત થાત. પણ આપણા સૌના મોટા ભાગ્ય છે.

બીજું, મોટા સંતોએ નોળિયાનું દ્રષ્ટાંત આપ્યું. તે નોળિયો ને સર્પ બંનેની લડાઈ થાય. સર્પ ડંખ મારે. સર્પ ડંખ મારે તો માણસ મત્યુ પામી જાય. તેમ આ સર્પ નોળિયાને ડંખ મારે પણ આ નોળિયો નોળવેલ સૂંઘી આવે તો એનું ઝેર ઉતરી જાય છે. આ દ્રષ્ટાંત છે, પણ એના સિધ્ધાંતમાં શું લેવું ? તો આ સંસારરૂપી સર્પ છે, તે ગહસ્થોને વ્યવહાર કાર્ય કરવું,પણ સંત સમાગમરૂપી નોળવેલ સૂંઘી આવે કે આ સંત સમાગમ કરે તો, સંસારરૂપી સર્પનું ઝેર ઉતરી જાય.

બીજું, સ્વામિનારાયણ ભગવાન જ્યારે આ પથ્વી પર અંતર્ધાન થવાના હતા, ત્યારે મહારાજ કહે અમે આટલા દિવસ એક સ્વરૂપે દર્શન આપતા હતા અને હવે ચાર સ્વરૂપે સત્સંગમાં રહી અને સર્વેને દર્શન આપીશું. તો એ ચાર સ્વરૂપો કયા ? આ નરનારાયણ દેવ, આ લક્ષ્મીનારાયણ દેવ, આદિક અમારા જે સ્વરૂપ પધરાવ્યા છે એમાં નિવાસ કરીને અખંડ રહેશું. ને વળી આ ધર્મકુળના બે આચાર્યો કર્યા, બે દેશની ગાદી કરી તો એમાં પણ અમે અખંડ રહેશું અને સ્વામિનારાયણ ભગવાને પોતાની હયાતિમાં પાંચસો પરમહંસો કર્યા હતા. ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિ મોટા અનેક સંતો એકલા આવ્યા હોત તો ભગવાન જેવું કામ કરી ગયા હોત. પણ સ્વામિનારાયણ ભગવાનને સાથે રાખીને તે સંતો અનેક જીવના કલ્યાણ કરતા અને સ્વામી સેવકપણું કયારેય પણ ભૂલતા નહીં. તેમ પાંચસો

પરમહંસોને સાથે લાવ્યા. આ સ્વામિનારાયણ ભગવાને સંતોના મંડળો કર્યા. આ સ્વામિનારાયણ ભગવાને આપણાં ઉપર ઘણી દયા કરી. દરેક રીતે આપણને ભગવાન ભજવવાનો સાનુકૂળ યોગ કરી આપ્યો. તેમ સંતોએ આવી રીતે હરિભકતોનો મહિમા સમજીને ભગવાનના ધ્યાનની, જ્ઞાનની, વૈરાગ્યની વાતો કરવી અને તે વ્યવહારમાં રહયા થકા પણ વ્યવહારમાં બંધન કેમ ન થાય, એ સમજણ આપવી.

હમણાંજ કહયું ને કે નોળિયો નોળવેલ સૂંઘી આવે, તો તરત જ સાપનું ઝેર ઉતરી જાય. તેમ આ ભગવાનના મંદિરો હોય, સંતો હોય એનો સમાગમ કરે, તો આ સંસારરૂપી સર્પનું ઝેર ઉતરી જાય. તો આ વાતો કરવાનો હેતુ એટલો જ છે કે, આપણે સર્વેને અરસ પરસ એકબીજામાં ભગવાનનો મહિમા સમજાય, અરસ પરસ એકબીજામાં હેત થાય. કેમકે હેત થાય તો હિતની વાત એકબીજાને કહેવાય અને કહેનારાનું પણ મનાય. હેત ન હોય તો તે સ્વામી તો ગપ્પા માર્યા કરે. આપણે તો જેમ કરતા હોઈએ તેમ કરીએ. હેત ન હોય તો એના વચનમાં વિ વાસ આવે નહીં, ને તે પ્રમાણે વર્તાય નહીં, પણ હેત હોય કે આ સંતો મારા જીવના કલ્યાણને માટે કહે છે અને મારા સ્વભાવ, પ્રકતિ, વાસના ટાળવાને માટે ઉપાય બતાવે છે. તો તેવો સંતોનો મહિમા સમજી અને સંત સમાગમ કરવો. તેમ આવી રીતે સત્સંગ કરવાનો હેતુ એટલો જ છે.તો આપણે સર્વે સાથે મળીને ભગવાનના જ્ઞાનની, ધ્યાનની, મહિમાની વાતો અરસ પરસ કરી અને જેમ સમુદ્ર મંથન કર્યુ તો તેમાંથી છેલ્લે અમત નીકળ્યું, તેમ આપણે પણ આ ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની વાતોનું મંથન કરી અને આપણા અંતરમાં જેમ સમુદ્ર મંથન કરવાથી અમત નીકળ્યું તેમ, ભગવાનની મૂર્તિરૂપી અમતનો ઉદ્‌ભવ થઈ જાય છે. એ જ આ વાતો કરવાનું અને સાંભળવાનું સાચું ધ્યેય છે. તો આપણે દરેકે આ આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરીને, જેમ બને તેમ ભગવાનની ભકિત, ભજન વિશેષ કરવું.

બીજું, મહારાજે ધામમાં જતી વખતે કહયું, હવે ચાર સ્વરૂપે સત્સંગમાં રહીશ. તે મૂર્તિમાં, આચાર્યોમાં, સંતોમાં અને ચોથું સ્વરૂપ સત્શાસ્ત્રો જે સત્સંગી જીવન, વચનામત, શિક્ષાપત્રી આદિમાં રહી જ્ઞાન આપીશ.

જેણે મન જીત્યું તેણે જગત જીત્યું

બીજું, સ્વામિનારાયણ ભગવાને સારંગપુરના પહેલા વચનામતમાં પણ બહુ સારી વાત કરી, જીતં જગત્ કેન મનો હિ યેન. આ જગત કેણે જીત્યું ? જેણે મન જીત્યું એણે જગત જીત્યું. આ મન જીતવું બહુ જ કઠણ છે. મોટા યોગીઓને પણ આ મન જીતવું શાસ્ત્રમાં કઠણ લખ્યું છે. નારદજી ભગવાનનું મન કહેવાતા, તો તે પણ મન જીતી શકયા નહીં હો ! તો એને માંકડાનું મોઢું થયું !! તો મહારાજ કહે કે, આપણે પણ આ મન જીતવું. કેમકે મોટા સંતોએ સાખીમાં લખ્યું કે, " મનકે મતે વર્તે સો ચંડાળ" એટલે કે મન કહે એમ વર્તે તે ચંડાળ. તો અનાદિકાળથી જ આ જીવાત્મા માયામાં ભમતો આવ્યો છે. અનેક જન્મના સંસ્કારો આ જીવાત્માના મનમાં રહેલા હોય, તેના થર ખડકયા હોય. જેમ ખેડૂત હોય તે અનેક પ્રકારના ઘાસ ગંજ ખડકે, તે જેવો થર આવે એવું તે ઘાસ આવે. તેમ આ જીવાત્મા અનાદિકાળનો માયામાં ભમતો આવ્યો છે. તો અનેક જન્મના થર ખડકયા હોય. તો તે થર તો આવે પણ ભગવાનના ભકતો જે ભજન કરતા હોય, તેને તે થર નડતા નથી.

શ્રી સ્વામિનારાયણ ભગવાનના ભકતને ગ્રહો કે પનોતી નડતા નથી

કેટલાક લોકો " પનોતી" કહે છે. આ સાડા સાતીની પનોતી એમ પંચાગમાં લખે છે. કેટલાક આ ગ્રહો નબળા છે એમ પણ આ પંચાગમાં લખેલું હોય છે, પણ આ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા છે, તો તેમને કોઈ એવા ગ્રહો પણ નડતા નથી ને પનોતી પણ નડતી નથી. કીર્તનમાં સ્વામીએ લખ્યું કે,

" મારી કર્મની રેખ પર મેખ
મેટયા લખ્યા વિધાતાના લેખ "

છઠ્ઠીને દિવસે વિધાતા લેખ લખે છે, એમ શાસ્ત્રોમાં લખ્યું છે, જેને ભગવાનનો આશરો ન હોય, એને જે વિધાતાએ લેખ લખ્યા હોય, તેમ થાતું જ હશે. પણ સ્વામિનારાયણ ભગવાને અને મોટા સંતોએ લખ્યું, મારી કર્મની રેખ પર મેખ.

કર્મની રેખ પર મેખ મારી દીધી. એટલે એનો નાશ કરી નાખ્યો. વિધાતાના લેખ કોઈ ખોટા કરી શકતું નથી, પણ કાં ભગવાન ખોટા કરે, કાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય,

ભકિતએ સહિત, જે ભગવાનના એકાંતિક સંતો હોય તે બે જ આ વિધાતાના લેખ ખોટા કરી શકે.

સાચું સુખ ક્યાં છે?

" સુરલોક, નરલોક, નાગલોક તીનો મેં સુખ નાહીં,
કાં સુખ હરિકે ચરનમેં કાં સંતનકે માંહી "

સુરલોક એટલે દેવલોક. ત્યાં મનોવાંચ્છિત સુખ મળે છે. ત્યાં નોકરી કરવાની, વ્યાપાર કરવાની, કમાવાની જરૂર નથી, કે ખેતી કરવા આદિની કાંઈ એને જરૂર પડતી નથી. ત્યાં એ મનોવાંચ્છિત સુખ ભોગવે છે.પણ તે સુખ કયાં સુધી ? કે જયાં સુધી એનું પુણ્ય હોય ત્યાં સુધી. પુણ્ય ખૂટે એટલે વળી પાછા આ સંસારમાં દુઃખ પામ્યા કરે. એટલે સુરલોકમાં પણ સાચું સુખ નથી. નરલોક વળી આ મનુષ્ય લોક છે. એમાં કોઈ મંત્રી થાય, કોઈ શેઠ સાહેબ કે કોઈ વડાપ્રધાન થાય, પણ તે કયાં સુધી ? કે જયાં સુધી એનું પુણ્ય હોય ત્યાં સુધી. પુણ્ય ખૂટે એટલે વળી પાછા પડી જાય. તેમાંય પણ કાંઈ સાચું સુખ છે નહીં. નાગલોક એટલે પાતાળમાં મોટા મોટા મણિધરો જે સાપો, તે મણિમાં બહુ જ પ્રકાશ હોય, તે મણિને લીધે જ પાતાળમાં અજવાળું થાય. ત્યાં સૂર્ય, ચંદ્ર એના પ્રકાશની જરૂર પડતી નથી. તો ત્યાં સુખ છે, પણ સાચું સુખ તો ત્યાં પણ છે નહીં.

તો સાચું સુખ કયાં ? " કાં સુખ હરિકા ચરણમાં, કાં સંતનકે માંહિ." કાં ભગવાનના ચરણમાં, ભગવાનની મૂર્તિમાં સુખ છે. તે મૂર્તિના દર્શન કર્યા કરે તો એમાં સુખ છે. કાં સાચા સંતો હોય તેનો સમાગમ કરવાથી આ જીવને સુખ થાય છે અને છેલ્લે પછી વચનામતમાં એમ કહયું કે, ભગવાનનો મહિમા અતિશય સમજવો. ભગવાનનો મહિમા એમ સમજે કે, આ ભગવાન છે તે સર્વ સુખના નિધિ છે અને આ ભગવાનની મૂર્તિ વિના આ સંસારના સુખ તુચ્છ અને નાશવંત છે અને મોટા સંતોએ કીર્તનમાં પણ લખ્યું છે કે, રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું. હે ભગવાન ! સાચું નાણું તમે જ છો, બીજું બધું જ દુઃખદાયક છે. સાચું નાણું ભગવાન

જ છે. વળી એક ઠેકાણે કીર્તનમાં એમ લખ્યું કે, "હરિવર હીરલો લાધ્યો" હરિવરરૂપી હીરલો આપણને લાધ્યો છે, મળી ગયો છે તો ભગવાનનો મહિમા એમ સમજે કે, અહો ! મને આવા ભગવાન મળી ગયા છે. તો આ સંસારના સુખમાં કાંઈ મોહ ન થાય. છેલ્લે આ વચનામતમાં એમ કહ્યું કે, એક નિમિષમાત્ર ભગવાનની મૂર્તિનું સુખ લીધું હોય તો તેને બહુ જ આનંદ આવે. નિમિષ એટલે ? બે કલાક, ત્રણ કલાક થાતા હશે ? પણ નિમિષ એટલે ક્ષણમાત્ર. એક આંખનું મટકું ભરીએ એટલીવાર પણ જો આપણે ભગવાનનો મહિમા સમજી, ઈન્દ્રિયો, અંતઃકરણ વડે એકાગ્ર થઈ અને ભગવાનનું સુખ લીધું હોય, તો એને તો આનંદના ફુવારા વહયા જ કરે. અહોહો ! આવું ભગવાનનું સુખ છે ! આવો ભગવાનનો આનંદ છે ! એના અંતરમાં ભગવાનના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડવા મંડે.

તે તો તમે સર્વે ભગવાનના એકાંતિક ભકતો છો ,તે તમે ધ્યાન, ભજન કરતા હશો, માનસી પૂજા કરતા હશો, કે પૂજા કરતા હશો તો એવું સુખ સર્વે લેતા જ હશો અને કોઈ ઓછું – વધુ લેતા હો તો કાળજી રાખી વધારે સુખ લેવું. બીજું, આપણે દરેકે ભગવાનની માનસી પૂજા કરતા, ભગવાનનું ધ્યાન કરતા, ભગવાનની પૂજા કરતા આવી રીતે ઈન્દ્રિયો, અંતઃકરણ એકાગ્ર થઈને ભગવાનને સંભારીએ, તો આપણા અંતરમાં ભગવાનના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડવા લાગે ને આનંદ આનંદના ફુવારા ઉડવા લાગે.

સંત સમાગમ દ્વારા ભગવાનની મૂર્તિનું જ્ઞાન થવાથી અજ્ઞાન રૂપી અંધકારનો નાશ થઈ જાય છે

બીજું, આપણે આપણા અંતરમાં ભગવાનની મૂર્તિને સંભારીએ તો ભગવાનની મૂર્તિના જ્ઞાન વડે આપણા અંતરમાં અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થઈ જાય અને જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ થાય. તે મુકતાનંદ સ્વામીએ પોતાના ગ્રંથમાં લખ્યું છે.

બીજું, લખ્યું કે,

" ત્યાગ વૈરાગ્ય રાજત વિમલ, ભવદુઃખ કાટત જંત કો,
કહે બ્રહ્મમુનિ યે જગતમેં સંગ અનુપમ સંતકો."

વૈરાગ્ય અને જ્ઞાનવાળા સંતોનો સમાગમ કરે તો માયાને ભૂલાવી, અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ કરે, તે આપણા અંતરમાં પ્રકાશ થાય અને પહેલા જેમ વાત કરી તેમ ભગવાનનું ભજન કરીએ તો આપણા અંતરમાં ભગવાનના સુખના ઠંડા ઠંડા શેરડા પડે અને આપણા અંતરમાં આનંદ આનંદના ફુવારા ઉડયા કરે. એટલે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થઈ જાય છે. તો આપણે સાચે ભાવે સત્સંગ કરી, સંત સમાગમ કરી ને સાચે ભાવે ભગવાનને સંભારવા. આપણી સાચી ભાવના હશે તો ભગવાન આપણા ભેળા ભળીને અનાદિ કાળની જે કસરો આપણા જીવાત્મામાં રહી છે, ને હૃદયમાં પેસી ગઈ છે, તે ભગવાન એવા દયાળુ છે તે ટળાવીને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. તો આપણે દરેકે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરીને ભગવાનની મૂર્તિ સંભારવામાં કાળજી રાખવી ને ભગવાનની મૂર્તિમાં હેત રાખવું ને ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન થઈ જવું ને આનંદ આનંદ ને આનંદના સાગરમાં નાહ્યા કરીએ. આપણા અંતરમાં ભગવાનની માધુરી મૂર્તિના સુખ વડે ઠંડા ઠંડા શેરડા પડે, આહાહા! આવું ભગવાનની મૂર્તિમાં સુખ છે, તો આપણે પણ એ દિવ્ય સુખ લેવામાં કાળજી રાખવી.

સત્સંગિભૂષણ ગ્રંથનો મહિમા

બીજું, સત્સંગીભૂષણ નામનો ગ્રંથ સત્સંગી માત્રને ભૂષણરૂપ છે, તો તેની કથા આપણે કાળજી રાખીને સાંભળવી ને કથા સાંભળી ને આપણે શું દાગીના પહેરવા? તો ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એ આપણે દાગીના પહેરવા. આ તમે સર્વે ભગવાનના ભક્તો છો એટલે તે દાગીના તો તમે પહેરતા જ હશો, છતાં પણ થોડી કયાંક આપણી ખામી રહી જાતી હોય તો, ધીમે ધીમે આપણે વર્તવામાં કાળજી રાખવી અને એવી રીતે આપણે હંમેશા વર્તીએ, તો આપણા અંતરમાં ભગવાનનો આનંદ આવે અને ભગવાનનો આનંદ છે તે જ સાચો છે ને ?

બીજું, મનુષ્યનો જન્મ, આવો સત્સંગનો યોગ વખતો વખત મળતો નથી. આ તો આપણે આગલા જન્મમાં કોઈ જપ કર્યા હોય, વ્રત કર્યા હોય, તપ કર્યા હોય તે કરતાં કરતાં આપણું કંઈ અધુરું રહી ગયું હશે તો તે પૂરૂ કરવાને માટે આપણે અહીંયા

આ સત્સંગમાં આવ્યા છીએ. તો આ સત્સંગીભૂષણ ગ્રંથમાં ભગવાનના લીલાચરિત્રો બહુ સારા આવે છે.

સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણના ૩૮ માં વચનામૃતમાં પણ એ જ કહ્યું કે, જેમ ફુલે કરીને નિજ વસાય છે, તેમ આપણે ભગવાનના ભક્તોએ મનને ભગવાનના જે લીલાચરિત્ર તેનું જે મહિમા સહિત નિત્ય સ્મરણરૂપી ફુલને વિષે વાસવું અને ભગવાનના ચરિત્રરૂપ જાણાંને વિષે મનને ગૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા.એક શબ્દો ને બીજો કરવો, બીજો શબ્દો ને ત્રીજો કરવો. એમને એમ મનને ભચડું રહેવા દેવું નહીં. એવી રીતે વર્તવામાં કાળજી રાખવી અને સ્વામિનારાયણ ભગવાનની કથા, વાર્તા, કીર્તન, ધ્યાન, ભજન કરવાનો આપણે સર્વેએ આગ્રહ રાખવો. ને દરેકે જેમ બને તેમ ભગવાનનું ભજન વિશેષ કરવું. ને આ લોકના રાગો અનાદિકાળથી આ હૃદયમાં પેસી ગયા છે, તો તે રાગો ટાળવામાં કાળજી રાખવી.

અથ સાધયામિ, વા દેહ પાતયામિ

મુક્તાનંદાનંદ સ્વામીએ લખ્યું કે આપણે એવું મંડવું કે અથ સાધયામિ, વા દેહ પાતયામિ. આપણે વિચારીએ કે, મારે આ ને આ જન્મે મોક્ષ સંબંધી કામ કરી લેવું છે. તે આપણે કાળજી રાખીને કરશું તો જરૂર મોક્ષ સંબંધી કાર્ય થઈ જશે. બીજું, બહારનો નોકરી કરતા હોય તો બેંકમાં પહોંચી જાવું તથા ઓફિસમાં પહોંચી જાવું, તે કેમ કાળજી રાખીને પહોંચી જઈએ છીએ, તેમ આપણે સંત સમાગમ કરતા રહેવું. સમાગમ એટલે શું ? સમાગમ એટલે સમયનો ગમ. તો સમયના ગમ પ્રમાણે જે કોઈ કાર્ય થાય તે બરોબર કહેવાય. તો તે પણ આપણે દરેકે સમયનો ઉપયોગ કરવો, બીજું, કોઈ પ્રકારના વ્યસન કરવા નહીં.

આહાર વિહાર શુદ્ધ રાખવા

બીજું, શ્રી સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્ર.પ્ર. ના ૧૮ માં વચનામૃતમાં કહ્યું છે કે, આહાર વિહાર શુદ્ધ રાખજો ને ગીતાજીમાં પણ લખ્યું છે કે,

"આહાર શુદ્ધો સત્વ શુદ્ધિ સત્વ શુદ્ધો ધ્રુવાન સ્મતિ."

આહાર એટલે જમવાનું તે વિહાર એટલે ફરવું, ફરવું, બોલવું, જોવું ને સાંભળવું વિહારમાં આવે. જો આહાર ને વિહાર બન્ને જો શુદ્ધ હોય તો આપણું અંતઃકરણ શુદ્ધ થાય અને આપણા અંતરમાં ભગવાનનો નિવાસ થાય એટલે જો આપણો આહાર વિહારની શુદ્ધિ ન હોય, તો ભગવાન આપણા હૃદયમાં રહે નહીં. તે વિષે સ્વામીએ હૃદયપ્રકાશમાં લખ્યું કે, મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો કે, હે મહારાજ! હું ભગવાનને જોવાનો ઘણો દાખડો કરું છું પણ ભગવાન મારા હૃદયમાં દેખાતા નથી. માટે તમે મારા ઉપર એવી કૃપા કરો કે મારા હૃદયમાં ભગવાન દેખાય. ત્યારે મહારાજ કહે તારા હૃદયમાં આખું જગત ભર્યું છે પણ ભગવાન કયાં રહે? તારું આખું અંતરમાંથી કાઢીને હૃદયમાં ભગવાન ને મૂર્તિનું ધ્યાન કર, જેથી તારા અંતરમાં ભગવાન દર્શન થાશે.

બીજું, મોટા સંતો કહેતા કે [illegible] સાંભળવી, પણ સાંભળીને [illegible] દેવી. કથા "સાંભળી નાખી" સાંભળવી નાખી દેવી, પણ કથા વાર્તા સાંભળીને મનન કરવું. મનન કરીને જીવનમાં [illegible] આપણી જે કોઈ ખામી હોય તે કાઢી નાખવી.

બીજું, દૂધની મીઠાઈ હોય [illegible] ખાવી. પણ [illegible] ખાવી. બીજું, ટી. વી. પણ જો ખોટું [illegible] કેમકે ટી. વી. જોવાથી અંતઃકરણ બગડે, મન બગડે. માટે [illegible] બીજું, સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીનાં લખ્યું કે, સત્સંગીઓએ બ્રાહ્મ મુહૂર્તમાં જાગી જવું. સત્સંગીજીવનમાં પણ લખ્યું કે, સાધુ થવાય બ્રાહ્મ મુહૂર્તમાં જાગી જવું. બ્રાહ્મ મુહૂર્ત કયારે કહેવાય? કે સવારે ચારથી પાંચમાં જાગી જવાય તો બ્રાહ્મમુહૂર્ત કહેવાય. બીજું, રાત્રે જમીને પછી સ્ત્રી, પુત્ર, સગા સંબંધીઓ સાથે મળી કથા વાર્તા, ભજન, કીર્તન કરી ભગવાનને સંભારીને સૂઈ જાઈએ, તો સપના સારા આવે ને ટી. વી. જોઈને સૂઈએ તો સપના પણ ખરાબ આવે. માટે આપણે ટી. વી. જેમ બને તેમ ન જોવાય તો સારું. બીજું, શિબિર હોય કે કથા વાર્તા હોય તે ટી.વી. માં સી. ડી. માં જોઈએ એમાં વાંધો નહીં, તે ભગવાનની કથા સંબંધી હોય, ભગવાનના કીર્તન સંબંધી હોય ને આપણા સત્સંગમાં ઉત્સવ સમૈયા થયા હોય, તો એના સંબંધી સાંભળવી,

એમાં વાંધો નથી. પણ આ જગત સંબંધી ન સાંભળવી. તો તે આપણે સત્સંગીઓએ એટલો ખટકો રાખવો, કેમકે આ મનુષ્ય જન્મ વખતો વખત મળતો નથી. પહેલા એક વાત કરી હતી કે, એક કરોડ ને અડસઠ લાખ જન્મોની કસર આપણે આ જન્મે ટાળવાની છે. તો તે કેવી રીતે ટળશે ? તે ધીમે ધીમે ટાળશું તો વાર લાગશે, પણ એકદમ કાળજી રાખી ભજન કરશું તો જલ્દી ટળી જશે.

પછી નહિ મળે, પછી નહિ મળે કાંઇ લે ને લ્હાવ પછી નહિ મળે

એક મહાત્માએ કીર્તનમાં લખ્યું કે, મહેર કરી મારે મંદિરે આવ્યા, થાળ ભરીને મેં મોતીડે વધાવ્યા. એટલે ભગવાને આપણા ઉપર ઘણી દયા કરીને અક્ષરધામથી અહીં પધાર્યા. તે અક્ષરધામમાં તો ઘણું સુખ છે. ત્યાં કાળ, માયાનો ભય નથી. અપાર અપાર ને અપાર આનંદ છે ને અપાર સુખ છે, છતાં પણ પોતાના ભકતને સુખ આપવા પુરૂષોત્તમ નારાયણ અહીં પધાર્યા. તો શા માટે પધાર્યા ? તે ભગવાનને અહીં પધારવાનો હેતુ બીજો કાંઈ હતો નહીં પણ જે તે પ્રકારે કરીને પોતાના ભકતોને મોહ, માયાના બંધન છોડાવીને પોતાની દિવ્ય, માધુરી મૂર્તિનું સુખ આપવું. તે એક સંતે કીર્તનમાં લખ્યું કે, " મોહ માયાના બંધ કાપવા આવ્યા, પ્રેમાનંદ તાળી દઈને ગાવે રાજ" તે આ ભગવાન મોહ માયાના બંધન કાપવા આવ્યા છે. પ્રેમાનંદ સ્વામી કહે, હું તાળી વજાડીને કહું છું કે હે ભાઈઓ ! જાગો જાગો.

એક મોટા મહાત્માએ દ્રષ્ટાંત આપ્યું છે, કોઈક ગામમાં વરસાદ વરસે નહીં અને દુષ્કાળ જેવું આવી પડે તો ચોર લોકોનો ભય વધે. ત્યારે ચોકીદાર જાગે અને ગલીએ ગલીએ, શેરીએ શેરીએ ફરીને માણસોને જગાડે. અરે ભાઈ ! જાગજો.... જાગજો, ચેતજો એમ તે ગલીએ ગલીએ શા માટે ફરે કે તમે ખ્યાલ રાખીને સાવધાની રાખજો. જો જરાક તમે ગાફલાઈ રાખશો તો ચોર તમારા ઘરમાંથી માલ લૂંટી જાશે. તેમ આ સ્વામિનારાયણ ભગવાન પોતે અક્ષરધામથી અહીં પધાર્યા અને સાથે આવા બ્રહ્મવેતા સંતો લાવ્યા. ત્યારે સંતો પોકારી પોકારીને કહે છે કે, અરે ભાઈ, જાગો. આવો વખત ફરી નહીં મળે. " પછી નહીં મળે, પછી નહીં મળે, કાંઈ લેને લ્હાવ ! પછી નહીં મળે " હે ભાઈઓ ! આવો લાભ પછી નહીં મળે. મોતી સરીખો કણ લઈ મૂર્ખ ઘંટીમાં કાં દળે ? લાખ રૂપિયાનું મોતી હોય, પણ એનો એને મહિમા નથી. તો તે

ઘંટીમાં દળી નાખે છે. તેમ આ ચિંતામણી તુલ્ય મનુષ્યનો દેહ મળ્યો છે. એક મહાત્માએ કીર્તનમાં લખ્યું,

" ચિંતામણી સમ દેહ મનુષ્યનો, અધિક પુણ્યવાન પ્રાણી કોઈ પાવે
વારંવાર મનુષ્ય જન્મ ન આવે, જ્ઞાન વિના તે વ્યર્થ ગુમાવે "

ચિંતામણી તુલ્ય મનુષ્યનો જન્મ આપણને મળ્યો છે, વખતો વખત મનુષ્યનો જન્મ મળતો નથી. પણ એનું મહાત્મ્ય જાણ્યા વિના આપણે ખોઈ નાખીએ છીએ. પણ આ વખત ખરેખર ખોવા જેવો નથી. બીજું , મારા ગુરૂ એક વાત કરતા કે, બાપ એમ જાણે જે છોકરો મોટો થાય છે, પણ આયુષ્યમાંથી ઘટતો જાય છે. તેમ આપણે દરેકે આ દુનિયામાંથી એક દિવસ જાવાનું છે ને પળે પળે આયુષ્ય ચાલી જ જાય છે ! ધન જોબન ને આવરદાનો ન કરીએ નિરધાર, વિજળીના ઝબકારાની પેઠે જાતા ન લાગે વાર. વિજળીનો એક ઝબકારો થાય ને એક ક્ષણ માત્રમાં નાશ પામી જાય છે, તેમ આ ધન એવું છે. આ જુવાની અવસ્થા પણ એમ કહે છે કે હું જવાની છું. પળે પળ આ કાળ ચાલ્યો જાય છે ને આયુષ્યનું પણ એવું છે, તે ક્ષણે ક્ષણે ચાલ્યું જાય છે. બીજું, એક મહાત્માએ એમ લખ્યું કે, ઘડપણ કેણે મોકલ્યું ? મેં તેને આમંત્રણ નોતું આપ્યું તો કેમ આવી ગયું ? પણ ઘડપણને આમંત્રણ આપવાની જરૂર નથી હોતી. તે તો ટાઈમ થાય એટલે ચાલ્યું જ આવે ને ટાઈમ થાય, એટલે આ દુનિયામાંથી જાવાનું છે. આપણે સર્વે દેખીએ છીએ કે, આપણા વડીલો ટાઈમ થયો એટલે ચાલ્યા ગયા ! તે સર્વે વડીલો ચાલ્યા ગયા, તેમ આપણે પણ આ દુનિયામાંથી ચાલ્યા જવાનું છે.

સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં પણ કહયું, ને ગીતાજીમાં પણ કહયું કે, આત્મા ને પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ જાય તો એને પછી જન્મ મરણના ફેરા ટળી જાયે છે. તો આપણે સાચે ભાવે સત્સંગ કરીને, આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરી લેશું, તો થોડા સમયમાં જ કામ થઈ જાશે. તો તે થાય કયારે ? તો એવો અભ્યાસ કરીએ ત્યારે. તેમાં લખ્યું કે, કરત કરત અભ્યાસા જળમતિ હોત સુજાના. જો એ અભ્યાસ કરે તો તે કંઈપણ જાણતો ન હોય તો પણ તે હોશિયાર થઈ જાય છે. છોકરા ભણવા જાય ને તે અભ્યાસ કરતા કરતા એલ.એલ.બી. પાસ થઈ જાય છે, એમ આપણે પણ એવો અભ્યાસ કરીએ તો જરૂર થઈ જાય.

ભગાવનની મૂર્તિના ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે

સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં કહયું કે, તમે કયે દહાડે કરવા મંડયા ને ન થયું? અભ્યાસ કરશો તો આત્મા દેખાશે ને આત્માને વિષે રહેલા પરમાત્મા પણ જરૂર દેખાશે, એવું સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં વરદાન આપ્યું છે. શિક્ષાપત્રીમાં તથા વચનામતમાં તથા સત્સંગી જીવનમાં દરેક ઠેકાણે સ્વામિનારાયણ ભગવાને અને મોટા સંતોએ આ ભગવાનના ધ્યાનનો તથા ભજનનો મહિમા અધિક કહયો છે. આ ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે. તે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ૧૧૬ માં લોકમાં કહયું કે, પોતાના આત્માને વિષે ત્રણ દેહની ભાવના ટાળીને બ્રહ્મરૂપ થઈને ધ્યાન કરવું. તેમાં લખ્યું કે, રટે બ્રહ્મ થઈ પરબ્રહ્મને રે ! તે આત્માને અક્ષરધામ સાથે એકતા કરવી, કેમકે આત્મા તો અણુ જેટલો છે, પણ આત્માની અક્ષરધામ જે ભગવાનનું દિવ્ય ધામ છે તેની સાથે એકતા કરવી. તે અક્ષરધામ કેવું છે ? અત્યંત પ્રકાશમાન છે. મહારાજે પ્રથમ પ્રકરણના ૧૨ માં વચનામતમાં અક્ષરધામનું વર્ણન કર્યુ કે, આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વે સૂર્ય હોય અને પથ્વી બિલોરી કાચની હોય, તેનો કેવો પ્રકાશ થાય? તેવી શોભાએ યુકત ભગવાનનું અક્ષરધામ છે. તો તે માયિક દ્રષ્ટાંત આપ્યું. તેના કરતા પણ મહારાજનું અક્ષરધામ અધિક પ્રકાશમાન છે. તેજ તેજ તેજનો નહીં પાર. એવો ભગવાનના ધામમાં પ્રકાશ છે. તે કીર્તનમાં લખ્યું કે, શીતળ શાંત છે રે, તેજ ની ઉપમા નવ દેવાય, તેમાં હું રહું રે, દ્વિભુજ દિવ્ય સદાસાકાર. તે શીતળ ને શાંત એવું તેજ તે અક્ષરધામનું તેજ છે. તેને વિષે ભગવાન પુરૂષોત્તમ નારાયણ અખંડ વિરાજમાન છે. એટલે આવી રીતે ત્રણ દેહની ભાવના ટાળી અને આત્માને વિષે ભગવાનની મૂર્તિ ધારવી ને મહારાજે વચનામતમાં લખ્યું કે, બ્રહ્મનો સંગ કરે તો તેમાં બ્રહ્મના ગુણ આવે છે. તો આપણે એમ માનવું કે, હું આત્મા છું. ભગવાનનો ભકત છું, બ્રહ્મ છું, ચૈતન્ય છું. એવી રીતે હંમેશા જો અભ્યાસ કરે તો જરૂર થાય. તો આપણે પણ એવી રીતે પોતાના આત્મા ને અક્ષરધામ સાથે એકતા કરી અને પોતાને જે પ્રિય મૂર્તિ હોય તેનું ધ્યાન કરવું. કોઈને ઘનશ્યામ મહારાજની, તો કોઈને હરિકૃષ્ણ મહારાજની, તો કોઈને સહજાનંદસ્વામી મહારાજની, તો જે પોતાને પ્રિય મૂર્તિ લાગે તે આપણા ઈષ્ટ દેવની મૂર્તિનું ધ્યાન

કરવું. બીજા પણ ભગવાનના રામ કૃષ્ણ આદિક ઘણા અવતારો થઈ ગયા. તેમાં પણ સ્વામિનારાયણ ભગવાને અનેક જીવના કલ્યાણને માટે, નરનારાયણ દેવ તથા રાધાકૃષ્ણદેવ તથા લક્ષ્મીનારાયણ દેવ અહીં પધરાવ્યા. તો એમના દર્શન કરવા, પૂજન કરવું પણ ધ્યાન અને ભજન તો આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનનું જ કરવું.

જેના કરોડો જન્મના પુણ્યનો ઉદય થયો હોય તેને આ સત્સંગ કરવો ગમે છે

બીજું, મોટા સંતોએ લખ્યું કે,

કોટી જન્મ કા પુન્ય જબ ઉદય હોત એક સંગ,
તબ મેટત મનકી મલિનતા, અરૂ ભાવ સત્સંગ.

જેના કરોડો જન્મના પુણ્ય એક કાળે ઉદય થયા હોય, તેના મનની મલિનતા મટે છે, ત્યારે એને આવી રીતે સત્સંગ કરવો ગમે છે. માટે આપણે સાચે ભાવે સત્સંગ કરવો. બીજું, મોટા સંતો કહેતા કે, ભૂતકાળ કે ભવિષ્યકાળનો વિચાર ન કરતા, વર્તમાનકાળ સુધારી લેવો. ભૂતકાળ એટલે થઈ ગયો તે. આગળ આવો સારો યોગ હતો, આવા સંતો હતા, આવા હરિભકતો હતા, આવા આચાર્ય મહારાજ હતા, આવો બધો સત્સંગનો યોગ ઘણો સારો હતો તો હવે એતો ચાલ્યો ગયો. તે તો હવે કાંઈ પાછો આવશે નહીં. તે આગળ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી આદિક સર્વે ઘણાં મોટા મોટા સંતો થઈ ગયા. તો તે સર્વે મોટા મોટા સંતો ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની , ભકિતની વાતું કરી જ્ઞાન ગોષ્ઠિ કરતા. હવે તે તો થઈ ગયા, આજે ન હોય તો કયાંથી આવે ? પણ આજે ભગવાનની દયાથી આપણને આવો સારો યોગ મળ્યો છે, તો આપણે કાળજી રાખી ધ્યાન, ભજન વિશેષ કરવું. તો આપણા આત્માનું કલ્યાણ થઈ જશે.

આજે આપણને ભગવાન ભજવામાં સત્યયુગ કરતા પણ દેશકાળ સારા છે

બીજું, આપણા આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ હતા તે પણ આખા સત્સંગની સંભાળ રાખતા, છતાં પણ પોતે ઉપશમ દશામાં રહેતા અને ભગવાનની

મૂર્તિનું અખંડ ચિંતવન કરતા. બીજું, મોટા સંતો કહેતા કે, ભૂતકાળ અને ભવિષ્યકાળ નો વિચાર ન કરતા આજે આપણે આ વર્તમાનકાળ સુધારી લેવો. આજે ભગવાનની દયાથી આપણને આ જેવો જોઈએ તેવો યોગ મળ્યો છે. મોટેરા સંતોએ લખ્યું કે, આજ તો આપણને આ શેરડીનો વચ્ચેનો ભાગ મળી ગયો છે. તે શેરડી હોય એ પહેલા પીછું હોય, છેલ્લે કંણીયું હોય, વચમાં જે ભાગ હોય એ સારો હોય. તેમ સ્વામિનારાયણ ભગવાન જયારે પથ્વી પર હતા, ત્યારે પ્રકરણ ફેરવતા હો. ત્યારે સંતોને પણ બહુ તકલીફ પડતી હતી. હરિભકતો તો સુરા ખાચર, અલૈયા ખાચર આદિક મોટા ગરાસિયા હરિભકતો હતા. મહારાજે એવું પ્રકરણ ચલાવ્યું કે જેમાં પહેલો હાથ પડે તે ખાવું. ત્યારે સુરા ખાચરનો હાથ પહેલા ગાજરીયામાં પડી ગયો. ત્યારે મહારાજે કહયું હતું કે, પહેલું જે હાથમાં આવે તે ખાવું. તેથી સુરા ખાચરે ગાયું કે, ગાજરીયા મારા વેરી રે. પણ શું થાય ? મોક્ષનો ખપ હતો એટલે સર્વે પરીક્ષામાં પાસ થયા હતા અને અમારા વડીલો ગોપાળાનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ સંતો જ્યાં જ્યાં જાય ત્યાં તેમને ભૂખ, દુઃખ ને માર તે ત્રણ વાના સહન કરવા પડતા. કોઈને કાંઈ ખબર પડે કે સ્વામિનારાયણ ભગવાનના સંતો આવ્યા છે તો કહેશે ચાલો, જઈએ મારવા. એવી સંતોને તકલીફ હતી. પણ જે સંતો નિયમ, ધર્મ બરાબર પાળે તેને તો આજેપણ સતયુગ કરતા પણ સારા દેશકાળ છે.

સતયુગમાં કલ્પવક્ષ નીચે જઈને બેસતા અને સંકલ્પ કરતા, ત્યારે એને વસ્તુ મળતી. આજ તો આવા સંતોને કોઈ પ્રકારનો સંકલ્પ કરવો પડતો નથી અને દરેક વસ્તુ ભગવાનની દયાથી મળી જાય છે. તો શાથી ? આવા નિયમોનું પાલન કરતા હતા તેથી મળતું. તેમ હરિભકતોને પણ સ્વામિનારાયણ ભગવાનની દયા અને સ્વામિનારાયણ ભગવાને પોતાના ગુરૂ પાસેથી માગી લીધેલું કે, તમારા જે ભકત હોય એના પ્રારબ્ધમાં રામપાત્ર લખ્યું હોય તો, રામપાત્ર મને મળે,પણ ભગવાનના ભકત અન્ન વસ્ત્રે કરીને દુઃખી ન થાય અને તમારા જે સત્સંગી હોય એને પ્રારબ્ધમાં રામપાત્ર લખ્યું હોય, રામપાત્ર એટલે જગતમાં ઓલા બાવાઓ હોય તે માટીનું ઠીકરૂં લઈ ઘરોઘર માગવા જાય, મહારાજ કહે કે, એવું પ્રારબ્ધ હોય તો મને આવો, પણ ભગવાનના ભકતો અન્ન વસ્ત્ર વડે દુઃખી ન થાય.

ત્યારે આપણે વિચાર કરીએ કે આથી આગળ અનેક અવતારો થઈ ગયા અને ગીતાજીના વાકય પ્રમાણે ઘણા અવતારો થાશે, પણ આ સ્વામિનારાયણ ભગવાન જેવો કોઈ દયાળુ અવતાર થયો નથી અને થાશે પણ નહીં. એટલા માટે સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં લખ્યું કે, આ વાત ન ભૂતો ન ભવિષ્યતિ. આવી વાત કયારેય થઈ નથી અને થાશે પણ નહીં. તે નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના ગ્રંથમાં લખ્યું કે, નોતી દીઠી નોતી સાંભળી એવી પ્રગટાવી પુનિત પુરૂષોત્તમ પ્રગટી રે. તમે ગહસ્થો દૂધ, ચોખા ને સાકર જમો, હિંડોળા ખાટમાં ઝૂલો અને અંતકાળે અક્ષરધામની પ્રાપ્તિ. કોઈ શાસ્ત્રમાં વાત લખી નથી પણ આ સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર દયા કરી ! ને તે દયાળુ ભગવાન આપણને મળી ગયા છે, તેથી જ મોક્ષ થાય છે. તે મુકતાનંદ સ્વામીએ આરતીમાં લખ્યું કે, " આ અવસર કરૂણાનિધિ કરૂણા બહુ કીધી, મુકતાનંદ કહે મુકિત સુગમ કરી સિદ્ધિ " ઓહોહો ! આ અવતારે ઘણી દયા કરી અને મોક્ષનો મારગ સુગમ કર્યો.

આગળ શાસ્ત્રમાં લખ્યું કે, ભૂખે મારૂં, તરસે મારૂં, પાડું તનની ખાલ. એટલું કરતા ન હટે તો કરૂં ન્યાલ. તે સ્વામિનારાયણ ભગવાન કહે કે, આગલા અવતારો તો કેટલી પરીક્ષા લેતા, તે પરીક્ષામાં પાસ થાય તો ભગવાન કહે કે, હું તેને ન્યાલ કરૂં. પણ સ્વામિનારાયણ ભગવાને પોતાના ભકતોને ન્યાલ કર્યા, તેથી આંબા ભકતે મહારાજનું નામ ન્યાલકરણ પાડયું, હે મહારાજ ! તમે મને ન્યાલ કર્યો એટલે આજથી તમારૂં નામ ન્યાલકરણ. તે આંબા ભકતને ન્યાલ કર્યા એમ નહીં, પણ આપણને દરેકને ભગવાને ન્યાલ કરી દીધા. તો હવે આપણે ભગવાનને જંગલમાં ખોળવા જવું પડે તેમ નથી. આ તો આપણને ઘેર બેઠાં જ ભગવાન મળી ગયા છે, તો આપણે ભગવાનની પ્રસન્નતાના સાધન વિશેષ કરવા અને આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરીને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત કરવું, તો જ આ માનવ જન્મનો ફેરો સફળ થયો કહેવાય. નહીંતર શાસ્ત્રમાં લખ્યું,

"આળસ અને અજ્ઞાને અતિશે કામ બગાડયું તારૂં,
દેવાનંદ કહે દેહ મનુષ્યનો, ન મળે ખર્ચે નાણું."

તે આળસ અને અજ્ઞાનમાં તો આપણે સર્વેએ, ચોર્યાશી લાખ જન્મો ખોઈ નાખ્યા, પણ હવે આપણને આ સાચો સત્સંગ મળ્યો. તે સ્વામીએ કીર્તનમાં લખ્યું કે, સાચો મળ્યો છે આ સત્સંગ, અંગે અચળ કરીને રાખજો, રખે ચડે બીજાનો રંગ, એવું ડહાપણ દૂર રાખજો. હે ભાઈઓ ! આ દેહે આપણને આ સાચો સત્સંગનો યોગ મળ્યો છે તો, અંગે અચળ કરીને રાખજો. રખે ચડે બીજાનો રંગ એવું ડહાપણ દૂર રાખજો. જુઓ, આ કળિયુગમાં માયાના કેટલા બધા વિક્ષેપ આવે છે, પણ આપણે સર્વે ભગવાનના ભકતો છીએ ને સાચે ભાવે આ સત્સંગ કરીએ છીએ, તો સાચો સત્સંગ કર્યો હોય તો, એ માયામાં લેવાઈએ નહીં.

ચક્રવેણુપાણી રાજાની વાત

એક મોટા સંતે રાજાનું દ્રષ્ટાંત આપ્યું કે, એક રાજા હતા એમનું નામ ચક્રવેણુપાણી. તે પોતે રાજ કરતા, પણ તે દરરોજ પોતે ભગવાનના મંદિરમાં જાય, સંત સમાગમ કરે, ભગવાનના દર્શન કરે. સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં લખ્યું કે, નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. તે બ્રહ્માનંદ સ્વામીએ તો એમ લખ્યું કે, સંત સમાગમ કીજે હો નિશદિન, સંત સમાગમ કીજે. નિશ અને દિન એટલે રાત્રી અને દિવસ. ચોવીસ કલાક તમારે સંત સમાગમ કરવો. હવે એમાં કેટલીક શંકા થાય કે, ચોવીસ કલાક સંત સમાગમ કરે તો ગહસ્થ લોકો વ્યવહારિક કાર્ય કયારે કરી શકે ? કેમકે, ગહસ્થ લોકો હોય એણે વ્યવહારિક કાર્ય, નાણાં કમાવવા માટે નોકરી કરવી પડે, કોઈને ખેતી કરવી પડે, બાળકો હોય તો ચોવીસ કલાક સંત સાથે બેસી રહે તો તે કેમ ચાલે ? તો મહારાજ કહે, એમ ચોવીસ કલાક બેસવાની જરૂર નથી, પણ સાંજે સવારે આપણને જેવો ટાઈમ મળે ત્યારે સંત સમાગમનો લાભ લેવો અને પછી આપણે જે કાંઈ વાત સાંભળી હોય, તે જીવનમાં ઉતારવી. મહારાજ કહે કે, શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરે તો જ સાક્ષાત્કાર થાય છે. તેમ આપણે પણ ભગવાનની કથા સાંભળી, શ્રવણ કરીએ, મનન કરીએ, જીવનમાં ઉતારીએ તો જ સાક્ષાત્કાર થાય. (ચક્રવેણુપાણી રાજાની વાતનું અનુસંધાન પેઈજ નાં. ૫૦ ઉપર)

પૂતળીનું દ્રષ્ટાંત

પહેલા એક પૂતળીનું દ્રષ્ટાંત આપ્યું હતું. તે પૂતળી એક રૂપિયાની હતી, એક સો રૂપિયાની પૂતળી હતી અને એક લાખ રૂપિયાની પૂતળી હતી. તે એક રૂપિયા–વાળીને, સળી જરાક કાનમાં નાખે તો બીજા કાનેથી સળી નીકળી આવે. સો રૂપિયા–વાળી પૂતળીના કાનમાં સળી નાખે, તો થોડીવાર રહે પછી નીકળી આવે. ને લાખ રૂપિયાવાળી પૂતળીના કાનમાં સળી નાખે, તો તે નીકળે નહીં, પણ અંતરમાં ઉતરી જાય. તો તે દ્રષ્ટાંત છે પણ આપણે આ ભગવાનની કથા વાર્તા સાંભળી, સંત સમાગમ કરી અને જીવનમાં ઉતાર્યું હોય, તો એને કયારે પણ માયાના ગોથા ખાવા ન પડે.

સામા ધાવ્યા છો કે ડબકા ધાવ્યા છો ?

તે ગોપાળાનંદ સ્વામીની વાતુમાં લખ્યું કે, સામા ધાવ્યા છો ? તે એક ગાય હોય તેને વાછડું ધાવવા જાય, તે કેટલાક લોકો હોય તે બળદ સારો બનાવવો હોય, તો તે ગાયને ખૂબ ધાવવા દે. ધાવી કરીને જે પાછળનું દૂધ વધે તે દોહી લે ને કેટલાક ખેડૂતો અને માણસો દૂધના લોભે વાછડાને થોડીવાર છોડે પણ પછી થોડીવાર પાછું લઈ લે, અને દૂધ દોહીને પાછું વાછડાને ધાવવા મૂકે. એને ડબકાં માર્યા કહેવાય. એટલે મોટા સંતો કહેતા કે, સામા ધાવ્યા છો કે ડબકાં ધાવ્યા છો ? તે ડબકાં ધાવ્યા કોને કહેવાય ? તે કથામાં જાશું, હજુ શું ઉતાવળ છે, કથા તો થાય જ છે ને, સંતો વાતું સંભળાવે છે ને? એમ જે બોલે તે ડબકાં ધાવ્યા કહેવાય. પણ આપણે તો આ કથા વાર્તા સાંભળીને પોતાના જીવનું કલ્યાણ કરી લેવું, તો તે રીતે અભ્યાસ કર્યો હોય તો એ સામા ધાવ્યા કહેવાયે. તો એમા સારા ગુણ આવે.

આગળ વાત કરી તેમ **ચક્રવેણુપાણી** નામે રાજા હતો, તે પોતે હંમેશા સંતસમાગમ કરે. ત્યારે સાધુનો ધર્મ શું કે જે તે પ્રકારે કરીને આ જીવને માયાના વિકારો ટળાવીને તે ભગવાનની માધુરી મૂર્તિનું સુખ કેમ ભોગવે. તો આ રાજા રોજ સાધુ પાસે આવે, ત્યારે સાધુ તેને ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની, ભકિતની વાતો સંભળાવે અને ગીતા, રામાયણ, શિક્ષાપત્રી, વચનામત આદિકની વાતો સંભળાવે. તે રાજાના જીવમાં પેસી ગયું ! કે આ વાત સાચી છે. તો આ રાજા પોતે રાજ ચલાવતા પણ એ

પોતાના નિર્વાહ માટે હરિ ઈચ્છાએ વસ્તીમાંથી જે કાંઈ આવે, એમાં પોતે નિર્વાહ ચલાવતા અને સાદાઈથી ચાલે અને ભગવાનનું ભજન કરે. ત્યારે એના રાણી હતા એ પણ સાદાઈથી ચાલી અને ભગવાનનું ભજન કરતા. પણ એક સમયે ગામમાં કોઈ મોટા શેઠ હતા, તે શેઠ બહુ પૈસાવાળા હતા અને પોતે ભગવાનની ભકિત, ભજન કાંઈ કરતા નહીં અને ગમે તે રીતે પૈસા આવે તે ભેળા કરતા અને ઘણા પૈસાવાળા થઈ ગયા. શેઠાણીને પણ સારા સારા દાગીના, કપડાં પહેરાવતા. ત્યારે તે શેઠાણી એકવાર રાજ દરબારમાં ગયા. ત્યાં રાજાની રાણી તો બહુ સાદા કપડાં, દાગીના નહીં. શેઠાણી કહે તમે રાજના રાણી કહેવાઓ અને આ સાદા કપડાં પહેરો, દાગીના નહીં એમ એણે તો એને ખૂબજ ચઢાવી દીધા. એટલે રાણીના મનમાં એવું પેસી ગયું કે, મારે પણ આ દાગીના કપડાં જોઈએ. તો રિસાઈને બેસી ગયા. સાંજે રાજા આવ્યા. હંમેશ તો રાજા આવે ત્યારે જમવાનું તૈયાર હોય, રાજાને જમાડે અને શાસ્ત્રમાં પણ કહયું છે કે, પતિવ્રતા સ્ત્રી હોય તે પતિની સેવા કરે અને પતિની આજ્ઞા પ્રમાણે વર્તે તે પતિવ્રતા સ્ત્રી કહેવાય. તે સાંજે તો રાજા આવ્યા ત્યારે રાણી રિસાઈને બેસી ગયા. રસોઈ પણ તૈયાર કરેલી નહીં, ત્યારે રાજાએ આવીને કહયું કે આ શું છે ? માંદા થઈ ગયા છો ? ડોકટર બોલાવી દઉ ? દવા કરૂં ? પણ આ રાણી તો કાંઈ બોલે નહીં. ત્યારે બહુ બહુ પૂછયું ત્યારે રાણીએ કહયું કે આ ગામમાં આપણા શેઠના ઘરેથી આવ્યા હતા એમણે સારા સારા કપડાં, દાગીના પહેરેલા અને હું તો રાજની રાણી કહેવાઉ અને મારી પાસે કોઈ સારા દાગીના નહીં, કપડાં નહીં તે બરાબર કહેવાય નહીં. મારે તો આ બધું જોઈએ. રાણીને રાજાએ બહુ સમજાવ્યા પણ રાણી તો કુસંગના પાસમાં ચઢી ગયા. એટલે માંહેથી નીકળાયું નહીં. એટલે રાજાએ એના કારભારીને કહયું તું અમુક જગ્યાએ જા, ફલાણા શેઠ છે તેને કહે કે, રાજાએ સોનાના ઘરેણાં મંગાવ્યા છે, તો શેઠે તો આપ્યા નહીં એટલે રાજા અને રાણી બન્ને બીજા શેઠ પાસે ગયા. ત્યારે આ રાજાએ પક્ષીને ચણ નાખ્યું કે તમે આ ચણો તો ચક્રવેણુપાણી રાજાની આણ છે. તો કોઈ પક્ષી ચણ્યા નહીં ! તો રાણીને વિચાર થઈ ગયો કે, આ ચક્રવેણુપાણી રાજાનો આટલો બધો પ્રતાપ છે કે, આ પક્ષી પણ ચણતા નથી. ઓલા શેઠને પણ એમ થઈ ગયું કે આ રાજાનો આટલો બધો પ્રતાપ છે. પક્ષી પણ રાજાનો હુકમ માને છે. ઓલા

શેઠે કહ્યું કે, રાજા સાહેબ ઘરેણાં નહીં પણ પાંચ કીલો સોનું લઈ જાઓ અને આ રાણીને દાગીના બનાવી દેજો. પછી ફરીને ચણ નાખ્યું અને કહ્યું કે આ ચકવેણુપાણી રાજા કહે છે કે તમે ચણો તો બધા પક્ષી ચણવા મંડયા ! રાણી જોઈને ચકિત થઈ ગયા ! અહોહો ! આ રાજાનો કેટલો બધો પ્રતાપ છે. રાણીના મનમાં બહુ પસ્તાવો થયો, અરે આ રાજાનો કેટલો બધો પ્રતાપ છે કે, આ પક્ષી પણ એનો હુકમ માને છે અને હું તો એમની રાણી કહેવાઉ અને મેં આ દાગીના, કપડાં માટે ઝઘડો કર્યો તે ઠીક ના કહેવાય. રાજાની માફી માંગી કે મારે આ દાગીના, કપડાં કાંઈ જોઈતા નથી. આપણે સાદાઈથી ચાલીએ એ જ બરાબર છે. ત્યારે તે રાણીએ રાજાને પૂછયું અને ઓલા શેઠે પણ પૂછયું કે આમ કેમ થયું ? રાજાએ કહ્યું કે હું તો કાંઈ જાણતો નથી, પણ એક ભગવાનનું નામ જાણું છું અને એ ભગવાનનું ભજન કરૂં છું અને મહારાજે પણ કહયું છે કે, અખંડ ભગવાનનું ભજન કરે તો કાળા સર્પનું ઝેર પણ ઉતરી જાય હો ! તો તે રાજા કહે કે, ભાઈ ! હું તો ભગવાનનું ભજન કરૂં છું, પણ મારી પાસે બીજું કાંઈ જડી બુટી કે જંતર મંતર કાંઈ છે નહીં. રાણીએ વિચાર કર્યો કે આ રાજાનો હુકમ પક્ષીઓ પણ માને છે.

આ તો દ્રષ્ટાંત થયું પણ કહેવાનું શું કે જો આપણે પણ સાચે ભાવે ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરશું, તો આપણા ઉપર ભગવાન જરૂર રાજી થશે અને રાજાને ભગવાન પોતાનું દિવ્ય સુખ આપી દેહને અંતે પોતાના ધામમાં તેડી ગયા, તો તે રાજા હતા, કેટલીય પ્રકારની પ્રવત્તિ હતી છતાં પણ આવી રીતે ભગવાનની ભકિત કરી, તો ભગવાન ધામમાં તેડી ગયા. તો આપણે પણ આળસ, પ્રમાદનો ત્યાગ કરી અને ભગવાનનો મહિમા સમજી, ભગવાનની ભકિત કરશું તો જરૂર આપણું કામ થઈ જાશે. તે કામ શું ? તો મોક્ષ સંબંધી કામ તે મોક્ષ જરૂર આપણો થઈ જશે.

જોધો ભરવાડ

બીજું, મોટા સંતોએ જોધા ભરવાડની વાત લખી કે, જોધો ભરવાડ હતો. ત્યારે એવા ભરવાડ જ્ઞાતિમાં એનો જન્મ હતો તે મહારાજ કહેતા કે નીચ ઉચ્ચ હું જાણું નહીં, જ્યાં જાય ત્યાં સંતનો સંગ. તે ગીતાજીમાં પણ લખ્યું ને સ્વામિનારાયણ

ભગવાને વચનામતમાં લખ્યું કે, ભગવાનની ભકિત, ભજન કરતા કરતા જો કાંઈક અધુરૂ રહી જાય, તો પવિત્ર એવા જે ભગવાનના ભકત એને ત્યાં હું તેને જન્મ આપું છું અને જ્યાં જાય ત્યાં સંતનો સંગ, કે એને હું જન્મ ગમે ત્યાં આપું કે સારે ઠેકાણે આપું, પણ જ્યાં જાય ત્યાં સંતનો સમાગમ મળી જાય.

આ જોઘો, ભરવાડ જ્ઞાતિમાં હતો પણ એવા એકાંતિક ભકત થઈ ગયા. તે એક સમયે ગઢપુરમાં તો જોઘા ભરવાડ તો કાંઈ ભણેલા નહીં એટલે ત્યાં દાદા ખાચરના દરબારમાં ગાયું હતી તેને દોવે. તો ગાયું દોતાં હતા ત્યારે મહારાજ એક સમયે ત્યાંથી રસ્તા પર ચાલ્યા જતા હતા. જોઘા ભગતે ગાયના આંચળમાંથી દૂધની શેડ ઉડાડી ને મહારાજના ચરણ ભીંજવી દીધા. એટલે સ્વામિનારાયણ ભગવાન ત્યાં સ્થિર થઈ ગયા. જેમ ચમકપાણને દેખીને લોઢું ખેંચાઈ જાય, તેમ મહારાજ ત્યાં ને ત્યાં સ્થિર થઈ ગ્યા, ને મહારાજ કે' જેવા મારા ભકત મને વહાલા છે એવું મને કાંઈ વહાલું નથી અને ભગવાન કહે કે હું કોઈને વશ થાતો નથી, પણ મારા ભકતને વશ થઈ જાઉ છું. મહારાજ કહે, " મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, પણ વૈષ્ણવ બાંધ્યા મેં ન છૂટું" તે મારા બાંધેલા હોય તે મારા ભકત છોડે પણ હું વૈષ્ણવોએ બાંધ્યા ન છોડી શકું . ભગવાને વચનામતમાં લખ્યું કે, મારા ભકતને અર્થે મેં મારો આ દેહ કષ્ણાપર્ણ કરી નાખ્યો છે. જુઓ ! આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ ! અનંત કોટિ બ્રહ્માંડના નિયંતા એવા તે ભગવાન કહે છે કે, મારા ભકતને અર્થે મેં મારો દેહ કષ્ણાર્પણ કરી રાખ્યો છે.

કષ્ણાર્પણ કર્યું કોને કહેવાય ? કે આ ગાય હોય કે બીજી કાંઈ વસ્તુ હોય, તો મંદિરમાં કે બ્રાહ્મણને આપી દઈએ, તો તે ગાય ઉપર કે તે વસ્તુ ઉપર આપણો કાંઈ હકક રહે નહીં. તેમ મહારાજ કહે કે, મારા ભકતને અર્થે મેં મારો દેહ પણ કષ્ણાર્પણ કરી રાખ્યો છે. ઓહોહો ! ભગવાન પોતાના ભકત ઉપર કેટલા રાજી છે ? ભકતને માટે આ ભગવાન કેટલું કરે છે ? રામાયણમાં પણ રામ ભગવાને લખ્યું કે, મારા ભકત મને જેવા વહાલા છે, તેવું બીજું કાંઈપણ મને વહાલું નથી અને જેમ માતા બાળકની રક્ષા કરે તેમ હું મારા ભકતની રક્ષા કરૂં છું. કષ્ણ ભગવાને ગીતાજીમાં લખ્યું કે, જે મારી અનન્યપણે આરાધના કરે છે, તેના યોગ અને ક્ષેમને હું વહન કરૂં છું. યોગ એટલે ભકિત યોગ અને ક્ષેમ એટલે વ્યવહારિક યોગ. વ્યાવહારિક કાર્યમાં

પણ ભગવાન કહે કે, હું એની રક્ષા કરું છું. જેમ અર્જુનનો રથ શ્રીકૃષ્ણ પરમાત્માએ ચલાવ્યો ને દાદા ખાચરનો રથ પણ સ્વામિનારાયણ ભગવાને પોતે ચલાવ્યો, તેમ આપણે પણ એવા ભગવાનના ભકત થાશું, તો આપણો રથ પણ ભગવાન જરૂર ચલાવશે અને ચલાવે જ છે અને જો ચલાવતા ન હોય અને ભગવાન આપણી રક્ષા ન કરતા હોય, તો આપણે જરાય પણ ચાલી શકીએ નહીં, બોલી શકીએ નહીં. તે એવા દયાળુ ભગવાન આપણાને મળી ગયા છે, તો આપણે તે ભગવાનનો દ્રઢ આશરો રાખી અને તે ભગવાનનું ભજન કરવું.

પછી તે જોધા ભગતે ભગવાનના ચરણ પલાળી દીધાં. મહારાજ સ્થિર થઈ ગયા, ને કહે જોધા ભગત ! તારી કાંઈ અવળાઈ, તારી કાંઈ અવળાઈ ! મહારાજ કહે કે, જોધા ભગત આ તારી અવળાઈ એટલે આ બરાબર ન કહેવાય ! ત્યાં જોધા ભગત શું બોલ્યા ? કે, મહારાજ ! મારી અવળાઈ કે તમારી અવળાઈ ! મારી અવળાઈ શું કહેવાય ? મહારાજ, તમે તો એક ચકલી માટે આખું બ્રહ્માંડ બોળી નાખ્યું ! ચકલી ઉપર બેઠી બેઠી તમારૂં નામ લેતી હતી એને માટે આ બ્રહ્માંડ બોળીને તમે પાણી પાયું તે અવળાઈ તમારી ન કહેવાય કે ? મહારાજ કહે કે જોધો ભગત બહુ હોશિયાર લાગે છે. ત્યારે જોધો બોલ્યો કે, મહારાજ! તમારે તો મને ગાંડા જેવો રાખવો હતો, પણ આ મારા ગુરૂ મુકતાનંદ સ્વામીનો પ્રતાપ કે દરરોજ મારા ગુરૂ મુકતાનંદ સ્વામીનો સમાગમ કરતો.

ત્યારે કહેવાનો ભાવાર્થ એટલો જ કે, જોધા ભરવાડ જ્ઞાતિના હતા. આ લોકનું ડહાપણ જરા પણ હતું નહીં. પણ ભગવાનની તે અખંડ સ્મતિ રાખતા, તો ભગવાન વશ થઈ ગયા. તો એવી રીતે જે ભગવાનનું ભજન કરે છે, એની જેમ માતા બાળકની રક્ષા કરે, તેમ ભગવાન પોતાના ભકતની રક્ષા કરે છે, તો આપણે પણ આવે સાચે ભાવે ભગવાનના ભકત થાશું, તો જરૂર આપણું કામ થઈ જાશે અને આહાર વિહાર શુદ્ધ રાખીએ, તો જ આપણું અંતઃકરણ શુદ્ધ રહે. બીજું, વ્યસન કોઈ પ્રકારનું ન રાખવું અને જોવા, બોલવા, ખાવા, પીવા, જે યોગ્ય હોય તે કરવું પણ ભગવાનની આજ્ઞા સિવાય બીજે કયાંય આપણે જોઈએ– સાંભળીએ નહીં, તો જ આપણે સાચા ભકત થયા કહેવાઈએ. માટે આપણે દરેકે કાળજી રાખવી.

ભગવાનના ગુણ રૂપી સમુદ્રમાં નાહ્યા કરવું

બીજું, એક મહાત્માએ લખ્યું કે, " હવે હું તો થઈ છું મા'તી, હરિના ગુણસાગરમાં નહાતી " મા'તી એટલે બહુ બળવાન, એટલે હું હવે ભગવાનના ગુણ સમુદ્રમાં નહાઉં છું. તેમ આપણે પણ ભગવાનના ઘાટ ઘડયા કરવા. એક શમ્યો ને બીજો કરવો, બીજો શમ્યો ને ત્રીજો કરવો. એવી રીતે આપણે ભગવાનને સંભારશું તો આપણા અંતરમાં જરૂર ભગવાનનો નિવાસ થાશે. ને વળી, મોટા સંતો કહેતા કે, આપણે ઘડીએ ઘડીએ પોતાના હૃદયમાં જોયા જ કરવું. જેમ સુથાર હોય, લુહાર હોય, સોની હોય તે એક એક ઘા મારીને જુવે. એ કાંઈ ઘા માર્યા જ ન કરે. જો ઘા માર્યા જ કરે તો લાકડું, લોઢું કે સોનું હોય તેના ઘાટ ઘડી શકે નહીં. આમ ઘડીએ ઘડીએ પોતાના ઘાટ જોયા કરવા. તેમ મોટા સંતોએ લખ્યું કે, બબ્બે ઘડી પાછી વત્તિ વાળી અને પોતાના હૃદયને જોયા કરવું ને વિચારવું કે મારામાં શું ખામી છે ? તો આપણે સાચે ભાવે ભગવાનનું ભજન ને સત્સંગ કરીશું, તો થોડા સમયમાં કામ થઈ જાશે.

આથી અગાઉ આપણે અનેક જન્મ ખોઈ નાખ્યા છે. મોટા સંતોએ લખ્યું કે, "અનેક જન્મ ખોયા અણ અર્થે, આવ્યું નહીં કંઈ કામ, એક જન્મ હરિ અર્થે કરે, તો સરી જાય સર્વે કામ" તો શું સાધુ બની જવું ? ના. બધાને સાધુ થવાની જરૂર નથી. તે તો જેને વૈરાગ્ય હોય, તેણે ભલે સાધુ થાવું, પણ જેને વૈરાગ્યની દુર્બળતા હોય, તેણે ગહસ્થાશ્રમમાં રહેવું પણ જ્ઞાને કરીને સાધુ થવું.

સ્વામિનારાયણ ભગવાને અઢાર પરમહંસો કર્યા

સ્વામિનારાયણ ભગવાને કાગળ લખ્યો અજા, જીવા, માતરા, મામૈયા આદિક પરમહંસો થઈ ભુજ આવજો. તો મોટા મોટા અજા પટેલ મેથાણ ગામના પટેલ હતા. કોઈ રાજા હતા, એવા મોટા મોટા બધા ગામધણી હતા. પણ સ્વામિનારાયણ ભગવાનના પત્ર પર વિ વાસ લાવીને બધું મૂકીને રવાના થઈ ગયા ! સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં કહયું કે, તમે પરમહંસ થઈ જાવ તો તત્કાળ પરમહંસ થઈ જાય. સુંદરજીભાઈ થઈ ગયા ને ? સુંદરજીભાઈ ખાંડુ લઈને જતા હતા ત્યારે મહારાજ

કહે કે કોણ ? તો સુંદરજીભાઈ કહે, તમારો દાસ. મહારાજ કહે કે, દાસના શું લક્ષણ હોય ? તો કહે કે, સ્વામી કહે તેમ કરવું. મહારાજ કહે કે, સાધુ થઈ જાવ ! હવે એ તો ખાંડુ લઈને ઊભા હતા. છતાં પણ તે ખાંડાની પરવા ન કરતા સાધુ થઈ ગયા ! ગામમાં વાટ જ જોયા કરે. તેમ આ બધાને કાગળ લખ્યો, તો બધા રવાના થઈ ગયા. એમાં અદ્‌ભૂતાનંદ સ્વામી પરણવા ગયા હતા. એના મામા મેથાણ ગામના અજો પટેલ હતા. તે ત્યાંથી ચાલ્યા જતા હતા એટલે તેમણે પૂછયું કે, મામા કયાં જાવ છો ? મામા બોલ્યા કે, મહારાજનો કાગળ આવ્યો છે, એટલે અમો તો બધા પરમહંસો થઈ અને ભુજ જઈએ છીએ. ત્યારે અજા પટેલના ભાણેજ હતા તેમણે કહયું કે, મને કાગળ વંચાવો. એણે કાગળ વાંચ્યો કે અજા, જીવા, માતરા, મામૈયા આદિક..... ત્યારે એ પરણતા હતા છતાં પણ એનો મોહ છોડી અને બે ફેરા ફર્યા હતા તે બે ફેરા અવળા ફરી છેડા–છેડી છોડી, મીઢળ છોડીને એના મામા હતા એના ભેળા રવાના થઈ ગયા હો ! અને સર્વે અઢાર પરમહંસો થઈ, મહારાજ જ્યાં ભુજમાં બિરાજમાન હતા ત્યાં ગયા. મહારાજ સંતોને આવતા જોઈ સામા ગયા ને સંતોને દંડવત કર્યા ને સંતોને ભેટયા ને બહુ રાજી થયા.

બીજું,વચનામતના મધ્યના ૪૮ માં પ્રકરણમાં પ્રેમાનંદ સ્વામી કીર્તન બોલ્યા,

"વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સાર ને રે લોલ "

મહારાજ કહે, આ કીર્તન સાંભળ્યું અને અમે બહુ રાજી થયા અને આવા સંતને તો ઉઠીને અમે દંડવત કરીએ હો. મહારાજ કહે, આવી રીતે જેને ભગવાનનું ચિંતવન થાય છે, તેને તો ઊઠીને દંડવત કરીએ હો, અને જેને ઘરે એવા પુત્રએ જન્મ લીધો, તેના માબાપ પણ કતાર્થ થયા કહેવાય. સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં લખ્યું કે, જે એક ભકત થાય, એની ઈકોતેર પેઢીનો ઉદ્ધાર થાય અને મરીને પિત સ્વર્ગમાં ગયા હોય કે નર્કમાં ગયા હોય કે જમપુરીમાં ગયા હોય, તો એનો પણ મોક્ષ થાય છે. એટલે મહારાજે અડતાલીસમાં વચનામતમાં સંતનો આવો મહિમા કહયો અને અહીં પણ જ્યારે બધા સંતો ભુજમાં ગયા, મહારાજ એમના આવવાના સમાચાર સાંભળી પગે ચાલીને ગયા હો. અહોહો ! આજ તો અમારા સંતો આવે છે, તો મારે સામા જાવું જોઈએ. પછી મહારાજે સંતોને આવતા જોઈ દંડવત કરવા મંડયા.

મહારાજ કહે અહોહો ! તમે મારો ચાર અક્ષરનો કાગળ વાંચીને આટલું બધું કર્યું ? મહારાજ તો બહુ રાજી થયા. મહારાજનું હૃદય બહુ ભરાઈ આવ્યું. ત્યારે બધા સંતોને મળ્યા–ભેટયા ત્યાં બધાને રાખ્યા. થોડોક ટાઈમ રાખ્યા પછી સ્વામિનારાયણ ભગવાન કહે કે મેં તમારી પરીક્ષા લેવા માટે તમોને આ રીતે બોલાવ્યા હતા. તો હવે તમે જાવ, બીજા અમુક સંતો ગયા, પણ આ મેથાણ ગામના અજો પટેલ હતા, તેમણે કહયું કે મહારાજ ! હું તો ગામનો પટેલ કહેવાઉ, એ પટલાઈ છોડીને અહીં આવ્યો અને જો હવે હું પાછો જાઉ, તો માણસો મશ્કરી કરે અને અદ્‌ભૂતાનંદ સ્વામિ કહે કે, હું તો મીંઢળ છોડીને આવ્યો છું એટલે હવે તો હું જઈશ નહીં. બંને જણા ત્યાં રહયા.

એટલે એમાં કહેવાનો હેતુ એટલો જ કે, આવા જે ભગવાનના વચનમાં વિ વાસ લાવી અને પોતે ઘરસંસારનો ત્યાગ કરી સાધુ બની ગયા. તો તમારે બધાને એવી રીતે સાધુ બનવાનું કાંઈ કામ નથી, પણ જ્ઞાને કરીને સાધુ થવું કે આ બધું ખોટું છે, હું આત્મા છું, ભગવાનનો ભકત છું. મારા આત્માને વિષે પરમાત્મા રહેલા છે. એવી ભાવના કરી ઉપર થકી આ વ્યવહાર કરો, તો એ વ્યવહાર બંધનકર્તા ન થાય. જેમ પાણીમાં કમળ હોય તો બુડતું નથી, તેમ આ વ્યવહારિક કાર્ય ભલે કરો, પણ એમ જાણો કે આ બધું ખોટું છે. આપણે સો વર્ષ પહેલા આપણું ગામ કે નામ હતું નહીં, તેમ સો વર્ષ પછી પણ આપણું આ ગામ કે આપણું નામ હશે નહીં. આ તો રસ્તામાં ચાલતા ચાલતા એક ધર્મશાળા આવી, એમાં આપણે આ વિસામો ખાધો. પણ આપણું મૂળ વતનનું ગામ તો અક્ષરધામ છે અને આપણા ખરા સગા તો પુરૂષોત્તમ નારાયણ છે અને કાં ભગવાન સગા, કાં ભગવાનના સાચા સંત સગા. એટલે તે જ આપણા જીવના સાચા સગા છે. તો તે ભાવના રાખીને આપણે ભગવાનની ભકિત કરશું તો દેહ છતાં દુઃખી નહીં, ને તન છૂટે તેજ અંબાર. દેહ છતાં ભગવાન પોતાના ભગતની અન્ન, વસ્ત્ર અને આબરૂએ કરીને રક્ષા કરે છે અને દેહને અંતે મહારાજ પોતે રથ, વેલ કે વિમાન લાવીને પોતાના અક્ષરધામમાં તેડી જાય છે.

તો આપણે દરેકે આવો ભગવાનનો મહિમા સમજી અને ભગવાનની મૂર્તિ આપણા હૃદયમાં ત્રણે અવસ્થામાં દેખાય અને આ લોકના રાગ માત્ર નિર્મૂળ થઈ જાય અને દેહને અંતે આપણે ભગવાનની સેવામાં રહી જઈએ તો જ આપણો ફેરો

સફળ થયો કહેવાય. નહીતર સ્વામીએ લખ્યું કે, કરોડો કામ કર્યા, કરોડો રૂપિયા કમાણા, ભાઈ ભાઈ કહેવાણા, શેઠ કહેવાણા, સાહેબ કહેવાણા કે સંતો ભલે સ્વામી કહેવાય, પણ જયાં સુધી આપણી કસર ટળી ન હોય, ત્યાં સુધી આપણી ખામી કહેવાય. તો જેમ છોકરાઓ ભણવા જાય, તેમ આપણે પણ આ સત્સંગરૂપી શાળામાં ભણવા માટે બધા ભેળા થયા છીએ. તો આપણે અરસ પરસ એકબીજામાં જે કંઈ કસર કે ખામી હોય, તે સમજીને ટાળી, ભગવાનનું ભજન કરશું, તો ભગવાન જરૂર આપણી સહાયતા કરશે અને આપણે બધાએ ભગવાનનું ભજન કરવામાં કાળજી રાખવી.

જ્ઞાની ભક્ત કોને કહેવાય?

બીજું, સ્વામિનારાયણ ભગવાન જ્યારે પથ્વી પર બિરાજમાન હતા, ત્યારે પણ મહારાજ સંતોને કહેતા, આજ તો તમે કોઈ પ્ર ન પૂછો તો વાત કરીએ. તો વચનામતમાં સંતોએ પણ ઘણા પ્ર નો પૂછયા છે અને સોમલા ખાચર, અલૈયા ખાચર આદિક ઘણા ભકતજનોએ પણ પ્ર ન પૂછયા છે. એટલે પ્ર ન પૂછવાથી એને કાંઈક થોડીઘણી સમજણમાં ફેર હોય કે ન સમજાતું હોય તો આ પ્ર નો પૂછવાથી થોડુંક જ્ઞાન થાય અને એના અંતરમાં આનંદ આવે, કેમ કે અજ્ઞાનથી જ આપણે બધા દુઃખી છીએ. ગીતાજીમાં પણ લખ્યું અને સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં પણ લખ્યું, જ્ઞાની ભકત મને પ્રિય છે અને હું જ્ઞાનીને પ્રિય છું. તો જ્ઞાની કોને ગણવા? કે, જેને હરિમૂર્તિનું જ્ઞાન હોય. જ્ઞાની કોને કહેવાય ? સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં પણ કહયું કે, જેને ઘણા શાસ્ત્ર પુરાણ વાંચતા આવડતા હોય એ જ્ઞાની કહેવાય ? તો તે મહારાજે ના પાડી. ઘણા શાસ્ત્ર વાંચતા આવડતા હોય એ જ્ઞાન તો કહેવાય, પણ સાચું જ્ઞાન કેને કહેવાય ? કે હરિમૂર્તિનું જ્ઞાન કે ભગવાનની મૂર્તિનું જે જ્ઞાન છે, એ જ સાચું જ્ઞાન છે. એ જ સાચો જ્ઞાની છે અને એ જ સાચો ધ્યાની છે, એમ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે.

એક વડોદરાના ભકતની વાત લખી છે. એને પાંચ પાંચ કરતા તે વીસ સુધી ગણતા આવડે નહીં, પણ ચાર વાર પાંચ પાંચ ગણે તો વીસ થાય. તો એમના માટે

મોટા સંતોએ લખ્યું કે, આ ભકત તો ભોળા જેવા છે. એક વડોદરાના દિવાન હતા. વડોદરા પરગણાની આખી દિવાનગીરી કરતા, છતાં પણ સ્વામિનારાયણ ભગવાને વખાણ્યા નહીં અને નાથ ભકત ભલે ભોળા જેવા છે, પણ એમને અમારી મૂર્તિનું જ્ઞાન છે. તો એ સાચા જ્ઞાની છે. ગોપીયું કંઈ કોલેજમાં ભણવા ગઈ હતી એમ કાંઈ ગીતા, રામાયણ કે ભાગવતમાં કોઈ વાત આવતી નથી. ગોપીઓને ભગવાનને વિષે પ્રેમ થઈ ગયો હતો. અખંડ કષ્ણ કષ્ણ કર્યા જ કરે. સૂતા, બેઠા, હરતાં ફરતાં, ગાયું દોહતાં, છાશ કરતા એમ વ્યવહારિક પ્રવત્તિમાં પણ અખંડ કષ્ણ કષ્ણ કર્યા જ કરે.રામ ભગવાનના વખતમાં વાલ્મિકી લુંટારો હતો. તે પણ રામ–રામ કર્યા કરતોને હનુમાનજીની પણ વાત લખી છે કે, હનુમાનજી પણ વાનર યોનિમાં જન્મ્યા હતા, છતાં પણ પોતે અખંડ રામ–રામ કર્યા જ કરતા, તો તે રામ ભગવાનનો એને સાક્ષાત્કાર થઈ ગયો હો ! અને હૃદય ચીરીને પોતે બધાને ભગવાનના દર્શન કરાવ્યા. એટલે આ અંતરમાં ભગવાનને જોવા તે કાંઈ આજની વાત નથી. તે તો અનાદિકાળ થી આ ધ્યાનની વાત ચાલ્યા કરે છે, કે અંતરમાં ભગવાનને જોવા.

પ્રતિલોમ ધ્યાનની રીત

પ્રતિલોમ એટલે પોતાના હૃદયમાં અંતરમાં આપણા સન્મુખ ન દેખાય પણ અંતરમાં દેખાય. આપણે જેવી રીતે બેઠા હોઈએ તેવી રીતે પ્રકાશમાન તેજનો સમૂહ અને તે તેજને વિષે એવી રીતે ભગવાનની મૂર્તિ આપણે જેવી રીતે બેઠા હોઈએ, તે રીતે ધારવી, એટલે આપણું સ્વરૂપ પણ ટળી જાય. મહારાજે પણ વાત કરી કે, આપણા આત્માને બ્રહ્મરૂપ માનીને ધ્યાન કરવું. તે પ્ર.પ્ર. નું ૨૪ મું વચનામત છે. તેમાં લખ્યું કે, જ્ઞાને કરીને જેવી સ્થિતિ થાય છે, તેને પ્રકતિ કે પ્રકતિ પુરૂષ સુધીનું કાંઈ પણ હૃદયમાં જોવામાં નથી આવતું. પ્રકતિ અને પ્રકતિ પુરૂષનું કાર્ય એટલે આ લોક, આ દેહ, આ બ્રહ્માંડ. મોટા સંતો કહેતા કે આપણે ધ્યાન કરવા બેસીએ ત્યારે જ્ઞાન પ્રલય કરી નાખવો, કે આ લોકનો, આ દેહનો, આ બ્રહ્માંડનો પ્રલય કરી નાખવો. આત્યંતિક પ્રલય જ્યારે થાય, ત્યારે ચૌદ લોકમાનું કાંઈ પણ રહેતું નથી. એક ભગવાનનું અક્ષરધામ અને ભગવાનના મુકતો અને ભગવાનની મૂર્તિ એ જ રહે છે.

એટલે આપણે પણ આ જ્ઞાને કરી આ બધું ખોટું કરીને અંતરમાં ભગવાનને જોઈએ, તો પ્રતિલોમ વૃત્તિ કહેવાય અને ભગવાનના અંગોઅંગ એક પછી એક જોતા જઈએ, તો તે બરાબર થઈ જાય ને આ રીતે ભગવાનની મૂર્તિમાં દ્રષ્ટિ જોડવાનો અભ્યાસ કર્યો હોય, તો ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જવાય છે. જે આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન કરે, તો એમના અંતરમાં ભગવાનના સુખથી ઠંડા ઠંડા શેરડા પડવા લાગે છે અને આનંદના ફુવારા વહેવા લાગે, તો એમ કયારે થાય ? તો હંમેશા અભ્યાસ કરીએ તો થાય. ને ભગવાનની મૂર્તિના ધ્યાનમાં આપણે હંમેશા અભ્યાસ કરીએ તો જ થાય. એક દિ કરીએ અને બીજે દિ ન કરીએ તો ધ્યાન બરાબર થાય નહીં, આનંદ પણ આવે નહીં .

જેમ વ્યવહારિક કાર્ય કરવામાં ઊંઘ આવતી નથી કે આળસ પણ આવતી નથી. આમાં બેંકવાળા હોય કે કોલેજમાં નોકરી કરતા હોય, કે બીજે કયાંય નોકરી કરતા હોય, પણ આઠ કે નવ વાગી ગયા હોય અને સાંજના પાંચ કે સાત વાગી જાય અને થાકી ગયા હોય, પણ સાહેબ જો એમ કહે કે, બે કલાક ઓવરટાઈમ કરવાનો છે, તો એને થાક પણ જતો રહે, ઊંઘ પણ જતી રહે, ભૂખ તરસ પણ જતી રહે, કામ કરવા જ મંડી પડે. કારણકે એમાં એને સુખનો, પૈસાનો મહિમા સમજાયો છે. તેમ આપણને ભગવાનનો આવો મહિમા સમજાય કે, ભગવાનની મૂર્તિનું આવું સુખ છે તથા ભગવાનનો આવો મહિમા સમજીને ભજન બરાબર કરીએ તો ચોર્યાસીના ફેરા ન ફરવા પડે અને આ જન્મે જ આપણો મોક્ષ થઈ જાય એ જ મોટો લાભ છે.

જન્મ મરણ અને ગર્ભવાસના દુઃખનું વર્ણન

બીજું, અક્ષરધામમાં ભગવાનનો મહિમા અપાર છે, તો આવો મહિમા સમજાણો હોય, તો ચોર્યાસી લાખના ફેરા ન ફરવા પડે ને ગર્ભવાસના દુઃખો ભોગવવા ન પડે. તે ગર્ભવાસના દુઃખો વિષે મોટા સંતોએ ઘણું લખ્યું છે. છ લાખ અને ચોર્યાસી હજાર નરકના કુંડ છે. એમાં દુઃખ છે, એના કરતા પણ ગર્ભવાસનું દુઃખ અધિક છે. તે દુઃખ અત્યારે આપણને યાદ આવતું હોય તો એક મિનિટ પણ ભગવાનને ભૂલીએ

નહીં અને જરાક પણ ભગવાનની આજ્ઞા લોપીએ નહીં, પણ આ માયાનું આવરણ એવું છે કે, એમાં બધું ભૂલી જવાય છે. બાળક જ્યારે જન્મે ત્યારે ઉવા... ઉવા કરે. હું અહીંયા અને તું ત્યાં. તારે ને મારે કાંઈ લેવા દેવા નહીં. પણ મોટા સંતો કહેતા કે, આદિ અને અંતનો વિચાર કરે તો મધ્યમાં મોહ ન પામે. જ્યારે આપણે ગર્ભવાસમાં હોઈએ ત્યારે, ગર્ભવાસમાં બહુ ઘણું દુઃખ લખ્યું છે અને જન્મતી વખતે પણ ઘણું દુઃખ લખ્યું છે. તે શાસ્ત્રમાં લખ્યું છે એ આદિ કહેવાય અને અંત એટલે અંતકાળ. અંતકાળ એટલે મહારાજ કહે કે, અંતકાળ એ દરિયા જેવો છે. નદી કે તળાવ હોય તે તરી શકાય, પણ સમુદ્ર તો ગમે તેવો તરવૈયો હોય, તો પણ તરી શકે નહીં. તેમ અંતકાળનો સમય એવો છે અને આપણે બધા જાણીએ છીએ કે, આ દેહ મૂકીને ભગવાનના ધામમાં જવાનું છે. આ હમણાં જરાક આપણે માંદા પડી જઈએ કે હાર્ટમાં તકલીફ આવે કે કેન્સર જેવો રોગ થઈ જાય, તો આપણને બીક લાગી જાય.

ભગવાનના ભક્તને મરવાની બીક શાથી લાગે છે ?

એક ભકત સંતો પાસે આવ્યા હતા. વીસ– પચીસ વર્ષના યુવાન હતા. તે રડવા જ માંડયા કે, સ્વામી, મને કેન્સર થઈ ગયું છે. હવે હું મરી જઈશ. જો એને મરવાની બીક લાગી, કેમ કે જેને ભગવાનનું જ્ઞાન નથી, ભગવાનનો આશરો નથી, ભગવાનનું ભજન કર્યું નથી, તો એને એમ થાય કે મારૂં હવે શું થાશે. તો એને તો એમ બીક લાગે એ બરોબર છે. પણ જેને આવો સત્સંગ મળ્યો હોય, ભગવાન મળ્યા હોય, ભગવાનનું ભજન કરતો હોય, એણે બીક શા માટે રાખવી જોઈએ. ને રાખીએ તો એટલી આપણી હજી કાચ્યપ છે. આટલામાં આ સભામાં તો કોઈને બીક લાગતી હોય એમ લાગતું નથી. મરવાની બીક કોઈને લાગતી નથી ને ? હમણાં અહીં જો સર્પ નીકળે તો કેટલા જણા આપણે બેસી રહીએ? એટલે આપણને મરવાની બીક લાગી જાય છે. જરાક છાતીમાં દુઃખે કે ડોકટરને બોલાવવા દોડી જાય. હાર્ટ બંધ થઈ જશે તો હું મરી જઈશ તો, એમાં પણ બીક લાગે છે. શાથી લાગે છે? હજી આપણે મરવાની તૈયારી કરી નથી અને પોતાના માતા–પિતા પાસે દેશમાં જાય તો એને આનંદ થઈ જાય. અહોહો! હું આ બે વર્ષ કે પાંચ વર્ષ પરદેશમાં કમાવા ગયો હતો, હવે હું મારા

વતનમાં જઈશ, મારા માતા–પિતાને મળીશ, મારા બંધુઓને મળીશ એમ એને આનંદ થઈ જાય, પણ આપણને આપણા માતા–પિતા કે ખરા બંધુ તો ભગવાન છે, એને મળવાને માટે જો આપણને આનંદ થાતો નથી તો એમાં કારણ શું છે ? કે હજુ આપણે જેવું છે એવું ભગવાનનું ભજન નથી કર્યું. ભગવાનનો જેવો મહિમા જોઈએ તેવો મહિમા સમજાણો નથી. એટલે આપણને મરવાની બીક લાગી જાય છે. તે મોટા સંતો કહેતા કે, આપણે હમણાંથી જ મરવાની એવી તૈયારી કરવી કે, હું ભગવાનનો ભકત છું અને મારે ભગવાનના ધામમાં જરૂર જાવું છે. ભગવાનના ધામમાં બહુ સુખ છે, તો મરવાની બીક શા માટે રાખવી ?

તે મધ્યનું પંચાવનમું વચનામત છે, તેમાં લખ્યું છે કે, ભગવાનના ભકતને સદાયને માટે અંત અવસ્થા રાખવી. ને એમ વર્ત્યા કરે કે, આ ઘડી ને આ પળમાં જ દેહ પડી જાશે, એવું એને સદાય વર્ત્યા કરે. છેલ્લા પ્રકરણના ત્રીસમાં વચનામતમાં પણ એમ જ લખ્યું છે કે, ભગવાનના ભકત હોય એને પાંચ વાર્તાનું નિરંતર અનુસંધાન રહે છે કે, આ ઘડી, આ ક્ષણમાં આ દેહ પડી જશે. તો હું ભગવાનનો ભકત છું અને ભગવાન મને જરૂર અક્ષરધામમાં તેડી જાશે. જેમ પરીક્ષિત રાજાને શાપ થયો, તમો સાત દિવસમાં મત્યુ પામશો, તો એમણે શુકદેવજીનો સમાગમ કરી, ભાગવતની કથા સાંભળી તો એમને આત્મા ને પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ ગયું. ત્યારે શુકદેવજીએ પૂછયું કે કેમ રાજન્ ? ત્યારે છટ્ઠે દિવસે પરીક્ષિત રાજાએ કહયું કે, મારો દેહ ભલે કાલે પડતો હોય તો આજે જ પડી જાય, પણ મને આ દેહમાં કાંઈ મોહ નથી. એમને તો સાત દિવસની અવધિ હતી, પણ આપણને તો એક દિવસની પણ અવધિ નથી. ફલાણાભાઈ હાર્ટ ફેઈલથી મરી ગયા, ફલાણાભાઈ એકિસડન્ટથી મરી ગયા, એમ એક ક્ષણનો પણ નિર્ધાર છે નહીં. તો આપણે દરેકે ભગવાનનો એવો મહિમા સમજી, ભગવાનનું ભજન કરી, ભગવાનની મૂર્તિમાં હેત કરવું.

હરિ મેરે હાલરકી લકરી

છેલ્લા પ્રકરણના એકત્રીસમાં વચનામતમાં લખ્યું કે, "હરિ મેરે હાલર કી લકરી" ને "જમુના કે તીર ઠાડો." હાલર કી લકરી એટલે શું ? તો હાલર નામનું એક પક્ષી થાય છે. મેં તો તે જોયું નથી પણ શાસ્ત્રમાં લખ્યું છે કે, તે પક્ષી છે એની ચાંચમાં

નાનકડી લાકડી, આ વચનામતમાં કહ્યા પ્રમાણે હશે. તે લાકડી પકડી જ રાખે, છોડે નહીં. તેમ આપણે ભગવાનના ભકતોએ ભગવાનની મૂર્તિ રૂપી લાકડીને પકડી રાખવી અને જમુના કે તીર ઠાડો એટલે જમુનાના તીરે શ્રીકૃષ્ણ ભગવાન ઊભા હતા, તેમાં મારે પ્રેમ કરવો. એમ આપણે પણ અક્ષરધામના અધિપતિ એવા જે ભગવાન પુરૂષોત્તમ નારાયણ તેના પ્રત્યે પ્રેમ રાખવો. જેમ માછલીને જળ જીવન છે, એમ ભગવાનના ભકતે ભગવાન જ જીવન રાખવું.

ગૃહસ્થ ભક્તોએ સંસારમાં જળકમળવત્ રહેવું

બીજું, ગહસ્થો આ દુનિયામાં રહ્યા એટલે વ્યવહારિક કામ તો કરવું જ પડે, પણ મહારાજ કહે કે,

" સંસારમાં સરસો રહે અને મન મારી પાસ,
સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ "

સંસારમાં ભલે રહેલા હોઈએ, વ્યવહારિક કામ ભલે કરીએ, પણ ભગવાન કહે કે, મન મારી પાસે રાખે. સંસાર જેને લોપે નહીં, તેને જાણું મારો દાસ. તો તમે ભલે ગહસ્થાશ્રમમાં રહેલા છો અને ભગવાને જેને જ્યાં રાખ્યા ત્યાં ભલે રહ્યા, પણ પાણીમાં જેમ કમળ રહે છે, એ પાણીમાં ડૂબતું નથી, એવી રીતે આપણે પણ જ્ઞાને કરીને સંસારમાં રહેવું. એમ જાણીએ કે, આ પેઢી ભગવાનની છે અને હું ભગવાનનો દાસ છું. આ સ્ત્રી, પુત્ર, ધન દોલત, માલમિલ્કત, ગાડી, બંગલા જે કંઈ રિદ્ધિ સિદ્ધિ હોય તે ભગવાનની છે. હું તો ભગવાનનો દાસ છું. મને ભગવાને આ કામ સોંપ્યું છે. તેથી ભગવાનને રાજી કરવા માટે હું આ કરૂં છું. એવી ભાવના રાખીને વ્યવહારિક કાર્ય કરે, તો એના અંતરમાં કયારેય પણ અશાંતિ ન થાય. નહીંતર તો આપણે જરાક પણ માંદા પડીએ, તે ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, જરાક વા ન આવે એટલે મુંઝાઈ જવાય. પહેલાના જમાનામાં પંખા નહોતા પણ પવન આવતો, ગરમી થાય પણ પવન આવે એટલે એને શાંતિ થાય. પવન ન આવે તો મુંઝાઈ જવાય. તેમ આ સંસારમાં જરાક સુખદુઃખ આવે, જરાક માન અપમાન થાય, તો એમાં જ્ઞાનની દ્રઢ

તા ન હોય તો હરખ શોક ને પામે અને જ્ઞાનની દ્રઢતા હોય તો હરખ શોક પામે નહીં. તો આપણે પણ આ સંસારમાં રહેલા હોઈએ, તો અનેક પ્રકારના મોજાં આવે. "સંસાર છે સુખ દુઃખ નો દરિયો, તેને તરી શકે કોઈક જ તરીયો." તે સંસાર છે એ સુખ દુઃખનો દરિયો છે. તેમાં અનેક પ્રકારના મોજાં આવે. સારા આવે અને નરસા પણ આવે, પણ આપણે સંત સમાગમ કરીને, જ્ઞાને કરીને સુખીયા રહેવું.

બીજું, ચક્રવેણુપાણી રાજાની વાત પહેલા કરી હતી, એ રાજા રાજ કરતા હતા, પણ એમણે સંત સમાગમ કર્યો તો કોઈ પ્રકારે વ્યવહારમાં બંધાણા નહીં. તો આપણે પણ જો આવી જ્ઞાનની દઢતા રાખશું તો આપણે પણ જગતમાં બંધાશું નહીં.

પ્રશ્નોત્તરી

પ્ર ન : દેહ છતાં જ કલ્યાણ કેમ મનાય ?

ઉત્તર : તે એમ વિચારે કે, હું આત્મા છું, ભગવાનનો ભકત છું, એવી જ્ઞાનની દ્રઢતા થઈ જાય તો એને મરવાની બીક ટળી જાય અને દેહ છતાં કલ્યાણ મનાઈ જાય છે. બીજું, સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી ભાષ્યમાં આજ્ઞા કરી કે, આપણે શિખા રાખવી. તે શિખા જે ચોટી રાખવી. બીજું, મહારાજે એક વચનામતમાં લખ્યું કે, અમારો તો સાધુ સ્વભાવ છે, એટલે સાધુએ કોઈની નિંદા કરાય નહીં. કોઈને દુઃખ થાય એવું બોલાય નહીં. બીજું, સ્વામિનારાયણ ભગવાન પણ થોડો સમય સાધુ રૂપમાં હતા. એટલે તે કીડી જેવા જીવને પણ દુભવતા નહીં, એટલે સંતોને પણ એવું કે, ભગવાનના ભકતનો મનથી, વચનથી કે કર્મથી અપરાધ ન થાય તે કાળજી રાખવી. બીજું, કોઈનો સ્વભાવ કડક હોય, છતાં પણ આપણે કોઈનો અભાવ લેવો નહીં. તે મોટા સંતો કહેતા કે, સંગની શુદ્ધિ અને નિદોર્ષ બુદ્ધિ રાખવી. સમાગમ કરવો હોય અને ગુરૂ કરવા હોય, ત્યારે તેનું જીવન જોવું, એનું વત્તાંત જોવું. બીજું, એ કોના થકી ગુણ પામ્યા છે, એના ગુરૂ કોણ હતા. ત્રીજું એના થકી કેટલા સુધર્યા છે. એમ ત્રણ પ્રકારે ગુરૂની શુદ્ધિ જોઈ સમાગમ કરવો. બાકી, સત્સંગમાં સંગની શુદ્ધિ અને નિર્દોષ બુદ્ધિ રાખવી અને કોઈનો અભાવ લેવાની મહારાજે ના પાડી છે.

પ્ર ન : દેહ ભાવ કેમ ટાળવો ?

ઉત્તર : તો તે તો એવી રીતે હંમેશા અભ્યાસ કરીએ કે, હું આત્મા છું, ભગવાનનો ભકત છું. તે મહારાજે વચનામતમાં લખ્યું છે કે, મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે, તો બ્રહ્મના ગુણ આવે છે. તેમ આપણે હંમેશા એવી રીતે અભ્યાસ કરીએ, તો જરૂર દેહના ભાવ ટળી જાય છે. તે જેમ પાણીનો ઘડો ઢોળવો હોય અને તે આજે ઢોળી આવીએ અને પછી ઢોળીએ નહીં તો સુકાઈ જાય.

માણસ માત્રને આ દુનિયામાં દરેક કાર્ય આવડી જાય છે. ખેડૂતોને ખેતીનું આવડી જાય છે. વેપારીને વેપારનું આવડી જાય છે. નોકરી કરતા હોય તેને નોકરીનું આવડી જાય છે. એમ આ દુનિયામાં દરેક કાર્ય આવડી જાય છે. તેમ આપણે ભગવાનનું ભજન કરવામાં કાળજી રાખવી.

બીજું, વચનામતમાં લખ્યું કે, જીવમાં અનાદિ કાળના માયાના પાશ બેસી ગયા છે તે કેમ ટળે ? અને ઈન્દ્રિય અંતઃકરણના સ્વભાવ કેમ ટળે અને ઘાટ સંકલ્પ કેમ ટળે ? અને માયાના વિકારો કેમ ટળે ? તે ભગવાનનું ભજન કરે તો ટળી જાય. બીજું, બ્રાહ્મ મુહૂર્તમાં જાગી જવાનું કહયું તો તે બરાબર છે. બ્રાહ્મ મુહૂર્તમાં જાગી જવાય તે ઉત્તમ છે.

તે બ્રાહ્મ મુહૂર્તમાં જાગી, ભગવાનનું ધ્યાન, ભજન, ભકિત કરવી. બીજું, સૂર્ય ઊગે તો રાત્રીનો અંધકાર એની મેળે ટળી જાય છે, તેમ ભગવાનનું ધ્યાન, ભજન કરે તો એના અંતરમાં અજ્ઞાન રૂપી રાત્રિનો નાશ થઈ જાય છે અને જ્ઞાનરૂપી સૂર્યનો પ્રકાશ થાય છે, તેમ આપણે ધ્યાન, ભજન કરીએ તો ધીરે ધીરે તે સ્વભાવ, પ્રકતિ, વાસના ને માયાના વિકારો મેળે મેળે ટળી જાય છે. તે પ્ર.પ્ર. ના ૪૪ માં વચનામતમાં મહારાજે કહયું કે, તમે સત્સંગ તો કરો છો, પણ અડધો અમારો કરો છો અને અડધો જગતનો કરો છો. તેમ આપણે પણ અડધો સત્સંગ ભગવાનનો કરીએ છીએ અને અડધો સત્સંગ જગતનો કરીએ છીએ. તેથી અખંડ એવો આનંદ આવતો નથી. પણ અખંડ જો આપણે ભગવાનનો સત્સંગ કરીએ તો એની મેળે દરેક રાગ ટળી જાય અને આનંદ થાય.

બીજું, ભગવાનનું ધ્યાન ભજન કરવાને માટે વહેલા ઉઠવું. તે સ્વામિનારાયણ ભગવાને પણ શિક્ષાપત્રીમાં કહયું અને સત્સંગીજીવનમાં પણ કહયું કે, બ્રાહ્મ મુહૂર્તમાં

જાગી જવું. તો બ્રાહ્મ મુહૂર્ત કે'ને કહેવાય ? તો સવારના ચાર થી પાંચની વચમાં જાગી જવાય, તો બ્રાહ્મ મુહૂર્તમાં જાગ્યા કહેવાઈએ અને તે વખતે મોટા મોટા ઋષિમુનિઓ, મોટા મોટા સંતો, મોટા મોટા ભગવાનના એકાંતિક ભકતો વહેલા ઉઠીને, ભગવાનનું ધ્યાન ભજન કરતા હોય, તો એનો આપણને કરંટ લાગે. તે મહારાજે લખ્યું કે, સ્વરૂપાનંદ સ્વામી ઉપરથી વાયરો ઉડીને જેને લાગે, તેનું પણ કલ્યાણ થઈ જાય. ને તેના અંતરમાં આનંદ થઈ જાય છે. તેમ આપણે વહેલા ઉઠીને ધ્યાન, ભજન, પૂજા પાઠ કરીએ, તો સંતો કે ઋષિમુનિઓનો કરંટ લાગે અને ભગવાનનો રાજીપો થાય.

બીજું, પોતાના આત્માને ત્રણ દેહથી વિલક્ષણ અક્ષરધામ તુલ્ય માનવો, ને તે અક્ષરધામના તેજને વિષે ભગવાનની મૂર્તિને ધારીએ તો અંતરમાં આનંદ આવે.

બીજું, બ્રાહ્મ મુહૂર્તમાં જાગી જાવું અને આહાર વિહારની શુદ્ધતા રાખવી અને કોઈની વસ્તુ કાંઈ ખાવી નહીં. દૂધની બનાવેલ વસ્તુ પણ ખાવી નહીં. આપણે કયાંય ગયા હોઈએ, તો ફુટ ધોઈ ભગવાનની મૂર્તિ કે શિક્ષાપત્રીને ધરાવીને જમવું. બહારનું કાંઈ ખાવું નહીં. બીજું, ત્યાગીને મહારાજે અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય કહ્યું છે, એ પ્રમાણે ત્યાગીને વર્તવું અને ગહસ્થને પણ જેમ આજ્ઞા કરી કે, પ્ર.પ્ર. ના ૩૪ ના વચનામતમાં ત્યાગીને જે અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય કહયું છે, તો ગહસ્થને બ્રહ્મચર્ય કેવી રીતે કરવું ? તો પરસ્ત્રીનો ત્યાગ રાખવો. કોઈ પરસ્ત્રીને ખોટી દ્રષ્ટિથી જોવું નહીં. કેવી રીતે તો લક્ષ્મણજી પોતે વનમાં સીતામાતા જોડે રહયા, ને પોતે પગે લાગવા જતા. તો તેના ચરણારવિંદ સિવાય બીજું કોઈ અંગ જોયું નહીં. તેવી રીતે આપણે પણ બીજી સ્ત્રીઓને માતા, બહેન અને દીકરી જાણવી તથા પોતાની સ્ત્રી સાથે પણ ઋતુ સમયે – ઋતુ સમય કયારે કહેવાય? સ્ત્રી રજસ્વલા થાય પછીથી શરૂ કરીને સોળ દિવસ સુધી ઋતુ સમય કહેવાય. એ રીતે બ્રહ્મચર્ય પાલન કરે અને આહાર વિહારની શુદ્ધિ રાખીને ભગવાનનું ધ્યાન, ભજન, ભકિત કરવાનો આગ્રહ રાખે, તો એને જરૂર પોતાના અંતરમાં ભગવાનનો આનંદ આવે અને તે વચનામતમાં મહારાજે કહયું છે કે , તમે કયે દહાડે કરવા મંડયા અને ન થયું ? કેટલાક માણસો શંકા કરે કે, સ્વામી, કળિયુગમાં આવું થતું હશે ? વાતે ય સાચી કે કળિયુગમાં તો આ જીવ અનાદિ કાળનો

માયામાં રખડતો આવે અને અનેક પ્રકારની આધિ, વ્યાધિ, ઊપાધિ, મોહ, માયા આદિકમાં ફસાઈ જાતો હોય અને વળી પાછા બંધન– આ સ્ત્રી, પુત્ર, કાકા, મામા કેટલા પ્રકારના તે જીવને છે, તે તો તમને ગહસ્થને ખબર પડે. તો એવા અનેક પ્રકારના બંધન જીવને છૂટે કયારે ? કે, આવી રીતે ભગવાનનું ધ્યાન ભજન કરે તો જરૂર છૂટે.

સ્વામિનારાયણ મહામંત્ર સર્વોપરી છે

પ્ર ન :સ્વામિનારાયણ ભગવાને, સ્વામિનારાયણ નામનો મહામંત્ર આપ્યો, છતાં ભૂત પ્રેત આદિના ઉપદ્રવોમાં હનુમાનજીના મંત્રનો જપ કરવાનું કેમ કહયું ?

ઉત્તર :એમાં તો એમ લખ્યું છે કે, સ્વામિનારાયણ મહામંત્ર તો સર્વોપરી છે અને તેના જપથી કાળા સર્પનું ઝેર પણ ઉતરી જાય છે. પણ હનુમાનજી એવા ભગવાનના ભકત હતા અને રામ ભગવાનની પણ એમણે ઘણી સેવા કરી અને રામ ભગવાનનો સાક્ષાત્કાર કર્યો અને સ્વામિનારાયણ ભગવાનના વખતમાં સ્વામિનારાયણ ભગવાનની પણ ઘણી સેવા કરી, તો ભગવાન પણ આ લોકમાં જેમ નાનું કામ હોય, તો મોટો સાહેબ જેમ નીચેનો સાહેબ હોય એના પાસે કરાવતો હોય, પણ મોટું કામ હોય તો પોતાના હાથે કરે, તેમ આ હનુમાનજી એવા ભગવાનના સેવક છે. તો મહારાજ કહે કે, તેમના પાસેથી કામ થતું હોય તો તેમ કરો. એટલે મહારાજે હનુમાનજીને તે કામ કરવાનું કહયું. કેટલાક લોકો માતામાં, પીરમાં, ફકીરમાં એમ બીજે ભટકતાં હોય, એના કરતા આ હનુમાનજી ભગવાનના ભકત છે અને એની સાધના કરવાથી તે ટળી જાય છે. ગોપાળાનંદ સ્વામીએ સારંગપુરમાં હનુમાનજી પધરાવ્યા. તેમાં પણ સ્વામીએ ઘણો ચમત્કાર મૂકયો. તેને લઈને પણ હનુમાનજીની વાત લખી. બાકી આમાં, આમ તો સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. તે સ્વામિનારાયણ ભગવાનને વિષે નિષ્ઠા રાખી ભગવાનનું ભજન કરવું.

આપણા સૌના મોટા ભાગ્ય છે કે, અપણને આવા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન મળ્યા

સ્વામિનારાયણ ભગવાન એવા દયાળુ છે કે, પોતાના ભકતનું કેમ હિત થાય તે કરવાને માટે જ પોતે રાત દિવસ દાખડા કરે છે. તો એવા દયાળુ ભગવાન આપણને

મળી ગયા છે. તો આપણા સૌના મોટા ભાગ્ય છે. આ દુનિયાની દરેક વસ્તુ મળે પણ આવા ભગવાન મળવા એ બહુ જ દુર્લભ છે. તે પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં કહયું છે કે, " ઘણા મોંઘા છો ઘનશ્યામ, નાવે નજરે ન મળે કોઈને રે ; અક્ષરવાસી આઠો જામ, જેને રહયા છે અખંડ જોઈને રે. " ભગવાન, તમે તો બહુ મોંઘા છો, તો તમારી જોડમાં કોઈ આવે એવું છે નહીં. એવા ભગવાન બહુ મોંઘા છે, પણ આપણને બહુ સોંઘા થઈ ગયા છે. આપણા પર તો ભગવાને ઘણી દયા કરી ને આપણાને સૌને પોતાને શરણે લીધા. તો હવે આપણે દરેકે શું કરવાનું છે ? કે આગળ તો ભાથું બાંધીને ભગવાનને ખોળવા જતા. "કોઈ રે મુકાવે મને કાળથી, આપું તેને આ શીશ જો." કોઈ મને આ કાળ અને માયા થકી મુકાવે તો તેને હું મારૂં મસ્તક આપી દઉ. એવા આગળ ઘણા ભકતજનો ભગવાનને ખોળવા જાતા. પણ આપણા ઉપર આ ભગવાને દયા કરી અને ઘેર બેઠા આપણને મળી ગયા. તો આપણે દરેકે શું કરવું ? કે ભગવાનનો દ્રઢ આશરો રાખવો. આ સ્વામિનારાયણ ભગવાન છે, તે સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વના નિયંતા, સર્વ સુખના નિધિ છે. તેને વિષે પતિવ્રતાની ટેક રાખવી અને બીજા ભગવાનના ઘણાંક અવતારો થઈ ગયા છે અને હજી ઘણાંક થાશે, પણ આપણને તો ધર્મદેવ અને ભકિતમાતાના પુત્ર ઘનશ્યામ મહારાજ મળી ગયા છે, તો એમને વિષે પતિવ્રતાની ટેક રાખવી. એવી રીતે પતિવ્રતાની ટેક ભગવાનને વિષે રાખી ને ભગવાનનું ભજન કરશું તો ભગવાન આપણા હૃદયમાં અખંડ નિવાસ કરીને રહેશે.

ભગવાનને વિષે સ્નેહ કેમ થાય ?

વચનામતમાં સ્વયંપ્રકાશાનંદ સ્વામીએ પ્ર ન પૂછયો કે, ભગવાનને વિષે સ્નેહનું શું કારણ છે ? અને ભગવાનને વિષે સ્નેહ કેમ થાય ? એના ઉત્તરમાં તો કહયું કે, સ્નેહ તો રૂપે કરીને થાય છે, કામે કરીને થાય છે એવા ઘણા ઉપાય છે. તો આપણે પણ ભગવાનને વિષે એવો સ્નેહ કરવો. ત્યાં ગોપીઓની વાત લખી કે, ગોપીઓને પરમાત્મા જે શ્રીકૃષ્ણને વિષે સ્નેહ થયો, તે ભાગવતમાં વાત લખી કે, હે પ્રભુ ! હે

ભગવાન! જે દિ થી અમને તમારા દર્શન થયા છે, ત્યારથી આ સંસારના સુખ અમને ઝેર જેવા થઈ ગયા છે! તો એમાં આપણે શું લેવાનું? તો ગોપીઓને શ્રીકૃષ્ણ પરમાત્મા મળ્યા હતા, તો આપણને આ સ્વામિનારાયણ ભગવાન, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વ સુખના નિધિ મળી ગયા છે. તો જેમ ભગવાનના દર્શન કરી, આ સંસારના સુખ એમને ઝેર જેવા થઈ ગયા, તેમ આપણને પણ એવા ઝેર જેવા થઈ જાય, તો આપણે ભગવાનને વિષે બરાબર સ્નેહ કર્યો કહેવાય. પણ હજી આપણે બરોબર વિચાર કરીએ, તો હજી આ સંસારના સુખમાં થોડીક વાસના રહી જાતી હોય – આ ભગવાનના ભકતોને તો ન હોય, પણ કેટલાકને રહી જાતી હોય, તો આવો ભગવાનનો મહિમા સમજવા જેવી કોઈ સારી વસ્તુ છે નહીં.

મોટા સંતોએ લખ્યું કે,

"સારમાં સાર હરિની મૂર્તિજી, તેમાં જેણે રાખી મન ચિત્ત વત્તિજી,
હરિ વિના બીજે ન રાખે રતિજી, તે ખરા ભકત મહામતિજી"

કે સારમાં સાર હરિની મૂર્તિ છે, તેમાં જો મનની, ચિત્તની વત્તિ રાખીએ અને ભગવાનની મૂર્તિ વિના બીજે કયાંય પણ વત્તિ ન જાય, તો એ ભગવાનનો એકાંતિક ભકત થયો કહેવાય. તો આપણે પણ સાચે ભાવે સત્સંગ કરી, સંત સમાગમ કરી એવી રીતે ભગવાનને સંભારવાનો અભ્યાસ કરીએ, તો જેમ ગોપીઓને આ સંસારના સુખ ઝેર જેવા થઈ ગયા, તો આપણને પણ આ સંસારના સુખ જરૂર ઝેર જેવા થઈ જશે.

ભગવાનના દર્શન કરવાની રીત

ભગવાનના દર્શન કરવા તો ઈન્દ્રિયો અને અંતઃકરણને એકાગ્ર કરીને કરવા ભગવાનના દર્શન કરતી વખતે આડી અવળી દ્રષ્ટિ કરવી નહીં. આમાં ખિસકોલીનું દ્રષ્ટાંત આપ્યું કે, ચાલે, દોડે, બોલે ત્યારે પૂછડું ઉંચું કરે, એમ જો ભગવાનના ભકત હોય અને ભગવાનના દર્શન કરતા કરતા એની આગળ બીજા પશુ, મનુષ્ય આદિ

આવે, તો એમાં વત્તિ ચાલી જાય, તો એ ભકત પણ કહેવાય નહીં. વળી મહારાજે એમ પણ કહયું કે, ભગવાનના દર્શન કરવા, ભગવાનની પ્રાર્થના કરવી, તે ગદ્‌ગદ્‌ કંઠે અને રોમાંચિત ગાત્રે કરવી. ગદ્‌ગદ્‌ કંઠે એટલે હે મહારાજ ! હે દયાળુ ! હે ભગવાન ! એવી રીતે આપણે ભગવાનની પ્રાર્થના કરીએને તો આપણું હેયું ભરાઈ જાય હો અને આપણા હૃદયમાં ભગવાનનો આનંદ આવ્યા કરે, ને આનંદના ફુવારા વહે અને રોમાંચિત ગાત્રે એટલે આપણા શરીરમાં સાડા ત્રણ કરોડ રૂંવાડા છે, તે બધાય રૂંવાડા ઊભા થઈ જાય ને આનંદ આનંદ ને આનંદ થઈ જાય. બીજું , સંતોએ વાત લખી કે, પ્રેમાનંદ સ્વામી જે હતા તે પ્રેમની મૂર્તિ જ, એમણે જેટલા કીર્તનો કર્યા તે બધા જ લગભગ ભગવાનની મૂર્તિના વર્ણન વાળા જ છે. તે પ્રેમાનંદ સ્વામી ભગવાનના કીર્તન બોલતા તો એને રૂંવાડે રૂંવાડે દર્શન થતા અને રૂંવાડે રૂંવાડે ભગવાનનો આનંદ થાતો. ત્યારે એવા પ્રેમાનંદ સ્વામી એ પ્રેમની જ મૂર્તિ હતા, એટલે મહારાજ કહે કે, આવી રીતે આપણે પણ ભગવાનના દર્શન કરવા.

ધરમપુરના કુશળકુંવરબાઈ

કુશળકુંવરબાઈ ધરમપુરના હતા. ત્યાં આપણા સંતો ફરતા ફરતા ગયા અને દૂરથી એ બાઈએ વાતો સાંભળી. ભગવાનના ધ્યાનની , જ્ઞાનની, ભકિતની વાતું એ બાઈએ બેઠા બેઠા સાંભળી અને સંતોનો તો ધર્મ એ જ છે કે, જીવ માત્રનું હિત કરવું. જીવમાત્રને ભગવાનને વિષે હેત કેમ થાય અને અનાદિકાળના આ જીવને માયાના જે કાંટા લાગી ગયા છે તે કેમ નીકળે અને ભગવાનને વિષે પ્રેમ થાય એટલે આ સંતો એવી રીતે વાતું કરતા. ત્યારે બાઈને ભગવાનનો મહિમા સમજાણો અને બાઈને પણ સત્સંગ થયો, ત્યારે તે બાઈએ પુરૂષ મારફત સ્વામીને વિનંતી કરાવી કે, આ ભગવાનને અહીં તેડી આવો તો જેટલો ખર્ચો થાય તેટલો હું અપાવું. ત્યારે તે બાઈને ભગવાનને વિષે એવો પ્રેમ અને તે બાઈ પૂર્વના યોગભ્રષ્ટ જીવ હતા. મોટા સંતો એમ વાત કરતા કે, અડાલજમાં જે વાવ કરાવી તે બાઈનો એ અવતાર હતા. એમ મોટા સંતો પરંપરામાં વાતું કરતા. તે વાવ કરાવી અને દિવાલમાં એવો લેખ લખ્યો કે, જે કોઈ ભગવાન કે સંતો આમાં નહાય કે એનું પાણી પીએ તો મારૂં કલ્યાણ થાય. આ

જન્મે તો મને એવા ભગવાન કે ભગવાનના સંતો મળ્યા નથી, એટલે આ જન્મે તો મારો મોક્ષ થાય એમ નથી પણ ભવિષ્યમાં આ વાવમાં કોઈ નહાય કે પાણી પીએ તો એનું પુણ્ય મને મળે અને મારા જીવનું કલ્યાણ થાય. એટલે તે બાઈએ ભાવથી વાવ કરાવી. તો સ્વામિનારાયણ ભગવાન ફરતા ફરતા ત્યાં અડાલજની વાવે ગયા અને ત્યાં જઈને મહારાજ પોતે નાહયા. સર્વે સંતો પણ તેમા નાહયા. તો મહારાજે ત્યાં સંકલ્પ કર્યો કે હે સંતો! કે તમો સર્વે એવો સંકલ્પ કરજો કે આ બાઈને એવી ભાવના હતી કે, એમાં જે કોઈ નહાય, ભગવાન કે ભગવાનના સંતો, તો મારૂં કલ્યાણ થાય, તો મહારાજ કહે, તમો બધા ભગવાનના સંતો એવો સંકલ્પ કરજો, કે તે બાઈનું સારૂં થાય.મહારાજે પણ એવો સંકલ્પ કર્યો તે પુણ્યે કરીને તે બાઈ પછી સત્સંગી થયા અને મહારાજને પ્રાર્થના કરાવી. એટલે મહારાજ પછી ફરતા ફરતા ત્યાં ગયા, ત્યારે એ બાઈ પોતે રાજ કરતા હતા. મહારાજ ત્યાં ગયા,ત્યાં કોઈકે સમાચાર મોકલ્યા કે, સ્વામિનારાયણ ભગવાન તમારે ઘેર આવ્યા છે, ત્યારે બાઈને ભગવાનના સમાચાર સાંભળી આનંદ થઈ ગયો. અહોહો! મારે ઘેર ભગવાન આવ્યા! નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, "ગયા હતા બાઈ ગામ બીજે નામ કુશળકુંવર, જે તરત જ ત્યાંથી આવીયા, સુણી પ્રભુ પધાર્યા ઘેરજી." બાઈ બીજે ગામ ગયા હતા. ભગવાનના આવવાના સમાચાર સાંભળી બાઈ પોતે દોડયા. જેમ ગાય દોહે અને વાછડાને છોડે, તો શું ધીમે ધીમે ચાલે ? એકદમ દોડે. તેમ આ બાઈ પોતે રાજમર્યાદાનો ત્યાગ કરી – કેમકે ભગવાનને વિષે એવો પ્રેમ થઈ ગયો, એટલે એમને પોતાના શરીરનું કંઈ ભાન રહ્યું નહીં. બાઈ એકદમ દોડીને ભગવાનના દૂરથી દર્શન કર્યા. નયણે નીરખી નાથને કતાર્થ થઈ એમ જાણીએ,મારા ભાગ્ય મોટા એમ કહી આનંદ આણીએ. એમ આ બાઈ દર્શન કરી અને આ ભગવાન મારા ઈષ્ટ દેવ છે એમ માની, એના અંતરમ આનંદ આવ્યો.

એના ઉપર પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું કે,

" નેણામાં રાખું રે નેણામાં રાખું રે,
નાથ તમને જતન કરીને મારા નેણામાં રાખું રે
નેણે નીરખી હરિને ઉરમાં ઉતારૂં."

નેણામાં એટલે નેત્રમાં. ત્યાં બ્રહ્માનંદ સ્વામીએ પણ એક કીર્તનમાં લખ્યું કે,

"હૈડામાં મને વ્હાલા લાગો છો વનમાળી, વ્હાલા લાગો છો,
લટકાળા રે , લાલા મારા નેણાં ઠરે છે ભાળી ભાળી
હૈડામાં મને વ્હાલા લાગો છો વનમાળી. "

હે ભગવાન! તમે મને બહુ વ્હાલા લાગો છો અને મારા નેણામાં અખંડ રહેજો અને વળી બીજું લખ્યું કે

"હૈડામાં રાખું રે, હૈડામાં રાખું રે,નાથ તમને,
જતન કરીને મારા હૈડામાં રાખું રે"

એટલે આમ બાઈએ ભગવાનના દર્શન કરી અને ભગવાનની મૂર્તિ અંતરમાં ઉતારી લીધી! ભક્તચિંતામણીમાં લખ્યું કે જાણે નેત્ર વડે ભગવાનની મૂર્તિ પી જાશે. આપણે પીએ મુખે કરીને, પણ નેત્રે કરીને પી જાશે,એટલે અંતરમાં ઉતારશે. મુખે કરીને પાણી પી જાશે એમ નહીં. પણ ભગવાનના દર્શન કરી એ બાઈએ ભગવાનને અંતરમાં ઉતારી લીધા. એ બાઈને ભગવાનમાં પ્રેમ થઈ ગયો. એણે એકવાર ભગવાનના દર્શન કર્યા તો તે ભગવાનની મૂર્તિના સુખમાં તલ્લીન થઈ ગયા.

વચનામતમાં કહ્યું કે, આપણે પણ ભગવાનના દર્શન કરવા. તો જેમ ધરમપુરના કુશળકુંવરબાઈ દર્શન કરતા હતા, તેવી રીતે દ્રષ્ટિ પલટાવીને કરવા. દ્રષ્ટિ પલટાવીને એટલે શું કરવાનું? કે આપણે આ ઘનશ્યામ મહારાજ કે હરિકૃષ્ણ મહારાજ કે ભગવાનનું જે સ્વરૂપ આપણને પ્રિય લાગતું હોય, એના આપણે દર્શન કરીએ તો થોડીવાર ભગવાન સામું જોઈએ અને થોડીવાર નેત્ર મીંચીને ભગવાનને અંતરમાં ઉતારીએ, એ દ્રષ્ટિ પલટાવીને દર્શન કર્યા કહેવાય. એટલે મહારાજ કહે કે, આપણે જેવી રીતે બહાર ભગવાનના દર્શન કરીએ,એવા ને એવા એને અંતરમાં ભગવાનના દર્શન થાય, તો એને દ્રષ્ટિ પલટાવીને દર્શન કર્યા કહેવાય. તો આ બાઈએ આવી રીતે ભગવાનના દર્શન કર્યા, ભગવાનની પૂજા કરી, ભગવાનની આરતી ઉતારી

અને મહારાજને પ્રાર્થના કરી કે, હે મહારાજ ! અજાણે હું આટલા દિવસ રાણી થઈને રહેતી હતી અને રાજ્યનું કામ કરતી હતી. પણ હે મહારાજ! હવે આજથી તમને હું મારૂં રાજ્ય અર્પણ કરૂં છું. હું તો તમારી દાસી થઈને રહીશ. જુઓ, એ બાઈએ એકવાર ભગવાનના દર્શન કર્યા તો તેને સંસારના સુખ ઝેર જેવા થઈ ગયા. તેમ આ બાઈ પાસે રાજ વૈભવ સર્વે હતું. પોતે રાજ્ય કરતા હતા, છતાં પણ એમણે ભગવાનના એકવાર દર્શન કર્યા તો એમને સંસારના સુખ ઝેર જેવા થઈ ગયા.

બીજું, સ્વામિનારાયણ ભગવાને દાદા ખાચરને કહયું તેમ દાદા ખાચરે પણ સર્વસ્વ સ્વામિનારાયણ ભગવાનને અર્પણ કર્યું હતું. તો મહારાજ કહે દાદા ખાચર આ રાજ્ય તમે ભલે અર્પણ કર્યું પણ અમારી આજ્ઞાએ કરીને આ રાજ્ય તમે કરો ને હું તમારા ઉપર રાજી છું. દાદા ખાચર પણ એમ માનતા હતા કે, આ રાજ્ય તો ભગવાનનું છે. હું તો એમનો દાસ છું. આ કુશળકુંવરબાઈએ પણ એમ જ કહયું કે, હે મહારાજ ! હું તો તમારી દાસી થઈને રહીશ, ત્યારે સ્વામિનારાયણ ભગવાને શું કહયું ? રાજ તમારૂં તમે કરો, પણ અંતરમાં રાખજો હરિ. જો રહેશે ઉપાધી અંતરે, તો મોટી ખોટ જાશે ખરી. સ્વામિનારાયણ ભગવાન કહે કે, બાઈ, રાજ કરવા અમે આવ્યા નથી. અમે તો અનેક જીવના કલ્યાણ કરવા માટે જ આવ્યા છીએ. સ્વામિનારાયણ ભગવાન પોતે અક્ષરધામમાંથી એવો સંકલ્પ ધારીને અહીં પધાર્યા હતા. જાણે આખા જગતને અમારા ધામમાં લઈ જવું છે. કે ભગવાન પોતે અનેક જીવના કલ્યાણ માટે અક્ષરધામમાંથી અહીં પધાર્યા છે. તો મહારાજ કહે કે હે બાઈ ! આ રાજ્ય તમે અમારી આજ્ઞાએ કરીને કરો, પણ અંતરમાં મારી મૂર્તિ રાખજો. ત્યારે સ્વામિનારાયણ ભગવાને પણ એક ઠેકાણે વચનામતમાં લખ્યું કે, ઉપર થકી ગમે તેટલી વ્યવહારની પ્રવત્તિ હોય, એનો અમારે ખરખરો નહીં પણ અંતરમાં રંચ જેટલો ઘાટ થાય તો એનો ત્યાગ કરીએ ત્યારે જ નિરાંત થાય. ભગવાનને તો તે કાંઈ સંકલ્પ હતા નહીં પણ આપણને શીખવાડયું.

બીજું, મહારાજે વચનામતમાં એમ પણ કહયું કે, જેને એ રીતનો ભગવાનને વિષે સ્નેહ થયો હોય, તો ભગવાન વિના બીજો જો સંકલ્પ થઈ જાય, તો કપાળમાં જેમ બળબળતો ડામ દે તેવું વસમું લાગે. પંચામત ભોજન જમતા હોઈએ અને એમાં

ધૂળનો ખોબો ભરીને નાખે તો કેવું વસમું લાગે, તેમ મહારાજ કહે જેને ભગવાનને વિષે આવો સ્નેહ થયો હોય, ભગવાનની મૂર્તિ વિના આવો કોઈ સંકલ્પ થઈ જાય તો એને એવું વસમું લાગે. આ સ્વામિનારાયણ ભગવાને આપણને સૌને શીખવાડયું કે, આપણે ભગવાનના ભકત થયા છીએ તો ભગવાનની મૂર્તિ વિના બીજો કોઈ સંકલ્પ ન થાય, તો જ આપણે એવા સાચા ભકત થયા કહેવાઈએ. એટલે મહારાજે આ કુશળકુંવરબાઈને કહયું કે, તમે આ રાજ કરો અને અમારી આજ્ઞાએ કરી તમે રાજ કરશો એટલે તમને બંધનકર્તા થાશે નહીં. પછી તે બાઈએ ભગવાનની આજ્ઞાએ કરીને તે રાજ્ય કર્યું. તેણે એમ જાણ્યું કે, આ રાજ્ય તો ભગવાનનું છે. હું તો ભગવાનની દાસી છું. તેમ આ ભગવાને આપણને શીખવાડયું કે, આ તમે સર્વે ગહસ્થાશ્રમમાં રહેલા છો એટલે વ્યવહારિક કાર્ય તો કરવું જ પડે. ખેડૂત હોય તેણે ખેતી કરવી પડે, વેપારી હોય તેણે વ્યાપાર કરવો પડે, નોકરી કરતા હોય તેણે નોકરી કરવી પડે. એમ જે કાંઈ ઉદ્યમ કરતા હોય તે વ્યવહારિક કાર્ય તો ગહસ્થાશ્રમીએ કરવું જ પડે. પણ એમ જાણે કે આ પેઢી ભગવાનની છે, હું તો આ ભગવાનનો દાસ છું. મને આ ભગવાને આજ્ઞા કરી છે તે પ્રમાણે મારે આ કામ કરવાનું છે, એવી ભાવના રાખીને જો આપણે વ્યવહારીક કાર્ય કરીએ તે દાદા ખાચરે તેમ કરી બતાવ્યું.

આ કુશળકુંવરબાઈએ પણ કરી બતાવ્યું. તો એ સર્વે એવા ભકતો થઈ ગયા. આગળ મોટા સંતો કહેતા કે, આપણે મોટા મોટા સંતોના શબ્દોની હાર્યુ કરવી, કે તે મોટા મોટા સંતો કેવી રીતે વર્તી ગયા છે, કે મોટા મોટા ભકતો કેવી રીતે વર્તી ગયા છે. તે ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામભાઈ, દાદા ખાચર, આદિક કેવી રીતે વર્તી ગયા છે, તો એવી રીતે ભગવાને આપણને વર્તવાની આજ્ઞા કરી છે. તો એવી રીતે કાળજી રાખીને આપણે ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરશું તો આપણા અંતરમાં એવો ભગવાનનો આનંદ આવી જાશે. તો આપણે સાચે ભાવે સત્સંગ કરવાનું ફળ તે છે, કે આવો લાભ પછી નહીં મળે કે, આવા ભગવાન મળવા, આવા સંતો મળવા, આવો સત્સંગ મળવો બહુ જ દુર્લભ છે. ભગવાનની મૂર્તિ વિના આ સંસારના સુખો ઝેર જેવા થઈ જાય, તો જ આપણે એવા ભગવાનના ભકતો થયા કહેવાઈએ, ને જો એવું ન થાય તો આપણને એવો આનંદ આવે નહીં. આ લોકમાં જો લોટરી લાગે ને

લાખ રૂપિયાની, બે લાખ રૂપિયાની તો આપણને આનંદ આવી જાય કે મને લોટરી લાગી.

હીરામાં નહીં હરિવર હિરલામાં ઘણુ સુખ છે

એક ગરીબ માણસને લાખ રૂપિયાનો હીરો મળી ગયો, એટલે તે ખિસ્સામાં રાખીને ચાલતો થયો. ચાલતાં ચાલતાં રસ્તામાં તરસ લાગી, એક કૂવો આવ્યો, હવે હમણાંની પેઠે ત્યારે મશીન કે એવા સાધન ન હતા. એટલે દોરડાથી પાણી સીંચવા માંડયું. ત્યારે ખિસ્સામાં હીરો હતો તે કૂવામાં પડી ગયો, એટલે પાણીનો લોટો તો બહાર આવ્યો પણ હીરો ખોવાઈ ગયો. આને પાણી પીવું ભાવ્યું નહીં. તરસ તો લાગી હતી પણ લાખ રૂપિયાનો હીરો ખોવાઈ ગયો એટલે તેને પાણી પીવાનું ભાવ્યું નહીં. પાણી પીધું નહીં, જમવાનું ભાવ્યું નહીં. ઉદાસ થઈને રસ્તામાં ચાલ્યો જતો હતો. ત્યારે રસ્તામાં ચાલતાં ચાલતાં તેને એક મહાત્મા મળી ગયા. મહાત્મા તો ત્રણેય અવસ્થામાં ભગવાનની મૂર્તિ અખંડ દેખતા હતા અને ભગવાનનું અખંડ ભજન, ચિંતવન કરતા. એવા એક મહાત્મા તેમને રસ્તામાં મળી ગયા. એને થયું કે આ મહાત્મા બહુ મોટા સંત પુરૂષ લાગે છે. જો આ મહાત્મા મારા ઉપર દયા કરે અને મને આ મારો હીરો મળી જાય, તો મને બહુ જ આનંદ આવી જાય. મહાત્મા પણ ધીમે ધીમે ચાલતા ચાલતા વિચારે કે, સર્વ જીવનું હિત થાય તે મહાત્માનો ધર્મ છે. ત્યારે આ ભગવાનની વાતું ચીતું કરતા બંને ચાલ્યા આવે. એટલે એમને બંનેને હેત થઈ ગયું. મહાત્મા બહુ સારા છે. ચાલતાં ચાલતાં તડકો બહુ હતો એટલે એક ઝાડ નીચે તે બેઠા. મહાત્માને વાત કરી કે, તમે બહુ મોટા સંત છો, મારૂં એક કષ્ટ તમે કાપી દ્યો તો બહુ જ સારૂં. મહાત્મા કહે કે બોલ ભાઈ ! શું છે ? ત્યારે તે માણસ કહે કે હે મહારાજ ! મને રસ્તામાં ચાલતાં ચાલતાં એક લાખ રૂપિયાનો હીરો મળ્યો હતો, પણ હું કૂવામાં પાણી સિંચવા ગયો, એટલે હીરો પડી ગયો. તો તે હીરો મને પાછો મળી જાય તો બહુ જ સારૂં.

મહાત્મા કહે કે, હે ભલા માણસ ! આ હીરો તો દુનિયામાં નાશવંત છે, એમાં કાંઈ સુખ નથી. પણ માણસ કહે કે તમે મહાત્મા છો, જે વાત કહો છો તે સાચી છે, પણ અમારે ગહસ્થને તો જોઈએ ને?

ગુણાતીતાનંદ સ્વામીએ પણ વાત લખી છે કે, ચાલતાં ચાલતાં રસ્તામાં એક દોરડી મળી ગઈ. એટલે તે દોરડી ખભે નાખીને તે ચાલ્યો. ચાલતાં ચાલતાં દોરડી પડી ગઈ ! ત્યારે એને પણ મનમાં એક સંકલ્પ થયો કે અરે ! આ દોરી હતી તે સારી હતી પણ પડી ગઈ, પણ એના મનમાં એમ વિચાર આવી ગયો કે આ દોરી મારી પાસે નહોતી ત્યારે શું હતું ? મૈને રસ્સા પાયા નહીં . એમ જ્ઞાને કરીને તે દોરીની વાતને ટાળી નાખી. (અનુસંધાન પેઈજ નાં. ૭૭ ઉપર)

આપ બચ્યા તો બધુંયે ફરી મળે

વળી એક બીજા મોટા સંતે એમ પણ વાત લખી છે કે, એક મોટા વાણિયા હતા, તે વિદેશ કમાવા માટે ગયા. ભગવાનની દયાએ એમણે ઘણી સારી કમાણી કરી. ઘણાં ઘણાં પૈસા કમાણા. ત્યાં સ્ત્રી, પુત્ર સર્વે ભગવાનની દયાથી ઘણું સારૂં થઈ ગયું. આઠ દસ વર્ષ થયા એટલે તેને વતન યાદ આવ્યું. આપણા હરિભકતો અમેરિકા જાય છે ને ? એમ ઘણાં હરિભકતો વિદેશમાં જાય પણ વળી એને પોતાનું વતન યાદ આવી જાય. સ્વામિનારાયણ ભગવાને પણ વચનામતમાં એક જગ્યાએ એમ લખ્યું કે, માણસો વિદેશમાં જાય પણ પોતાનું મૂળ વતન ભૂલતા નથી. આપણને પણ સ્વામિનારાયણ ભગવાને આજ્ઞા કરી છે કે, આપણે પણ આપણું મૂળ વતનનું ગામ ભૂલવું નહીં. આપણે ભૂલી જઈએ છીએ. આ અમદાવાદ, મુંબઈ તે બધા ગામ તો ખરા જ. આ દેહના મૂળ વતનના તે ગામ કહેવાય, પણ આ જીવાત્માનું મૂળ વતનનું ગામ કયું છે ? તે આપણે પણ ભૂલી જઈએ છીએ. પણ આપણા જીવાત્માનું મૂળ વતનનું ગામ તો અક્ષરધામ છે અને આપણા સાચા સગા કોણ છે ? ભગવાન, ભગવાનના મુકતો એ જ આપણા આ જીવના સાચા સગા છે. પણ આપણે તે ભૂલી જઈએ છીએ અને આ દેહનું મૂળ વતનનું ગામ આ છે. મારા સગા સબંધી આ છે, એમ આપણને યાદ આવી જાય.

એટલે આ વાણિયા તો પરદેશમાં જઈ સારી કમાણી કરી, પાંચ દશ વર્ષ રહીને સ્ટીમરમાં બેસીને આવતા હતા. પહેલા વિમાનો હતા નહીં, ગાડીઓ પણ ન હતી. આ ગાડીઓ પણ સ્વામિનારાયણ ભગવાન આવ્યા પછી જ આવી.

એટલે હજી પણ પરોક્ષમાં આ કીર્તન ગાયા કરે છે. " ઉત્તર દીશથી સાયબો

આવશે તે કાંકરીએ ડેરા તાણશે, પાંચ પરમહંસની મંડળી ચાલશે ને પથ્વી પર ઘેમર ચાલશે '' એટલે ત્યારે ગાડીયું ને એવું કાંઈ હતું નહીં. પછી તે વાણિયા તે સ્ટીમરમાં આવતા હતા. ત્યારે અચાનક એવું તોફાન થયું. નાવિક કહે કે ભાઈ! મારા હાથમાં હવે નાવનું સુકાન રહેશે નહીં. સૌ સૌના બિસ્તરાં પોટલા સંભાળજો ને ભગવાન તમારૂં સૌનું સારૂં કરે ! એટલે સર્વેએ પોત પોતાના ઈષ્ટદેવનું સ્મરણ કર્યું. છતાં પણ તે નાવ તો દરિયામાં ડૂબી ગઈ. સ્ટીમરમાં તરાપો કે એવું કાંઈક રાખે, તે આ વાણિયાને મળી ગયું. તેના પર બેસીને તરતો તરતો બહાર આવ્યો. પછી ત્રણ ચાર દિવસ સુધી ચાલીને પોતાને ગામ આવ્યો. કેટલાય માણસો તો સમુદ્રમાં ડૂબી ગયા. પણ આ વાણિયો તો તરતો તરતો કિનારે આવ્યો. ત્યારે સ્ત્રી, પુત્ર, માલમિલ્કત, સર્વે ડૂબી ગયું ! અને ખાલી એકલો જ બહાર આવ્યો! એને થયું કે, આ થયું ને મારે માથે ! સ્ત્રી, ધન, દોલત, પુત્ર સર્વે ડૂબી ગયું. એમ તે વાણિયો ચિંતા કરવા માંડયો. થોડુંક રૂદન પણ આવ્યું. પણ પછી તેને કોઈ મહાત્માનો સમાગમ થયો હશે કે, પછી કોઈ કથા વાર્તામાં આવ્યું હશે કે, આ સર્વે ખોટું છે. એને તે વાત યાદ આવી ગઈ કે, આ સર્વે ખોટું છે. હું એકલો જીવતો છું ને? એમ વિચારીને મનમાંથી ચિંતા ટાળી. પછી ગામમાં પોતાને ઘરે ગયા ને બધી વાતચીત કરી. પાંચ પંદર દહાડા રહીને પછી દેશમાંથી પરદેશ ગયા. વળી પાછા કમાણી કરીને ભગવાનની ઈચ્છા હતી તેથી તે સુખી થયા.

તેમ આ ગરીબ માણસને મહાત્માએ વાત કરી કે, ભલા માણસ ! તું એમ જાણ કે આ હીરો મને નહોતો મળ્યો. પણ તે માણસે કહયું કે, તમે ભલે એમ કહો, પણ એ કેમ ચાલે ? અમારે ગહસ્થને હીરો તો જોઈએ ને ? એમ તે ચિંતા કરવા માંડયો. મહાત્મા બહુ દયાળુ અને વળી આ પણ કોઈ પૂર્વનો યોગભ્રષ્ટ જીવ હશે એટલે મહાત્માએ આમ ચપટી વગાડી તેને સમાધિ કરાવી દીધી. સમાધિ કરાવી એટલે તેને ભગવાનના દર્શન કરાવ્યા. ભગવાનની મૂર્તિના દર્શન કરાવ્યા એટલે એને આનંદ થઈ ગયો. અહોહો! ભગવાનનું સુખ આવું છે !!! પછી થોડીવારમાં તેને સમુદ્ર દેખાયો. સમુદ્રમાં લાખો રૂપિયાના હીરા દેખાણા.એટલે આ તો હીરા લઈ લઈને ખિસ્સામાં ભરે, સમાધિમાં જ !

બીજી એક સોનીની વાત પણ લખી છે કે, એક સોનીને આવી સમાધિ કરાવી તો ત્યાં પણ એને એવા હીરા દેખાણા, તેણે પણ એ હીરા ખિસ્સામાં ખૂબ ભર્યા. તેમ આણે પણ હીરા ખિસ્સામાં ભર્યા. પછી મહાત્માએ આમ ચપટી વગાડીને તેને સમાધિમાંથી જાગત કર્યો. પણ મહાત્માની દયાથી હીરા તેના ખિસ્સામાં જ રહી ગયા, એટલે તે બહુ રાજી થયો. અરે મહારાજ ! તમે મારા ઉપર બહુ જ દયા કરી અને મારો તો એક જ હીરો ખોવાઈ ગયો હતો, પણ તમે તો ઘણા બધા હીરા મને આપી દીધા. હવે તું રાજી થયો ને ? તો ચાલ મારા ભેળો ! મહાત્માને પણ હેત થઈ ગયું. ચાલતાં ચાલતાં થોડા આગળ ગયા એટલે વળી મહાત્માને આણે પ્ર ન પૂછયો, મહારાજ ! માણસ કેટલી મહેનત કરે ત્યારે તેને આટલા બધા હીરા મળે છે? પણ મેં તો કાંઈ મહેનત ન કરી, દાખડો ય ન કર્યો, તોય તમે મને આટલા બધા હીરા આપ્યા. આટલી બધી સમદ્ધિ આવી કયાંથી ? તમારી પાસે આટલા બધા હીરા આવ્યા કયાંથી ? મહાત્મા કહે કે, ભલા માણસ ! તું જાણે છે કે, મારા હાથમાં આ માળા છે, આ તુંબડી છે, આ ભગવાનની મૂર્તિ છે, મારા પાસે તો બીજું કાંઈ છે નહીં. તે કહે હા, તે તો હું જાણું છું, પણ આ આટલા બધા હીરા કયાંથી આવ્યા? મહાત્મા કહે કે, અરે ભલા માણસ ! આ હીરા આવ્યા કયાંથી એમ તું પૂછશ ને ? પણ હું તો ભગવાનનો એક નાનકડો સાધુ છું અને હું ભગવાનની દયા થકી ભગવાનનું ધ્યાન, ભજન કરૂં છું. એટલે મારા અંતરમાં ભગવાનના દર્શન થાય, તે વખતે હું સંકલ્પ કરૂં તે પ્રમાણે ભગવાન મારી ઈચ્છા પૂરી કરે છે. એટલે મને એમ થયું કે, હું તને સુખી કરૂં એટલે તને આ સુખ મળ્યું. ત્યારે તે માણસ કહે કે મહાત્મા ! આવો ભગવાનનો આનંદ છે ? આવું બધું સુખ છે ? તો મને પણ ભગવાનના દર્શન કરાવો. અરે ભલા માણસ ! એમ કાંઈ ભગવાનના દર્શન કરવા સહેલા છે ? અરે મહારાજ ! તમે મને ભગવાનના દર્શન કરાવ્યા, ત્યારે મને બહુ આનંદ આવી ગયો. એટલે હવે તમે મારી ઉપર એવી દયા કરો, મને પણ તમારા જેવો ભગવાનમાં પ્રેમ થાય. મારે આ હીરા મોતી નથી જોઈતા. મારે આ સ્ત્રી, બાળકો કાંઈ સંભારવા નથી અને મને તમારા ચરણમાં રાખીને ભગવાનનું ધ્યાન કરતા શીખવાડો. મહાત્માએ તેને રાખ્યો. તે પૂર્વનો કોઈ યોગભ્રષ્ટ જીવાત્મા હશે. મહાત્મા! હવે આ હીરાનું શું કરવું ? આ હીરા ફેંકી દે. તેણે બધા હીરા

ફેંકી દીધા. પહેલા લાખ રૂપિયાને માટે ચિંતા કરતો હતો અને આ કરોડ રૂપિયાના હીરા હતા, તે ફેંકી દીધા. શેથી ફેંકી દીધા? એને ભગવાનને વિષે પ્રેમ થઈ ગયો. આવું ભગવાનનું સુખ છે. આવો ભગવાનની મૂર્તિમાં આનંદ છે.

જેમ ઝીંઝાવદરના પઠાણની વાત કરી કે, પઠાણ ત્યાં ગયા, ભગવાનના દર્શન કર્યા. તો તે ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની ગયા. તે મુસલમાન હતા. મહારાજ કહે કે, પૂર્વનો યોગભ્રષ્ટ જીવ છે, એને અમારી મૂર્તિમાં વત્તિ સ્થિર થઈ ગઈ છે, એટલે એ જઈ શકશે નહીં, માટે તમે આડો પડદો રાખો. પછી તે ગયો. તેમ આને ભગવાનનો આવો મહિમા સમજાણો એટલે તેણે બધા હીરા ફેંકી દીધા ને ત્યાં મહાત્મા પાસે દીક્ષા લઈને રહયા, અને મહાત્માની દયાથી એ પણ એવા જ એકાંતિક સંત બની ગયા અને તેણે લાખો જીવોનો મોક્ષ કર્યો.

ત્યારે આમાં કહેવાનો હેતુ એટલો જ કે, આવો આ ભગવાનને વિષે સ્નેહ થઈ જાય તો, ભગવાનને વિષે પ્રેમ થઈ જાય તો, સંસારના સુખ ઝેર જેવા થઈ જાય. આપણે પણ આ સાચે ભાવે સત્સંગ કરી, સંત સમાગમ કરીએ તો પેલાની જેમ ભગવાનના સુખમાં દ્રષ્ટિ પહોંચી જાય. ભગવાનની મૂર્તિ ચિંતામણી તુલ્ય છે. મહારાજે વચનામતમાં પણ લખ્યું કે, ભગવાનની મૂર્તિ છે તે ચિંતામણી તુલ્ય છે. ચિંતામણી પાસે તો જે ચિંતવે તે મળે જ છે. તેમ આ ભગવાનને વિષે આવો આનંદ થઈ જાય, આવો પ્રેમ થઈ જાય, તો તેને આ દુનિયાની વસ્તુ કાંઈ ગમે નહીં. તમે એમ ન માનજો જેમ આ મહાત્માએ સાધુ બનાવી દીધા, તેમ મારે તમને સાધુ બનાવવા નથી. ભલે ગહસ્થાશ્રમમાં રહેજો, પણ અંતરમાંથી વાસના ટાળીને વ્યવહારિક કામ કરજો અને ઘણા પૈસા કમાજો. સ્થિતિ પ્રમાણે ઉદ્યમ કરજો. મહારાજે પણ કહયું કે, ગહસ્થ હોય તેણે સ્થિતિ પ્રમાણે ઉદ્યમ કરવો.

આપણે દરેકે આ દુનિયામાંથી જરૂર જવું જ પડશે

આપણે દરેકને પણ આ દુનિયામાંથી એક દિવસ જરૂર જાવાનું છે ! ને હનુમાનજીની મૂર્તિ હોય ને ત્યાં નાળિયેર વધેરાવે ને કહેશે, આ ગામ તને હરામ છે. તું હવે આ ગામમાં ન આવજે, શહેરમાં તો મને ખબર નથી પણ ગામડામાં તો

અગ્નિસંસ્કાર માટે લઈ જાયને ત્યારે પહેલા માથું ઘર સામું રાખે ને ગામનો ઝાંપો કે દરવાજો આવે, એટલે મોઢું ફેરવી નાખે. હવે તો કેમ કરે છે તે મને ખબર નથી, પહેલા એમ કરતા. પણ હનુમાનજીની સાક્ષીએ નાળિયેર રાખે હો, હે હનુમાનજી ! તમે આ સાક્ષી છો. હવે આને અહીં આવવા દેજો નહીં, આ ગામમાં. એમ અમારા ગુરૂ વાત કરતા. હરામ છે, એટલે જે વસ્તુ હરામ કરી હોય તે અંગિકાર ન કરાય. એમ આગળ વાત કરતા. આપણે પણ એક દિ આ દુનિયામાંથી જરૂર જાવાનું છે, પણ આવી રીતે આ જ્ઞાનની દ્રઢતા રાખી, વ્યવહારિક કાર્યો કરતા હોઈએ, તો તે વ્યવહારિક કાર્યો બંધનકર્તા ન થાય અને ભગવાનનું ધ્યાન, ભજન કરવામાં આનંદ આવે. તો દરેકે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

ભગવાન સહજાનંદ સ્વામીએ ગુરૂ પાસે બે વરદાન માંગ્યા

સ્વામિનારાયણ ભગવાન એવા દયાળુ છે કે, પોતાના ભકતને કેમ સુખ થાય ? મારા ભકતને કોઈ પ્રકારનું દુઃખ ન થાય, એવો જ સ્વામિનારાયણ ભગવાનનો આગ્રહ છે અને એમણે તે સુખ પોતાના ગુરૂ રામાનંદ સ્વામી પાસેથી માંગી લીધું. જ્યારે રામાનંદ સ્વામીને આ લોકમાંથી અંતર્ધાન થવાની ઈચ્છા થઈ, ત્યારે રામાનંદ સ્વામીએ વિચાર કર્યો કે, મારે તો આ લોકમાંથી જાવાનું છે, તો પાછળ આ સત્સંગ બરાબર જળવાઈ રહે અને ભગવાનના ભકતો સુખી થાય અને આ મોક્ષનો મારગ ચાલુ રહે, તેટલા હેતુથી, રામાનંદ સ્વામીએ વિચાર કર્યો કે, હવે આ ગાદી કોને આપવી ? ત્યારે મુકતાનંદ સ્વામી આદિક ઘણા મોટા સંતો હતા, પણ રામાનંદ સ્વામીને એમ થયું કે, સર્વે સંતો ભલે બહુ સારા છે, પણ આ નીલકંઠવર્ણી બહુ સારા અને સમર્થ છે અને તે ભગવાનના અવતાર છે, માટે અમારે એને ગાદી આપવી અને સંતો તો બહુ જુના હતા અને સ્વામિનારાયણ ભગવાનને તો સંત થયે હજી બે વર્ષ જ થયા હતા. હવે બે વર્ષથી સાધુ થયા હોય, એને આ સત્સંગની મોટી મહંતાઈ આપવી, એ બહુ મોટી જવાબદારી કહેવાય. એને સાચવવું બહુ જ કઠણ પડે. પણ રામાનંદ સ્વામીએ વિચાર કર્યો કે, આ ગાદીને લાયક તો આ જ છે અને બીજા સંતોને પણ રામાનંદ સ્વામીએ પૂછયું, તો દરેકે હા પાડી કે, તે બરાબર છે. એટલે મહારાજને રામાનંદ

સ્વામીએ કહયું, હે નીલકંઠવર્ણી! આ ગાદી તમે સંભાળો, મારે પણ આ દુનિયામાંથી જાવાનું થયું છે. ત્યારે સ્વામિનારાયણ ભગવાન પણ સર્વ કાર્યને માટે લાયક હતા અને સંકલ્પ માત્રથી દરેક કાર્ય કરી શકતા હતા. છતાં પણ આ લોકમાં આવ્યા, એટલે એમણે જણાવ્યું કે, ગુરૂ મહારાજ! આ ગાદી સાચવવી તે બહુ મોટું કામ છે તે તો હું લઈ શકું નહીં. માટે આ બીજા મોટા મોટા સંતો છે તેને આપો તો સારૂં. ત્યારે રામાનંદ સ્વામીએ તો પહેલેથી જ નક્કી કર્યું હતું કે, આમને જ ગાદી સોંપવી. ત્યારે બહુ બહુ કહયું ત્યારે સ્વામિનારાયણ ભગવાને વિચાર કર્યો કે ગુરૂની આજ્ઞા માનવી. માતા, પિતા અને ગુરૂ એમની આજ્ઞા માનવી અને એમનું કહયું કરવું, એજ શિષ્ય અથવા પુત્રનો ધર્મ છે. ત્યારે ગુરૂની આજ્ઞા સ્વીકારી પણ સાથે સાથે એ માંગ્યું કે , હે ગુરૂ મહારાજ ! તમારા ભકતને એક વીંછીનું દુઃખ થાવાનું લખ્યું હોય તો, અમારે રૂંવાડે રૂંવાડે કરોડ વીંછીની વેદના થાય, પણ તમારા ભકતને તે દુઃખ ન થાય અને તમારા ભકતને પ્રારબ્ધમાં રામપાત્ર લખ્યું હોય, રામપાત્ર એટલે શું કે, જગતના જે બાવાઓ હોય તે ઠીકરાનું વાસણ લઈને ઘરોઘર માંગે. આખા ગામમાં ફરે ત્યારે કિલો કે બે કિલો, અનાજ કે લોટ માંડ મળે. એવું એનું પ્રારબ્ધ હોય તો ભગવાન કહે કે, તે મને આવો, પણ તમારા ભકત દુઃખી ન થાય. આ બે વરદાન મને આપતા હો તો તે ગાદી સ્વીકારૂં. જો ! આ દુનિયામાં કોઈ મોટા મહાત્મા કે કોઈ મોટા સંતો કે કોઈ સારા માણસો રાજી થાય, તે આ લોકની વસ્તુ માગે, પણ સ્વામિનારાયણ ભગવાન પોતાના ભકતને માટે આવું માગ્યું. ત્યારે રામાનંદ સ્વામીએ એને વરદાન આપ્યું કે નીલકંઠવર્ણી ! જાઓ તમને હું એવું વરદાન આપું છું અને તમે મારી આજ્ઞાએ કરી બધું કામ સંભાળશો તો તમને કોઈ પ્રકારનું બંધન નહીં થાય.

ત્યારે એમાં કહેવાનો હેતુ એટલો જ કે, આથી અગાઉ ભગવાનના અને અવતારો થઈ ગયા અને હજી ગીતાજીના વાકય પ્રમાણે જ્યારે જ્યારે ધર્મની ગ્લા થાય અને અધર્મની વૃદ્ધિ થાય, ત્યારે ભગવાન પુરૂષોત્તમ નારાયણ જરૂર આ પ પર અવતાર લેશે, શા માટે ? કે અધર્મનો નાશ કરવા અને પવિત્ર એવા જે ગહસ્થો સારા સંતો હોય તેમનું રક્ષણ કરવાને માટે યુગ યુગમાં ભગવાન અવતાર લે છે. પ આ સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર તો કોઈ થયો નથી અને ભવિષ્

થાશે પણ નહીં. એટલા માટે સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં લખ્યું કે, આ વાત તો ન ભૂતો ન ભવિષ્યતિ. આથી અગાઉ આવી વાત કયારેય થઈ નથી અને થાશે પણ નહીં.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની દયાથી જ આપણે બધા સુખીયા છીએ

વળી નિષ્કુળાનંદ સ્વામીએ પણ લખ્યું કે, નહોતી દીઠી નહોતી સાંભળી, એવી પ્રગટાવી પુનિત પુરૂષોત્તમ પ્રગટી રે ! આ વાત આવી પહેલા કયારેય દેખીય નહોતી કે સાંભળી પણ નહોતી. પહેલા તો કેટલાય તપ કરો, જપ કરો. આ શરીરની ચામડી તૂટી જાય એટલી કસોટી માણસથી સહન થાય તો એને હું ન્યાલ કરૂં. હરિશ્ચંદ્ર રાજા પોતે સત્યવાદી હતા. પોતાનું સત્ રાખવાને માટે હરિજનને ત્યાં વહેંચાણા. એના સ્ત્રી, પુત્રે કેટલીય કસોટી સહન કરી, ત્યારે એને ભગવાન મળ્યા, પણ આજ તો તમે ભલે ગહસ્થાશ્રમમાં રહેલા હો, દૂધ, ચોખા ને સાકર જમો, હિંડોળા ખાટમાં ઝૂલો અને અંતકાળે અક્ષરધામની પ્રાપ્તિ. તે તો કોઈ શાસ્ત્રમાં વાત લખી નથી. પણ આ સ્વામિનારાયણ ભગવાન એવા દયાળુ, એની દયાથી જ આપણે સર્વે સુખ ભોગવીએ છીએ. તો એવા ભગવાન દયાળુ પોતાના ભકતને માટે કેટલું સહન કરે છે.

"કોઈને દુઃખીયો રે, દેખી નવ ખમાય,
દયા આણી રે, અતિ આકળા થાય"

કોઈ પ્રાણી , જીવ અતિશય દુઃખી હોય તો તેને અન્ન, ધન, વસ્ત્ર આપી અને એનું રક્ષણ કરતા. એને સુખિયો કરતા. એવા દયાળુ ભગવાન આપણને મળી ગયા છે. તો આપણે શું કરવાનું છે? કે, તે ભગવાન પુરૂષોત્તમ નારાયણનો દ્રઢ આશરો રાખવો અને એને વિષે એક પતિવ્રતાની ટેક રાખવી ને આપણાથી જેટલી બને તેટલી સાંજે સવારે આગળ પાછળ કામકાજ કરીને ભગવાનની ભકિત કરવી. ભલે તમને ગહસ્થ લોકોને આ વ્યવહારની અનેક પ્રકારની વિટંબણા હોય, તેમાંથી પસાર થઈ, કસોટીમાંથી પણ, આ ભગવાનની ભકિત બને તેટલી કાળજી રાખીને આપણે કરીએ.

તો દેહ છતાં દુઃખી નહીં, તન છૂટે તેજ અંબાર. દેહ છતાં પણ ભગવાન પોતાના ભકતની અન્ન, વસ્ત્ર અને આબરૂએ રક્ષા કરે છે. ને તન છૂટે તેજ અંબાર. જે અક્ષરધામ તેજોમય છે તે અક્ષરધામમાં પોતાના ભકતને તેડી જાય છે.

સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્ર.પ્ર. ના પહેલા વચનામતમાં લખ્યું કે, ધર્મકુળને આશ્રિત એવા જે ભકત તેને હું મારા ધામમાં લઈ જાઉ છું. તો તે કોઈ ગરૂડ ઉપર બેસીને જાય છે, કોઈ રથ ઉપર બેસીને જાય છે, કોઈ વિમાન ઉપર બેસીને જાય છે એવા આ સત્સંગમાં ઘણા દાખલા છે. તો એવા દયાળુ ભગવાન આપણને મળ્યા તો આપણે બીજું શું કરીએ ? અમારા ગુરૂ અમને વાત કરતા કે, એક સિંહ હતો, સિંહને રાજી કરવાને માટે સસલું આમથી આમ દોડે અને આમથી તેમ દોડે. તેમ આપણે તો ભગવાનને પ્રાર્થના કરીએ કે, હે મહારાજ ! હે દયાળુ ! તમે મારા ઉપર રાજી થાજો અને મારી જે કાંઈ કસર હોય, મારી જો કાંઈ ખામી હોય, તો તમે જરૂર તે ટળાવી અને આ લોકમાં પણ મને તમારી દિવ્ય મૂર્તિનું સુખ આપજો અને દેહને અંતે તમારી સેવામાં રાખજો અને આપણે એ સસલાંની પેઠે આમ તેમ ફર્યા કરીએ, તેમ આવી રીતે આપણે ભગવાનને પ્રાર્થના કરીએ તો, ભગવાન એવા દયાળુ છે તે પોતાના ભકતને સુખ આપે જ છે.

પ્રેમદાસ ભકત

એક ગામમાં પ્રેમદાસ નામના ભકત હતા. પ્રેમદાસ એટલે પ્રેમની જ મૂર્તિ. જેમ પ્રેમાનંદ સ્વામી ભગવાનની મૂર્તિનું ધ્યાન, ભજન કરતા અને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જતા, તેમ આ ભકત પણ એવા પ્રેમદાસ. સવારે ઉઠીને ભગવાનનું ધ્યાન કરે, ભજન કરે, કથા, કીર્તન વાર્તા કરે એને તો અંતરમાં તો ભગવાનના દર્શન થાતા. પણ છતાંય ભગવાનને પ્રાર્થના કરે.

" આવો આવો સહજાનંદ સ્વામી
પ્રભુ હું તો તમારો બાળ
તમે મારા જીવન પ્રતિપાળ

હૈયે હેત ઘણું, અંતરે પ્રેમ ઘણો પ્રભુ આવો
આવો આવો સહજાનંદ સ્વામી
આંખો આંસુ ભીની રોઈ થઈ છે ઝીણી
બહુનામી આવો આવો"

એમ આ ગદ્‌ગદ્‌ કંઠ થઈને ભગવાનને પ્રાર્થના કરે અને ભગવાન તો પ્રેમના ભૂખ્યા છે. મહારાજ કહે કે, મને જેવા મારા ભકતો વ્હાલા છે, તેવું કાંઈ પણ વ્હાલું નથી. બીજું, એકવાર મહારાજ સારંગપુર પાસે કારિયાણીના રસ્તા પર ચાલ્યા જતા હતા. તે રસ્તામાં એક ગામ આવ્યું. રાતે બાર વાગ્યાનો સમય, ત્યારે એક ભકત ઉઠીને પેશાબ કરવા ગયેલા. ત્યારે સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લેતા હતા. આવી રીતે ભગવાનનું નામ લીધું. તે મહારાજે સાંભળ્યું એટલે મહારાજ એમને ઘેર ગયા. રાતે બાર વાગે હો ! ભકતને કહે તમે બોલાવ્યો એટલે આવ્યો. આ તો સ્વાભાવિક સ્વામિનારાયણ, સ્વામિનારાયણ નામ લેતા હતા. પણ એવા ભકત હતા એટલે મહારાજે તેને તેવા દર્શન આપ્યા.

તેમ આપણને પણ મોટા સંતોએ એવું શીખવાડયું કે, નામીએ સહિત નામ લેવું. "નામી વિના નામ લેવું તે પુત્ર વિનાનું પારણું" નામી સહિત એટલે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ભગવાનનું નામ લઈએ એટલે સ્વામિનારાયણ ભગવાનની આમ મૂર્તિ દેખાય. ઘનશ્યામ મહારાજ ! ઘનશ્યામ મહારાજ ! આમ નામ લઈએ એટલે એને ઘનશ્યામ મહારાજ તદાકાર થઈ જાય. તો તે નામી સહિત નામ લીધું કહેવાય. તો આ ભકતે પણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ નામ લીધું. તો મહારાજ હાજર થઈ ગયા. ભકત કહે હે મહારાજ ! તમે આ ટાણે હમણાં કયાંથી પધાર્યા ? મહારાજ કહે કે, તમે અમને યાદ કર્યા એટલે આવ્યા છીએ.

આવી રીતે આ પ્રેમદાસ નામના ભકત હતા, એટલે આવી રીતે ગદ્‌ગદ્‌ વાણીથી ભગવાનનું આવું કીર્તન બોલ્યા.એટલે મહારાજે એમને દર્શન આપ્યા. એના અંતરમાં આનંદના ફુવારા વહેવા મંડયા. અહો ! મને આ ભગવાને દર્શન આપ્યા ! એના અંતરમાં આનંદનો તો પાર ન રહયો અને જેમ પહેલા વાત કરી હતી કે, રૂંવાડે

રૂંવાડે એને ભગવાનનો આનંદ આવ્યો. બધા રૂંવાડા ઊભા થઈ ગયા અને ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની ગયા. તે ભગવાને થોડીવાર તો એને આમ અક્ષરધામ બતાવ્યું. તેજ ને વિષે મહારાજનું સિંહાસન ને તે સિંહાસન ઉપર મહારાજ પોતે બિરાજમાન અને ચારેબાજુ અનંતકોટી મુકતો ભગવાનની મૂર્તિને એકી નજરે જોઈ રહ્યા છે !! એના એને દર્શન થયા. એના અંતરમાં આનંદનો પાર ન રહ્યો. થોડીવારે સમાધિમાંથી ભગવાને જગાડયા. એટલે પ્રેમે કરીને ભગવાનના દર્શન કર્યા. તે ભગવાનના ચરણને મૂકે જ નહીં હો, એટલો એના અંતરમાં આનંદ આવવા લાગ્યો. પછી મહારાજ કહે કે રાખો રાખો. મહારાજ ત્યાં રહયા ને ધર્મની, જ્ઞાનની, ભકિતની, વૈરાગ્યની વાતુ સંભળાવી અને તે ભકતને સુખીયા કર્યા. મહારાજ કહે કે, હે ભકત ! તમે આવે લ્હાવો લઈને ભગવાનનું ભજન કરજો ને કથા વાર્તા આદિકનો બીજાને પણ લાભ આપી, બીજાને પણ સુખીયા કરજો અને દેહને અંતે હું તમને અક્ષરધામમાં તેડી જાઈશ. આ ભકત કહે, મહારાજ ! મને અખંડ આવા દર્શન અહીં આપો ! મહારાજ કહે કે, અમે અખંડ તો અહીં રહી ન શકીએ. અમારે તમારા જેવા ઘણા ભકતને દર્શ આપવા જવું પડે, કલ્યાણ કરવા જાવું પડે, માટે અખંડ રહી શકાય નહીં. પહેલ આપણે વાત કરી હતી કે, " રાજ તમારૂં તમે કરો, અંતરમાં રાખજો હરિ રે " તેમ અ ભકતને મહારાજે આજ્ઞા કરી કે, હે ભકત ! તમે આ તમારૂં વ્યવહારિક કાર્ય જે છે કરજો, પણ અંતરમાં મારી મૂર્તિ રાખજો !

ત્યારે આમાં કહેવાનો હેતુ એટલો જ કે, આ ભકત ગહસ્થાશ્રમમાં હત વ્યવહારિક કાર્ય દરેક કરતા હતા, છતાં પણ ભગવાનની મૂર્તિ ત્રણેય અવસ્થા દેખતા હતા. તેમ આપણે પણ ભગવાનનું ધ્યાન, ભજન, કથા, કીર્તન ખટકો રાખી કરશું તો, જેમ ભગવાને આ બે ભકતોને દર્શન આપ્યા ને? કયા બે ભકતો ? એક પ્રેમદાસ ને બીજા કારીયાણી પાસે એક ભકત ને.

ભગવાનનું નામ નામીએ સહીત લેવું

તેમ આ આપણે ભગવાનનું નામ લેવું, તો નામીએ સહિત લેવું. નામીએ સહિ લઈએ તો જ તે નામ લીધું કહેવાય.

સ્વામિનારાયણ ભગવાને પ્ર. પ્ર. ના ૨૨ માં વચનામતમાં પણ એ જ વાત કરી કે, તમે ભગવાનના કથા, કીર્તન કરો, ધૂન કરો, ભજન કરો, પણ જો અમારી મૂર્તિની સ્મતિ ન રાખો તો તે ગાયું, તે ન ગાયા જેવું છે. તેમ નામી વિનાનું નામ તે પુત્ર વિનાનું પારણું ને વર વિનાની જાન, એમાં શું કીધું કે ? જાન હોય અને વર ન હોય તો તે જાન કહેવાય કે ન કહેવાય ? તેમ નામી વિનાનું નામ લેવું, વર વિનાની જાન ને પુત્ર વિનાનું પારણું. પારણું હોય પણ એમાં જો પુત્ર ન હોય તો એને મા કેટલી વખત ઝુલાવે ? પુત્ર હોય તો મા હીંચકા નાખે. તેમ મહારાજે કીધું કે, નામી વિનાનું નામ લેવું, એ પુત્ર વિનાનું પારણું અને વર વિનાની જાન એવું કહેવાય. તમે સર્વે મનમાં લાવજો નહીં કે, આમ થાતું નથી તો હવે શું થાશે ? એમ મનમાં લાવજો નહીં. એમ ચિંતા કરવાની જરૂર નથી. પણ આપણે દરેક એવો અભ્યાસ કરીએ તો ન થાય એવું શું છે ?

જુઓ ! આ ભકત વ્યવહારિક કાર્ય કરતા હતા. કુશળકુંવરબાઈ રાજ કરતા હતા કે ચક્રવેણુપાણી રાજા રાજ કરતા હતા. જનક રાજા પણ રાજ કરતા હતા. ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામ ભટ આદિક ઘણાં ભકતો થઈ ગયા અને હજી આજે પણ સત્સંગમાં એવા ઘણા ભકતો છે જે પોતે વ્યવહારિક કાર્ય કરતા હોય છતાંપણ પોતે વિરકત હોય. એટલે આજે પણ સત્સંગમાં ન હોય એમ નહીં. હરિભકતો પણ હોય અને સંતો પણ હોય.

મહારાજે વડતાલના ૧૯ માં વચાનામતમાં કહયું, કે જયારે આ જીવને ભરતખંડમાં મનુષ્યનો જન્મ આવે, ત્યારે ભગવાનના અવતારો અથવા ભગવાનના સંતો જરૂર વિચરતા હોય. તો જો તે ન હોય તો, ભગવાનનું આ વચન ને વચનામત ખોટું પડી જાય. તો સંતોમાં પણ હોય અને હરિભકતોમાં પણ હોય તો આપણે પણ દરેકે તે રીતે જ્ઞાન, વૈરાગ્ય, ભકિત દ્રઢ કરી અને આપણી જે કાંઈ ખામી હોય તે ટાળશું, તો થોડા વખતમાં જ કામ થઈ જાશે.

બ્રાહ્મમુહૂર્તમાં ઉઠીને જે ભગવાનનું ધ્યાન ભજન કરે છે તેને હજાર ગણું પુણ્ય મળે છે

બીજું, સત્સંગિ જીવનમાં કહયું કે, બ્રાહ્મ મુહૂર્તમાં ઉઠીને ધ્યાન,ભજન કરીએ,

તો એકનું હજાર ઘણું પુણ્ય મળે. સૂર્યનારાયણ ઉગવાના હોય અને આપણે ધ્યાન, ભજન કરીએ તો તે મધ્યમ કહેવાય અને સૂર્યનારાયણ ઉગી ગયા પછી આપણે નહાઈએ, ધોઈએ, પૂજાપાઠ કરીએ તો તે કનિષ્ઠ કહેવાય. હજી ફળ નથી મળતું એમ નથી. ફળ તો મળે જ છે. કોઈ માઠું લગાડજો નહીં, મોડા ઉઠતા હો તો ભલે હવે વહેલા ઉઠજો પણ આ તો આપણા શાસ્ત્રમાં જે કહ્યું તે પ્રમાણે અમારે સંતોને કહેવાની ફરજ છે. બાકી તો જેમ તમને દરેકને અનુકૂળ પડે તેમ કરજો. અમારે સંતોએ હુકમ હલાવવાનો અધિકાર નથી. કેમકે અમે સાધુ, સ્વામિનારાયણ ભગવાન પોતે સાધુ થયા, મહારાજ કહે કે અમારે સાધુ દાવો છે, એટલે શું કરીએ ? રાજા બીજું કાંઈક હોઈએ તો હુકમ ચલાવીએ. તેમ અમને પણ સાધુ બનાવ્યા એટલે હુકમ તો ચલાવાય નહીં, પણ આપણે સર્વેએ ભગવાનનું ભજન કરવાનું છે, ને તે તો આપણ વત્તિ કેળવીએ તો થઈ જાય. આપણે જે કામ રાતના કરતા હોઈએ, તે સવારે વહેલ ઉઠીને કરવું. વેપારી હોય તો, અમારે નામું લખવું હોય,આ કામ કરવું હોય એ દલીલ કરે પણ આપણે રાતના જે કામ કરતા હોઈએ તે કામ સવારે ચાર વાગ્યે ઉઠી નહાઈ ધોઈ, પૂજાપાઠ કરીને છ વાગ્યે કરવા મંડે તો ડબલ કામ થઈ જાય. ના કરવું હોય – વેપારનું કામ કરવું હોય કે કોઈ બીજું કામ કરવું હોય. સોનીનું કા કરવું હોય તો તે થઈ જાય. પણ તે તો વત્તિ કેળવે તો થાય. તો આપણે દરેકે એ રીતે મહારાજની આજ્ઞા અનુસારે, આ ધ્યાન, ભજન કરીએ તો અંતરમાં આન આવે ને અહોહોપણું વર્તે.

રાત્રે સૂતી વખતે અને સવારે ઉઠીએ ત્યારે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું

બીજું, મહારાજ કહે કે, જ્યાં ભગવાનની મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય કહેવા આ સભા પણ મહારાજે અક્ષરધામની કહી, મહારાજે ગઢડા છેલ્લા પ્રકરણના બી વચનામતમાં કહ્યું કે, વૈકુંઠ, ગોલોક, વેતદ્વિપ આદિમાં સભા છે, તેના કરતા પ આ સભા અધિક છે. આ સભા અક્ષરધામની છે. એટલે અક્ષરધામની સભામાં આપ સર્વે બેઠા હોઈએ એવી ભાવના રાખીએ તો આનંદ આવે, ને આપણે ભજન કરીએ ઘરે આપણે પૂજા કરતા હોઈએ, ધ્યાન કરતા હોઈએ, એમાં પણ આપણે એવી ભા

રાખીએ, તો ત્યાં પણ એવો જ આનંદ આવે. તો તમે સર્વે એવું કરતા જ હશો. જો ન કરતા હો તો નિયમ રાખજો કે, ઉઠીને પરબારૂં રવાના ન થવું. બે મિનિટ, પાંચ મિનિટ, પંદર મિનિટ કે અડધો કલાક ધ્યાન થાય તો કરવું, ને ઓછામાં ઓછું પાંચ મિનિટ ધ્યાન કરવાનો અભ્યાસ કરશો, તો આસ્તે આસ્તે વૃત્તિ સ્થિર થઈ જાશે. તો આપણને અંતરમાં જરૂર આનંદ આવશે. બીજું, સૂતી વખતે અને સવારે ઉઠીએ ત્યારે ધ્યાન કરવું. બીજું, મોટા સંતો કહેતા કે, આખો દિ વેપારી લોકો કે ગહસ્થ લોકો કામ કરીને થાકી જાય, તો રાત્રે કલાક બે કલાક સૂઈ જવું. ને રાતના દોઢ વાગે કે બે વાગે કે અઢી વાગે જાગી જઈને ધ્યાન કરીએ તો તે ધ્યાન બહુ સારૂ થાય. તે વખતે બહારનું વાતાવરણ પણ શાંત હોય અને થોડોક આપણને આરામ પણ થઈ જાય. તો તે રીતનું ધ્યાન સારૂં થાય. બાકી તો જેને જે અનુકૂળ ટાઈમ હોય, તે ટાઈમે ધ્યાન કરવાનો ખટકો રાખવો. કેમકે, ધ્યાને કરીને જ કારણ શરીરની વાસના બળે છે.

પ્રત્યક્ષ અથવા માનસીપૂજામાં ભાવથી અર્પણ કરેલી વસ્તુ ભગવાન અવશ્ય સ્વીકારે છે

એક ખેડૂત ભકત હતા. તેને ખેતી કરવા જાવું હતું. ત્યારે તેમના ધર્મપત્ની ભગવાનને માટે માનસી પૂજા કરવા બેઠા, ત્યારે રોટલી, દાળ, ભાત, શાક એવું બધું બનાવેલ. એવું બધું માનસી પૂજામાં કરેલું. પણ મહારાજને કહે કે, મહારાજ મને ઉતાવળ છે. માટે તમે જલ્દી જલ્દી આ ગરમ વસ્તુ જમી લ્યો. ભગવાન તો પ્રેમને આધિન છે. તો મહારાજ તો ગરમ ગરમ જમી ગયા. મહારાજના મોઢામાં તો ફોડલા પડી ગયા. ગઢપુરમાં લાડુબા અને જીવુબાએ થાળ બનાવ્યા હતા. મહારાજ જમવા પધાર્યા, તો મહારાજ કહે આજે શું બનાવ્યું છે ? જીવુબા અને લાડુબાએ કહયું કે, મહારાજ, આજે તો ભાખરી અને શાક ને એવું બધું બનાવ્યું છે. મહારાજ કહે, આજ તો અમારાથી એવું બધું જમાશે નહીં. કેમ ? મહારાજ કહે કે, એક ભકતે અમને થાળ જમાડયો, એટલે મારા મોઢામાં ચાંદી પડી આવી, ફોડલા પડયા. લાડુબા કહે, અમે તો એવું કાંઈ કર્યું નથી. મહારાજ કહે, તમે એકલા કાંઈ અમારા ભકત છો ? તે ભકતે અમને ગરમા ગરમ દાળ જમાડી. એમણે માનસી પૂજામાં સંકલ્પ કર્યો હોત કે,

મહારાજ દાળ ઠંડી થઈ ગઈ છે. તો ? તો એમાં પંખો ઢાળીને ઠારવાની કાંઈ જરૂર નહોતી, પણ તે બાઈને પ્રેમ હતો કે, મારે જલ્દી જાવું છે. તો કહેવાનો હેતુ એટલો જ કે, માનસી પૂજામાં એણે ગરમા ગરમ થાળ જમાડયો હતો, તો મહારાજના મોઢામાં ફોડલા પડી ગયા.

બીજા એક ભકત હતા, તેમણે રોટલા બનાવ્યા હતા. તેમાં એક રોટલો ફુલીને બહુ સારો થયો હતો. તે બાઈએ મનમાં એવો સંકલ્પ કર્યો કે અહોહો ! આ મારો રોટલો તો ભગવાન જમે એવો છે. તે બાઈએ રોટલા બનાવીને રાખ્યા. પોતે જમીને પોતાના પતિ કે સગાસંબંધી માટે – પટેલ લોકો હોય ને તે ભાત લઈ જાય. તે ભાત કે તે થોડા રોટલા લે, અથાણું લે, છાસ લે અને એવું લે એને ભાત કહેવાય. તે લઈને ચાલ્યા. રસ્તામાં ભગવાન બાવા રૂપે આવ્યા. અરે બાઈ ! અમને ભૂખ બહુ લાગી છે. ત્યારે સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા કે ગહસ્થ લોકો હોય, તે પોતાને ઘેર કોઈ ભિક્ષુક આવે, એને પોતાની શકિત પ્રમાણે આપવું, પણ એનો તિરસ્કાર ન કરવો. કેમકે કયારેક તે ભગવાન મહાત્મા સ્વરૂપે આવે. એમ કહીને તે રોટલો માંગ્યો. ત્યારે તે બેન ભાતનો સુંડલો ઉતારી, બાવાને રોટલો આપવા લાગ્યા. ત્યારે બાવા કહે, આ રોટલો મારો નથી ! બાઈ કહે બાવા ! તારો રોટલો તો કયાંથી હોય ? મહારાજ કહે, મને આ રોટલો નથી ખાવો. મને મારો રોટલો આપો ! બાઈ કહે કે, તમે બાવાજી રખડયા કરો, તમારો રોટલો કયાંથી હોય ? વળી બીજો રોટલો આપ્યો. મહારાજ કહે આ રોટલો મારો નથી. એમ કરતા કરતા ચાર પાંચ રોટલા નીચે રાખ્યા. આ પાંચમો રોટલો મારો છે કે ? બાઈએ એને તે રોટલો પ્રેમથી આપ્યો. ભગવાન ત્યાં બેઠા બેઠા પ્રેમથી જમ્યા. ત્યારે તે બાઈએ ભગવાનને પૂછયું કે, હે બાવાજી ! આ મારો રોટલો કહયું તે તમારો કયાંથી આવ્યો કે ? મહારાજે કહયું કે, બાઈ ! આ તમે રોટલા બનાવતા હતા, ત્યારે સારો રોટલો થયો, ત્યારે તમે સંકલ્પ શું કર્યો હતો ? કે, આ મારા ભગવાન જમશે, તે આ તમારો પ્રેમ જોઈ અમે આ જમવા આવ્યા !

આમાં કહેવાનો હેતુ એટલો જ કે, મનથી પણ આ ભગવાવાનું ભજન કરે માનસી પૂજા કરે, તેનું સરખું જ પુણ્ય મળે છે.

બ્રહ્માનંદ સ્વામી તથા પ્રેમાનંદ સ્વામીના પ્રેમનું વર્ણન

બીજું, બ્રહ્માનંદ સ્વામીની વાત છે. બ્રહ્માનંદ સ્વામી અને મહારાજ બેય ને સખાપણું. સુરાખાચર અને બ્રહ્માનંદ સ્વામી બેય ભગવાનના રમકડાં. મહારાજ કાંઈ રિસાઈ જાય કે એવું કરે તો એ બેય મહારાજને રમૂજ કરીને મનાવી લે. બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી. મહારાજ ! આ તમારા દાસને ત્યાં આસને પધારજો. સંતોના એવા આસન હોય. ભુજમાં હજી એવા આસન છે. આ ઓરડી હોય તેને આસન ન કહેવાય, પણ જે ત્રણ ફુટ કે ચાર ફુટના આસન હોય, એને આસન કહેવાય. આપણે પહેલા નિત્યાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિકના આસન હતા અને અમદાવાદમાં પણ એવા આસન હતા. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે કે, મહારાજ ! કપાનાથ ! દયાળુ ! આજે આ દાસને આસને દયા કરીને પધારજો, એટલે મહારાજ તો પ્રેમને આધિન છે. કહે ભલે આવશું. કયારે આવશો? મહારાજ કહે, રાતના નવ વાગ્યે આવશું. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને માટે થોડું કાંઈ હશે, તે થાળ બનાવી પાસે પૂજાનો ઉપચાર રાખ્યો. કે જયારે ભગવાન આવે એટલે મારે ભગવાનની પૂજા કરીને જમાડવા. તો રસ્તામાં પ્રેમાનંદ સ્વામીનું આસન આવ્યું. પ્રેમાનંદ સ્વામી તો પ્રેમની જ મૂર્તિ. મહારાજ ! દયાળુ ! પ્રેમાનંદ સ્વામી કહે કે, મહારાજ ! કયાં પધારો છો ? મહારાજ કહે કે, સ્વામી ! અમે તો આજે બ્રહ્માનંદ સ્વામીના આસને જઈએ છીએ. મહારાજ! તમે બ્રહ્માનંદ સ્વામીને આસને જાવ તો ભલે જાવ. પણ આ દાસનું આસન જરા પાવન કરતા જાવ તો સારૂં ! અમે કયાંય પધરામણી કરવા જઈએ, ને તો પધરામણી તો પચ્ચીસ લખી હોય, પણ થઈ જાય પચાસ. રસ્તામાં કોઈ પ્રેમી ભકત હોય, સ્વામી ! મારે ઘેર આવો, મેં તૈયારી કરીને રાખી છે. અમે કહીએ કે ભાઈ ! અમારે મોડું થાય, ટાઈમ નથી. તો કહેશે, ના, આવો ને આવો. એટલે ભકતોનો એવો ભાવ હોય તો સંતોને પણ જાવું પડે ને ? ભગવાન તો દયાળુ છે, એટલે પ્રેમાનંદ સ્વામીને આસને ગયા. તે પ્રેમાનંદ સ્વામી તો પ્રેમની મૂર્તિ. તે ભગવાનની ચંદન, પુષ્પથી પૂજા કરી, ને ભગવાનને હાર પહેરાવ્યો, ભગવાનને થાળ જમાડયો અને મહારાજને બાજોઠ ઉપર બેસાડયા અને મહારાજને ખૂબ ભેટે, મહારાજના ચરણ છાતીમાં લે. તે મહારાજ તો તે પ્રેમને આધિન થઈ ગયા, તેથી

બ્રહ્માનંદ સ્વામીને આસને જવાનું ભૂલી જ ગયા. પા કલાક, અડધો કલાક, કલાક થઈ ગયો. પણ પ્રેમાનંદ સ્વામી પ્રેમની મુર્તિમાં તે તલ્લીન બની ગયા. એટલે તે તો ભૂલી ગયા.એક કલાક થઈ ગયો, બે કલાક થઈ ગયા, પણ આ પ્રેમાનંદ સ્વામી તો આ ભગવાનનું સુખ લીધા જ કરે. પછી કીર્તન બોલ્યા કે, " આવાને આવા રે, આવા ને આવા રે, રહેજો મારી આંખલડીમાં પ્રભુ આવા ને આવા રે . આવાને આવા મારા નાથ બિરાજો, હારે મારા તનડાના તાપ બુઝાવા રે, રહેજો મારી આંખલડીમાં પ્રભુ આવાને આવા રે." પ્રેમાનંદ સ્વામી તો ભગવાનની મૂર્તિમાં અખંડ તલ્લીન બની જતા. ને પછી આવું કીર્તન સાંભળ્યું અને બ્રહ્માનંદ સ્વામી યાદ આવી ગયા. અહો! ઘડિયાળ સામું જોયું. અરે ! પ્રેમાનંદ સ્વામી ! તમે મને અહીં રોકી રાખ્યો ! બ્રહ્માનંદ સ્વામી મને વઢશે. ત્યારે પ્રેમાનંદ સ્વામી કહે મહારાજ ! મને કાંઈ ખબર પડી નહીં. મહારાજ તો જલ્દી જલ્દી બ્રહ્માનંદ સ્વામી પાસે ગયા. બ્રહ્માનંદ સ્વામી કહે કે, મહારાજ ! તમને કોણ એ ધૂતારી મળી હતી ? આ ત્રણ કલાક સુધી ! કીર્તનમાં લખ્યું કે, " મહારાજ તમે આજ કયાં રિસાણા ? તમને કોણ મળી ધૂતારી ? "

એમ મહારાજ તો સાવ ઓશિયાળા થઈ ગયા. ને કહે સ્વામી! તમારી વાત તો સાચી પણ આજ તો પ્રેમાનંદ સ્વામીએ એવો પ્રેમ કર્યો એટલે ભૂલી ગયો. સ્વામી કહે તો ભલે. પછી મહારાજ તો બ્રહ્માનંદ સ્વામીને આસને બેઠા રહયા. મહારાજને જમાડયા અને રાજી કર્યા.

આમાં કહેવાનો હેતુ એટલો જ કે, પ્રેમાનંદ સ્વામીને આવો પ્રેમ હતો. તે ભગવાન તો પ્રેમને આધિન છે. આપણે પણ સાચે ભાવે ભગવાનની ભજન, ભકિત, સત્સંગ કરશું તો, જેમ બે ત્રણ ભકતોની વાત કરી, કે મહારાજે તેમને દર્શન આપ્યા, તેમ તે ભગવાન આજે તો દયાળુ છે. તે વખતે જ્યારે પથ્વી પર હતા, ત્યારે એમાં મનુષ્ય ભાવ ટાળવાનો હતો અને આજે મૂર્તિ ભાવ (પ્રતિમા ભાવ) ટાળવાનો છે. તો મહારાજ કહે કે, અક્ષરધામમાં જે મૂર્તિ છે તે અને આ મૂર્તિમાં એક રોમનો પણ ફેર નથી. તો આપણે પણ એવી ભાવના રાખીને ભગવાનના દર્શન કરીએ, ભગવાનને પ્રાર્થના કરીએ, ભગવાનનું ભજન કરીએ, તો તે વખતે જ ભગવાન દર્શન આપતા અને આજે નથી આપતા તેવું નથી. આજે પણ તેવી રીતે ભગવાનને સંભારીએ તો,

આજે પણ ભગવાન જરૂર પોતાના ભકતને દર્શન આપે જ છે. માટે આપણે દરેકે એવી રીતે ભકિત કરવાનો ખટકો રાખવો.

પ્રશ્નોત્તરી

કેટલાક ભકતજનોએ પ્ર નો પૂછયા, તે સારી વાત છે. કેમકે અમુક વસ્તુ જો સમજાતી ન હોય તો તે પૂછવાથી આપણને ખ્યાલ આવે અને તે પ્રમાણે આપણે વર્તીએ તો ભગવાન આપણા ઉપર રાજી થાય અને ભગવાનનું સુખ વિશેષ આવે.

પ્ર ન : કોઈ હરિભકત વધારે પ્રદક્ષિણા અને માળા કરે અને માળાનું પુણ્ય બીજા કોઈ દુઃખી હરિભકતને આપી શકે કે કેમ ?

ઉત્તર : તો પ્રદક્ષિણા તો પોતપોતાની શકિત અનુસાર કરવી અને પ્રદક્ષિણા કરતા કરતા માળા કરીને તે માળાનું પુણ્ય કોઈ દુઃખી હરિભકતને આપે તો તે ભકતને તેનું પુણ્ય મળે જ છે, કેમકે કોઈ દુઃખી માણસને આપણે કાંઈક દાન કરીએ, તો તેને મળેજ છે. તેમ આપણે તેના માટે દાન પુણ્ય કરીએ, તો તેને ફળ મળે જ છે.

એક ગામમાં એક સંત હતા. ત્યારે કોઈ માંદુ હોય, કોઈ બળદ માંદુ હોય, કોઈ માણસ માંદુ હોય, તો મોટા સંતો સભામાં વાત કરતા કે, આ ફલાણા ભકત માંદા છે, કે ફલાણાનો બળદ બરાબર નથી. તો મહારાજ તેને સાજા કરી દે અથવા તો તેડી જાય. તો એના માટે તમે સર્વે સંતો પાંચ પાંચ માળા ફેરવજો. એટલે એની પાછળ જે કાંઈ માળા કરો, પ્રદક્ષિણા કરે કે દાનપુણ્ય કરે તે તેને મળે જ છે.

પ્ર ન : મહારાજનું અખંડ ભજન થાય તે માટે સરળ ઉપાય બતાવો અને થોડા જ સમયમાં મૂર્તિ સિદ્ધ થઈ જાય તેવું તો સંતો જ આપી શકે તો જરૂર આપજો.

ઉત્તર : તો એમાં તો સ્વામિનારાયણ ભગવાને વંચનામત, શિક્ષાપત્રી, સત્સંગી જીવન આદિકમાં આપણને કહયું છે કે, તમે કરવા મંડયા ને કે દહાડે ન થયું ? તમે કરવા મંડો તો ભગવાનની મૂર્તિ પણ દેખાય અને આત્મા પણ દેખાય. પણ આપણે જે કાલે વાત કરી હતી કે, આહાર વિહારની શુદ્ધતા રાખવી અને બ્રહ્મચર્યની શુધ્ધતા રાખીને ભજન કરીએ તો, જેટલું જેટલું આપણે કરીએ તેનું પુણ્ય કાયમ રહે છે અને તે નિયમો પ્રમાણે આપણે ન વર્તીએ તો આપણે ૧૦૦ રૂપિયા કમાઈએ અને ૨૦૦

નો ખર્ચો કરી નાખીએ તો વધે નહીં. તેમ આપણે આ ભજન કરીએ પણ પાછા નિયમ બરાબર પાલન ન કરીએ તો એવો આનંદ ન આવે. ને નિયમ પ્રમાણે વર્તીને ભજન કરીએ, તો ન થાય એવું કાંઈ છે જ નહીં. જરૂર થાય.

પ્ર ન : સવારે સ્નાન કરતા પહેલા જે કોગળા કરીએ છીએ તે ગાળેલા પાણીથી કરવા જોઈએ કે કેમ ?

ઉત્તર : તે ગાળેલા પાણીથી કરી શકાય તો સારૂં, પણ કેટલાક લોકો નથી કરતા, તો એમાં તે પરંપરાએ કરીને એવું શાસ્ત્રમાં લખ્યું નથી કે, ગાળેલા પાણીથી જ કોગળા કરવા. એટલે એમાં જેને જે અનુકૂળ પડે તે. કેટલાક લોકો ગાળેલા પાણીથી કોગળા કરતા હોય છે અને કેટલાક લોકો એમ જ કરતા હોય છે. પણ આપણે તે પાણી કાંઈ પીતા નથી. એમાં કાંઈ એવો બાધ નડતો નથી.

પ્ર ન : આ કળિયુગમાં મેલી વિદ્યાનું જોર ઘણું જોવા મળે છે, ત્યારે સત્સંગીઓને તેની અસર થાય કે કેમ ?

ઉત્તર : તો જે સત્સંગીઓ ખરા ધર્મ નિયમનું પાલન કરતા હોય, તો તેને કાંઈ તે અસર થતી નથી, પણ થોડીઘણી જો કાંઈ આપણી કાચ્યપ હોય તો એને અસર થાય.

પ્ર ન : કયા નિયમો પાળવાથી મેલી વિદ્યાની બિલકુલ અસર ન થાય ?

ઉત્તર : એમાં તો સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં જે નિયમો કહયા છે, તે પ્રમાણે વર્તીએ તો કાંઈ બાધ આવતો નથી.

પ્ર ન : મોક્ષ વિષે ઘણા હરિભકતોમાં સ્પષ્ટ સમજણ નથી. ઘણા કહે છે કે, આ જન્મે મોક્ષ થવો કઠણ છે અને ઘણા હરિભકતો મોક્ષ કરવા માંગે છે, તો સ્પષ્ટ સમજણ આપવા વિનંતી.

ઉત્તર : તે તો આપણા શાસ્ત્રમાં કહયું કે, ભગવાનની બરાબર ભકિત કરીએ તો આ ને આ જન્મે મોક્ષ થાય જ છે. પણ જેને એવી સમજણ ન હોય, એવા સાધન બરોબર ન કરીએ, નિયમ પાલન ન કરે તો ન થાય.

પ્ર ન : મોક્ષ અને કલ્યાણમાં તફાવત બતાવવા વિનંતી.

ઉત્તર : તો મોક્ષ અને કલ્યાણ માટે નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, કલ્યાણ

તો કોઈ ચપટી અનાજ આપે, કે કોઈ થોડું દાન પુણ્ય કરે તો તેનું પણ કલ્યાણ લખ્યું છે. પણ મોક્ષ એટલે આત્યંતિક જે મોક્ષ થાય અને આ લોકમાં બધી વાસના ટાળીને અક્ષરધામમાં રહેવાનું થાય તે જ ખરો " મોક્ષ " કહેવાય.

પ્ર ન : કપા સાધ્ય અને ક્રિયા સાધ્ય વિષે પ્ર ન છે.

ઉત્તર : તે તો મહારાજે સારંગપુરના ૧૧ માં વચનામતમાં કહયું કે, પુરૂષ પ્રયત્નએ કરીને કેટલું કામ થાય છે અને ભગવાનની કપાએ કરીને કેટલું થાય છે ? તો એમાં મહારાજે પાંચ વાના કહયા. શ્રદ્ધા, સ્વધર્મ, આત્મનિષ્ઠા, બ્રહ્મચર્ય અને દ્રઢ વૈરાગ્ય તે પાંચ વાના દ્રઢ કરે તો. તે બ્રહ્મચર્ય એટલે ત્યાગીને અષ્ટ પ્રકારે અને ગહસ્થને જે પ્રકારે આજ્ઞા કરી, તે પ્રમાણે જો પાંચ વાના દ્રઢ કરે તો જ મહારાજની કપા થાય છે. બાકી તો ભગવાન અને સંતો કોઈ દયા કરે તો થાય. કોઈ પાપી જીવ હોય અને એના ઉપર સંતોની દયા થઈ જાય તો તેનું કલ્યાણ ભગવાન કરે.

પ્ર ન : ઘણા ભકતો વિધિ નિષેધ બરાબર ન પાળતા હોય તો પણ તેમને ભગવાનના દર્શન થાય છે અને ઘણા ભકતો વિધિ નિષેધ બરાબર પાળતા હોય તો પણ તેમને દર્શન થાતાં નથી. તો એમ કેમ થાય છે ?

ઉત્તર : તે તો ઘણા પૂર્વ જન્મના યોગભ્રષ્ટ જીવ હોય તો ભલે આ લોકમાં એવા પાપ કરતા હોય, પણ પૂર્વનું કાંઈક પુણ્ય હોય તો તે પુણ્ય કરીને એમને દર્શન થાતા હોય, પણ તે કાયમ થાતા નથી અને વિધિ નિષેધ પાલન કરતા હોય અને ન થાય તો તેને એટલી કાચ્યપ કહેવાય. વિધિ નિષેધ પાલન કરીને જો બરાબર ભકિત કરતા હોઈએ તો ભગવાન જરૂર એને દર્શન આપે જ છે.

પ્ર ન : શરીરમાંથી આળસ દૂર કરવા શું કરવું ? શરીર થાકેલું હોય ત્યારે સેવા કરવા શું કરવું ? થાક કેમ ભૂલવો ? આત્મ બળ પ્રાપ્ત કરવા શું કરવું ?

ઉત્તર : શરીર થાકી ગયું હોય પણ સાહેબ કહે કે, ઓવર ટાઈમ કરવાનો છે. તો તમે બે કલાક બેસો તો ૨૦૦ રૂપિયા આપશું તો તે પૈસાના લોભે કરીને થાક કયાંય જતો રહે. તેમ આપણને આવો ભગવાનનો મહિમા સમજાય, કે ભગવાનનું સુખ આવું છે. ભગવાનને પ્રાપ્ત કરવા માટે આપણે આવી ભકિત કરીએ, તો તેના વડે થાક તરત ભૂલી જવાય. મેમકાના હરિભકતો હતા. તે ખેતરમાં સાંઠીયું છોલવા ગયા.

તે આખો દિવસ કાપવા લાગ્યા. તે બાર કલાક થયા, તે ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા. થાક લાગ્યો નહીં, ભૂખ લાગી નહીં, તરસ લાગી નહીં. એમ જો એ ભગવાનનું સ્મરણ કરે અને ભગવાનમાં પ્રેમ થઈ જાય, તો એને થાક લાગતો નથી ને લાગે છે તો તે એટલી આપણી કાચ્યપ કહેવાય.

પ્ર ન : અક્ષરધામ કેવું છે ? ત્યાં મહારાજ અને મુકતો શું કરે છે ?

ઉત્તર : તો અક્ષરધામમાં તો મહારાજ પુરૂષોત્તમ નારાયણ અનંત કોટી મુકતો, ચારેય બાજુ ભગવાનની સેવામાં એક નજરે જોઈ રહયા છે. ત્યાં કોઈ કામ કરવું એવું કાંઈ આપણા શાસ્ત્રમાં લખ્યું નથી. ત્યાં સ્ત્રી પુરૂષની એવી કોઈ વાસના હોતી નથી અને તે તો ભગવાનની મૂર્તિમાં એટલો બધો આનંદ છે, એટલે ભગવાનના સુખે જ સુખિયા થઈ જાય. ને ભગવાન પોતે દિવ્ય અક્ષરધામમાં બેઠેલા હોય છે. સ્વામિનારાયણ ભગવાન તો પોતે સર્વઅવતારી છે.

પ્ર ન : સ્વામિનારાયણ ભગવાન તો સર્વઅવતારી છે તેવો નિશ્ચય કેમ થાય ? અને બીજી બહારની વ્યકિતને કેમ સમજાવી શકાય ?

ઉત્તર : તે તો આ અજ્ઞાની જીવ હોય, તેને પણ ખબર પડે કે, સ્વામિનારાયણ ભગવાને આવા મંદિરો કર્યા, શાસ્ત્રો કર્યા, સંતો કર્યા તો બીજા અવતારોએ ભલે ઘણાંક જીવોના કલ્યાણ કર્યા. પણ સ્વામિનારાયણ ભગવાને આવો મોક્ષનો મારગ પ્રવર્તાવ્યો. બીજા કોઈ શાસ્ત્રમાં એવું જોવા મળતું નથી. તો આપણે સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી માનવા.

પ્ર ન : ભગવાનની મૂર્તિને સંભારીને કામ કરવાથી શું ફાયદો થાય ?

ઉત્તર : ભગવાનની મૂર્તિને સંભારીને આપણે જે કાંઈ કામ કરીએ તો તે કામ આપણને બંધનકર્તા થાતું નથી.જેમ ગોરધનભાઈની વાત લખી કે, ગોરધનભાઈ પોતે વેપાર કરતા હતા. ખાંડ, ગોળ વસ્તુ આપતા હતા પણ તે મહારાજને દેખતા કે જે કાંઈ હરિભકતો પૈસા આપી જાય તો લે, કોઈ ન આપી જાતા, તો હસ્તે સ્વામિનારાયણનું નામ લખતા. ત્યારે મુકતાનંદ સ્વામીએ મહારાજને કહયું, મહારાજ! આ ગોરધનભાઈનો વેપાર બગડી જાશે. મહારાજ કહે, કાં ? મહારાજ! આ માણસો ખાંડ, ગોળ, ઘી આદિક લઈ જાય છે, પણ પૈસા કોઈ નથી આપતા, તો તમારૂં નામ

લખે છે. ત્યારે સ્વામિનારાયણ ભગવાને શું કહયું ? કે હે સ્વામી ! અમે કાંઈ દેવાળીયા છીએ ? અમારૂં નામ લખે તો અમે પોતે પૈસા તેમને આપી દેશું. મહારાજ પોતે ભકતોમાં, બીજા માણસોમાં પ્રેરણા કરે કે જાવ, એને આપી આવો. તો તે ભકતો અને બીજા માણસો એની મેળે પૈસા આપી આવતા હતા. તો મહારાજે કહયું કે, જે ભકત મારે આશરે રહે છે, તેની માતા જેમ બાળકની રક્ષા કરે તેમ હું રક્ષા કરૂં છું.

પ્ર ન : માણસનો સ્વભાવ મોક્ષમાં કેટલો અવરોધરૂપ ગણી શકાય ?

ઉત્તર : સ્વભાવ તો મોક્ષમાં આડો આવે જ છે, સ્વભાવ કહો કે પ્રકતિ કહો, તે મહારાજે વચનામતમાં કહયું કે, સ્વભાવ કોઈનો બોલવાનો હોય, જોવાનો હોય, ફરવાનો હોય, તો જેટલો મહારાજની આજ્ઞાથી વિરૂદ્ધનો સ્વભાવ હોય, તો તે મોક્ષમાં આડો આવે જ છે. તો તે સ્વભાવ તો આપણે ટાળવો જ પડે. જ્યાં સુધી સ્વભાવ ન ટાળીએ તો ભગવાનનો એવો આનંદ આવતો નથી. એક ઘોડીની વાત લખી. તેનો સ્વભાવ એવો હતો, કે જે માણસ તેની પાસે જાય તેને પગથી લાત જ મારે. મહારાજ કહે કે, આ ઘોડીનો આ અવળો સ્વભાવ આપણે ટાળવો. મહારાજ કહે કે, આ લાકડી લઈ જાઓ અને તેના પગમાં અડાડો. તે પાંચ પચ્ચીસ હરિભકતો વારે વારે ઘોડીના પગમાં લાકડી અડાડી ને, તો ઘોડી થાકી ગઈ. પછી લાત મારતા બંધ થઈ ગઈ. માટે સ્વભાવ તો ટાળવો જ પડશે. સ્વભાવ હશે ત્યાં સુધી ભગવાનનો રાજીપો થતો નથી.

પ્ર ન : " માન અપમાન " કઈ રીતે ટાળવું ?

ઉત્તર : તો સ્વામિનારાયણ ભગવાને માન રાખવાની કાંઈ આજ્ઞા કરી નથી. કીર્તનમાં પણ સ્વામીએ લખ્યું કે, " મોહનવરને માન સંગાથે વેર જો, સાધન સર્વે માન બગાડે પળ વિષે " એટલે માન તો આપણને વગર વાંકે વઢે, તો ભગવાનના ભકતને તે સહન કરવું. કે ભગવાને આપણને માન રાખવાનું કહયું નથી ને આપણે જો રાખશું તો ભગવાન રાજી નહીં થાય, માટે આપણે માન ટાળવાનો ખટકો રાખવો.

પ્ર ન : ગણપતિ ભગવાને દૂધ પીધું હતું તેના વિષે .

ઉત્તર : તે તો અમે ત્યારે અમેરિકા હતા. ને ઘણા ભકતોને ઘેર ગણપતિએ દૂધ પીધેલું, તો તે તો ભગવાનનું ઐશ્વર્ય ગણી શકીએ અથવા કોઈક મોટા ભકતે ભકિતથી ભગવાનને એવા વશ કર્યા હશે એમ માની શકીએ.

પ્ર ન : શાસ્ત્રમાં ભગવાનના સ્વરૂપને દિવ્ય સાકાર કીધું છે, તો દિવ્ય સ્વરૂપ કેમ સમજવું ?

ઉત્તર : દિવ્ય સ્વરૂપમાં આપણા શાસ્ત્રમાં કહયું છે કે, આ ભગવાનનું સ્વરૂપ તો દિવ્ય છે. કેટલાક કહે છે કે, ભગવાન તો માયિક છે. એટલે ભગવાનને માયિક આકાર નથી, પણ દિવ્ય આકાર તો છે જ. અક્ષરધામમાં પણ મહારાજને ચરણથી શિખા પર્યત ભગવાનને એવા દિવ્ય અંગો છે જ. એટલે ભગવાન સદા દિવ્ય સાકાર છે. કેટલાક લોકો કહે છે કે, ભગવાન નિરંજન નિરાકાર છે. નિરંજન નિરાકાર એટલે કે, ભગવાનને માયિક આકાર નથી. જેમ આપણું શરીર હોય એ સાજું થાય, માંદું થાય, સુખદુઃખ થાય, તેવું ભગવાનને થાતું નથી. માટે ભગવાન દિવ્ય છે.

પ્ર ન : સષ્ટિની ઉત્પતિ વિષે .

ઉત્તર : તો એમાં મોટા સંતો કહેતા કે, આપણને અમુક વસ્તુ ન સમજાતી હોય, રામ અને કષ્ણાદિક તો ભગવાનના અવતારો હતા. પણ પ્રધાન તત્વ, મહત્તત્વ આદિક લખ્યા છે. પણ એમાં આપણે ભગવાનનો આશરો રાખીને ભકિત કરશું. મોટા સંતો એમ કહેતા કે, શાસ્ત્રમાં આપણને ન સમજાતું હોય તો કેમ સમજવું ? જેમ એલ.એલ.બી. માં પાસ થઈ જાય, તો તેણે એસ.એસ.સી. માં શું આવે તે કાંઈ જાણવાની જરૂર રહેતી નથી. તેમ આપણે અક્ષરધામમાં જાશું ને ભગવાનનું ધ્યાન ભજન કરશું, એવો ભગવાનનો મહિમા સમજશું તો પછી બીજું કાંઈ આપણે જાણવાની જરૂર રહેતી નથી. માટે આપણે ભગવાનનો આશરો રાખીને ભગવાનનું ભજન કરવું .

પ્ર ન : ડુંગળી લસણ ખાવાની આપણા સંપ્રદાયમાં ના પાડી છે, પણ તેમાંથી દવાઓ બને છે તે ખાવામાં કોઈ બાધ ખરો?

ઉત્તર : સ્વામિનારાયણ ભગવાને પણ કહયું અને ગીતાજીમાં પણ લખ્યું છે. ડુંગળી, લસણ આદિક વસ્તુ છે, તે વિકાર કરનારી છે, તમોગુણી છે, માટે તે આપણે ન ખાવી અને ડોકટર લોકો ઘણા કહે છે કે, જેના શરીરમાં કોલેસ્ટ્રોલ વધારે હોય તે લસણ ખાતો હોય તો મટી જાય છે. પણ લસણ ખાય તોય તે મરી તો જાય છે. જીવતા કોઈ રહેતા નથી. તે આપણે સત્સંગી હોઈએ તો આપણો ધર્મ જાતા જો આપ

શરીર રહે, તો નકામું છે. સ્વામીએ એક વાત કરી હતી કે, એક સત્સંગી હતા તે કોઈ ઠેકાણે ગયા. તેને કહયું કે તમે અફીણ પીઓ, તો કહે કે હું સત્સંગી છું. તેથી અફીણ તો પીવું જ નહીં. આગળ પહેલા તાયફો કરતા ને ત્યારે ગરાસીયા લોકો અફીણ ખાતા. હવે તો ખબર નથી. ત્યારે આ કહે કે, હું તો રાજા કહેવાઉ. મને ના કહો તે ઠીક નહીં. ત્યારે આ હરિભકતે કહયું કે હે રાજા સાહેબ! આ તલવાર લ્યો. આ તલવારથી મારૂં માથું કાપી ને પછી ગળામાં ભલે અફીણ રેડો, પણ જયાં સુધી આ માથું હશે ત્યાં સુધી અફીણ પીશ નહીં. તેમ આપણે સત્સંગી હોઈએ તો ભલે શરીરનો ત્યાગ થઈ જાય, પણ શીર સાટે ધર્મને પાળીએ તો ભગવાન આપણી રક્ષા કરે જ.

પ્ર ન:ધ્યાન વાળી મૂર્તિનું ધ્યાન કરવું કે, શણગાર વાળી મૂર્તિનું ધ્યાન કરવું?

ઉત્તર :આપણે પહેલા વાત કરીને કે, ચાર પ્રકારનું ધ્યાન છે. જેમાં પોતાને આનંદ આવે તે કરવું, સ્વાંગ કરવું, ઉપાંગ કરવું, સપાર્ષદ કરવું, સલીલ કરવું. જેમાં આનંદ આવે તે કરવું. પણ એમાં સ્વાંગ ધ્યાન છે તે અધિક છે અને ત્રાટક તો જે મૂર્તિ આપણને પ્રિય લાગે, તેને ધ્યાન કરતી વખતે નજર સમક્ષ રાખીને તેનું ત્રાટક કરવું. તો બરાબર કહેવાય અને શણગારની મૂર્તિ હોય તેમાં પણ ત્રાટક કરવામાં કાંઈ વાંધો નથી. વિશેષમાં, ધ્યાન તો જે સવારે સ્વાંગ સ્થિતિમાં કહેલું હોય તે મૂર્તિનું થાય તો સારૂં કહેવાય.

પ્ર ન:સુખ દુ:ખ, માન અપમાન થાય છે, તેમાં મહારાજની ઈચ્છા ભાગ ભજવે છે? કે તેનો સ્વભાવ અથવા કર્મ ભાગ ભજવે છે?

ઉત્તર :તો એમાં તો સુખ દુ:ખ તો કર્માનુસાર પણ થાય અને કોઈ સ્વભાવ અનુસાર પણ તે થાય છે. તો આપણે ભગવાનના ભકતો ભજન કરીએ, તો તે સ્વભાવ પણ ટળી જાય છે અને પૂર્વનું કર્મ હોય તો તે પણ ટળી જાય છે અને શૂળીનું દુ:ખ લખ્યું હોય તો મહારાજ તે કાંટેથી ટાળે છે.

પ્ર ન:પૂજાનું આસન અને ગૌમુખી ધોવા કે નહીં?

ઉત્તર :પૂજાનું આસન કે ગૌમુખી મેલું થઈ જાય તો જરૂર ધોવું પડે. કપડાં મેલા થઈ જાય તો આપણને ગમતાં નથી, તો આપણે ધોઈએ જ છીએ. તેમ આપણે

ભગવાનનું આસન અઠવાડિયે, પંદર દહાડે કે મહિને ધોઈ જ નાંખવું જોઈએ અને ગૌમુખી જો મેલી થઈ જાય, તો તેને પણ ધોવામાં બાધ નથી.

પ્ર ન : ધ્યાન કરવામાં વાસ રોકી રાખીએ તો એટલી વખત એક જ અંગ જોઈ લેવું કે બબ્બે વખત સ્વામિનારાયણ બોલીને એક એક અંગ આગળ જવા દેવું? કે વાસે વાસે ભગવાનનું ભજન કરવું?

ઉત્તર : તો તે પોતાની સ્થિતિ માથે આધાર રાખે છે. કે મોટા સંતો એમ કહેતા, એક અંગમાં એટલો આનંદ આવે કે આપણે વાસ રોકીને બે મિનિટ કે પાંચ મિનિટ કે દસ મિનિટ એમાં આનંદ આવતો હોય, એમાં ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જવાતું હોય, તો એમાં વાસ રોકવામાં પણ આનંદ આવે છે. તે સારૂં છે અને એવી રીતે આનંદ ન આવતો હોય તો ભગવાનના ચરણથી કરીને શિખા પર્યંત એક એક અંગ જોતા જાવું અને બે વાર " સ્વામિનારાયણ " લાંબા વાસે (એટલે ઉંચા અવાજમાં નહીં) પણ સ્વા..મિ..ના.. રા..ય..ણ. મોટા સંતો હતા તે એમ કહેતા કે, એક ભકત હતા તે સ્વામિનારાયણનું નામ લેતા તો પાંચ મિનિટ થઈ જાતી. એટલે એમ સ્વામિનારાયણ એમ પાંચ મિનિટ થાય તો એક વાર સ્વામિનારાયણનું નામ લેવાય અને એને અંતરમાં આનંદના ફુવારા ઝર્યા કરે. એવો અભ્યાસ કરે ને એવી સ્થિતિ થાય તો તે રીતે કરવું. એવો અભ્યાસ ન થયો હોય, તો ધીમે ધીમે ભગવાનનું નામ લેવું પણ ઉતાવળું ન લેવું.

પ્ર ન : પ્રતિલોમ પણે માનસી પૂજામાં દિવ્ય વસ્તુઓ ધરાવવી કે લૌકિક?

ઉત્તર : એમાં તો માનસી પૂજામાં તો દિવ્ય જ વસ્તુઓ ધરાવવી. આપણે એમ માનીએ કે આ ભગવાનને નવડાવીએ, ભગવાનને જમાડીએ, આ દિવ્ય ઉપચારથી જ બધું કરવું. માયિક ઉપચારની કાંઈ જરૂર રહેતી નથી.

પ્ર ન : પોતાનું પ્રધાન અંગ ઓળખીને તેમાં ભકિત કરવી.

ઉત્તર : તે તો મહારાજે પ્રથમ પ્રકરણના ૪૭ માં વચનામતમાં કહયું કે, કોઈને ભકિત નિષ્ઠા પ્રધાન હોય, કોઈને વૈરાગ્ય નિષ્ઠા પ્રધાન હોય. જે પોતાનું અંગ હોય તે ઓળખીને, કોઈને માળા ફેરવવાનું અંગ હોય, કોઈને વાંચવાનું હોય, કોઈને પ્રદક્ષિણા ફરવાનું અંગ હોય, કોઈને સેવા કરવાનું અંગ હોય, ઉકા ખાચર કહેતા ને કે, હું તો

દરરોજ ૫૦૦ માળા ફેરવું છું. મહારાજ કહે કે, ઉકા ખાચર, તમે કેમ ૫૦૦ માળા ફેરવો છો? ઉકા ખાચર કહે કે આ ૫૦૦ સંતો છે, તે મારા ૧ મણકાં સમાન છે. તે સંતોની હું સેવા કરૂં છું. તેમાં મારી તે માળા આવી જ જાય છે. ૫૦૦ માળા રોજ ફેરવું છું, ૫૦૦ સંતોની સેવા કરૂં છું. તો કોઈ સેવા કરે, કોઈને ધ્યાનનું અંગ હોય, કોઈને ત્રાટક કરવાનું હોય, તો જેને જે અંગ હોય તે પ્રમાણે તે ઓળખીને એ પ્રમાણે વર્તે તો એને એવો આનંદ આવે.

પ્ર ન :રજસ્વલા સ્ત્રી ધાર્મિક પુસ્તકો વાંચી શકે કે કેમ?

ઉત્તર : ધર્મના પુસ્તકો વાંચવામાં કોઈ બાધ નથી. પણ શિક્ષાપત્રી વાંચી શકાય નહીં. કેમ કે, મહારાજે કહયું છે કે, આ શિક્ષાપત્રી મારૂં સ્વરૂપ છે. તો બીજા પુસ્તકો વાંચી શકાય પણ આ શિક્ષાપત્રી વાંચી શકાય નહીં. વચનામતમાં ભલે ભગવાનની મૂર્તિ હોય તો એને વાંચવામાં કોઈ બાધ નથી ને દોરા કાંઈ અભડાતા નથી.

પ્ર ન :જેવો માનસી પૂજામાં આનંદ આપના જેવા સંતો સાથે બેસીને આવે છે, તેવો જ આનંદ માનસી પૂજામાં ઘેર જઈએ ત્યારે આવે તેવું કપા કરીને કરજો.

ઉત્તર : તો, તે તો આપણે એવો અભ્યાસ કરીએ કે, મારી સાથે ભગવાન અને ભગવાનના સંતો ભેળા જ છે. મહારાજે પણ વચનામતમાં લખ્યું કે, બહારથી જોઈએ તો ભગવાનનું ધામ, ભગવાનના મુકતો, ભગવાનની મૂર્તિ લાખો ગાઉ દૂર છે અને અંતરથી જોઈએ તો તે એક અણુ માત્ર દૂર નથી. તો આપણે અંતરથી સદાયને માટે ભગવાન અને ભગવાનના સંતોને ભેળા રાખીએ તો એવો આનંદ આવે જ.

પ્ર ન :દીકરા દીકરીના સગાને ઘેર જઈએ અને ઘરે બનાવેલી વસ્તુ જમાડે તો કાંઈ વાંધો આવે ?

ઉત્તર : ગાળી, ચાળી અને શિક્ષાપત્રીના નિયમો પ્રમાણે વર્તતા હોય અને રસોઈ બનાવે તો એમાં કાંઈ વાંધો નથી આવતો, પણ બહારની મીઠાઈ લઈ આવીને જમાડે તો તે જમવું નહીં.

પ્ર ન :ભગવાને વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી ને સૂર્યને પૂજ્ય પણે માનવાનું કહયું. તો આ પંચ દેવોને કઈ રીતે પૂજીએ તો ભગવાનની ઉપાસનાનો ભંગ થયો ન ગણાય ?

ઉત્તર : તે તો મહારાજે કહયું કે, આ પંચ દેવની પૂજા કરવી. પણ તેનું ધ્યા ભજન કે ઉપાસના કરવાની કાંઈ જ જરૂર હોતી નથી. તે તો મુખ્ય દેવોની પરંપ અનાદિ કાળથી ચાલી આવે છે, તેને માનવા, તેના દર્શન કરવા, પણ એમાં પતિવ્રતા ટેકમાં બાધ આવે તેવી રીતે ઉપાસના કરવી નહીં.

પ્ર ન : પૂર્વનું કઠણ પ્રારબ્ધ હોય કે આ લોકની નાની મોટી ઉપાધિ હોય કેવી રીતે ટળે ?

ઉત્તર : તો તે તો પૂર્વના સંસ્કારે કરીને શરીર માંદુ સાજું થાય. ભગવા ભજન કરીએ તો તે ટળી જાય છે.

પ્ર ન : સવારે પૂજા કરીએ ત્યારે શ્રીજી મહારાજ ભેળા રહે છે કે કેમ ?

ઉત્તર : તે તો આપણે ધ્યાન ભજન કરીએ, ઉત્તિષ્ઠો ઉત્તિષ્ઠ તે લોક બોલે ત્યારે આપણે એવી રીતે સંકલ્પ કરીએ કે, હે મહારાજ ! તમે મારા સન્મુખ બિરાજ થાઓ. લોકમાં બોલીએ છીએ ને કે, સદા ત્વં સન્મુખોભવઃ એટલે આ રીતે ધ્ ભજનનો અભ્યાસ કર્યો હોય, તો જેમ શિવલાલભાઈની પૂજામાં આવીને મહા બિરાજમાન થાતા, તેમ આપણે પણ ધ્યાન ભજનનો એવી રીતનો અભ્યાસ હોય, તો એવી રીતે દેખાય. એવો અભ્યાસ ન થયો હોય તો સંકલ્પથી કરવાનો

પ્ર ન : એવું માનવામાં આવે છે કે, શનિવારે બાલ દાઢી ન થાય તે વાત છે ? શાસ્ત્રમાં આ વિષે કાંઈ કહયું છે ? સત્સંગીથી શનિવાર કરાય? હનુમાન બાધા રખાય?

ઉત્તર : એવું આપણા શાસ્ત્રમાં કાંઈ કહયું નથી. આપણે એકાદશી કે વ્રત હોય,તો કાંઈ ન થાય. પણ શનિવારનું કાંઈ ખાસ રહેવાની જરૂર હોતી બાકી આ સંતો કોઈને શનિવાર રહેવાનું કે સોમવાર રહેવાનું કે ગુરૂવાર રહેવા તે શા માટે? તે આ લોકમાં કોઈ શનિવાર રહેતા હોય, કોઈ ગુરૂવાર રહેતા હોય સોમવાર રહેતા હોય એટલે મળતું આવે. બાકી તો આ સંતો સોમવાર રહેવાનું હોય કે, ગુરૂવાર રહેવાનું કહેતા હોય તો એ કાંઈ પાપ થઈ ગયું હોય, તો તે પ્ પ્રાયશ્ચિત કરવાને માટે જ કહેતા હોય છે. બાકી શનિવાર હનુમાનજીની ઉપ કરવા માટે કરવાનું કહેતા નથી, કે સોમવાર શંકરની ઉપાસના કરવા કહેતા

આ તો લોકમાં મળતું આવે એટલે, બાકી સત્સંગીને સોમવાર, શનિવાર એવું કાંઈ રહેવાની જરૂર હોતી નથી.

પ્ર ન :ભગવાનનું ભજન, ભકિત, માળાની સેવા મોટી ગણાય છે કે ભગવાનના મંદિર નિર્માણની સેવા કરીએ તે મોટી ગણાય છે ?

ઉત્તર : એટલે તે તો માળા, ભજન પણ કરવું જોઈએ અને ભગવાનની સેવા થાતી હોય, એ પણ કરવી જોઈએ. સ્વામિનારાયણ ભગવાન ગઢપુરમાં મંદિર કરતા હતા. તો એક સંત ધ્યાનમાં બેઠા હતા. તો મહારાજ એને ઉઠાડયા કે સંતો ! તમે ધ્યાન ભલે કરો, પણ પછી કરજો. હમણાં આ સંતો સર્વે ઈંટો ઉપાડે છે, આમ સર્વે સેવા કરે છે, તો તમે પણ સેવા કરો. એટલે જે સેવાનો ટાઈમ હોય ત્યારે તે સેવા કરીએ તો બહુ સારૂં કહેવાય. ધ્યાન ભજન તો આગળ પાછળ કરી શકાય. આપણને માનસી પૂજાના નિયમો હોય, માળા–ભજનના નિયમો હોય તો આગળ પાછળ થોડું કરી શકાય છે, તો તે રીતે આપણે કાળજી રાખવી.

જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા રે લોલ આજ ધર્મવંશીને દ્વાર

સ્વામિનારાયણ ભગવાન આજે આપણા ઉપર અઢળક ઢળી ગયા છે. કીર્તનમાં લખ્યું કે "જેને જોઈએ તે આવો મોક્ષ માંગવા રે લોલ આજ ધર્મવંશીને દ્વાર" હે ભાઈઓ ! જેને જોઈએ તે આ મોક્ષ માગવાને માટે આવો . કયાં આવો ? ધર્મવંશી ધર્મદેવના પુત્ર ઘનશ્યામ મહારાજ અને એમની પરંપરામાં આપણા આચાર્ય મહારાજ તથા તે મહારાજના કરેલા ૫૦૦ પરમહંસ. તેમાં પરંપરામાં મોક્ષ માર્ગ ચલાવનારા એવા સંતો પણ આજે સ્વામિનારાયણ ભગવાને રાખ્યા છે.. જ્યારે સ્વામિનારાયણ ભગવાનને અંતર્ધાન થવાની ઈચ્છા થઈ, ત્યારે સ્વામિનારાયણ ભગવાને વિચાર કર્યો, આટલા દિવસ મેં અનેક જીવોના કલ્યાણ કર્યા અને મારે તો હવે આ દુનિયામાંથી અંતર્ધાન થઈને, મારા ધામમાં જવું છે. પણ આવો ને આવો સત્સંગનો રંગ ફેલાતો રહે તેને માટે સ્વામિનારાયણ ભગવાને વિચાર કરી અને સર્વે સંતો, હરિભકતો, આચાર્યોને બોલાવ્યા. હવે મારે આ દુનિયામાંથી અંતર્ધાન થાવું છે. ત્યારે સર્વે સંતો અને હરિભકતોએ કહયું કે, આપ પધારો તો અમારા શું હાલ થાય ? માટે અમને પણ

તમારી સાથે ધામમાં લઈ જાઓ. ત્યારે સ્વામિનારાયણ ભગવાને કહયું કે, " આચાર્યો, હે સંતો, હે હરિભકતો, આ મારે તો એવો સંકલ્પ છે કે, હજી તો અને જીવને મારે મારા અક્ષરધામમાં લઈ જાવા અને અનેક જીવને માયારૂપી અજ્ઞા તોડાવી અને સાચું જ્ઞાન આપીને મારી મૂર્તિનું દિવ્ય સુખ આપવાને માટે તમારે સર્વ આંહી રહેવાનું છે."

હવે સ્વામિનારાયણ ભગવાને દરેકને કહયું કે, આટલા દિવસ હું એકજ સ્વરૂ તમને દર્શન આપતો. હવે હું ચાર સ્વરૂપે તમને દર્શન આપીશ. એક તો અમદાવા વડતાલ, ગઢડા, ભુજ આદિક મંદિરો કરાવીને એમાં અમારી મૂર્તિઓ પધરાવી તો એમાં અમે નિવાસ કરીને રહેશું. વળી આ અમદાવાદ અને વડતાલ એ બે દેશ ગાદીઓ કરીને આચાર્ય કર્યા અને ૫૦૦ પરમહંસ કર્યા અને સત્શાસ્ત્રો કર્યા તે સ્વરૂપે હું તમને દર્શન આપીશ માટે તમે સર્વે શાંતિ જાળવજો ને મારૂં ભજન કર તો અંતકાળે તમને સર્વેને હું મારા અક્ષરધામમાં લઈ જઈશ.

તો મહારાજનો એવો સંકલ્પ સિદ્ધ કરવાને માટે આચાર્ય મહારાજે પણ દાખડા કર્યા. અયોધ્યા પ્રસાદજી મહારાજ તથા રઘુવીરજી મહારાજ આદિ આચાર્ય પણ ઘણા એવા દાખડા કર્યા ને હજી પણ આચાર્ય મહારાજશ્રી કરે જ છે. ને સંત પણ ઘણું જ કર્યું ને હજી પણ આપણા સંપ્રદાયમાં વડતાલ અને અમદાવાદ દેશ ઘણાંક એવા સંતો ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતો સંભળાવી અનેક જીવને કલ્યાણને માર્ગે દોરે છે.

આપણે શિક્ષાપત્રી, વચનામત, સત્સંગી જીવન આદિક શાસ્ત્રો વાંચીએ પણ આપણા અંતરમાં શાંતિ થઈ જાય છે અને આચાર્ય મહારાજના દર્શન કરીએ પણ આપણને શાંતિ થઈ જાય છે. ભગવાનના દર્શન કરીએ, સંતોના દર્શન કરીએ આ સ્વામિનારાયણ ભગવાન પોતે આ સત્સંગમાં ચાર સ્વરૂપે રહેલા છે.

સાચા સંતોના દર્શન માત્રથી અંતરમાં શાંતિ થાય અને સમાગમ કરવાથી એકાંતિક ભક્ત થાય

મોટા સંતોએ વાત કરી કે, એક ગામમાં સંત ફરવા ગયા, ત્યારે સાધુને

તો શું ? કે સર્વ જીવ હિતાવહ, સર્વ જીવનું હિત કરવું એજ સાધુનો ધર્મ. એટલે સંતો તો ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની વાતું સંભળાવી અને અનેક જીવનું કલ્યાણ કરી મોક્ષના માર્ગે ચલાવતા. ત્યારે એક ગામમાં ગયેલા. સૂર્ય ઉગે તે છાનો રહેતો નથી એમ એવા જે સંતો કે ભગવાનના સારા ભકતો હોય, એનું ઐશ્વર્ય છાનું રહેતું નથી. આખા ગામમાં સંતની વાણી ફેલાણી. અહોહો ! આ સંત બહુ સારા છે. તેની આપણે વાત સાંભળીએ તો શાંતિ થઈ જાય છે.

એક નિરંજનાનંદ સ્વામીની વાત લખી કે, નિરંજનાનંદ સ્વામી પાસે જઈને બેસીએ તો એનું અંતઃકરણ ટાઢું થઈ જાય, ત્યારે સ્વામી પાસે કાંઈ બરફ ન હતો. પણ એમના અંતરમાં ભગવાનની મૂર્તિ હતી. એટલે ભગવાનની મૂર્તિ સંભારીને વાતો કરે, તો શાંતિ થઈ જાય અને અંતરમાં ટાઢું થઈ જાય. એમ આ ગામમાં પણ તે સંત પધાર્યા. તેના દીવાન હતા, તેને ખબર પડી કે, આ સંત બહુ સારા છે, એ તો ત્યાં ગયા. સ્વામીને ખબર નહીં કે આ દીવાન છે. એટલે તે તો દર્શન કરીને, જય જય કરીને ચાલવા મંડયા. બીજાએ કહયું કે, સ્વામી, આ દીવાન છે. ત્યારે સંતને એમ થયું કે, આ કોઈ દેવી જીવ છે અને અહીં આવ્યા એટલે મારે એમનું સારૂં કરવું. ત્યારે સંતે બોલાવ્યા, આવો સાહેબ આવો. સાહેબને બેસાડયા અને સંતે ભગવાનના જ્ઞાનની, ધ્યાનની, મહિમાની વાત સંભળાવી. પણ આમના અંતરમાં તો તે જ્ઞાનની, ધ્યાનની વાત ઉતરે એવા તે પાત્ર હતા નહીં. ત્યારે સ્વામી કહે કે, આ તો એને સમજાયું નહીં. માટે આને બીજી રીતે સમજાવું. એટલે સ્વામીએ એક કીર્તન ગાયું

" ચિંતામણી સમ દેહ મનુષ્યનો
અધિક પુન્યવંત પામે
વારંવાર મનુષ્ય જન્મ ન આવે
દેવને દુર્લભ દેહ મનુષ્યનો
અધિક પુન્યવંત પામે "

આવું સ્વામી કીર્તન બોલ્યા એટલે એને તો એમ થઈ ગયું કે, સ્વામી તો આ

મારા માટે જ બોલ્યા. કે આવો ચિંતામણી તુલ્ય મનુષ્યનો દેહ મને મળ્યો. દેવતાને પણ દુર્લભ, તો હવે હું જ્ઞાન વિના મારો આ જન્મ વ્યર્થ શા માટે ગુમાવું ? સ્વામીની આવી વાત સાંભળી, આ કીર્તન સાંભળતા તેમના મનમાં શાંતિ થઈ ગઈ. અહોહો ! આ સ્વામી તો બહુ સારા છે. તોય સ્વામીને પગે લાગ્યા નહીં ,ને પોતાને જરાક માન પણ ખરૂં. પણ સ્વામીની આવી અમત સમાન વાણી સાંભળી, આવું કીર્તન સાંભળી આનંદ થઈ ગયો. સ્વામી ! મારા સર્વે ગુના તમે માફ કરી દો, ને આજથી હું તમારો દાસ. તમે જેમ કહો તેમ મારે કરવું. સ્વામી કહે કે, હું પોતે પણ ભગવાનનો દાસ છું, તમને તમારા જીવનું કલ્યાણ કરવું હોય, તો આ સ્વામિનારાયણ ભગવાનનો દ્રઢ આશરો રાખો અને વર્તમાન ધરાવીને આ કંઠી પહેરો અને આ પૂજાપાઠ કરીને ભગવાનનું ધ્યાન ભજન કરો તો તમારો મોક્ષ થઈ જાશે. ત્યારે તે દીવાન હતા પણ એને એવું જ્ઞાન થઈ ગયું. એટલે સ્વામી પાસે વર્તમાન ધરાવ્યા. કંઠી ધારણ કરી, પૂજાપાઠ લઈને કહયું કે સ્વામી ! મારે તો હવે આ દુનિયામાં આ ભગવાન મળ્યા,આ તમારા જેવા બ્રહ્મવેતા સંત મળ્યા, હવે મારે આ દુનિયામાં મોહ પામવો નથી અને આ દુનિયાના કાર્યમાં મારે ફસાવું નથી અને મારે તો આ ને આ જન્મે કરીને મોક્ષ કરી લેવો છે. એવો મને ઉપાય બતાવો. એટલે દરરોજ એ સ્વામી પાસે આવે. અઠવાડિયું ,પંદર દહાડા આવ્યા અને સ્વામીએ ભગવાનના ધ્યાનની, જ્ઞાનની વાતું સંભળાવી. એટલે એને આનંદ થઈ ગયો. ત્યારે ભગવાનની દયાથી અને સ્વામીના આશીર્વાદથી ને સ્વામી તો ગામડે ગામડે જાય ને અઠવાડિયું, પંદર દિવસ કે મોટું ગામ હોય તો મહિનો દિવસ રહે એટલે આ સંતો તે ગામમાં ગયા. તે ગામમાં ત્યાં ગયા અને આ દીવાને સ્વામીની વાતું સાંભળીને ધ્યાન, ભજન કરવા મંડયા. એના અંતરમાં પણ મૂર્તિ દેખાવા માંડી. ભગવાનમાં તદાકાર થવા મંડયા. ત્યારે સ્વામીએ એક કીર્તન તેમને શીખવાડયું

હેડામાં મુને વ્હાલા લાગો છો વનમાળી..... ટેક
વ્હાલા લાગો છો લટકાળા રે લાલા, મારા નયણા ઠરે છે ભાળી ભાળી
આઠો પહોર આવી વસી અંતરમાં, મૂર્તિ તમારી મરમાળી – હે....

બાંધ્યા છે બાજુ કાજુ ફૂલડાની માળા, ગળે લાગે છે રૂપાળી :
મનડા હરો છો તમે મોરલી વજાડતા, ગાતા નાખો છો રંગઢાળી – હે....
શું રે કરે સંસારી ઘોળ્યા, મે તો લોક લજજા સર્વે ટાળી :
બ્રહ્માનંદના વ્હાલા તમ સંગ રમતા, મારે દાડી દાડી તે દિવાળી–હે....

પંદર દિવસમાં સ્વામીની દયાથી તેમને ભગવાનનો સાક્ષાત્કાર થયો ને આવું કીર્તન તે બોલ્યા, ને પછી તેમણે દીવાન પદું છોડી દીધું અને પોતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવા માંડયા. તે છત્રીસ કલાક સુધી ભગવાનની દયા અને સ્વામીના આશીર્વાદથી ધ્યાન સિદ્ધ કર્યું.

તો આમાં આપણે એટલું લેવાનું કે, આવડા મોટા પોતે દીવાન હતા ને સત્સંગ કર્યો તો મૂર્તિ દેખાણી. મોટા સંતો કહેતા કે, આ આંબો હોય તેને ત્રણ વર્ષે કેરીઓ આવે. તેમ આપણે જો ધ્યાન, ભજન બરોબર કરીએ તો ત્રણ વર્ષે મૂર્તિ દેખાઈ જ જાય. પણ આ તો ત્રણ વર્ષનું દૂર રહયું પણ પંદર દિવસમાં જ ભગવાનની દયા થઈ ને તે સંતની દયા થઈ તો એને ભગવાનનો સાક્ષાત્કાર થઈ ગયો. તો આમાં આપણે કહેવાનો હેતુ એટલો જ કે આપણા ઉપર પણ સ્વામિનારાયણ ભગવાનની અઢળક દયા છે અને આપણને આવો દિવ્ય સત્સંગનો યોગ મળ્યો છે.

સ્વામિનારાયણ ભગવાન એવા દયાળુ છે કે, પોતાના ભકતજન ઉપર એટલું બધુ વ્હાલ રાખે છે, તો એનો આપણે વિચાર કરીએ તો પાર ન આવે. આ વચનામતમાં સ્વામિનારાયણ ભગવાને આપણા માટે ઘણી સારી વાત કરી. જેમ આ લોકના મોટા શેઠ હોય કે સાહેબ હોય કે મોટા કોઈ સારા સદ્‌ગહસ્થ હોય, તો પોતાની ભાવિ પ્રજાને માટે સારા બંગલા બનાવીને રાખી જાય, તેમ આ સ્વામિનારાયણ ભગવાન પોતાના ભકતજનને કેમ સુખ થાય, પોતે પોતાની હયાતિમાં તો દરેકને એવું સુખ આપતા. આ પોતે ધર્મ, જ્ઞાન, ધ્યાન, ભકિત, વૈરાગ્યની વાતું સંભળાવીને ભકતોને સુખીયા કરતા ને મહારાજની અમત સમાન વાણી સાંભળી અને ભકતજનો મહારાજની દિવ્ય મૂર્તિનું સુખ લેતા.

ભગવાનના સુખનો મહિમા સમજાય તેને આ સંસારના સુખો તુચ્છ થઈ જાય છે

કારિયાણીના વચનામતમાં કહયું કે, જેમ ચકોર પક્ષી ચંદ્રમાં સામું જોઈ રહે છે, એમ સર્વે ભકતજનો ભગવાનની મૂર્તિ સામું જોયા રાખે છે. અક્ષરધામમાં પણ એવો જ આનંદ છે. અક્ષરધામમાં અનંતકોટી મુકતો ભગવાનની મૂર્તિ સામું આમ જોઈ રહયા છે, અને ભગવાનની મૂર્તિના સુખમાં એવા તલ્લીન બની જાય છે અને ભગવાનના અક્ષરધામમાં એટલો બધો આનંદ છે, એટલું બધું સુખ છે, તે સુખનું આપણે વર્ણન પણ કરી શકીએ નહીં. પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું કે, વ્હાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ. અને ભકતચિંતામણીમાં નિષ્કુળાનંદ સ્વામીએ પણ લખ્યું , જેણે જેણે એ રસ ચાખ્યો, એણે સંસાર રસ કૂચો કરી નાખ્યો. કે જેણે જેણે તે ભગવાનનો રસ ચાખ્યો, એણે સંસારનો રસ કૂચો – જેમ શેરડી હોય, શેરડી ચાવીને એનો કૂચો કરે તો તેમાં કાંઈ શેરડીનો સ્વાદ આવે નહીં. તેમ આ સંસારના સુખ એવા છે. એક ઠેકાણે એક મહાત્માએ પણ એવું લખ્યું. સંસારીના સુખ એવા, ઝાંઝવાના નીર જેવા. ઝાંઝવાના પાણી જેવા સંસારના સુખ છે. તે ઝાંઝવાના પાણી દેખાય પણ તે પાણી કાંઈ હોય નહીં. ને તે પાણી કાંઈ પીવામાં કામ આવે નહીં. એમ ભોગ સંસારી ભોગવી કોઈ તપ્ત ન થાય જી. ઈન્દ્રિયો ઊંડી અપાર છે, વિષય નીરે ન ભરાય જી.

કે આ સંસારના સુખ ભોગવીને કોઈ જીવ તપ્ત થયો જ નથી. આ જીવાત્મા આથી અગાઉ ચોર્યાશી લાખ જન્મ થયા, આ સંસારના સુખ ભોગવતો જ આવ્યો છે. સ્ત્રી, પુત્ર, ધન–દોલત, માલ–મિલ્કત, સ્ત્રી–પુરૂષ એવા અનેક પ્રકારના સુખ આ જીવાત્મા ભોગવતો આવ્યો છે. તો પણ હજી સુધી આ જીવાત્માને એમાંથી વાસના મટતી નથી. એટલા માટે સ્વામીએ કીર્તનમાં લખ્યું,

" ભોગ સંસારી ભોગવી, કોઈ તપ્ત ન થાય જી
ઈન્દ્રિયો ઊંડી અપાર છે, વિષય નીરે ન ભરાય જી"

કે સંસારના સુખ ભોગવીને આ જીવાત્મા કોઈ તપ્ત થયો નથી. ચોર્યાશી લાખ જન્મ થયા, આ જીવાત્મા એ સુખ ભોગવી આવ્યો છે, તો પણ હજી સુધી તે જગતની વાસના આ જીવાત્માને ટળતી નથી.

એના ઉપર એક દ્રષ્ટાંત આપ્યું. કે જેમ લ્હાય લાગતી હોય અને તે લ્હાયમાં કેરોસીન નાખીએ, તો ભડકો થાય પણ એમાં પાણી નાંખીએ કે રેતી નાખીએ તો એ લ્હાય હોલવાઈ જાય. તેમ આપણે આ જ્ઞાને કરીને સંસારના સુખો નાશવંત છે અને આથી અગાઉ મેં ઘણા સુખો ભોગવ્યા છે. તો હવે તે ભોગવી ભોગવીને આ જીવાત્માને તપ્તિ થાય તેવું છે નહીં. પણ અગ્નિમાં જ્ઞાનરૂપી પાણી અને રેતી નાખીએ તો જ તે સંસારના સુખની વાસના ટળે. નહીંતર તો અમારા ગુરૂ એક વાત કરતા કે એંસી વર્ષના ભલે થયા હોય, તોય એને બૈરી મરી ગઈ હોય તો કહે કે મારે બીજી સ્ત્રી કરવી છે. એટલે આ જીવાત્માને વાસના ટાળવી બહુ જ કઠણ છે. પણ તે ટળે કયારે ? ત્યારે સ્વામિનારાયણ ભગવાને કારિયાણીના ૧૨ માં વચનામતમાં લખ્યું કે, આ ભગવાનનો મહિમા સમજી અને ભગવાનની મૂર્તિનું ધ્યાન ભજન કરે અને ભગવાનના જે જે નિયમો કહયા, તે પ્રમાણે વર્તે તો જ કારણ શરીરની વાસના ટળે. તે વિના કારણ શરીરની વાસના ટળતી નથી. પ્રતાપભાનુ નામે રાજા હતા. તે બહુ સમાધિનિષ્ઠ હતા. છતાંપણ એને કારણ શરીરની વાસના ટળી ન હતી એટલે છ મહિના સુધી સમાધિમાં રહેતા પણ વળી પાછા બહાર આવે ત્યારે વળી પાછી એને સંસારના સુખની વાસના થઈ જાય. ત્યારે કહેવાનો હેતુ એટલો જ છે કે, આવો ભગવાનનો મહિમા સમજાય, તો સંસારના સુખની વાસના ટળે.

વચનામૃતનું મહાત્મ્ય તથા ગ.મ.પ્ર. ના ૨૨ માં વચનામૃતનું વિવેચન

સ્વામિનારાયણ ભગવાને પોતાના ભકતજનને સુખ આપવા માટે જ આવા અમત સમાન વચનામત લખ્યા છે. તે વચનામતમાં વાત આવે કે બે રાજાના સૈન્યો હોય, તે બેય સામસામા નિશાન લઈને ઊભા હોય, બંનેને એમ થાય કે, આપણે એમનું નિશાન લઈને જીત મેળવીએ અને એને આપણે પાડી નાખશું. તો એના ઉપર મહારાજે દ્રષ્ટાંત લખ્યું કે, શૂરવીરને ઠેકાણે ભગવાનના ભકતો છે અને એણે જીત શું

કરવી? કે આપણા ઈન્દ્રિયો, અંતઃકરણ કે કામ, ક્રોધ, લોભ, મોહ જે અનાદિકાળના આ જીવાત્માને જન્મ મરણના ફેરા ભોગવાવ્યા જ કરે છે. પુનરપિ જનનં અને પુનરપિ મરણં. તે જન્મ–મરણના ફેરા ભોગવ્યા જ કરે છે. તો આપણે એના ઉપર જીત કરવી કે, કામ, ક્રોધ, લોભ, મોહ, માન તે સર્વે જે દોષ છે, તે એવા છે અને મહારાજે મધ્યના ૪૫ માં વચનામતમાં એકાવનનું ટોળું લખ્યું છે કે, સાધુ, બ્રહ્મચારી, સત્સંગી તમે સર્વે સુધા સાવધાન રહેજો. તમારા અંતઃકરણમાં પંચભૂત, પંચવિષય, ચૌદ ઈન્દ્રિયોના દેવતા, તે આદિક કોઈનોય સંગ કરવો નહીં. તે મહારાજને તો આપણને સૌને એવા ચોખ્ખા કરીને અક્ષરધામમાં લઈ જાવા છે.

મહારાજને આપણા પર એવો આગ્રહ છે, જે આ વચનામત વાંચીએ તો એમ થાય જે મહારાજ અહીં સાક્ષાત્ વિરાજમાન છે અને આ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિક ૫૦૦ પરમહંસ તથા દાદા ખાચર, મયારામ ભટ આદિક સર્વે ભગવાનના ભકતજનોની આ સભા બેઠી છે અને હું પણ તે અક્ષરધામની સભામાં બેઠો છું અને આ મહારાજ જાણે, આ આપણને વાતું સંભળાવે છે. એવી ભાવના રાખીને આ વાંચીએ અને એવી રીતે આ વચનામત આપણે સાંભળીએ, તો મહારાજે વચનામતમાં પણ લખ્યું કે, દેહ મૂકીને જે સુખને આપણે પામવું હતું, તે સુખ તો આપણને દેહ છતાં જ મળ્યું છે. આપણને મળ્યું તો છે, પણ હવે આપણને લેતા આવડે તો કામ આવે. પણ થોડીકવાર લઈએ ને વળી પાછું આ લોક એવો છે ને ભૂલી જવાય. પણ કાયમને માટે તે સુખ આપણે જાળવી રાખીએ તો આપણને એવો જ આનંદ આવે.

બીજું, મહારાજે એમ કહયું કે, ભગવાનના શૂરવીર ભકતો હોય એને આ દોષ ઉપર જીત કરી અને નિશાનને ઠેકાણે ભગવાનનું અક્ષરધામ છે, કે મહારાજ, મારે તો આ દેહે કરીને જ અક્ષરધામમાં જરૂર પૂગવું છે. તો દ્રઢતા જોઈને એની મદદ કરે મુરારી! એવી એની ભાવના સાચી હોય તો મહારાજ યોગ આપીને, રોગ આપીને, અંતકાળે ૧૦૦ સદ્‌ગુરૂનું જ્ઞાન આપીને પણ પૂરૂં કરાવી દે. ભલે ! આપણે આ લોકમાં હોઈએ એટલે થોડી વાસના જેવું જણાય, પણ આવો ભગવાનનો મહિમા

સમજીને તે કસર ટાળવાને માટે આપણે કાળજી રાખીએ, તો ભગવાન જરૂર ટળાવી દે.

મહારાજે અમદાવાદમાં નરનારાયણ દેવ પધરાવ્યા અને બ્રાહ્મણોને જમાડયા. તે મહારાજ કહે કે, અમને પ્રવત્તિ થઈ. મહારાજને તો તે વળી કાંઈ પ્રવત્તિ નડતી હતી નહીં પણ આપણને દેખાડયું. ને મહારાજે કહયું કે, ઉપરથી તો ગમે તેટલી પ્રવત્તિ હોય એનો મારે ખરખરો નહીં. પણ અંતરમાં રંચ જેટલો ઘાટ થાય, એનો ત્યાગ કરીએ, ત્યારે નિરાંત થાય. આપણને તો આખા દિવસમાં કેટલાય ઘાટ સંકલ્પ થયા જ કરતા હોય, તો આપણે તે ટાળવાની કાળજી રાખીએ, તો એવા ઘાટ સંકલ્પ ન થાય. પણ જો આપણે તે કાળજી ન રાખીએ , તો તે બધાય ચોર પેસી જાય. તો વળી પાછા આપણને જન્મ મરણના ફેરા લેવા જ પડે. તો મહારાજ કહે કે, મારે તે પ્રવત્તિ થઈ એને વિસારવાને માટે ત્યાંથી ચાલી નીકળ્યા અને ગણેશ ઘોળકાની રાણ્યુંમાં જઈને રાત રહયા. સંસારીને વ્યવહારની પ્રવત્તિ હોય અને અમને સાધુ લોકોને મંદિરની પ્રવત્તિ હોય. કેમકે, પ્રવત્તિ તો આ દુનિયામાં રહયા એટલે મહારાજે આ રાજમાર્ગ પ્રવર્તાવ્યો. અનેક જીવના કલ્યાણને માટે સંતોને પણ કહયું કે, તમારે આ મંદિરો કરવા અને હરિભકતોને રાજી કરવા, હરિભકતોના કલ્યાણ કરવાને માટે તમે દેશોદેશ, ગામોગામ જઈ અને મારા મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું સંભળાવીને સુખીયા કરજો. એટલે આ સંતોને પણ ભગવાનના મંદિર સંબંધી પ્રવત્તિ કરવાનું કહયું, પણ તે પ્રવત્તિ કરતાં કરતાં સાથે સાથે એમ જાણે કે, આ ભગવાનના બાળકો છે. હું આ ભગવાનને રાજી કરવા માટે જ આ બધી પ્રવત્તિ કરૂં છું. તો તે પ્રવત્તિ આપણને નિવત્તિરૂપ જ થાય છે.પછી મહારાજ કહે, કે અંમે તે બધી પ્રવત્તિ વિસારી અને આત્મસત્તારૂપે રહેવા માંડયું. ત્યારે લૌકિક પ્રવત્તિ કાંઈ દેખવામાં આવી નહીં. તેમ આપણે પણ આ મહારાજનો સિદ્ધાંત છે, તેમ વ્યવહારિક પ્રવત્તિમાં કયારેક આવું થઈ જાય તો જ્ઞાને કરીને પોતાની સ્થિતિમાં પાછા આવી જવું.

ભગવાનનો જેવો મહિમા છે તેવો જ સાધુનો મહિમા છે

જેવો ભગવાનનો મહિમા છે, તેવો જ સાધુનો મહિમા છે. સાધુ એટલે શું ?

આ ભગવા લુગડાં પહેર્યા એટલે સાધુ બની ગયા એમ નહીં, પણ ગીતામાં, રામાયણમાં, ભાગવતમાં અને સ્વામિનારાયણ ભગવાને વચનામત, શિક્ષાપત્રી, સત્સંગીજીવન આદિકમાં સંતોના ત્રીસ લક્ષણો લખ્યા છે. મહારાજ કહે કે, ત્રીસ લક્ષણે યુકત એવા જે સંત હોય, તે મહારાજે એક ઠેકાણે લખ્યું કે, સાધવો હૃદયં મહ્યમ્. સાધુ છે તે મારા હૃદય સમાન છે. જેમ માણસનું હૃદય હોય, તો હૃદય વિના તે માણસ ચાલી શકતો નથી. તેમ મહારાજે આમાં સાધુનો આવો મહિમા બતાવ્યો કે, આવા જે સંત હોય, તે મારા હૃદય સમાન છે અને જેવા મને તે સંત વહાલા છે, એવું બીજું કાંઈ પણ વહાલું નથી. જેમ "લક્ષ્મીજી મારા અર્ધાંગના, પણ મારા સંતની દાસી" એક મહાત્માએ કીર્તનમાં પણ લખ્યું કે મારા સંતની દાસી. જુઓ! લક્ષ્મીજી ભગવાનના પટરાણી કહેવાય અને સંતો આ લોકના માણસ કહેવાય. છતાં પણ મહારાજ કહે, કે આવા જે સંત હોય, એના લક્ષ્મીજી પણ દાસી છે. એટલે એણે કરીને આ સાધુઓને કાંઈ ફુલાઈ જવાની જરૂર નથી પણ એવા સાધુનો મહિમા બતાવ્યો, કે એવા લક્ષણે યુકત જો સાધુ થાય તો, રાજાનું દ્રષ્ટાંત આપ્યું. જેટલામાં રાજાનું રાજ્ય હોય, એટલું રાણીનું પણ રાજ કહેવાય. તેમ જેટલો ભગવાનનો મહિમા છે, એટલો જ ભગવાનના સંતનો મહિમા છે. તો મહારાજ કહે કે, એવા જે સંત, તેનો સમાગમ કરવો.

મહારાજે શિક્ષાપત્રીમાં કહયું કે, નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. બ્રહ્માનંદ સ્વામીએ તો વળી એમ લખ્યું કે, " સંત સમાગમ કીજે હો નિશદિન, સંત સમાગમ કીજે " નિશ ને દિન એટલે રાત્રી અને દિવસ સંત સમાગમ કરવો. હવે જો ચોવીસ કલાક તમે સાધુ પાસે બેસી રહો તો સંસારિક લોકો વ્યવહારિક કાર્ય કયારે કરે? અને સ્ત્રી, પુત્ર, સગાસંબંધીનું ભરણ પોષણ કયારે કરે? તો એના ઉત્તરમાં મોટા સંતોએ કહયું કે, આખો દિવસ કોઈ સાધુ પાસે બેસી રહેવાનું નથી, પણ પાંચ મિનિટ, દશ મિનિટ કે પા કલાક કે અર્ધો એક કલાક. એક મહાત્માએ લખ્યું

"એક ઘડી આધી ઘડી આધી મેં પુનિ આધ
તુલસી સંગત સંતકી મીટે કોટિ અપરાધ"

એક ઘડી ચોવીસ મિનિટની થાય. અર્ધી ઘડી બાર મિનિટની થાય. પા ઘડી છ મિનિટની થાય. એટલીવાર પણ જો તમે ઈન્દ્રિય અંતઃકરણથી એકાગ્ર થઈ અને ભગવાનનું ભજન કર્યું હોય કે સંત સમાગમ કર્યો હોય, તો તમારા કરોડો જન્મોના પાપ બળી જાય. એમ આમાં લખ્યું. એટલે આવી રીતે મહારાજ કહે કે, થોડીવાર સંતસમાગમ કર્યો હોય પણ દિવસ દરમ્યાન અવાર નવાર આ સ્વામીએ આપણને આમ કહયું હતું તે યાદ કરી, આપણે આવી રીતે ચાલવું. એટલે એવી રીતે અભ્યાસ કરે તો તે નિશદિન સંત સમાગમ કર્યો કહેવાય.

ત્યારે આમા મહારાજે કહયું કે, સાધુનો જેટલો પ્રતાપ છે, તે તો સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર દયા કરી અને આપણને આવો સત્સંગનો યોગ મળ્યો. તો અમારે પણ સાચા સાધુ થાવાની કોશિશ કરવાની જ છે અને તમારે પણ સાચા ભકત. મહારાજે વચનામતમાં કહયું કે, જેવા મારા ભકત મને વહાલા છે, તેવું મને કોઈ પણ વહાલું નથી. મારા ભકતને અર્થે મેં મારો દેહ પણ કૃષ્ણાર્પણ કરી રાખ્યો છે. તો ભગવાને પણ પોતાના ભકતને માટે પોતાનો દેહ કૃષ્ણાર્પણ કરી નાખ્યો અને સંતો તો ભગવાન કહે કે,મારા હૃદય સમાન છે. અમારે પણ એવા સાચા ભકત બનવાની કોશિશ કરવાની છે ને તમારે પણ એવા સાચા હરિભકત થવાનું છે.

નાવ નવીન નાંગર્યું છે વ્હાલે, બેસો તો થઈ જાવ ભવ પાર

આપણા સૌના મોટા ભાગ્ય છે કે, આપણને આવા સર્વ સુખના નિધિ એવા સ્વામિનારાયણ ભગવાન મળી ગયા. આ ભગવાન મળવા બહુ મોંઘા છે. આ દુનિયાની દરેક વસ્તુ મળે, પણ આ ભગવાન મળવા બહુ દુર્લભ છે. પણ આપણા ઉપર ભગવાને ઘણી દયા કરીને પોતાને શરણે લીધા, તે પ્રેમાનંદ સ્વામી લખે છે કે,

"બાંય ઝાલીને તાણી લીધી બારણે રે લોલ,
નહીંતો વહી જાતી કયાંયની કયાંય મારી બેની"

તે સ્વામી તો પોતે ભગવાનની મૂર્તિના સુખે સુખીયા જ હતા અને ત્રણેય અવસ્થામાં ભગવાનની મૂર્તિ દેખતા જ હતા. ત્યારે એને આવું કાંઈ કરવાની જરૂર હતી જ નહીં, પણ આપણને શીખવાડયું કે, આપણે સર્વે આ સંસારરૂપી સમુદ્ર કે નદીના પ્રવાહમાં તણાઈ જતા હતા. પણ આ ભગવાને આપણો હાથ ઝાલીને આ સત્સંગરૂપી નાવમાં બેસાડી દીધા, "નાવ નવીન નાંગર્યું છે વહાલે, બેસો તો થઈ જાવ ભવ પાર." આ ભગવાને આવું સત્સંગરૂપી દિવ્ય નાવ નાંગર્યું છે. મહારાજે વચનામતમાં એક જાડું દ્રષ્ટાંત આપ્યું છે કે, નદી કે તળાવ તરવા હોય તો 'નાવિક' હોય તો તરી જવાય પણ સમુદ્ર તરવો બહુ કઠણ છે. તેમ મહારાજ કહે કે, આ સંસારરૂપી સમુદ્ર તરવો બહુ જ કઠણ છે. જ્યારથી આ સષ્ટિનું મંડાણ થયું, ત્યારથી કરીને આપણે સર્વે આ સંસારરૂપી સમુદ્રમાં તણાયા જ કરીએ છીએ. " પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્ " આપણે સર્વે વારંવાર જન્મમરણના ફેરા ફર્યા જ કરીએ છીએ ! તે શાસ્ત્રમાં લખ્યુ છે કે, આથી અગાઉ આપણે ચોર્યાશી લાખ જન્મો ધરી આવ્યા છીએ અને જેટલું સમુદ્રનું પાણી છે, તેટલું આપણે માતાનું દૂધ ધાવી આવ્યા છીએ. સર્વે જન્મો આપણે ધરી આવ્યા છીએ, પણ કયાંય આવા ભગવાન કે આવા સંતો કે આવા આચાર્યો, કે આવો સત્સંગનો યોગ આપણને મળ્યો નહીં હોય. કદાચ હરિ ઈચ્છાએ મળ્યો હશે, તો આપણે કર્યો નહીં હોય. જો સાચે ભાવે આ સત્સંગ કર્યો હોત તો કયારનાય આપણે ભગવાનના ધામમાં પહોંચી ગયા હોત. પણ આપણે સાચે ભાવે બરોબર જેવી છે, એવી ભગવાનની ભકિત, ભજન, સત્સંગ નહીં કર્યો હોય એટલે હજુ આ જન્મમરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ.

કર વિચાર નર કોણ? કહે તું કહાંસે આવે?

આપણે સર્વેએ વિચાર કરવો. સ્વામીએ લખ્યું છે કે,

"કર વિચાર નર કોણ ? કહે તું કહાંસે આવે?
અબ જાને કહાં, યહાં કોઈ સ્થિર ન રહાવે."

હે ભાઈ! તું વિચાર કર. તું કયાંથી આવ્યો છો? કયાં જવાનો છો? અહીં તો કોઈ સ્થિર રહેતું નથી. આપણે દેખીએ પણ છીએ કે, કળિયુગમાં ૧૦૦ વર્ષની આયુષ્ય લખી છે, પણ પચાસ, સાઈઠ કે એંસી વર્ષ ભલે કદાચ સો વર્ષ થાય, પણ આ દુનિયામાંથી દરેકે એક દિવસ જવાનું છે. આપણે સર્વે જાણીએ છીએ, સાંભળીએ છીએ કે, આ દુનિયામાંથી આપણે સર્વેએ જરૂર જવાનું છે. તે ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું છે કે, અહીંથી અચાનક ઉચાળા ભરવા પડશે. ઉચાળા એટલે જાડી ભાષામાં શું કહેવાય કે, ઘરનો સરસામાન હોય તે, જ્યાંથી આ દુનિયામાંથી અચાનક જવાનું છે, ત્યાં આ જીવ રાત્રિ દિવસ મંડયો જ પડયો છે. સગાસંબંધિ, સ્ત્રી, પુત્ર, ધનદોલત, માલમિલ્કત, આદિકમાં આ જીવાત્મા રચ્યો પચ્યો રહેલો છે. પણ સ્વામીએ લખ્યું કે, જ્યાંથી આપણે કયારેય પણ નીકળવાનું નથી અને અપાર અવિચળ દિવ્ય સુખ છે અને જ્યાં કાળ, માયાનો ભય નથી અને જ્યાં અપાર દિવ્ય ભગવાનના ધામમાં સુખ રહેલું છે. ત્યારે આપણે સર્વે જાણીએ છીએ કે, ભગવાનના ધામમાં ભગવાનની દિવ્ય મૂર્તિનું સુખ અપાર છે. છતાં પણ આ માયાનો મોહ એવો છે કે, વળી પાછા આ માયામાં લપટાઈ જઈએ. આપણે શાસ્ત્ર વાંચીએ, સંત સમાગમ કરીએ, ભગવાનના દર્શન કરીએ, ધ્યાન, ભજન, કથા,વાર્તા સાંભળીએ ત્યારે એમ થાય કે, આ વાત સાચી છે. તે ભગવાનનો આનંદ આવો છે કે, ભગવાનનું સુખ આવું છે એમ થોડીવાર આપણને મનમાં આનંદ રહે, એમ વળી પાછું આ માયાનું આવરણ એવું છે કે ભૂલી જવાય છે.

મોટા સંતો લખી ગયા કે, ભલે આ દુનિયામાં ગહસ્થાશ્રમમાં રહેતા હોઈએ, તેમણે વ્યવહારિક કાર્ય કરવું જોઈએ, પણ એમાં ઓતપ્રોત થવું નહીં એમ જાણવું કે, આ સર્વે ખોટું છે. તમે ભલે બંગલા બનાવ્યા હોય, માલમિલ્કત હોય, કે કરોડો રૂપિયા હોય, પણ ટાઈમ થાય એટલે સર્વે મૂકીને જવું પડશે. કાંઈ સાથે લઈ જાતા નથી. તો મહારાજે એમ લખ્યું કે, જ્યાં સુધી આપણું શરીર સારૂં હોય, શરીર જર્જરી– ભૂત થયું ન હોય. જર્જરીભૂત એટલે વદ્ધાવસ્થાને પામ્યું હોય, વદ્ધાવસ્થા થાય ત્યારે દેખાય નહીં, ચલાય નહીં, સંભળાય નહીં, આખું શરીર એવું દુબળું થઈ જાય, તો મહારાજ કહે, જ્યાં સુધી આપણું આ શરીર જર્જરીભૂત થયું ન હોય, જ્યાં સુધી આપણું શરીર

સારૂં હોય, આ દિવ્ય સત્સંગનો સારો યોગ હોય. સારો યોગ કયારે કહેવાય કે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભકિત સહિત એવા જે સંતો જ્યાં રહેતા હોય, ત્યાં સુધીમાં આપણે આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરી લેવું.

જ્યાં ભગવાનના એકાંતિક સંત રહેતા હોય ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું

મહારાજે વચનામતમાં લખ્યું કે,જ્યાં ભગવાનના એવા એકાંતિક સંતો રહેતા હોય, ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તો મહારાજ કહે જ્યાં ધર્મ, જ્ઞાન, ભકિત, વૈરાગ્ય આદિક ત્રીસ લક્ષણોએ યુકત સંતોનો યોગ હોય અને કદાચ સંતોનો યોગ ન હોય. કેમકે, આ ગહસ્થ લોકો નોકરી કરતા હોય, કોઈની બદલી થાય, વેપારી હોય અને એને બીજે ઠેકાણે કમાવવા જાવું પડે, ખેડૂત હોય ખેતી કરતા હોય, એને પણ એવા પ્રકારની વ્યવહારિક પ્રવત્તિઓ હોય, તો કયાંય એવા સત્સંગનો યોગ ન હોય, તો ભગવાનના સારા ભકતો ગોરધનભાઈ, પર્વતભાઈ,મયારામ ભટ, દાદા ખાચર આદિક ઘણા હરિભકતોના શાસ્ત્રમાં નામ લખ્યા છે. આજે પણ સત્સંગમાં એવા ભકતોનો યોગ હોય જ : સ્વામિનારાયણ ભગવાને વડતાલના ઓગણીસમાં વચનામતમાં લખ્યું કે, જ્યારે આ જીવને ભરતખંડમાં મનુષ્યનો અવતાર આવે છે, ત્યારે ભગવાનના અવતાર કે ભગવાનના સત્પુરૂષો જરૂર વિચરતા જ હોય, એ સ્વામિનારાયણ ભગવાનનું વચન છે. તો જો યોગ ન હોય, તો એ વચન ખોટું થઈ જાય અને આજે પણ મહારાજની દયાથી એવા સારા સંતો કે સારા હરિભકતોનો યોગ સત્સંગમાં રહેલો જ હોય છે. તો મહારાજ કે એવા સંતોનો યોગ ન હોય, તો એવા સારા હરિભકતોનો યોગ કરી, સાથે મળીને ભગવાનના મહિમાની, ધ્યાનની, ભજનની વાતો કરી અને જે કાંઈ આપણી ખામી હોય, ભગવાનનું ભજન કરવામાં જે કાંઈ આડું આવતું હોય, એ આપણે ટાળી નાંખીએ, તો એ ભગવાન જરૂર આપણા ઉપર રાજી થાય અને સ્વામિનારાયણ ભગવાને આપણને આ સત્સંગમાં એટલા માટે જ જન્મ આપ્યો છે. નહીતર તો આ જગતના જીવોને સત્સંગનો યોગ નથી, તો એ ભગવાનનું ભજન કરી શકે નહીં. ઘણાક દૈવી જીવ હોય પણ યોગ ન હોય તો એ રહી જાય છે. આપણા ઉપર તો ભગવાને ઘણી દયા કરી અને આ સત્સંગમાં આપણને જન્મ આપ્યો છે.

શ્રીજી મહારાજ કહે કાંઇક નિમિત્ત ઊભું કરીને પણ સંતોના મધ્યે જન્મ ધરવો

સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં કહયું કે, અમારે દેહ મૂકીને જન્મ ધર્યાનું કોઈ નિમિત્ત તો છે નહીં, પણ કોઈ દેહ ધર્યાનું નિમિત્ત ઊભું કરીને પણ આ સત્સંગમાં જન્મ ધરીને રહીએ જેથી સંતોની કે ભગવાનના ભકતોની સેવા થાય. એના ઉપરથી આપણે સર્વેએ શું કરવાનું કે, સ્વામિનારાયણ ભગવાનને તો એવી કોઈ કાચ્યપ હતી નહીં, કે એમને જન્મ ધર્યાનું કોઈ કારણ હતું નહીં, પણ આપણને શીખવાડયું કે, કદાચ આપણી કોઈ ખામી રહી જાય, તો આ સત્સંગમાં જન્મ મળે. ગીતાજીમાં પણ લખ્યું અને વચનામતમાં પણ મહારાજે લખ્યું, મોટા સંતો પણ લખી ગયા કે, ભગવાનની ભકિત કરતા કરતા કાંઈ અધુરૂં રહી જાય તો એને સત્સંગમાં જન્મ આપે છે. તો પૂર્વનો કોઈ યોગભ્રષ્ટ જીવાત્મા હોય તેને આ સત્સંગનો યોગ થઈ જાય તો જલ્દી પાછો એકાંતિક ભકત થઈ જાય, એમ મોટા સંતો અને મહારાજ લખી ગયા, તો આપણે એના ઉપરથી શું લેવાનું કે, આપણે તો એના ઉપરથી એમ જ ધારવું કે, હવે મારે જન્મ લેવો જ નથી. ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, આપણે એવું મંડવું કે, અર્થ સાધયામિ વા દેહં પાતયામિ. આ દેહ પડી જાય તો ભલે પડી જાય પણ મારે આ મોક્ષનું કાર્ય સિદ્ધ કરી લેવું. ગહસ્થોએ રૂપિયા કમાવવા પડે એમાં કાંઈ ના નથી પાડી. ગહસ્થ લોકોને ભલે પૈસા કમાવવા. તે મહારાજે શિક્ષાપત્રીમાં શું આજ્ઞા કરી, કે નીતિ પ્રમાણે ઉદ્યમ કરવો. બીજું, સ્વામીએ શું લખ્યું કે, અર્થ સાધ્યામિ એટલે મોક્ષ સંબંધી કામ કરી લેવું. ત્યારે આપણે સર્વે મોક્ષ સંબંધી કામ કરવાને માટે જ ભેળા થયા છીએ.

જે ભકત ભગવાનનું ધ્યાન કરે છે તેની અલૌકિક સ્થિતિ થાય છે

બીજું, એક મહાત્માએ લખ્યું છે કે, ભગવાનની મૂર્તિનું ધ્યાન અને ભજન બરાબર કરે તો એને આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ જાય છે. મહારાજે પણ શિક્ષાપત્રી, વચનામત, સત્સંગીજીવનમાં પણ લખ્યું છે કે, આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન કરતા કરતા એને આ લોક ને આ દેહના ભાવ ટળી જાય છે અને પોતે બ્રહ્મરૂપ થઈ જાય છે અને ભગવાનની મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય છે. તો બહુકાળ

એને દેહ રાખવો હોય તો એ દેહ રાખી શકે છે અને એને જો એવી ઈચ્છા થાય કે, મારે આ દુનિયા છોડીને ભગવાનના અક્ષરધામમાં જવું છે તો તે અક્ષરધામમાં જઈ શકે છે. એમાં એક ઠેકાણે એક મહાત્માએ એમ લખ્યું કે, આવી રીતે જો એ ધ્યાનનો અભ્યાસ કરે, તો એને જો એકવીસ દિવસમાં દેહ છોડવો હોય તો છોડી શકે છે અને બહુકાળ દેહ રાખવો હોય તો રાખી પણ શકે છે. તો આપણે ભલે એકવીસ દિવસમાં આ દુનિયામાંથી જવાની જરૂર નથી, પણ જ્યારે આ દેહનું નિમિત્ત પુરૂં થઈ જાય, ત્યારે જવું છે, પણ હમણાંથી જ એવી કાચ્યપ ટાળી નાખવી.

આ ઘડી ને આ પળમાં દેહ પડી જાશે તેનો કાંઈ નિર્ધાર નથી માટે સદાય અંત અવસ્થા જેવું રાખવું

મહારાજે મધ્યના પંચાવનમાં વચનામતમાં લખ્યું કે, મારે સદાય અંત અવસ્થા વર્તે છે. આ ઘડી આ ક્ષણમાં દેહ પડી જાશે, ત્યારે આ દેહનો તો કોઈ નિર્ધાર છે નહીં. મોટા સંતોએ પણ લખ્યું કે,

"તારા મનમાં જાણે જે મરવું નથી, નથી એક ઘડીનો નિર્ધાર,
મારૂં મારૂં કરીને ધન મેળવ્યું, તેમાં તારૂં નથી તલભાર."

ભલે ગહસ્થ લોકોએ ધન મેળવવું જોઈએ પણ એમ જાણીએ કે, આ બધું ખોટું છે. એટલે આવી રીતે મોટા સંતો કહેતા કે, મત્યુને હાથમાં લઈને જ ફરવું. મત્યુને હાથમાં કેમ લેવાનું? આ કાંઈ વસ્તુ હોય તો હાથમાં લેવાય, પણ આ તો વસ્તુ કાંઈ દેખાતી નથી. તો હાથમાં કેમ લેવાનું? તો મોટા સંતો વાત કરતા કે, એમ જાણીએ કે, જાણે આ દેહ હમણા પડી જાશે અને મારે ભગવાનના ધામમાં જાવું છે. પરીક્ષિત રાજાને ઋષિનો શ્રાપ થયો અને સાત દિવસે મત્યુ થવાનું લખ્યું. એને તો સાત દિવસનું નિમિત્ત હતું. આપણને તો સાત મિનિટનું પણ નિમિત્ત નથી. પણ આપણે લાંબા મનોરથો કરીએ કે, હજી આમ કરશું, આમ જાશું, આમ લેશું, એવા કંઈક લાંબા લાંબા મનોરથો કરીએ. ભલે આ ગહસ્થ લોકો છે, તે વ્યવહારમાં રહયા એટલે કરવું જોઈએ, પણ પાછી વત્તિ વાળવી જોઈએ તે મહારાજે વચનામતમાં લખ્યું છે કે

વ્યવહારિક કાર્ય ગહસ્થોએ કરવું જોઈએ. પણ પૂંછલેલ ઢોર હોય, ગાય હોય કે ભેંસ હોય કે બળદ હોય તો એને શીંગડે ને પૂછડે ઝાલીને ઊભું કરે, ત્યાં સુધી એ ઊભું રહે અને મૂકે એટલે એ ધબ દઈને પડી જાય. તેમ મહારાજ કહે કે, ભગવાનના જે નિર્વાસનિક ભકત હોય એ ભગવાનની આજ્ઞાએ કરીને વ્યવહારિક કાર્યો કરે પણ એમ જાણે કે, આ બધું ખોટું છે. પણ જ્યારે પાછી વત્તિ વાળે ત્યારે જેમ પૂંછલેલ ઢોર પડી જાય છે. તેમ તત્કાળ એને ભગવાનની મૂર્તિમાં હેત થઈ જાય છે.

કાચબાના દ્રષ્ટાંતે કરીને પ્રતિલોમ ધ્યાન શીખવું

વળી પ્રથમના ૪૬ માં વચનામતમાં પણ એ જ કહયું. કાચબાનું દ્રષ્ટાંત આપ્યું કે, કાચબો હોય, તે ચાલે ત્યારે મોઢું આદિ દેખાય, પણ જયારે સર્વે અંગ અંદર ખેંચી લે ત્યારે પગ, મોઢું એ કાંઈ દેખાય નહીં. ત્યારે કેટલાક એવી વાત કરતા કે, કાચબાને કોઈક લોઢાનું હથિયાર મારે તો પણ કાંઈ ઈજા ન થાય. તેમ કાચબાની પેઠે વત્તિ સંકોચીને પાછી વત્તિ વાળવી એટલે ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જવાય. પ્રતિલોમ ધ્યાનમાં પણ એમ જ કહયું છે કે, જ્યારે આવી રીતે અભ્યાસ કરતા કરતા પ્રતિલોમ વત્તિ વડે ભગવાનનું ધ્યાન કરે, તો એને આ દેહ કે આ લોક, બ્રહ્માંડ કાંઈ પણ દેખ્યામાં આવતું નથી. ત્યારે આ થાય કયારે ? કેવળ આ વાતો સાંભળવાથી નથી થાતું. મહારાજ કહે, આવી રીતે આત્મા પરમાત્માનું જ્ઞાન જો દ્રઢ થઈ જાય, તો એ ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય, અને એના અંતરમાં ભગવાનનો પ્રકાશ થઈ જાય.

"જ્યાં જુએ ત્યાં રામજી, બીજું કાંઈ નવ ભાસે રે
અનુભવીને અંતરે, રહે રામ વાસે રે"

અનુભવી એવા ભગવાનના એવા સંતો હોય કે, ભગવાનના જે ભકતો હોય એને જ્યાં જુએ ત્યાં ભગવાનની મૂર્તિ જ દેખાય. એટલે આવી રીતે પ્રતિલોમ વત્તિ વડે કરીને ધ્યાન કરવાનો જો અભ્યાસ કરે તો ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય. એના અંતરમાં ભગવાનના સુખ વડે આનંદ આનંદ વર્ત્યા કરે. અહો ! મને આવા

ભગવાન મળ્યા અને એના અંતરમાં આનંદના ફુવારા ફુદરતી વહયા કરે. આપણે કરવા ન પડે અને અંતરમાં આમ ઠંડા ઠંડા શેરડા પડયા કરે. એ તો તમે સર્વે ભગવાનના ભકતો આવી રીતે ધ્યાન ભજન કરતા હશો, એટલે એવો આનંદ લેતા જ હશો. તમે સર્વે લ્યો છો ને?

જેમ સમુદ્ર મંથન કરવાથી રત્નો મળ્યા તેમ આપણે ભગવાનની વાતોનું મંથન કરીશું તો મૂર્તિનું સુખ પ્રાપ્ત થશે

આપણે સર્વે આત્મા અને પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરવાને માટે જ ભેળા થયા છીએ. વાસુદેવ મહાત્મ્યમાં લખ્યું કે, જ્યારે દેવ અને દાનવ સર્વે ભેગા મળી સમુદ્ર મંથન કરવા મંડયા, ત્યારે એમાંથી આઠ રત્નો નીકળ્યા, લક્ષ્મીજી નીકળ્યા, બીજા રત્નો પણ નીકળ્યા.

આપણે પણ આ સંતો, હરિભકતો સર્વે સાથે મળી ભગવાનના જ્ઞાન, ધ્યાન, ભજનની વાતોનું મંથન કરશું તો, આપણને પણ ભગવાનની મૂર્તિ દેખાશે, જેમ સમુદ્ર મંથન કર્યું તો એમાંથી લક્ષ્મીજી નીકળ્યા. ત્યારે ગહસ્થને પણ લક્ષ્મીજી તો જોઈએ પણ આપણે ભગવાનની મૂર્તિ લેવાની છે. આપણા અંતરમાં ભગવાનની મૂર્તિ અખંડ રહે અને આ લોકના રાગ માત્ર નિર્મૂળ થઈ જાય તો દેહ છતાં જ એને કતાર્થપણું મનાઈ જાય. મને મારા ભગવાન જરૂર તેડી જાશે. હવે આ દેહ કાલે પડતો હોય તો ભલે આજે જ પડી જાય. મને આ દેહની કાંઈ પડી નથી પણ એવું આપણને કેટલાને થાય છે ? કેટલા જણા તૈયાર થઈ ગયા છે ? સર્વે તૈયાર થઈ ગયા છો? રામાયણમાં રામ ભગવાનની વાત લખી, રામ ભગવાન પોતે વૈકુંઠમાં જતા હતા, ત્યારે ભગવાને શું કર્યું ? વહાણ નાંગર્યું હતું. આ વહાણમાં જે બેસે, તેને વૈકુંઠમાં લઈ જાઉ. વહાણ કેવું હતું ? સારૂં હતું ? ના, તૂટેલું હતું. એ વહાણમાં બેસવા જાય તો સીધા નદીમાં જાય. ભગવાન કહે કે, આ ટાણે એવો સમય છે કે, આ વહાણમાં જે બેસે એને મારા વૈકુંઠમાં લઈ જાઉ. કેટલા જણા બેઠા ? રામાયણમાં વાત લખી છે, કેટલા જણ બેઠા ? બે જણા બેઠા કે પાંચ જણા બેઠા ? કોઈ બેઠું નહીં. ત્યારે આમાં કહેવાનું એટલું જ કે, ભગવાન હમણાં જ કાંઈ કોઈને અક્ષરધામમાં તેડી જાતા નથી પણ આપણે આવું જ્ઞાન દ્રઢ

કરીએ તો આ લોકમાં આપણને મોહ ન થાય અને દેહ છતાં જ આપણને કતાર્થપણું મનાઈ જાય. મારા ભગવાન અક્ષરધામમાં મને જરૂર તેડી જાશે.

મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરુદ મારૂ ન બદલે એમ સર્વ જનને જણાવવું

મહારાજે વચનામત, ભકતચિંતામણી, સત્સંગીજીવન આદિકમાં લખ્યું અને દાદાખાચરે પણ માંગ્યું કે, હે મહારાજ, તમારા ભકતના ગુના, અવગુણ તમારે જોવા નહીં અને દેહને અંતે તમારા ધામમાં તેડી જાવા. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે,

"જાણીએ આખી જકતને લઈ જાઈએ અમારે ધામ,
કેડે ન રાખીએ કોઈને, એમ બોલ્યા શ્રીઘનશ્યામ."

મહારાજને તો દરેકને ધામમાં લઈ જાવા છે. મહારાજનું બિરૂદ છે કે,

"મારા જનને અંત કાળે જરૂર મારે આવવું,
બિરૂદ માહું ન બદલે, એમ સર્વે જનને જણાવવું"

મારા જે ભકત હોય એને અંતકાળે મારે જરૂર તેડવા આવવું, એવું મહારાજનું બિરૂદ છે. એટલે અંતકાળે મહારાજ તો જરૂર તેડવા આવે, પણ આપણે આ લોકની વાસના ટાળી ન હોય અને નિર્વાસનિક બરાબર ન થયા હોઈએ તો વળી પાછા આ લોકમાં આવવું પડે.

માણસા ગામના નરસિંહભાઈ ભગવાનના સારા ભકત હતા. ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા. બીજી કોઈ વસ્તુ ખાતા નહીં. ખાલી ઘાણી ખાતા. ઘાણી કેને કહેવાય, જે ફુલા. તમે શું કહો છો? ફુલા. મહારાજ એમને તેડવા આવ્યા. રસ્તામાં ઘાણી દેખાણી એટલે ઘાણીમાં વત્તિ ગઈ. વચનામતમાં પણ મહારાજે લખ્યું કે, ધામમાં જતા ભગવાન રસ્તામાં સિદ્ધિઓ દેખાડે, તો જે ભગવાનનો એકાંતિક ભકત હોય, ભગવાનમાં એકદમ પ્રેમ થઈ ગયો હોય, તે સિદ્ધિમાં લોભાય નહીં, પણ જો જરાક

કાચો રહી ગયો હોય, તો તે સિદ્ધિઓમાં લોભાઈ જાય. આ ભગવાનના ભકત હતા. ભગવાનનું ધ્યાન ભજન કરતા, પણ પ્રતિલોમ વત્તિ વડે કરીને ધ્યાન બરાબર સિદ્ધ નહીં કર્યું હોય. પ્રતિલોમ વત્તિ વડે જો ધ્યાન બરાબર સિદ્ધ કર્યું હોય, તો એને એ રાગ રહે નહીં. પણ થોડી ઘણી કાંઈ કાચ્યપ રહી ગઈ હશે, તે એ ઘાણીમાં લેવાઈ ગયા, તો જન્મ લેવો પડયો.

ત્યારે આપણે ભગવાનના ભકત છીએ, તો આવી રીતે ભગવાનના જ્ઞાન, ધ્યાન, ભજનની વાતો સાંભળી, આપણી જે કાંઈ ખામી હોય તે ટાળીને દેહને અંતે ભગવાનની સેવામાં, ભગવાનના ધામમાં રહી જવાય. તો જ આપણો આ ફેરો સફળ થયો કહેવાય. તો હેતુ એટલો જ કે, આપણે સર્વેએ સાથે મળીને ભગવાનના જ્ઞાનની, ધ્યાનની, ભજનની વાતો કરી અને આપણી જે કાંઈ ખામી હોય એ ટાળીને ત્યાગાશ્રમમાં હોઈએ કે ગહસ્થાશ્રમમાં હોઈએ, એમાં મહારાજે કાંઈ ત્યાગી કે ગહસ્થનો મેળ લખ્યો નથી. આ પહેલા જે વાત કરી કે, ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામ ભટ, દાદા ખાચર એ આદિક ઘણાક ભગવાનના ભકતો હતા. એ ગહસ્થાશ્રમમાં જ હતા. વ્યવહારિક કાર્યો બધા કરતા જ હતા, પણ પોતે વિરકત હતા. વ્યવહારિક કાર્ય કરવાની ભગવાને કાંઈ ના પાડી નથી. સર્વે સાધુ થઈ જાય તો સંસાર ચાલે નહીં અને સાધુઓનું ભરણપોષણ કોણ કરે? સર્વેએ સાધુ થવાની જરૂર નથી. પણ જ્ઞાને કરીને સાધુ થાવું, એવી રીતે ભગવાનના મહિમાની, ભજનની વાતો કરી. મહારાજે કહયું કે, દેહે કરીને વ્યવહારિક કાર્ય કરવું, પણ મને કરીને નિર્વાસનિક રહેવું. ગુસ્સો તો ન જ કરવો. કાયમ ન કરવો.

ભગવાનના મંદિરમાં ભજન કરે તેનું અનેક ગણુ પુણ્ય થાય છે

બીજે ઠેકાણે ભજન કરે પણ ગાયને બાંધવાનું જ્યાં સ્થાન હોય, ત્યાં ભજન કરે તો દશ ગણું પુણ્ય થાય. વનમાં જઈને ભજન કરે, તો સો ગણું પુણ્ય થાય અને કોઈ એવા સારા મહાત્માનું સ્થાન હોય કે ગંગા કિનારો હોય, ત્યાં આગળ જઈને ભજન કરે, તો લાખ ગણું પુણ્ય થાય. ભગવાનનું મંદિર હોય તે અક્ષરધામ તુલ્ય કહેવાય. આ સભા અક્ષરધામની સભા છે. તો મહારાજ કહે, અહીંયા જો ભજન કરે,

એનું અનેક ગણું પુણ્ય થાય છે. એમ શિક્ષાપત્રી ભાષ્યમાં શતાનંદ સ્વામીએ લખ્યું છે. તો આપણે જેટલું બને તેટલું વિશેષ ધ્યાન, ભજન, કથા, વાર્તા કરવી.

ભગવાનને વિષે સ્નેહનું રૂપ

વચનામતમાં પણ એવી વાત આવે છે કે, બ્રહ્માનંદ સ્વામીએ પ્ર ન પૂછયો કે, સ્નેહનું શું રૂપ છે? ત્યારે તેના ઉત્તરમાં કહયું કે, પીંડ બ્રહ્માંડથી નિસ્પહ રહેવું એનું નામ સ્નેહ છે. પીંડ એટલે આ દેહ અને બ્રહ્માંડ એમાં કયાંય પ્રેમ ન રાખવો, એનું નામ નિઃસ્નેહ છે. મહારાજે એ ઉત્તર માન્ય રાખ્યો નહીં. મહારાજે કહયું કે, પીંડ બ્રહ્માંડથી નિસ્પહ રહેવું એ તો વૈરાગ્યનું રૂપ છે, પણ સ્નેહનું રૂપ તો ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થાય એ સ્નેહનું રૂપ કહેવાય. હવે આપણે સર્વે અંતરમાં વિચાર કરીએ, તો આપણે સર્વે કેટલા ભગવાનના ભકત થયા છીએ. મહારાજે એક વચનામતમાં એમ પણ લખ્યું કે, ભગવાનના ભકત કેટલા થયા છીએ. ભગવાનના ભકત હોય એને ભગવાનમાં જ વત્તિ રહે. જેને ભગવાનમાં વત્તિ ન રહે, એ ભગવાનનો ભકત ન કહેવાય. આપણે સર્વે બોલીએ છીએ કે, હવે મારા વાલાને નહીં રે વિસારૂં, પછી શું બોલીએ છીએ કે, વાસ ઉચ્છ્વાસે નિત્ય સંભારૂં, ત્યારે આપણે એવો અભ્યાસ કરીએ,ધ્યાન કરવાનો, ભજન કરવાનો, કહીએ ભલે, આપણે લખતા હોઈએ, વાંચતા હોઈએ, વ્યાપારી હોય એ વ્યાપાર કરતા હોય, ખેતી કરતા હોય કે નોકરી કરતા હોય કે ભલે ઓફિસમાં બેઠા હોય અને લખતા હોય, પણ એ લખતા લખતા પણ અખંડ એમને સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ થયા જ કરે છે. તે આપણે સર્વે નામું કરતા હશે એને ખબર પડતી હશે કે, હું વેપાર કરતા કરતા ભગવાનનું નામ લઉં છું કે ભૂલી જાઉં છું કે, નોકરી કરતા હોય ત્યારે કેટલીવાર ભગવાનનું નામ લેવાય છે. એટલે આપણને જો આવું અનુસંધાન રહે કે, મારે આ કામ કરવાનું છે તો ભલે વાતો કરતા હોઈ, વાંચતા હોઈએ કે જમતા હોઈએ,જમતાં જમતાં કોળીઓ મોઢામાં મૂકીએ ને ચાવીએ એટલીવારમાં પાંચ–સાત વાર ભગવાનનું નામ લેવાઈ જાય. આપણે જો આવો અભ્યાસ કરીએ તો. જો એમ ન થાય તો, એકજ વાર નામ લેવાની ટેવ પાડવી. પણ આપણે જો આવી રીતે અભ્યાસ કર્યો હોય, તો પાંચ સાત વાર એની મેળે ભગવાનનું નામ લેવાઈ જાય, તો આપણે એવું તો કરવું જ પડશે ને ? મને તો એમ

થાય કે, તમે બધા એવું કરતા જ હશો અને ન કરતા હો, તો આપણે એવું કરવાની ટેવ પાડવી.

બીજું, ચોવીસ કલાક તો કોઈ કામ નહીં કરતું હોય. વેપારી હોય, એ વેપાર કરતા હોય, નોકરી કરતા હોય એ નોકરી કરે, તે આઠ કલાક, વેપાર કરતા હોય એ બાર કલાક કામ કરતા હશે પણ મને નથી લાગતું કે, આટલામાં કોઈ ચોવીસ કલાક કામ કરતા હોય. તો ભલે વ્યવહારિક કાર્ય કરતા કરતા પણ થોડી થોડી વારે આપણી વૃત્તિને પાછી વાળી અને ભગવાનનું ધ્યાન, ભજન, કથા, કીર્તન, ત્રાટક એ બધું કરીએ તો જરૂર થઈ જાય અને આમાં એ જ કહ્યું કે, ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન કરે, એણે જ ભગવાનમાં સ્નેહ કર્યો કહેવાય.

સત્પુરૂષના સમાગમથી ભગવાનમાં દ્રઢ સ્નેહ થાય છે

પછી મહારાજ કહે એ થાય કયારે ? તો સત્પુરૂષનો સમાગમ કરે તો થાય છે. સોમલો ખાચર કહે, હે મહારાજ, સમાગમ તો કરીએ જ છીએ, તો મહારાજે શું કહ્યું ? કે, અડધો તમે અમારો કરો છો અને અડધો જગતનો કરો છો. આપણે બધા કેમ કરીએ છીએ? પણ આવી રીતે જો અનુસંધાન રહે કે, ભગવાન અને ભગવાનના સંતોનો સમાગમ કરીએ છીએ, આ મહારાજના મુકતો બેઠા છે, ભલે ઘરે બેઠા હોઈયે કે દુકાનમાં બેઠા હોઈયે, કે ઓફિસમાં બેઠા હોઈયે, પણ એમ જાણીએ કે, આ ભગવાન બેઠા છે, આ ભગવાનના મુકતો બેઠા છે એવી ભાવના રાખી આપણે કામ કરીએ તો એવો આનંદ આવે. બીજું, ગોપાળાનંદ સ્વામીની વાત લખી છે, પોતે પૂર્વાશ્રમમાં જ્યારે હતા અને સંતની દિક્ષા નહોતી લીધી, ત્યારે વિદ્યાર્થીઓને ભણાવતા અને એ શીખવાડતા કે, અહીં ભગવાન બેઠા છે, આ મુકતો બેઠા છે. તો આપણે પણ એવો અભ્યાસ કરીએ તો એવું થાય. બીજું, આમાં લખ્યું કે, અડધો સત્સંગ અમારો કરો છો અને અડધો સત્સંગ જગતનો કરો છો. આપણને આ જગતનો સત્સંગ ન થાય, એટલે ત્યાગી થઈ જવું એમ નહીં, પણ અનુસંધાન ભગવાનનું રાખવું કે, આ બધું ખોટું છે, હું ભગવાનનો ભકત છું. મારા આત્માને વિષે પરમાત્મા અખંડ રહેલા છે એવી ભાવના રાખી અને ઉપરથી વ્યવહારિક કામ કરીએ તો અંતરમાં વિક્ષેપ ન થાય.

ઘણા જન્મના પુણ્ય વડે આ સત્સંગ મળ્યો છે

જેમ લોટરી લાગે એમ આ ભગવાન આપણને સહેજે સહેજે મળી ગયા છે. સ્વામીએ કીર્તનમાં પણ લખ્યું કે,

"ન ગઈ ગંગા, ગોદાવરી, કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી."

આપણે કેટલાય જપ કર્યા હશે, તપ કર્યા હશે, વ્રત કર્યા હશે, દાન કર્યા હશે એ કરતા કરતા કાંઈક આપણું અધુરૂં રહી ગયું હશે, એ પુણ્યે કરીને આપણને આ જન્મ મળેલ છે. બીજું, ધર્મદેવ અને ભક્તિમાતાએ દેવતાના સાડા બાર હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી, ત્યારે આ ભગવાનનો અવતાર થયો છે. તપશ્ચર્યા એમણે કરી અને સુખ આપણને મળી ગયું. બીજું, મોટા મોટા સંતો હરિભકતો કેવી રીતે વર્તી ગયા છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભકિત વડે આત્મા પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરી અને ભગવાનની મૂર્તિના સુખે સુખીયા હતા. બીજું ,મોટા મોટા સંતો એમ કહેતા કે, મોટા સંતોના શબ્દોની હાર્યુ કરવી. હાર્યુ શું કરવી કે, એક પછી એક હાલ્યા જઈએ એને હાર કરી કહેવાય. ને પહેલો જાય, પછી બીજો જાય એને હાર કરી કહેવાય? આ છોકરાઓ કસરત કરવા જાય ત્યારે એ લાઈનમાં હાલતા જાય એને હાર કહેવાય ? ના એમ નહીં. પણ મોટા સંતો કેવી રીતે વર્તી ગયા અને શું કરવાનું કહી ગયા છે, એ પ્રમાણે આપણે વર્તવું.

દેહ મૂકીને જે સુખને પામવું હતું તે દેહ છતાં જ મળી ગયું છે

બીજું, દેહ મૂકીને જે ભગવાનના સુખને આપણે પામવું હતું, એ સુખ તો આપણને દેહ છતાં જ મળી ગયું છે, એમ મહારાજે વચનામતમાં લખ્યું છે. જ્યારે આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ આ પથ્વી પર મનુષ્ય આકારે વિચરતા હતા, ત્યારે પોતાના ભકતજનોને એવું દિવ્ય સુખ આપતા અને આજે આપણને મૂર્તિ દ્વારા એવું સુખ આપે જ છે. આપણે ભગવાનની પ્રાર્થના કરીએ, તો આપણું હૈયું ભરાઈ જાય, હૃદય ભરાઈ જાય. તો તમો એવું કરો છો ને? કે હવે કરશો? ગદ્ ગદ્ કંઠ એટલે આપણું હૈયું ભરાઈ જાય.પ્રેમાનંદ સ્વામીની વાત લખી છે કે, પ્રેમાનંદ સ્વામી ભગવાનના કીર્તન કરતા, તો એમને રૂંવાડે રૂંવાડે ભગવાનની મૂર્તિના દર્શન થતા.

રોમાંચિત ગાત્રે એટલે આપણા શરીરમાં સાડાત્રણ કરોડ રૂંવાડા છે, એ સાડાત્રણ કરોડ રૂંવાડા આમ ઊભા થઈ જાય અને ભગવાનની મૂર્તિમાં તન્મય બની જવાય. એમ આપણે સર્વે કરીએ છીએ કે હવે કરશું? એટલે આપણે એવું ભગવાનનું ભજન કરીએ, પ્રાર્થના કરીએ તો આપણને ભગવાનની મૂર્તિનો એવો આનંદ આવી જાય અને આપણા રૂંવાડા ઊભા થઈ જાય અને અંતરમાં એવી શાંતિ થઈજાય. ઓ હો હો! મને આવા ભગવાન મળ્યા અને આવો સત્સંગ મળ્યો! એ મારા મોટા ભાગ્ય છે. ભગવાનનો આવો કેફ આવી જાય.

બીજું, સમુદ્ર મંથન સર્વેએ ભેળા થઈને કર્યું તો થઈ ગયું, તો આપણે સર્વેએ એક બીજામાં હેત રાખી, હળી મળીને ભગવાનના ધ્યાન,ભજનની વાતો કરશું, તો આપણા અંતરમાં જે કાચ્યપ હશે તે ટળી જશે અને ભગવાનની મૂર્તિનું સુખ આવી જશે. તો આપણે દરેકે ભગવાન ભજવાનો ખટકો રાખવો. કેમકે આપણને આવા ભગવાન મળ્યા, દિવ્ય સત્સંગ મળ્યો એ આપણા મોટા ભાગ્ય છે, તો આપણને આ ભગવાન મળી ગયા છે તેની પ્રસન્નતાના સાધનો જેટલા બને તેટલા કરવા.

ભગવાનના ચરિત્રરૂપી જાળામાં મનને ગૂંચવી મેલવું

મહારાજે ગઢડા મધ્યના ઓગણપચાસમાં વચનામતમાં કહયું કે, અમારે તો ભગવાનની કથા, વાર્તા, કીર્તન કે ભગવાનનું ધ્યાન એમાંથી કયારેય તપ્તિ થતી નથી. ભગવાનને તો એ કાંઈ કરવું હતું નહીં પણ આપણને શીખવાડયું. ભગવાનની કથા, વાર્તા, કીર્તન, ધ્યાન કરવામાં એ તલ્લીન થઈ જાય અને ભગવાનની મૂર્તિનો આનંદ આવી જાયને, તો કયારેય પણ આપણને થાક ના લાગે. સ્વામીએ પણ કીર્તનમાં લખ્યું કે, "હવે હું થઈ છું માતી, હરિના ગુણ સાગરમાં નાતી." ગઢડા પ્રથમના આડત્રીસમાં વચનામતમાં પણ લખ્યું કે, ભગવાનના જુદા જુદા ઘાટ ઘડયા કરવા. એક શમ્યો ને બીજો કરવો,બીજો શમ્યો ને ત્રીજો કરવો અને ભગવાનના ગુણ અને ચરિત્રરૂપી જાળાને વિષે મનને ગૂંચવી દેવું. ભગવાનના ગુણસાગર એટલે કે, ભગવાન અહીં આ લીલા કરે છે, ભગવાન અહીં નહાય છે, જમે છે, આપણા માથા પર આવી રીતે હાથ મૂકે છે, એટલે આવી રીતના ભગવાને જ્યાં જ્યાં ચરિત્ર કર્યા હોય, એ ચરિત્રને આપણે સંભારીએ તો આપણે એ ગુણસાગરમાં નહાયા કહેવાઈએ. સ્વામીએ વાત

કરી કે, ભગવાનના લીલાચરિત્રો ગાવામાં મનને ગૂંચવી દેવું. એક શમ્યો ને બીજો કરવો. બીજો શમ્યો ને ત્રીજો કરવો. એમને એમ ભગવાનમાં મન જોડી દઈએ. આવી રીતે એક દિવસના ચરિત્ર સંભારીએ તો પણ પાર ન આવે. તો આપણને સત્સંગ થયા પછી, પાંચ વર્ષ થયા હોય, પચ્ચીસ વર્ષ થયા હોય કે, પચાસ વર્ષ થયા હોય, ભગવાનના લીલાચરિત્રો સંભારીએ, શાસ્ત્રો વાંચીએ કે, આ સંતો થકી સાંભળીએ કે મહારાજ અહીં રંગે રમતા, સંતો હરિભકતોને જમાડતા હોય આદિ ચરિત્રો સંભારવા.

દદુકા ગામની લીલા

મછીયાવ પાસે દદુકા નામે ગામ છે ત્યાં મહારાજ પોતે પધાર્યા. ત્યાંના ભકતજનો બહુ પ્રેમી. જેમ ચમકપાણ દેખીને લોઢું કેમ ખેંચાઈ જાય, તેમ આ ભગવાન જ્યાં જ્યાં જાય ત્યાં ભકતજનો ખેંચાઈને આવી જાય, એટલે મહારાજ દદુકા પધાર્યા, ત્યાં ઘણા ભકતજનો આવ્યા. ત્યારે મહારાજે કહયું કે, અહીં હરિભકતો બહુ આવ્યા છે, માટે અહીંયાં સાંકડ થશે. હરિભકતો કહે મહારાજ આ ગામની બહાર એક તળાવ છે. એ તળાવ પાસે મહારાજ પોતે બિરાજમાન થયા, ત્યારે આ પલંગ, ઢોલીયા, કે સોફા એવું કાંઈ ન હતું. હરિભકતોએ ચાર લાકડાં ખોડયા. માથે થોડું ઘાસ પાથરી દીધું, માથે ગાદલું પાથર્યું અને ગાદી તકિયો રાખીને મહારાજને બેસાડયા અને ચારે બાજું ભકતજનો બેઠા. મહારાજે ધર્મની, જ્ઞાનની, ભકિતની, વૈરાગ્યની વાતો સંભળાવી ભકતજનોને સુખ આપતા હતા. દૂરથી ભકતજનો આવતા, હમણાંની પેઠે આ ગાડી કે એવા સાધનો ન હતા, ચાલીને આવતા, ઘોડા ઉપર બેસીને આવતા, ગાડામા બેસીને આવતા. બીજા ગામના હરિભકતોને ખબર પડી કે, મહારાજ દદુકામાં બિરાજમાન છે, તો આપણે દર્શન કરવા જઈએ. મહારાજ ૧૧ વાગ્યા સુધી સભામાં બિરાજમાન હશે. તે ચાલતા આવતા હતા, તે એમણે વિચાર્યું કે ભગવાનના દર્શન નહીં થાય પણ તે દોડતા દોડતા રસ્તામાં જ ૧૧ વાગી ગયા. ભગવાન તો દયાળુ છે. આ પ્રેમી ભકતજનોને થયું કે, અરે ! આજે આપણને ભગવાનના દર્શન નહીં થાય. જુઓ અગીયાર તો વાગી ગયા. અરે ! આપણને હવે ભગવાનના દર્શન નહીં થાય? કેમ નહીં થાય? આપણે આ ભગવાનના દર્શન કરવાની ઈચ્છા છે, તો આપણને જરૂર ભગવાન દર્શન

આપશે જ. ચાલો ! આપણે ચાલીએ. એમ વિચાર કરી ચાલવા માંડયા. તે મહારાજ કહે, ટાઈમ તો થઈ ગયો છે, પણ અમારા પ્રેમી ભકતો દર્શન કરવા આવે છે, તો થોડીવાર રોકાઈએ, તેથી દૂરથી દોડીને ભકતો આવતા હતા તે ત્યાં આવ્યા, ને મહારાજના દર્શન કરી બહુ રાજી થયા અને હેતથી ભગવાનના દર્શન કરી હરખના આંસુથી ભગવાનના બંને ચરણ પલાળી દીધા. પ્રેમથી દર્શન કર્યા ને ખૂબજ આનંદ આવ્યો. જેમ કુશળકુંવરબાઈની વાત લખી છે કે, "ગયા હતા ગામ બીજે, નામ કુશળ કુંવરબાઈ. તરત જ ત્યાંથી આવીયા, સુણી પ્રભુ પધાર્યા ઘેરજી. નયણે નિરખી નાથને, કતાર્થ થઈ એમ જાણ્યું. અહો મારા ભાગ્ય મોટા, એમ કહીને આનંદ આણીયો." એના અંતરમાં આનંદ આવવા માંડયો. ઓ હો હો ! મને આવા ભગવાન મળ્યા. તે બાઈની પેઠે આઠ દસ ભકતો દર્શન કરવા આવ્યા.

ભગવાનના દર્શન કરી અને ભગવાનને દંડવત્ કરવા મંડયા. એમના અંતરમાં આનંદ માય નહીં. ઓહોહો ! મને આવા ભગવાન મળી ગયા ! ભગવાને આવા દર્શન આપ્યા. તો ભગવાનના ચરણોમાં માથું મૂકયું.

આંસુ બે પ્રકારના થાય છે. એક, હરખના આંસુ થાય છે અને એક, શોકના આંસુ થાય છે. ***શોકના આંસુ હોય તે ગરમ હોય, એમ મોટા સંતો કહેતા અને પ્રેમના આંસુ હોય તે ઠંડા હોય છે.*** ઘણા ભકતજનો હોય એમને ભગવાનના દર્શન કરતા કરતા આંસુ આવી જાય. ઘણાને સંતોના દર્શન કરતા કરતા આંખમાં આંસુ આવી જાય, એ ઠંડા હોય એમ મોટા સંતો કહેતા. તમને બધાને ખબર પડતી હશે. એટલે આ ભકતજનોએ દર્શન કર્યા તો મહારાજના ચરણ છોડે નહીં. બીજા સંતો અને ભકતો હતા એ કહે, હવે મહારાજના ચરણ છોડો. ભગવાનને જમવાનો ટાઈમ થઈ ગયો છે, પણ એ તો છોડે જ નહીં. એમને તો બહુજ આનંદ થઈ ગયો. સ્થિર થઈ ગયા. ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા. એમને આનંદ આનંદ થઈ ગયો. દેહનું ભાન પણ ભૂલી ગયા. આપણે એવું કયારે કરશું? આટલામાં તો સર્વેને એવું થઈ જાતું જ હશે. એવું થઈ જાય છે ને ? મને તો એમ થાય કે, આ સર્વે ભકતોને એમ થઈ જાતું જ હશે ? કે હવે કરશું ? એટલે આ ભકતોએ એવું કર્યુ, ત્યારે સંતોએ એમને ઢંઢોળ્યા, ત્યારે એ માંડ માંડ ભાનમાં આવ્યા, ને જાગ્યા ! પછી ભગવાનની

પ્રાર્થના કરી. મહારાજે એમના માથા ઉપર હાથ મૂકયો. પછી સંતોને પણ ઈચ્છા તો હતી જ, એટલે કહે કે, અરે! મહારાજ! તમે આ ભકતોને દર્શન આપ્યા, તેમ અમારે પણ તમારા દર્શન કરવાની ઈચ્છા છે. પછી એક ખેડૂત ગાડું લઈ આવ્યા હતા તે ગાડા ઉપર ગાદી તકિયા બિછાવીને મહારાજ બિરાજમાન થયા. બીજા ભકતજનો દૂરથી દર્શન કરે ને આ સંતો એક છેડેથી ગાડા ઉપર ચડતા જાય ને મહારાજને ભેટતા જાય અને બીજે છેડેથી ગાડા પરથી નીચે ઉતરતા જાય. ભેટતા ભેટતા બધાને આનંદ આવ્યો. પા અડધો કલાક થયો. અપારાનંદ અને કાનડાનંદ એ બહુ ભોળા જેવા હતા. આ લોકનું બહુ ડહાપણ નહીં. પાંચ ગણવું હોય તો પાંચ ગણતા આવડે નહીં. એકડો કે 'ક' આવડે નહીં.પણ ભગવાનની મૂર્તિમાં એમને પ્રેમ, એટલે ભગવાનને ભેટવા માંડયા. નિષ્કુળાનંદ સ્વામીએ ભકત ચિંતામણીમાં લખ્યું છે કે, ભેટતા ભેટતા ભૂલ્યા દેહ દશા. એટલે કે, ભગવાનને ભેટતા ભેટતા દેહનું ભાન ભૂલી ગયા. તે મહારાજને આમ ભેટે પણ છોડે નહીં. તેને આમ આનંદ આવી ગયો તે છોડે જ નહીં. આપણને પણ માનસી પૂજામાં એમ કરવાનું કહયું છે ને ?

છેલ્લા પ્રકરણના ત્રેવીસમાં વચનામતમાં કહયું છે કે, ભગવાનને ભેટવું, એકવાર ભેટવું, બે વાર ભેટવું, જેવું પોતાને હેત થાય એવું ભેટવું, એમ લખ્યું છે. તમે બધા એમ કરતા હશો જ એટલે ખબર પડે. જે નહીં કરતા હોય તેમને શું ખબર પડે? એટલે માનસી પૂજા અને ધ્યાન એ બે થી જ આવો આનંદ આવે. ભલે આપણે પૂજા કરીએ એમાં આનંદ આવે. પૂજા કરીએ, દર્શન કરીએ, માળા ફેરવીએ એમાં આનંદ તો આવે જ પણ આ માનસી પૂજા અને ધ્યાન કરવાથી અંતરમાં આનંદ આવી જાય. કારણ શરીરની વાસના એનાથી ટળી જાય એટલે ભગવાનને એકવાર ભેટવું, બે વાર ભેટવું, એમ લખ્યું છે. એટલે માનસી પૂજા લગભગ બધા કરતા જ હશે, પણ ન કરતા હોય તો કરવી. આપણને મહારાજે પાંચ વાર કરવાનું કહયું છે. કરવી હોય તો થઈ જાય, ન થાય એવું કાંઈ નથી.

શ્રી સ્વામિનારાયણ ભગવાનને આ પૃથ્વી ઉપર પધારવાનો હેતુ

આ ઘનશ્યામ મહારાજ પોતે અક્ષરધામમાંથી અહીં પધાર્યા છે, ત્યારે અક્ષરધામમાં અહીંના કરતા તો ઘણું સુખ છે ત્યારે એ સુખમાંથી અહીં શા માટે પધાર્યા.

તો મહારાજે એક સમયે અક્ષરધામમાં ગોપાળાનંદ સ્વામી આદિક મોટા મોટા મુકતોની આગળ વાત કરી કે, આટલા યુગ થયા આ સષ્ટિનું મંડાણ થયું છે, પણ હજી કોઈ જીવ મુકત થઈને અક્ષરધામમાં કેમ નથી આવ્યો? ત્યારે બધા મુકતોએ મહારાજને વાત કરી હે મહારાજ ! હે કપાનાથ! એ તો જે જે તમારા અવતારો પથ્વી પર પધાર્યા તેમાં સામર્થ્ય હોય તે પ્રમાણે કરે, તે ગીતામાં કહયું કે,જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય ને અધર્મ વ્યાપી જાય ત્યારે પવિત્ર એવા સત્પુરૂષો એમનું રક્ષણ કરવું અને અધર્મનો નાશ કરવો અને ધર્મનું રક્ષણ કરવા માટે ભગવાન યુગ યુગમાં અવતાર લે છે. ત્યારે આ બધા મુકતોએ કહયું કે, હે મહારાજ! હે કપાનાથ! એ તો જે જે અવતારો પથ્વી પર પધાર્યા ત્યારે તેની ઉપાસના કરી, ભજન કરી તેમના ધામમાં ગયા. રામ ભગવાનનું ભજન કરે તો વૈકુંઠમાં જાય, કષ્ણ ભગવાનનું ભજન કરે તો ગોલોકમાં જાય, નરનારાયણ દેવનું ભજન કરે તો બદ્રિકાશ્રમમાં જાય. એમ જે જે અવતારો પથ્વી પર પધાર્યા હોય અને એનું જે જે ભકતો ભજન કરે, તો એ પોતાના ધામમાં લઈ જાય. ત્યારે મુકતોએ આવી વાત કરી કે હે મહારાજ! તમે સાક્ષાત્ પધારો ત્યારે તમારી આરાધના કરે, ભકિત કરે, ભજન કરે તો જ તમારા અક્ષરધામમાં આવે.

મુક્તોને આ પૃથ્વી ઉપર પધારવાનો હેતુ

ત્યારે સ્વામિનારાયણ ભગવાને મુકતોને વાત કરી કે હે મુકતો! તમારી વાત સાચી, પણ હું ત્યાં જાઉં તો તમારૂં પણ કામ પડે, તમારે પણ ત્યાં સાથે આવવું પડે. ત્યારે મુકતોએ વાત કરી કે, હે મહારાજ! તમે સાક્ષાત્ પુરૂષોત્તમ નારાયણ ત્યાં પધારો તો અમારૂં શું કામ પડે ? ત્યાં મહારાજે માયિક દ્રષ્ટાંત આપ્યું કે, આ લોકમાં કોઈ મોટો રાજા હોય, આગળના જમાનામાં રાજા થતા, હવે પ્રધાન થાય છે, વડાપ્રધાન થાય છે. તે રાજા હોય તે કોઈ ગામમાં જાય, એ એકલો હોય અને કહે કે, હું રાજા છું, તો કોઈ માને નહીં. અગાઉથી એના માણસો ગામેગામ જઈને કહે, કે આપણા શહેરના રાજા અહીં પધારે છે, તો દરેક એ રાજાનું સન્માન કરે કે, આ દેશના પ્રધાન છે કે વડાપ્રધાન છે એ આપણે ત્યાં પધારે છે. તો અગાઉથી આપણને જાણ થાય તો દરેક માણસ માને કે, આ વડાપ્રધાન છે કે ફલાણા પ્રધાન છે, પણ એકલા જાય તો કોઈ ઓળખે નહીં. એના ઉપર મોટા સંતોએ એક દ્રષ્ટાંત આપ્યું. એક રાજા હતો તે ફરવા

ગયેલો. રસ્તામાં ચાલતા ચાલતા રસ્તો ભૂલી ગયો. કોઈ મોટું જંગલ આવી ગયું. ત્યારે આજુબાજુ જંગલ અને ત્યાં હિંસક જનાવરોની બીક, ત્યાં એક ભરવાડ રહેતો હતો. ભરવાડ બીચારો દુઃખી. માંડ માંડ પોતાના દેહનો નિભાવ કરે. ત્યાં રાતના દિવો બળતો હતો. તે દિવો જોઈને એ રાજા ત્યાં ગયો. ત્યારે આ રાજાએ એ ભરવાડને કહયું કે, "ભાઈ, મારે અહીં રાત રોકાવું છે, હું જંગલમાં ગયો હતો તે ભૂલો પડયોછું." ભરવાડે પૂછયું "તમે કોણ છો?"રાજાએ જવાબ આપ્યો "હું તો રાજા છું." ભરવાડે કહયું "બોલમાં બોલમાં, તું કાંઈ રાજા હોય? રાજા હોય તો એના ભેગા લશ્કર હોય, એના બીજા અસવાર હોય, પછી ભલે જે હોય એ " એમ કહીને તે રાજાને બેસાડયા. તે રાજાને ભૂખ લાગી હતી. તે પોતાના ઘરમાં જવ કે બાજરાનો રોટલો હશે, તે જમવા આપ્યો તે જમ્યા. બીજું એક ફાટેલ તૂટેલ ગોદડી પાથરી દીધી અને એક જેવો તેવો ખાટલો તેને ઢાળી દીધો અને એના ઉપર સુવાડયો, ત્યારે રાતના એ સૂતો. સવાર પડી, રાજા ત્યાંથી ચાલ્યો ગયો, પણ એ રાજાએ કહયું કે,"ભાઈ હું રાજા છું, તું કાંઈ માંગ." ત્યારે ભરવાડે કહયું " અરે, ભલા માણસ તારી પાસે કાંઈ છે નહીં તો હું શું માંગું? " રાજાએ જવાબ આપ્યો " પણ તું કાંઈ માંગ " ત્યારે ભરવાડ કહે "ભલે તમે રાજા હો તો મારૂં કંઈક સારૂં કરજો." પછી રાજા ત્યાંથી પોતાના રાજયમાં ગયો. બે–ચાર દિવસ થયા રાજાએ ભરવાડને બોલાવ્યો. તે મારી એક રાત સંભાળ રાખી હતી માટે તને જા એક ગામ આપું છું. ભરવાડ તો શરમાઈ ગયો. અરે ! આવા રાજા મારે ઘરે આવ્યા અને મેં તો કાંઈ સેવા કરી નહીં. જેવું તેવું ખાવા આપ્યું, જેવી તેવી પથારી આપી, છતાં પણ રાજાએ પોતાની મોટપ સામું જોઈને, મને એક આખું ગામ ઈનામમાં આપ્યું. એ તો એક દ્રષ્ટાંત છે.

એના સિદ્ધાંતમાં શું કે, આ સ્વામિનારાયણ ભગવાન કહે કે, અમે ત્યાં જઈને કહીએ કે, અમે ભગવાન છીએ તો કોઈ અમને ઓળખે નહીં. પણ આ તમે બધા સંતો, મુકતો ત્યાં જઈને અમારા મહિમાની, જ્ઞાનની, ધ્યાનની, ભજનની વાતો કરો, તો એને લઈને સર્વે અમને ઓળખે, ત્યારે સર્વે મુકતો કહે કે, હા ! મહારાજ ! તમે એવી આજ્ઞા કરતા હો તો અમે પણ ત્યાં આવશું.

એટલે કહેવાનો હેતુ એટલો જ કે, આ મહારાજ કહે કે, અક્ષરધામમાં તો ત્યાં

એટલું બધું સુખ છે, કે ત્યાં કાળ, માયાનો ભય નથી. અપાર આનંદ છે, અપાર સુખ છે. સુખ સુખ સુખનો નહીં પાર. ભગવાનના અક્ષરધામમાં દિવ્ય સુખ રહેલું છે. ત્યારે એ દિવ્ય સુખ ત્યાં હતું, છતાં પણ મહારાજ આપણા ઉપર દયા કરીને અક્ષરધામમાંથી અહીં પધાર્યા. ત્યારે મહારાજને અહીં આવવાનો હેતુ એક જ કે, આ જીવને અનાદિ કાળના માયાના કાંટા વાગી ગયા છે, એ માયાના કાંટા વડે જ આ જીવાત્મા અનેક જન્મ ભોગવ્યા જ કરે છે.

હિન્દી ભાષામાં સ્વામિનારાયણ ભગવાને પ્રસાદીનો કાગળ લખ્યો છે. એમાં લખ્યું છે કે, **યે જો મેરા અવતાર હૈ, વો જીવ કે મૂલ અજ્ઞાનકો ટાલને કે વાસ્તે હૈ. મેરા દુસરા અવતાર હૈ વો ઔર કારણકે વાસ્તે હૈ.** આમાં વાત કરી કે, જે મારો અવતાર છે, તે જીવનું જે મૂળ અજ્ઞાન તે ટાળવા માટે છે. એ મૂળ અજ્ઞાન શું? કે, આ જીવાત્માને પંચવિષયની વાસના છે, તે સ્વામીએ કીર્તનમાં લખ્યું, મૂળ માયાના બંધ કાપવા આવ્યા, પ્રેમાનંદ તાળી દઈને ગાવે રાજ. એ મૂળ માયા કઈ છે? શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચ વિષયની વાસના વડે જ આ જીવાત્મા પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્ ભોગવ્યા જ કરે છે. કૂતરા, ગધેડા, બિલાડા એવા અનેક અવતારો આપણે ધરી આવ્યા છીએ પણ આ જીવને આત્મા અને પરમાત્માનું જ્ઞાન દઢ નથી થયું, એટલે આપણે હજી આ ભગવાનના ધામમાં પહોંચ્યા નથી.

રાજા ભૂંડના દેહમાં બંધાયો

આ જીવાત્મા જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં સુખ માની લે છે. તેમાં સંતોએ દ્રષ્ટાંત આપ્યું. એક રાજાનું રાજ હતું, તેમાં એ પોતે રાજ ચલાવે. એમ કરતા કરતા ઘણાંક વર્ષો થઈ ગયા ત્યારે એના પાસે એક જયોતિષ આવ્યો. એ જયોતિષે રાજાને કહ્યું કે, હે રાજન ! તમારૂં છ મહિનામાં જ મત્યુ થઈ જાશે, અને મર્યા પછી તમને ભૂંડનો અવતાર આવશે. કેમકે, આપણા શાસ્ત્રોમાં લખ્યું કે, ભગવાનની ભકિત, ભજન, સંત સમાગમ કર્યો હોય, તો અંતકાળે એને ભગવાન તેડવા આવે. ભગવાનના મુકતો તેડવા આવે અને માખણમાંથી જેમ વાળ કાઢવો હોય, એમ એ ભગવાનના ભકતોને ખેંચીને ધામમાં તેડી જાય. ભગવાન તેડવા આવે કે, ભગવાનના મુકતો તેડવા આવે,

તો તેને એ તકલીફ વિના એ જીવાત્માને દેહમાંથી કાઢીને મહારાજ પોતાના ધામમાં લઈ જાય છે.

મહારાજે વચનામતમાં પણ કહયું કે, ધર્મકુળને આશ્રિત એવો જે મારો ભકત હોય, તે મારા ધામને પામે છે. કોઈ વિમાનમાં બેસીને જાય, કોઈ ગરૂડ ઉપર બેસીને જાય છે.એમ મારા ભકતને ભગવાન કહે છે કે, મારા ધામમાં તેડી જાઉં છું. પણ જેણે ભગવાનની ભકિત કરી ન હોય, ભગવાનનું ભજન ન કર્યુ હોય, સત્સંગ ન કર્યો હોય તો એને મોટા સંતોએ દ્રષ્ટાંત આપ્યું કે, મઠનો રોટલો હોય અને જો તે સુકાઈ ગયો હોય, તો તેમાંથી વાળ કાઢવો હોય તો કેટલું કઠણ પડે? એમ નવસો નવ્વાણું તૂટે નાડીઓ, રોમે રોમ વીંછીની વેદના થાય. એને રૂંવાડે રૂંવાડે વીંછીની વેદના થાય. બૌતેર કોઠામાં લાગે લાય. એવું જેણે ભગવાનનું ભજન ન કર્યુ હોય એને અંતકાળે યમના દૂતો મારી કૂટીને યમપુરીમાં લઈ જાય, એવી એને તકલીફ પડે છે અને એણે જો સાચે ભાવે આ ભગવાનની ભકિત, ભજન, સત્સંગ સાચે ભાવે કર્યો હોય, તો આ રીતે ભગવાન પોતાના ભકતને દિવ્ય સુખ આપીને, પોતાના ધામમાં લઈ જાય છે.

પ્રથમ પ્રકરણના એકવીસના વચનામતમાં લખ્યું કે, મારો જો ભકત હોય, સાચે ભાવે મારૂં ભજન,ભકિત, સત્સંગ કર્યો હોય, તો અર્ચી માર્ગે કરીને મારા ધામમાં જાય છે. મોટા સંતો એમ વાત કરતા કે, એક અર્ચી માર્ગ અને બીજો ધૂમ્ર માર્ગ. એ બે વડે ભગવાન પોતાના ભકતને ધામમાં લઈ જાય છે. અર્ચી માર્ગ એટલે શું ? અહીંથી આ દેહ છૂટે અને મહારાજ પોતે દિવ્ય વિમાનમાં બેસાડી અને પોતાના અક્ષરધામમાં લઈ જાય એ અર્ચી માર્ગ કહેવાય અને ધૂમ્ર માર્ગ એટલે દેવલોકમાં જાય, ઈન્દ્રલોકમાં જાય, બ્રહ્મલોકમાં જાય, વૈકુંઠ, ગોલોક, આદિ બધા ધામ ફરતા ફરતા અષ્ટ આવરણ ભેદતા લઈ જાય તો એને ધૂમ્ર માર્ગ કહેવાય.

આપણે ભગવાનના ભકત થઈ, આપણી જે કસર હોય એ ટાળી નાંખવી. કેમકે, આપણે એ કસર નથી ટાળી, એટલે આપણે જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ. ત્યારે મોટા સંતો એમ કહેતા કે, ભૂતકાળ ને ભવિષ્યકાળનો વિચાર ન કરતા અને આ દેહે કરીને આપણે વર્તમાન કાળ સુધારી લેવો. ત્યારે આપણે એવી કાળજી રાખીને ભકિત કરીએ તો ભગવાન આપણા પર રાજી થાય.

એટલે આ રાજાને આ જયોતિષીએ આવી રીતે વાત કરી કે, તને બીજો જન્મ ભૂંડનો આવશે. ત્યારે તે રાજાએ સગા સંબંધીઓ અને રાજાના માણસો સર્વે ભેગા કરીને પોતાના પુત્રને રાજ આપી દીધું ને કહયું કે, છ મહિનામાં મારો દેહ પડી જાશે. માટે મારે આ મારા પુત્રને જ આ રાજ આપવું છે, એટલે એ રાજાએ પોતાના પુત્રને રાજ આપી દીધું અને તે રાજાએ છોકરાને શું વાત કરી કે, મને આ ભૂંડનો દેહ આવશે. આ ભૂંડનો દેહ તો બહુ ખરાબ કહેવાય. મને આ જયોતિષે આમ કહયું છે અને આ જયોતિષ તો બહુ મોટા પ્રખર છે એટલે એના જયોતિષ શાસ્ત્રમાં લખ્યું હોય એ સાચું જ પડે. એટલે મારો આ દેહ પડી જશે અને મને પછી ભૂંડનો દેહ આવશે. પણ એ દેહ તો ખરાબ કહેવાય. એ દેહમાં ખૂબ તકલીફ થાય. કોઈ ખાવા આપે નહીં, પહેરવા ઓઢવા કંઈ મળે નહીં માટે એ સારૂં નહીં. માટે તું મને જ્યાં દેખે, ત્યાં તું મને મારી નાંખજે. ત્યારે પુત્રે કહયું, તમે તો પિતાજી કહેવાઓ, પણ મને ખબર પડે કે, આ મારા પિતા છે તો તેને કેમ મરાય? ત્યારે રાજાએ તેના પુત્રને કહયું ભલે તારી વાત સાચી છે, પણ ભૂંડનો દેહ બહુ ખરાબ કહેવાય, માટે હું તને આજ્ઞા કરૂં છું, માટે તું એ દેહને મારી નાખજે. ત્યારે પુત્ર બોલ્યો કે, એ દેહને ઓળખું કેમ? ત્યારે તે બોલ્યા કે, મારા કપાળમાં ધોળું ટપકું હશે, ધોળું એવું નિશાન હશે, એ નિશાને કરીને તું મને ઓળખજે ને મને મારી નાંખજે.

એમ કરતા કરતા ભગવાનની ઈચ્છાથી આ રાજાનો દેહ પડી ગયો અને બીજો જન્મ ભૂંડનો આવ્યો. શાસ્ત્રમાં લખ્યું છે કે, આ જીવ દેહ વિના રહી શકતો નથી. આ દેહમાંથી જીવ કાઢી બીજા દેહમાં પૂરે. નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કર્યા ન હોય, તો તેને અંગુષ્ઠ માત્ર પ્રેતનો દેહ મળે છે અને બાર દિવસ સુધી એને મેડા ઉપર રાખે. મેડો જે અગાસી ઉપર રાખે ને એ બાર દિવસમાં એના સગાસંબંધીએ જે દાન પુન્ય કર્યુ હોય તે એને મળે. તેરમે દિવસે એને પછી એ જીવે જેવા જેવા કર્મ કર્યા હોય, તે પ્રમાણેનો દેહ તેને આપે. એટલે આ રાજાનો દેહ પડી ગયો ને ભૂંડનો તેને અવતાર આવ્યો. એમ કરતા કરતા થોડા વર્ષો ગયા. રાજાનો છોકરો જંગલમાં શિકાર કરવા માટે ગયેલો. ત્યાં આ ભૂંડ ૨–૪ પોતાની પત્નીઓ, ૫–૭ છોકરાઓ એમ પોતાનું ટોળું લઈને આવતું હતું. આ

છોકરાએ એ ભૂંડ જોયું 'મારા પિતાએ મને કહયું હતું, તે આ ભૂંડ લાગે છે.' માટે મારા પિતાએ મને કહયું હતું કે, મને મારી નાંખજે. પોતાની પાસે બંદૂક કે પિસ્તોલ જે કાંઈ હશે તે એણે કાઢયું. આ ભૂંડને ખબર પડી કે, આ મને મારી નાખશે. ત્યારે ભગવાનની ઈચ્છા થકી તેને વાચા થઈ કે, હે પુત્ર! તું મને મારજે નહીં. ત્યારે પુત્ર કહે કે, તમે જ કહયું હતું કે, મને મારી નાંખજે. તો તમે તે નથી? તો ભૂંડ કહે કે, ભલે એજ છું, પણ મને તે દિવસે ખબર હતી કે, ભૂંડના દેહમાં તકલીફ હશે, પણ અહીં તો મજો કરૂં છું ને! આ જેટલા પાણા તેટલા પીર બનાવ્યા હતા, ત્યારે માંડ માંડ તું એક છોકરો થયો હતો અને આજ તો આ ૫–૭ મારે છોકરા છે. ૫–૭ મારે બૈરા છે. હું તો મજો કરૂં છું! હવે એ કાંઈ મજો હતો? એમાં તો બહુ જ દુઃખ હતું, પણ જીવાત્મા જ્યાં જ્યાં જાય ત્યાં એને જ્ઞાન ન હોય તો એમાં સુખ જ માની લે. પણ વસ્તુગતે તેમાં સાચું સુખ છે નહીં. સાચું સુખ તો કયાં છે? ભગવાનની મૂર્તિમાં!

શ્રીજી મહારાજ પાંચસો પરમહંસોને સાથે લઈ અક્ષરધામથી અહીં પધાર્યા

ભગવાન પુરૂષોત્તમ નારાયણ પોતે અક્ષરધામમાંથી અહીં આવ્યા અને પાંચસો પરમહંસોને સાથે લાવ્યા. સત્સંગમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભકિત આદિક પ્રવર્તાવ્યું. ધર્મદેવે અને ભકિતમાતાએ દેવતાના સાડા બાર હજાર વર્ષ સુધી તપશ્ચર્યા કરી હતી અને મોટા મોટા ઋષિમુનિઓએ કેટલી બધી તપશ્ચર્યા અને આરાધના કરી, ત્યારે જ આ ભગવાન આ પથ્વી પર પધાર્યા છે. આજે એ ઋષિમુનિઓએ કે ધર્મદેવ,ભકિતમાતાએ આટલી બધી તપશ્ચર્યા કરી ત્યારે આ ભગવાન અહીં પધાર્યા છે. તો આપણે તાલમાં તાલ મેળવી દઈએ. આગળ લોખંડ તપાવવાને માટે ઘમણ હતી, જ્યારે લોખંડ તપીને લાલ થઈ જાય. એટલે ઘા મારે ને સાંધો સંધાઈ જાય. અત્યારે ભલે ઘમણ નથી, પણ રેણ મશીનથી કરે છે, પણ બે સાંધા તપાવવા તો પડે જ છે. એમાં કે'વાનું શું છે કે, આ ઋષિમુનિઓ, ધર્મદેવ આદિએ તપશ્ચર્યા કરી ત્યારે તે પુન્યે કરીને આ ભગવાન અહીં પધાર્યા છે. આપણે તો તે માંહેલું કાંઈ જ તપ નથી

કર્યું. વનમાં જાવું નથી પડયું. ટાઢ તડકા વેઠયા નથી. ભૂખ તરસ કાંઈ વેઠી નથી. ભગવાને કહયું કે, શિક્ષાપત્રીમાં મારી જે આજ્ઞા છે, તે પ્રમાણે વર્તશો, તો ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરૂષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશો. મહારાજ પોતે અક્ષરધામમાંથી પધાર્યા અને છપૈયા ગામમાં અવતાર લીધો. છપૈયા બહુ નાનું ગામડું છે. પણ તે પવિત્ર ભૂમિ ઉપર આગળ મોટા મોટા ઋષિઓએ ઘણીક એવી તપશ્ચર્યા કરી. માટે મહારાજ તે પવિત્ર ભૂમિ ઉપર પધાર્યા છે. મહારાજનું આ જન્મસ્થાન, નારાયણ સરોવર, આદિક જગ્યાએ ખૂબ જ લીલા કરી, તેથી આપણે ત્યાં દર્શન કરવા જઈએ તો શાંતિ થઈ જાય છે. આપણે દરેકે શું કરવાનું કે, આવા ભગવાનના ચરિત્ર ગાઈએ, સાંભળીએ તો આપણા અંતરમાં શાંતિ થઈ જાય છે અને અંતરમાં શાંતિ વર્તે તે જ સાચું સુખ છે અને ભગવાન પોતે પોતાના ભકતના જેવા જેવા મનોરથો હોય તે પૂર્ણ કરવાને માટે જ અહીં પથ્વી પર પધારે છે.

દંઢાવ્ય દેશના શામબાઈ ભકત

મોટા સંતોએ એક વાત કરી કે, દંઢાવ્ય દેશમાં શામબાઈ કરીને એક બહુ સારા ભકત હતા. તે હંમેશા પોતે ભગવાનનું ધ્યાન ભજન કરતા. પોતે ત્યાગી ન હતા, ગહસ્થ હતા, પણ જેની સમજણ મોટી તે જ મોટો કહેવાય. શામબાઈ ભગવાનના એવા ભકત હતા. તે દરરોજ પોતે વહેલા ઊઠીને, ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે, માનસી પૂજા કરે, માળા ફેરવે, ભજન કરે અને વ્યવહારિક કાર્યો પણ કરે. રસોઈ કરે, પણ તે રસોઈ બનાવતા બનાવતા ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન કરે. આમ સ્વામિનારાયણ ભગવાનનું ચિંતવન કરે તે કીર્તનમાં પણ સ્વામી લખી ગયા કે, " રૂડું સ્વામિનારાયણનું નામ, નિત્ય સંભારીએ રે. હરતા ફરતા કરતા ઘરનું કામ, કદી ન વિસારીએ રે." ભગવાનનું એવું પવિત્ર રૂડું સ્વરૂપ અખંડ સંભારવું. કુશળકુંવરબાઈ પોતે વ્યવહારિક કાર્ય કરતા કરતા પણ ભગવાનનું અખંડ ભજન કરતા. ત્યારે પોતે ધ્યાનમાં ભગવાનની મૂર્તિને અખંડ દેખતા. બીજું, સમુદ્ર મંથન કરવાને માટે દેવ,દાનવ સર્વેએ ભેગા મળીને મહેનત કરી, તો તેમાંથી લક્ષ્મીજી નીકળ્યા. તેમ આ બાઈ પોતે હંમેશા ભગવાનનું આવું ધ્યાન કરતા, તો એને અંતરમાં ભગવાનના દર્શન થતા. તે ભલે ગહસ્થાશ્રમમાં હતા, છતાં પણ આવી રીતે ભગવાનનું ભજન કરતા એટલે

ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખતા. દરરોજ પ્રાર્થના કરતા કે, હે મહારાજ, હે કપાનાથ, તમે દયા કરી, મારા ઘેર દર્શન દેવા પધારો. ત્યારે ભગવાન તે બાઈનો પ્રેમ જોઈ, ભગવાન તેને ઘેર પધાર્યા. બાઈ દર્શન કરી બહુ રાજી થયા.

બીજું, ગોપીઓની પણ ભાગવતમાં વાત લખી છે કે, દહીં, દૂધ આદિકનું મંથન કરતા હોય, ત્યારે અખંડ કૃષ્ણ કૃષ્ણ એમ કર્યા કરે. બીજા એક બહેન ભગવાનની પ્રાર્થના કરે કે, હે મહારાજ! હે દયાળુ ! તમે દયા કરીને મને દર્શન દેવા પધારો. તે પોતે પોતાના અંતરમાં તો ભગવાનની મૂર્તિ અખંડ દેખતા જ હતા અને ભગવાનની મૂર્તિના સુખે સુખીયા જ હતા છતાં પણ ભગવાન આ પથ્વી પર બિરાજમાન છે અને પથ્વી પર વિચરણ કરે જ છે, તો મારે એમના દર્શન કરવા છે. ત્યારે આ બાઈનો ભાવ જોઈ મહારાજ તેમને ઘેર પધાર્યા. તે બાઈએ તો છેટેથી ભગવાનને આવતા જોઈ, બાઈની વત્તિ જેમ ચમકપાણ જોઈને લોઢું ખેંચાઈ જાય, તેમ આ બાઈની વત્તિ ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગઈ, સ્થિર થઈ ગઈ અને જેવા અંતરમાં ભગવાનના દર્શન કરતા હતા, એવા જ દર્શન ભગવાને એને બહારથી આપ્યા. ભગવાનના દર્શનથી બાઈ પોતાના દેહનું ભાન ભૂલી ગયા. મહારાજે બાઈનો સાચો ભાવ જોઈને તેને અક્ષરધામ દેખાડયું. એ બાઈ અક્ષરધામના દર્શન કરી બહુ રાજી થયા.

બીજું, અક્ષરધામનું તો મોટા સંતો લખી ગયા છે કે, ત્યાં અપાર દિવ્ય સુખ છે.મહારાજ પોતે દિવ્ય અક્ષરધામમાં સિંહાસન પર બિરાજમાન થયેલા છે અને ચારે બાજુ અનંત કોટી મુકતો ભગવાનની મૂર્તિનું સુખ લઈ રહયા છે. તે સુખમાં જો આપણી દષ્ટિ પહોંચી જાય, તો એક મિનિટ પણ આપણે ભગવાનને ભૂલીએ નહીં. પણ આપણને તે સુખમાં હજી દષ્ટિ નથી પહોંચતી, એટલે વળી ભૂલી જઈએ છીએ. બીજું, એક પ્રેમબાઈને અક્ષરધામના દર્શન કરાવ્યા. બે મિનિટ, પાંચ મિનિટ ત્યાં રાખ્યા, સમાધિ કરાવી. તે બહેનને બહુ આનંદ આવ્યો.

આપણા શાસ્ત્રમાં લખ્યું છે કે, ગોપાળાનંદ સ્વામીએ અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હતો. તે અષ્ટાંગ યોગ શું કહેવાય ? યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન ને સમાધિ, તે આવી રીતે અષ્ટાંગ યોગ કહેવાય. બીજું, ભુજના

સૂરજબાઈ ભગવાનના સારા ભકત હતા. ભગવાનનું ધ્યાન, ભજન કરતા અને ભગવાનની મૂર્તિને ત્રણેય અવસ્થામાં અખંડ દેખતા. તે સૂરજબા, લેરખીબા, જીવુબા, લાડુબા, પાંચુબા આદિક ઘણા બાઈ ભકતો થઈ ગયા.એ ત્રણેય અવસ્થામાં ભગવાનની મૂર્તિને દેખતા. ત્યારે એમાં કહેવાનું એટલું જ કે, આવી રીતે ભગવાનના ભકત ઘણા થઈ ગયા, તો આપણે એવા સાચા ભગવાનના ભકત થાશું, તો ભગવાન આપણા ઉપર જરૂર દયા કરશે અને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે.

પ્રેમાનંદ સ્વામીનો પ્રેમ

પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું કે, "વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સાર ને રે લોલ. જેને ભજતા છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ" પ્રેમાનંદ સ્વામી તો પ્રેમની જ મૂર્તિ. તે પ્રેમાનંદ સ્વામી ભગવાનના કીર્તન બોલે તો એમને રૂંવાડે રૂંવાડે ભગવાનની મૂર્તિનો આનંદ આવી જાય. ત્યારે સ્વામી ભગવાનની પ્રાર્થના કરે અને મહારાજ અવારનવાર પ્રેમાનંદ સ્વામીને આસને જાય, બ્રહ્માનંદ સ્વામીને આસને જાય અને ગોપાળાનંદ સ્વામીને આસને જાય.મહારાજ ત્યાં પોતે જ્ઞાન ગોષ્ટિ કરતા. એક સમયે મહારાજ, પ્રેમાનંદ સ્વામીને આસને પધાર્યા. સ્વામીએ પણ ભગવાનના પ્રેમથી દર્શન કર્યા અને ભગવાનની મૂર્તિ જોઈ ભગવાનની પ્રાર્થનાના કીર્તન બોલવા માંડયા

નેણામાં રાખું રે નેણામાં રાખું રે, નાથજીને જતન કરીને મારા નેણામાં રાખું રે,
નયણે નિરખી હરિને ઉરમાં ઊતારૂં, હાં રે મારા પ્રાણ વારી વારી નાંખુ રે
નાથજીને જતન કરીને મારા નેણામાં રાખું.

આવાને આવા રે આવાને આવા રે
રહેજો મારી આખલડીમાં પ્રભુ, આવાને આવા રે
આવાને આવા મારા નાથ બિરાજો, હાં રે મારા તનડાના તાપ બુઝાવા રે.

પ્રેમાનંદ સ્વામી ભગવાનના દર્શન કરી મહારાજને પ્રાર્થના કરી કે, હે મહારાજ! તમે આવા ને આવા જ રહેજો. પ્રેમાનંદ સ્વામીની વાત લખી, આપણી વાત તો કાંઈ નથી ને? પ્રેમાનંદ સ્વામી કહે છે આવા ને આવા રહેજો, પણ આપણે તો એમ કહેતા

નથીને કે આવા ને આવા રહેજો? આપણે આજે બે, ત્રણ વાત કરીને મોહિ નાખ્યાની વાત કરી. પ્રેમાનંદ સ્વામીની વાત કરી, એમ કરશું તો જરૂર થઈ જાશે.

આ લોકમાં પહેલા બાકસ ન હતું, તે માણસ એક લોખંડ રાખે અને પથરો રાખે. તે બે ત્રણ તણખાં પાડે અને અગ્નિ લાગી જાય. એકવાર, બે વાર તણખો પાડે એમ આપણે પણ આ અભ્યાસ કરતા કરતા થઈ જાશે. ભગવાન તો દયાળુ છે ને એટલે પ્રેમાનંદ સ્વામી પ્રેમની મૂર્તિ હતા અને મહારાજ પણ પ્રેમાનંદ સ્વામીને આસને જાય, બ્રહ્માનંદ સ્વામીને આસને જાય, મુકતાનંદ સ્વામીને આસને જાય.

બ્રહ્માનંદ સ્વામીનો પ્રેમ

એક વાર બ્રહ્માનંદ સ્વામીએ મહારાજને પ્રાર્થના કરી હે મહારાજ! મારા આસને પધારો. એ બ્રહ્માનંદ સ્વામી પણ એવી બ્રહ્મની મૂર્તિ. કીર્તનમાં પણ લખ્યું ને કે, " રાજે ચરણે લાંબી ઉર્ધ્વ રેખું, હું તો ધ્યાન વિના એને દેખું, બ્રહ્માનંદ કહે જનમ ધન્ય લેખું" ભગવાનના ચરણમાં રાજે એટલે શોભે. આપણને તો કાંઈ દેખાતું નથી. બ્રહ્માનંદ સ્વામીને ધ્યાન વિના પણ દેખાતું. આપણે કીર્તનમાં બોલીએ છીએ કે, "જ્યાં જુએ ત્યાં રામજી, બીજું કાંઈ નવ ભાસે રે, અનુભવીને અંતરે, રહે રામ તેને વાસે રે." અનુભવી એવા જે સંતો કે એવા ભગવાનના એકાંતિક ભકતો હોય તો ભગવાન એના હૃદયમાં અખંડ રહે.

બ્રહ્માનંદ સ્વામીએ પણ મહારાજને પ્રાર્થના કરી કે, હે દયાળુ! હે કપાનાથ! મારા આસને પધારજો, તે બ્રહ્માનંદ સ્વામી મહારાજના સખા હતા. સુરા ખાચર અને બ્રહ્માનંદ સ્વામી બેય મહારાજના સખા. મહારાજ રિસાણા હોય, કાંઈ બોલે નહીં તો, બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર એવી કોઈ વાતું કરીને મહારાજને રાજી કરી દેતા. એટલે વચનામતમાં લખ્યું કે, બ્રહ્માનંદ સ્વામીને વિષે સખાભાવ હતો. મુકતાનંદ સ્વામીને વિષે ગુરૂભાવ હતો. એટલે આ બધા સંતોને વિષે નોખા નોખા લક્ષણો હોય. હમણા આપણે વાત કરી ને કે, પાંચસો પરમ હંસો સાથે લાવ્યા. શું કામ લાવ્યા? અક્ષરધામ દેખાડવાને માટે.

મહારાજ બ્રહ્માનંદ સ્વામીને આસને ગયા. એમને પણ મહારાજના દર્શન કરીને આનંદ થઈ ગયો. ઓ હો હો! આવા મારા ભગવાન પુરૂષોત્તમ નારાયણ મારા

આસને પધાર્યા. પહેલા તો સંતોના આસન હતા, આ ગૃહસ્થ લોકોને બંગલા હોય, મેડી હોય, સાધુને શું હોય? આસન હોય અને બેસવાની જગ્યા હોય એને આસન કહેવાય. ત્યારે મહારાજ ત્યાં પધાર્યા. બ્રહ્માનંદ સ્વામીએ પાટ લાવી તેના ઉપર ગાદી તકિયા બિછાવી મહારાજને બેસાડયા. ભકત ચિંતામણીમાં લખ્યું છે કે, એવા સંતો ભગવાનનું દર્શન કરતા જાણે નેત્રે કરીને ભગવાનની મૂર્તિને પી જાશે. નેત્રેથી કાંઈ ભગવાનની મૂર્તિ પીવાય નહીં. શે થી પીવાય? મુખથી પીવાય. પણ અંતરથી ભગવાનની મૂર્તિના દર્શન કરતા જાય અને અંતરમાં ઉતારી લે, એટલે પી ગયા એમ કહેવાય. આ બ્રહ્માનંદ સ્વામી પણ એવા બ્રહ્મની મૂર્તિ. એ ભગવાનના દર્શન કરી એવું બોલ્યા

"રહયું છે મારા હૃદિયામાં રૂપ તમારૂં,
રૂપ તમારૂં એક હૃદિયામાં રાખ્યું
મેં તો બીજું સર્વે કાઢયું છે બારૂં
જગના જીવન વ્હાલા તમને રે જોઈને
વારી મનડું લોભાણું છે જો મારૂં
રહયું છે મારા હૃદિયામાં રૂપ તમારૂં"

બ્રહ્માનંદ સ્વામી કીર્તન બોલ્યા હે મહારાજ ! આ તમારૂં રૂપ મારા હૃદિયામાં રાખ્યું, બીજું સર્વે કાઢયું બહારૂં. તો બ્રહ્માનંદ સ્વામીએ તો બહાર કાઢયું ત્યારે રૂપ જોયું, પણ આપણે તો કાંઈ બહાર કાઢતા નથી, પછી ભગવાન કયાંથી રહે? જેમ બ્રહ્માનંદ સ્વામીએ હૃદયમાંથી જગત બધું બહાર કાઢી નાંખ્યુ તો ભગવાન અંદર હૃદયમાં રહયા. તમે સર્વેએ જગતનું રૂપ અંતરમાંથી બહાર કાઢી નાંખ્યુ છે ને ? બ્રહ્માનંદ સ્વામી કહે બીજું સર્વે કાઢયું છે બારૂં. પછી વળી બીજા પદમાં કહે

"હેડામાં મને વ્હાલા લાગો છો વનમાળી
વ્હાલા લાગો છો લટકાળા રે લાલા
મારા નયણા ઠરે છે ભાળી ભાળી
આઠે પહોર આવી વસી અંતરમાં

વ્હાલા મૂર્તિ તમારી મરમાળી
હૈડામાં મને વ્હાલા લાગો છો વનમાળી
બ્રહ્માનંદના વ્હાલા તમ સંગ મળતા
મારે દાડી દાડી છે દિવાળી
હૈડામાં મને વ્હાલા લાગો છો વનમાળી''

દિવાળી હોય ત્યારે આપણે શું કરીએ? ફટાકડા ફોડીએ ને બધા રાજી થાય. બ્રહ્માનંદ સ્વામીએ શું કહયું કે, વ્હાલા તમ સંગ મળતા મારે દાડી દાડી છે દિવાળી. તો આપણે કાયમને માટે દિવાળી રાખશું કે હોળી રાખશું ? મોટા સંતો એમ વાત કરતા કે, હોળી તો કયારેય આવવા દેવી જ નહીં. સદાય દિવાળી જ રાખવી. તે દિવાળી હોય તો સદાયને માટે આનંદ વર્તે. છોકરા હોય તે ફટાકડા ફોડે, ઘરોઘર મળવા જાય.ત્યાં બધા ભેળા મળે. એકબીજા સગાસંબધી હોય, મોટા વડિલો હોય તેને મળવા જાય, પગે લાગવા જાય અને આનંદ આનંદ થઈ જાય. પણ આ બ્રહ્માનંદ સ્વામીએ શું કહયું કે, ''તમ સંગ મળતા મારે દાડી દાડી છે દિવાળી'' તો આપણે સર્વેએ સદાને માટે દિવાળી રાખશું કે હોળી રાખશું ? મોટા સંતો કહેતા કે, હોળી કયારે કહેવાય? કે જયારે ગુસ્સો થઈ જાય ત્યારે હોળી કહેવાય.

કચ્છમાં ભુજ પાસે અંજાર ગામ છે ત્યાં એક ભકત હતા, તે આમ સાવ ભોળા જેવા હતા. તે રોજ દર્શન કરવા આવે પણ જ્ઞાન કે સમજણ કાંઈ નહીં, પણ ભગવાનને વિષે એવો પ્રેમ તે દર્શન કરવા જાય. આ સંતોના દર્શન કરે, તે સંતો કાંઈ વાંચતા હોય તો આ ભગત એમ કહે કે, કુલાય આમ કરે છે એમ કચ્છીમાં કહે. કચ્છવાળાને ખબર પડે. કુલાય એટલે શુંકામ બોલતા નથી, તમે કેમ બોલતા નથી ? એટલે સાધુ ન બોલે એવું ન હોય પણ કંઈ ધ્યાન કરતા હોય, વાંચન કરતા હોય એટલે ખબર ન પડે એવું બને. આ તું કુલાય મોઢું બગાડતો છે? શું કામ તું મોઢું બગાડે છે? મોટા સંતો એમ કહેતા કે આપણે સદાયને માટે આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ મળ્યા, દિવ્ય સત્સંગનો યોગ મળ્યો તો સદાયને માટે દિવાળી જ રાખવી.આ પહેલા આપણે એ વાત કરી કે, અક્ષરધામમાંથી આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ શા માટે પધાર્યા છે.

તો અનેક જીવોનું કલ્યાણ કરવા માટે અને સાથે સાથે પાંચસો પરમહંસોને લાવ્યા. શું કામ લાવ્યા? કે આ ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતો સંભળાવે.

ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું સંભળાવી અને આપણા હૃદયમાં રહેલા માયાના વિકારો ટાળવાને માટે જ લાવ્યા. મહારાજના વચનો આપણા જીવમાં ઉતારીશું તો ભગવાન આપણા પર દયા કરી જરૂર પોતાની મૂર્તિનું સુખ આપણને આપશે. માટે સર્વેએ કાળજી રાખી ભજન વિશેષ કરવું.

પ્રશ્નોત્તરી

પ્ર ન: એક ભક્તે પ્ર ન પૂછયો કે, સંકલ્પ વિકલ્પ બહુ થાય તો શું કરવું? ને બ્રહ્મચર્ય વ્રત કેમ પળાય?

ઉત્તર :તો એના ઉત્તરમાં આ જીવ અનાદિ કાળથી માયાનો વેપાર કરતો આવ્યો છે, એટલે માયા આ જીવમાં પેસી ગઈ છે. તે મહારાજે છેલ્લા પ્રકરણના ચૌદમાં વચનામતમાં કહયું કે, અનાદિ કાળનો આ જીવ માયાનો વેપાર કરતો આવ્યો છે એટલે માયા જીવમાં દઢ થઈ ગઈ છે, એટલે સંકલ્પ વિકલ્પ થયા કરે છે અને બ્રહ્મચર્ય આદિકના નિયમો પણ બરાબર પાલન કરી શકે નહીં. તો મહારાજે તે ચૌદમાં વચનામતમાં કહયું કે, તે જીવે એવા તીક્ષ્ણ પાપ કર્યા છે તે સંકલ્પ વિકલ્પ થયા જ કરતા હોય અને નિયમો પણ બરાબર પાળી શકાય નહીં. તેના ઉત્તરમાં મહારાજે કહયું કે, તીવ્ર વેગે કરીને એવા પાપ થઈ ગયા છે, એવી રીતે તીવ્ર વેગે કરીને ભગવાનનું ધ્યાન, ભજન, કથાવાર્તા કરે તો ટળી જાય. જેમ તમારા ગહસ્થમાં કોઈ ગરીબ માણસ હોય અને તેના ઉપર કોઈ સો, બસો કે પાંચસો રૂપિયા માંગતું હોય તો આસ્તે આસ્તે એ પૈસા આપી દે તો એ દેવામાંથી મુકત થઈ જાય. એમ આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન ઘણું કરે તો એ વાસના ટળી જાય છે અને સંકલ્પ વિકલ્પ પણ ટળી જાય છે.

પ્ર ન :જગત નાશવંત છે અને દેહનો કોઈ ભરોસો નથી. ભગવાનનું સુખ અલૌકિક છે. આ બધું સમજાય છે છતા જગતમાંથી વાસના કેમ ટળતી નથી?

ઉત્તર : તેના ઉત્તરમાં તો પહેલા જેમ કહયું તેમ તે ભજન વિશેષ કરે તો વાસના ટળી જાય અને ભગવાનની મૂર્તિનું સુખ પણ આવે, માટે ભગવાનના ભજનનો ખટકો રાખવો.

પ્ર ન : કોલેજના દિવસોમાં ભગવાનનું જે સુખ હતું તે અધિક જ્ઞાનની પ્રાપ્તિ થતા વધુ અભ્યાસને કારણે ઓછું થતું જાય છે તો શું કરવું ?

ઉત્તર : તો આપણે એવો અભ્યાસ કરીએ કે, મારે ભગવાનની મૂર્તિનું સુખ લેવું જ છે. આ લોકમાં આપણે રહેતા હોઈએ એટલે વિદ્યાર્થીને અભ્યાસ તો કરવો જ પડે. પણ અભ્યાસ કરતા કરતા, સાથે સાથે ભજન પણ કરવું. પ્રહલાદની વાત આપણા શાસ્ત્રમાં લખી છે કે, પ્રહ્લાદના પિતાએ એને સ્કૂલમાં ભણવા બેસાડયા, પોતે તો ભગવાનનું ભજન કરતા પણ બીજા વિદ્યાર્થીઓને પણ હરિ, કૃષ્ણ અને રામ એવા નામ શિખવાડતા. તેમ આપણે વિદ્યાર્થીઓએ અભ્યાસ તો કરવો જ જોઈએ, પણ સાથે સાથે ભગવાનનું ભજન કરવાનો અભ્યાસ પણ રાખવો અને સંકલ્પ પણ ટળી જાય માટે બરાબર કાળજી રાખી ભજન કરવું.

પ્ર ન : ભગવાનની મૂર્તિ આપણી સાથે હસે, વાતો કરે, ભેટે એને માટે શું કરવું ?

ઉત્તર : એના ઉત્તરમાં તો ભગવાનનું ધ્યાન ભજન બરાબર કરે તો ભગવાન હસતા દેખાય, મટકા મારતા દેખાય, ચાલતા દેખાય. તે આપણા શાસ્ત્રો જે વચનામત, સત્સંગીજીવન આદિકમાં લખ્યું છે માટે અભ્યાસ કરવાથી થાય છે.

પ્ર ન : ભગવાનની મૂર્તિના અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડે તે સુખ આપ અનુભવો છો તે સુખ અમને પણ મળે અને માયિક સુખમાંથી વૃત્તિ પાછી વળે તે કેમ થાય ?

ઉત્તર : તે તો આપણે હમેંશા ધ્યાન, ભજન કરીએ તે મહારાજે સારંગપુરના અગિયારમાં વચનામતમાં કહયું કે, પુરૂષ પ્રયત્ને કરીને કેટલું થાય છે અને ભગવાનની દયાએ કરીને કેટલું કામ થાય છે ? મહારાજે એમાં કહયું કે, શ્રદ્ધા, અહિંસા, બ્રહ્મચર્ય એ આદિક પાંચ વાના દ્રઢ કરે, તો ભગવાન એના પર પ્રસન્ન થાય. આપણે પુરૂષ પ્રયત્ન કરીએ તો જરૂર ભગવાનની દયા થાય. જેમ છોકરા ભણવા જાય, એક ચોપડી, બે ચોપડી એમ કરતા કરતા એલ. એલ. બી. માં પાસ થઈ જાય છે એમ આપણે પણ

એવો અભ્યાસ કરીએ તો ભલે મૂર્તિ ન દેખાય પણ એવો અભ્યાસ કરતા કરતા ભગવાન દયા કરે તો તે કસરો ટળી જાય.

પ્ર ન :નિર્વાસનિક થવાય એમાં પણ શું ભગવાનની દયા જ કે ગુરૂકપા કામ કરે છે ?

ઉત્તર : તો એના ઉત્તરમાં તો ભગવાનની કે સંતોની દયા કયારે થાય કે જયારે આપણે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તીએ અને સંતો જે પ્રમાણે આપણને નિયમ પાળવાનું કહે તે રીતે વર્તીએ તો ભગવાનની અને સંતોની દયા થઈ જાય.

પ્ર ન :વૈરાગ્યનું અંગ કેળવાતું નથી, દેહ ભાવ રહે છે.

ઉત્તર : આપણે આ રીતે ભગવાનનું ભજન, કથાવાર્તા કરવાનો ખટકો રાખીએ તો તે જરૂર ટળી જાય છે. બાકી તો મોટા સંતો એમ કહેતા કે, ગહસ્થ આશ્રમમાં રહેતા હોઈએ તો થોડીક વાસના જેવું જણાય પણ આપણને તે ટાળવાની ઈચ્છા થાય કે મારે આ ને આ દેહે કરીને દરેક વાસના ટાળી આત્મા, પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરી લેવું છે, તો દ્રઢતા જોઈને મદદ કરે મોરારી. આપણી સારી ભાવના હોય તો ભગવાન આપણા ભેળા ભળીને આપણી સર્વે કસરો ટળાવી, દેહને અંતે પોતાની મૂર્તિનું સુખ આપે છે.

પ્ર ન :શબ્દાદિક પંચવિષયો ભગવાન સંબંધી અખંડ રહેતા નથી અને માયિક વિકારો થઈ આવે છે તો શું કરવું?

ઉત્તર : તો એમાંતો આપણે દરરોજ ભજનનો ખટકો રાખીએ, મહારાજે લખ્યું ને કે, જગતના જીવને પંચ વિષય છે અને ભગવાનના ભકતને પણ પંચ વિષય છે પણ એમાં ફેર છે. ભગવાનના ભકતને કથા સાંભળવી, ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું, આદિક પંચવિષયો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ ભગવાન સંબંધી હોય તેને વાસના ટળી જાય છે.

પ્ર ન: પાંચ કર્મેન્દ્રિયોના વિકારો ટળી જાય અને રાગ નિર્મૂળ કેમ થાય ?

ઉત્તર : તો એના ઉત્તરમાં પણ જેમ કારીયાણીના બારમાં વચનામતમાં કહયું કે, આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન કરવાનો અભ્યાસ કરે, તો કારણ શરીરની વાસના ટળી જાય છે અને ભગવાનમાં હેત થાય છે.

પ્ર ન :અગિયારસને દિવસે માનસી પૂજામાં મહારાજને અનાજની વસ્તુ જમાડી શકાય કે ફરાળી વસ્તુ જમાડવી ?

ઉત્તર :તો ભગવાનને તો અગિયારસ કે એવું કાંઈ હોતું નથી પણ અગિયારસના દિવસે આપણે કાંઈ અનાજ જમાડવાની જરૂર હોતી નથી. મહારાજે કહયું છે કે, પોતાને ભાવતા ભોજન ભગવાનને જમાડવા. કદાચ તે ભગવાનને ન ભાવતા હોય તો પણ પોતાને ગમતા જ ભોજન ભગવાનને જમાડવા. માનસી પૂજામાં તો ભગવાને છેલ્લા પ્રકરણના ત્રેવીસમાં વચનામતમાં લખ્યું કે, ભગવાનને કદાચ ન ભાવતા હોય તો પણ પોતાને ભાવતા હોય તે જ ભગવાનને જમાડવા. આપણે અગિયારસને દિવસે અનાજ આદિ જમતા નથી, ભગવાનને પણ અનાજ આદિ જમાડવાની જરૂર હોતી નથી. માનસી પૂજામાં પણ જમાડવાની જરૂર હોતી નથી અને પ્રત્યક્ષ પૂજામાં પણ જમાડવાની જરૂર હોતી નથી. તો આપણે જે ફરાળ ઘેર બનાવ્યું હોય તે ભગવાનને જમાડીએ તો બરાબર કહેવાય.

પ્ર ન :માનસી પૂજામાં સંતોને પણ સાથે રાખવા વિષે સમજ આપવા વિનંતી.

ઉત્તર :માનસી પૂજામાં તો કંઈ સંતો હોતા નથી. માનસી પૂજામાં મહારાજે શું લખ્યું કે, સંતો નથી લખ્યા. પણ મુકતોનું લખ્યું છે કે, જેમ ભગવાનની માનસી પૂજા કરીએ તેમ ભગવાનની પ્રસાદી વડે મુકતોની માનસી પૂજા કરવી.એટલે એમાં પાત્રનું કે એવું કાંઈ હોતું નથી. સંતોનું કાંઈ લખ્યું નથી. મુકતોનું લખ્યું છે. એટલે જે રીતે ભગવાનને આપણે જમાડીએ, તે રીતે મુકતોને પણ જમાડવા.

પ્ર ન :સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત ગળામાં કંઠી સિવાય બીજું કંઈ પહેરી શકે કે નહીં?

ઉત્તર :સ્વામિનારાયણ ભગવાનનો આશ્રિત હોય એને કંઠી પહેરવાનું જ લખ્યું છે. બીજું કંઈ પહેરવાનું છે નહીં અને શિક્ષાપત્રીમાં મહારાજે લખ્યું કે, ભગવાનનો ભકત જે બ્રાહ્મણ હોય એને પરંપરાએ જો ચાલી આવતી હોય તો રૂદ્રાક્ષની માળા પહેરી શકાય.પણ બ્રાહ્મણને રૂદ્રાક્ષની માળા પહેરવી ફરજીયાત નથી. તે ભલે કંઠી જ પહેરે તો ચાલે.મહારાજે શિક્ષાપત્રીભાષ્યમાં સ્પષ્ટતા લખેલી છે કે, કંઠી જ પહેરવી.

પ્ર ન :એક પીપળે પાણી રેડતા હોઈએ અને સંજોગોવસાત્ બીજે પીપળે પાણી રેડીએ તો ?

ઉત્તર : તે બરોબર કહેવાય નહીં. જે પીપળે આપણે પાણી રેડતા હોઈએ તે જ પીપળે પાણી રેડાય.સંજોગવસાત્ રેડી ન શકાય તો તે જ પીપળે એક બે દિવસ વધારે રેડવું.

પ્ર ન :એકાદશીમાં ફુલાવરનું શાક ખવાય કે નહીં ?

ઉત્તર :એકાદશીના દિવસે સામો કે મોરૈયો કચ્છની ભાષામાં સામો કહે છે અહીં આપણે મોરૈયો કહીએ તો તે મોરૈયો અને બટેટાનું શાક ખાવાની જ માન્યતા હોય છે પણ એવું શાસ્ત્રમાં લખ્યું નથી. અગિયારસના દિવસે સામો કે મોરૈયો ખવાય પણ શાક બધી જ જાતના ખાઈ શકાય. ટીંડોરા ખવાય, કોબીજ ખવાય, ગલકાં ખવાય, દૂધી ખવાય. પરંતુ રીંગણા, ગુવારની ફળી, વાલોર, ચોળી, લીલા વટાણાં આદિક અનાજ વાળા શાક ન ખવાય, બાકી બધા શાક ખવાય. ફુલાવરનું શાક ખાવામાં કાંઈ બાધ હોતું નથી પણ કેટલાક ફુલાવરમાં જીવ જંતુ હોય છે, તો જંતુવાળું શાક ન ખવાય, બાકી ખાવામાં વાંધો નથી.

પ્ર ન :જીવનમાં સુખ દુઃખ આવે તો સંત, ફકિર પાસે જાય તેના વિષે.

ઉત્તર :સ્વામિનારાયણ ભગવાને લખ્યું કે, દુનિયામાં સુખ દુઃખ કર્મ અનુસાર આવ્યા જ કરે છે, તો મહારાજે ભગવાનનું ભજન કરવાનું લખ્યું. વિશેષ પણે કદાચ આપણાથી એવી રીતે ન થાય તો હનુમાનજીની આરાધના કરવી, પ્રાર્થના કરવી પણ તે સિવાય બીજા ભૂત પ્રેત આદિકની કે બાવા, ફકિરની પાસે ભગવાનના ભકતોએ જવાય નહીં, જઈએ તો આપણે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત બરોબર કહેવાઈએ નહીં. પતિવ્રતાનો ધર્મ પણ બરાબર કહેવાય નહીં.

પ્ર ન : અખંડ ભજન કરવાનું સરળમાં સરળ સાધન કયું?

ઉત્તર :તો મહારાજે સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન કરવાનું કહયું છે. જેમ આ લોકમાં દરેક અભ્યાસ કરે તો થઈ જાય છે. જેમ આ છોકરાં ભણવા જાય છે, ખેડૂત ખેતી કરતા હોય, વેપારી વેપાર કરતા હોય તે દરેક અભ્યાસ કરે તો

થાય છે. તેમ આપણે પણ મનમાં એવો નિર્ણય કરીએ કે, મારે આ કામ કરવું જ છે તો એના ઉપર ભગવાનની દયા થાય.

પ્ર ન : એકટાણાં, અગિયારસના દિવસે દાઢી થાય કે નહીં ?

ઉત્તર : તે તો મહારાજે ના જ પાડી છે. એકટાણાં કે અગિયારસના દિવસે દાઢી થાય નહીં.

પ્ર ન : કોઈ જયોતિષીએ બતાવ્યું હોય કે મંગળ કે શનિ આદિકના જાપ કરાવો તો શાંતિ થશે તો એને બદલે જનમંગલના પાઠ કરીએ તો શાંતિ થઈ જાય કે નહીં ?

ઉત્તર : આપણે ભગવાનના ભકતને મંગળના જાપ કરવાની જરૂર નથી અને કેટલાક મંગળની, બુધની કે ગુરૂની વીંટી પહેરે છે તો આપણે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોને જરૂર હોતી નથી. આપણે કંઠી ગળામાં હોય તો કોઈનું કશું કાંઈ ચાલતું નથી. આપણને કંઈ તકલીફ પડે તો ભગવાનનું ભજન કરવું કે જનમંગલના પાઠ કરીએ તો એથી શાંતિ થઈ જાય છે.

પ્ર ન : પૂજાના વસ્ત્રો પહેરીને પૂજામાં ધરાવેલ સાકર, પાણી પી શકાય કે કેમ?

ઉત્તર : પૂજાના વસ્ત્ર પહેરીને કાંઈ જમાય પણ નહીં ને કાંઈ ખાઈ પી શકાય પણ નહીં. પણ આપણે સવારે પૂજા કરતી વખતે ધરાવેલ સાકર કે પાણી જમાય એમાં વાંધો નહીં, દૂધ તો પી શકાય નહીં. જો દૂધ પીએ કે બીજું કાંઈ આપણે ખાઈએ તો તે વસ્ત્રો ધોવા પડે. તે વસ્ત્રો બીજા દિવસે પૂજામાં કામ આવે નહીં.

પ્ર ન : આઠે પ્રહર આનંદમાં રહીને ભજન કરવું પણ દેહના દુઃખના લીધે મન નબળું પડે તો એવી સ્થિતિમાં આઠે પ્રહર આનંદમાં કેમ રહેવું?

ઉત્તર : તે તો મહારાજે ગ.પ્ર.ના ચોવીસમાં વચનામતમાં કહયું છે કે, જ્ઞાને કરીને સ્થિતિ થાય છે, એને આ લોકમાં સુખ દુઃખ થાય, માન અપમાન થાય, એમાં કાંઈ દુઃખ આવી પડે તો જ્ઞાને કરીને ટાળીએ કે આ હું આત્મા છું, ભગવાનનો ભકત છું અને આ દેહના દુઃખ આવી પડે, તો એને શાંતિથી ભોગવીએ તો, દુઃખ ટળી જાય.

સચ્ચિદાનંદ સ્વામીની વાત લખી કે, તેમને તાવ આવ્યો હતો. આ તાવ એમને

ભજન કરવામાં વિક્ષેપ કરતો હતો. તાવને ગોદડીમાં મૂકી દીધો. ગોદડી ધ્રૂજવા મંડી. બીજાને મહારાજે પૂછયું કે, આ શું છે? મહારાજ! આ તો સચ્ચિદાનંદ સ્વામીનો તાવ છે. સચ્ચિદાનંદ સ્વામીને બોલાવ્યા. સ્વામી ! આ શું છે ? સ્વામી બોલ્યા મહારાજ ! મને આ તાવ આવ્યો તે ભજન કરવામાં મને વિક્ષેપ થયો. એટલે મેં આ તાવને ગોદડીમાં મૂકયો. મહારાજ કહે કે, તમારે ત્રણ જન્મ લેવા પડશે. ત્રણ જન્મ લેવા હોય તો ભલે, તાવ ગોદડીમાં રાખો. સ્વામી બોલ્યા મહારાજ ! તમે મને મળ્યા હવે મને ત્રણ જન્મ તો લેવા નથી. મહારાજ કહે કે, આ તો પ્રારબ્ધ અનુસાર સુખ દુઃખ આવે તે ભોગવવું પડે.

પ્ર ન : શ્રાવણ મહિનામાં મહાદેવનું પૂજન કરવું અથવા બીજા પાસે કરાવવું તો પૂજન માટે શિવજીની છબી રાખવી કે શિવલીંગ?

ઉત્તર : તો એમાં તો મહારાજે લખ્યુ કે, શિવલીંગ હોય તો પણ ચાલે ને મૂર્તિ હોય તો પણ ચાલે અને અંતરથી પણ ભગવાનને યાદ કરીને બીજા પાસે કરાવીએ તો પણ તેનો વાંધો નહીં.

પ્ર ન : નવધા ભકિતમાં કઈ ભકિત ઉત્તમ ગણાય છે ? ભગવાનના દર્શન થાય તે માટે ભકતની લાયકાત કઈ ?

ઉત્તર : મહારાજે વચનામતમાં લખ્યું કે, નવધા ભકિતમાં શ્રવણ ભકિત શ્રેષ્ઠ લખેલી છે. શ્રવણ ભકિતથી બધાય સાધન આવે છે. માટે શ્રવણ ભકિત કરીએ તો આસ્તે આસ્તે તેમાં ભગવાનના બધા ગુણો પ્રાપ્ત થાય છે. ભકતે ભગવાનનું ધ્યાન કરવાથી ભગવાનના દર્શન થાય છે.

પ્ર ન : ઘણા એમ માને છે કે, ભૂત પ્રેત છે, તે જીવ લઈ જાય છે અને નાડી, પ્રાણ આપનાર ભગવાન છે એમ આપણી સમજણ છે તો કેમ માનવું ?

ઉત્તર : ભૂત કે પ્રેત આદિ હોય તે આપણને ભગવાનના ભકતને નડી શકે પણ નહીં અને જીવ પણ લઈ શકે નહીં. એવી એની કોઈ તાકાત નથી. સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત હોઈએ, તો તે કોઈનો જીવ લઈ શકે નહીં. એટલે નાડી પ્રાણ ભગવાનના હાથમાં છે એ આપણી સમજણ બરાબર છે અને ભગવાનના ભકતને સુખ દુઃખ આવે એ કર્મે કરીને આવે તેમાં આપણે અકળાવું નહીં, શાંતિ રાખવી.

પ્ર ન : વૈકુંઠ, ગોલોક આદિ ધામ પથ્વી પર છે ?

ઉત્તર : વૈકુંઠ, ગોલોક આદિ ધામ પથ્વી પર નથી. એ સર્વે ધામ આવરણથી પર છે. દરેકને ભગવાનને જેને જેને જે જે ધામમાં રાખવા હોય ત્યાં રાખે છે. વૈકુંઠ ધામ, ગોલોકધામ, બદ્રિકાશ્રમ ત્યાં જેને જ્યાં રાખવા હોય ત્યાં રાખે છે.

પ્ર ન : પાપ અને પુન્ય વિષે.

ઉત્તર : એના જવાબમાં તો જે જીવે જે પાપ કર્યુ હોય તે પાપનું ફળ તો એણે ભોગવવું જ પડે. પાપ અને પુણ્યનો ક્ષય કયારે થાય, જે પાપ કર્યુ હોય તે ભોગવવું પડે છે, પુણ્ય કર્યુ હોય તે પણ ભોગવવું પડે છે. તે પાપ અને પુણ્યનો ક્ષય કયારે થાય? મોટા સંતોએ લખ્યું છે કે, આત્માને પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ જાય અને પાપ અને પુણ્યનો ક્ષય થઈ જાય ત્યારે એનો આત્યંતિક મોક્ષ થાય છે. જયાં સુધી પાપ અને પુણ્યનો ક્ષય થતો નથી, ત્યાં સુધી આત્યંતિક મોક્ષ થાતો નથી.

પ્ર ન : વાસના ટળતી નથી તેના માટે શું કરવું ?

ઉત્તર : વાસના ટાળવા વિષે તો કારીયાણીના વચનામતમાં લખ્યું કે, કથા, વાર્તા સાંભળીએ તથા ધ્યાન કરીએ તો વાસના ટળી જાય.

પ્ર ન : કુટુંબ પ્રત્યેની ફરજોને શું આસકિત કહેવાય? અને તેને કારણે શું મોક્ષની પ્રાપ્તિ જોખમાય ખરી? આવા વિચારો આવતા રોકવા શું કરવું ?

ઉત્તર : કુટુંબ પ્રત્યેની ફરજો બજાવવાની મહારાજે કાંઈ ના પાડી નથી. મહારાજે કહયું કે, ગહસ્થાશ્રમમાં રહેતા હોય તો જેને જે ફરજ હોય તે બજાવવી પડે. એક ઠેકાણે લખ્યું કે, પેટનું, શેઠનું અને ઠેઠનું ત્રણ કામ બરાબર કરે એ ડાહયો કહેવાય. સંસારમાં સરસો રહે અને મન મારી પાસ, સંસાર જેને લોપે નહીં તેને જાણું મારો દાસ. સંસારમાં સરસો રહે એટલે સંસારની ફરજો બરાબર બજાવે તો જ સરસો રહયો કહેવાય. જો તે ફરજ બરાબર બજાવે નહીં તો તે સરસો રહયો કહેવાય નહીં. સંસારની વ્યવહારિક ફરજો હોય એ તો બજાવવી પડે એમાં મોક્ષમાં કાંઈ બાધ આવતો નથી. માટે એમાં કોઈ શંકા રાખવાની જરૂર રહેતી નથી. તે તો આપણે સંસારમાં રહેતા હોઈએ એટલે થોડુંક વાસના જેવું જણાય કે, આ લોકના સભ્ય છીએ એવું જણાય પણ અંતરમાં એમ જાણવું આ સર્વે વાસના ટાળી મારે આને આ દેહે

છેલ્લો જન્મ કરવો છે. તો દ્રઢતા જોઈને મદદ કરે મોરારી. એવી જો સાચી ભાવના હોય તો અંતકાળે મહારાજ એને યોગ આપે, રોગ આપે, સો સદ્‌ગુરૂનું જ્ઞાન આપીને પણ એનો મોક્ષ કરાવી દે છે.

એક વચનામતમાં મહારાજે લખ્યું છે કે, એક ભકત તો ભગવાન વિના બીજું કાંઈ ઈચ્છતો નથી. એક ભકત તો વૈકુંઠ, ગોલોક આદિ જોવાની ઈચ્છા રાખે છે, એને બીજી વાસના નથી અને બીજો એક ભકત છે,એને બીજી થોડી વાસના પણ છે,પણ તેને અંતરમાં ભગવાનની મૂર્તિ વિના બીજી કોઈ વાસના નથી, તો એમાં કોણ શ્રેષ્ઠ છે ?

મોટા સંતોએ લખ્યું કે, ઉપરથી ભલે વાસના જેવું જણાય પણ અંતરમાં એમ છે કે, મારે આ ને આ દેહે કરીને બધી જ વાસના ટાળી, ભગવાનનું ભજન કરીને છેલ્લો જન્મ કરવો છે. તો એના ઉપર ભગવાન દયા કરે અને છેલ્લો જન્મ જરૂર કરી આપે. માટે મનમાં કોઈ શંકા રાખવાની જરૂર નથી.

પ્ર ન :કુટુંબ પરંપરા પ્રમાણે શીતળા સાતમનું ટાઢું જમીએ તો ભગવાનને થાળ કેવો ધરાવવો? ઠંડો કે ગરમ? સત્સંગમાં આવ્યા પછી શું કરવું ? વારંવાર સંતોના–કુળદેવીના દર્શન થાય તો શું સમજવું ? ધ્યાન, માળા કરતા વિચાર આવે ત્યારે શું કરવું ?

ઉત્તર : મોટા સંતો કહેતા અને શાસ્ત્રમાં પણ લખ્યું છે આપણે શીતળા સાતમ પાળવાની જરૂર હોતી નથી. ઠંડુ ખાવાની પણ જરૂર હોતી નથી. આપણે ભગવાનના ભકત થયા એટલે સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવ છે. એટલે બીજા પીર કે ફકીર કે દેવ–દેવીઓને આપણે માનવા નહીં, એટલે ઠંડુ ખાવાની જરૂર નથી. માટે ભગવાનને પણ ગરમ થાળ જમાડવો આપણે પણ ગરમ જમવું અને એમાં કોઈ પાપ લાગતું નથી. ને સત્સંગમાં આવ્યા પછી શું કરવું ? તો તે ભગવાનના નિયમો બરાબર પાલન કરવા. બીજું, જેને વારંવાર કુળદેવીના દર્શન થાય તો શું કરવું? તો, એ તો જીવને અનાદિ કાળના માયાના વેગ પેસી ગયા હોય અને કૂળદેવીનું કદાચ દર્શન થાય, તો આસ્તે આસ્તે ભગવાનનું ધ્યાન કરીએ તો કુળદેવીના દર્શન ટળી જાય ને ભગવાનના દર્શન થાય. અભ્યાસ કરવાથી શાંતિ થાય. બીજું, ધ્યાન, માળા કરતા

વિચાર આવે તો ? તે તો મહારાજે વચનામતમાં કહયું છે કે, સત્વગુણ વર્તતો હોય ત્યારે ધ્યાન કરવું, રજોગુણ કે તમોગુણ વર્તતો હોય તો તેને ધ્યાનનો કે અંતર વત્તિનો આગ્રહ રાખવો નહીં. ઉચે સાદે સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભગવાનનું ભજન કરીએ તો આ બધું ટળી જાય છે અને શાંતિ થઈ જાય છે.

પ્ર ન :અમે ભુજના ઘનશ્યામ મહારાજની મૂર્તિનું ધ્યાન કરીએ છીએ, પણ એક વખત અક્ષરધામની મૂર્તિનો અનુભવ થયો હોય, તો એ મૂર્તિનું ધ્યાન કરવું કે નહીં?

ઉત્તર :એના ઉત્તરમાં ભલે ભુજના ઘનશ્યામ મહારાજની મૂર્તિનું ધ્યાન કરતા હોઈએ કે, અમદાવાદની કે, વડતાલની ગમે તે મૂર્તિનું આપણે ધ્યાન કરતા હોઈએ પણ ધ્યાનમાં તો મૂર્તિ તો અક્ષરધામની જ ધારવી. અક્ષરધામમાં જે આ ભગવાનની મૂર્તિ છે, તે જ આ છે, એમ ભગવાનની અક્ષરધામની મૂર્તિ સાથે એકતા કરવી અને એને જો એકવાર ભગવાનની અક્ષરધામની મૂર્તિનું દર્શન થઈ જાય તો બીજી કોઈ મૂર્તિ ધારવાની જરૂર નથી.

પ્ર ન :કોલેજ કાળમાં એકાદશી થઈ શકતી નથી. કારણ કે, આખો દિવસ ફૂટ ખાઈએ તો ભણવામાં ધ્યાન રહેતું નથી. તો એકાદશી ન કરીએ તો ચાલે કે નહીં?

ઉત્તર :તો એના ઉત્તરમાં તો આપણે જો બરાબર સત્સંગી હોઈએ તો એકાદશીના તો ઉપવાસ કરવાનું કહયું છે. દશમના દિવસે એકવાર જમવું, એકાદશીના દિવસે ઉપવાસ કરવો અને બારસના દિવસે એકટાણું કરવું.ત્રણ દિવસ સુધી બ્રહ્મચર્ય પાળવું એ એકાદશી રાખી કહેવાય, પણ એવું આપણે નથી થાતું. દશમનું એકટાણું ન થાય, બારસનું એકટાણું ન થાય તો વાંધો નહીં પણ એકાદશીના તો આપણે ફરાળ જ કરવું જોઈએ. એકાદશીના દિવસે અનાજ ખાવાથી એના અનેક પાપો લાગે છે. શિક્ષાપત્રીભાષ્યમાં શતાનંદ સ્વામીએ લખ્યું છે કે, એકાદશીના અનાજ ખાવાથી એમાં કણે કણે પાપ લખ્યું છે. તો આપણે એ ખાવાથી એનું બહુ પાપ લાગે છે. તો આપણે સત્સંગી હોઈએ અને ગમે ત્યાં ગયા હોઈએ પણ એકાદશી તો આપણે રહેવી જ જોઈએ. ફુટ ખાઈ લઈએ, દૂધ પી લઈએ પણ મનની એક વત્તિ છે કે, મારે આ કામ કરવું જ છે. કેટલાક સંતો ને હરિભકતો છે તે ઉપવાસ કરે છે, તો ત્યારે એ પાણી પણ

પીતા નથી. મહારાજે કાંઈ પાણીની ના નથી પાડી. તો એ કહેશે કે મારે નથી પીવું. તો એને પાણી વિના પણ ચાલે છે. તો મનની એવી વત્તિ કેળવીએ, કે મારે આ કામ કરવું જ છે, તો ના થાય એવું કાંઈ નથી. તો એકાદશીના દિવસે અનાજ ખવાય નહીં અને ફૂટ ખાઈને પણ એકાદશી તો રહેવી જ પડે. માટે એમાં કાળજી રાખવી.

પ્ર ન : દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય, પ્રતિમા ભાવ ટળી જાય અને દિવ્યભાવ લાવવો હોય તો એના માટે શું કરવું ?

ઉત્તર : તો મહારાજે અભ્યાસ કરવાનું કહયું. મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે, તો એમાં બ્રહ્મના ગુણ આવે છે કે, હું આત્મા છું, બ્રહ્મ છું, ચૈતન્ય છું. મારા આત્માને વિષે ભગવાનની દિવ્ય મૂર્તિ રહેલી છે. આપણે આઠ પ્રકારની પ્રતિમાની વાત કરી તો તે ભાવના ટાળી અક્ષરધામમાં જે મૂર્તિ છે, તે જ આ મૂર્તિ છે અને વચનામતમાં પણ લખ્યું છે કે, અક્ષરધામમાં જે મૂર્તિ છે, તે જ આ મૂર્તિ છે અને અક્ષરધામની મૂર્તિ અને આ મૂર્તિમાં એક રોમનો પણ ફેર નથી અને ફેર જણાય તો અમને પાંચસો પરમહંસના સમ છે. એટલે આવી રીતે અભ્યાસ કરીએ તો એમાં મૂર્તિ ભાવ ટળી જાય અને દિવ્ય ભાવ આવી જાય છે.

પ્ર ન : માનસી પૂજા અને પ્રત્યક્ષ પૂજામાં કાયમ અલૌકિકપણું રહે અને અહોહોપણું રહે એના માટે શું કરવું ? શું કરવાથી ભગવાનમાં હેતની વદ્ધિ થાય છે ?

ઉત્તર : એમાં તો આપણે હંમેશા માનસી પૂજા કરવાનો કે ધ્યાન કરવાનો અભ્યાસ કરીએ અને આ મહારાજ પોતે પ્રત્યક્ષ વિરાજમાન છે અને માનસી પૂજામાં અક્ષરધામની જ મૂર્તિ છે, એવો કાયમી અભ્યાસ કરીએ, તો હંમેશા અહોહોપણું રહે અને ભગવાનની મૂર્તિમાં હેત પણ થાય છે. માટે આપણે દરેકે અભ્યાસ કરવાથી ભગવાનમાં પ્રેમ થાય છે. આવી રીતે આપણે ભગવાન ભજવામાં કાળજી રાખશું તો દ્રઢતા જોઈને મદદ કરે મોરારી. આપણી જો સાચી ભાવના હોય, તમે ભલે ગહસ્થ આશ્રમમાં રહેતા હો, એટલે ઉપરથી વાસના જેવું જણાય. આ લોકમાં ખાવું પીવું પણ જણાય. પણ આપણે એવી દ્રઢતા રાખીએ, કે હું ભગવાનનો ભકત છું અને મારે આ જ દેહે કરીને ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરી મારે આ છેલ્લો જન્મ કરવો છે એવી આપણે ભાવના રાખીએ અને જેટલું બને તેટલું ભજન કરવું.

પંચવર્તમાનનું પાલન કરવું તથા આહાર વિહાર અને બ્રહ્મચર્યની શુદ્ધિ રાખવી

ભગવાનના જે નિયમો, તેમાં વિશેષ તો પાંચ નિયમો લખ્યા. ત્યાગીને નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ અને નિઃસ્નેહ. ગહસ્થને પણ દારૂ, માટી, ચોરી, અવેરી અને વટલવું, વટલાવવું નહીં. એમ ગહસ્થને પણ દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, જુગાર ન રમવો અને વ્યભિચાર ન કરવો. એક પત્નીવ્રત રાખવું અને એમાં પણ જે ગઢડા પ્રથમ પ્ર. ના ૩૪ માં વચનામતમાં આજ્ઞા કરી, તે પ્રમાણે વર્તે તો એ ગહસ્થને પણ બ્રહ્મચર્ય જ કહેવાય. તે પાંચ નિયમોનું વિશેષ પાલન કરવું અને આહારની શુદ્ધિ રાખવી. "આહાર શુદ્ધૌ, સત્વ શુદ્ધિ : સત્વ શુદ્ધિ ધ્રુવાનુ સ્મતિ" ને ગીતાજીમાં પણ લખ્યું છે કે, આહાર અને વિહાર. આહાર એટલે જમવું અને વિહાર એટલે બોલવું,જોવું, ફરવું, એ વિહારમાં આવે. આપણે વાત કરી તે ટી.વી. ની, ટી. વી. વિહારમાં આવી જાય. ટી. વી. જો ભગવાનના સંબંધે હોય, ભગવાનના કથા, કીર્તન, સમૈયા સંબંધી સી.ડી., ટી. વી. માં જોઈએ તેમાં વાંધો નહીં. પણ આ જગત સંબંધી ટી.વી. જોઈએ, તો એ વિહારમાં આવી જાય અને પછી ભજનમાં એવો આનંદ આવે નહીં. હરવું, ફરવું, બોલવું, જોવું તે પણ જેને જ્યાં યોગ્ય હોય એ રીતે કરીએ તો વિહારમાં આવે અને આહારમાં તો બજારની વસ્તુ ન ખાવી. ઘરે જે વસ્તુ બનતી હોય તે ખાવી. બીજું, ભગવાનની છબી ઘરે હોય એને દૂધ પાઈએ કે બપોરે એને થાળ જમાડીએ. કેટલાક ભકત એમ પૂછતા કે, સ્વામી, આ ચ્હા પાઈએ તો? મેં કહયું, ચ્હા પીવડાવાય નહીં. ભગવાને શિક્ષાપત્રીમાં ના પાડી છે કે, કેફ કરાવે તેવી વસ્તુ ખાવી નહીં, પીવી પણ નહીં.એટલે તો ચ્હા ભગવાનને ધરાવાય નહીં, પણ ભગવાનને દૂધ ધરાવીએ એ દૂધ ચ્હામાં નાખો તો ચાલે એમાં બાધ ન કહેવાય. તો તે આહારની શુદ્ધતામાં બહારની વસ્તુ ગાંઠીયા, ભજીયા આપણે ખાઈએ તો આહારની શુદ્ધિ ન કહેવાય. બજારની વસ્તુ તો લગભગ ઓછી થઈ ગઈ હશે, અમુક લોકો ખાતા હશે. બીડી પીતા હોય કે તમાકુ ખાતા હોય એવા તો કોઈ લાગતા નથી અને ખૂણે ખાંચરે હોય તો આજથી એવો નિયમ રાખવો અને છોડી દેવી અને ભગવાન પાસે મૂકી દેજો.

કેટલાક વળી એમ વાત કરે કે, સ્વામી, દૂધની વસ્તુ ખાઈએ તો શું વાંધો ? આ કુલ્ફી છે, આઈસ્ક્રીમ છે તેમાં શું વાંધો ? એમ કેટલાક પૂછતા હોય છે. પણ એના વાસણો બરાબર સાફ ન હોય, દૂધ એણે ગાળ્યું ન હોય કે, કોણે બનાવ્યું હોય, એટલે તે પણ ન ખાવું, ને ખાતા પીતા હોય તો એ સત્સંગી બરાબર કહેવાય નહીં અને સંતો પણ વાત કરતા જ હોય છે, શાસ્ત્રોમાં પણ વાત આવતી જ હોય છે. પણ હજુ થોડું થોડું હોય તો કેટલીક એમ વાત આવતી હોય છે. કેટલાક આ દૂધના પેંડા ખાતા હોય, આઈસક્રીમ ખાતા હોય, એવી થોડી થોડી વાત અમારે કાને આવતી હોય છે. તે પણ ન ખવાય તો સારૂં. આપણે ઘરે બનાવીએ તે ખવાય તો એમાં કાંઈ વાંધો નહીં. એટલે આપણે આ ભગવાનને રાજી કરવા માટે અહીં ભેળા થયા છીએ અને આ છેલ્લો જન્મ થઈ જાય તે કરવાને માટે જ આપણે બધા ભેળા થયા છીએ. તો આપણે ભગવાનના બધા નિયમોનું પાલન કરી ભગવાનની મૂર્તિમાં હેત કરવું.

શ્રી સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર કોઈ થયો નથી અને થાશે પણ નહીં

આ સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર કોઈ થયો નથી અને થાશે પણ નહીં. આ સ્વામિનારાયણ ભગવાન પોતે દયા કરી અને આપણને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપવાને માટે જ પધાર્યા છે. આથી અગાઉ ભગવાનના અનેક અવતારો થઈ ગયા છે. ગીતાજીના વાકય પ્રમાણે જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય અને અધર્મની વદ્ધિ થાય ત્યારે ધર્મનું રક્ષણ કરવા માટે અને સત્પુરૂષોનું રક્ષણ કરવાને માટે અને અસુરોનો નાશ કરવા માટે ભગવાન કહે છે કે, હું યુગ યુગમાં અવતાર લઉં છું, પણ આ સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર કોઈ થયો નથી અને થાશે પણ નહીં. એટલા માટે જ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે,

"નોતી દીઠી, નોતી સાંભળી રે, એવી પ્રગટાવી પુનિત પુરૂષોત્તમ પ્રગટી રે,
અષાઢી મેઘે આવી કર્યા રે, જાજા બીજા ઝાકળારે, પુરૂષોત્તમ પ્રગટી રે"

આથી અગાઉ આવી રીતી કોઈએ કરી નોતી અને સાંભળી પણ નોતી, એવી આ પથ્વી પર ભગવાન પધારી રીતી પ્રગટાવી. વચનામતમાં પણ ભગવાને લખ્યું કે,

આ વાત ન ભૂતો ન ભવિષ્યતિ કે, આ વાત આથી અગાઉ કયારેય થઈ નથી અને થાશે પણ નહીં. એટલા માટે આ વાત ન ભૂતો ન ભવિષ્યતિ જેવી છે. એવા દયાળુ ભગવાન આપણા જીવોના કલ્યાણને માટે અહીં પધાર્યા, તો તે ભગવાનનો આપણે દ્રઢ આશરો રાખવો અને ભગવાનનો જેવો છે, એવો મહિમા આપણને સમજાઈ જાય તો એના અંતરમાં આઠે પહોર ભગવાનનો કેફ વર્ત્યા કરે.

આઠે પહોર અહો અહો પણુ કેમ સમજીએ તો રહે

લક્ષ્મણાનંદ સ્વામીએ પ્ર ન પૂછયો કે, મહારાજ ! આઠે પહોર અહોહોપણું કેમ સમજીએ તો રહે ? એના ઉત્તરમાં ભગવાને કહ્યું કે, આ ભગવાન વૈકુંઠ, ગોલોક, વેતદ્વિપ, આદિક થકી પર એવું જે અક્ષરધામ તેના નિયંતા છે અને એમાં જો ખોટું કહેતા હોઈએ, તો પાંચસો પરમહંસોના સમ છે. છેલ્લા પ્રકરણના બીજા વચનામતમાં પણ એ લખ્યું કે, વૈકુંઠ, ગોલોક, વેતદ્વિપ એમાં જેવી સભા છે,એના કરતા પણ આ સભા અધિક છે. મહારાજ કહે કે, આ સભા અક્ષરધામની છે. જ્યાં ભગવાન પુરૂષોત્તમ નારાયણ વિરાજમાન થયેલા હોય અને જ્યાં ભગવાનના બધા મુકતો, સંતો, હરિભકતોની સભા ભરાઈને બેઠેલી હોય ત્યાં ભગવાન પુરૂષોત્તમ નારાયણ જરૂર બિરાજમાન થયેલા જ હોય. તો, તે ભગવાનનો આવો મહિમા સમજાઈ જાય, તો સદાને માટે એવો આનંદ વર્ત્યા કરે છે.

શ્રીજી મહારાજે અમદાવાદમાં ચોર્યાશી કરી

જેના પુન્યમાં કાંઈ ખામી હોય તે ભગવાનને શોધ્યા જ કરે. એક મહાત્માએ કીર્તનમાં લખ્યું કે,

"ઉત્તર દેશથી સાહેબો આવશે અને કાંકરીએ ડેરા તાણશે."

તે હજીય ગાય છે. ઉત્તરદેશથી સાહેબો કયારે આવશે? એ સાહેબો આવી ગયા. ઉત્તરદેશથી ભગવાન આવ્યા. ભગવાન પોતે ઉત્તર દેશમાં પ્રગટ થયા. તમે સર્વે જાત્રા કરવા જાઓ છો ને? તો આ લોકો એમ કહે કે, ઉત્તરદેશની જાત્રા કરવા જાવું છે. ઉત્તર ભારતની એટલે ભગવાન પોતે જ્યાં પ્રગટ થયા. ઉત્તરદેશથી

સાહેબો આવશે અને પથ્વી પર આ ટ્રેઈન, રેલગાડી તે સર્વે સ્વામિનારાયણ ભગવાન આવ્યા પછી થયું છે. એના પહેલા એવું કાંઈ હતું નહીં. પાંચાની મંડળીયું ચાલશે. પાંચા એટલે પાંચ સંતો તે કરશે અને કાંકરીએ ડેરા તાણશે. કાંકરીએ ડેરા કયારે તાણ્યા હતા મહારાજે? જયારે સ્વામિનારાયણ ભગવાને ૧૮૭૮ ની સાલમાં નરનારાયણ દેવ અમદાવાદમાં પધરાવ્યા ત્યારે મહારાજે પ્રાર્થના કરીને કહયુ કે, અમે અખંડ આ મૂર્તિમાં રહીને નિવાસ કરીશું, એના દર્શન કરજો, પૂજજો, માનજો. અમે તે મૂર્તિ દ્વારા તમારી સેવા અંગિકાર કરશું એટલે મહારાજે તે મૂર્તિ પધરાવી.

મહારાજે વચનામતમાં લખ્યું, તે મહારાજને તો કાંઈ હતું નહીં, પણ મહારાજે આપણને જણાવ્યું કે, આ સમૈયો થયો અને થોડીક પ્રવત્તિ થઈ એટલે અમારા હૃદયમાં વિક્ષેપ પડવા માંડયો, એટલે મહારાજ કાંકરીયામાં બ્રાહ્મણોની ચોયાર્શી કરી, જમીને ત્યાંથી ચાલતા થઈ ગયા અને ધોળકાની રાણ્યુંમાં ઝાડીમાં જઈને રહયા, હજી ત્યાં છત્રી છે. પછી મહારાજ કહે કે, અમે ત્યાં આત્મસત્તા રૂપે રહેવા માંડયા. તે આત્મસત્તા રૂપે રહેતા રહેતા બધી જ પ્રવત્તિ ટળી ગઈ. કાંકરીએ મેળો ભરાણો નથી, ત્યાં સભા થઈ નથી, કોઈ માણસો ભેળા થયા જ નથી અને એમ લાગ્યું કે, ભગવાનની મૂર્તિનો પ્રકાશ થવા લાગ્યો. ભગવાનને તો એવું કાંઈ કરવું હતું નહીં. ભગવાનને તો આ પ્રવત્તિ નડતી હતી નહીં. એને કાંઈ બીજું આવરણ હતું નહીં, પણ આપણને શિખવાડયું કે, આપણે ભગવાનના ભકત છીએ, એટલે ગહસ્થ લોકોને આ લોકની વ્યવહારિક પ્રવત્તિમાં જોડાવું પડે અને અમને આ સાધુ લોકોને આ સત્સંગ સંબંધી સેવા તથા આવા સમૈયા કરવા પડે. આ કથા, વાર્તા બધું કરવું પડે, પણ વિચાર હાથમાં રાખવો. મોટા સંતોએ કહયું કે, છોકરા પતંગ ઉડાડે, ઉડાડતા હોય એને ખબર પડે! મહારાજે વાત લખી કે, છોકરા પતંગ ઉડાડે તે દોરો હાથમાં રાખે, દોરો હાથમાં ન રાખે તો પતંગ ઉડી જાય. એમ આપણે પણ વિચાર રૂપી દોરો હાથમાં રાખવો.

મરના મરના સબ કહે મરી જ જાને કોઇ
એક દિન ઐસા મરના કી કભી જન્મ ન હોઇ

સંતો કહેતા કે, આપણે પણ જોઈએ છીએ કે, પચાસ કે સાઈઠ, એંસી કે ભલે સો વર્ષે પણ આપણે આ દુનિયામાંથી જરૂર જવાનું છે. આપણે દેખીએ પણ છીએ કે,

આપણા વડિલો ચાલ્યા ગયા. હવે તે ચાલ્યા ગયા તેમ આપણે પણ, આ દુનિયામાંથી ચાલ્યા જવું પડશે ને? મત્યુ તો આ માણસનો જન્મ થયો ત્યારથી જ તેની નજીક ઊભેલું છે. ત્યારે "મરના મરના સબ કહે, મરી ન જાને કોઈ, એક દિન ઐસા મરના કિ ફિર જન્મ ન હોઈ.'આપણે જાણીએ છીએ કે, આ દુનિયામાંથી જાવાનું છે. મરી જાણ્યું કયારે કે'વાય ? તે આપણને આત્માને પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ જાય અને દેહને અંતે આપણે ભગવાનની સેવામાં રહી જવાય તો જ મર્યા લેખે લાગે. નહીંતર મોટા સંતો એમ કહેતા કે, ફલાણા ભાઈ તો પાછા થયા. કેટલીક જાડી ભાષા હોય ને! આપણા સંપ્રદાયમાં એવો રિવાજ છે કે, અક્ષરધામમાં ગયા અને વૈ ણવોમાં એવો રિવાજ છે કે ગોલોકવાસી થયા અને કેટલીક જાડી ભાષામાં એવો રિવાજ છે કે, પાછા થયા. કેમ પાછા થયા? એમ વાતનું દ્રષ્ટાંત આપતા કે, આપણે પાછું ન થાવું. પાછું ન થાવું એટલે કેમ કહેવાય ? કે ફરીથી જન્મ લેવો ન પડે. વળી વધારે વાસના રહી જાય તો ભૂત પ્રેતનો અવતાર આવી પડે, વળી પાછી કથા કરાવવી પડે. એટલે તે પાછા થયા કહેવાય. મોટા સંતો દ્રષ્ટાંત આપતા કે, આપણે પાછું ન થાવું. આપણે એવું કામ કરવું કે ' અર્થ સાધયામિ વા દેહં પાતયામિ' હવે આ ને આ દેહે કરીને આ છેલ્લો જન્મ કરી લેવો. ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહયું કે, "એક શિર કે વાસ્તે કયું ડરતે હો ગમાર?" ગમાર એટલે મૂર્ખ કહેવાય. હે મૂર્ખ! એક માથા માટે શા માટે ડરે છે? એક કીર્તનમાં પણ સ્વામીએ લખ્યું કે, "સો માથા જાતા રે, સોંઘા છોગાળા!" સો માથા જાતા હોય તો ભલે જાય, પણ ભગવાનને જાવા ન દેવા. તે ભગવાન એથી મોંઘા છે!

એક જન્મ કરી લે હરિ અર્થે, તો સરી જાય સર્વે કામ

બીજું ,ગુણાતીતાનંદ સ્વામીએ કહયું કે, આપણે અનેક જન્મો ખોઈ નાખ્યા પણ એક જન્મ ભગવાનને અર્થે કર્યો એમાં શું કામ બીવે છે મુરખ? અને નિષ્કુળાનંદ સ્વામીએ પણ લખ્યું કે

"અનેક જન્મ ખોયા અણ અર્થે, પણ આવ્યું નહીં કંઈ કામ,
એક જન્મ હરિ અર્થે કરે, તો સરી જાય સર્વે કામ."

તે આપણે બધાએ અનેક જન્મ ખોઈ નાખ્યા છે તે શાસ્ત્રમાં લખ્યું છે કે,

જેટલું આ સમુદ્રમાં પાણી છે, તેટલું આ જીવાત્મા, માતાનું દૂધ ધાવ્યું છે. બધાય અવતારો આપણે લઈ આવ્યા છીએ, પણ કયાંય આપણને આવા ભગવાન, આવા સંતો, આવા આચાર્યો કે આવા હરિભકતોનો યોગ મળ્યો નહીં હોય અને કદાચ મળ્યો હશે તો આપણે સાચે ભાવે કર્યો નહીં હોય. એટલે આપણે પાછા આવી ગયા. પણ આપણે હવે એવું મંડવું કે આ ને આ દેહે કરીને આપણી જે કંઈ કસર ભગવાન ભજવામાં રહેલી હોય તે ટાળી નાંખવી ને જો કસર નહીં ટાળીએ તો ભગવાન કદાચ આપણને અક્ષરધામમાં લઈ જાય તો પણ ભગવાન આપણને અક્ષરધામમાં રાખે નહીં. ભગવાન કહે છે કે,

"મારા જનને અંત કાળે, જરૂર મારે આવવું ;
બિરૂદ મારૂં ન બદલે, તે સર્વે જનને જણાવવું."

ભગવાન કહે, મારા આશ્રિત જે હોય તેને જરૂર હું અક્ષરધામમાં તેડી જાઉં. પણ અક્ષરધામમાં રહેવાય કયારે કે, જ્યારે આપણે એકદમ ચોખ્ખા થઈએ ત્યારે. આ લોકનો માયાનો કોઈ રાગ ન રહે, ત્યારે અક્ષરધામમાં રહેવાય. મહારાજનું બિરૂદ છે કે, અક્ષરધામમાં લઈ જાય, પણ આપણી જરાક કંઈક ખામી રહી જાય, તો ત્યાં રહી શકાય નહીં. તો વળી પાછા કયાંક બદ્રિકાશ્રમમાં કે વેતદ્વિપમાં તપ કરાવે, વળી જરા વધારે વાસના રહી જાય તો મહારાજે લખ્યું કે,વાસના હોય તો ભગવાનનો ભકત ભગવાનનું ધ્યાન કરતો હોય ત્યારે ભગવાન સામું જોતો ત્યારે ભગવાન શું કામ કરતા ? ભગવાન પણ ભકતની સામું જોતા. તો એના હૃદયમાં જે જે વાસના હોય તો સ્વર્ગલોક અથવા મત્યુલોકમાં એમાં એને મૂકીને ત્યાં જન્મ આપે અને તેની વાસના પુરી કરાવી ને નિર્વાસનિક કરાવી, પછી ધામમાં તેડી જાય. માટે આપણે દરેકે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

ન જોઈ જાત કુજાત પુરૂષોત્તમ પ્રગટી રે

બીજું, સ્વામિનારાયણ ભગવાને દયા કરીને, માંગરોળ આદિ ઘણા સ્થળોએ સમાધિ કરાવી. ત્યારે માંગરોળમાં મહારાજ ઘણાંક લોકોને સમાધિ કરાવતા અને

સમાધિમાં પોતાના જે જે ઈષ્ટદેવ હોય, જે જેને માનતા હોય, તેને પોતાના ઈષ્ટદેવ નું દર્શન કરાવતા. ત્યારે ત્યાંના રાજા નવાબ બાદશાહ હતા. એણે સાંભળ્યું કે, આ સ્વામિનારાયણ અલ્લાહ કહેવાય છે, ખુદા કહેવાય છે. ઘણાંક લોકોને સમાધિ કરાવે છે અને પોતાનું સુખ આપે છે. એણે પોતાના માણસને કહેવા મોકલ્યો કે, મને દર્શન કરવા આવવા દેશે? કારણ કે, પોતે મુસલમાન હતા. ભગવાને એવો કોઈ નાત જાતનો ભેદ રાખ્યો ન હતો. "ન જોઈ જાત કુજાત, પુરૂષોત્તમ પ્રગટી રે" એટલે તે ભગવાને નાત જાત કંઈ જોયું નહીં.

બીજું, છાણીમાં તેજાભાઈ કરીને સત્સંગી હરીજન હતા. એને સાત દિવસ સુધી સમાધિ થાતી. તે સાત દિવસ સુધી ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જતા. તે તેજાભાઈ પોતે મુકત હતા. આગલા જન્મમાં બ્રાહ્મણ હતા. મોટા સંતોએ લખ્યું કે, બ્રાહ્મણની જાતનું જરાક અભિમાન આવી ગયેલું એટલે એ અભિમાને કરીને હરિજનનો જન્મ આવેલો. પણ ભગવાનનો ભકત હોય તેની ગીતાજીમાં વાત કરી ને વચનામતમાં પણ કહયું કે, ભગવાનની ભકિત કરતા કરતા કંઈક વાસના રહી ગઈ હોય, એને ભગવાન પવિત્ર એવો જે બ્રાહ્મણ હોય કે સારા એવા જે ભગવાનના ભકત હોય, એને ત્યાં જન્મ આપે છે અને પહેલેથી જ યોગભ્રષ્ટ જીવ હોય એને સત્સંગનો યોગ થઈ જાય, એટલે એ જલ્દી ભકત થઈ જાય છે. તેમ આ પાદશાહ મુસલમાન હતા, તેમને પણ મહારાજને કહેવડાવ્યું કે, મારે તમારા દર્શન કરવા આવવું છે. સ્વામિનારાયણ ભગવાન કહે ,ભલે આવો. તે મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું કે, કોઈ મોટો માણસ આવે તો એનું સન્માન કરવું. મહારાજે ગાદી તકિયા બિછાવી માથે આસન રાખ્યું. ત્યારે આણે સાંભળેલું કે, સ્વામિનારાયણ તો અલ્લાહ કહેવાય છે, ખુદા કહેવાય છે, ભગવાનનો અવતાર કહેવાય છે, એમ એણે સાંભળેલું. ઘણાંકને પોતાનું ઐશ્વર્ય જણાવે છે. એટલે એમ ચિંતવન કરતાં કરતાં મહારાજના જ્યાં દરવાજે આવ્યા, છેટેથી મહારાજના દર્શન કર્યા અને મહારાજની દ્રષ્ટિ સામું જોયું અને ભગવાને એના સામું જોયું, એટલે એની દ્રષ્ટિ સ્થિર થઈ ગઈ, એટલે ભગવાને એને સમાધિ કરાવી દીધી અને મહારાજે એને પ્રકાશમાન એવા દિવ્ય અક્ષરધામમાં ખુદા રૂપે દર્શન આપ્યા. બે મિનિટ, પાંચ મિનિટ, ભગવાનના અક્ષરધામમાં જોયું, ત્યાં ખુદા ને પયગંબર, એ

બધા મહારાજે દેખાડયા અને દિવ્યરૂપે અક્ષરધામમાં પોતાની મૂર્તિનું પણ દર્શન કરાવ્યું અને ચારે બાજુ અનંત કોટી મુકતો ભગવાનની મૂર્તિનું સુખ લઈ રહયા હતા. બે મિનિટ, પાંચ મિનિટ ત્યાં રાખ્યા અને ભગવાને આમ ચપટી વગાડી, સમાધિમાંથી જાગ્રત થયા. તે તો એકદમ કૂદકા મારવા માંડયા.પોતે રાજા હતા. જેમ કુશળકુંવરબાઈની વાત લખી કે, કુશળકુંવરબાઈ ધરમપુરના રાણી હતા. પોતે રાજય કરતા. મહારાજ ત્યાં પધાર્યા અને મહારાજના આવવાના સમાચાર સાંભળી, બાઈને પોતાની રાજ મર્યાદાનો ખ્યાલ રહયો નહી. દોડયા, જેમ ગાય દુવે ત્યારે વાછરડું કેમ દોડે, તેમ આ બાઈ પોતે ભગવાનના આવવાના સમાચાર સાંભળી એકદમ દોડયા. પોતાના અહોભાગ્ય સમજીને આ બાઈએ ભગવાનના દર્શન કર્યા, તો એને આનંદ થઈ ગયો. એવી રીતે આ પાદશાહ મુસલમાન રાજા હતા, પણ એણે અક્ષરધામમાં દિવ્ય એવું સિંહાસન અને ચારે બાજુ પ્રકાશમાન એવા મુકતો અને ખુદા રૂપે પયંગર રૂપે ભગવાનના એને દર્શન કરાવ્યા. અહો ! એ તો કૂદકા મારવા માંડયા ને નાચવા લાગ્યા ! ને આનંદ આનંદ અને આનંદના સાગરમાં તલ્લીન થઈ ગયા.

છપૈયાપુરમાં ઘનશ્યામ મહરાજ મોક્ષ પીપળા ઉપર ચડ્યા મુમુક્ષ રૂપી ફળ જોયા તે ચરિત્ર

સ્વામિનારાયણ ભગવાન એવા દયાળુ છે. પોતે અક્ષરધામમાંથી એવો સંકલ્પ ધારીને આ પથ્વી ઉપર પધાર્યા, ત્યારે આ પથ્વી પર પધારવાનો હેતુ શું છે, તે નિષ્કુળાનંદ સ્વામીએ એવું લખ્યું છે કે, " જાણીએ આખી જકતને, લઈ જાવું મારે ધામ." મહારાજે એવો સંકલ્પ કર્યો છે કે, આખા જગતને મારો આશરો કરાવી, મારૂં ભજન કરાવી, મારા ધામમાં દેહને અંતે લઈ જાવું, એવો મહારાજનો ગૂઢ સંકલ્પ છે. તે સંકલ્પ ધારીને અહીં પધાર્યા. મહારાજ ત્યાં છપૈયામાં પોતે પ્રગટ થયા. છપૈયાની ભૂમિ બહુ પવિત્ર છે અને ત્યાં મોટા મોટા ઋષિમુનિઓએ ઘણીક તપશ્ચર્યા કરી હતી ત્યારે મહારાજ પોતે ત્યાં છપૈયામાં ઘણીક લીલા કરી અને વેણી, માધવ, પ્રાગ આદિક પોતાના સખાઓને પણ સુખ આપતા અને પોતાના માતા–પિતા, ભાઈઓ આદિક કુટુંબીજનોને પણ પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપતા.

એક સમયે મહારાજ પોતે છપૈયામાં હતા, ત્યાં મોક્ષ પિપળો છે, ત્યાં મહારાજ પોતે પિપળા ઉપર ચડયા. આજુબાજુ ફરવા મંડયા. ત્યાં ફરતા ફરતા મહારાજના મામા વસરામભાઈ નામ હતું, એ આવ્યા અને ઘનશ્યામ મહારાજને કહે છે કે, હે ઘનશ્યામ, તું આના ઉપર કયાં ચડયો ? કોઈ કેરી આદિ સારા ફળ વાળા ઝાડ ઉપર ચડયા હોત તો તમને કંઈ મળત. પિપળામાં તો ટેટા હોય, તેમાં શું વળે ! ઘનશ્યામ મહારાજે શું કહયું કે, "હે મામા, હું આ ફળ ખાવા માટે ચડયો નથી, પણ હું તો દૈવી મુમુક્ષોઓને જોવા ચડયો છું." ત્યારે ત્યાં આજુ બાજુ જોયું તો મહારાજે કચ્છ, કાઠીયાવાડ, ગુજરાતમાં ઘણાંક એવા દૈવી જીવો નજરમાં આવ્યા. સ્વામીએ પણ કીર્તનમાં લખ્યું કે, "પૂર્વ દિશામાં પ્રગટી અને પશ્ચિમમાં કર્યો પ્રકાશ." ત્યારે મહારાજ પોતે ત્યાંથી નીચા ઉતર્યા અને મહારાજ કહે કે, કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત આદિકમાં ઘણાંક મુમુક્ષુ જીવો છે. મારે એનું કલ્યાણ કરવું છે.

નીલકંઠવર્ણી નવ લાખ યોગીને મળ્યા

પણ સર્વે પ્રથમ મહારાજે એવો પણ વિચાર કર્યો કે, શુકદેવજીની હારે નવ લાખ યોગીઓ પ્રગટ થયા છે, તે મારી ઘણાંક વર્ષો થયા વાટ જુએ છે. એટલે પહેલું કલ્યાણ મારે એમનું કરવું છે. એટલે મહારાજ પોતે દશ વર્ષ સુધી ઘરમાં રહયા. પોતાના માતા–પિતાને સદ્‌ગતિ પમાડી અને મહારાજ પોતે ઘેરથી ચાલી જવા નીકળ્યા. ચાલી કરીને મહારાજ પોતે વનમાં ફર્યા. વનમાં ટાઢ, તડકા, ભૂખ, તરસ બધું મહારાજે સહન કર્યુ. એતો આપણા શાસ્ત્રમાં લખ્યું કે, વનમાં ભગવાને બહુ તકલીફ વેઠી, ત્યારે ભગવાને કાંઈ તકલીફ વેઠવાની જરૂર હતી નહીં, પણ મહારાજે વચનામતમાં લખ્યું કે,અમે આ તપશ્ચર્યા કરી, ને આ તપનું ફળ અમારા ભકતને આપું છું. તે ભકતને સુખી કરવા માટે જ મહારાજે આ બધી તપશ્ચર્યા કરી અને તકલીફો સહન કરી.

ફરતા ફરતા મહારાજ નવલખા પર્વતમાં ગયા. ત્યાં નવલખા પર્વતમાં શુકદેવજીની હારે તે નવ લાખ યોગીઓએ જન્મ લીધો હતો. એ નવ લાખ યોગીઓ ભગવાનનું ધ્યાન કરતા હતા અને મનમાં વિચાર કર્યા કરે કે, કયારે અમને ભગવાન મળે ? કયારે અમને ભગવાન મળે ? ભગવાનનું પોતે ચિંતન કરતા હતા, ત્યારે

મહારાજ ફરતા ફરતા પોતે નવલખા પર્વત પાસે ગયા.આ યોગીઓ તો ધ્યાનમાં મગ્ન થયેલા. ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા હતા. ભગવાનની મૂર્તિમાં એટલું બધું સુખ રહેલું છે, તે સ્વામીએ લખ્યું કે, સુખ, સુખ, સુખ સુખનો નહીં પાર અને મહારાજે સારંગપુરના પહેલા વચનામતમાં લખ્યું કે, એક નિમિષ માત્ર પણ આપણે જો ભગવાનની મૂર્તિનું સુખ લીધું હોય તો એમ થાય કે, મેં લાખો વર્ષો સુધી સુખ લીધું. એવું ભગવાનના ધામમાં ભગવાનની દિવ્ય મૂર્તિનું સુખ રહેલું છે.

મહારાજે વચનામતમાં એ પણ લખ્યું કે, દેહ મૂકીને જે સુખ આપણે પામવું હતું, તે સુખ તો આપણે દેહ છતાં જ મળ્યું છે. હવે મહારાજે તો એમ કહયું, પણ આપણે બધા કેમ કરીએ છીએ? એ તો તમને ખબર અને મને ખબર. મહારાજે સાચું કહયું છે કે ખોટું કહયું છે? સર્વે શું કહો છો? આપણે સર્વેએ આ કરવાનું છે. સર્વેએ અનુભવવાનું છે. મહારાજ કહે કે, દેહ મૂકીને જે સુખને આપણે મેળવવાનું છે, તે છતે દેહે જ પ્રાપ્ત થયું છે. તો વિચાર કરીએ કે, દેહ છતાં જ આપણે એવું સુખ ભોગવીએ છીએ કે કેમ? આગળ મોટા સંતો એમ કહેતા કે, જ્યારે ભગવાન આ પથ્વી ઉપર હોય, ત્યારે મનુષ્ય ભાવ ટાળવાનો હતો. મૂર્તિ હોય ત્યારે એમાં મૂર્તિ ભાવ ટાળવાનો છે. પણ આપણને હજી એવો મૂર્તિ ભાવ કે મનુષ્ય ભાવ રહી જાય છે કે ટળી જાય છે? આપણે વિચાર કરીએ તો ખબર પડે. હા, મૂર્તિ ભાવ રહી જાય છે. આપણે બધા અહીયા બેઠા હોઈએ અને અક્ષરધામમાંથી મહારાજ દિવ્ય વિમાનમાં આવીને આપણને દર્શન આપે તો કેવો આનંદ થઈ જાય! આનંદ આનંદ થઈ જાય. તો મહારાજે તે જ કહયું છે કે, અક્ષરધામમાં જે મૂર્તિ છે, એ મૂર્તિ અને આ મૂર્તિમાં એક રોમનો પણ ફેર નથી અને જો ફેર હોય તો પાંચસો પરમહંસોના સમ છે. જુઓ, આપણે વિચારીએ છીએ, સાંભળીએ છીએ, શાસ્ત્ર વાંચીએ છીએ, તોય હજી સમજણ બરાબર આવતી નથી. તે નિષ્કુળાનંદ સ્વામીએ કહયું " અમે કીધું કેંક વાર ને તમે સાંભળ્યું સો સો વાર, કામ પડે ત્યારે, એ વાતનો નથી રહેતો નિર્ધાર." કેટલીયવાર કહયું અને સાંભળ્યું પણ વળી જ્યારે કામ પડે ત્યારે ભૂલી જવાય છે. પણ તે જો નિરંતર અનુસંધાન હોય તો આપણને અક્ષરધામનું સુખ અહીં જ મળી જાય અને ગહસ્થને એ સુખ નથી મળતું એમ એમાં નથી લખ્યું.

મહારાજે વચનામતમાં લખ્યું કે, ત્યાગી અને ગહસ્થનો કોઈ મેળ નથી. જેની સમજણ મોટી તે મોટો. ત્યાગી હોય તેને ત્યાગીના જે નિયમો લખ્યા એ નિયમો પ્રમાણે વર્તી, ભગવાનનું ભજન કરવું, તો એને પણ ભગવાન એવું જ સુખ આપે છે અને ગહસ્થાશ્રમમાં રહેલા હોય, ગહસ્થના ભગવાને જે નિયમો લખ્યા હોય એ નિયમો પ્રમાણે વર્તે તો એને પણ ભગવાન એવું સુખ આપે છે અને આપણા શાસ્ત્રમાં લખ્યું પણ છે કે, ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર, મયારામ ભટ આદિક ઘણા ગહસ્થાશ્રમમાં રહેતા, છતાં પણ ભગવાનની મૂર્તિ ત્રણેય અવસ્થામાં અખંડ દેખતા. ત્યારે આપણે આવી રીતે જો અભ્યાસ કરીએ, તો દેહ છતાં જ ભગવાનની મૂર્તિનો એવો આનંદ આવે.

સાંજે સવારે, થોડાક કામકાજ આગળ પાછળ કરી અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. મહારાજે આપણા માટે વચનામતમાં લખ્યું કે, ધ્યાને કરીને કારણ શરીરની વાસના ટળે છે. એટલે આપણે સવારે સાંજે થોડા કામકાજ આગળ પાછળ કરી અને ભગવાનની દિવ્ય મૂર્તિનું ધ્યાન કરવું. ધ્યાન એટલે શું ? કે આ ભગવાન દિવ્ય છે. ભગવાનના આવા ચરણ છે, હાથ છે, આવું મુખારવિંદ છે.અંગો અંગ ભગવાનના જોતા જઈએ અને બે વાર ધીમે ધીમે સ્વામિનારાયણ એમ નામ લેતા જઈએ, તો બીજા સંકલ્પો ન થાય. ઘણા માણસો કહે કે, અમે ધ્યાન કરવા બેસીએ ત્યારે સંકલ્પો બહુ થઈ જાય છે. જ્યારે ધ્યાન કરવા બેસીએ, ત્યારે જ સંકલ્પ થાય અને બાકી નથી થતા એમ નથી, પણ આપણે એકાગ્ર ચિત્તે એવો અભ્યાસ કરીએ અને આ રીતે વાસે ઉચ્છ્વાસે ભજન કરતા ભગવાનનું ધ્યાન કરતા જઈએ, તો ભગવાનની મૂર્તિનું સુખ આવે, તો એવી રીતે આપણે ધ્યાન કરવાની કાળજી રાખવી.

મહારાજ પોતે ઋષિમુનિઓ જ્યાં ધ્યાન કરતા હતા, ત્યાં ગયા. ધ્યાનમાં ઋષિમુનિઓ ભગવાનની મૂર્તિના અંતરમાં દર્શન કરતા હતા. ભગવાન ત્યાં ગયા તોયે ભગવાનના દર્શન કરવા સમર્થ ન થયા.ભગવાને કહ્યું કે, હે ઋષિઓ ! હે મુનિઓ ! જાગો જાગો ! અમે દર્શન દેવા આવ્યા છીએ. એમ બહુ બહુ કહ્યું ત્યારે જાગ્યા. અંતરમાં ભગવાનની જે મૂર્તિનું ધ્યાન કરતા હતા, એવા જ ભગવાનના પ્રત્યક્ષ દર્શન થયા. અહોહો ! અમને ભગવાનના દર્શન થયા. મને ભગવાન મળ્યા. દરેકની

એવી ઈચ્છા હતી કે મારે ભગવાનને ભેટવું. તે મહારાજે છેલ્લા પ્રકરણના ત્રેવીસમાં વચનામતમાં લખ્યું કે, માનસી પૂજા કરતા કરતા ભગવાનને ભેટવું, એકવાર, બે વાર, ત્રણ વાર એમ ભેટવું. તે ભગવાનને ભેટવા મંડયા. નવ લાખ યોગીઓને ભેટતાં ભેટતાં બહુ સમય થઈ જાય એટલે મહારાજે નવ લાખ રૂપ ધારણ કર્યા અને બધાને એક હારે મળ્યા. બધાને આનંદ થઈ ગયો. ત્યારે મહારાજે પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને દરેકને સુખીયા કર્યા અને મહારાજ ત્યાંથી સમગ્ર વનમાં ફર્યા.

નીલકંઠવર્ણી લોજની વાવ ઉપર પધાર્યા ને સુખાનંદ સ્વામી મળ્યા

ફરતા ફરતા પોતે સંવત ૧૮૫૬ ના શ્રાવણ વદ ૬ ના મહારાજ લોજપુરમાં આવ્યા. ત્યાં લોજની વાવ ઉપર મહારાજ પોતે તપસ્વીના રૂપમાં વિરાજમાન થયા. ત્યાં પચાસ પરમહંસો રહેતા હતા. તેમાંના સુખાનંદ સ્વામી ત્યાં આવ્યા. ત્યારે એ સુખાનંદ સ્વામીએ આ તપસ્વી ભગવાનને જોયા. એમની વત્તિ ખેંચાવા માંડી. જેમ ચમકપાણને દેખીને લોઢું ખેંચાવા માંડે, એમ ભગવાનની મૂર્તિ જોઈ સ્વામીની વત્તિ ખેંચાવા માંડી. મારા ધ્યાન ગુરૂ પણ કહેતા કે, આપણે જો ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ તો, આપણી મન–ચિત્ત અંતઃકરણની વત્તિ ભગવાનની મૂર્તિમાં ખેંચાય. તમે સર્વે એમ કરતા હશો તે તમને સર્વેને ખબર પડે ! કરો છો ને ? ભગવાનની મૂર્તિનું ધ્યાન કરો છો ને કે હવે કરશો? માયામાં તો વત્તિ ખેંચાય પણ એ માયા મૂકવી પડશેને? એ માયાને મૂકવા માટે તો આપણે સર્વે ભેગા થયા છીએ. આપણે શા માટે આ વાતો કરીએ છીએ કે, સાચે ભાવે સત્સંગ કરીને આપણી જે કાંઈ અનાદિ કાળની કસર રહેલી છે, તે કસર ટાળવાને માટે જ આપણે ભેળા થયા છીએ. આપણે એ રીતે અભ્યાસ કરશું તો ભગવાન જરૂર દર્શન દેશે.

લોજની વાવ ઉપર મહારાજ વિરાજમાન થયા. સ્વામીની વત્તિ ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગઈ, ખેંચાવા માંડી ! સ્વામીએ વિચાર કર્યો કે, મારી વત્તિમાં કાંઈ કાચ્યપ આવી કે શું થયું ? મારે કોઈ દિવસ આટલા વર્ષો થયા સાધુ થયો છું પણ કયારેય પણ ભગવાનની મૂર્તિ વિના મારી વત્તિ કયાંય સ્થિર થાતી નથી. આ તો કોણ

જાણે કયાંથી આવી વત્તિ થઈ ! કો'ક મોટા પુરૂષ લાગે છે. ત્યાં ગયા, ત્યાં સુખાનંદ સ્વામી મહારાજને જોઈ પગે લાગ્યા. મહારાજ પણ આવા સંતને જોઈને પગે લાગ્યા. મહારાજે પણ શિક્ષાપત્રીમાં લખ્યું કે, નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. મહારાજે એક ઠેકાણે લખ્યું કે, અમારો નાનપણથી એવો સ્વભાવ હતો કે, દેવ મંદિર હોય ત્યાં જવું. ત્યાં કોઈ મહાત્મા હોય તેનો સમાગમ કરવો. મહારાજને પણ આ સંતને જોઈ આનંદ આવી ગયો. ત્યાં સંતે પૂછયું કે, હે વર્ણી ! તમે કયાંથી આવ્યા છો ? કીર્તનમાં લખ્યું કે, "લોજની વાવ ઉપર અવતારી, આવી બેઠા બટુક બ્રહ્મચારી."

ત્યારે સુખાનંદ સ્વામી મહારાજને કહે કે, હે બ્રહ્મચારી ! તમે કયાંથી આવ્યા છો? કયા દેશમાં રહો છો ? અને તમારા માતા–પિતા કોણ છે? ત્યારે સ્વામિનારાયણ ભગવાને શું કહયું કે, જે કાળ ને માયા થકી મૂકાવે તે જ અમારા ખરા માતા પિતા કહેવાય અને અમારો દેશ તો અનિર્દેશ છે. એક ઠેકાણે પોતે કાગળ લખ્યો છે એમાં લખ્યું છે કે, અનિર્દેશથી લિખાવંત સ્વામી સહજાનંદના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો એમ લખ્યું છે. અનિર્દેશ એટલે ભગવાનનું અક્ષરધામ. મહારાજ કહે કે, અમારો દેશ તે જ છે અને વાત પણ સાચી છે કે, આપણું પણ મૂળ વતનનું ગામ તો અક્ષરધામ છે અને આપણા ખરા સગા ભગવાન અને ભગવાનના મુકતો છે. તો આપણે આ રસ્તામાં ચાલતા ચાલતા મુસાફરી કરતા કરતા આ એક ગામ આવી ગયું એમાં આપણે બેઠા ! પણ આપણે એમ માનીએ કે, મારૂ આ ગામ છે ! કે મુસાફરી માનીએ છીએ ? પણ આપણું મૂળ વતનનું ગામ તો અક્ષરધામ છે અને આપણા ખરા સગા તો ભગવાન અને ભગવાનના સંતો છે. ત્યારે મહારાજે આ સ્વામીને કહયું કે, અમારૂં અનિર્દેશ અક્ષરધામ ગામ છે.

મેં હું આદિ અનાદિ આતો સર્વે ઉપાધિ.

નિષ્કુળાનંદ સ્વામીએ પણ લખ્યું કે,

" મૈં હું આદિ અનાદિ– આ તો સર્વે ઉપાધિ
કોણ કુળ અને કોણ કુટુંબી, કોણ માત ને તાત !
કોણ ભાઈ ને કોણ ભગિની ! બ્રહ્મ હમારી જાત "

નિષ્કુળાનંદ સ્વામીએ એમ લખ્યું, ત્યારે તે તો ત્યાગીને લખ્યું છે ને? ગહસ્થને કાંઈ લખ્યું નથી! બરાબર? નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું એટલે ત્યાગીને લખ્યું ને? ગહસ્થની વાત જુદી છે. મારા ગુરૂ કહેતા કે, ત્યાગી થયા એટલે આપણી નાત જાત, સગા સંબંધી મૂકીને આવ્યા. તેમ ગહસ્થને પણ એક દિવસ આ દુનિયામાંથી જાવું પડશે ને? જાવું છે રે જાવું છે, આ જીવને જરૂર જાવું છે! એટલે આ દુનિયામાંથી દરેકને એક દિવસ જાવું છે! અને ઝાડને તો મૂળિયા છે, આ શરીરને કાંઈ નિર્ધાર છે નહીં. એક માત્ર – એક ઘડિનો પણ નિર્ધાર નથી. સ્વામીએ કીર્તનમાં લખ્યું,

" તારા મનમાં જાણે જે મરવું નથી રે,
નથી એક ઘડિનો નિર્ધાર,
મારૂં મારૂં કરીને ધન મેળવ્યું રે,
એમાં તારૂં નથી તલભાર "

આપણે જાણીએ છીએ કે, આ મારૂં ઘર, આ મારા સગાસંબંધિ, નાત – જાત, પૈસા, બંગલો મારા છે, પણ તે તમારે ઉપરથી માનવા જોઈએ, પણ એમ જાણીએ જે આ બધું ખોટું છે અને વાતેય સાચી છે ને? આપણે આ દુનિયામાંથી જઈએ છીએ ત્યારે કાંઈ કાર કે પૈસા કે માલમિલ્કત કાંઈ લઈ જઈએ છીએ? પણ પૈસા લઈ જઈએ છીએ! પૈસા લઈ જઈએ છીએ ને? આ ચેક બુક લઈ જઈએ એટલે ત્યાં પૈસા મંગાવી લેવાય. મને એમ કે, પૈસા ભેળા લઈ જવાતા હશે. આ ચેક બુક ભેળી લઈ જઈએ ને પૈસા મંગાવ્યા કરીએ!! ત્યારે તે કાંઈ પણ ભેળું ચાલતું નથી.

બીજું, સમ્રાટ સિકંદર નામના રાજાએ લખ્યું કે, હું દેહ મૂકીને જાઉ ત્યારે મારા હાથ ખુલ્લા રાખજો. શા માટે કે, મારૂં રાજ– પાટ બધું હતું પણ હું આ ખાલી હાથે જાઉ છું. મારૂં કાંઈ છે નહીં. ભલે તમારે આ ઉપરથી ગહસ્થાશ્રમમાં રહેલા હોઈએ ત્યારે દેહે કરીને વ્યાવહારિક કાર્ય કરવું જોઈએ, ભલે પૈસા કમાવવા જોઈએ, ભલે માલમિલ્કત, બંગલા હોય એમાં વાંધો નથી પણ એમ જાણીએ જે આ બધું ખોટું છે. આ દુનિયામાંથી મારે જરૂર જાવાનું છે. મારે અક્ષરધામમાં દેહને અંતે ભગવાનની

સેવામાં રહેવું જ છે. મહારાજે વચનામતમાં પણ લખ્યું કે, આવી રીતે ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરતા હોય એને દેહ છતાં જ એમ મનાઈ જાય કે હું અક્ષરધામમાં જરૂર જઈશ, આપણને એવું મનાઈ જાય છે ને? કે હજુ કાચું રહી જાય છે? અને આજે આપણે એમ જાણીએ કે, આ બધું છોડીને જાવાનું છે અને મોટા સંતો પણ એમ કહેતા કે, આ દુનિયામાંથી જરૂર જાવાનું છે. આ દેહને અંતે અક્ષરધામમાં રહી જવાય, તો જ આપણો આ માનવ જન્મનો ફેરો સુફળ થયો કહેવાય.

મોટા સંતોએ એક ઠેકાણે એમ લખ્યું છે કે, આપણે આ ભજન, ભકિત, સત્સંગ કરતાં કરતાં આપણી સાચી ભાવના હશે તો મહારાજ રોગ આપીને, જોગ આપીને અને છેલ્લે બાકી વાસના ન ટળે તો, સો સદ્‌ગુરૂનું જ્ઞાન આપીને આપણી ભાવના હોય તો ભગવાન જરૂર ટળાવી દેશે. એક ઠેકાણે ભગવાને એમ લખ્યું કે,"મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરૂદ મારૂં ન બદલે, તે સર્વે જનને જણાવવું " તે મહારાજનું બિરૂદ છે, એટલે અક્ષરધામમાં મહારાજ પોતાના ભકતને જરૂર તેડી જાશે.પણ મહારાજ કહે કે, આપણે ભગવાનના નિશ્ચયનું અને મહાત્મ્યનું બળ લઈ અને ધર્મનું પાલન ન કરીએ તો મહારાજે શું કહયું કે, ધર્મ ન પાળે એને અસુર જાણવો. એટલે નિશ્ચય અને મહાત્મ્ય બંને રાખવાના ને આજ્ઞા પણ બરાબર પાલન કરવી. એટલે તો તે આપણે પાલન કરી અને ભગવાનને આપણે સંભારશું તો દેહ છતાં દુઃખી નહીં અને તન છૂટે તેજ અંબાર. સ્વામિનારાયણ ભગવાન પોતાના ભકતની અન્ન, વસ્ત્ર અને આબરૂએ કરીને રક્ષા કરે છે અને દેહને અંતે ભગવાન પોતાના અક્ષરધામમાં જરૂર તેડી જાય છે. માટે આપણે દરેકે આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરી અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય, આ લોકના રાગ માત્ર ટળી જાય. આ લોકના રાગ છે તે વડે જ, આપણે જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ. આપણે સતયુગ, દ્વાપર, ત્રેતાયુગ અને કળીયુગમાં આગળ અનેક જન્મો ધારણ કરી આવ્યા છીએ, પણ આપણી કસર નથી ટાળી તેથી પુનરપિ જનનં અને પુનરપિ મરણમ્, જન્મ મરણના ફેરા આપણે ભોગવ્યા જ કરીએ છીએ. પણ જો આપણે સાચે ભાવે આ સત્સંગ કરી અને એકબીજા ભેગા થઈ અરસપરસ ભગવાનના જ્ઞાનની, ધ્યાનની, મહિમાની વાતું કરીશું તો આપણી એકબીજાની કસર ટળી જાશે

અને ભગવાનની મૂર્તિમાં હેત થાય એ જ આપણો હેતુ છે. માટે આપણે દરેકે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

આપણા સહુના મોટા ભાગ્ય છે કે આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા

આપણા સૌના મોટા ભાગ્ય છે કે, આવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળ્યા તે મોટા સંતે એમ લખ્યું કે, "અક્ષરના વાસી વ્હાલો આવ્યા અવનિ પર, અવનિ પર આવી વ્હાલે સત્સંગ સ્થાપ્યો." અક્ષરના વાસી અક્ષરધામના અધિપતિ, ભગવાન પુરૂષોત્તમ નારાયણ આ પથ્વી પર પધાર્યા અને આવા દિવ્ય સત્સંગની, પથ્વી ઉપર સ્થાપના કરી અને એમાં લખ્યું કે," બાઈયું દેખીને ભાઈઓ છેટેરા ચાલે, પડી વસ્તુ કોઈની હાથે નવ ઝાલે રાજ." તે મહારાજે આ સંપ્રદાયનો એવો રિવાજ બતાવ્યો કે, સ્ત્રી–પુરૂષના મંદિરો નોખા કર્યા અને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપ્યું અને વળી અક્ષરધામનો કોલ આપ્યો. ભગવાને પોતે આપણને કોલ આપ્યો કે, હું તમને દરેકને ધામમાં લઈ જઈશ. આથી અગાઉ ભગવાનના અવતારો અનેક થઈ ગયા અને ગીતાજીના વાકય પ્રમાણે હજી ઘણાંક અવતારો થાશે, પણ આ સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર કોઈ થયો નથી અને થાશે પણ નહીં. તો આપણે એવા દયાળુ ભગવાનને વિષે પતિવ્રતાની ટેક રાખવી અને આપણને આ સ્વામિનારાયણ ભગવાને કોલ આપ્યો કે, તમને દરેકને હું અક્ષરધામમાં લઈ જઈશ અને આ લોકમાં પણ સુખી કરીશ. આ લોકમાં માણસોને કોઈ વચન આપે કે, ભાઈ! તને હું આટલા પૈસા આપીશ, તને હું સારી નોકરીએ લગાવી દઈશ, સારી કોલેજમાં હું તને દાખલ કરી દઈશ, એવું એને વચન આપે તો એ માણસ રાજી થાય. તો તે તો માયિક વસ્તુ છે પણ આપણને ભગવાને આ અક્ષરધામમાં લઈ જાવાને માટે કોલ આપ્યો અને એમ પણ લખ્યું કે, ભગવાનના જે સાચા ભકતો હોય એને આ લોકમાં પણ હું સુખી કરૂં છું અને પરલોકમાં પણ સુખી કરૂં છું. એવા દયાળુ ભગવાન આપણને મળ્યા છે. તો આપણે દરેકે ભગવાનને વિષે પ્રીતિ કરવી. એક મહાત્માએ લખ્યું છે કે, આખી પથ્વી જેવડી પાટી હોય અને અઢાર ભાર વનસ્પતિની પેન કરીને લખે. હવે તો બોલપેન

થઈ ગઈ, પણ પહેલા તો લાકડાંની પેન કરતા અને સરસ્વતિ જેવું એને જ્ઞાન હોય, તો પણ ભગવાનના ગુણોનો પાર ન આવે. બીજું, મહારાજે વચનામતમાં લખ્યું કે, ચાર વેદ, છ શાસ્ત્ર, અઢાર પુરાણ, દરેકનો સાર શું છે કે, ભગવાનને વિષે પ્રેમ કરવો. આ લોકમાંથી રાગ માત્ર નિર્મૂળ કરી, ભગવાનને વિષે પ્રેમ કરશું તો ભગવાન આપણને આ લોકમાં સુખીયા કરશે, ને દેહને અંતે પણ આપણાને ભગવાન સુખી કરશે. તો દરેકે એ જ ભાવના રાખવી કે, મારે ભગવાનને વિષે પ્રેમ કરવો છે અને આ લોકમાંથી રાગ માત્ર મારે ટાળી નાખવા છે. તો આપણે દરેકે એવી ભાવના રાખીને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિને વિષે પ્રેમ કરવો, ને આ લોકના રાગ માત્ર ટાળીને, દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય એ જ આપણે આ સાચે શુદ્ધ ભાવે સત્સંગ કરવાનું સાચું ફળ છે. તો દરેકે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવાથી સાક્ષાત્કાર થાય

બીજું, મહારાજે વચનામતમાં કહયું કે, શ્રવણ, મનન, નિદિધ્યાસ અને સાક્ષાત્કાર કરવો. આપણે જે શ્રવણ કર્યુ હોય તેનું મનન કરવું કે, શાસ્ત્રમાં આ વાત આવી હતી, આ વાત કરી હતી. એમ આપણે મનન કરીએ તો શ્રવણ, મનન, નિદિધ્યાસ (નિત્યે સંભારવું) થાય તો એનો સાક્ષાત્કાર થાય તેમ મહારાજે વચનામતમાં કહયું. તો એવી રીતે આપણે પણ આ વાત સાંભળવી. શાસ્ત્ર સાંભળીએ કે સંતો થકી ભગવાનની વાત સાંભળી જીવમાં ઉતારીએ તો એનો સાક્ષાત્કાર થાય. ભગવાનનું પણ એવું લખ્યું કે, ભગવાનની મૂર્તિને પણ આવી રીતે આપણે સંભારીએ, ભગવાનના આપણે દર્શન કરીએ અને દર્શન કરીને પછી એ મૂર્તિને અંતરમાં ઉતારવી. તો એ રીતે અંતરમાં ઉતારવાનો જો આપણે અભ્યાસ કરીએ તો આસ્તે આસ્તે આપણા અંતરમાં ભગવાનની દિવ્ય મૂર્તિના દર્શન થાય. બીજું, મહારાજે ગ.પ્ર. ના વીસમાં વચનામતમાં એ જ કહયું છે કે, તમે કયે દહાડે કરવા મંડયા અને ન થયું. કેટલાક કહે કે, સ્વામી, અમે મૂર્તિ જોવાનો ઘણો દાખડો કરીએ છીએ, અમે ઘણું ધ્યાન કરીએ છીએ, પણ મૂર્તિ દેખાતી નથી, એમ ઘણાં લોકો પ્ર ન પૂછે અને તે વાતેય સાચી. આ દુનિયાની બધી વસ્તુઓ બહુ સોંઘી છે પણ ભગવાન તો બહુ મોંઘા છે. મોટા સંતો

કહેતા કે આવી રીતે જો આપણે હંમેશા ધ્યાન કરીએ અને સંત સમાગમ કરીએ તો ભગવાનની મૂર્તિ દેખાવા મંડે.

મોરબી પાસેના જેતપર ગામના પ્રેમચંદભાઈ

એક મોટા સંતે વાત લખી કે, મોરબી પાસે જેતપર કરીને એક ગામ છે, ત્યાંના એક પ્રેમચંદભાઈ હતા. પ્રથમ પહેલા સત્સંગી નહીં. આમાં વચનામતમાં પણ એ જ વાત આવી કે પહેલા નાસ્તિક હોય તો એ આસ્તિક કયારે થાય ? પ્રથમ પહેલા તો એ સત્સંગ તો કોઈકને જ હોય, બાકી તો આ દુનિયામાં માયાના અનેક પ્રકારના આવરણો હોય, તે ભગવાનની મૂર્તિ સંભારવી બહુ દુર્લભ હોય. પરંપરાએ કરીને જ્ઞાન હોય. માતા પિતા એને જ્ઞાન આપે છતાં પણ મહારાજે શિક્ષાપત્રીમાં, વચનામતમાં તથા સત્સંગીજીવન આદિકમાં લખ્યું કે, સંત સમાગમ કરવો. સંત સમાગમે જ એને જ્ઞાન થાય.

એક સમયે બ્રહ્માનંદ સ્વામી જેતપર ગયેલા, ત્યારે બ્રહ્માનંદ સ્વામી તો બ્રહ્મની જ મૂર્તિ. રાજે ચરણે લાંબી ઉર્ધ્વ રેખું, હું તો ધ્યાન વિના એને દેખું. આપણે તો ધ્યાન કરીએ તો પણ ભગવાનની મૂર્તિ દેખાતી નથી. આ બ્રહ્માનંદ સ્વામીની એવી સ્થિતિ હતી કે, ખુલ્લી આંખે પણ ભગવાનની મૂર્તિ તેમને દેખાતી. એક સંતે પણ લખ્યું કે, જ્યાં જોઉં ત્યાં રામજી, બીજું કાંઈ નવ ભાસે રે. અને સત્સંગી જીવનમાં પણ એમ લખ્યું છે. વચનામતમાં પણ મહારાજે એ જ લખ્યું છે કે, આત્યંતિક કલ્યાણને પામીને જેની ઉપશમ દશા વર્તતી હોય તેના શા લક્ષણ? તો, તે જ્યાં જ્યાં જુએ, ત્યાં તે ભગવાનની મૂર્તિ જ દેખે. ઝાડ–પાન–પશુ તે કાંઈ એને દેખવામાં ન આવે. આપણે પણ એવી સ્થિતિ કરવી પડશે. (અનુસંધાન પેઈજ નાં. ૧૭૩ ઉપર)

કચ્છ–ભુજ પાસેના સુખપર ગામના વાલજીભાઈ

બીજું, કચ્છમાં સુખપર ગામમાં વાલજીભાઈ કરીને એક ભકત હતા. એ ગહસ્થાશ્રમમાં હતા. વ્યવહારિક કાર્ય કરે, ખેતી કરાવે, ખેતરમાં જાય, હળ હાંકે, મોલ વાવે, બધું કરે પણ એની વત્તિ ભગવાનમાં જ રહે. એક સમયે એના દીકરીને પરણાવ્યા હશે. તો દીકરી તો એના પિતાને મળવા આવે ને ? તે તો મળવા આવ્યા,

ઘરે રહી એની માતા પાસે વાતો કરે, કામકાજ કરે. પણ આ વાલજીભાઈ તો ઘરે જાય, જમી કરીને મંદિરમાં જાય, ત્યાં કથા, વાર્તા, ધ્યાન, ભજન કર્યા કરે. એક સમયે તે ઘરે ગયા. ત્યાં બાઈને દેખી ગયા. એના સ્ત્રીને પુછયું આ બાઈ કયાંથી આવ્યા છે ? આ કોણ છે ? એના દીકરીએ કહયું, પપ્પા ! મને નથી ઓળખતા કે? જુઓ !! તેની વત્તિ કેવી હશે? આપણને એવું કરવું પડશે ને ? તમે ભલે તમારી દીકરીને ઓળખજો, પણ પ્રેમ ન કરવો, પ્રેમ ભગવાનમાં કરવો. દીકરી– દીકરા, સગા સંબંધી હોય તેમાં વ્યવહારિક કાર્ય ભલે કરવું, પણ પ્રેમ કયાં રાખવો? ભગવાનમાં રાખવો.

સુરલોક, નરલોક, નાગલોક યે તીનો મેં સુખ નાહિ, કા સુખ હરિ કે ચરન મેં કાં સંતને કે માંઈ

"સુર લોક, નર લોક, નાગ લોક એ તીનો મેં સુખ નાહી, કાં સુખ હરિ કે ચરણમેં, કાં સંતન કે માંહિ." સુર લોક એટલે ઈન્દ્રનો લોક. ત્યાં ઘણું સુખ છે. એ મનોવાંચ્છિત સુખ ભોગવે છે. કોઈ કહે કે, મારે લાડવા જોઈએ, ભજીયા જોઈએ, જલેબી જોઈએ, એને તરત મળી જાય. એને કાંઈ બનાવવું પડે નહીં. એવું સુખ છે, પણ તે સુખ કયાં સુધી ? તો એનું પુણ્ય હોય ત્યાં સુધી. પુણ્ય ખુટે એટલે વળી પાછા આ દુનિયામાં પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્ . એટલે એમાંય કાંઈ સુખ નથી. નાગલોક એટલે એમાં મોટા મોટા મણીધર નાગ હોય છે. મણીના પ્રકાશથી સૂર્યના પ્રકાશની કાંઈ જરૂર પડે નહીં. એવો પ્રકાશમાન મણી, પણ એમાંય સાચું સુખ નથી. સુરલોક,નાગલોક અને આ મત્યુલોક. મત્યુલોકમાં એ મોટા મોટા શેઠ હોય, સાહેબ હોય, મોટા મોટા મિનિસ્ટરો હોય. બધાય મજો કરે અને ખૂબ સુખ ભોગવે, પણ તે નાશવંત છે.

ભગવાનની ભકિત કરી હોય, ભજન કર્યુ હોય, સંત સમાગમ કર્યો હોય કે, ભગવાનને અર્થે કે, સત્સંગને અર્થે કાંઈ દાન પુણ્ય કર્યુ હોય, તે ભેળું આવે. એટલે સ્વામીએ લખ્યું કે, ભેળું આવે ભાથું પુણ્યનું, તે પુણ્યનું ભાથું લીધું કયારે કહેવાય? કે આવી રીતે ભગવાનની ભકિત કરી હોય, ભજન કર્યુ હોય, કથા વાર્તા, ધ્યાન, ભજન કર્યુ હોય કે, મહારાજની આજ્ઞા પ્રમાણે બરાબર વર્તતા હોઈએ, તે ભાથું ભેળું કામમાં

આવે. બાકી તો બીજું આ દુનિયામાં કાંઈ ભેળું આવતું નથી. ત્યારે એટલા માટે મહારાજે આમાં કહયું કે, ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરીએ તો એ રીતે સ્થિતિ થાય.

આ જેતપર ગામમાં પ્રેમચંદભાઈ હતા. ફરતા ફરતા બ્રહ્માનંદ સ્વામી ત્યાં ગયા. ત્યારે સાધુનો ધર્મ તો શું છે? કે, સર્વજીવહિતાવહ : સર્વનું હિત કરવું, તે સાધુનો ધર્મ છે. આનું હિત કરવું કે આનું હિત ન કરવું, તે સાધુનો ધર્મ નથી. એટલે આ સ્વામી ત્યાં ગયા. તેના પિતા સત્સંગી, પણ આ પ્રેમચંદભાઈને સત્સંગ નહીં. ત્યારે એના પિતાએ સ્વામીને કહયું કે, હે સ્વામી! આ મારો દિકરો પ્રેમચંદ છે. હું એને ઘણીવખત સમજાવું છું પણ સમજતો નથી. ભગવાનનું ભજન કરતો નથી ને ફેલ–ફતુર કર્યા કરે છે. સ્વામી કહે કે , અહીં લઈ આવો! તેના પિતા કહે કે, તે અહીં આવતો નથી, તો તેને કઈ રીતે લઈ આવું ? ત્યારે બ્રહમાનંદ સ્વામી કહે કે "તમે કહેજો કે, તને સ્વામીએ બોલાવ્યો છે " સ્વામી તો એવા ત્રિકાળદર્શી અને એવી શકિત ધરાવે એટલે એને પ્રેરણા કરી. જેમ ચમકપાણ દેખીને લોઢું ખેંચાય, એમ તે સ્વામીએ આવી દ્રષ્ટિ કરી, આવો સંકલ્પ કર્યો. તેના(પ્રેમચંદભાઈની) અંતરની વત્તિ ખેંચાવા માંડી. ત્યાં જઈને સ્વામીની વાત તેના પિતાએ કરી કે, આપણા આ બ્રહ્માનંદ સ્વામી મોટા સ્વામી છે. આપણને ત્યાં દર્શન કરવા બોલાવે છે. ચાલ! પ્રેમચંદભાઈ કહે હાલો પિતા! પિતા રોજ કહેતા હતા પણ આ કોઈ દિ' જાતો ન હતો, પણ આજે આ પ્રેમથી ગયો ને સ્વામીએ પાસે બેસાડયો. સ્વામીએ સામું જોયું ને એણે સ્વામી સામે. એટલે એની વત્તિ સ્થિર થઈ ગઈ ! એણે કેટલા બધા પાપ કર્યા હતા, દારૂ,માંસ,ચોરી, જુગાર એવા અનેક પ્રકારના એણે પાપ કર્યા હતા. જુવાની અવસ્થા એવી છે ને! જુવાની અવસ્થામાં જો સત્સંગ ન મળે અને બહાર ફેલ ફતુરના યોગમાં આવી જાય, તો અનેક પ્રકારના પાપ કર્મ કરે. ત્યારે આણે એવા અનેક પાપો કર્યા હતા, પણ આ સ્વામી સામું જોયું અને સ્વામીએ એના સામું જોયું અને એના બધા પાપો બળી ગયા.

સંતો આપણને વર્તમાન ધરાવે છે ત્યારે એવો સંકલ્પ કરે છે. આમ તો શિષ્યને બોલવાનું છે. પણ શિષ્યને એવું ન આવડતું હોય તો એના વતી આ સંતો બોલે છે કે

અનેક જન્મોના કાંઈક પાપો હોય પણ આ સંતો વર્તમાન ધરાવે તેના પાપ બળી જાય છે. એની વત્તિ સ્થિર–શાંત થઈ જાય છે, કેમકે, પાપ બળી જાય એટલે એના અંતરમાં શાંતિ થઈ જાય છે. એટલે આ સ્વામીએ એના સામું જોયું અને પાપ બધા બળી ગયા. સ્વામીએ એના ઉપર પાણી છાંટયું, એના પાપ બળી ગયા. સ્વામી બોલ્યા, કેમ પ્રેમચંદ ? તારે શું કરવું છે ? પ્રેમચંદ બોલ્યો કે, હું ઘણુંય ભટકયો પણ હવે મારા ઉપર દયા કરો ! અને મને વર્તમાન ધરાવીને સત્સંગી બનાવો ! સ્વામી કહે કે, આ પાંચ નિયમ પાળવા પડે ! પ્રેમચંદ બોલ્યો કે, સ્વામી ! તમે કે'તા હો તો હમણાં સાધુ થઈ જાઉં. તો જુઓ ! સ્વામીની દયા થઈ ગઈ તો એની વત્તિ સ્થિર થઈ ગઈ. સ્વામી તો બોલ્યા કે, અમારે તને સાધુ તો બનાવવો નથી, પણ તું આ સત્સંગી થા ! સ્વામીએ વર્તમાન ધરાવ્યા. તન, મન, ધન, કાળ, માયા, કર્મ, યમદૂત એમ કરીને હાથમાં પાણી આપ્યું , કંઠી પહેરાવી, એટલે તે તો એકદમ સત્સંગી થયો. પૂજા આપી પછી તે પ્રેમચંદ તો એવો ભકત થઈ ગયો, ને વ્યવહારમાં રહયો ! પણ સ્વામીની આજ્ઞાએ કરીને વ્યવહારિક કાર્ય કરે પણ દરરોજ સ્વામી કહે કે, આ ભગવાનની મૂર્તિનું ધ્યાન કર. પ્રેમચંદ બોલ્યો કે, મને ધ્યાન કરતા આવડતું નથી, શું કરૂં? સ્વામીએ ભગવાનની મૂર્તિનું ધ્યાન શિખવાડયું. ધ્યાનની વાતું તો આપણે પહેલા ઘણી વખત કરી જ છે ને તમે સર્વે ધ્યાન કરતા જ હશો, ને ન કરતા હો તો કરજો. (અનુસંધાન પેઈજ નાં. ૧૭૬ ઉપર)

ધન, જોબન ને આવરદા તેનો ન કરીએ નિર્ધાર, વિજળીના ઝબકારાની પેઠે જાતા ન લાગે વાર

મોટા સંતોએ લખ્યું કે, " ધન, જોબન ને આવરદાનો ન કરીએ નિર્ધાર, વીજળીના ઝબકારાની પેઠે જાતા ન લાગે વાર." ધનનું પણ એવું છે, જુવાની અવસ્થાનું પણ એવું છે. હું જાવાની છું તેમ એ કહે છે? એનું નામ જ જાવાની ! તે કહે છે કે, ભાઈ હું જાવાની છું ! રહેવાની નથી ! ત્યારે ધન, જોબન અને આયુષ્ય, આ આયુષ્ય ક્ષણે ક્ષણે ચાલ્યું જાય છે. આપણને આટલા વર્ષ થઈ ગયા. એટલા વર્ષ ઓછા થઈ ગયા ને ? બાપ જાણે જે, આ દિકરો મોટો થાય છે ! પણ મોટો થાય છે કે નાનો થાય છે ? આ

બાળક થયો, જુવાન થયો તે એમ મોટો થાય ને? પણ આ બાજુ જોઈએ તો શું થાય? આયુષ્ય ઘટી ગઈ એટલી. એટલા નાના થઈ ગયા ને આપણે? એટલે આ આયુષ્યનું પણ એવું જ છે! ધનનું પણ એવું જ છે, જુવાની અવસ્થાનું પણ એવું છે.

મોટા સંતો કહેતા કે, જ્યાં સુધી આપણું શરીર સારૂં હોય, સત્સંગનો યોગ સારો હોય, તે શરીર સારૂં કયારે કહેવાય? કે, આ શરીરમાં કોઈ રોગ ન હોય, વ્યવહારમાં શાંતિ હોય. વ્યવહારમાં શાંતિ કયારે કહેવાય? વ્યવહારમાં પૈસા સારી રીતે મળતા હોય, નોકરી કરવી હોય એને નોકરી સારી મળે. વ્યાપાર કરતા હોય એનો વ્યાપાર સારો ચાલતો હોય. ખેતી કરતા હોય એની ખેતી સારી ચાલતી હોય. તે વ્યવહારિકમાં શાંતિ સારી હોય, તો ભગવાન સારી રીતે ભજાય. પણ એક ઉપાધિ હોય કે, આ છોકરાં મારૂં માનતા નથી કે, બૈરૂં મારૂં નથી માનતું કે આમ નથી કરતું! તે ઉપાધિ હોય ખરી. અનાદિ કાળની આ જીવને માયા પેસી ગઈ છે અને તે માયા વડે જ દુઃખ છે ને? દુઃખ શેના છે? છોકરા માને નહીં, સ્ત્રી માને નહીં, સગાસંબંધી માને નહીં તો તે ઉપાધિ મોટી. પૈસાની ઉપાધિ તો ઓછી હોય પણ આ ઉપાધિ તો ઘણી કહેવાય ને? હોય તો અમે પ્રાર્થના કરીએ તે ટળી જાય. હા! પુરૂષ પ્રયત્ન તો મહારાજની આજ્ઞા છે, કરવો જોઈએ અને સાથે સાથે જો આવું જ્ઞાન થઈ જાય, તો જ્ઞાને કરીને સ્ત્રી, પુત્ર, સગાસંબંધીને આપણે સમજાવવા જોઈએ કે, આમ કરવું, આપણે આમ ન કરવું. છતાંય પણ ન માને તો આપણે ભગવાન ઉપર છોડી દેવું. ભલે! ભગવાન તારૂં ભલું કરે! તો ઉપાધિ નહીં.

ચાલશે, નભશે, ફાવશે આ ત્રણ વાના શિખી જાય તો શાંતિ વર્તે

આપણે પહેલા વાત કરી હતી કે, ચાલશે, નભશે અને ફાવશે. એ ત્રણ વાના શીખી જાય તો ઉપાધિ કાંઈ હોય નહીં. એક તો ચાલશે, નભશે. થોડી ઘણી કાંઈ રસોઈ ન કરી હોય, રોટલી ન કરી હોય અને ભલે ભાખરી કરી હોય ને ભલે ખીચડી કરી હોય. હા, ફાવશે લ્યો! આ કેમ ભાખરી ન કરી? દાળ ભાત કેમ ન કર્યા? તો ઉપાધિ! ભલે ભાઈ, એમ! નભશે. આવું તેવું બોલે. ઓછું વધું થયું હોય તો બોલે ભલે ભલે. તો? તો ઉપાધિ નહીં. ને હુકમ ચલાવવા જઈએ તો? આ જમાનામાં હુકમ

કોઈ માનતા નથી. વીસ વર્ષ પહેલા માનતા. પહેલા અમારા ગુરૂ કહેતા કે, છોકરા,સ્ત્રી હોય, સગાસંબંધી હોય તે માનતા, એમ કહેતા. આજના જમાનામાં એમ કહે છે કે, સ્ત્રી, પુત્ર, સગાસંબંધી હોય ને સ્ત્રીના અનામત ટકા ન કરે તો પણ અર્ધાંગના કહેવાય ને ? એનો ભાગ જ કહેવાય ! સરકાર કદાચ ન કરે તોય શાસ્ત્રમાં લખ્યું છે. સ્ત્રી અર્ધાંગના છે, એનો ભાગ જ કહેવાય. સ્ત્રી, પુત્ર, સગાસંબંધી માટે મહારાજે શિક્ષાપત્રીમાં પણ લખ્યું કે, સ્ત્રી, પુત્ર આદિકનું ભરણ પોષણ કરવું. મહારાજે આજ્ઞા કરી જ છે ને? એટલે એમાં કાંઈ ભગવાને ના પાડી નથી પણ આ રીતે જો સમજણની, જ્ઞાનની દ્રઢતા થઈજાય તો એને અંતરમાં શાંતિ વર્ત્યા કરે. આપણે અગાઉ વાત કરીને ? વાલજીભાઈની ! કે, એની દીકરીને ન ઓળખી તો બીજાને કયાંથી ઓળખતા હશે ? તો આપણે પણ એવી સ્થિતિ કરવી પડશે ને? એટલે મહારાજે કહયું ને કે, સદાય શાંતિ કયાં વર્તતી હોય? વચનામતમાં મહારાજે લખ્યું કે, સદાયને માટે શાંતિ કેમ વર્તે ? એના ઉત્તરમાં કહયું કે, વૈરાગ્ય અને સ્વધર્મ તે બે વડે કરીને ઈન્દ્રિય અંતકરણને નિયમમાં રાખી હોય તો એને સદા ને માટે શાંતિ વર્ત્યા કરે ! ત્યારે અંતરમાં શાંતિ વર્તે, તે જ સાચું સુખ છે. તમારા પાસે લાખો કે કરોડો રૂપિયા હોય કે ભલે મોટા મોટા બંગલા હોય, તે ગહસ્થાશ્રમીને ના નથી પાડી પણ અંતરમાં શાંતિ ન હોય તો કાંઈ કામનું નહીં. પણ અંતરમાં શાંતિ થાય કયારે ? આ ત્રણ વાના કહયા ને ? ચાલશે, નભશે અને ફાવશે. તો કાંઈ હોય ને તો ભલે ભલે. તું એમ કર.

શાસ્ત્રમાં ના પાડી છે કે, સ્ત્રી સાથે વિવાદ કરવો જ નહીં. સ્ત્રી સાથે વાદ વિવાદ કરવા જાય, તો તેને બ્રહ્માયે પહોંચ્યા નથી, શંકરે પહોંચ્યા નથી, ઈન્દ્રએ પહોંચ્યા નથી તો તમે કયાંથી પહોંચો? એટલે સ્ત્રીને વખોડતા નથી. બીજું, રામ ભગવાન પણ સ્ત્રીને પોંચ્યા નહીં. કષ્ણ ભગવાન પણ સ્ત્રીને પોંચ્યા નહીં. શંકરે પણ પોંચ્યા નહીં. રામ ભગવાને ના પાડી કે, બાઈ ! આ હરણીયું છે તે માયાવી છે, તેમાં લાભ નથી. તો સીતાએ શું કહયું ? તમે તે સોનાના હરણીયાની ચામડી લાવો. મારે તો તે સોનાના હરણીયાની ચામડીની કંચૂકી પહેરવી છે. એમ રામાયણમાં વાત લખી છે. મારે તો એના ચામડાનું કપડું સીવડાવીને પહેરવું છે. રામ ભગવાને ના પાડી કે બાઈ ! આ સાચું નથી. આ માયાવી છે અને એમાં લાભ નથી એમ ઘણું સમજાવ્યું

રામાયણમાં વાત લખી છે. પછી સીતાએ શું કહ્યું ? ના! મારે તો લેવું જ છે. તો રામ ભગવાનને જાવું પડ્યું ને ? પાછળથી શું થયું ? રાવણ લઈ ગયો ને ? રાવણ સીતાને લઈ ગયો અને એમાંથી પછી રામ ભગવાને સીતાનો ત્યાગ કરી દીધો કે, રાવણને ત્યાં ગયા એટલે હું રાખું નહીં. એટલે એમાં કહેવાનું શું કે, સ્ત્રીનો સ્વભાવ જ એવો છે. કૃષ્ણ ભગવાને રૂકમણીને ઘણા સમજાવ્યા. ભાગવતમાં વાત લખી છે. તમે આવા છો, આવા છો. એમ ઘણુંય કહ્યું. એટલે કૃષ્ણ ભગવાન પૂગ્યા નહીં. શંકર ભગવાને પાવર્તીને ના પાડી, રામ ભગવાનની પરીક્ષા લેવાનું બરાબર કહેવાય નહીં. તો શું કર્યું? સીતાનો વેશ લીધો. રામાયણમાં વાત આવે છે ને ? સર્વેએ સાંભળી છે તે વાત, કે નથી સાંભળી ? રામ, ભગવાન હતા અને પોતે વનમાં ફરતા હતા. મારી સીતા કયાં ગઈ? મારી સીતા કયાં ગઈ? એમ ગોતતા હતા. સીતા ત્યાં અશોક વાટિકામાં હતા. રામ ભગવાન તેને ખોળવા ગયા. ખોળતા ખોળતા ખોળ્યા, પણ કયાંય સીતાજી જડયા નહીં. ત્યારે આ પાર્વતીએ શું કહ્યું કે, હું સીતાનો વેશ લઉં તો મારામાં મોહી જશે. શંકર ભગવાને ના પાડી કે, એનો વેશ લેવામાં લાભ નથી, તે તો ભગવાન છે. પાવર્તીએ શું કર્યું? સીતાનો વેષ લીધોને ? રામ ભગવાને વનમાં ફરતા ફરતા શું કહ્યું કે, અરે સતી ! તમે એકલા કેમ આવ્યા? શંકર કયાં ? તે તો ભોંઠા પડી ગયા. એમ શાસ્ત્રમાં લખ્યું છે. એટલે કહેવાનો હેતુ એટલો જ કે, સ્ત્રી સાથે વાદ વિવાદ ન કરવો.

મહારાજે શિક્ષાપત્રીમાં પણ લખ્યું કે, કાંઈ વાત હોય તો ભલે ભલે કહેવું. મારા ગુરૂ પહેલા વાત કરતા, ભગવાનની કથા વાંચતા, એ કથા વાંચતા હોય ત્યારે બીજો માણસ બેઠો હોય, તે 'હરે' 'હરે' કરે. હમણાં ખબર નથી શું કરે ? પહેલા ગામડાંમાં બ્રાહ્મણ કથા વાંચતા ત્યારે બીજો એક માણસ સામે બેઠો હોય, ત્યારે પહેલાને આનંદ આવી ગયો કે, આ મારી કથા સાંભળે છે. એટલે આનંદ થયો.એટલે તે 'હરે ' 'હરે ' કરતાં. એટલે કાંઈ વેગ હોય ને તો ભલે ! ભલે ! સ્ત્રી બોલે તો કેટલી વાર બોલે ? પાંચ મિનિટ, દસ મિનિટ બોલે ? કેટલી વાર બોલે ? આપણે બોલીએ નહીં. હા ! ભલે ભલે. આપણે જાણે કથા સાંભળીએ છીએ ને ! તો આમાં શું વાત છે? આ તો લૌકિક વાત છે. આપણે આ વાત શા માટે કરી ? કે આવી રીતે જ્ઞાનની દ્રઢતા કરી હોય, તો અંતરમાં શાંતિ રહે.

જ્ઞાનની દ્રઢતા કરવી

આપણને ભગવાને આ મનુષ્ય જન્મ આપ્યો છે, તે કાંઈ ખાવું, પીવું ને એશારામ કરવા નથી આપ્યો. ભલે ગહસ્થાશ્રમમાં રહેલા હોઈએ સ્ત્રી, પુત્ર, ધન,દોલત બધું જ હોય, પણ આ રીતે જ્ઞાનની દઢતા કરી હોય તો શાંતિ વર્તે. મહારાજે ગઢડા પ્રથમના ૨૪ માં વચનામતમાં તે જ લખ્યું છે ને કે, જ્ઞાને કરીને સ્થિતિ થાય તો એને પ્રકતિ અને પ્રકતિ પુરૂષનું કાર્ય કાંઈ જોવામાં આવતું નથી. એકરસ ચૈતન્ય ભાસે છે. ચૈતન્ય એટલે અક્ષરધામ ! પ્રકાશમાન એવા અક્ષરધામને વિષે તેજોમય એવી ભગવાનની મૂર્તિ દેખાય. જ્ઞાને કરીને સ્થિતિ થઈ હોય તો એને સદાને માટે શાંતિ રહે. તો આપણને તે કરવું પડશે ને ? જ્ઞાને કરીને આપણું જે અજ્ઞાન હોય તે અજ્ઞાન ટળી જાય તો સદાને માટે શાંતિ વર્ત્યા કરે.

મારે કોઈને સાધુ બનાવવા નથી. હા ! કોઈને વૈરાગ્ય હોય ને સાધુ બને તો ના પાડતા નથી ! પણ તમે સાધુ બનો, એમ હું કોઈને કહેતો નથી. કારણ કે, સાધુ તો, મોટા સંતો એમ કહેતા કે, જ્ઞાને કરીને સાધુ બનવું પડશે. નાત, જાત બધું મૂકીને એક દિ' આ દુનિયામાંથી જાવું તો પડશે ને ! પણ જો આ જ્ઞાનની દ્રઢતા કરીને આપણે મરીએ તો એ સારૂં કહેવાય. મરના મરના સબ કહે, મરી ન જાને કોઈ, એક દિન ઐસા મરના, કે ફિર જન્મ ન હોય. જન્મ ન હોય, કયારે જન્મ ન હોય ? કે, જયારે અજ્ઞાન ટળી જાય, આ લોકની વાસના ટળી જાય. ભગવાનમાં પ્રેમ થઈ જાય તો એનો જન્મ ન હોય. નહીંતર તો આ સ્ત્રીનું શું થાશે ? આ પુત્રનું શું થાશે? એવી વાસના રહી જાય તો લખ્યું છે ને કે, એવી શુભ વાસના રહી જાય, તો ફરી પાછા જન્મ લેવા પડે. ફરી જન્મ ન લેવા પડે, તેવું આપણે કરવું પડશે ને ? તમે સર્વે કરો જ છો. ઓછું વધતું કરતા હો તો હવે આપણે વધારે કરવું.

એટલે આ **જેતપરના પ્રેમચંદભાઈ** આવા હતા. તે બહુ પાપી હતા. આ સ્વામીની દયા થઈ ગઈ. પ્રેમચંદભાઈને સ્વામીએ કહયું કે, તું ધ્યાન કર. પણ જેને માળા ફેરવતા ન આવડતું હોય એને ધ્યાન કયાંથી આવડે ? સ્વામીને કહે કે, તમે ધ્યાનનું કહો છો, પણ મને ધ્યાન કરતા ન આવડે તો હું શું કરૂં ? પછી સ્વામીએ તેને

ધ્યાન કરતા શિખવાડયું. મહારાજે પણ શિક્ષાપત્રી તથા સત્સંગીજીવન તથા વચનામત આદિકમાં ધ્યાનની જે વાત કરી, કે પોતાના આત્માને બ્રહ્મરૂપ માની સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહની ભાવના ટાળી અને બ્રહ્મરૂપ થઈ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. એટલે એને આ લોક, દેહ કે બ્રહ્માંડ કાંઈ દેખ્યામાં ન આવે. બીજું, ભુજમાં એક મોટા સંત હતા, ભકિતપ્રિયદાસજી એમનું નામ હતું. તે પણ આવી રીતે ધ્યાન કરવા બેસે, ત્યારે કાંઈ ખબર ન પડે. તે બપોરના અગ્યાર–બાર વાગ્યા હતા અને તોપ ફોડી, પણ સ્વામીને કાંઈ ખબર ન પડી. મંદિર પાસે જ હતું, પણ તે સ્વામીને તોપ કે એવું કાંઈ ફોડે તો કાંઈ ખબર પડે નહીં, એવી એમની સ્થિતિ હતી. એટલે કહેવાનું શું કે, મહારાજ કહે કે, આવી રીતે બ્રહ્મરૂપ થઈને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ધ્યાન તો તમે સર્વે કરતા હશો અને કરો જ છો. કરો છો ને ? કે હવે કરશો ! એટલે આવી રીતે ભગવાનના ચરણથી કરી શિખા સુધી અંગો અંગ ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું. ભગવાનનું એક એક અંગ જોતા જઈએ અને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ભગવાનનું નામ લેતા જઈએ. સ્વામીએ આમ પ્રેમચંદભાઈને ધ્યાન શિખવાડયું. તો એવી રીતે ધ્યાન કરવા મંડયા. ધ્યાન કરતા એક વર્ષમાં તો ભગવાનની મૂર્તિ તદાકાર થઈ ગઈ.

બીજું, મોટા સંતો કહેતા કે ત્રણસો ને પાંસઠ દિ' વર્ષમાં થાય, પણ ત્રણસોને એંસી દિવસ થાય તો પણ આ દુનિયાનું કામ ખૂટે એવું છે નહીં. તે ગુણાતીતાનંદ સ્વામીએ કહયું કે, વ્યવહારિક કામ કરતા જાવું ને સાથે સાથે ભજન પણ કરતા જઈએ. બીજું, આ પ્રેમચંદભાઈ કાંઈ સાધુ બન્યા ન હતા. વ્યવહારિક કાર્ય કરતા જ હતા, પણ સ્વામીની દયા થઈ અને પોતે હંમેશા ધ્યાન કરતા, તો ભગવાનની મૂર્તિ અંતરમાં તેજોમય, પ્રકાશમાન એમને દેખાવા લાગી. સ્વામી એક વર્ષ પછી પાછા ત્યાં ગયા, ત્યારે તેમના પપ્પાને કે'વું પડયું નહીં. પહેલા કે'વું પડતું ને ? કે તું મંદિરમાં આવ. પણ હવે એમ કહેવું પડયું નહીં, પણ સામેથી મંદિરમાં ગયા અને સ્વામીને પ્રાર્થના કરી. સ્વામી તો જાણતા જ હતા કે આની આવી સ્થિતિ છે. સ્વામીએ એમના માથા પર હાથ મૂકયો. સ્વામી કહે કે, માંગ માંગ. તે આવી રીતે મારૂં કહયું કર્યું તે હું તારા ઉપર બહુ રાજી થઈ ગયો છું. ત્યારે એણે શું માંગ્યું ? કે, મને આ પૈસા દેજો કે

સ્ત્રી દેજો કે આ પુત્ર દેજો એવું કાંઈ માંગ્યું નહીં. ત્યારે એણે શું માંગ્યું કે, સ્વામી તમે અક્ષરધામમાં ભગવાનની સેવામાં રહો, ત્યારે મને પણ ભગવાનની સેવામાં તમારી હારે રાખજો. જુઓ, આવી રીતે જો પ્રેમચંદભાઈ હતા તેમણે સ્વામીના વચનમાં વિ વાસ રાખીને ધ્યાન, ભજન કર્યું તો એમને ભગવાનની મૂર્તિ તદાકાર થઈ ગઈ.

મોટા સંતો કહેતા ને વચનામતમાં પણ મહારાજે લખ્યું કે, જ્ઞાન હોય તો બીજાને આપવું. શાસ્ત્રમાં લખ્યું છે કે, એક જયોતિષ હતા, બહુ સારૂં ભણેલા હતા. પણ બીજા કોઈને શીખવાડયું નહીં તો શું થયું? બ્રહ્મરાક્ષસ થયા. એટલે મોટા સંતો કહેતા કે, આપણા પાસે જ્ઞાન હોય તો બીજાને આપવું. આ પૈસા તો બીજાને આપે તો ઓછા થઈ જાય, પણ આ જ્ઞાન તો ઓછું થાતું નથી. જ્ઞાન તો જેમ જેમ આપતા જાય તેમ તેમ વધતું જાય, એમ મોટા સંતો કહેતા, એમ શાસ્ત્રોમાં લખ્યું છે. પછી સ્વામીએ પ્રેમચંદને કહયું કે, તમે બધાને સત્સંગ કરાવો. પછી પ્રેમચંદભાઈએ ઘણા લોકોને સત્સંગ કરાવ્યો અને ભગવાનની મૂર્તિ તદાકાર કરાવી. ત્યારે કહેવાનો હેતુ એ જ કે, ભગવાને વચનામતમાં એ જ કહયું છે કે, નાસ્તિકપણું હોય તો તે ટળે કયારે ? કે આ રીતે શાસ્ત્ર વાંચે ને મોટા સંતોનો સમાગમ કરે તો એનું નાસ્તિકપણું જાય છે. તો આપણે પણ સાચે ભાવે આવા શાસ્ત્રો વાંચવા. કારણકે, મહારાજ કહે કે, હંમેશા આવા સાચા સંતોનો સમાગમ ન હોય, તો શાસ્ત્રો વાંચીએ તો તે પણ મહારાજનો સમાગમ કર્યો કહેવાય.

શ્રીજી મહારાજ આ સત્સંગમાં ચાર સ્વરૂપે પ્રગટ છે

મહારાજે કહયું કે, હું એક રૂપે હતો, હવે હું ચાર રૂપે રહીશ. આ મૂર્તિ દ્વારે, સંતો દ્વારે,આચાર્ય દ્વારે અને આ શાસ્ત્ર દ્વારે. મૂર્તિ દ્વારે ભગવાન દર્શન આપે તો દર્શન કરીને ભગવાનની મૂર્તિને અંતરમાં ઉતારીએ તો એ પણ તદાકાર થાય. આચાર્ય મહારાજ પાસેથી આપણે ગુરૂમંત્ર લઈએ. સંતો પાસેથી તથા શાસ્ત્રોમાંથી આપણે જ્ઞાન લઈએ. એ ૪ (ચાર) રૂપે મહારાજ સત્સંગમાં રહેલા છે. તો એ ચારનો સમાગમ કરીને આપણી જે કાંઈ ખામી હોય તે ટાળી નાંખવી અને દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત થાય, આ લોકના રાગ માત્ર ટળી જાય અને દેહને અંતે આપણે ભગવાનની સેવામાં રહી જવાય તો જ આ મનુષ્ય જન્મનો ફેરો સાર્થક કર્યો કહેવાય.

આ સભા અક્ષરધામની છે

સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં કહયું છે કે, આ સંતો ને હરિભકતોની સભા તે અક્ષરધામની સભા કહેવાય. તો અક્ષરધામની સભામાં આપણે સૌને બેસવા મળ્યું છે. એવો જો સૌને મહિમા સમજાઈ જાય તો આપણને એમ જ થાય કે જાણે અક્ષરધામની સભામાં જ બેઠા છીએ. મહારાજે એમ પણ કહયું કે, આ સભા છે તે અક્ષરધામની સભા છે અને અમે એમાં જો ખોટું કહેતા હોઈએ તો પાંચસો પરમહંસોના સમ છે એમ કહયું છે તે બરાબર છે. બોરસદ ગામની વાત લખી છે ને ? આણંદ પાસે બોરસદ ગામ છે.ત્યાંના એક રામજીભાઈ કરીને પટેલ હતા. તેમને ભગવાનને વિશે પ્રેમ. ત્યારે એમને એમ વિચાર થયો કે, બધા એમ કહે છે કે, આ અક્ષરધામની સભા છે. અક્ષરધામમાં બહુ મણિમય સિંહાસન, અક્ષરધામમાં બહુ વિમાનો છે તે કેવા હશે? એના મનમાં એવો સંકલ્પ થયો. ત્યારે એમનો સંકલ્પ જોઈ, મહારાજ અનેક વિમાનો લઈ એમના ખેતરમાં વિમાનો ઉતાર્યા અને મહારાજે ત્યાં દર્શન આપ્યા. ત્યારે એના મનમાં એમ થયું કે, આ વાત સાચી છે.એમ તેના મનમાં મનાઈ ગયું. તેમ આપણને પણ એમ થઈ જાય કે, આ અક્ષરધામની સભામાં જ આપણે બેઠા છીએ. કેમકે, અક્ષરધામમાં મહારાજ અને મુકતો છે. મુકતો મહારાજની મૂર્તિનું સુખ આમ લઈ રહેલા છે. આપણે પણ એમ જાણીએ કે, આ અક્ષરધામની સભા છે, તેમાં મહારાજ વિરાજમાન છે. આ અનંતકોટી મુકતો આ અક્ષરધામની સભામાં બેઠા છે અને હું પણ આ અક્ષરધામની સભામાં બેઠો છું. તો એવી ભાવના જો આપણને મનમાં થાય, તો આ લોક, દેહ, બ્રહ્માંડ કાંઈ યાદ આવે નહીં. ત્યારે એવી ભાવના જો સદાય ને માટે રહે, તો મહારાજ કહે કે, દેહ મૂકીને જે સુખને પામવું હતું, તે દેહ છતાં જ આપણને મળી જાય છે. તો એવી ભાવના આપણે સદાયને માટે રાખીને આપણે ભગવાનને યાદ કરીએ, તો આપણને એવું જ સુખ આવે. કેમકે, આ સત્સંગ મળ્યો તે બહુ દુર્લભ છે.

આગલા જન્મમાં આપણે જપ કર્યા હશે, વ્રત કર્યા હશે, તપ કર્યા હશે કે દાન પુણ્ય કર્યા હશે, તે કરતાં કરતાં કાંઈક આપણું અધુરૂં રહી ગયું હશે, તે અધુરૂં પુરૂં કરવાને માટે ભગવાને આપણને આ જન્મ આપ્યો છે. આપણે આ જન્મે જ પુરૂં

કરીને દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય, તો જ આ મનુષ્ય જન્મનો ફેરો સફળ થયો કહેવાય અને તે કામ કરવાને માટે જ આપણે સૌ અહીં ભેગા થયા છીએ. ત્યારે આપણે દરેકે એવો ખટકો રાખવો.

ભગવાન પોતાના પ્રેમી ભક્તોના મનોરથ પૂર્ણ કરવા આ પૃથ્વી ઉપર પધારે છે

સુવાસિની બાઈની વાત લખી છે, તે સુવાસિની બાઈ ભગવાનના ભાભી થતા હતા. ત્યારે એમણે એવો સંકલ્પ કરેલો કે, ભગવાન મારા દિયર રૂપે મને સુખ આપે. વેણી, માધવ, પ્રાગ આદિક સખાઓ હતા.એણે એવી તપશ્ચર્યા કરીને ભગવાન પાસે એવું માગ્યું કે, અમે ભગવાનના સખાઓ થઈએ. મહારાજના સખાઓ કોણ હતા? મહારાજે વચનામતમાં લખ્યું છે, એક બ્રહ્માનંદ સ્વામી અને બીજા સુરાખાચર. તે મહારાજના સખા હતા. મુકતાનંદ સ્વામીને મહારાજને વિષે ગુરૂભાવ હતો ને આ બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર એ મહારાજના સખાઓ હતા. મહારાજ કયારેક કયારેક કયાંક જાય, ને રસ્તામાં બીજા માણસો કાંઈક સરખા ન વર્તતા હોય તો રિસાઈ જાય. તો બ્રહ્માનંદ સ્વામી અને સુરાખાચર બેય મનાવી લે, એટલે મહારાજના સખા હતા. સખા એટલે મિત્ર.

સુરા ખાચર

આ લોકમાં સુરાખાચરને મહારાજે વાત કરી ' સુરાખાચર, તમે આજે આ ભગવાનની વાતું કરો !' સુરાખાચર તો કાઠી, " મહારાજ! ભણેબા ! અમને તે કાંઈ વાતું આવડે નહીં. દાતરડું હલાવતા આવડે, એટલે તલવાર હલાવતા આવડે. અમને વાતું કરતા આવડે નહીં." મહારાજ કહે કે, તમે આ સંતોનો સમાગમ કરો છો, આ કથા, વાર્તા સાંભળો છો ! કાંઈ શિખ્યા છો ને ? સુરાખાચર કહે, " મહારાજ! ભણેબા ! અમે તો કાઠી કે'વાઈએ. અમને એવું કાંઈ આવડે નહીં." પણ મહારાજે એવો આગ્રહ રાખ્યો કે, સુરાખાચરે જ વાતું કરવાની છે.

ત્યાં મોટી સભા હતી. મહારાજે આગ્રહ રાખ્યો એટલે ત્યાં સુરાખાચર ઊભા થયા. તે સુરાખાચરનું શરીર કેવું જાડું હતું ? સુરાખાચરનું પેટ તો મહારાજના ઓશિયા સરખું થઈ જાય એવા શરીરમાં જાડા હતા! માથું તો સુંડલા જેવું – સુંડલો

હોયને? પહેલાં આગળ સુંડલા બનાવતા. તે સુંડલા જેવડું તો માથું, ને માથે કાઠીયાવાડી પાઘ બાંધેલી. તે આમ તાળી પાડી, ભણેબા! સાંભળજો કે! મહારાજે મને ઉપદેશ દેવાનું, વાતો કરવાનું કહયું છે એટલે હું ઊભો થયો છું. તાળી પાડી એટલે સર્વે એના સામું જોવા મંડયા. આ શું વાતો કરશે? સંતોએ તો શાસ્ત્ર વાંચેલા હોય, કે ગુરૂ પરંપરાની વાતું સાંભળેલી હોય એટલે સંતોને મહારાજે ઉપદેશ દેવાની આજ્ઞા કરી, પણ આ કાઠીને તો એવું કાંઈ આવડે નહીં. કહે કે, મહારાજ આ શું કરશે? એમ કરીને સર્વે એના સામું જોવા મંડયા. ત્યારે સુરાખાચર શું બોલ્યા? કે, ભણેબા! આ ઢોલિયા ઉપર બેઠાને તે અક્ષરધામના અધિપતિ છે. તેનું તમે ભજન કરશો, તો તે અક્ષરધામમાંથી આવ્યા છે, ત્યાં તે લઈ જશે. ભજન નહીં કરો અને એની આજ્ઞા નહીં પાળો, તો જમપુરીમાં જાશો. બીજું કાંઈ મને નથી આવડતું. એમ કહીને બેસી ગયા. એમણે વાતું કેટલી કરી? એટલી વાતમાં ચાર વેદ, ષટ્શાસ્ત્ર, અઢાર પુરાણ તે સર્વે આવી ગયું ને? તે કાઠી હતા, જાડી બુદ્ધિવાળા હતા, પણ આ સંતોનો સમાગમ કરેલો તો તેમને એવું જ્ઞાન આવેલું.

કહોને પરમેશ્વર કેવા હશે? શું કરતાં હશે?

અમે ભણતા ત્યારે એક કવિતા આવતી કે, "કહોને પરમે વર કેવા હશે? કેવા હશે અને શું કરતા હશે? મને કહોને પરમે વર કેવા હશે?" એમ પહેલા અમે ભણતા ત્યારે કવિતા આવતી. તે તો આપણે ગાઈ ગયા. હવે તો આપણને ખબર પડી ગઈ કે, ભગવાન આવા છે. આવું ભગવાનનું સુખ છે. હવે આપણને ખબર પડી જાય છે. અમે ખાલી ભણતા. ખબર તો પડતી. હું આઠ વર્ષનો હતો ત્યારથી જ ભગવાનનું ભજન કરતો હતો. ત્યારે ખબર પડતી. આ તો સ્વાભાવિક વાત કરૂં છું. ત્યારે કેવા હશે અને શું કરતા હશે? તેમાં એક મહાત્માએ વાત લખી છે કે, ભગવાન શું કામ કરે છે? ભગવાન શું જમે છે? બીજા એક મહાત્માએ પણ લખ્યું છે કે, ભગવાન શું કામ કરે છે? તો રાજાને રંક કરે અને રંક ને રાજા કરે. એક તે કામ કરે છે, ને જમવાનું તો ગર્વ ગંજન ભગવાન. ગર્વ હોય તો એનો ભગવાન નાશ કરી નાખે છે, તે જમે અને કામ શું કરે? રંક ને રાજા કરે અને રાજાને રંક કરી નાખે. ઘણા માણસો હો

અને તે બહુ સારા હોય અને વળી અચાનક તેની સ્થિતિ બગડી જાય અને કેટલાકની સ્થિતિ નબળી હોય અને એની વળી સ્થિતિ સારી થઈ જાય. તે તેના પૂર્વ સંસ્કારે કરીને થયા કરે. ત્યારે આપણા ઉપર દયા કરીને ભગવાને આવો દિવ્ય સત્સંગનો યોગ આપ્યો છે. તો હવે આપણે આનંદમાં રહી ભજન કરવું.

ન ગઈ ગંગા ગોદાવરી કાશી, ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી

જગતના જીવો પહેલા ભાતું બાંધીને ભગવાનને ખોળવા જાતા. એમ આપણે ભગવાનને ખોળવા જાવા પડે તેવા નથી. સ્વામીએ કીર્તનમાં લખ્યું કે,

"ના ગઈ ગંગા, ગોદાવરી, કાશી
ઘેર બેઠા મળ્યા અક્ષરવાસી
તપ રે તીરથમાં હું કાંઈ નવ જાણું
સહેજે સહેજે હું તો સુખડા રે માણું
જેરામ કહે સ્વામી સહેજે રે મળીયા
વાતની વાતે વાલો અઢળક ઢળીયા"

આજ તો ભગવાન આપણા પર અઢળક ઢળી ગયા છે. આગળ તો ભગવાન પરીક્ષા લેતા કે, ભૂખે મારૂં, તરસે મારૂં, પાડું તનની ખાલ, એટલું કરતા ન હટે તો કરૂ ન્યાલ. તે પરીક્ષામાં પાસ થાય ત્યારે ભગવાન કહે કે, તેને ન્યાલ કરૂં. આજ તો સ્વામિનારાયણ ભગવાન એવા દયાળુ છે કે, દૂધ, ચોખા ને સાકર જમો, હિંડોળા ખાટમાં ઝૂલો અને અક્ષરધામની પ્રાપ્તિ. તે શાસ્ત્રમાં આપણે જોવા જઈએ તો તે ક્યાંય મળે નહીં. હિંડોળા ખાટમાં ગહસ્થો ઝૂલે છે ને? દૂધ, ચોખા ને સાકર એટલે સારૂં સારૂં જમો ભલે અને હિંડોળા ખાટમાં ઝૂલો ભલે. પણ સ્વામિનારાયણ ભગવાનનો આશરો રાખી, તેની આજ્ઞા બરાબર પાલન કરી, ભજન કરીએ તો અક્ષરધામની પ્રાપ્તિ થઈ જાય.

બીજું, સ્વામિનારાયણ ભગવાને આ પથ્વી ઉપર પધારી કલ્યાણની રીત ચલાવી. ત્યારે એવા દયાળુ ભગવાન આપણને મળી ગયા છે. તો આપણે એનો દ્રઢ આશરો રાખી અને એની પ્રસન્નતાના સાધનો કરવા. ભકત જ્ઞાની હોય, ભણેલા હોય

આવું નથી. ઓલા જોધા ભરવાડની વાત લખી તે, પણ ભગવાનમાં એવો પ્રેમ થઈ જાય તો ઓળખી જવા.

વાગડ દેશના ભરવાડ

વાગડ દેશની એક વાત લખી છે. વાગડ દેશના ભરવાડ હતા. આપણા સંતો ફરતાં ફરતાં તે દેશમાં ગયા, અમે પણ આ શિક્ષાપત્રી મહોત્સવ પ્રસંગે વાગડ દેશમાં ગયેલા. ત્યાં ફરતા. ત્યાં પણ કેટલાય ઓછી બુદ્ધિના માણસો હતા. ત્યાં રામનું મંદિર હોય ત્યાં સભા કરતા. ત્યાં પણ એવી જાડી બુદ્ધિવાળા માણસો ઘણા આવતા અને એવા જડબુદ્ધિ અક્કલના બારદાન જોયા નથી. બીજું, આનંદ સ્વામી આદિ સંતો ફરતા અને બીજા સંતો જોયા પણ આવા [illegible] જોયા નથી. જેમ ચમકપાણ દેખીને [illegible] એમ આ [illegible] ચિત્તની વૃત્તિ સંતોના તરફ ખેંચાવા લાગી! સંતોએ તો [illegible] મહિમાની, ધ્યાનની, જ્ઞાનની ઘણી વાતું કરી. પણ તે કાંઈ જ્ઞાન-ધ્યાનમાં તમને નહીં. સ્વામી, તમે આ જ્ઞાન-ધ્યાન કહો છો, તે એમ કહ્યા કાંઈ સમજીએ? સંતે કહ્યું કે, ગીતામાં આમ લખ્યું છે, ભાગવતમાં આમ કહ્યું છે, વચનામૃતમાં આમ કહ્યું [illegible] તે સંતો આમ વાતું કરે. એ લોકોએ શું કહ્યું? વાતું રામાયણ અને ભાગવત એના શું કહ્યું તે અમે કાંઈ સમજીએ નહીં. અમને તો સીધી અને સાદી વાતું કરો. ત્યારે સંતો શું કહે? આ રામ ને કૃષ્ણ તે જે ભગવાન થઈ [illegible] સ્વામિનારાયણ [illegible] પ્રગટ થયા છે અને હાલે ગઢપુરમાં રહે છે [illegible] આપણે જો દર્શન કરીએ તો આપણા ઉપર ભગવાન રાજી થાય અને આપણ [illegible] તે બરાબર. એવી [illegible] વાતું કરો તો બરાબર પડે. આ ગીતા ને રામાયણ [illegible] તે અમે ક્યાં સમજીએ? પછી બે પાંચ દિ' સંતો ત્યાં રહ્યા. ત્યાં કેટલાક [illegible] કંઠી પહેરાવી, માળા આપી. પછી કહે કે, આ રામનવમીનો સમૈયો છે તો તમે આવજો. તે રામ નવમીના સમૈયા [illegible] ત્યારે ભરવાડ લોકો ત્યાં ગયા અને કહે કે આ આ આનંદ સ્વામી આવ્યા [illegible] તે ક્યાં? તે તો હમણાં ક્યાંક હશે કે. અ સ્વામિનારાયણ ભગવાનના [illegible] સ્વામિનારાયણ ભગવાનમાં અમે જાણીએ [illegible] પહેલા અમારા ગુરુને [illegible]

પહેલા એક વાર વાત કરી હતી કે, "ગુરૂ ગોવીંદ દોનો ખડે, કિસકા લાગું પાય. બલિહારી ગુરૂ દેવ કી, જીસને ગોવીંદ દીયો બતાય." સ્વામિનારાયણ ભગવાનમાં અમે જાણીએ નહીં. પહેલા ગુરૂ બતાવે તે કહે તો માનીએ, નહીંતર માનીએ નહીં. એટલે આનંદ સ્વામીને બોલાવો. આ આનંદ સ્વામીને બોલાવ્યા. આનંદ સ્વામી આવ્યા એટલે સ્વામીના દર્શન કર્યા. આનંદ સ્વામી કહે, ચાલો ભગવાનના દર્શન કરવા જઈએ, પણ હમણાં ભગવાન પોઢી ગયા છે, થોડીવાર પછી દર્શન થાશે. ભરવાડ લોકો કહે પોઢી ગયા કેટલું દૂર થાય? અમે ત્યાં જઈએ. ત્યારે સ્વામી કહે પોઢી ગામ નથી. ભગવાન સૂઈ ગયા છે, જાગે એટલે જઈએ. ભરવાડ લોકો કહે કે અમને કલાક કે બે કલાક બેસી રહેવું ફાવે નહીં. કાંઈક કામ હોય તો કહો ત્યારે આનંદ સ્વામી કહે કે, આ ગાર ખૂંદો. છાણ અને માટી ભેગા કરે એને ગાર કહેવાય. અમે ગાર લીંપતા જોયેલું અને અમે કામ કરેલું ખરૂં. પહેલાં આ લીંપણ [illegible] ખરૂં. ગાયનું છાણ હોય એમાં માટી નાંખે એનું લીંપણ કરે એને ગાર કહેવાય. આનંદ સ્વામી કહે કે, આ ગાર ખૂંદો. હા, તે બરાબર. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ કરીને ગાર ખૂંદવા મંડ્યા. સ્વામિનારાયણ નામ બરાબર આવડે નહીં. સ્વામિનારાયણ સ્વામિનારાયણ કરીને ગાર ખૂંદવા મંડ્યા. એમ કરતા કરતા તો જમવાનો [illegible] વાગ્યાનો સમય થયો એટલે જાગ્યા અને અક્ષર ઓરડીનાં જતા હતા. કોઈએ કહ્યું કે, ઓ સ્વામિનારાયણ જાય છે. તો તે સાંભળી ગાર ખૂંદવું પડતું મૂકીને એવા ને એવા વાણા હાથે ભગવાનના ચરણ પકડી લીધા. ભગવાનના ચરણ પણ ગારવાળા કરી નાખ્યા. બીજા સાધુ હતા, કહે કે, મૂકો મૂકો, આ ભગવાનના ચરણારવિંદ મૂકો. ભગવાનને અક્ષર ઓરડીમાં જાવું છે. પણ આ તો મૂકે નહીં. ચરણારવિંદનું શું સમજે? ત્યારે આનંદ સ્વામી કહે, ભગવાનના પગ મૂકી દ્યો. ત્યારે ભરવાડ કહે કે, ભગવાનના ટાંગ્યા એટલે પગ. પછી મહારાજ કહે કે, આ બધા પ્રેમી ભક્તો છે. પછી હાથ પગ ધોઈ નાખીને અક્ષર ઓરડીમાં ભગવાનના દર્શન કર્યા. તે ભગવાનના એમને એવા દર્શન થયા અને બોલ્યા કે, અહોહો! આ સાક્ષાત ભગવાન તે અમારા ગુરૂ કહેતા હતા એવા જ છે. આનંદ થઈ ગયો. બે મિનિટ, પાંચ મિનિટ એમને સમાધિ થઈ ગઈ. ભગવાને આમ ચપટી વગાડી, ધ્યાનમાંથી જાગ્યા. અહોહો! સ્વામિનારાયણ,

તારા ધામમાં તો બહુ સુખ હતું, બહુ આનંદ હતો, અહીં પાછા તેડી કેમ આવ્યા? ત્યારે ભગવાન કહે કે, જુવો તમે આવું ભજન કરશો તો તમને અંતકાળે તે સુખ મળશે. હવે તમારા ગુરૂ પાસે જઈ અને ગુરૂ કહે તેમ કરો. પછી સ્વામીના આસને ગયા. સ્વામીએ ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું સંભળાવી. બે–ત્રણ દિ' ત્યાં રોકાણા. એમને આનંદ થઈ ગયો.

કહેવાનું એટલું જ કે, એમને કાંઈ જ્ઞાન ન હતું. ભરવાડ હતા પણ આ સંતોનો સમાગમ કરેલો અને ભગવાનને ઓળખ્યા, તો એમને આનંદ આવી ગયો. એટલે આ વચનામતમાં પણ એમ જ કહયું ને કે, આ ભગવાન આવા ઓળખાય. ભગવાન સર્વ સુખના નિધિ છે. એવો ભગવાનનો આનંદ છે. એને ભગવાનમાં એવો પ્રેમ થઈ જાય, તે સુખીયા થઈ જાય.

વણિકની પેઠે જીવનનું નામું લખવું

ભગવાને ગઢડા પ્રથમ પ્રકરણના આડત્રીસના વચનામતમાં કહયું છે કે, સત્સંગ જ્યારથી થયો હોય, ત્યારથી જ પોતાનું નામું કરવું. તેમાં લૌકિક દ્રષ્ટાંત આપ્યું, એક વણિક વ્યાપારી વ્યાપાર કરતા. એ વેપારી વણિક કહેવાય. ત્યારે એ વ્યાપારીનું દષ્ટાંત આપ્યું કે, વ્યાપારી હોય એ વ્યાપાર કરે તો પોતે જે વ્યાપાર કર્યો હોય તેનું નામું માંડે. કોઈને પૈસા આપ્યા હોય કે માલ આપ્યો હોય કે લીધો હોય, તો એ પૈસા એના પાસે લેવા જાય, પણ નામું કર્યુ ન હોય તો તેને ખબર ન પડે. તેમ આપણે પણ આ પોતાના હૃદયનું નામું કરીને આપણી પોતાની જે કાંઈ પણ ખામી હોય તે ભગવાનનો મહિમા, જ્ઞાન, ધ્યાન, ભજન કરીને ટાળી નાંખવી.

મહારાજે શિક્ષાપત્રીમાં કહયું છે કે, નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. ત્યારે નિત્ય પ્રત્યેનો સાધુનો સમાગમ સંજોગવસાત્ ન થાય તો વચનામત, સત્સંગીજીવન કે ભકતચિંતામણી આદિક જે મોટા સંતોએ કેટલો દાખડો કરીને આપણા માટે શાસ્ત્રો કર્યા છે, તો એ શાસ્ત્રોને વાંચી, વિચારીને જીવમાં ઉતારવા. બીજું, આ શિબિર ત્રણ દિવસ સુધી કરવાનું નકકી કર્યુ છે, તો એમાં આપણે સર્વેએ સાથે મળી ભગવાનના જ્ઞાનની, ધ્યાનની અને મહિમાની વાતું સાંભળીને આપણી જે કાંઈ ખામી હોય તે ટાળી નાંખવી.

આ દેહનો કાંઈ નિર્ધાર નથી

આ દેહનો કાંઈ નિર્ધારછે નહીં, તે મોટા સંતોએ લખ્યું કે,

"ધન, જોબન ને આવરદાનો ન કરીએ નિર્ધાર,
વિજળીના ઝબકારાની પેઠે જાતા ન લાગે વાર"

ધનનું પણ એવું છે,યુવાનીનું પણ એવું છે અને આયુષ્યનું પણ એવું છે ને વિજળીના ઝબકારાનું પણ એવું જ છે, તેને જાતા ન લાગે વાર. ક્ષણે ક્ષણે કાળ ચાલ્યો જાય છે, ત્યારે સત્તા પણ સ્થિર રહેતી નથી. ધન, જોબન અને આયુષ્ય એ ત્રણેયનું પણ એવું જ છે. ત્યારે આપણે વિચાર કરીએ કે, હજી તો આપણે નાના છીએ. હજી હમણાં કયાં દેહ પડી જાશે ? અમે જયારે ભણતા ત્યારે એક કવિતા આવતી. ગુરૂ કહે હે ભાઈ ! ભગવાનનું નામ લે, ભજન કર, તો કહે કે, મારે તો હજી એલ. એલ. બી ભણવું છે. ત્યારે ગુરૂ શું કહે છે ? કે, એલ. એલ. બી. તારી ભાળી કે ! ગઢપણમાં ગોવિંદ ગાશું, તે ગઢપણમાં ગોવિંદ કયારે ગવાય ? કે આ જુવાન અવસ્થામાં સારા ગુણ આપણે શિખ્યા હોઈએ અને સત્પુરૂષનો સમાગમ કરી અને જ્ઞાનની આપણે દ્રઢતા કરી હોય, તો ગઢપણમાં ગોવિંદ ગવાય. નહીતર તો આ શું થાશે ? ૨–૪ દિવસ પહેલા એક ભાઈ વાત કરતા હતા કે, મારા પપ્પા ઘરડા થઈ ગયા છે, એંસી વર્ષના ડોસા થઈ ગયા છે. તે હજી પણ આ પૈસાનું શું થાશે ? આનું શું થાશે ? એમ કર્યા જ કરે છે ! હું ઘણુંય સમજાવું કે, બાપુજી! હવે આ દેહનો કાંઈ નિર્ધાર નથી, ભગવાનનું નામ લ્યો. ત્યારે પપ્પા કહે હજી કયાં આ દેહ પડી ગયો છે, હજી આ લેવું છે, આ દેવું છે, આ દીકરા–દીકરીને મળવું છે, આ મામેરૂં કરવું છે. તે આખો દિવસ એમ જ કર્યા કરે. ત્યારે આ શા માટે કરે છે ? તે પહેલેથી જ અંગ કેળવ્યું નથી. પહેલેથી જ જો અંગ એવું કેળવ્યું હોય, તો મહારાજે વચનામતમાં એ જ કહયું છે. મધ્યના પંચાવનમાં એમ લખ્યું કે, મારે તો સદાય અંત અવસ્થા જેવું વર્તે છે. આ ઘડી અને આ ક્ષણમાં દેહ પડી જાશે, એવું આપણને થાતું નથી. એમ આ દેહ કાંઈ પડી જાતો નથી. એમ તો આ સ્વામિનારાયણ ભગવાન પણ પોતે ૪૯ વર્ષ સુધી રહયા હતા. એટલે એમ કાંઈ દેહ પડી જાતો નથી અને પડી જાય તો મોટા સંતોએ શું લખ્યું કે, "જીવત જૂઠું રે, મરવું તે મંગલકારી!" આપણે સર્વે સત્સંગ કરીએ છીએ તે શા માટે કરીએ છીએ ? કે, દેહને

અંતે ભગવાનના ધામમાં, ભગવાનની સેવામાં રહેવા માટે કરીએ છીએ.

બીજું, સારંગપુરના પહેલા વચનામતમાં એ જ વાત આવી કે એક નિમિષ માત્ર ભગવાનનું સુખ લીધું હોય, તો એમ થાય કે, મેં કરોડો વર્ષ સુધી સુખ ભોગવ્યું. તો એક નિમિષમાં જો એટલું સુખ છે, તો અખંડપણે ભગવાનમાં કેટલું સુખ હશે ! પણ આપણે તે સુખની વાતો સાંભળીએ તો થોડીવાર એમ લાગે, આ ભગવાનનું સુખ આવું છે, એમાં આવો આનંદ છે ! થોડા દિવસ થાય એટલે વળી ભૂલી જઈએ, તો તે ન ભૂલાય અને સદાય આનંદ રહે તેમ કરવું.

અમારે તો સદાય અંત અવસ્થા જેવું વર્તે છે

વચનામતમાં એમ કહ્યું કે, અમને સદાય અંત અવસ્થા જેવું રહે છે. માણસને મરવા ટાણે પથારી પર સૂવાડયો હોય તો એને આ સંસારમાંથી વાસના ટળી જાય છે. હવે મારો આ દેહ હમણાં પડી જશે ને એના જે સગા સંબંધી હોય, એને પણ એમ થાય કે, આ હમણાં જાય છે. એને પણ એમાંથી પ્રેમ ટળી જાય છે. એમ મહારાજ કહે કે, સદાય અમારે આવું જ વર્તે છે. ત્યારે ભગવાનને તો એવું કાંઈ કરવું હતું નહીં, પણ આપણને શીખવાડયું. વળી એક ઠેકાણે એમ લખ્યું કે, અમને કાળનો ભય લાગે છે, તે કાળનો ભય લાગતો હોય તો ભગવાનને જરાવાર પણ ભૂલીએ નહીં. ભગવાનને કાંઈ કાળનો ભય લાગતો ન હતો. ભગવાનના જે ભકત હોય, તે ભગવાનની ભજન ભકિત સાચે ભાવે કરતા હોય, સત્સંગ કરતા હોય એને પણ કાળ, કર્મ કે માયાનો ભય નથી. તો ભગવાનને શું હોય ? પણ ભગવાન આપણને શીખવવા માટે એમ કહે છે. ગઢડા છેલ્લા પ્રકરણના ત્રીસમાં વચનામતમાં પણ એ જ કહયું કે, અમારે પાંચ વાર્તાનું અનુસંધાન રહે છે. એમાં પણ એમ જ લખ્યું કે, આ ઘડી, આ ક્ષણમાં જ દેહ પડી જશે, એમાં જરાય વિલંબ જણાતો નથી અને તે આપણે દેખીએ પણ છીએ કે, ક્ષણે ક્ષણે કાળ ચાલ્યો જાય છે. આપણે જાણીએ કે હજી નાના છીએ, પણ આ શરીરનો એક ક્ષણ માત્રનો નિર્ધાર નથી. આ મૂળીયા વગરનું ઝાડ છે. ઝાડ હોય એને મૂળીયા હોય. એ મૂળીયા કાપે ત્યારે ઝાડ સૂકાય. આ મનુષ્ય દેહના ઝાડને મૂળીયા છે નહીં. તે આ દેહ છે તે મૂળીયા વગરનું ઝાડ છે.અચાનક આપણે આ દુનિયામાંથી જાવાનું થાશે, ત્યારે આમાં પણ એ જ લખ્યું કે, મરી તો જાવું જ છે, પણ કેટલી વાસના ટળી

છે અને જો આપણે કહીએ કે, વાસના બધી ટળી ગઈ છે. તો વાસના ટળી ગઈ હોય તો આ લોકમાં કેમ પ્રેમ થઈ જાય છે ? એટલે પ્રેમ ઉપરથી કરવો પડે.

અંતરમાં જગત ન ભરવું

ગહસ્થ લોકોને ઉપરથી તો પ્રેમ રાખવો પડે પણ અંતરમાં એમ જાણવું કે, આ બધું ખોટું છે. આથી અગાઉ આપણે ચોર્યાશી લાખ જન્મો ધારણ કરી આવ્યા છીએ. તો મહારાજ કહે કે, સ્ત્રી, પુત્ર, સગાસંબંધી આદિ ચોર્યાશી લાખ જન્મોના હશે, એ અજ્ઞાને કરીને વીસરી ગયા છે. તેમ આ જન્મના જ્ઞાને કરીને વીસારી દેવા અને આપણે એમ જાણવું કે, આ બધું ખોટું છે. હું આત્મા છું, ભગવાનનો ભકત છું. તે સારંગપુરના વચનામતમાં પણ એ જ લખ્યું છે કે, આત્મનિષ્ઠાની દ્રઢતા થઈ જાય તો એને આ લોકમાં કયાંય પ્રેમ રહે નહીં. પ્રેમ ન રહે ત્યારે શું સાધુ થઈ જાય ? ના, સર્વેને સાધુ થવાની કાંઈ જરૂર નથી.સર્વે સાધુ થઈ જાય, તો આ સંસાર ચાલે નહીં.

એક વાર એક હરિભકત હતા, તે પરણવા ગયા. તે ત્રણ ફેરા ફરી અને ચોથો ફેરો ફરવાનું જ્યાં નક્કી કર્યુ, ત્યાં એના ભાઈબંધે કહયું કે, તું બંધાઈ જઈશ, ખ્યાલ રાખજે. ત્યારે હવે શું કરવું ? આ પશુ કે ગાય હોય એને એક દોરડું કે સાંકળથી બાંધે છે, તો એ છૂટી શકતું નથી, તો તું આ ચાર દોરડે બંધાઈ જઈશ, તો કયાંથી છૂટીશ, અને વાત પણ સાચી છે. ચાર દોરડા એટલે ચાર ફેરા. તમે ચાર ફેરા ફરો છો ને ? આ લોકમાં પરણવા જાય, ત્યારે ચાર ફેરા ફરે એમ મોટા સંતો વાત કરતા હતા. મને એ કાંઈ ખબર નથી. એ તમને લોકોને ખબર હોય. ચાર ફેરા એટલે ચાર દોરડા. એ ચાર ફેરે બંધાઈ જાય પછી છૂટી શકે નહીં. આ સ્ત્રી, પુત્ર, સગાસંબંધી એ બધું મારૂં છે. એનું ભરણપોષણ કરવું, માંદે સાજે સેવા કરવી, એની કાંઈ ના નથી, પણ એમાં મોહ ન રાખવો, પ્રેમ ન રાખવો. પછી તે ભાઈબંધે કહયું કે, તું આ ચાર દોરડે બંધાઈ જાઈશ, પછી છૂટી શકીશ નહીં. માટે તું આ ત્રણ ફેરા અવળે આંટે ફરી, આ મિંઢળ છે તે તોડી નાંખ અને અગ્નિમાં નાંખી દે અને જા સ્વામિનારાયણ ભગવાન પાસે. સ્વામિનારાયણ ભગવાન ત્યાં દાદા ખાચરના દરબારમાં બેઠા હતા. મહારાજ પોતે ત્યાં ત્યાગ, ધર્મ, ભકિત, વૈરાગ્યની વાતું કરી બધાને સુખીયા કરતા હતા. મહારાજ વાત કરતા હતા, ત્યાં તે ભકત આવતા હતા, તે જોઈને મહારાજે કહયું કે, અમારા

એક ભકત માયા જીતીને આવે છે. સર્વેએ વિચાર કર્યો કે, આ મહારાજ કહે છે તે ભકત કેવા હશે? એણે તો આવીને ભગવાનને દંડવત કર્યા. ભગવાન પણ ઊઠીને તેને દંડવત કરવા મંડયા. મહારાજે બે ત્રણ વખત સંતોને દંડવત કર્યા હશે, એક અહીં કર્યા. ભુજમાં અઢાર સંતો થયા ત્યારે કર્યા અને એક પ્રેમાનંદ સ્વામી જયારે કીર્તન બોલ્યા, ત્યારે કહયું જેને આવી રીતે ભગવાનનું અખંડ ચિંતવન થાય છે એને ઊઠીને અમે દંડવત કરીએ, એમ લખ્યું. તે આ ભકતને દંડવત કરવા મંડયા. સર્વે જોવા લાગ્યા. ત્યારે ભગવાન તેને મળ્યા અને બેસાડયા. ત્યારે સર્વે કહે મહારાજ, આ તો નાનકડો છોકરો છે. આને તમે દંડવત કેમ કરવા માંડયા? ત્યારે મહારાજ એ છોકરાને કહે છે કે,' છોકરા, આ સર્વે કહે છે કે, અમે તને દંડવત કેમ કર્યા ? માટે તું વાત કર ' છોકરાએ વાત કરી કે, હું આવી રીતે ત્રણ ફેરા ફર્યો. ત્યારે મારા ભાઈબંધે કહયું , એટલે મેં ત્રણ અવળા ફેરા ફરી, મિંઢળ છોડી નાખ્યું, ને અગ્નિમાં નાખી દીધું, ને તમને મળવા માટે આવ્યો છું. બધા ચકિત થઈ ગયા ! ત્યારે બ્રહ્મા પોતે સત્યલોકમાંથી અહીં આવ્યા. બ્રહ્મા ભગવાનને વઢવા મંડયા. અરે સ્વામિનારાયણ ભગવાન ! તમે જો આવું કરશો તો મારી સષ્ટિ કેમ ચાલશે ? આ છોકરો પરણવા ગયો હતો, ત્યાંથી તમે એને અહીં બોલાવ્યો. એમ તમે કરશો તો મારી સષ્ટિ કેમ ચાલશે ? ત્યારે ભગવાન કહે છે કે, બ્રહ્માજી ! તમે એની ચિંતા ન કરો. આ તો મારો પૂર્વનો યોગભ્રષ્ટ જીવ હતો અને બ્રહ્મચારી હતા પણ એને થોડી વાસના રહી ગઈ હતી એટલે એ વાસના પુરી કરવા માટે મેં આમ કર્યું. એ તો મારો જ ભકત છે. આ દુનિયામાં તારા ચેલા તો ઘણાય છે, પણ હું બધાને સાધુ કયાં કરું છુ ? નહીં કરું. આ તો મારો પૂર્વનો ભકત હતો એટલે કર્યો. એમ આ બ્રહ્મા પણ ભગવાનને વઢવા મંડયા. સર્વે સાધુ થઈ જાય, તો બ્રહ્મા પણ વઢવા મંડે.એમ સર્વેને સાધુ થવાની જરૂર નથી. પણ જ્ઞાને કરીને સાધુ થાવું જ પડશે ને? આ સર્વે સાધુ થયા છે, તે લોકો ઘર, સંસાર, મા–બાપ અને સગા સંબંધી બધું મૂકીને આવ્યા છે. તમારે સર્વેને પણ એક દિવસ જાવું પડશે ને ?

આ શેઠ અને સાહેબ હોય એ કાયદા બહુ જાણે, એટલે ભગવાનને કહે છે કે, ભગવાન, હું હમણાં નહીં આવું. મને એમ કે, આ શેઠ બધા હોશિયાર હોય. સાહેબ હોય એ બહુ જાણતા હોય, એટલે ભગવાનને કાગળ લખી મોકલે કે, હું હમણાં નહીં

આવું. ત્યારે આમાં કોઈનું કાંઈ ચાલતું નથી. મને પહેલા એમ થાતું કે, અમેરિકાના માણસો બહુ હોશિયાર હોય તેથી મરતા નહીં હોય. પણ હમણાં હું ત્રણચાર વાર અમેરિકા જઈ આવ્યો, ત્યાં બેચાર જણાને પૂછયું કે, કેમ ભાઈ, તમે બધા અહીં કાયમ રહો છો ને? અરે સ્વામી! કાયમ કયાંથી રહેવાય. અહીંયા ટાઈમ થાય એટલે ઘણા માણસ અહીંયાથી પણ જાય છે.ત્યારે કહેવાનો હેતુ એટલો જ કે આ દુનિયામાંથી આપણે સર્વેને જાવાનું છે. તો કયાં જાવાનું છે? આપણા બધાનું ધ્યેય એક જ છે, કે આપણે ભગવાનની સેવામાં રહેવાનું છે અને આ દેહે કરીને આત્મા ને પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરીને આપણે ભગવાનની સેવામાં રહેવું, એમ આપણને દરેકને એવી ભાવના છે. ભલે આ સંતો ભગવાનની આજ્ઞાએ કરીને આ મંદિરોની સેવા કરે. ગહસ્થ હોય એ ભલે ભગવાનની આજ્ઞાએ કરીને વ્યવહારિક કાર્ય કરે.

આ ગહસ્થ હોય એણે ભલે બંગલા બનાવ્યા હોય. સ્ત્રી, પુત્ર,માલ મિલકત હોય, પણ જયારે જાય ત્યારે શું લઈ જાય છે? ચેક બુક લઈ જાય, તો કામ આવી જાય. ત્યાં બેઠા બેઠા પૈસા મંગાવ્યા કરે, એ ઠીક ને? ત્યાં ચેક બુક કામ આવતી નથી, પણ ભગવાનનું નામ એક કામ આવે છે. આ ભગવાનની ભકિત કરી હોય, ભગવાનનું ભજન કર્યુ હોય, સત્સંગ કર્યો હોય, એ ભેળું ચાલે. કામકાજ તો આ દુનિયામાં હોય જ, પણ આપણે જ્યાં સુધી આપણું શરીર સારૂં હોય, સત્સંગનો સારો યોગ હોય, ત્યાં સુધી આપણે સાંજે સવારે કામકાજ થોડાં આગળ પાછળ કરી, આ માળા ફેરવીએ, ભગવાનનું ધ્યાન કરીએ, આ કથા વાર્તા કરીએ, સાંભળીએ તો, એણે કરીને આપણને જ્ઞાન થાય છે અને જ્ઞાન થાય તો જેમ સૂર્ય ઊગે ત્યારે રાત્રી એની મેળે જતી રહે, કાઢવી પડતી નથી. તેમ આપણા અંતરમાં ભગવાનની મૂર્તિરૂપી જ્ઞાનનો સૂર્ય પ્રગટ થાય ત્યારે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થાય, તો આપણે સર્વે ભગવાન ભજવવામાં કાળજી રાખશું, તો થોડા સમયમાં જ કામ થઈ જશે. માટે આપણે સર્વેએ કાળજી રાખવી.

ઈન્દ્રિયો અંતઃકરણ એકાગ્ર કરી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું

મોટા સંતો કહેતા કે, ઈન્દ્રિયો અને અંતઃકરણ એકાગ્ર કરી અને ભગવાનની મૂર્તિનું જો ધ્યાન ધરીએ, તો જેમ હિમ પડે ને પાણી કેમ સ્થિર થઈ જાય, બરફ થઈ

જાય, તેમ આપણા ઈન્દ્રિયો, અંતઃકરણ પણ ભગવાનની મૂર્તિમાં તલ્લીન બની જાય. વળી બીજું દ્રષ્ટાંત પણ મહારાજે વચનામતમાં આપ્યું કે, ચમકપાણથી જેમ લોઢું ખેંચાઈ જાય, એમ ભગવાનના ભકતની વત્તિઓ ભગવાનની મૂર્તિમાં ખેંચાઈ જાય. તમે સર્વે એમ કરો છો ને ? ઘણો ટાઈમ થયો આપણે સર્વે વાતો કરીએ છીએ, તમો સર્વે સાંભળો છો અને શાસ્ત્રોમાં પણ વાત આવે છે, તો એવી રીતે કરો છો કે હવે કરશો ?

બીજું, મહારાજે ગ.પ્ર.પ્ર.ના વીસમાં વચનામતમાં કહયું કે, ન થાય એવું શું છે ? તમે કયે દહાડે કરવા મંડયા અને ન થયું, એમ લખ્યું. ને મહારાજ કહે કે, અભ્યાસ કરો તો આત્મા પણ દેખાય, અને આત્માને વિષે રહેલા પરમાત્મા પણ દેખાય, એમ લખ્યું છે. જો એમ ન થતું હોય તો મહારાજનું વચન ખોટું પડે. એ તો તમને ખબર પડે, મને કાંઈ ખબર નથી. તો આપણે હવે ધીમે ધીમે અભ્યાસ કરવા માંડશું, તો ભગવાન દયાળુ છે. દ્રઢતા જોઈને મદદ કરે મોરારી. આપણે એવી સાચી ભાવનાથી દાખડો કરશું, તો આપણા ભેળા ભગવાન જરૂર ભળીને કરી આપશે. તે વચનામતમાં પણ એક વાત આવી કે, " જીતં જગત કેન, મનો હિ યેન " જેણે પોતાનું મન જીત્યું, તેણે જગત જીત્યું કહેવાય. બીજું, મોટા સંતોએ કહયું કે, કોઈ પ્રકારે માયામાં મોહ ન રહે, તો મન જીત્યું કહેવાય. તો આપણે પણ આ સાચે ભાવે સત્સંગ કરી, ધીમે ધીમે એવો અભ્યાસ કરશું, તો જરૂર ભગવાન આપણા ભેળા ભળી, મન જીતાવીને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે.

ઘનશ્યામ મહારાજનું બાળચરિત્ર

બાલચરિત્રમાં પણ એ જ વાત આવે છે કે, ધર્મદેવ અને ભકિતમાતા બિરાજમાન હતા અને ઘનશ્યામ મહારાજને રમાડતા હતા. ત્યારે ધર્મદેવને એમ થયું કે, અવાર નવાર ભગવાનને વિઘ્નો આવે છે, તો આ પદ્મપુરાણની કથા વંચાવીએ તો આ વિઘ્ન ટળી જાય. એટલે પદ્મપુરાણની કથા વંચાવવા મંડયા અને પછી ભકિતમાતાની વાત આવી કે, ભકિતમાતાએ જામફળ ને બીજું બધું લઈને જમવા વિચાર કર્યો. ઘનશ્યામ મહારાજે તે જોયું. મહારાજ તો નાનકડા હતા. મહારાજે આમ

હાથ લાંબો કર્યો પણ માતા કંઈ સમજયા નહીં. નાનકડું મહિના કે બે મહિનાનું બાળક હોય એને કંઈ જામફળ કે સીતાફળ કે સફરજન ખવડાવાય નહીં. એને ખવડાવીએ તો શું થાય ? માંદુ પડી જાય. ભકિતમાતાએ તો ખવડાવ્યું નહીં. વળી ઘનશ્યામ મહારાજે બે ચાર વાર હાથ લાંબો કર્યો. પણ તોય ભકિતમાતાએ ખવડાવ્યું નહીં. જ્યાં જમવા જાય, ત્યાં ઘનશ્યામ મહારાજ હાથ લાંબો કરે અને હાથમાંથી ફગાવી દે. એટલે આ ભગવાન આવા ચરિત્રો કરી, ભકતજનોને સુખીયા કરતા. મહારાજે આપણને પણ એ જ કહયું કે, આ લીલા ચરિત્રો રૂપી જાળાંને વિષે મનને ગૂંચવી મેલવું. એક શમ્યોને બીજો કરવો, બીજો શમ્યોને ત્રીજો કરવો. એમ ભલે આપણે કદાચ ધ્યાન ઓછું થાય, પણ આ તો ધ્યાન થાય એવું છે ને ? તે ભગવાન અહીં રમ્યા, આ ભગવાન અહીં જાય છે, આમ કરે છે એ તો સહેલું છે અને થાય એવું છે. એટલે ધીમે ધીમે એવી ટેવ આપણે પાડશું, તો કામ થઈ જશે.

એવી તકમાં હું પણ આવ્યો, જીવન જાણું છું, મારો ફેરો સફળ ફાવ્યો

મહારાજે કારીયાણીના પાંચમાં વચનામતમાં એ જ કહયું છે ને કે, મુકતાનંદ સ્વામીએ પ્ર ન પૂછયો કે, મહારાજ ! ભગવાન આ પથ્વી પર પધારે તો એ શા માટે પધારે છે ? ભગવાન પોતે આ પથ્વી ઉપર પધારે, તો પોતાના જે પ્રેમી ભકતો હોય,એના જેવા જેવા મનોરથો હોય, એ પૂરા કરવાને માટે જ ભગવાન પોતે આ પથ્વી ઉપર પધારે છે. ત્યારે એમાં આપણે પણ આવી ગયા. તે નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, "એવી તકમાં હું પણ આવ્યો, જીવન જાણું છું, મારો ફેરો સફળ ફાવ્યો, જીવન જાણું છું."

તે નિષ્કુળાનંદ સ્વામીએ કહયું છે કે, ભગવાન પોતે પોતાના પ્રેમી ભકતોના મનોરથો પુરા કરવાને માટે જ અહીં પધારે છે. તક એટલે સમય. એવા સમયમાં હું પણ આવી ગયો ! એ તો નિષ્કુળાનંદ સ્વામી આવ્યા, આપણે નથી આવ્યા. નિષ્કુળાનંદ સ્વામી આવી ગયા, આપણે કાંઈ આવ્યા નથી, કે આવી ગયા? તો આપણે પણ આવી ગયા. એવા સમયમાં આપણે પણ આગલા જન્મમાં કાંઈ દાન પુણ્ય કર્યા હશે, કાંઈ વ્રત કર્યા હશે, કાંઈ તપ કર્યા હશે, એ પુરૂં કરવાને માટે જ આપણને આ તક આપી

છે. આ સમયમાં ભગવાને આપણને જન્મ આપ્યો છે. તો એ ભકતના જેવા જેવા મનોરથો હોય, એ પૂરા કરવાને માટે જ ભગવાન પથ્વી ઉપર પધારે છે અને તે ભેળું અસંખ્ય જીવોનું કલ્યાણ કરે છે. અસંખ્ય કેને કહેવાય ? ગણાય નહીં તેટલા અને તે આપણે જોયું કે, મહારાજ આ પથ્વી પર પધાર્યા, ત્યારે કેટલાય જીવોનું કલ્યાણ કર્યું ને ? કાઠી, કોળી એવા અનેકનું કલ્યાણ કર્યું. અસુરો હતા, પાપી હતા, દરેકનું કલ્યાણ કર્યું ને ? મહારાજે કલ્યાણનો માર્ગ ચાલું રાખ્યો.

અમારે તો બ્રહ્માંડ રહે ત્યાં સુધી મોક્ષનો માર્ગ ચાલું રાખવો છે

મહારાજને જ્યારે સ્વધામ પધારવાનો ટાઈમ થયો, ત્યારે મહારાજે સર્વેને કહયું કે, હે આચાર્યો ! હે સંતો! હે ભકતજનો ! હું જે કાર્ય ધારીને આવ્યો હતો, તે કાર્ય પુરૂં થાય છે. હવે મારે આ દુનિયામાંથી વિદાયગીરી લઈ અને મારે મારા ધામમાં જવું છે, એમ મહારાજે કહયું. ત્યારે સર્વે સંતો, આચાર્યો, સર્વે હરિભકતોએ મહારાજને કહયું કે, હે મહારાજ! હે દયાળુ ! હે કપાનાથ ! તમને જોઈને તો અમે આટલા સુખી થયા છીએ. તમે ચાલ્યા જાશો તો અમારા દિવસ કેમ જાશે ? માટે અમને સર્વેને સાથે લઈ ચાલો. ત્યારે તો મહારાજે શું કહયું કે, મારે તો આ બ્રહ્માંડ રહેશે ત્યાં સુધી મોક્ષનો માર્ગ ચાલું રાખવો છે. અક્ષરધામમાં મારે સર્વે જીવને લઈ જવા છે. હમણાં હું તમને સર્વેને લઈ જાઉં, તો મારો આ મોક્ષનો માર્ગ બંધ થઈ જાય. માટે હું હમણાં તમને કોઈને ધામમાં નહીં લઈ જાઉં. સર્વે શાંતિ રાખજો. ધીરજ રાખજો અને આ આચાર્ય મહારાજ છે તે મારા ઠેકાણે છે. આટલા દિવસ હું એક સ્વરૂપે દર્શન આપતો હતો, હવે તમને આ ચાર સ્વરૂપે દર્શન આપીશ. એ ચાર સ્વરૂપ કયા? એક તો આ મૂર્તિ, અમદાવાદ અને ભુજમાં નરનારાયણ દેવ પધરાવ્યા, વડતાલમાં લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા, ધોલેરામાં મદનમોહનજી મહારાજ પધરાવ્યા, ગઢડામાં ગોપીનાથજી ભગવાન પધરાવ્યા એટલે કહે કે, અમે આ મૂર્તિઓ પધરાવી છે, તેમાં અખંડ નિવાસ કરીને રહેશું અને જે આચાર્ય મહારાજ કર્યા છે એને તમે પૂજજો. એમાં રહીને અમે તમારી સેવા અંગિકાર કરીશું. હવે આ સંતો ગોપાળાનંદ સ્વામી, બહ્માનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી એ સર્વે સંતો છે, તેમનો તમો સમાગમ કરશો, તો એમાં રહીને અમે

તમને ઉપદેશ આપીશું અને આ શાસ્ત્રોમાં રહી તમને જ્ઞાન દઈશું, એટલે તમે શાંતિ રાખજો. એટલે સર્વેનો શોક ટળી ગયો. ત્યારે કહેવાનો હેતુ એટલો જ કે, મહારાજ ધામમાં ગયા, પણ કલ્યાણનો માર્ગ તો ચાલુ જ રાખ્યો ને? શાસ્ત્રો રાખી ગયા, સંતો રાખી ગયા, આચાર્ય અને મૂર્તિઓ રાખી ગયા, તો મહારાજ કહે કે, આ બ્રહ્માંડ છે, ત્યાં સુધી આ મોક્ષનો માર્ગ ચાલુ રાખશું.

નારણદાસને અંતર્યામીપણુ દેખાડી ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો

કારીયાણીના વચનામતમાં કહ્યું કે, ભગવાન પોતાના ભકતના જેવા મનોરથો હોય,તે પૂરા કરવા માટે જ આ પથ્વી ઉપરપધારે છે. અમદાવાદની એક વાત લખી. અમદાવાદમાં એક ભકત હતા, તેઓ એક સફરજન અને એક જામફળ લઈ, થેલીમાં રાખી ભગવાનના દર્શને ચાલ્યા અને વિચાર થયો કે, આ સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે,ત્યારે જો એ મારૂં નામ લે, એનું નામ નારણદાસ હતું. મહારાજ નામ લઈને બોલાવે અને આ જામફળ અને સફરજન માંગી લે, તો એ ખરા ભગવાન કહેવાય. જામફળ અને સફરજન હાથમાં ન હતું થેલીમાં રાખ્યું હતું. તે તો પોતે ભગવાનના દર્શન કરવા ગયા. મહારાજને પોતે પગે લાગીને ઉભા. મહારાજે શું કહ્યું ? હે નારણદાસ, તમે આ સફરજન ને જામફળ અમારા માટે લાવ્યા છો એ થેલીમાં કેટલી વાર રાખશો ? લાવો, લાવો, અમે જમીએ. તે તો ચકિત થઈ ગયા! અહોહો ! આ ભગવાન તો જાણી ગયા અને કહે કે, હે મહારાજ! આ લ્યો, હું તો ચોખ્ખે પાણીએ ધોઈને લઈ આવ્યો છું. એ તમે જમો. મહારાજ ત્યાં જ જમવા મંડી ગયા. ત્યારે કહેવાનો હેતુ એટલો જ કે, આ ભગવાન પોતાના પ્રેમી ભકતોના જેવા જેવા મનોરથો હોય, તે પૂરા કરવાને માટે જ આ પથ્વી પર પધાર્યા છે.

હે સંતો આ બેલા તો શિખર ઉપર ખડક્જો હૃદયમાં નહીં

મહારાજ છતાં સર્વે સંતો અક્ષરધામના મુકત હતા અને ત્રણેય અવસ્થામાં ભગવાનની મૂર્તિ અખંડ દેખતા હતા. મહારાજે ગઢપુરની વાત લખી. ગઢપુરમાં મંદિર થાતું હતું, ત્યારે સંતો સર્વે પથરા ઉપાડતા, ત્યારે મહારાજ કહે કે, હે સંતો !

આ બેલા શિખર ઉપર ખડકજો, પણ અંતરમાં બેલા ખડકજો નહીં. અંતરમાં અમારી મૂર્તિ રાખજો. ત્યારે સંતો કાંઈ બેલા ખડકે એવા હતા નહીં. એ તો ત્રણેય અવસ્થામાં મહારાજની મૂર્તિ દેખતા હતા. પણ આપણને શીખવાડવું કે, સંતો હોય એને ભલે આ ભગવાન સંબંધી મંદિર કરવા પડે કે, સત્સંગની સેવા કરવી પડે, કે દેશ વિદેશમાં જઈને ભગવાનની કથા વાર્તા કરવી પડે, પણ અનુસંધાન ભગવાનની મૂર્તિનું જ રાખવું.

મારે પાર થયો ભવ પંથનો

એક સ્વામી હતા, ધ્યાન ભજન બહુ સારૂં કરતા. એમના મનમાં એવો સંકલ્પ થયો કે, હું હંમેશા ભગવાનના દર્શન કરવા જાઉ છું, તો આજે ભગવાન મારો હાથ ઝાલે અને મારૂં નામ દઈને બોલાવે, એવી મારી ઈચ્છા ભગવાન પૂરી કરે. એવો એમને સંકલ્પ થયો. એ સ્વામી તો ત્રણેય અવસ્થામાં ભગવાનની મૂર્તિ દેખતા. આજે પણ બીજા ભકતજનોને ઉપદેશ આપવાને માટે જ, આવા ભગવાન અને ભગવાનના સંતો આવા ચરિત્રો કરે છે. ત્યારે સંતો ભગવાનની મૂર્તિ સંભારતા. મહારાજ દિવ્ય સભામાં બિરાજમાન થયેલા છે. ચારેય બાજુએ સંતો, હરિભકતોની સભા ભરાઈને બેઠેલી છે. ત્યાં જઈને ભગવાનને પગે લાગીને, એ સ્વામિનારાયણ ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યા. ભગવાન તો અંતર્યામીપણે જાણી ગયા. એટલે કહે કે, હે સ્વામી, આવો. હે કપાનંદ સ્વામી, આવો, આવો. એમ કહીને મહારાજે સ્વામીનો હાથ ઝાલ્યો. તમારી ઈચ્છા હતી કે, મારો હાથ ભગવાન પકડે. સામે આવો, આવો બેસો. ત્યારે તે વખતે સ્વામી કીર્તન બોલ્યા,

" મારે પાર થયો ભવ પંથનો, પ્રીતે ઝાલ્યો રે, મારો હરિવરે હાથ
જાઉ વાલાજીને વારણે
મારે અડસઠ તિરથ અહીં મળ્યા, ન જાવું ગંગા જમના તીર
જાઉ વાલાજીને વારણે"

એમ સ્વામી કીર્તન બોલ્યા. ભવ પંથનો એટલે અહીંથી મુંબઈ જવાનો રસ્તો

હોય, કે કલકત્તા જવાનો રસ્તો, એ શેનો રસ્તો કહેવાય ? મારે પાર થયો ભવ પંથનો. ભવ એટલે આ સંસાર. સંસાર રૂપી આ પંથ. પંથ એટલે મારગ. મારે પાર થયો ભવ પંથનો. ભગવાને મારો હાથ ઝાલ્યો, એટલે મારો આ સંસાર રૂપી રસ્તાનો પાર આવી ગયો. પંથ પૂરો થઈ ગયો. તો આપણે પણ આ પંથ પૂરો કરવો પડશે ને ? સંસાર રૂપી પંથ પૂરો કરવો પડશે ને ?

આપણને પણ ભગવાને છેલ્લા પ્રકરણના ત્રેવીસમાં વચનામતમાં કહયું છે કે, ભગવાનની માનસી પૂજા કરીએ, ત્યારે ભગવાનને મળવું, એકવાર મળવું, બે વાર મળવું. ભગવાનના ચરણ છાતીમાં લેવા. મસ્તકે લેવા એમ મહારાજે વચનામતમાં લખ્યું છે. એમ પણ લખ્યું છે ને કે, જે જયારે સ્થુળ દેહે ભકિત કરતા હોઈએ, ત્યારે સુક્ષ્મ દેહને વિસારી દેવો. આ ત્રણ દેહની ભાવના ટાળીને, આપણે જો માનસી પૂજા કરીએ કે ધ્યાન ભજન કરીએ. એટલે મહારાજ કહે કે, આ સંસારરૂપી પંથ પૂરો થઈ ગયો. ત્યારે આપણે પણ આ સંસારરૂપી સમુદ્ર તરવો છે ને ? એટલે એક કીર્તનમાં લખ્યું કે, "જાવું મારે સામે તીર, કે સંતો જાવું મારે સામે તીર." સામે તીર એટલે આ સમુદ્રનો કાંઠો હોય, એને તીર કહો કે કાંઠો કહો. એટલે આ કાંઠામાંથી મારે સામે કાંઠે જાવું છે. તે કયારે જવાય ? જ્યારે સ્ટીમર હોય કે વહાણ હોય ત્યારે. એમ મહારાજ કહે કે, આપણને આ સત્સંગ રૂપી નાવ મળ્યું છે. "નાવ નવિન નાંગરિયું છે વહાલે, બેસો તો થઈ જાવ ભવ પાર" ભગવાને આ નાવ નવિન, એટલે સારૂં નાંગર્યું છે. બેસો તો થઈ જાય ભવ પાર. આ સત્સંગરૂપી નાવમાં બેસી જાશું, તો સામે કિનારે પહોંચી જાશું. તો નાવ હોય પણ નાવિક ના હોય, તો નાવ કોણ ચલાવે ? તે એલ.એલ.બી. થયેલો હોય, પણ આ નાવ ચલાવી શકે નહીં. નાવ તો કોણ ચલાવે ? એ તો ખેવટીયા હોય તે જ ચલાવી શકે. તેમ મહારાજ કહે કે, આ સત્સંગ રૂપી નાવ મળી ગયું છે. એટલે આ નાવ ચલાવનાર સારા સંતો, ભગવાનના ભકતો હોય તે જ નાવ ચલાવી શકે ને ?ત્યારે આપણે સર્વેને આ સત્સંગરૂપી નાવ મળી ગયું છે, તો આપણે દરેકે આ સાચે ભાવે ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરી અને આપણી જે કાંઈ ખામી હોય, તે ટાળી અને દિન દિન પ્રત્યે, ભગવાનની મૂર્તિમાં હેત થાય અને

દેહને અંતે આપણે ભગવાનની સેવામાં રહી જવાય, તે કામ કરવાને માટે આપણે સર્વેએ કાળજી રાખી ભજન વિશેષ કરવું.

માનસીપૂજાનો મહિમા

બીજું, માનસી પૂજાનો મહિમા મહારાજે બહુ કહયો છે. સારંગપુરના ત્રીજા વચનામતમાં લખ્યું કે, બે પ્રકારના ભકત છે. એક તો ભગવાનની પ્રત્યક્ષ પૂજા કરે છે અને એક તો નાના પ્રકારના માનસી ઉપચારો વડે ભગવાનની પૂજા કરે છે. એમાં શ્રેષ્ઠ કોણ છે? એના ઉત્તરમાં ભગવાને કહયું કે, પ્રેમે કરીને ગદ્ ગદ્ કંઠે થઈ અને રોમાંચિત ગાત્રો વડે માનસી પૂજા કરે છે, તો એ પણ શ્રેષ્ઠ છે અને પ્રત્યક્ષ એટલે ભગવાનને લાડવા, જલેબી, સાટા, મોહનથાળ આદિ પકવાનો બનાવીને જમાડે, તો મહારાજ કહે કે, તે બંને ભકત હેતે કરીને જે કરે છે તે શ્રેષ્ઠ છે.

આપણા સંપ્રદાયમાં મહારાજે પાંચ વખત માનસી પૂજા કરવાનું કહયું છે. તો તમો સર્વે જોકે કરતા જ હશો. પણ કેટલાક વળી આળસે કરીને, કે વ્યવહારિક કાર્ય કરીને ઓછું વધું થાતું હોય તો આપણે કાળજી રાખીને કરવાનું. મોટા સંતો કહેતા કે, સવારની માનસી પૂજા તો આપણે સવારની પૂજા કરીએ, ત્યારે થઈ શકે છે. બપોરની માનસી પૂજા કેટલાક વેપારી, હોય દુકાને જાતા હોય, કેટલાક ઓફિસર હોય, સાહેબ હોય એને બપોરે બાર વાગ્યે ટાઈમ ન મળે, તો મોટા સંતો કહેતા કે, આઠ વાગ્યાથી કરીને બપોરના એક વાગ્યા સુધી બપોરની માનસી પૂજા થઈ શકે. ચાર વાગ્યાની માનસી પૂજા આપણે સંજોગવસાત્ જો ચાર વાગ્યે ન થાય તો, ચાર વાગ્યાથી કરીને સાંજના સાત વાગ્યા સુધી પણ, સાંજના ચાર વાગ્યાની માનસી પૂજા થઈ શકે. સાંજના તો આપણને ટાઈમ મળી જાય અને સૂતી વખતની તો આપણે ચેષ્ટા બોલતા હોઈએ, ત્યારે કરાય અથવા સૂતી વખતે આપણે મહારાજને દૂધ,પાણી પાઈ પોઢાડવા. એવી રીતે તમે સર્વે કરતા હશો, પણ થોડી ઓછી વધુ કરતા હોવ, તો આગળ પાછળ જરાક કામકાજ કરીને પણ થોડી માનસી પૂજાની પાંચ વખતની ટેવ પડે તો સારૂં કહેવાય. તમે સર્વે કરતા તો હશો જ. પણ કોઈ સંજોગવસાત્ ઓછી વધુ કરતા હો તો આપણે કાળજી રાખીને કરવું. કેમકે, કામ તો આ દુનિયામાં ગહસ્થ

લોકો રહયા એટલે ખેડૂત હોય તે ખેતી કરતા હોય, વેપારી હોય તે વેપાર કરતા હોય, નોકરીવાળા નોકરી કરતા હોય, કામ કરવાની તો ભગવાને ના પાડી નથી. પણ એવી રીતે વ્યવહારિક કાર્ય કરતા કરતા આપણે ભગવાન ભજવાની લટક પાડી દેશું ,તો મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે, આ પ્રમાણે જો વર્તે તો આ લોકમાંય સુખિયા થાય છે અને તે આપણે સત્સંગમાં દેખીએ પણ છીએ કે, આપણા સત્સંગીઓ બ્રાહ્મણથી કરીને હરિજન પર્યંતના સત્સંગીઓ છે પણ સ્વામિનારાયણ ભગવાનનો આશરો રાખીને જે કોઈ ભજન ભકિત સત્સંગ કરે છે,તો એની અન્ન, વસ્ત્ર અને આબરૂએ કરીને ભગવાન સહાયતા કરે જ છે. એ આપણા સત્સંગમાં દેખાય છે. તો આપણે કાળજી રાખી ભજન કરવું.

સ્નાનાદિક ક્રિયામાં ભગવાનની મૂર્તિ સંભારવી

સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી દયા કરી. પોતે આપણા સર્વેના સુખને માટે અક્ષરધામમાંથી અહીં પધાર્યા અને આપણને સૌને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપવાને માટે જ, આ ભગવાને પોતે આવા ચરિત્રો કર્યા. છપૈયાની ઘનશ્યામ મહારાજની વાત આવે છે. મહારાજ પોતે વેણી, માધવ, પ્રાગ આદિક બધા ભગવાનના સખાઓ સાથે ત્યાં નારાયણ સરોવરમાં સ્નાન કરવા ગયા, ત્યારે ત્યાં સ્નાન કરીને ઘણા પ્રકારની જળ ક્રિડા કરી. ત્યારે તેઓ આપણને શું શીખવાડે છે કે, આપણે પણ જ્યારે ન્હાવા બેસીએ, ત્યારે એમ જાણીએ, કે આપણા સાથે ભગવાન પણ નહાય છે. આપણા ઉપર ભગવાન પાણી ઉડાડે છે. ભગવાનને આમ પાણીથી નવરાવીએ છીએ. એમ તમે બધા કરો છો ને ? કે હવે કરશો? એવી રીતે આપણે ભગવાનની મૂર્તિ સંભારીને નહાઈએ, ને જાણે આપણા ભેળા આ ભગવાન નહાય છે. આપણે પણ ભગવાન ઉપર પાણી ઉડાડીએ છીએ, આપણા ઉપર ભગવાન પાણી ઉડાડે છે. આપણે ભગવાનને નવડાવીએ છીએ.

એક મોટા સંતે એક કીર્તનમાં લખ્યું કે, અંગો અંગ ચોળીને ભગવાનને નવડાવવા. જ્યારે એવી રીતે આપણે ધ્યાન, એટલે શું ? કે મનની વત્તિ ભગવાનની મૂર્તિમાં રહે તે ધ્યાન કહેવાય. ભલે આખ્યું મીંચીને કરીએ કે ખુલ્લી આંખે કરીએ. બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું કે,

"રાજે ચરણે લાંબી ઉર્ધ્વ રેખું,
હું તો ધ્યાન વિના એને દેખું"

ભગવાનના ચરણમાં એવી ઉર્ધ્વ રેખાનું ચિહ્ન છે, તે હું ભગવાનનું ધ્યાન કર્યા વિના પણ દેખું છું. એટલે આપણે પણ આંખ ખુલ્લી હોય, કે બંધ હોય, મહારાજે પ્રથમ પ્રકરણના ઓગણ પચાસમાં વચનામતમાં એમ લખ્યું છે કે, બહાર મૂર્તિ સામું જોઈએ કે અંદર મૂર્તિ સામું જોઈએ તે અંતરવૃત્તિ કહેવાય.

ક્યારેય પણ ક્રોધ ન કરવો

છપૈયામાં મહારાજે એવી લીલા કરી ! આંબાના ઝાડ ઉપર બધા સખાઓ વેણી, માધવ સર્વે ઘનશ્યામ મહારાજ ભેળા ગયા અને ત્યાં કેરી ઉતારી અને પોતે પણ જમ્યા અને સર્વે સખાઓને પણ જમાડયા. ત્યાં બીજા ઘણાંક લોકો આવ્યા અને આ આંબાના ધણી પણ આવ્યા. ત્યારે ઘનશ્યામ મહારાજ ઉપર ચડી ગયા અને ધણીયે કેરી ઉતારતા જોયા અને એને ગુસ્સો આવ્યો. એને તો એકદમ ક્રોધ આવી ગયો, કે આ છોકરાઓ બધા કેરી કેમ ઉતારી લે છે? ત્યારે તેને છોકરાઓ ઉપર એકદમ ક્રોધ આવ્યો. એને ક્રોધ થયો પણ ઘનશ્યામ મહારાજે ક્રોધ કર્યો નહીં. પછી આમ થી આમ ગયા. ડાળખી ઉપર ગયા, વળી તે ડાળખી ઉપર આવે. ત્યાંથી બીજી ડાળખી ઉપર ચડી જાય. ઘનશ્યામ મહારાજ તો તે વખતે નાનકડાં હતા. બે ત્રણ કે ચાર પાંચ વર્ષની ઉમર હશે, પણ આમથી આમ દોડે, વળી બીજી ડાળખી પર જાય. ત્યાંથી આંબાનો માલિક ઉપર ચડે તો પોતે નીચે આવી જાય. પણ ઘનશ્યામ મહારાજ કયાંય હાથમાં આવ્યા નહીં. આપણને તો ઘનશ્યામ હાથમાં આવી ગયા. તે ઘનશ્યામ મહારાજને આપણે પકડી રાખવા.

મહારાજે લોયાના પહેલા વચનામતમાં લખ્યું છે કે, ક્રોધ ન કરવો. જરાક ક્રોધ આવે તો બીજાને બાળે, પણ પહેલા તો પોતાને બાળે. આપણા અંતરમાં એકદમ વિક્ષેપ થઈ જાય. ત્યારે મોટા સંતોએ એ પણ લખ્યું કે, કરોડ રૂપિયાનું દાન કરે અને તે એકવાર ક્રોધ કરે તો તે કરોડ રૂપિયાનું દાન નિષ્ફળ થઈ જાય. તમે કોઈ ક્રોધ કરતા હો તો આજથી બંધ કરી દેજો. મહારાજે ક્રોધનું નામ " વિરૂપ " લખ્યું છે.

વડોદરાના નાથભક્ત

મહારાજે વડોદરાના નાથ ભકતની વાત લખી છે. મહારાજે વચનામતમાં પણ નાથ ભકતની શાખ પુરી છે. નાથ ભકત જેવા ભગવાનને વિષે નિષ્ઠાવાળા ઘણા હરિભકતોના નામ લખ્યા. ત્યારે નાથ ભકત એવા બહુ પ્રેમી અને ભગવાનની મૂર્તિનું ધ્યાન, ભજન, કથા, વાર્તા કર્યા જ કરે. પોતે ગહસ્થાશ્રમમાં હતા. વ્યવહારિક કાર્ય પણ કરતા. છતાં પણ મહારાજની મૂર્તિ ત્રણેય અવસ્થામાં દેખતા હતા. કેટલાક એમ કહે કે, સ્વામી ! અમને ગહસ્થોને તો કેટલાય પ્રકારની પ્રવત્તિ હોય, તો અમારાથી એવું ધ્યાન કેમ થાય ? પણ મહારાજે મોટા મોટા ભકતજનોના દ્રષ્ટાંત આપ્યા અને મેં પણ એવા પાંચ સાત ભકતજનોના દર્શન કર્યા હતા. તે ગહસ્થાશ્રમમાં હતા, પણ અખંડ મહારાજની મૂર્તિ દેખતા. જેમ મોરનો કંઠ ચાલે, તેમ એને અખંડ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ થયા કરતું. ત્યારે ગહસ્થાશ્રમમાં રહીને નથી થાતું, એવું આપણા શાસ્ત્રમાં કયાંય કહયું નથી. અને પરોક્ષ ભકત જનક રાજાનું નામ પણ મહારાજે વચનામતમાં લખ્યું કે, જનક જેવા રાજા રાજ કરતા હતા,છતાં પણ પોતે "વિદેહી" કહેવાયા. "વિદેહી" એટલે એને દેહનું ભાન નહીં અને આપણા સંપ્રદાયમાં તો ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર, મયારામ ભટ ઘણાંક એવા ભકતોના શાસ્ત્રોમાં નામ લખ્યા છે. તો એવો જો અભ્યાસ કરે તો ન થાય એવું શું છે ?

બીજું, નાથ ભકત બહુ પ્રેમી હતા, પણ પોતે સવારના વહેલા ઉઠી બહાર નદીએ ભગવાનની મૂર્તિને સંભારીને નહાવા જાય. હું પહેલા સાધુ થયો ત્યારે વીસ વર્ષ સુધી બહાર જ નહાવા જતો. કૂવામાંથી પાણી ખેંચી અને ગમે તેવી પોષ મહિનાની ઠંડી હોય, પણ એવું પાણી સીંચી ને નહાતા. હવે આ નાથ ભકત નહાઈ ને આવતા હતા. મનમાં સ્વામિનારાયણ ભગવાનનું ભજન કરતા કરતા ચાલ્યા આવતા. ત્યારે એક છોકરો રમૂજી હતો. અરે ! આ ભગતડો અમને સૂવા દેતો નથી. અમે હજુ સૂતા જ છીએ અને આ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ બોલીને અમને જગાડી દે છે. એને ક્રોધ થઈ ગયો. આવેગે કરીને જેમ તેમ બોલવા મંડયો અને આ નાથ ભકત ઉપર થૂંકવા મંડયો. ત્યારે આ નાથ ભકત તો ભગવાનની મૂર્તિ સંભારી. થૂંકે એટલે

તો અપવિત્ર થઈ જાય ને ? એટલે પૂજા તો થાય નહીં, એટલે વળી ફરીને નહાવા ગયા. વળી થૂંકે. એમ કરતા કરતા સીત્તેર વખત છોકરો થૂંકયો. પણ આણે ક્રોધ કર્યો નહીં. આજુબાજુ બીજા માણસો હતા એમણે જોયું કે, આ છોકરો બહુ બગડી ગયો છે. આ ભકતને બહુ જ હેરાન કરે છે. તે ભકતને પૂછવા મંડયા. કેમ નાથ ભકત ! આ છોકરો તમારી ઉપર સીત્તેર વાર થૂંકયો અને તમે સીત્તેર વાર નાહ્યા. તમને કાંઈ ક્રોધ થયો નહીં ? તે કહે કે, મારી પાસે ક્રોધ છે નહીં, તો કયાંથી થાય. તો આપણે પણ એવું શીખવું પડશે ને ? સર્વેને શીખવું પડશે. સર્વે શીખેલા તો છો જ ! પણ જો કોઈ ન શીખ્યા હો તો આપણે એવું શીખવું. કેમકે, ક્રોધ તો પુણ્ય માત્રનો ક્ષય કરી નાંખે છે. ક્રોધ તો જરાક પણ થાય તો પુણ્યનો ક્ષય કરી નાંખે. એટલે આજથી એવો નિયમ રાખજો કે, હવે ક્રોધ કરવો નહીં. પણ હોય તો મૂકી દેશો ? કે ઓછો કરશો ? ભગવાનના ચરણમાં સોંપી દેવું.

જ્યારે સંતો વર્તમાન ધરાવે ત્યારે સર્વે પાપ નાશ પામી જાય છે

આપણે વર્તમાન ધરાવીએ, ત્યારે આ સંતો વર્તમાન ધરાવે ત્યારે હાથમાં પાણી લઈને એમ કહે છે ને કે, "કાળ માયા પાપ કર્મ યમદૂત ભયાદહમ્ શ્રી કષ્ણ દેવ શરણં પ્રપન્નોઽસ્મિ." તન, મન, ધન અનેક જન્મના કર્મો હે ભગવાન ! તમારા ચરણોમાં. એમ આ સંતો વર્તમાન ધરાવે ત્યારે એમ બોલે છે. આમ તો તે શિષ્યને પોતાને બોલવાનું હોય, પણ એને આ ખબર ન હોય, એના વતી આ સંતો બોલે છે. શું બોલે છે કે, કાળ, માયા, પાપ, કર્મથી હું બીવું છું, તો હે ભગવાન ! આ તન, મન, ધન અને અનેક જન્મના કર્મ, ભગવાનના ચરણમાં અર્પણ કરૂં છું. જયારે સંતો વર્તમાન ધરાવે, ત્યારે તે સર્વે પાપનો ક્ષય થઈ જાય છે. આથી પહેલા આપણે કેટલાય જન્મો ધરી આવ્યા છીએ? પાંચ કે દશ દેહ ધર્યા હશે ? કેટલા ? ચોર્યાશી લાખ લખ્યા છે. ત્યારે ચોર્યાશી લાખ જન્મોના પાપ આપણે ભેળા લાવ્યા છીએ. કૂતરા, ગધેડા, બિલાડા, સર્પ, સિંહ, વાઘ એવા અનેક અવતારોમાં આપણે કેટલાં પાપ કર્યા હશે? તો તે પાપનું પ્રાયશ્ચિત કરવા જઈએ, તો સો જન્મે કે કરોડો જન્મે પણ આપણે તે પાપનું પ્રાયશ્ચિત કરી શકીએ નહીં. પણ આ ભગવાન અને ભગવાનના સંતો દયાળુ છે, એટલે આવી રીતે વર્તમાન ધરાવે, એટલે એના પાપ માત્ર બળી જાય છે. પણ પછી નવા પાપ

કરીએ તો શું થાય ? વર્તમાન ધરાવ્યા ત્યારથી આપણા પાપ તો બળી ગયા. પણ પાછા વળી આપણે કર્મ કર્યા જ કરીએ, તો મારા ગુરૂ એક વ્યાપારીની વાત કરતા કે,વ્યાપારી હોય તે દુકાનમાં ખાંડ, ગોળ, ઘી આદિક વસ્તુ લે અને વેંચ્યા કરે. વળી થોડીક રહે અને થોડીક લઈ આવે, વળી વેંચે. પણ તે દુકાન ખાલી થાય, તો વ્યાપારી વેપાર શેનો કરે ? મોટા સંતોએ દ્રષ્ટાંત આપ્યું કે, અચાનક લ્હાય લાગે તો તે માલ બળી જાય, ને દુકાન ખાલી થઈ જાય, એમ આપણે આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન કરીએ એટલે અનેક જન્મના પાપનો ક્ષય થઈ જાય. એટલે આપણે નવા પાપ તો કયારેય કરવા નહીં.

ભુજ નગરના પ્રેમબાઈ

ભુજ નગરના એક પ્રેમબાઈની વાત લખી છે કે, ભુજ નગરમાં મહારાજ ઘણી વખત ગયા અને સાત વર્ષ સુધી મહારાજ કચ્છમાં ફર્યા હતા. એક સમયે મહારાજ પોતે ત્યાં ભુજ નગર પધાર્યા. ત્યાં એક લીલાધર કરીને બ્રાહ્મણ ભકત હતા, બહુ સારા પ્રેમી હતા. ત્યારે એમણે મહારાજને આમંત્રણ આપ્યું. મહારાજ ! મારે ઘરે દયા કરીને જમવા પધારો. એનો પ્રેમ જોઈને અને એની માતાનું નામ પ્રેમબાઈ હતું. પ્રેમબાઈ પણ એવા જ પ્રેમની મૂર્તિ હતા. ભગવાનને વિષે એમનો પ્રેમ ! ભલે સ્ત્રીનો દેહ હતો છતાં પણ પોતે આ ભગવાનની મૂર્તિનું અખંડ ધ્યાન કર્યા કરે. એમને અખંડ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ થયા કરે.

મહારાજે સત્સંગીજીવનમાં પણ કહયું છે કે, આ સંતોએ બાઈયુંને વાત કરવી નહીં. આ સંતો બાઈયુને વાતો સંભળાવે નહીં, તો એમનું કલ્યાણ કયાંથી થાય ? મહારાજ કહે, કે આ સંતો જો સ્ત્રીને ઉપદેશ આપે, તો એના બ્રહ્મચર્ય વ્રતમાં ભંગ પડી જાય અને તે મોક્ષના માર્ગમાંથી પડી જાય. પછી બીજા ભકતે પ્ર ન કર્યો, તે તો સાધન દશા વાળા હોય, એને તો બરાબર પણ જે સિદ્ધ દશા વાળા હોય તે કેમ પડે ? તે વખતે તો મહારાજના સર્વે સંતો સિદ્ધ દશાવાળા જ હતા. મહારાજ કહે કે, આ સિદ્ધ દશાવાળા સંતો ઉપદેશ આપવા મંડે, ને એવી રીતે કરવા માંડે તો મોટા સ્વામી બોલવા મંડે, પછી નાના સ્વામીઓ પણ શીખવા મંડે. તો પછી પતન થઈ જાય. એટલે મહારાજે ના પાડી. ત્યારે એનું કલ્યાણ કેમ થાય? તો મહારાજે એના ઉત્તરમાં

શું લખ્યું છે કે, પતિ કથા સાંભળવા ગયા હોય ને જે પતિ, પિતા, પુત્ર કે ભાઈએ કથા સાંભળી હોય તે એને એવી રીતે ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું કરે તો એણે કરીને એનો મોક્ષ થઈ જાય. આ પ્રેમબાઈ હતા એમણે સંતોનો સમાગમ કર્યો ન હતો. પણ આવી રીતે એના પતિ, એના પુત્ર એના થકી ભગવાનના મહિમાની, ધ્યાન, ભજનની વાતું સાંભળેલી. તે લીલાધર ભકતે પોતાની માતાને કહ્યું, આજ તો આપણે ઘરે ઘનશ્યામ મહારાજ જમવા પધારશે. બાઈ તો રાજી થઈ ગયા. અહોહો ! આજ તો મારે ઘેર ભગવાન જમવા પધારશે ! એણે તો શીરો, પૂરી, દાળ, ભાત, શાક, ભજીયા એવા પકવાન બનાવ્યા. ત્યારે મહારાજ ઘરે આવ્યા. બાઈએ ભગવાનના દર્શન કર્યા. તે ભગવાનના દર્શન કરતા કરતા એને સમાધિ થઈ ગઈ. અહોહો ! આ મારે ઘેર ભગવાન પધાર્યા ! બાઈના અંતરમાં તો આનંદનો પાર ન રહયો. કીર્તનમાં પણ મુકતાનંદ સ્વામીએ લખ્યું કે,

"સજની! કોડે આનંદ મારે ઘેર શ્રીજી પધાર્યા,
આવી મારા તનડાના તાપ નિવાર્યા,
સજની! કોડે આનંદ મારે ઘેર શ્રીજી પધાર્યા"

તે બાઈને સમાધિ થઈ ગઈ અને મહારાજે તે બાઈને સમાધિમાં અક્ષરધામ દેખાડયું. બાઈને તો એ પછી એ....ય આમ આનંદના ફુંવારા વહેવા લાગ્યા, ને નાચવા મંડયા, શરીરનું ભાન ભૂલી ગયા. ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા. આપણે પણ એવું કરવાની કોશીશ કરવી.

તમને સર્વેને ભગવાને આ સત્સંગમાં જન્મ આપ્યો છે તો, તમારા મોટા ભાગ્ય કહેવાય. તે બાઈને તો અંતરમાં ઠંડા ઠંડા શેરડા પડવા મંડયા, ને આનંદ આનંદના અંતરમાં ફુંવારા વહેવા લાગ્યા. એમ શાંતિ શાંતિ થઈ ગઈ. પાંચ મિનિટ તે બાઈ ધ્યાનમાં રહયા– સમાધિમાં. મહારાજે ચપટી વગાડી, ધ્યાનમાંથી જાગ્યા ને આ બાઈએ પ્રેમે કરીને શીરો, પુરી, દાળ, ભાત, શાક ખૂબ પ્રેમથી ભગવાનને જમાડયા અને આવી રીતે ભગવાનના દર્શન કરી અને બાઈને આનંદ થઈ ગયો. જુવો ! તે બાઈનો અબળાનો દેહ હતો, છતાં પણ ભગવાનને વિષે એનો પ્રેમ. ત્યારે આમાં વાત લખીને કે, ભગવાન પોતે પકડાણા નહીં, પણ આ બાઈએ પ્રેમથી પકડી લીધા.

પહેલા આપણે વાત કરી કે, ભગવાન આંબા પર ચડયા. તે માલિક પોતે આંબા ઉપર આમ થી તેમ ફરવા લાગ્યા, પણ ભગવાનને પકડી શકયા નહીં. હવે તે કયાંથી પકડી શકે? એના પુણ્ય ન હતા. પણ આ બાઈએ શું કર્યું ? પ્રેમથી પકડી લીધા. તેમ આપણે પણ આ ભગવાનનું ધ્યાન, ભજન, કથા, વાર્તા કરી અને આ ભગવાનને સંભારશું, તો આ ભગવાન એવા દયાળુ છે કે, પોતાના ભકતને મહારાજે વચનામતમાં લખ્યું છે કે, હું તો મારા ભકતનો પણ ભકત છું અને મારા આવા ભકતને અર્થે મારો આ દેહ કૃષ્ણાર્પણ કરી નાંખ્યો છે. જુઓ ! ભગવાને તો આપણા માટે દેહ કૃષ્ણાર્પણ કરી નાંખ્યો છે. આપણે પણ ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરશું તો, ભગવાન પોતે જ સંકલ્પ ધારીને, અક્ષરધામથી અહીં પધાર્યા છે. " કે જાણીએ આખી જકતને, લઈ જાવું મારે ધામ, કેડે ન રાખીએ કોઈને, એમ બોલ્યા શ્રીઘનશ્યામ" કે, આખા જગતને મારે મારા ધામમાં લઈ જાવું છે.

મોટા સંતો પણ લખી ગયા કે, ઝાડમાં જેટલા પાંદડા હોય, તે પાંદડે પાંદડે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેવરાવવું છે. તો હવે કયારે એ પાંદડા બોલશે તે આપણને ખબર નથી, પણ મહારાજનો એવો સિદ્ધાંત જે સંકલ્પ હતો. એટલે ભગવાનની ઈચ્છાથી થઈ જાશે. માટે આપણે પણ સાચે ભાવે ભગવાનનું ભજન કરશું, તો ભગવાન એવા દયાળુ છે કે, જરૂર પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. મહારાજે મધ્યના ઓગણપચાસમાં વચનામતમાં વાત કરી કે, અમારે તો ભગવાનના કીર્તન ગાવા, ભગવાનની કથા, વાર્તા સાંભળવી, ભગવાનનું સ્મરણ કરવું અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું, એમાંથી કયારેય મન તપ્ત થાતું જ નથી.

તક તક ફરર....

સર્વ શાસ્ત્રો કે સંતો કે ભગવાનના ભકતોનો એક જ સિદ્ધાંત છે કે, આત્મા સત્ય છે, દેહ નાશવંત છે અને આત્માને વિશે રહેલા તે પરમાત્મા સત્ય છે. પરમાત્માને વિશે પ્રેમ કરવાને માટે જ આપણે સર્વે અહીં ભેળા થયા છીએ. તો આપણે દરેકે તે કાળજી રાખવી. એક જાડું દષ્ટાંત મોટા સંતોએ આપ્યું કે, એક સમયે એક ભરવાડ હતો, તે એને ભગવાનને વિશે પ્રેમ થઈ ગયો. સાઈઠ વર્ષની ઉંમરે તે સાધુ બન્યા. ત્યારે એક જુવાન સંત હતા એને જોડ હતી નહીં. એને એમ કે જો મને આ સાધુ મળે, તો

જોડ થાય. એટલે એને સાધુ બનાવ્યા. હવે સાઈઠ વર્ષની ઉમરે સાધુ થયા અને પાછા ભરવાડ જ્ઞાતિ એટલે પ્રથમથી જ એને જ્ઞાન હતું નહીં. ત્યારે આ શિષ્યને કહયું કે, તમે માળા ફેરવજો, ભગવાનનું નામ લેજો. ત્યારે આ ભરવાડ બીજે ગામ જાય, ત્યારે સંત શું કહે કે, આ મારા ગુરૂ છે. આ મોટા સંત છે. તે આખો દિ' ભગવાનનું ભજન કરે છે. એમ આ શિષ્ય નાના, અને ગુરૂ વદ્ધાવસ્થાએ સાધુ થયા એમ કહે તો ખરાબ લાગે. એટલે એમ કરતા કરતા, એક સમયે રસ્તામાં ચાલ્યા જતા હતા. ત્યાં એક ગામ આવ્યું. ત્યાં સભા કરીને આ શિષ્ય ને ગુરૂ ભગવાનની વાતું કરતા હતા. શિષ્ય નાની અવસ્થાવાળા. ત્યાં રસ્તામાં ચાલતા ચાલતા ઘેટાંનું ટોળું આવ્યું ત્યારે એ ભરવાડને ઘેટાં ને બકરા ને ગાયોને પહેલા ચારતો તે યાદ આવ્યું. તે બોલ્યો "તક તક ફરર્ર" એટલે બધા કહે કે, આ તો ગુરૂ બોલ્યો,ગુરૂ બોલ્યા. ગુરૂ મહારાજ બોલ્યા પણ આ ગુરૂ મહારાજને બીજી કાંઈ ખબર હતી નહીં. ગુરૂને તો પહેલાનું સાંભરી આવ્યું. પણ શિષ્યે ઉત્તર શું કર્યો ? કે ભાઈઓ, આ ગુરૂ મહારાજ બહુ મોટા છે અને ઉપદેશ આપે છે. શું ઉપદેશ આપે છે કે, તક એટલે આ સમય ભગવાનને ભજવવાનો સારો આવ્યો છે.તો આ સમયે આપણે જો ભગવાનની ભકિત નહીં કરીએ તો આ ફરર થઈ જશે. દેહમાંથી આ જીવ ચાલ્યો જશે. સર્વે સમજી ગયા, અ હો હો હો ! આ ગુરૂ શિષ્યે બહુ સારી વાત કરી. કહેવાનો હેતુ એટલો જ છે કે, આપણને આ સમય બહુ સારો મળ્યો છે. તો કાળજી રાખીને ભજન, ભકિત કરશું તો થોડાંક સમયમાં કામ થઈ જાશે અને નહીં કરીએ તો મત્યુ કોઈની વાટ જોશે નહીં. એટલે આપણે સર્વેએ કાળજી રાખી ભજન વિશેષ કરવું.

પ્રશ્નોત્તરી

પ્ર ન :ભગવાનની મૂર્તિનું સુખ જો ક્ષણ માત્ર પણ લીધું હોય, તો જાણે લાખો વર્ષ સુધી તે સુખ લીધું હોય તેવું લાગે છે, તો મંદિરમાં કલાકો સુધી મૂર્તિ સામે બેસી રહેવા છતાંય એ સુખ કેમ નથી આવતું ?

ઉત્તર :આપણે એવો અભ્યાસ ઈન્દ્રિયો અને અંતઃકરણને બરાબર એકાગ્ર કરીને કરીએ તો તે સુખ જરૂર આવે જ છે.

પ્ર ન :સાંખ્ય વિચાર કરતા શીખવો એટલે શું ? તે કેમ શીખવો ? સાંખ્ય અને યોગ એ બે મત એટલે શું ?

ઉત્તર :તો મહારાજે વચનામતમાં આ બાબતમાં લખ્યું છે કે, સાંખ્ય એટલે આ બધું ખોટું કરવું અને યોગ એટલે ભગવાનની મૂર્તિમાં જોડાવું. એમ હંમેશા જો આપણે અભ્યાસ કરીએ તો આસ્તે આસ્તે થઈ જાય છે.

પ્ર ન :ક્રોધ કેમ કરીને જીતાય ?

ઉત્તર :તો હમણાં આપણે નાથ ભકતની વાત કરી હતી કે, એણે એવો અભ્યાસ કર્યો, કે ભગવાનની મૂર્તિમાં સુખ છે અને જરાક જો આપણે ક્રોધ કરશું, તો પુણ્યનો ક્ષય થઈ જાશે. તો આપણે એવો અભ્યાસ કરીએ કે, મનમાં બીક રાખીએ, કે જો આપણે ક્રોધ કરશું, તો આપણા પુણ્યનો ક્ષય થઈ જાશે. માટે કાળજી રાખીને ક્રોધ ન કરવો.

પ્ર ન :સ્વામિનારાયણ ભગવાન મનુષ્ય સ્વરૂપે હતા ત્યારે કેવા હતા ? ગૌર, શ્યામ કે કષ્ણ જેવા.

ઉત્તર : ત્યારે મહારાજે વચનામતમાં લખ્યું અને મોટા સંતોએ પણ લખ્યું કે, નવિન મેઘના સમાન. નવિન વરસાદના વાદળા આકાશમાં થયા હોય, તો તે કાળા પણ ન હોય અને ધોળા પણ ન હોય, એવો મહારાજનો નવિન મેઘના સમાન વર્ણ હતો.

પ્ર ન :મંગળાની મૂર્તિનું ધ્યાન ખૂબ જ ગમે છે. એકલું ધોતીયું ધારણ કર્યું હોય, તેવું તો આખો દિવસ ગમે છે. તો તે મૂર્તિનું ધ્યાન કરી શકાય કે કેમ ?

ઉત્તર :એ તો બરાબર છે, એમ કરી શકાય, એમાં કોઈ વાંધો નથી. તેને ઉપાંગ ધ્યાન કહેવાય.

પ્ર ન :ગ્રહણમાં વચનામત વાંચી શકાય? સ્વામિનારાયણ ભગવાનની નોટ લખી શકાય અને માળા ફેરવી શકાય કે કેમ?

ઉત્તર :ગ્રહણમાં એક શિક્ષાપત્રી ન વાંચી શકાય. કેમ કે, મહારાજે કહયું છે કે, આ શિક્ષાપત્રી મારૂં સ્વરૂપ છે.બાકી વચનામત તો આપણે વાંચીએ છીએ, બીજી ચોપડીઓ તો આપણે વાંચીએ જ છીએ અને નોટબુક તો આપણે એક જ લખતા હોઈએ તો લખી શકાય.

પ્ર ન : મત્યુ પછી બારમાં સુધી રસોઈ જમી શકાય કે નહીં ? નજીકના સગા હોય તો જમવું કે નહીં ?

ઉત્તર : આમ તો મહારાજે શિક્ષાપત્રીમાં ના પાડી છે કે, બારમાં સુધીનું જમવું નહીં. બારમા સુધી એમાં પ્રેતનો વાસ છે. બારમું પુરૂં થઈ જાય, પછી એના પાછળ જે દાન પુણ્ય કર્યું હોય, તેમાં ભગવાનના ભકત હોય, એ તો ભગવાનના ધામને જ પામે, પણ બીજા જે હોય એના પાછળ જે દાન પુણ્ય કર્યું હોય, તે તેને મળે છે અને તેની ગતિ થઈ જાય છે. નજીકના કાકા કે તે સગા સંબંધી હોય, તે તો ભેળા ખાતા હોય, એને તો તેર દિવસ સૂતક પાળવું જ પડે.

પ્ર ન : આવો સત્સંગ મળ્યો, મહારાજની ઓળખાણ થઈ, આવા સંતો મળ્યા એટલે અમારા પુણ્ય છે એ તો નક્કી જ છે. રોજ બે ટાઈમ મંદિરના દર્શનનો લાભ મળે જ છે પણ ધ્યાન કરતા મૂર્તિ નથી દેખાતી તેનું કારણ શું છે ? સુખ મેળવવા માટેનો રસ્તો બતાવો, અમને જરૂર એ સુખ લેવું છે.

ઉત્તર : ધ્યાન તો વચનામતમાં કહયું છે કે, ધ્યાન કરવા મંડયા અને કે દા'ડે ન દેખાણું. જો સાચે ભાવે એવો અભ્યાસ હંમેશા કરીએ તો જરૂર મૂર્તિ દેખાય. મહારાજે ત્રેવીસના વચનામતમાં કહયું કે, એક ઠેકાણે આપણે પાણીનો ઘડો ઢોળી આવીએ અને બીજે દિવસે ઢોળી આવીએ તો એ સૂકાઈ જાય પણ અખંડ આવી રીતે ઝીણી આંગળીની જેવી સેર વહેતી હોય તો સુકાય નહીં. તેમ આપણે ભગવાનમાં પ્રેમ થઈ જાય તો આપણે સુતા, બેસતા, હાલતા, ચાલતા, ખાતા, પીતા ભગવાનને સંભારીએ, તો જરૂર ભગવાનની મૂર્તિનું ધ્યાન થઈ શકે છે.

પ્ર ન : વેતદ્વિપમાં નિરન્નમુકત જેવા થવાની ઈચ્છા રાખવી, તો આ નિરન્નમુકત એટલે શું ? ભગવાનની ઉપાસના કરવી તો ઉપાસના એટલે શું ?

ઉત્તર : મહારાજે લખ્યું કે, વેતદ્વિપના જે મુકતો છે, ત્યાં સ્ત્રી પુરૂષની ભાવના નથી. એક બદ્રિકાશ્રમ, વેતદ્વિપ અને અક્ષરધામ એ ત્રણમાં સ્ત્રી પુરૂષની ભાવના નથી, એટલે મહારાજ કહે કે, એના થકી વર્જીત એવા વેતદ્વિપના મુકત થાવું. ઉપાસના એટલે આ સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવ છે. તેના વિશે નિષ્ઠા રાખીને ભજન કરીએ એને ઉપાસના કહેવાય.

પ્ર ન:ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિના દર્શન કરીએ ત્યારે તો ખૂબ પ્રેમ અને આનંદ થાય છે. પણ માનસી પૂજામાં તેવો પ્રેમ અને આનંદ નથી આવતો. તો શું કરવું? કોઈવાર જ્યારે સમય થાય છતાં પોતાનું કાર્ય સફળ ન થાય, તો મુંઝાઈ જવાય છે તો આ કેમ કરીને ટાળવું?

ઉત્તર :માનસીપૂજા તો મહારાજ કહે બહાર મૂર્તિનું ધ્યાન કરતા જેવો આનંદ આવે, એવી વત્તિ કેળવીએ તો માનસી પૂજામાં પણ એવો જ આનંદ આવે અને ધાર્યું તો એક ભગવાનનું થાય છે, આપણું ધાર્યું ન થાય એમાં મૂંઝાવું નહીં. કર્તા હર્તા તો ભગવાન છે એમ જાણીને રાજી રહેવું.

પ્ર ન:ફણગાવેલા મગ ખાઈ શકાય?

ઉત્તર :ઘરે ફણગાવેલા મગ ખાઈ શકાય. એમાં કાંઈ વાંધો નથી. આપણા સંપ્રદાયમાં જમાય છે.

પ્ર ન:મહારાજનું અખંડ ભજન થાય તેવું દયા કરીને કહો.

ઉત્તર :મહારાજનું અખંડ ભજન તો આપણે અભ્યાસ કરીએ તો થાય અને ભગવાનના કોઈ ભકતનો અવગુણ ન લઈએ તો આપણને ભગવાનમાં પ્રેમ થાય અને ગદ્ ગદ્ કંઠે તથા રોમાંચિત ગાત્રે પ્રાર્થના કરવી. તો એમાં તો આપણે પહેલા વાત કરી હતી કે, ગદ્ ગદ્ કંઠે એટલે હે મહારાજ! હે દયાળુ! એમ કહીએ એટલે આપણું હૃદય ભરાઈ જાય અને રોમાંચિત ગાત્રે એટલે આપણે ભગવાનના દર્શન કરીએ, ભગવાનની પ્રાર્થના કરીએ એટલે આપણા રૂંવાડા સાડા ત્રણ કરોડ ઊભા થઈ જાય. રૂંવાડે રૂંવાડે ભગવાનની મૂર્તિનો આનંદ આવે.

પ્ર ન:જે મુમુક્ષુ –સંસારીને ભગવાનનો સાક્ષાત્કાર થઈ ગયો હોય તેના કેવા લક્ષણો હોય? તે મુમુક્ષુને કેવી રીતે ઓળખવો? આજના હળાહળ કળીયુગમાં એવું કયું સરળ સાધન છે કે જેનાથી પરમાત્મા જલ્દી રાજી થઈને દર્શન આપે?

ઉત્તર :તે તો જેને ભગવાનની મૂર્તિનો આત્મા પરમાત્માનો સાક્ષાત્કાર થઈ ગયો હોય, એ તો જે ભગવાનના ભકત હોય એ જાણી શકે છે. મેં પહેલા વાત કરીને કે, આ ભગવાનના ભકતો સંસારમાં રહેતા અને ભગવાનનું ધ્યાન ભજન કરતા. આ લોકમાં કોઈ હાનિ વદ્ધિ થાય તો એમાં એને કોઈ હરખ શોક થાતો ન હતો. કેમકે,

કર્તા હર્તા ભગવાન છે અને આ કળીયુગમાં ભગવાનનું ભજન સ્મરણ કરવું, જપ કરવા, તપ કરવું, તે જ સરળમાં સરળ સાધન છે.

પ્ર ન : જીવ સાધન અવસ્થામાં હોય અને પરમાત્મા રાજી થાય અને દર્શન આપે તો પરમાત્માની મૂર્તિનું તેજ જીરવવા સમર્થ થાય ખરો ?

ઉત્તર : એ તો એવો જો અભ્યાસ કર્યો હોય તો પરમાત્મા સુખરૂપ છે અને તેજોમય છે. એવો અભ્યાસ કર્યો હોય તો એને કોઈ તકલીફ પડતી નથી.

પ્ર ન : આજ દિવસ સુધી સગા સંબંધીનું કે બજારનું ખવાઈ ગયું હોય તો તેનું પ્રાયશ્ચિત શું કરવું ? અને સાબુદાણા ફરાળમાં ખવાય કે નહી ?

ઉત્તર : સાબુદાણા આપણે ફરાળમાં વાપરતા નથી અને પહેલા જાણે અજાણે કાંઈ ખવાઈ ગયું હોય, તો આપણે ભગવાનની પ્રાર્થના કરવી અને યથા શકિત થોડા એકટાણાં કરીએ, થોડી માળા ફેરવીએ, ભગવાનને પ્રાર્થના કરીએ તો ભગવાન તે માફ કરે.

પ્ર ન : ગુણાતીત એટલે શું ? નિર્ગુણ એટલે શું ? દિવ્ય એટલે શું ?

ઉત્તર : ગુણાતીત એટલે ગુણ થકી પર. આપણે નાથભકતની વાત કરીને, કે પેલા છોકરાએ એના ઉપર થૂંક નાખી તો પણ એમને ક્રોધ થયો નહીં. કેમકે, તેઓ ગુણાતીત હતા. એટલે કોઈ માન કરે, અપમાન કરે એમાં આપણને હરખ શોક ન થાય તો આપણે ગુણાતીત થયા કહેવાઈએ. નિર્ગુણ એટલે માયાના સત્વગુણ, રજોગુણ અને તમોગુણ એ ત્રણ ગુણ રહિત હોય એને નિર્ગુણ કહેવાય. એટલે ભગવાનની મૂર્તિ દિવ્ય છે અને આવી રીતે જે સંતો હરિભકતો ભગવાનનું ધ્યાન ભજન કરતા હોય, એ પણ એવી દિવ્ય સ્થિતિને પામે છે.

પ્ર ન : ફુલે કરીને તિલ વસાય છે એમ મનને ભગવાનના ચરિત્ર વિષે વાસ્યું એ કેમ થાય ?

ઉત્તર : મહારાજે ગ. પ્ર. પ્ર.ના આડત્રીસમાં વચનામતમાં લખ્યું કે, જેમ તલનું તેલ હોય તેમાં ગુલાબનું ફુલ નાંખીએ કે ચમેલીનું ફુલ નાંખીએ, તો એમાં ગુલાબ કે ચમેલીની સુગંધ આવી જાય છે. એમ કરીએ તો તિલ વાસ્યુ કહેવાય.

પ્ર ન : સૂર્ય ગ્રહણ હમણાં ગયું. ગ્રહણનું માહાત્મ્ય શું છે? ગ્રહણના પુણ્યદાનનું માહાત્મય શું છે?

ઉત્તર : તો સૂર્ય ગ્રહણ વિષે મહારાજે શિક્ષાપત્રીમાં કહયું કે, સૂર્યનું કે ચંદ્રનું ગ્રહણ થાય, ત્યારે આપણે ભગવાનનું સ્મરણ કરવું. ત્યાર બાદ ગહસ્થોએ યથાશકિત દાન કરવું, ને સંતોએ પૂજન કરવું. તો તે સૂર્યગ્રહણ થયા બાદ કરીએ તો સારૂં પુણ્ય મળે છે. એમ શિક્ષાપત્રી અને સત્સંગીજીવનમાં લખેલ છે.

પ્ર ન : માળા કરતા અને ધ્યાન કરતા મન ઘણી વખત તૂટી જાય છે અને ખોટા વિચાર આવી જાય છે. મન તૂટે નહીં અને ખોટા વિચાર આવે નહીં એના માટે શું કરવું ?

ઉત્તર : તો એના માટે મહારાજે કહયું કે, કોઈ એવા સંકલ્પો થાય તો સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈએ, તો બીજા વિચાર ન આવે.

પ્ર ન : સાધક ધ્યાન કરે પણ તે ધ્યાન બરોબર થયું છે કે નહીં તે કેમ ખબર પડે?

ઉત્તર : એ તો આપણે ધ્યાન કરીએ અને ભગવાનની મૂર્તિ દેખાય. ભગવાનનું ભજન બરાબર થાય, તો ધ્યાન બરોબર થયું કહેવાય.

પ્ર ન : મહારાજના ચરિત્રમાં અવાર નવાર સમાધિની વાત આવે છે. તો એ નિર્વિકલ્પ સમાધિ છે કે બીજી કોઈ ?

ઉત્તર : તે તો આપણે હમણાં જ વાત કરીને કે, તે બાઈને સમાધિ થઈ ગઈ અને તે તો ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા, તો એ તો એવો અભ્યાસ કરીએ તો થઈ જાય છે.

પ્ર ન : મોક્ષ માટે આવી સમાધિ થવી જરૂર ખરી ?

ઉત્તર : મોક્ષ માટે એવી કોઈ સમાધિ થાવી જરૂરી નથી. ભગવાનનું ભજન આપણે કર્યા કરવું. ભગવાનની ઈચ્છાથી સમાધિ થઈ જાય, તો ભલે પણ ન થાય તો તેણે કરીને આપણે પોતાને અપૂર્ણ માનવું નહીં.

પ્ર ન : જમવા બેસી ગયા હોઈએ ત્યારે ત્યાં બેઠાં બેઠાં જ માનસી પૂજા કરી શકાય કે નહીં અને તે ચાલે કે કેમ?

ઉત્તર : તે તો જમવા બેઠાં પહેલાથી જ કરવી. કેટલાક લોકો જમવા બેઠા હોય ત્યારે માનસી પૂજા કરવા બેસે છે, પણ તે બરાબર કહેવાય નહીં. માનસી પૂજા તો જમ્યા પહેલાં આપણે એક બાજુ બેસી કરી લેવી જોઈએ.

પ્ર ન : આ દેહે કરીને જ મૂર્તિ સિદ્ધ કરવી હોય તો શું કરવું ?

ઉત્તર : તે તો આપણે હંમેશા અભ્યાસ કરીએ, તો મૂર્તિ સિદ્ધ થઈ જાય છે.

પ્ર ન : દેહ ભાવ ટાળવા માટે એવો ક્યો સરળ ઉપાય છે?

ઉત્તર : તે તો આપણે એવો અભ્યાસ કરીએ કે, હું આત્મા છું, બ્રહ્મ છું એવો અભ્યાસ કરીએ, તો દેહ ભાવ ટળી જાય છે.

પ્ર ન : આત્માનું સ્વરૂપ કેવું છે? આત્મા સુખરૂપ કેવી રીતે છે ? તેમાં શું સુખ છે ? તેમાં પરમાત્મા કેવી રીતે રહેલા છે?

ઉત્તર : તે તો આપણે જેવો અભ્યાસ કરીએ તેમ થાય. હમણાં જેમ વાત કરી કે, આવી રીતે જે એલ. એલ. બી. થઈ ગયો હોય એને એસ. એસ. સી. માં શું આવે તે જાણવાની જરૂર પડતી નથી. તેમ જેને આત્મા પરમાત્માનું જ્ઞાન થઈ જાય, તો આપો આપ એને ભગવાનની મૂર્તિ હૃદયમાં દેખાય છે.

પ્ર ન : પરમાત્મા જીવમાત્રમાં સર્વત્ર વ્યાપીને રહેલા છે તેમ છતાં આપણે શા માટે પ્રાર્થના કરીએ છીએ ? કે હે ભગવાન મારા હૃદયમાં વાસ કરજો.

ઉત્તર : મહારાજે વચનામતમાં કહ્યું છે કે, પરમાત્મા અન્વયપણે રહ્યા છે અને વ્યતિરેકપણે રહેલા છે. એટલે અન્વયપણે તો દરેકમાં રહેલા છે, પણ વ્યતિરેકપણે તો આપણે જો ધ્યાન, ભજન કરીએ, તો આપણા હૃદયમાં ભગવાન વિરાજમાન થાય.

પ્ર ન : સમાધિને વિષે બ્રહ્મચર્યનો ગુણ કેવી રીતે ઉપયોગી થાય છે ?

ઉત્તર : બ્રહ્મચર્ય તો આપણે મહારાજે વચનામતમાં કહ્યું છે કે, ત્યાગી હોય એ ત્યાગીના નિયમ પાળે અને ગહસ્થ હોય એ ગહસ્થના નિયમ પ્રમાણે વર્તે તો તે બ્રહ્મચર્ય ઉપયોગી થાય છે.

આપણા સૌના મોટા ભાગ્ય છે કે આપણને આવો અક્ષરધામતુલ્ય દિવ્ય સભામાં બેસવાનો લાભ મળ્યો

તે આપણા સૌના મોટા ભાગ્ય છે કે, આવી અક્ષરધામ તુલ્ય દિવ્ય સભામાં આપણને બેસવાનું મળ્યું છે. આ તો આપણા બહુ મોટા ભાગ્ય છે. નહીંતર આ સભામાં બેસવા મળવું બહુ દુર્લભ છે. મહારાજે વચનામતમાં કહયું ને કે, વેતદ્વિપ, વૈકુંઠ, ગોલોક, બદરીકાશ્રમ એમાં જે સભા છે, એના કરતા પણ આ સભા અધિક છે. આ સભા અક્ષરધામની છે. મહારાજ કહે આપણે એવી ભાવના રાખીને બેસીએ કે, આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ આ અક્ષરધામમાં દિવ્ય સભા કરીને વિરાજમાન થયેલા છે અને ચારે બાજુ અનંત કોટી મુકતો આ સભામાં વિરાજમાન થયેલા છે અને આ સભામાં હું પણ બેઠો છું. તે જો આપણને એવી ભાવના થાય તો આપણને કેટલો આનંદ આવે. એવી ભાવના કરો છો ને ? આ તો ફલાણું ગામ છે અને અહીંયા સભા મંડપ છે અને આ સંતો હરિભકતો બેઠાં છે. એમ કરો છો ? શું કરો છો ? આ ગાંધીનગરની સભા છે, આ સભામાં મોટા મોટા સંતો ને હરિભકતો બેઠાં છે એમ કરો છો ને ?

સુખપર ગામના દેવજીભક્ત

ભુજ તાબામાં સુખપર ગામ છે. ત્યાંના દેવજીભાઈ કરીને એક ખેડૂત પટેલ હતા. ખેતીનું કામ કરે. બે ચાર કલાક ખેતી કરી આવી સાંજે ભગવાનના દર્શન કરે અને ભગવાનની પોતે સેવા કરતા અને અગિયારસ જેવા મોટા દિવસ હોય, ત્યારે ભુજમાં આવે. તે વખતે અક્ષર જીવનદાસજી સ્વામી મહંત હતા. તે બહુ સમર્થ સંત હતા. તેમણે કચ્છમાં ઘણાં ભકતોને સારો સત્સંગ કરાવ્યો હતો. એટલે આ ભકત અમાસ કે એકાદશી મોટા દિવસ હોય, ત્યારે ભુજ દર્શન કરવા આવે. તે પોતે આવી રીતે ભગવાનની મૂર્તિને સંભારે અને આ અક્ષરધામની દિવ્ય સભા છે અને અનંત કોટી મુકતો આ સભામાં વિરાજમાન થયેલા છે. ત્યારે આ કથામાં વાત આવે ધર્મની, જ્ઞાનની, વૈરાગ્યની ત્યારે એમને એવો આનંદ આવી જાય કે એમને ભગવાનના અને ભગવાનના મુકતોના દર્શન થાય. ત્યારે તે સિંહાસન ઉપરથી ભગવાન ઉતરી અને સંતો ઉપર અને હરિભકતો ઉપર માથે હાથ મૂકતા જાય. એમ એને દર્શન થાય.

ત્યારે કથા પુરી થાય પછી સ્વામી આસને જાય. અ હો હો ! સ્વામી ! આજે તો ભગવાને બહુ દર્શન આપ્યા. ભગવાન બહુ રાજી થયા. સ્વામી કહે શું થયું ? તો કહે આજ તો ઘનશ્યામ મહારાજ આ સિંહાસનમાંથી ઉતરી સર્વેના મસ્તક ઉપર હાથ મૂકતા હતા, બહુ રાજી થયા હતા. બહુ આનંદ આવ્યો. ત્યારે જુઓ સભા તો એ જ હતીને પણ આનંદ આવી ગયો. જો આપણે પણ એવી ભાવના રાખી ને જો દર્શન કરીએ તો આપણને પણ એવો આનંદ આવે. પણ આપણને એવું થાતું નથી. આપણે મનથી ધારીએ ખરા, પણ એવો આનંદ આવે છે ? આવતો હોય તો વાંધો નથી.

તો આપણે એવો ભાવ રાખીએ કે, આપણે આ સભામાં બેઠા હોઈએ ત્યારે જાણે આ અક્ષરધામની દિવ્ય સભા છે, મહારાજ વચનામતમાં પણ લખી ગયા છે. છેલ્લા પ્રકરણના બીજામાં લખ્યું છે કે, બદરિકાશ્રમ, વેતદ્વિપ, વૈકુંઠ, ગોલોક એના કરતા આ સભા અધિક છે. આ સભા અક્ષરધામની છે. તો આ સભામાં આપણને બેસવા મળ્યું. મહારાજે વચનામતમાં લખ્યું કે દેહ મૂકીને આપણે જે સુખ પામવું હતું તે સુખ તો દેહ છતાં જ આપણને મળી ગયું છે. આપણે અહીંયા બેઠાં હોઈએ અને અક્ષરધામમાંથી દિવ્ય વિમાન લાવી મહારાજ આપણને દર્શન આપે તો બહુ જ આનંદ થઈ જાય. તો એમાં એવી ભાવના રાખીને જો રોજ આપણે દર્શન કરીએ, તો એવો આનંદ આવી જાય. આપણે એવું કરવું પડશે ને ? તમે કરતા હો તો બરાબર, ન કરતા હો તો ધીમે ધીમે આપણે અભ્યાસ કરશું તો થઈ જાશે.

મહારાજે વચનામતમાં એમ કહયું છે ને ? તમે કયે દહાડે કરવા માંડયા અને ન થયું. જુઓ આ ભકત હતા ને તે ગહસ્થ જ હતા. કાંઈ ત્યાગી થયા હતા નહીં. ગહસ્થ જ હતા અને પછી સાંજે ભગવાનની સેવા કરે અને આરતી ઉતારે, થાળ ધરાવે. મંદિરમાં ઘણાંયે ભકતજનો સૂઈ જાય. પણ તે તો રાતના દશ વાગે, અગીયાર વાગે, બાર વાગે એટલે જાગે. ઘનશ્યામ મહારાજના સિંહાસન આગળ ઊભા હોય. ભગવાનના સિંહાસન આગળ તે હે ભગવાન ! તમે આ લાડું જમો ! શીરો જમો. મને ભેટો એમ બોલ્યા કરે. ભગવાન બોલે તે તેઓ જ સાંભળે. ભગવાનની તો પરાવાણી છે. એટલે એવી સ્થિતિ જેની થઈ હોય એ ભગવાનની વાણી સાંભળી શકે, પણ આપણે તો હજી સાધન દશા વાળા હોઈ તે બરાબર આપણે સાંભળી શકીએ નહીં.

પછી સવારે બધા ભકત પૂછે કે દેવજીબાપા તમે ગાંડા થઈ ગયા કે શું? રાતના ગપ્પાં માર્યા કરતા હતા કે આમ થયું ને આમ થયું. દેવજીભાઈ કહે ભલા માણસ, ભગવાન મને દર્શન આપતા હતા. દેવજીભાઈ ભકત સારા હતા એટલે એને એવું મનાઈ જાતું.

કહેવાનો હેતુ એટલો જ કે, આપણે આવી ભાવના રાખી દર્શન કરીએ અને બેસીએ તો કયારેક આપણે મંદિરમાં બેઠાં હોઈએ અને કયારેક આપણે ઘેર બેઠાં હોઈએ. ઘરે આપણા શાસ્ત્રો લઈ વાંચીએ કે ભગવાનનું ધ્યાન કરીએ તો એવી ભાવના કરીએ કે, આ અક્ષરધામના મુકતો અને ઘનશ્યામ મહારાજ વિરાજમાન થયેલા છે એવી ભાવના રાખીને કરીએ તો થઈ જાય. ન થાય એવું કાંઈ છે નહીં. મંદિરમાં થાય અને ઘરે ન થાય એવું કાંઈ છે નહીં. આપણે જો એવો અભ્યાસ કરીએ તો થાય. જુઓ, તે ખેતી કરતા હતા. ખેતરમાં જતા હતા. તો તે ખેતરમાં પણ મૂર્તિ દેખતા અને આપણા પર્વતભાઈની વાત લખીને, કે સાંતી હાંકતા હાંકતા માનસી પૂજા કરતા હતા. દહીં અને રોટલો ભગવાનને જમાડતા હતા. બીજા ભકતોને એમ થયું કે, આ પર્વતભાઈને ઉઘ આવી જાય છે. તે હાથ લગાડયો તે વાટકામાં દહીં હતું માનસી પૂજામાં તે ઢોળાઈ ગયું. તો તે ખેતી કરતા હતા પણ એણે એવી રીતે અભ્યાસ કર્યો અને વૃત્તિ કેળવી તો એવું થઈ ગયું. જો આપણે પણ એવી રીતે અભ્યાસ કરશું તો મહારાજ કહે ન થાય એવું શું છે?

છપૈયાપુરમાં ઘનશ્યામ મહારાજે કરેલુ દિવ્ય ચરિત્ર

બાળ ચરિત્રમાં પણ એવી જ વાત આવેછે ને કે, ઘનશ્યામ મહારાજ અને એના બધા બાલસખાઓ અને એના સર્વે સગા સંબંધીઓ ત્યાં બગીચામાં ગયા. બગીચામાં જઈને ત્યાં વિરાજમાન થયેલા. ત્યાં સર્વે મુકતો આવ્યા.ભગવાનની ચંદનથી પૂજા કરી હાર પહેરાવ્યા. પછી ભગવાને ત્યાં આંબામાંથી કેરીઓ લઈ અને પોતે જમ્યા અને સર્વેને જમાડયા. ત્યાં ધર્મદેવ અને સર્વે સગા સંબંધીઓને એમ થયું કે આ ઘનશ્યામ મહારાજ કયાં ગયા? એટલે સર્વે ત્યાં આવ્યા. ધર્મદેવ અને સર્વે સગા સંબંધીઓને જોઈને, તે મુકતો અદ્રશ્ય થઈ ગયા અને આંબાનો જે માલિક હતો તે કહે, અરે ધર્મદેવ આ તમારા ઘનશ્યામે ઘણી કેરીઓ તોડી, મને ઘણું નુકશાન થયું

માટે તેમને વઢજો. આ ધર્મદેવે પણ એ જ માંગ્યું કે, જ્યારે ઘનશ્યામ મહારાજનો જન્મ થયો ત્યારે કિશોર મૂર્તિ, પ્રકાશમાન, અક્ષરધામની જે મૂર્તિ છે, એવા એને ઘનશ્યામ મહારાજે દર્શન આપ્યા. એટલે ધર્મદેવ રાજી થયા. પણ ધર્મદેવે શું કહયું ? હે ભગવાન ! હે પ્રભુ ! અમને આ તમારા દર્શનથી આનંદ થયો પણ અમે તો એવા ભાવથી ભગવાન પાસે માંગણી કરી હતી કે, અમને બાળરૂપે દર્શન આપે અને અમે લાડ લડાવીએ. કેમકે નાના છોકરાં હોય, તેના પપ્પા મમ્મી હોય તે એને રમાડે ને! બકીઓ લે, તેડે, એમ કરેને ? તો આ મોટા હોય એને શું કરે? સોળ વર્ષનો છોકરો હોય તો એને રમાડી શકે નહીં. એટલે ધર્મદેવે પ્રાર્થના કરી કે, અમારે તો આવી રીતે તમારા બાળસ્વરૂપના દર્શન કરીને, તમને લાડ લડાવીએ એવી અમારી ઈચ્છા છે. ત્યારે ભગવાન શું બોલ્યા કે હે ધર્મદેવ ! હે ભકિતમાતા ! હું તમને એવી જ રીતે લાડ લડાવીશ, પણ આ તો તમને નિશ્ચય કરાવવા માટે જ આવું સ્વરૂપ ધારણ કર્યું હતું. કેમકે, જો હું નાનકડો બાળક જનમ્યો હોઉં તો તમને એમ થાય કે, આ તો નાનકડો છોકરો છે, એટલે તમને આ ભાવ રહે એટલા માટે અમે આવા દર્શન આપ્યા. એમ કહીને ભગવાન પછી પોતે બાળક બની ગયા. ત્યારે તે ભગવાને પોતાનું ઐશ્વર્ય રોકી રાખ્યું હતું અને ધર્મદેવ ઘનશ્યામ મહારાજને એવા બાળક રૂપે રમાડતાં, એટલે આ વખતે પણ પેલા ખેતરના આંબાના માલિકે ચાડી ખાધી, આ તમારા ઘનશ્યામે મારી કેટલી કેરીઓ લઈ લીધી અને પાડી નાંખી અને કેટલું નુકશાન કર્યું. ત્યારે ધર્મદેવે શું કહયું ? હે ઘનશ્યામ ! આ તમારી રાવ આવે તે સારૂં ન કહેવાય. જુઓ આ કહે છે ને કે, મારી કેરીઓ તોડી લીધી, બગાડ કર્યો. ત્યારે ઘનશ્યામ મહારાજ શું કહે છે કે, હે પિતાજી, મેં એકેય કેરી લીધી જ નથી. તપાસ કરો. કેરીઓ હતી તે આંબામાં પાછી ચોડી દીધી તે એને દેખાડી. કેરીઓ તોડી હતી, પોતે જમ્યા, મુકતોને જમાડયા, સર્વે સખાઓને જમાડયા, પણ આ કેરીઓ તો હતી એવી થઈ ગઈ. ધર્મદેવ એને વઢવા મંડયા, અરે, તું આવા ગપ્પા મારે છે ? મારા ઘનશ્યામ એવું કોઈ દિ' કરતા નથી. લે, આ તારી કેરી જો. તો ઉપર જોયું ને ચકિત થઈ ગયા ! આ થોડીવાર પહેલા તો કેરી હતી નહીં તે મેં જોયું હતું. આ કેરીઓ આવી કયાંથી ? તે પોતે પણ બહુ રાજી થયા. ભગવાનની માફી માંગી. ભગવાનની પ્રાર્થના કરી અને બહુ રાજી થયા.

શ્રીજી મહારાજે કરેલું મનુષ્ય ચરિત્ર

ભગવાન પોતે પોતાના ભકતને રાજી કરવા માટે જ આવા ચરિત્રો કરે છે અને વચનામતમાં પણ એ જ વાત આવે છે. ભગવાનને વિષે સ્નેહ હોય એના શું લક્ષણ છે ? ભગવાનને વિષે સ્નેહ રૂપે કરીને હેત થાય, ગુણે કરીને હેત થાય કે સ્વાર્થે કરીને હેત થાય, પણ રૂપે કરીને હેત થયું હોય તો જુઓને, મહારાજ એક સમયે આખા શરીરમાં ગુંમડા દેખાડયા, આખા શરીરમાં પરૂં વહે, હવે કેટલાકને સંશય થયો આ ભગવાન કેવા છે ? આવા ગુંમડા થયા તે મટાડી શકતા નથી. તે ભગવાન કહેવાય ? એમ સંશય થયો, તે સત્સંગી મટી ગયા અને કેટલાકને તો એમ થયું કે, આ ભગવાન આવા મનુષ્ય ચરિત્ર કરીને આપણને દેખાડે છે. ત્યારે રૂપે કરીને સ્નેહ થયો હોય, તો ટળી જાય અને સ્વાર્થે કરીને કહે છે, આ ભગવાનનું ભજન કરીશ, ભકિત કરીશને તો મને પૈસા મળશે, કે દીકરા મળશે, કે સ્ત્રી મળશે કે રાજપાટ વૈભવ મળશે, તેવી ભાવનાથી સત્સંગ કરે તો હવે તે ઈચ્છા ભગવાન પૂરી કરે તો તો બરોબર, પણ કયારેક પૂરી ન થાય તો ? અરે ! આને ભગવાન કે' વાતા હશે ? તો એને સ્નેહ ટળી જાય. પણ ગુણે કરીને, મહારાજ કહે કે, આ ભગવાન છે, તે સર્વ સુખના નિધિ છે અને ભગવાનની મૂર્તિમાં સુખ છે, તેવું સુખ કયાંય છે નહીં. મહારાજ કહે કે, એક આંખનું મટકું ભરીએ એટલી વાર પણ જો આપણે ભગવાનની મૂર્તિનું સુખ લીધું હોય તો એમ થાય કે, મેં લાખો વર્ષ સુધી તે સુખ લીધું. આપણા કીર્તનમાં પણ લખ્યું છે કે, વહાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીએ રે લોલ. જેણે જેણે તે રસ ચાખ્યો, તેણે તેણે સંસાર રસ કૂચો કરી નાંખ્યો. કૂચો કેને કે'વાય ? શેરડીનું માદળીયું ચૂસી નાંખીએ, તેનો બાકી રહેલો ભાગ તેને કૂચો કહેવાય. એમાં રસ ન હોય. ભગવાનનો રસ ચાખ્યો એને ખાટી છાશ પીવામાં પ્રેમ થાય નહીં.

ભગવાનમાં પ્રેમ થઈ જાય તેને આ સંસારના સુખમાંથી મોહ ટળી જાય

બીજું, જેને ભગવાનના સુખમાં આવો પ્રેમ થઈ જાય, તેને આ સંસારના ખમાં પછી મોહ રહે નહીં. આપણે એવું કરવું પડશે ને ? તમે સર્વેએ એવું કરી લીધું કે હવે કરશો ? એટલે મહારાજ કહે કે, આવો જો ભગવાનમાં પ્રેમ થઈ જાય તો

એને ભગવાન વિના બીજે કયાંય મોહ ન રહે. એવી શું વસ્તુ છે આ ભૂ માં કે જેમાં લોભ્યા, ન લોભ્યા પ્રભુમાં. આ ભગવાનમાં એવો પ્રેમ થઈ જાય, તો એને સંસારમાં કયાંય મોહ ન રહે. સંસારમાં મોહ ન રહે એટલે સાધુ બની જાય? સાધુ બનવાનું કાંઈ કામ નથી, પણ ધોળે કપડે એવા સાધુ બનવાનું. ભગવા કપડાં જો બધા પહેરી લે તો, આ સંસાર ચાલે નહીં. પણ આ જ્ઞાને કરીને સાધુ થાવું. આ સર્વે સંતો નાત, જાત, સગા સંબંધી સર્વેને મૂકીને અહીંયા સાધુ થયા, તેમ તમારે પણ એક દિ' મૂકીને જાવું તો પડશે ને? ભલે પચાસ, સાઈઠ કે સો વર્ષે પણ એક દિ' આ દુનિયામાંથી જાવું પડશે. પણ દેહે કરીને આ ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરી અને આપણે જો દેહને અંતે જો ભગવાનની સેવામાં રહી જવાય તો જાણે આપણો આ માનવ જન્મનો ફેરો સફળ થયો કહેવાય. તું એવું કામ કર કે તને આનંદ થઈ જાય. ભગવાનના ધામમાં બહુ દિવ્ય સુખ રહેલું છે, તે અંતકાળે ભગવાનની પ્રકાશમાન દિવ્ય મૂર્તિના દર્શન થાયે તો બહુ જ આનંદ થાય અને રાજી થાય. અહોહો ! મને આ ભગવાનના દર્શન થયા, હું અક્ષરધામમાં જઈશ. ભગવાન મને બહુ સુખ આપશે ! તે રાજી થઈ જાય.

બીજું, આપણો આ દેહ વહેલો મોડો પડવાનો જ છે અને એમ આપણે કહીએ છીએ કે, તેડી જાવ, તેડી જાવ તો ભગવાન એમ તેડી જતા નથી. એ તો ટાઈમ થાશે ત્યારે તેડી જાશે અને ટાઈમ થાશે ત્યારે આપણે ગમે તેટલા ઉપચાર કરશું, તો પણ કાંઈ રહેવાના નથી. ભલે આપણે મહારાજની આજ્ઞા છે કે, માંદા સાજા થાઈએ તો દવા કરવી, એમાં કાંઈ ના નથી પણ એમાં મોહ ન રાખવો. આપણે એવી તૈયારી કરી રાખવી કે, કયારે આ દેહ પડી જાય અને આપણે જો એવી તૈયારી કરી લીધી હોય, તો એને મરવાની બીક લાગે જ નહીં. આપણે બેઠા હોઈએ અને સર્પ નીકળે તો કેટલા જણાં બેસીએ ? બેસીએ કે ભાગી જઈએ ? મહારાજે વચનામૃતમાં લખ્યું કે, ગામને ઝાંપે આવીને સિંહ હુંકારા કરતો હોય તો સર્વે માણસોને બીક લાગે ને ભાગી જાય, એમ મહારાજે લખ્યું. પણ જો આપણે આવી તૈયારી કરી હોય તો બીક લાગે નહીં.

રામદાસ ભકતની અલૌકિક સ્થિતિ

એક ભગવાનના સારા ભકત હતા. રામદાસ કરીને એનું નામ હતું. તે જેવું

નામ એવા જ એમનામાં ગુણ હતા. રામદાસ એટલે રામના દાસ. તે હંમેશા ભગવાનનું ધ્યાન ભજન કરે. કથા, વાર્તા સાંભળે. ભગવાનનું સ્મરણ કરે અને જ્યાં એવા સંત મહાત્માઓ હોય, ત્યાં જઈ અને કથા, વાર્તા સાંભળે. મહારાજે પણ વચનામતમાં લખ્યું છે કે, અમે નાના હતા ત્યારે પણ દેવ મંદિરમાં જાવું, સંતોનો સમાગમ કરવો, કથા વાર્તા સાંભળવી તે જ અમને ગમતું. એટલે આ રામદાસ પણ એવા ભકત હતા. બીજું, અયોધ્યામાં ઠેકાણે ઠેકાણે મંદિરો છે. ઘણે ઠેકાણે મહાત્માઓ હોય તેઓ કથા વાર્તા કરતા હોય, રામધૂન કરતા હોય, તે રામદાસ આવી રીતે આ સંતોનો સમાગમ કરે. આ રામાયણ વાંચે અને ભગવાનનું ભજન કરે. વ્યવહારિક કાર્ય હોય તે કરી આવે અને પછી આખો દિવસ ટાઈમ મળે એટલે ભગવાનનું ભજન કર્યા કરે. એ કામ કરતા કરતા પણ અખંડ રામ, રામ એમ કર્યા કરતા હતા. ત્યારે એક સમયે એક ગામથી બીજે ગામ જતા હતા. પહેલા આગળ હમણાંના જેવી ગાડીઓ કે મોટરો કે ટ્રેન કે એવા બધા સાધનો ન હતા. માણસો પગે ચાલીને જાતા અને ગાડું હોય, ઘોડું હોય કે ઊંટ હોય એમાં માણસો જતા. ત્યારે રામદાસ તો બીજે ગામ જતા હતા. ભગવાનનું સ્મરણ કરતા કરતા, રસ્તામાં ચાલતા ચાલતા જતા હતા. ત્યાં એક વાઘ આવ્યો તો તે વાઘને ચાલતા ચાલતા પગમાં એક બાવળનો કાંટો વાગી ગયો. હવે બાવળનો કાંટો વાગી ગયો એટલે તે તો ચાલી શકે નહીં. ત્યારે લાંબા પગ કરીને ત્યાંજ બેઠો રહ્યો. સર્વે માણસોને રસ્તામાં ચાલતા બીક લાગે. આ વાઘને જોઈને બીક લાગી જાય. આ વાઘ રસ્તામાં બેઠેલો ત્યારે સર્વે માણસો દૂરથી ચાલે. આ ભકત તો રામ, રામ એમ ભગવાનનું ભજન કરતા કરતા ચાલ્યા જતા હતા. નીચી દ્રષ્ટિ હતી. તેમણે રસ્તામાં વાઘ જોયો નહીં.

અમારા ગુરૂ એક વાત કરતા, ત્યાં ભુજમાં એક સંત, ભકિતપ્રિયદાસજી નામ હતું, તે પણ એવા. આખો દિવસ ભગવાનનું ધ્યાન, ભજન કર્યા કરે. મંદિરના મહંત હતા. આખો દિવસ મંદિરનું કામ કરે પણ ભગવાનની મૂર્તિ ત્રણેય અવસ્થામાં ભાર્યા કરે અને મોરનો કંઠ ચાલે તેમ અખંડ તેને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ જા કરતું. ત્યારે ગાડીઓ તો હતી નહીં, પણ પહેલા સંતો ગાડાં માથે પણ ન બેસતા, આ બળદને તકલીફ પડે ને? એના કરતા આપણે ચાલ્યા જાશું. ત્યારે સંતો તો એક

ગામથી બીજે ગામ જતા હતા. સંતો તો ભગવાનની મૂર્તિ સંભારી અને જાણે આ ભગવાન માણકી ઘોડી પર વિરાજમાન થયેલા છે, ને આ છત્ર, ચમર ધાર્યું છે. મહારાજ ને મુકતો સર્વે ચાલ્યા આવે છે. એટલે એવી ભાવના કરીને તેઓ ચાલતા. બે ચાર કિલોમીટર ચાલ્યા. રસ્તામાં એક ભકત સામા મળ્યા. સ્વામીને જય સ્વામિનારાયણ કર્યા. પણ સ્વામીને તો એની ખબર પડી નહીં. તેઓ તો આગળ ચાલ્યા ગયા. ત્યાં ગયા, સાંજે તે ભકત પણ આવ્યા. સ્વામી! આજે બીજે ગામ કયાં જતા હતા! અમે તો માનકુવા જતા હતા. અમે તમને જય સ્વામિનારાયણ કર્યા, પણ તમે મને જય સ્વામિનારાયણ કર્યા નહીં. સ્વામી બોલ્યા કે, મને કાંઈ ખબર પડી નહીં ભાઈ! એ સ્વામીએ હરિભકતને પણ જોયા નહીં. તો બીજું કાંઈ જુએ? ન જુએ.

તેમ આ ભકત પણ એવા જ હતા. તે રામ ભગવાનું સ્મરણ રામ, રામ કરતા ચાલ્યા જતા હતા. તે વાઘ અહીંયા રસ્તામાં બેઠેલો એને જોયો, ને તે વાઘ પાસે ગયા, ને વાઘને માથે હાથ ફેરવવા મંડયા. તે વાઘે ય લાંબા પગ કરીને બતાવ્યું. તે આ ભકતે જાણ્યું કે, આ બિચારો વાઘ છે તેને કાંઈ લાગે છે ખરૂં. એટલે તેણે જોયું, પગમાં કાંટો! જંગલમાંથી બાવળની શૂળ લાવી અને એના પગમાંથી કાંટો કાઢયો, આને બીક લાગી નહીં અને વાઘને પણ થયું કે, આ તો ભકત છે! એને જો હું વળગીશ તો મારૂં પણ બગડી જશે! એટલે એને પણ આનંદ થઈ ગયો. કાંટો કાઢીને તે ભકત તો પછી ચાલ્યા ગયા. વાઘને પણ કાંટો નીકળી ગયો એટલે તે પણ જંગલમાં ચાલ્યો ગયો. એમ કરતા કરતા થોડો સમય થયો ત્યારે તેના રાજાને ખબર પડી કે, આપણા જંગલમાં આ વાઘ બહુ સારો આવ્યો છે, માટે એને આપણી પાસે રાખીએ અને આ માણસો કાંઈ ગુનો કરે, એટલે ફાંસીએ ચડાવીએ એટલી આપણને મહેનત કરવી પડે એના કરતા પાંજરામાં નાંખી દેવો, એટલે વાઘ એની ફાંસી પૂરી કરી દે એવો એણે નિયમ કર્યો. એમ કરતા કરતા વર્ષ, બે વર્ષ થઈગયા. એટલે આવો કોઈ ગુનો કરે એને પાંજરામાં નાંખી દે એટલે એને ફાંસી આપવાની જરૂર પડે નહીં.

ત્યારે આ ભકત જેણે વાઘનો કાંટો કાઢયો હતો તે ભકત બહુ સારા પણ ગામના ઈર્ષાળુ લોકોએ આ રાજા પાસે ચાડી કરી કે આ ભગતડો છે તે અમને બહુ દુઃખ દે છે, જેમ તેમ બોલે છે એવી રાજા પાસે ખોટી ખોટી ચાડી ખાધી. એટલે

ાજાએ તેને બોલાવ્યો. કેમ ભાઈ ? આ ભકત કહે, મને કાંઈ ખબર નથી ! સર્વે કહે
કે, આણે આમ કર્યું, આમ કર્યું, તને તો ફાંસીએ ચડાવવો પડશે ! તો તે કહે ચડાવો.
ારે તો કાંઈ બીક છે નહીં. પછી આ રાજાએ હુકમ કર્યો કે જાવ ! ઓલા પાંજરામાં
ાઘ છે ને ત્યાં આને નાંખી આવો. આ તો બીનો નહીં. સારૂં કે ! ભગવાન મને ધામમાં
ઈ જાશે. એમાં શું વાંધો છે ? તે તો રામ, રામ ભગવાનનું નામ લેતો લેતો ત્યાં ગયો.
ાંજરામાં નાંખ્યો તે વાઘે એના સામું જોયું, આણે વાઘ સામું જોયું. વાઘ ઓળખી
યો. આ તો મને કાંટો કાઢયો તે છે. આને મરાય નહીં. તે વાઘ તો એના પગ ચાટવા
ડયો ને આમ લટકાં મારે.એટલે સર્વે માણસો જોઈને ચકિત થઈ ગયા, કે આ વાઘ
કોઈનેય મૂકે નહીં અને રાજાને વાત કરી કે રાજાસાહેબ! તમે એને વાઘ પાસે
કયો પણ એને તો વાઘ કાંઈ મારતો નથી પણ ચાટે છે ને લટકાં કરે છે. રાજા ત્યાં
યો. રાજા કહે કે, અહોહો ! આ કોઈ દૈવી જીવ છે. નહીંતર આ વાઘ કોઈને મૂકે
હીં. એને બહાર કાઢયો. કેમ ભાઈ ! તો કહે કે, તમે જે કહયું કે, મેં આમ ગુનો કર્યો , પણ
કાંઈ ગુનો કર્યો નથી. તમને એવું થયું તો તમે મને બોલાવ્યો, ને વાઘ પાસે મૂકયો.
રાજાએ પૂછયું કે, વાઘે તમને કેમ ખાધા નહીં ? કેમકે, વાઘને તો કાંઈ પૂછી શકે
હીં. વાઘને તો કાંઈ બોલવાની ખબર હોય નહીં. ત્યારે આણે વાત કરી કે, હું અમુક
નયને વિષે જંગલમાં રસ્તામાં ચાલ્યો જાતો હતો, ત્યારે એના પગમાં કાંટો લાગ્યો
ો ! એટલે મેં એનો કાંટો કાઢયો હતો. એટલો એને ગુણ હતો. એ ગુણ વડે કરીને
ે તેણે કાંઈ કર્યું નહીં અને મેં કાંઈ એવો ગુનો કર્યો નથી. રાજાએ પણ એને ઈનામ
પ્યું. અહોહો ! તું ખરો ભગવાનનો ભકત ! અને માફી માંગી કે મેં તને વાંક વિના
વી શિક્ષા કરી. માટે તું મારા ઉપર રાજી રહેજે. કહેવાનો હેતુ શું ? જો તેણે આવી
ે આત્મનિષ્ઠા દ્રઢ કરી હતી, તો વાઘ પણ એને ખાઈ શકયો નહીં અને વાઘ પણ
ો. જુઓ ! એણે જરાક કાંટો કાઢયો હતો, તો વાઘ એને ફાડી ખાધો નહીં. ત્યારે
ાં કહેવાનો હેતુ એટલો જ કે, આવી રીતે જો સાચે ભાવે ભગવાનનું ભજન,ભકિત,
સંગ કરીએ તો મહારાજ કહે કે, માતા જેમ બાળકની રક્ષા કરે છે, તેમ મારા
તની હું રક્ષા કરૂં છું.

માંડણ ભક્ત

એક માંડણ ભકતની વાત લખી. માંડણ નામના ભકત હતા તે પણ ભગવાનના સારા ભકત હતા. પરોક્ષના ભકતની વાત કરૂં છું. આપણા સ્વામિનારાયણના ભકતો તો ગોરધનભાઈ, પર્વતભાઈ, દાદાખાચર એના એવા ઘણાય પરચા લખ્યા છે. આ તો સર્વે રામના ભકત હતા અને આ કૃષ્ણ ભગવાનનો ભકત હતો. ત્યારે તે સમયે હમણાંની પેઠે પ્લેન કે આવા વાહનો ન હતા. તે વહાણ હોય કે સ્ટીમર હોય તેમાં બેસીને બીજે ગામ જતા હતા. રસ્તામાં ચાલતા ચાલતા દરિયામાં તોફાન આવ્યું. વાવાઝોડું કેમ હમણાં થયું હતું ને કંડલામાં ? માણસો હમણાં આવી વાત કરતા હતા કે, કંડલામાં આવું વાવાઝોડું થયું હતું. પાણી આવ્યું, ઘણા માણસોને નુકશાન થયું. એટલે આ સમુદ્રમાં પણ આવું તોફાન થયું. ત્યારે નાવિક કહે કે, ભાઈ ! હવે આ નાવ મારા હાથમાં છે નહીં. તેથી તેણે સર્વે માણસોને કહયું કે, સૌ સૌ ના ઈષ્ટદેવને સંભારો, તો ભગવાન તમારી સહાયતા કરે, બાકી મારા હાથમાં આ વહાણ છે નહીં, એમ કહીને તે પોતે પણ સમુદ્રમાં બોયું લઈને ડૂબ્યો. ત્યારે બીજા સર્વે માણસો હતા તેને તો સમુદ્રમાં પડતા બીક લાગી. ત્યારે સર્વે માણસો ભગવાનનું નામ લેવા મંડયા. ત્યારે આ માંડણ ભકત કૃષ્ણ, કૃષ્ણ એમ ભગવાનના નામનો જપ કરવા મંડયા. તે કૃષ્ણનું એવું નામ સાંભળીને વહાણ સ્થિર થઈ ગયું. તોફાન કરતું હતું, તે આમ સ્થિર થઈ ગયું. બીજા બધા પીર, પાબુ, માતા સર્વેના નામ લેતા હતા. પણ કોઈ નામથી સ્થિર થયું નહીં. અહોહો ! આ માણસો સર્વે એના પાસે આવ્યા. સર્વે ભકતો કહેવા લાગ્યા કે, અહોહો ! માંડણ ભકત ! તમે આ કૃષ્ણ,કૃષ્ણ નામ લ્યો છો. તો માંડણ ભકત કહે તમે સર્વે ભેળા કૃષ્ણનું નામ લ્યો. એટલે એકદમ સર્વે હરિ, કૃષ્ણ, નારાયણ એમ ભગવાનનું નામ બોલવા મંડયા. તે વહાણ સ્થિર થઈ ગયું. તોફાન બંધ થઈ ગયું અને પેલા નાવિકને ખબર પડી કે, તોફાન તો બંધ થઈ ગયું, તે પણ પાછો આવી ગયો. ત્યારે સર્વેએ કહયું કે, આ માંડણ ભકત, આવા એકાંતિક ભકત છે, એણે ભગવાનનું નામ લીધું, તેણે કરીને ભગવાને આવી રક્ષા કરી. ત્યારે એ પણ માંડણ ભકતના પ્રતાપની વાત સાંભળીને એને પગે લાગ્યો. આગળ ચાલ્યા. સામે કિનારે પૂગી ગયા.

ત્યાં નાવિકે એના માલિકને વાત કરી કે, આજ તો વહાણ બૂડી જાય તેમ હતું, પણ આ માંડણ ભકતે આવી રીતે ભગવાનની ધૂન, ભજન કર્યું તો એણે કરીને આપણું વહાણ ઉગર્યું. તેના માલિકે પણ આ માંડણ ભકતનું સન્માન કર્યું અને એને શિરપાવ આપ્યો અને તે પણ બહુ રાજી થયા. એટલે કહેવાનો હેતુ એટલો કે આવી રીતે સાચે ભાવે જે ભગવાનનું ભજન, ભકિત, સત્સંગ કરે, તેની માતા જેમ પોતાના બાળકની રક્ષા કરે છે, તેમ ભગવાન રક્ષા કરે છે.

બીજું, એક મહાત્માએ એવું કીર્તન ગાયું કે, ભકતોની વહારે પ્રભુ કયારે નથી આવ્યા ? વણઝારાની તમે પોઠ લઈ આવ્યા, ધના ભકતની તમે ખેતી કરી અને પ્રહલાદ ભકતની તમે અગ્નિમાંથી રક્ષા કરી અને નરસિંહ મે'તાનું તમે મામેરૂં પુર્યું. ભકતોની વહારે પ્રભુ કયારે નથી આવ્યા ? આવો જ છો અને આવશો જ ! જુઓ ! આ માંડણ ભકતે ભગવાનનું નામ આવું લીધું, તો એને નાવમાંથી ઉગારી લીધા ને ?

ભગવાને વણઝારાનું રૂપ લીધુ

એક ભકત વણઝારો હતો. તે વણઝારાનું પ્રેમભાઈ નામ. ત્યારે તે પણ વહેલા ઉઠીને ભગવાનની આવી રીતે નહાઈ ધોઈને પૂજા પાઠ કરે. તેને એક શેઠે કહયું કે, તું તવારે આવજે. આપણે આ પોઠમાં અનાજ લઈ સામે ગામ લઈ જવું છે. તે આ તો તવારના વહેલા ઉઠી, નહાઈ ધોઈને ભગવાનની પૂજા કરવા મંડયા. ભગવાનની ાનસીપૂજા કરતા આમ ભગવાનને નવડાવે, ભગવાનને જમાડે એવું કરે. તે એમ રતા કરતા ભગવાની મૂર્તિમાં તન્મય થઈ ગયા અને દેહનું ભાન ભૂલી ગયા. પા લાક, અડધો કલાક, કલાક, બે કલાક થઈ ગયા તો પણ આને ખબર પડી નહીં. ગવાન જાણે કે, આ મારા વણઝારા ભકતની પોઠિયા ઉપર તો આજીવિકા છે. જો ા શેઠનું અનાજ ન લઈ જાય તો એની આજીવિકા તૂટી જાશે. તે ભગવાને વણઝારાનું ધ લીધું. એના જેવી જ બોલી, એના જેવા જ કપડાં. શેઠને કહે લાવો ! લ્યો આ ઠિયા, શું ભરવું છે ? તો શેઠ કહે કે, આ ઘઉ લઈ જાઓ, આ મગ લઈ જાઓ. સો ો પોઠિયા ઉપર એને અનાજ ભરી દીધું. અનાજ ભરીને તેઓ પોઠિયાને ચલાવે.

એના જેવી જ બોલી, એના જેવા જ કપડાં. તો સામે ગામ ગયા તો સામે ગામ પણ ઓલા શેઠિયા હતા, એને કહયું કે, લ્યો આ શેઠે ચિટ્ઠી આપી છે. લ્યો આ ઘઉ છે, આ ચોખા, મગ છે. એણે પણ લઈને એમાં સહી કરી આપી. બીજે દિવસે અહીં આવ્યા ને આ ભકત તો ચાર કલાકે ધ્યાનમાંથી જાગ્યા. અરે ! આ શેઠ તો મને વઢશે. મારી આજીવિકા તૂટી જાશે. માંડ માંડ તો આ પોઠિયા ઉપર હું મારો નિભાવ કરતો હતો. આ તો ધ્યાનમાંથી જાગ્યા. કપડાં પહેરવા રહયા નહીં. પૂજાના કપડાંમાં એક ધોતીયું પહેરેલું અને એક ઓઢેલું. ચાર કલાક પછી ત્યાં દુકાને ગયા. શેઠને કહે કે, મારે આજે મોડું થઈ ગયું. ભગવાનની પૂજા કરતો હતો. આ પોઠિયા કયાં ગયા ? શેઠ જોઈને ચકિત થઈ ગયા ! ત્યારે આપણે આ શાસ્ત્ર વાંચીને સાંભળ્યું ને કે, આવી રીતે સાચે ભાવે ભગવાનનું ભજન કરે તો ભગવાન ભકતની રક્ષા કરે છે. વણઝારે વિચાર્યું કે, આ તો મારા ભગવાન આવ્યા લાગે છે, એમ કરીને જાય છે. પૂજાના કપડાં ઉતારીને જમ્યા. ત્યારે બીજે દિવસે સવારના તે પોઠિયા જયાં બેસતા હતા ત્યાં તે ગયો. ત્યાં વણઝારાને જોઈ અને ભગવાને વણઝારાનું રૂપ અદ્રશ્ય કરી દીધું. અહોહો ! આને થયું કે , મારા ભગવાનને મારા માટે આટલો દાખડો કરવો પડે છે ? માટે મારે હવે આ પોઠિયા નથી ચલાવવા, ને પોઠિયાને વેચી નાખ્યા ને આખો દિ' ભગવાનનું ભજન કરે.

કહેવાનો હેતું શું કે, ભકતોની વહારે પ્રભુ કયારે નથી આવ્યા ? વણઝારાની તમે પોઠ લઈ આવ્યા અને નરસિંહ મે'તાનું તમે મામેરૂં પૂર્યુ અને પ્રહલાદને અગ્નિમાં બચાવ્યા ને, તો અગ્નિ થકી પણ તમે પ્રહલાદની રક્ષા કરી, ત્યારે કહેવાનો હેતુ એટલો જ કે, આપણે પણ સાચે ભાવે ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરીએ તો મહારાજે કાલે પણ આપણને વાત કરી હતી કે, મારા ભકત જેવા મને વહાલા છે, તેવું બીજું કોઈ મને વહાલું નથી. "લક્ષ્મીજી મારી અર્ધાંગીની, પણ મારા ભકતની દાસી. મારા બાંધ્યા વૈષ્ણવ છોડે, પણ વૈષ્ણવે બાંધ્યા મેં ન છૂટે !" કે મારા બાંધેલા હોય, તે મારા ભકત છોડી શકે છે, પણ મારા ભકતના બાંધેલા હોય, તે હું પણ છોડી શકતો નથી. ભકતોને અર્થે મેં મારો દેહ કૃષ્ણાર્પણ કર્યો છે. ભગવાને આપણા માટે દેહ કૃષ્ણાર્પણ કરી દીધો. તો એવા ભકત આપણે થાઈએ તો ભગવાને પોતાના દેહને કૃષ્ણાર્પણ કરી નાંખ્યો છે, એટલે આપણને કાંઈ ચિંતા છે નહીં. આ ભગવાને આપણા

માટે આ દેહને કૃષ્ણાર્પણ કરી દીધો છે, તે હવે આપણે કાંઈ કરવાની જરૂર પડતી નથી ! તો જો આપણે આવા ભકત થઈએ તો કૃષ્ણાર્પણ કર્યો કહેવાય. આ વણઝારા ભકત જો એવું ભગવાનનું ધ્યાન કરતા કરતા તલ્લીન થઈ ગયા તો ભગવાને તેની સેવા કરી. મારા ભકત જો ભગવાનની સેવામાં તલ્લીન થઈ ગયા, તો વહાણ થકી એમની રક્ષા કરી. આ તો બધા દ્રષ્ટાંત છે, આપણે સિદ્ધાંતમાં શું લેવાનું છે ? સંસારરૂપી આ સમુદ્રમાં "મારે જાવું સામે તીર, સંતો મારે જાવું સામે તીર, લઈ જાઓ સામે તીર." સામે તીર એટલે મારે ભગવાનના ધામમાં જાવું છે. એટલા માટે જ આપણે સર્વે ભેળા થયા છીએ. તો આપણે આવી રીતે સાચે ભાવે ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરશું તો જરૂર મહારાજ આપણને ધામમાં લઈ જાશે અને મહારાજે એમ પણ લખ્યું કે, "મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરૂદ મારૂં એ ન બદલે, સર્વે જનને જણાવવું." તે દેહ છતાં જ મહારાજ કહે કે, આપણને એવો નિશ્ચય થઈ જાય. ગોપાળાનંદ સ્વામીની વાતોમાં એક માયિક દ્રષ્ટાંત છે, પણ સિદ્ધાંતમાં આપણે શું લેવું ? "સગપણ કીધું રે શામળીયા સાથે, મે'ણું મેં તો માવાનું લીધું માથે " એમ એક સ્વામીએ લખ્યું છે કે, આપણે ભગવાનની સાથે સગપણ કર્યું, તો ભગવાન મારી જરૂર રક્ષા કરશે. તે પતિ રાજી કયારે થાય, કે પતિવ્રતાના નિયમો જો બરાબર પાલન રે, તો પતિ રાજી થાય. એટલે પતિવ્રતાનો ધર્મ પાળ્યો કયારે કહેવાય? કે મહારાજે આપણાને શિક્ષાપત્રી, વચનામત, સત્સંગીજીવન સર્વેમાં આપણે, મહારાજે ત્યાગીના ને ગહસ્થોના જે નિયમો કહયા, તે પ્રમાણે આપણે વર્તશું તો, એની આજ્ઞા પાલન ી કહેવાય. તો આપણે દરેકે આ આગળ પાછળ કામકાજ કરી અને સવારે ઉઠીએ ારે પરબારા ઊભા ન થાવું. સર્વે સંતોએ તથા સત્સંગીજીવનમાં અને શિક્ષાપત્રી ાષ્યમાં પણ કહયું છે કે બ્રાહ્મ મુહૂર્તમાં જાગી જવું. બ્રાહ્મ મુહૂર્ત કયારે કહેવાય ? કે થી પ વાગ્યા સુધીમાં બ્રાહ્મ મુહૂર્ત કહેવાય. તે વખતે ઋષિ–મુનિઓ, બીજા બધા તો ભગવાનનું ધ્યાન, ભજન કરતા હોય.

ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, સ્વરૂપાનંદ સ્વામી ઉપરથી વાયરો જેને , તેનો મોક્ષ થઈ જાય. તે સ્વરૂપાનંદ સ્વામી કાંઈ ભગવાન હતા નહીં, પણ વાનને અખંડ સંભારતા હતા, તે આના ઉપરથી વાયરો ઉડીને જેને અડે, તેનું

પણ કલ્યાણ થઈ જાય. એટલે સવારે ઉઠીને કેટલાક મુકતો અને ઋષિમુનિઓ ભગવાનનું ધ્યાન કરતા હોય, ભગવાનનું ભજન કરતા હોય, એનો આપણને કરંટ લાગે અને એનો વાયરો અડે તો આપણું અંતઃકરણ શુદ્ધ થઈ જાય અને વાતેય સાચી કે, આપણે વહેલા ઉઠીને ધ્યાન કરીએ તો વૃત્તિ સ્થિર થઈ જાય. આઠ વાગ્યે ઉઠીને નહાવા મંડીએ, મારે આ ઓફિસમાં જાવું છે, વળી મોડું થાશે તો સાહેબ વઢશે. શેઠ જાણે કે મારે દુકાને જવું છે, ઘરાક ભાગી જશે, એમ સંકલ્પ થયા જ કરે ને ? પણ આપણે જો આ વહેલા ઉઠીને નાહી – ધોઈ, પૂજા–પાઠ કરી લીધેલ હોય, તો આખો દિવસ શાંતિ થાય.

ગોપાળાનંદ સ્વામીની વાતુંમાં લખ્યું છે કે, સવારમાં દૂધ હોય તેમાં સાકર ને એલચી નાંખીને એક વાટકો પીધો હોય, તો ૨–૪ કલાક સુધી એને ભૂખ લાગે નહીં. તેમ આપણે સવારે વહેલા ઉઠીને આ રીતે ભગવાનનું ધ્યાન, ભજન, પૂજા–પાઠ કરી લઈએ, તો આખો દિવસ એને શાંતિ થઈ જાય. એટલા માટે જ મહારાજે આપણને બ્રાહ્મ મુહૂર્તમાં જાગવાનું કહયું છે. જાગ્યા પછી પરબારા ઉઠીને રવાના ન થાવું. થોડીવાર અનુકૂળતા પ્રમાણે ધ્યાન કરવું. આ રીતે ભગવાનનું ધ્યાન કરીએ અને ભગવાનની સ્મૃતિ રાખીને નાહીએ–પૂજા–પાઠ કરીએ તો આખો દિવસ શાંતિમાં જાય.

જમતા જમતા કોળિયે કોળિયે સ્વામિનારાયણ નામ લેવું

જમવા બેસીએ ત્યારે પણ મોટા સંતોએ કહયું કે, કોળિએ કોળિએ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ બોલીને જમીએ, તો તે જમીએ એ ઉપવાસ કહેવાય. મારા ગુરૂ કહેતા કે, કોળિએ કોળિએ નામ લઈએ તો એ બરાબર. આ રીતે જો અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ વાસોચ્છ્વાસે નામ લેતા હોઈએ, તો કોળિઓ મોઢામાં મૂકીએ અને કોળિઓ નીચે ઉતરે ત્યાં સુધીમાં પાંચ–સાત વાર પોતાની મેળે સ્વામિનારાયણ નામ લેવાઈ જાય. તમે બધા એમ કરો જ છો ને ? એક વાર સ્વામિનારાયણ નામ લ્યો છો કે પાંચ–સાત વાર લ્યો છો ? શું કરો છો ? એવી રીતે જો લટક પડી જાય, તો એને ઓફિસ પણ નડે નહીં અને દુકાન પણ નડે નહીં.

એવી ટેવ પડી જાય તો પહેલા વણઝારાની વાત લખી, તો એને ભગવાન મળ્યા, ને તેની રક્ષા કરી. તેમ આપણી રક્ષા ભગવાન કરશે જ. પાંચ–સાત વાર ન થાય તો કાંઈ નહીં, પણ એકવાર તો આપણે સ્વામિનારાયણનું નામ લઈ જમીએ. એ તો થઈ શકે એવું છે ને ? આપણે એવો અભ્યાસ કરીએ તો થઈ જાય એવું છે.

હું તો ગઈતી સુણવા પારાયણ, મારો લોટો લઈ ગયા નારાયણ

આ કથા સાંભળી નાંખી એટલે શું ? એક ભાઈ હતા, એ એમ કહેતા કે, કથા સાંભળી નાંખી. કથા સાંભળી ને નાંખી દઈએ એમ ન કરવું, પણ કથા સાંભળી જીવમાં ઉતારવી. ઓલા બાઈની વાત લખીને કે, બાઈ કથા સાંભળવા જતા ત્યાં લોટો ખોવાઈ ગયો. તે બાઈ શું બોલે ? હું તો ગઈતી સુણવા પારાયણ, મારો લોટો લઈ ગયા નારાયણ. તે બાઈ આમ બોલ્યા જ કરે. તે નારાયણ પોતે હાથમાં લોટો લઈ આવ્યા. અરે બાઈ, શું કહે છે ? તુ તો કહે છે કે, હું તો પારાયણ સાંભળવા ગઈ હતી, ને મારો લોટો નારાયણ લઈ ગયા. લે બાઈ, આ તારો લોટો. જુઓ, લોટો કાંઈ નારાયણ લઈ ગયા ન હતા, પણ ચોર લઈ ગયા હતા, પણ ભગવાને એની એવી રક્ષા કરી. આ વણઝારાની વાત કરી. તે ધ્યાનમાં ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા તો શું કર્યું ? ભગવાને એનું રૂપ લીધું ને પહેલા ઓલા ગાર્ડની વાત કરી હતી. ભગવાન આખો દિવસ ગાર્ડનું રૂપ લઈ રેલમાં ફર્યા. એટલે કહેવાનો હેતુ એટલો જ કે, મહારાજ કહે કે મારે વિ વાસે રહેછે, એની જેમ માતા બાળકની રક્ષા કરે છે એમ મારા ભકતની હું રક્ષા કરૂં છું. તો આપણે એવા ભકત થાવું પડશે ને ? થયા હોઈએ તો બરાબર. ન થયા હોઈએ તો ધીમે ધીમે આ શાસ્ત્રો વાંચી, સંત સમાગમ કરીને, આપણી જે કાંઈ ખામી હોય તે ટાળશું, તો આપણા પર ભગવાન રાજી થઈ, પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. માટે આપણે કાળજી રાખી ભજન વિશેષ કરવું.

એક કુંભારને સોનાની વટલોઈ મળી

આજે આપણને ભગવાનની દયા અને પૂર્વના પુણ્યથી, આપણને આવો દિવ્ય સત્સંગનો જોગ મળી ગયો છે, તો હવે આપણે સાચે ભાવે સત્સંગ કરી અને આપણા આત્માનું કલ્યાણ થઈ જાય, એ જ આ માનવ જન્મનું સાચું ફળ છે. આપણે જો

એવી રીતે કાળજી ન રાખીએ, તો મારા ગુરૂ એક કુંભારની વાત કરતા. કુંભાર હતો તે રોજ માટી ખોદવા જાય. માટલા બનાવ્યા કરે. એક વખતે ભગવાનની ઈચ્છા થકી એને માટી ખોદતા ખોદતા માટીની ખાણમાંથી સોનાની ભરેલી વટલોઈ મળી ગઈ. ત્યારે એને એમ થયું કે, અહોહો! મને આ ભગવાનની દયા થકી વટલોઈ મળી ગઈ. પણ ચાલ અહીંયા પાસે આ નદી વહે છે તો ગારો ચોંટેલો તે ધોઈ આવું, તે હાથમાં પકડી અને ગારો ધોવા મંડયો. તે માટી જરાક ચીકણી હતી. તે હાથમાંથી વટલોઈ નીકળી ગઈ અને તે નદીમાં પાણી વહેતું હતું તેથી વટલોઈ તણાવા મંડી. ત્યારે આ કુંભાર ગાંડો થઈ ગયો. અરે ! હાય ધોતા ગઈ. અરે ! હાય ધોતા ગઈ. તો કોઈ માણસ પુછે કે, અરે ભાઈ, શું ગયું ? પણ તે તો એની જ રટણમાં અરે ! હાય ધોતા ગઈ. તે તો એક દ્રષ્ટાંત છે. એના સિદ્ધાંતમાં આપણે શું લેવાનું ? કે આપણને આ ભગવાનની દયાથી અને પૂર્વના પુણ્યથી ભગવાન મળી ગયા. જેમ સમુદ્ર મંથન કરતા કરતા એમાંથી અમત નીકળ્યું. તેમ આપણે પણ ભગવાનના જ્ઞાન, ધ્યાન, ભજનની વાતું કરતા કરતા, એને જેમ સોનાની વટલોઈ મળી ગઈ, તેમ આપણા અંતરમાં પણ પ્રકાશમાન ભગવાનની મૂર્તિના દર્શન થાય. ભગવાનની મૂર્તિને આપણે સાચે ભાવે સત્સંગ કરીને આપણા અંતરમાં સાચવી રાખશું તો આ કુંભારની પેઠે ધોખો કરવો નહીં પડે અને આપણે જો સાચવી નહીં રાખીએ તો વળી પાછા "પુનરપિ જનનં પુનરપિ મરણમ્" તે ભોગવવા પડશે. તે ભોગવવા ન પડે, એવું આપણે સાચે ભાવે સત્સંગ કરી કરવાનું છે. માટે આપણે સૌએ કાળજી રાખવી.

સત્સંગરૂપી ગંગામાં નાહ્યા કરવું

મોટા સંતો કહેતા કે, આપણે ગંગા જાત્રા કરવા જઈએ, હરદ્વારમાં તે ગંગાનો પ્રવાહ વહેતો હોય, તેમાં જેટલી વાર નહાઈએ તેટલી વાર તપ્ત થવાય જ નહીં. તેમ આ સત્સંગરૂપી ગંગા પણ વહયા જ કરે છે. મોટા સંતોએ લખ્યું કે,

ગંગા પાપં શશિતાપં દૈન્યં કલ્પતરૂસ્તથા।
પાપં તાપં ચ દૈન્યં ચઃ ન્તિ સાધુ સમાગમ ॥

પાપ, તાપ, સંતાપ સત્પુરૂષના સમાગમથી ટળે છે. ગંગા છે તેમાં સ્નાન

કરવાથી પાપનો ક્ષય થઈ જાય છે અને ચંદ્રમાનો પ્રકાશ થાય, તો ગમે તેટલો ગરમીનો ટાઈમ હોય, પણ શિતળ ચંદ્રમા ઊગે, એટલે શાંત થઈ જાય છે અને કોઈ દરિદ્ર માણસ હોય અને કલ્પવક્ષની નીચે જાય, એટલે દારિદ્ર નાશ થઈ જાય છે. આગળના વખતમાં સતયુગમાં દરેકને ઘેર કલ્પવક્ષ હતું, એમ શાસ્ત્રમાં લખ્યું છે. તો કલ્પવક્ષ નીચે જઈ અને જે સંકલ્પ કરે, તે ઈચ્છા પ્રમાણે સિદ્ધ થાય છે. તો આ કવિ કહે છે કે, ગંગા પાપનો નાશ કરે છે, ચંદ્રમાં તાપનો નાશ કરે છે અને કલ્પવક્ષ દારિદ્રનો નાશ કરે છે, પણ સંતનો સમાગમ કરવાથી આ ત્રણેયનો નાશ થઈ જાય છે, એમ મોટા કવિઓએ કહયું છે. તો આપણને આ ભગવાનની દયાથી અને પૂર્વના પુણ્યથી સત્સંગરૂપી ગંગાનો પ્રવાહ વહે છે, એમાં જેટલો વધારે લાભ લેવાય એટલો લાભ લેવો.

જાણે આખા જકતને લઈ જઈએ અમારે ધામ

ઘનશ્યામ મહારાજે આપણા ઉપર ઘણી દયા કરી છે ને? નિષ્કુળાનંદ સ્વામીએ ભકતચિંતામણીમાં લખ્યું

"અમે જોને આવીયા તમ કારણે તન ધરી...
મન વાણી પહોંચે નહીં, કહે નેતિ નેતિ નિગમ કહી"

મહારાજ કહે, અમે તમારા માટે અક્ષરધામમાંથી અહીં આવ્યા છીએ. ત્યારે અક્ષરધામને વિષે તો આપણે સર્વે જાણીએ છીએ અને આપણા શાસ્ત્ર વચનામત, સત્સંગી જીવન આદિકમાં અક્ષરધામની મૂર્તિનું વર્ણન લખ્યું છે કે, અધો ઉર્ધ્વ ચારે કોરે પ્રમાણે રહિત તેજનો સમૂહ છે અને તે તેજને વિષે દિવ્ય સિંહાસન છે અને તે સિંહાસનને વિષે ભગવાન પુરૂષોત્તમ નારાયણ કિશોર મૂર્તિ રૂપે વિરાજમાન છે અને ચારે બાજુ અનંતકોટિ મુકતો ભગવાનની સેવામાં રહેલા છે. ત્યારે આપણે પણ આવી રીતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીએ. આવી ભાવના રાખીને ધ્યાન કરીએ, તો આપણને એવો જ અક્ષરધામનો આનંદ આવે. ને મહારાજ કહે કે, આટલે દૂરથી અમે એટલું બધું સુખ મૂકીને આવ્યા છીએ. શા માટે આવ્યા છીએ કે,

"જાણીએ આખી જકતને, લઈ જાઈએ અમારે ધામ

કેડે ન રાખીએ કોઈને, એમ બોલ્યા શ્રી ઘનશ્યામ''

કે અમે અક્ષરધામથી એવો સંકલ્પ ધારીને આવ્યા છીએ કે, જાણે આ સર્વે બ્રહ્માંડના જીવોને દેહને અંતે, મારા અક્ષરધામમાં લઈ જાવા છે. ત્યારે મહારાજ કહે કે, અમારા દાખડા સામું જોજો, સહુ મળીને. દાખડા સામું શું જોવું? તે મહારાજ કહે કે, અમે શિક્ષાપત્રી, વચનામત, સત્સંગીજીવન આદિક શાસ્ત્રમાં જે પ્રમાણે નિયમો લખ્યા તે નિયમો પ્રમાણે વર્તીએ, તો દેહ મૂકીને જે સુખને પામવું હતું, તે સુખ દેહ છતાં જ મહારાજે આપણને અહીં આપ્યું છે.

એક વૃત્તિ વડે કામ કરવુ બીજી વૃત્તિ વડે ભગવાન સંભારવા

મહારાજ કહે કે, અમે અમારા ભકતને અર્થે આ મારો દેહ પણ કૃષ્ણાર્પણ કરી નાંખ્યો છે. બીજું, મોટા સંતો કહેતા કે, સંતોએ એક વૃત્તિ વડે મંદિરનું કામ કરવું અને બીજી વૃત્તિ વડે આ ભગવાનની મૂર્તિને સંભારતા જવું. બીજું, ભુજના ભકિતપ્રિયદાસજી સ્વામી અખંડ મૂર્તિ સંભારતા અને મારા ધ્યાન ગુરૂ શ્રીવલ્લભદાસજી સ્વામી હતા. તેઓ મહંત પણ હતા. આખો દિ' સત્સંગની સેવા કર્યા જ કરે, પણ ભગવાનની મૂર્તિને અખંડ સંભાર્યા કરે અને ગહસ્થો જે દેવજીભાઈ આદિ તે પણ અખંડ મૂર્તિ સંભારતા. બીજું, આપણા સંપ્રદાયમાં ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામ ભટ, દાદાખાચર એ આદિક આપણા સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. તે વ્યવહારિક કાર્ય કરતા કરતા ભગવાનની મૂર્તિને સંભારતા. બીજું, આ લોકમાં કોઈ નોકરી કરતા હોય, તો સાહેબ કે શેઠ જે કહે તે હુકમ પ્રમાણે વર્તે, તો સાહેબ હોય એના સી. આર. એટલે ખાનગી અહેવાલ લખે. ત્યારે જો કામ બરાબર સારી રીતે કર્યુ હોય, તો રિપોર્ટ તે સારા લખે અને જલ્દી પ્રમોશન મળી જાય અને ખૂબજ સુખી થાયે.

બીજું, એક ભકત કહે સ્વામી, હું તો ઘણી મહેનત કરૂં છું, પણ મને પ્રમોશન મળતું નથી. એમાં સાહેબનો કે શેઠનો વાંક કહેવાય નહીં, પણ આપણી પોતાની એટલી કાચ્યપ કહેવાય અને શેઠ હોય તો તે શેઠને ત્યાં નોકર નોકરી કરતો હોય, તો એના પર શેઠ રાજી થઈ જાય. તો વર્ષે દહાડે એને શું આપે? એને બોનસ આપે છે. તો

જુઓ, આ લોકના શેઠ કે સાહેબ હોય, તે પણ જો સારી રીતે વફાદારીથી નોકરી કરી હોય તો એને ઈનામ મળે છે. તો આપણે સર્વેને તે અક્ષરધામરૂપી ઈનામ લેવું છે ને? લેવું તો સર્વેને છે. આપણે સર્વે એમ કહીએ છીએ, કોઈ ના નથી કહેતું. લેવું છે એમ તો આપણે સર્વે કહીએ છીએ અને ભગવાન પણ એવા દયાળુ છે, એટલે આપશે જ. નહીં આપે એવું નથી, પણ દેહ છતાં જ આપણે આવો અનુભવ કરવો હોય, તો થોડીક આપણે કાળજી રાખી અને ભજન વિશેષ કરશું તો થઈ જાશે.

ટી.વી. ન જોવા વિષે

આપણે ઘણી વખત વાત તો કહીએ છીએ કે, ટી.વી. આપણે બહુ જોવું નહીં. હવે થોડું ઓછું થયું છે પણ નીકળી ગયું હોય તેવું લાગતું નથી. કેટલાક એમ કહે કે, સ્વામી અમારે બહુ જોવાની ઈચ્છા નથી, પણ છોકરાઓ જુએ તો શું કરીએ? છોકરાંઓને પણ આપણે એવી ટેવ પાડવી.

મારા ગુરૂ વાત કરતા કે, એક શેઠ હતા. તેણે નાનપણથી જ એવી ટેવ પાડી કે, ભગવાનનું આવું સુખ છે, ભગવાનનો આવો આનંદ છે. ભગવાનનું ભજન કરીએ તો સુખ આવે. એવી રીતે જ તે સદ્‌ગૃહસ્થ હોય અને એણે બાળકમાં સારા સંસ્કાર પાડ્યા હોય, તો એના પપ્પા છોકરાની પરીક્ષા લેવા માટે કહે કે, લાવ છોકરા, ટી.વી. જોઈએ ત્યારે છોકરો કહે પપ્પા, આપણે ટી.વી. ના જોવાય. છોકરો ના પાડે પણ આપણે એવા ગુણ શીખવાડ્યા હોય, તો તે છોકરો ના પાડે ને! તો આપણે પણ ઘીમે ઘીમે બાળકોમાં સારા સંસ્કાર પાડવા. બીજુ, મોટા સંતો કહેતા કે, દિવસ જાય ડખામાં, રાત જાય વખામાં. ડખા એટલે કાંઈ ગપ્પા ન મારે પણ વ્યવહારિક કાર્યમાં બધું પલ્યું જાય. નોકરી કરતા હોય એને નોકરી કરવી પડે. કોઈ કહે કે, એને વેપાર કરવો પડે. ભલે વેપાર કરવો પડે, નોકરી પણ કરવી પડે, પણ આપણે દરેક કામ કરતા મૂર્તિ સંભારવાની ટેવ પાડવી.

બીજું, અમારા મોટા સંતો અમને શીખવાડતા કે, રસ્તામાં ચાલ્યા જતા હોઈએ ત્યારે, મહારાજ જાણે માણકી ઘોડી પર વિરાજમાન થયેલા છે અને આપણે જાણે માથે છત્તર ધારેલું છે અને આ ભગવાન ભેળા આપણે ચાલ્યા જઈએ છીએ એવી ભાવના રાખીને આપણે ચાલીએ તો ભગવાનનો ખૂબજ આનંદ આવે. ઘરે બેઠા હોઈએ

કે ઓફિસમાં બેઠા હોઈએ કે દુકાનમાં બેઠા હોઈએ, તો એમ જાણીએ કે આ મહારાજ અહીંયા વિરાજમાન થયેલા છે. આ મુકતો અહીંયા વિરાજમાન છે. આ અક્ષરધામની સભામાં હું બેઠો છું, તો અક્ષરધામનું સુખ આવે કે ન આવે ? જરૂર આવે. બીજું, ગોપાળાનંદ સ્વામી એમ જ કરતા ને ! ગોપાળાનંદ સ્વામી પૂર્વાશ્રમમાં હતા, ત્યારે છોકરાઓને ભણાવતા હતા. તે એમ જાણતા કે, આ છોકરાઓ બધા મુકતો છે અને આ અક્ષરધામની સભામાં હું બેઠો છું. તો એને એવો જ આનંદ આવતો. તો માબાપે છોકરાઓમાં એવા સંસ્કારો નાનપણમાંથી જ પાડયા હોય, તો તે છોકરા પપ્પાને ના પાડે, કે પપ્પા, આ ટી.વી. આપણાથી જોવાય નહીં. કેટલાં છોકરા એમ કહે છે ? આટલામાં કેટલા છોકરા એમ કહે છે ? એટલે એવી રીતે બાળકોમાં જો સારા સંસ્કાર પાડયા હોય, તો સારૂં થાય. તે ટી. વી. માં કાંઈ ભગવાનની વાતો નહીં આવતી હોય. કયારેક કયારેક ભગવાનની વાતું આવે તો ભલે એ ઠીક છે. પણ થોડુંક ભગવાનનું જોવા માંડીએ તો બીજું બધું જોવાની હોંશ થઈ જાય ને, એટલે તે આપણે દરેકે ખ્યાલ રાખવો.

રટ રટ રે મન બાવરે, એક નામ હરિકો

ભગવાન ભજવાનો આવો સમય મળ્યો, તો ક્ષણે ક્ષણે કાળ તો ચાલ્યો જાય છે, એટલા માટે તો સ્વામીએ લખ્યું કે,

"રટ રટ રે મન બાવરે, એક નામ હરિ કો
બીત જાત હૈ અવસર, ઐસો જ્યું લોહે કો તાવ"

જેમ આ ઘમણ ઘમે– પહેલાના લોકો ઘમણ ઘમાવતા. આ લુહાર લોકો હોયને એ ઘમણ ઘમીને લાલ લોઢું કરતા, બે છેડા ભેળા કરે તો સાંધો મળી જાય. હમણાં વેલ્ડિંગ કરે છે, પણ તપાવવું તો પડતું હશે, કે એમ જ વેલ્ડીંગ થઈ જાય છે ? આ લોખંડને વેલ્ડિંગ કરવું હોય તો બે છેડા તપાવવા જ પડે. એમ જ વેલ્ડિંગ થઈ જાય ?હમણાં મશીન તપાવે છે, પણ તપાવવા તો પડે છે. એક છેડો તપ્યો હોય ને એક છેડો ઠંડો પડયો હોય, તો સાંધો મળે નહીં. તે તો દ્રષ્ટાંત છે, પણ એના સિદ્ધાંતમાં આપણે શું લેવું કે, આ ભગવાનને અને ભગવાનના સંતોને તો એમ જ છે કે, આ જીવાત્માને ભગવાનની મૂર્તિનું સુખ જલ્દી આપી દઉં, પણ બીજો છેડો ઠંડો પડયો

હોય તો કયાંથી થાય. એટલે આપણે પણ કાળજી રાખી આવી રીતે સાંજે સવારે ધ્યાન કરવાની વાત કરી હતી કે, પોતાના આત્માને ત્રણ દેહની ભાવના ટાળી અને બ્રહ્મરૂપ થઈ, બ્રહ્મ એટલે અક્ષરધામરૂપ થઈને ધ્યાન કરવું. આ આત્મા તો અણુ જેટલો છે, પણ આત્માને અક્ષરધામની સાથે એકતા કરવી કે આ અક્ષરધામ છે, તે જ મારૂં સ્વરૂપ છે. એવી ભાવના કરીને આપણે ભગવાનનું ધ્યાન કરવા બેસીએ, તો ભગવાનનો એવો આનંદ જરૂર આવે અને પછી મહારાજે વચનામતમાં બતાવ્યું છે કે, કદાચ આળસ પ્રમાદ જેવું રહે તો શું કરવું. તો મૂર્તિને વત્તિરૂપી દોરી વડે ઉચે ચડાવવી. એટલે આ દોરીથી જાણે ભગવાનની મૂર્તિ ઉચે ચડે છે એમ ઉચે ચડાવવી, વળી નીચે લાવીએ.

બીજું, એક મહાત્માએ કીર્તનમાં લખ્યું કે, હું તો ઉચે ચઢું અને નીચે ઉતરૂં. કે આ ભગવાનને રાજી કરવાને માટે, પોતાના ભકતને અર્થે ભગવાનની મૂર્તિને વત્તિથી ઉચી ચડાવવી. વળી અડખે પડખે ડોલાવવી, વળી નીચે લાવવી. એમ કદાચ આળસ પ્રમાદ જેવું હોય તો કરવું, નહીંતર ન કરવું.

લોમ, અનુલોમ અને પ્રતિલોમ ધ્યાનની રીત

અમારા ગુરૂ કહેતા કે, આંખ્યું મીંચીને બેઠા, ને અક્ષરધામમાં પેઠા એમ સ્વામી કહેતા. આંખ્યું મીચીને બેઠા, જાણે અક્ષરધામમાં પેઠા ! એમ લૌકિક દ્રષ્ટાંત આપતા હતા. એનો અર્થ શું ? કે આંખ્યું મીંચીને બેસે એટલે અક્ષરધામ જ દેખાય. અક્ષરધામમાં જ હું બેઠો છું. આપણે પણ એવી રીતે અભ્યાસ કરીએ, તો આ અક્ષરધામરૂપ પ્રકાશમાન એવો આ આત્માને અક્ષરધામ સાથે એકતા કરી અને એને વિષે ધ્યાન કરવું. ધ્યાનની પણ પહેલા આપણે વાત કરી કરી હતી કે, લોમ, અનુલોમ અને પ્રતિલોમ. લોમ એટલે આપણે અહીંયા બેઠા થકા વડતાલની મૂર્તિ જોઈએ કે અમદાવાદની જોઈએ કે ભુજની જોઈએ કે ગઢડાની મૂર્તિ જોઈએ, એમ દૂર મૂર્તિ હોય તે આપણે જોઈએ કે આ ગઢડાની મૂર્તિ દેખાય, આ વડતાલની મૂર્તિ દેખાય. મોટા સંતો એમ કહેતા કે એક મૂર્તિ જો તમે સિદ્ધ કરી હોય, તો જે જે મૂર્તિઓ જોવી

હોય, તો સર્વે મૂર્તિઓ દેખાય. સર્વે દેખાય તો પછી મૂર્તિ તો દેખાય જ ને ? અનંતકોટી બ્રહ્માંડ પણ દેખાય એમ મોટા સંતો કહેતા. લોમ એટલે લાંબી વૃત્તિ. અનુલોમ એટલે આપણે આ બેઠા છીએ, ને ભગવાન સામે વિરાજમાન થયેલા છે, તે અનુલોમ કહેવાય અને પ્રતિલોમ તો મોટા સંતો કહેતા કે, લાખમાંથી એક જ જણને સમજાય. તે કહેવુંયે કઠણ છે અને સમજવુંયે કઠણ છે, કરવું પણ કઠણ, મોટા સંતો તે કહેતા, કે તે કહેવું પણ કઠણ છે અને કહીને સમજવું પણ કઠણ છે, તે સમજાય નહીં તો વર્તાય કયાંથી ? તે વર્તવું પણ કઠણ છે.

બીજું, મોટા સંતો એમ કહેતા કે, આપણા સંપ્રદાયમાં એક ગોપાળાનંદ સ્વામીએ અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો હતો. સર્વે સંતો સિદ્ધ દશાવાળા જ હતા અને મૂર્તિ દેખતા જ હતા. પણ દરેકના નોખા નોખા અંગ દેખાડયા. સચ્ચિદાનંદ સ્વામીનું પ્રેમનું અંગ દેખાડયું, કે ભગવાનની મૂર્તિનો વિયોગ જરાકવાર થાય, તો રૂંવાડે રૂંવાડે રૂધિર નીકળતું. ત્યારે ગોપાળાનંદ સ્વામીને શું થાતું ? ગોપાળાનંદ સ્વામીને તો ભગવાનનો વિયોગ જ થતો નહીં. ભગવાન જે આજ્ઞા કરે, કે તમે દૂર જાઓ, તો ગોપાળાનંદ સ્વામી દૂર જતા. મહારાજે કારીયાણીના અગીયારમાં વચનામતમાં લખ્યું છે કે, ભગવાન આપણને આજ્ઞા કરે, કે અમારા થકી દૂર જાઓ, તો દૂર જાય તો ભગવાનના દર્શન ન થાય, કથા વાર્તા ભગવાનની સંભળાય નહીં, ભગવાનનો પ્રસાદ જમવા મળે નહીં, એટલે દૂર થઈ જાયને? તો એને શું કરવું ? પછી બીજો પ્ર ન પૂછયો કે, ભગવાનની મૂર્તિ વિના, એક ક્ષણમાત્ર પણ ન રહી શકતા હોય, એને ભગવાન આજ્ઞા કરે કે , અમ થકી દૂર જાઓ, તો એને શું કરવું ? તો એમાં મહારાજે શું કહયું ? તો કારીયાણીના અગિયારમાં વચનામતમાં એમ કહયું છે કે, ભગવાનની આજ્ઞાએ કરીને દૂર જાય, તો જેમ એવા ભકત હોય એને ભગવાન વિના ક્ષણ માત્ર ચાલતું નથી, તો એવા ભકત વિના ભગવાનને પણ ક્ષણ માત્ર નથી ચાલતું. એક આંખનું મટકું ભરીએ એટલીવાર પણ જો ભગવાન દૂર થઈ જાય, તો એને એવો વિયોગ થઈ જાય. તો એવા ભકતથી આંખનું એક મટકું ભરીએ એટલીવાર પણ ભગવાન દૂર જાતા નથી. ભગવાનના ભકત હોય, તે ભગવાનની મૂર્તિ વિના એક ક્ષણ માત્ર પણ દૂર રહી શકતા નથી. તો એમાં ભગવાને શું કહયું કે, હું પણ એવા ભકતથી એક ક્ષણ માત્ર

પણ દૂર રહી શકતો નથી. સાધવો હૃદયં મમ્ ! સાધુઓ તો મારા હૃદય સમાન છે.

હૃદય બંધ થઈ જાય તો શું થાય ? પંપ મારે, પણ પંપ કેટલીવાર ચાલે ? થોડીવાર માંડ ચાલે. આમ સમજાવે કે ભાઈ! હમણાં વાસ આવશે.

એકવાર એક હરિભકત માંદા હતા. તે એને ઓકિસજન પર રાખ્યા હતા. તેના પિતાએ કહયું કે, સ્વામી ! મારો છોકરો બહુ માંદો છે, તે તમે દયા કરીને દર્શન દેવા આવતા હો તો સારૂ. અમે ત્યાં ગયા. ત્યાં એને એવી જ રીતે ઓકિસજનથી થોડીવાર વાસ લેવડાવ્યો. વળી છાતી હલાવે, વળી વાસ ઉચો નીચો કરે. અમે અંદર તો ગયા નહીં, પણ દૂરથી ખબર પડે કે આમાં કાંઈ છે નહીં. એટલે પ્રસાદીનું પાણી આપીને ભગવાન સારૂ કરશે, એમ કહીને અમે નીકળી ગયા. એટલે કહેવાનું શું કે, હૃદય બંધ થઈ જાય તો કેટલીવાર રહે ? તો મહારાજ એમ કહે કે, મારા ભકતો છે, તે મારા હૃદય સમાન છે. તો આપણે એવા ભકત થાવું પડશે ને ? કે થઈ ગયા છીએ ? એટલે મહારાજ કહે કે, અનુલોમ એટલે સામા આવે. પ્રતિલોમ એટલે આ લોક, આ દેહ, આ બ્રહ્માંડ કાંઈ દેખવામાં ન આવે. તે કીર્તનમાં પણ સ્વામીએ કહયું ને કે,

"જ્યાં જુએ ત્યાં રામજી, બીજું કાંઈ ન ભાસે રે
અનુભવીને અંતરે, રહે રામ તેને વાસે રે "

જ્યાં જોઉં ત્યાં રામજી, એટલે જ્યાં જ્યાં એની વત્તિ જાય, ત્યાં ભગવાનની મૂર્તિ દેખાય. મહારાજ કહે કે, આત્યંતિક કલ્યાણને પામીને આવી સિદ્ધ દશાને પામ્યો હોય, તો જ્યાં જ્યાં એની વત્તિ જાય, ત્યાં એને ભગવાનની મૂર્તિ જ દેખાય. માણસ હોય, પશુ હોય, ઝાડ હોય તો તે કાંઈ દેખાય નહીં. એને એક ભગવાનની મૂર્તિ જ દેખાય. અનુભવીને અંતરે, રહે રામ તેને વાસે રે, કે અનુભવી હોય, અનુભવી એટલે આ ભગવાનના એકાંતિક સંતો કે આ ભગવાનના એકાંતિક હરિભકતો હોય, એમાં મહારાજે ત્યાગી કે ગહસ્થનો કાંઈ મેળ રાખ્યો નથી. મહારાજ કહે કે, જેની સમજણ મોટી એ મોટો. અવસ્થાએ કરીને કોઈ નાના હોય, પણ એની સમજણ સારી હોય તો મોટા જાણવા.ત્યારે પ્રતિલોમ એટલે લોક, દેહ, બ્રહ્માંડની ભાવના ટાળી અને ભગવાનની મૂર્તિ આમ દેખાય ! હનુમાનજીનો ફોટો જેણે જોયો હોય તેને ખબર હશે.

હનુમાનજીએ હૃદયમાં રામ છે તેવું છાતી ચીરીને બતાવ્યું ને. સીતા માતાએ હાર આપ્યો, તો એ હાર તોડવા માંડયા. સીતાજી કહે અરે, એમાં શું જુએ છે ? આખરે તો વાંદરો ને? એ તો ગાંડો કહેવાય. વાંદરાને કાંઈ સમજણ હોય નહીં. તું શું જુએ છે ? અરે! આમાં તો મારા રામ જોઉ છું. પણ આમાં કાંઈ રામ હોય કે ? ત્યારે આમાં રામ ન હોય તો તે વસ્તુ મારે શા કામની. તો કહે આ તારા દેહમાં કયાં રામ છે ? તો છાતી ચીરી તે રૂંવાડે રૂંવાડે એને રામ રામ થાતું હતું અને હૃદયમાં ભગવાનના દર્શન થાતા. ને હનુમાનજીનો ફોટો જોયો હશે એને ખબર પડે. હનુમાનનો ફોટો જોયો છે કોઈએ ? હનુમાનજીના ઘણા ફોટા હોય છે. આવો ફોટો પણ છે. જુઓ, તે હનુમાનજીને અંતરમાં ભગવાન દેખાતા. આમ સામા નહોતા દેખાતા. જોયું હોય તો ખબર પડે, મેં તો પહેલા એકવાર જોયો હતો, એટલે એવી રીતે હૃદયમાં એને આમ પાછી વત્તિથી પ્રત્યક્ષ દર્શન થાય, તો એને પ્રતિલોમ કહેવાય. એવી રીતે વત્તિ કેળવવી.

આહાર, વિહાર અને બ્રહ્મચર્યની શુદ્ધિ રાખવી

આમાં વાત આવી સનકાદિકની કે, ભગવાને એને વરદાન માંગવાનું કહયું, તો સનકાદિકે શું માંગ્યું કે, અમારે આમ સદાય પાંચ વર્ષની ઉમર રહે. તે મહારાજ કહે કે પાંચ વર્ષની ઉમરના બાળકને કોઈપણ જાતના વિકાર હોય નહીં, એમ શાસ્ત્રમાં લખ્યું છે તો એ સદાને માટે બાળ બ્રહ્મચારી કહેવાય. મહારાજે તેને કહયું કે, ભલે તમારી સદાને માટે પાંચ વર્ષની ઉમર રહે. તે સાંભળી સનકાદિક રાજી થયા. બીજું, નરનારાયણ દેવની મૂર્તિ હોય છે, એમાં નીચે સનકાદિક હોય છે. અમદાવાદમાં છે, ભુજમાં પણ છે ને વાસણામાં પણ નરનારાયણ દેવની મૂર્તિમાં પણ છે. તો એ સનકાદિક ઋષિ કહે કે અમારે એવું નૈષ્ઠિક બ્રહ્મચર્ય વ્રત છે. બ્રહ્મચર્ય વ્રતનો મહિમા પણ મહારાજે મોટો કહયો કે ત્યાગી હોય, એણે અષ્ટ પ્રકારે બ્રહ્મચર્યપાલન કરવું અને ગહસ્થ હોય, એણે પણ પ્રથમનું ૩૪ મું વચનામત છે, એમાં પણ તે ગહસ્થનું બ્રહ્મચર્ય વ્રત લખ્યું છે કે, પરસ્ત્રીનો ત્યાગ રાખે અને ઋતુ સમયે સ્ત્રીનો સંગ કરે. મહારાજે એમ કહયું, તો ઋતુ સમય કયારે કહેવાય ? તો એમ.સી. માં આવે, ત્યારથી કરીને સોળ દિવસનો સમય, એમ આપણા શિક્ષાપત્રી ભાષ્યમાં શતાનંદ સ્વામીએ લખ્યું છે. તો

એવી રીતે વર્તે તો તે ગહસ્થને પણ બ્રહ્મચર્ય વ્રત કહેવાય. તો તે બ્રહ્મચર્યની ખામી હોય તો ભગવાનની મૂર્તિના ધ્યાન ભજન કરવામાં વિક્ષેપ પડે.

બીજું, ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮ માં વચનામતમાં લખ્યું અને ગીતાજીમાં પણ લખ્યું કે, આહાર શુદ્ધો સત્વ શુદ્ધિ, સત્વ શુદ્ધો ધ્રુવાન્ સ્મતિ. આહાર અને વિહાર શુદ્ધ હોય, તો એને સત્વ ગુણ રહે. આહાર એટલે શું ? જમવું એને આહાર કહેવાય અને વિહાર એટલે હરવું, ફરવું, બોલવું આદિ વિહાર કહેવાય. બીજું, આહાર વિહાર શુદ્ધ હોય તો અંતઃકરણ શુદ્ધ રહે. તો આપણે સર્વેએ આહાર વિહાર શુદ્ધ રાખવા. ને સર્વેને સવારે આહાર વિષે વાત કરી હતી કે, બજારની વસ્તુ આપણે કાંઈ ખાવી નહીં. બીજું, ભજીયા–ગાંઠીયા ખાય, તેવા કોઈ અહીં લાગતા નથી. કયારેક કયારેક છોકરા માટે લઈ આવીને ખાતા હોય, તો ખબર નથી. એટલે તે કાંઈ પણ બજારની વસ્તુ ખાવી નહીં. મોટા સંતો કહેતા કે, ઘી માં બનાવેલું હોય, દૂધમાં બનાવેલું હોય, તો પણ આપણે એ વસ્તુ ન ખાવી. તો એ આપણી આહારની શુદ્ધતા કહેવાય. વિહાર એટલે હરવું, ફરવું, બોલવું આદિ.

બીજું, મોટા સંતો કહેતા કે, એક એક અંગ જોતા જઈએ અને બે વખત વાસોચ્છવાસે સ્વામિનારાયણ ધીમે ધીમે વાસે અને ઉચ્છ્વાસે નામ લેતા જઈએ. એવી રીતે ધ્યાન કરવું. બીજું, ચેષ્ટામાં આપણે બોલીએ છીએ કે, હવે મારા વ્હાલાને નહીં રે વિસારૂં રે. પછી શું બોલીએ છીએ? કે, વાસોચ્છ્વાસે તે નિત્યે સંભારૂં. એ પ્રમાણે વર્તાતું હોય તો આપણે સાચું બોલ્યા કહેવાઈએ અને ન વર્તાતું હોય તો ખોટું બોલ્યા કહેવાઈએ. તો મોટા સંતો કહેતા કે, આવી રીતે વર્તવામાં કાળજી રાખવી. બીજું, આપણે ભગવાન ભજવામાં કાળજી રાખશું, તો થોડા સમયમાં મોક્ષ સંબંધી કામ થઈ જાશે.

માતા-પિતા અને ગુરૂની સેવા કરવી તથા તેમની આજ્ઞાનું પાલન કરવું

મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું કે, માતા–પિતા–ગુરૂની સેવા કરવી અને એની આજ્ઞા પ્રમાણે વર્તવું. તે તો સર્વે એવી રીતે વર્તે છે, એવું મને લાગે છે. માતા પિતાની

સેવા કરે, ગુરૂની સેવા કરે, તે તો આપણા સત્સંગમાં બહુ જોવામાં આવે છે અને તે સારૂં છે.

બીજું, મોટા સંતોએ લખ્યું કે, માતા પિતાની સેવા કરે, ભગવાનનું ભજન કરે, ભગવાનની આજ્ઞા પ્રમાણે બરાબર વર્તે, તે જ ગહસ્થોના સાચા દીકરા કહેવાયે. ને માતા પિતાની આજ્ઞામાં ન વર્તે, ભગવાનના નિયમો બરાબર પાલન ન કરે, તે દીકરા ન કહેવાય, તે છોકરા કહેવાય. ને ગહસ્થોએ રૂપિયા ભગવાનને અર્થે વાપર્યા હોય, તે જ સાચી મૂડી કહેવાય, પણ ફેલફતુરમાં રૂપિયા વાપર્યા હોય, તે ખોટી મૂડી કહેવાય.

બીજું, એક શેઠ હતા. એને એક દીકરો હતો. દીકરો પણ એવો કે પિતાની આજ્ઞા પ્રમાણે વર્તે. કંઈ દુકાનનું કામકાજ હોય, તો તે પ્રમાણે વર્તે. એમ કરતા કરતા શેઠ માંદા પડયા. એંશી વર્ષની ઉમર થઈ, ત્યારે પિતા એના દીકરાને કહે કે, હે પુત્ર, મારો આ દેહ થોડા જ સમયમાં પડી જશે અને તું મારા સામું જોયા કરજે અને મને ભગવાનની મૂર્તિમાં જ મન રખાવ્યા કરજે. તું જરાય પણ બીજી વત્તિ કરજે નહીં. ત્યારે એ દિકરો પણ સારો હતો અને નાનપણથી જ એના પિતાએ સારા સંસ્કાર પાડેલા હતા. તે પિતા સામું, એની આંખ સામે જ જોયા કરે. હે પિતાજી ! ભગવાનનું નામ જ લેજો. બીજે કયાંય વત્તિ રાખજો નહીં. સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લીધા કરો, એમ એને કહયા કરે .ને તે વાતેય સાચી છે. અંતકાળનો સમય છે તે મહારાજ કહે સમુદ્ર જેવો છે. સમુદ્ર તરવો બહુ કઠણ હોય છે, એટલે તે વખતે જો જ્ઞાનની દ્રઢતા હોય, ને ભગવાનનું નામ લે, તો તેનો મોક્ષ થાય. બીજું, આ શેઠનો છોકરો એની સામું જોયા કરે. ભગવાન એની પરીક્ષા લેવા માટે આવ્યા. હવે છોકરાનું નામ રામજી હતું. ભગવાન હે રામજી, હે રામજી, કહે પણ આ છોકરો તે સામું જુએ જ નહીં. કે મારા પિતાએ મને કહયું છે કે, તું મારી આંખ સામું જ જોઈ રહેજે, બીજે કયાંય જોઈશ નહીં. તે પાંચ વાર એનું નામ લીધું. ભગવાન પા કલાક ઊભા રહયા પણ છોકરો ભગવાન સામું જોવા પણ સમર્થ થયો નહીં. કહે કે, મારા પિતાએ મને આજ્ઞા કરી છે, ત્યારે તે જોઈને ભગવાન રાજી થયા. ભગવાન એના પિતાને તેડવા આવ્યા હતા, એટલે ભગવાને એના પિતાને દર્શન આપ્યા અને છોકરાને પણ દર્શન

આપ્યા. ભગવાન રાજી થયા. તું ખરો કે તારા પિતાની આજ્ઞા પ્રમાણે વર્ત્યો. હું દર્શન દેવા આવ્યો, મેં તને બોલાવ્યો, તો પણ તે મારા સામું પણ જોયું નહીં. તું પિતાભકત ખરો. એમ ભગવાન એના ઉપર રાજી થયા અને કહે કે, હું તારા પિતાને મારા ધામમાં લઈ જઈશ. તું પણ આવો સાચા ભાવે સત્સંગ રાખજે, તો તું સુખી થઈશ. બીજું, આમાં કહેવાનો હેતુ એટલો જ કે, દીકરાઓ હોય, તેમણે પણ આવી રીતે માતા પિતાની આજ્ઞા પાલન કરવી અને શિષ્ય હોય એણે ગુરૂની આજ્ઞા બરાબર પાલન કરવી.

બીજું, મોટા સંતોએ કહયું કે, કાળજી રાખીને ભગવાનનું ભજન કરશું, તો દેહ છતા દુઃખી નહીં, તન છૂટે તેજ અંબાર. દેહ છતા પણ ભગવાન પોતાના ભકતની અન્ન, વસ્ત્ર અને આબરૂએ કરીને રક્ષા કરે છે અને દેહને અંતે " મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરૂદ મારૂ ન બદલે તે સર્વે જનને જણાવવું "

માતા-પિતાએ નાનપણથી બાળકોમાં સારા સંસ્કાર રેડવા

બીજું, બાળકોમાં નાનપણથી જ સારા સંસ્કાર નાખ્યા હોય તો મોટા થાય તો ડોળમાં ચડે નહીં. પહેલા એક વાત કરી હતી કે, નાના છોકરા હોય, તે જમવાનું માંગે નહીં, પણ શું બોલે, મમ્મી ! ભગવાનને થાળ ધરાવ્યો ? મમ્મી કહે કે, થાળ હજી નથી ધરાવ્યો તો, બાળકો જમવાનું માંગે નહીં ! બેઠા હોય, ભગવાનનું નામ લીધા કરે. જો નાનપણથી જ આવા સંસ્કાર નાખ્યા હોય, તો એવું થાય ને ? નહીંતર બાળકો રોવા જ મંડે. લાવ, મને ભૂખ લાગી છે, જલ્દી લાવ, મારે ફલાણે ઠેકાણે જાવું છે. મારે આમ કરવું છે. વળી મોટા સંતો એમ પણ કહેતા કે, માતા પિતાએ પણ બાળકોમાં આવા સંસ્કાર રેડવા. એવા સારા સંસ્કાર રેડયા હોય, તો પોતે પણ સુખી થાય અને જુવાની અવસ્થામાં સારી વિદ્યા પ્રાપ્ત કરે, સારા પૈસા પ્રાપ્ત કરે અને સત્સંગ રાખે તો જ એના માબાપે સારા સંસ્કાર નાખ્યા કહેવાય. માતા પિતાએ પણ એવી કાળજી રાખવી. મારા ગુરૂ વાત કરતા કે, એક ગહસ્થ હતા તે અવાર નવાર ઝઘડયા જ કરે. ઘણા હરિભકતો પણ અમને વાત કરતા હોય કે, સ્વામી ! અમારા પપ્પા અમને વઢયા જ કરે છે, ને પપ્પા મમ્મીને પણ વઢયા જ કરે. તો છોકરાના સંસ્કાર કેવા હોય ! બીજું, મોટા સંતો એમ કહેતા કે, કદાચ કાંઈ પત્નીને કહેવું હોય તો, છોકરા સાંભળ

તા કાંઈ કહેવું નહીં પણ એક બાજુ જઈને કહેવું કે, આપણે આમ વર્તવું અને આપણે આમ કરવું નહીં,તો છોકરામાં સારા સંસ્કાર પડે. બીજું, માતા પિતાએ અને ગુરૂએ પણ એવી કાળજી રાખવી અને શિષ્ય હોય કે બાળકો હોય એણે પણ ગુરૂની કે પિતાની આજ્ઞા પ્રમાણે ચાલે, તો જરૂર આપણને ભગવાન પોતાનું સુખ આપશે.

બીજું, આપણે સર્વે ભેળા થયા છીએ તો હળીમળીને એકબીજામાં સાથ સહકાર રાખીને, ભજન કરશું તો જરૂર ભગવાન આપણને પોતાની દિવ્ય મૂર્તિનું સુખ આપશે. માટે આપણે દરેકે કાળજી રાખી, ભગવાનનું ભજન વિશેષ કરવું.

બીજું, આપણે યાદ કરીએ કે, અહોહો ! મને આ દયાળુ ભગવાન મળ્યા છે. મને આવા દયાળુ સંતો મળ્યા છે. મને આવા આચાર્યો મળ્યા છે. મને આવો દિવ્ય સત્સંગ મળ્યો છે, તે મારા મોટા ભાગ્ય છે. તો આપણે અખંડ એવું અનુસંધાન રાખવું, તો આપણા અંતરમાં આનંદ વર્ત્યા કરે. બીજું, મોટા સંતોએ લખ્યું કે, કર નર વિચાર, તું કહાંસે આવે ? અબ જાને કહાં, યહાં કોઈ સ્થિર ન રહાવે. હે ભાઈ ! તું વિચાર કર, તું કયાંથી આવ્યો છો અને કયાં જવાનો છે ? તે આપણે દેખીએ છીએ કે, કોઈ સ્થિર રહેતું નથી. જેમ વરસાદ વરસે અને પાણીમાં પરપોટા થાય. તે સ્વામીએ કીર્તનમાં લખ્યું કે, સંસારના સુખ એવા કે પાણી કેરા પરપોટા. તે પાણીના પરપોટા હોય, તે ક્ષણ એકમાં નાશ પામી જાય. તેમ આ સંસારના સુખ પણ ક્ષણિક છે, તેમાં મોહ પામવો નહીં. પણ ભગવાનનું જે સુખ છે, ભગવાનની મૂર્તિનો જે અલૌકિક આનંદ છે, તે સુખ કાયમ રહે છે.

કરીયાણા ગામના મીણબાઈ

તે મોટા સંતોએ મીણબાઈની વાત લખી. કરીયાણા ગામમાં એક મીણબાઈ કરીને ભગવાનના ભકત હતા. ત્યારે નાનપણાથી જ એના માતા પિતાએ એવા સારા સંસ્કાર નાખ્યા કે, આ ભગવાન સત્ય છે. આ લોક, દેહ ખોટો છે. પપ્પા હોય, તે બાળકોને નાનપણથી જ એવા સારા સંસ્કાર રેડે, તો તે બાળકોમાં પણ એવા સારા સંસ્કાર પડે.એટલે આ બાઈ સારા એવા ભકત હતા. એના માતા પિતાએ નાનપણાથી જ સારા એવા સંસ્કાર રેડયા હતા. એટલે બાઈ પોતે ગહસ્થાશ્રમમાં જ હતા, ત્યાગી થયા ન હતા

પણ વ્યવહારિક કાર્ય કરે અને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરે. ત્યારે ધ્યાન કરતા કરતા એને અંતરમાં ભગવાનના દર્શન થાય. ત્યારે ભગવાનના દર્શન થાતા એણે કરીને પોતે ભગવાનનો આનંદ લેતા હતા. છતાં પણ એને મનમાં એવી ઈચ્છા કે, આ ભગવાન મારે ઘેર પધારે, તો હું તે ભગવાનના પ્રત્યક્ષ દર્શન કરું. ત્યારે દરરોજ ભગવાનની પ્રાર્થના કરે. હે મહારાજ ! હે દયાળુ ! તમે મારા ઉપર દયા કરીને, આ મારા ઘરે દર્શન દેવા પધારો. ત્યારે ભગવાન પોતાના પ્રેમી ભકતોના કોડ પુરા કરવાને માટે જ આ પથ્વી ઉપર પધારે છે અને બાઈને અંતરમાં આવી ભાવના કે, મારે ભગવાનના દર્શન કરવા. ત્યારે બાઈની સાચી ભાવના જોઈ, ભગવાન ત્યાં એને ઘેર પધાર્યા. ત્યારે બાઈને તો હરખ થઈ ગયો. મારે ઘરે આ ભગવાન પુરૂષોત્તમ નારાયણ પધાર્યા ! તેણે ભગવાનની પ્રાર્થના કરી, ભગવાનના દર્શન કર્યા. તે વચનામતમાં પણ એ જ વાત આવી ને કે, આપણે ભગવાનના દર્શન કરવા તો ગદ્‌ગદ્ કંઠે કરીને કરવા. જુઓ, આ બાઈ ત્યાગી નહોતા થયા. આ કુશળકુંવરબાઈ રાજ ચલાવતા હતા અને આ મીણબાઈ પણ ગહસ્થ આશ્રમમાં હતા, પણ એમણે આવો ભગવાન ભજવાનો ખટકો રાખ્યો, તો આનંદ થયો.

બીજું, પ્રેમાનંદ સ્વામીની વાત કરી કે, પ્રેમાનંદ સ્વામી એ પ્રેમની જ મૂર્તિ. તે ભગવાનની મૂર્તિનું આવી રીતે દર્શન કરે. ભગવાનનું ધ્યાન કરે, તો એને રૂંવાડે રૂંવાડે ભગવાનની મૂર્તિના દર્શન થતા. હવે રૂંવાડા તો જરાક હોય અને આ ભગવાન તો મોટા હોય, પણ આ ભગવાનનું તો કેવું છે કે, આ નાના થાવું હોય ત્યારે નાના થઈ જાય અને આ મોટા થાવું હોય ત્યારે મોટા થઈ જાય. એટલે આ ભગવાન એવા દયાળુ છે, તે પોતાના ભકતને સુખિયા કરે જ છે.

વળી બીજું દ્રષ્ટાંત આપ્યું કે, ધરમપુરમાં કુશળકુંવરબાઈ દ્રષ્ટિ પલટાવીને દર્શન કરતા. આપણે વાતો તો ઘણીવાર કરીએ છીએ, પણ વળી આ લોકનું આવરણ એવું છે કે, ભૂલી જવાય. દ્રષ્ટિ પલટાવીને એટલે કેવી રીતે કહેવાય ? શું કહેવાય ? દ્રષ્ટિ પલટાવીને એટલે શું ? કે આપણે આ ભગવાન સામું બેઠા હોઈએ, આ ઘનશ્યામ મહારાજ કે હરિકૃષ્ણ મહારાજ કે સહજાનંદ સ્વામી મહારાજની મૂર્તિ, જે મૂર્તિ આપણને ગમતી હોય, એના સામું આપણે ભગવાનના દર્શન કરીએ. વળી ત્યાંને ત્યાં

ઊભા રહીએ, વળી અંતરમાં જોઈએ. આંખ મીંચીને વળી આ ભગવાન સામું જોઈએ, વળી અંતરમાં જોઈએ, એ દ્રષ્ટિ પલટાવીને કહેવાય. એમ તમો સર્વે કરો છો કે હવે કરશો ? તો વાત તો આપણે ઘણીવાર કરી છે. તે " અમે કહયું કંઈક વાર અને તમે સાંભળ્યું સો સો વાર, પણ કામ પડે ત્યારે એ વાતનો નથી રહેતો નિર્ધાર " નિષ્કુળાનંદ સ્વામીએ કહયું કે, અમે ઘણીવાર કહયું અને તમે ઘણીવાર સાંભળ્યું, પણ કામ પડે ત્યારે એ ભૂલી જવાય છે. પણ આપણે સદાને માટે એવો કેફ રાખવો.

કથા વાર્તા સાંભળીને તેનું મનન કરવું

મોટા સંતો કહેતા કે, આ ગાયો હોય, ભેંસો હોય કે આ બીજા પશુઓ હોય ને, તે પહેલા ઘાસ ચરે, પછી ત્યાં ખીલે જઈને શું કરે ? વાગોળે. તે ખેડૂત હોય તેને ખબર પડે. ખેડૂત હોય એને ખબર પડતી હશે કે, વાગોળે એટલે શું કહેવાય. વાગોળે એટલે પહેલા ઘાસ ચરી જાય અને પછી ધીમે ધીમે ચાવ્યા કરે એ વાગોળ્યું કહેવાય. આપણે આ કથા વાર્તા થાતી હોય, કે સંતો કે આચાર્ય મહારાજ કે હરિભકતો કથા વાર્તા કરતા હોય, ત્યારે આપણે સાંભળીએ અને પછી સાથે મળીને વિચારીએ કે, ભગવાનનો મહિમા આવો હતો, ભગવાનનું સુખ આવું હતું, તે કથામાં આવી વાત હતી, તે આપણે વાગોળ્યું કહેવાય. તે મહારાજે વચનામતમાં પણ કહયું કે, શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરે તો સાક્ષાત્કાર થાય. એમ આપણે આ ભગવાનની કથા સાંભળી, એને શ્રવણ કર્યુ કહેવાય અને મહારાજે શિક્ષાપત્રીમાં પણ લખ્યું, વચનામતમાં પણ લખ્યું કે, કથા–વાર્તામાં રૂચિ રાખવી. કથાવાર્તામાં જેને આળસ હોય એને રૂડા ગુણ આવતા નથી. બીજું, કથા વાર્તા મંદિરમાં થતી હોય તો સાંભળવી. કદાચ સંજોગવસાત્ આપણને સાંભળવાનો જોગ ન હોય, તો ઘરે આપણે આ વચનામત છે, સત્સંગિજીવન છે, સ્વામીની વાતું છે, મોટા સંતોની વાતું છે એ આપણે વાંચીએ તો એ પણ કથા વાર્તા કરી કહેવાય.

વીસ વર્ષ પહેલાની વાત કરૂં તો, પહેલા બધા હરિભકતો ઘરે જાય, ત્યારે સાંજે ભેગા મળી સ્ત્રી, પુત્ર, સગાસંબંધી સાથે મળીને ભગવાનની કથા વાર્તા કરે કે, આ ભગવાનના મહિમાની વાતો કરે. પહેલા એમ કરતા, હવે મને ખબર નથી, હમણાં

કરે છે કે નહીં. પહેલા એમ કરતા, પણ હમણાં હવે ભગવાને આ સાધન આપી દીધું ને, એટલે એનો સમાગમ થઈ જાય. સાધન સારૂં આપી દીધું. ચાંપ દાબે એટલે કથા સંભળાય, જલ્દી સમજાઈ જાય, એવું સુગમ કરી આપ્યું ને ? ટી.વી. ની જરાક ચાંપ દાબે એટલે કથા સાંભળવા મંડી પડાય. એટલે ભલે તમે એ કરો છો, એ ઠીક છે, પણ આપણે જો આખો દિવસ કામ કર્યું હોય, અને સાંજે ટાઈમ મળે, ત્યારે જો એ ટી.વી. જોવામાં ટાઈમ ચાલ્યો જતો હોય, તો રાતના બાર વાગી જાય અને પછી સૂઈ જાય તો સવારે પાછું વહેલું ઉઠાય નહીં. વહેલું ઉઠાય નહીં તો પૂજાપાઠ પણ શાંતિથી થાય નહીં. એટલા માટે તે પણ એક વ્યસન કહેવાય છે. ભલે તમે બધા તે જોતા હો તો જોજો, એમાં ના નથી, પણ ધીમે ધીમે એમાંથી આસ્તે આસ્તે વત્તિ પાછી વાળવી કે, જુઓ પાછો આ સમય નહીં મળે. આ સમય નહીં મળે, નહીં મળે, નહીં મળે. લઈ લે કાંઈ લ્હાવ, પછી નહીં મળે. મોતી સરીખો કણ લઈ, મુરખ ઘંટીમાં કાં દળે ? હે ભાઈ, આવો જોગ પછી નહીં મળે અને લાખ રૂપિયાનું મોતી હોય, એ વેચવા જાય તો લાખ રૂપિયા આવી જાય, પણ એને ખબર ન હોય કે, આ લાખ રૂપિયાનું મોતી છે તો શું કરે ? ઘંટીમાં જઈને દળી આવે, એ મોતીની ભસ્મ કહેવાય, પણ મોતી તો કહેવાય નહીં. એમ આપણને આ ભગવાનની દયા અને પૂર્વના પુણ્યથી જેવું કહ્યું ને ક, આપણે ભગવાન પાસે આ માંગ્યું હશે કે, હે ભગવાન, મને આ સત્સંગમાં જન્મ આપજો, સંતોનો સમાગમ આપજો, ભગવાનના ભકતોનો જોગ આપજો. તે ભગવાને આપણને વરદાન સત્ય કરી દીધું. બીજું, ભગવાનની દયા થકી આપણને આ સત્સંગમાં જન્મ મળ્યો, આવી અક્ષરધામ તુલ્ય દિવ્ય સભામાં આપણને બેસવા મળ્યું.

બીજું, જગતમાં બાવાઓ કથા સંભળાવીને પછી કહેશે કે, આ લાવો, તે લાવો, એમ જગતના જીવ હોય, તે એમ માંગતા હોય. પણ આ સ્વામિનારાયણ ભગવાને એવું કાંઈ રાખ્યું નથી. બીજું, આપણાને ભગવાન ભજવાનો આવો જોગ મળ્યો, તે પાછલા જન્મમાં આપણે જપ કર્યા હશે, તપ કર્યા હશે, વ્રત કર્યા હશે, દાનપુણ્ય કર્યા હશે, તે પુણ્ય કરીને આપણને આ સત્સંગમાં જન્મ મળ્યો છે. તો મનુષ્ય જન્મનું અને આ સત્સંગ મળ્યાનું સાર્થકપણું કરી લઈએ, એ જ મોટો લાભ છે. તે સાર્થકપણું શું એવું કે, સાચે ભાવે ભગવાનનું ભજન કરવું.

લપટ્યા તોય ગંગામાં

બીજું, મોટા સંતો કહે, અમને ભગવાને સાધુ બનાવ્યા, તે સાધુને તો કીડી જેવા જીવને પણ દુઃખવવો નહીં. બીજું, ભગવાનની દયા અને પૂર્વના પુણ્યે આપણે જપ કર્યા હશે, તપ કર્યા હશે, વ્રત કર્યા હશે, દાનપુણ્ય કર્યા હશે, કરતા કરતા કાંઈ આપણું અધુરૂં રહી ગયું હશે, તો તે પુણ્યે આપણને ભગવાને સત્સંગમાં જન્મ આપ્યો છે. તો સાચે ભાવે ભજન કરવું. બે સાધુ મહાત્મા જાત્રા કરવા ગયા હતા. તે પોષ મહિનાની ઠંડી બહુ પડે. બહારે જાજરૂ જાવા ગયા. યાત્રા ધામમાં ઠંડી બહુ પડે. થોડો તડકો થાશે પછી આપણે નહાશું. તે હાથપગ ધોવા ગયા. લોટો ધોતા તે લપસી ગયા. હવે લપસ્યા તોય ગંગામાં કે ! ગંગા કે ગોદાવરી, કાંઈ શ્રદ્ધા કે કાંઈ જોરાવરી ! તો એમણે પછી નાહી લીધું. તો આપણે આ સત્સંગમાં લપટયા તોય ગંગામાં. કહેવાનો હેતુ એટલો જ કે, આપણે આ ને આ જન્મે કરીને, આત્મા ને પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ જાય, તો જ આ માનવ જન્મનો ફેરો સફળ થયો કહેવાય. બીજું, મોટા સંતો કહેતા કે, આથી અગાઉ આપણે ચોર્યાસી લાખ અવતારો ધારણ કરીને આવ્યા છીએ અને પાછા હવે ચોર્યાસી લાખ જન્મ લેવા નથી.

સંસાર છે સુખ દુઃખનો દરિયો, સંત સમાગમ કરીને મનને મારીયે

બીજું, આ સંસારમાં અનેક પ્રકારની ઉપાધિ છે. તે સ્વામીએ લખ્યું કે, "સંસાર છે સુખ દુઃખનો દરિયો, તેને તરી શકે કોઈક જ તરીયો, સંત સમાગમ કરીને મનને મારીયે." આ સંસાર છે, તે સુખ દુઃખનો દરિયો છે, એમાં સારાયે મોજાં આવે અને ખરાબે મોજાં આવે. સુખ આવે અને દુઃખ આવે. એ તો તમને બધાને ખબર પડતી હશે. ખબર પડેને ? કે સુખ આવે દુઃખ આવે. વળી આ સ્ત્રી, પુત્ર હોય, સગાસંબંધી હોય, કોઈ માને, કોઈ ન માને. કોઈ છોકરાને ભણાવવો હોય, કોઈને પરીક્ષા અપાવવા જાવું હોય, કોઈ કહે મારે નોકરીએ લાગવું છે, કોઈ કહે સ્વામી, મારા છોકરાને ટકા ઓછા આવ્યા છે, એટલે પેપર ખોલાવ્યા છે. એટલે ભલે ખોલાવે, એમાં સંતો ના નથી પાડતા, પણ આ તો કહેવાનું શું કે, આ તો બધી આ લોકની ઉપાધિ છે. એટલા માટે નિષ્કુળાનંદ સ્વામીએ પણ ભજનમાં કહયું કે,

"મૈં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ,
કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત,
કોણ ભાઈ ને કોઈ ભગિની ?
બ્રહ્મ હમારી જાત, મૈં હું આદિ અનાદિ"

આપણો આ આત્મા છે તે તો આદિ અનાદિ છે ને ? કોણ કુળ ને કોણ કુટુંબી ? કોણ માત ને તાત? કોણ ભાઈ ને કોણ ભગિની ? બ્રહ્મ હમારી જાત. કે કુળ કોણ છે, કોણ માતા ને કોણ તાત ને કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત. તે નિષ્કુળાનંદ સ્વામી કહે કે, બ્રહ્મ હમારી જાત છે. સ્વામી તો પોતે ભગવાનની મૂર્તિને સુખે સુખીયા જ હતા અને ત્રણેય અવસ્થામાં મહારાજની મૂર્તિ દેખતા, ને મહારાજ છતાં જે ૫૦૦ પરમહંસો આવ્યા હતા, તે ત્રણેય અવસ્થામાં મહારાજની મૂર્તિ દેખતા જ હતા. પણ મહારાજે કોઈનું પ્રેમનું અંગ દેખાડયું, કોઈનું વૈરાગ્યનું અંગ દેખાડયું, બાકી તો સર્વે તો બ્રહ્મની મૂર્તિયું જ હતા. એટલે તે તો પોતે ભગવાનની મૂર્તિને સુખે સુખીયા જ હતા. પણ આપણને શિખવાડયું કે, હું આત્મા છું, બ્રહ્મ છું, ચેતન છું. આ દેહ, લોક ખોટો છે અને ખોટો જ છે ને ? આપણે દેખીયે છીએ, જોઈએ છીએ કે, કોઈ શેઠ હોય કોઈ સાહેબ હોય, ને અચાનક હાર્ટ ફેઈલ થઈ જાય તો શું થાય ? આ બંગલો હોય, ગાડી, ખેતર હોય બધું અહીં જ પડયું રહે, ત્યારે કાંઈ પણ સાથે જાય નહીં.

બીજું, આ દેહ છે તે પૂર્વ કર્મને આધિન છે, એટલે માંદુ પણ થાય અને સાજું પણ થાય. તો જ્ઞાનની આવી દઢતા હોય તો આપણને ભગવાન ભૂલાય નહીં. ભલે ! બીજા માંદા થઈએ તો મહારાજની આજ્ઞા અનુસારે દવા કરવી એમાં કાંઈ ના નથી. પણ આપણે આવી રીતે જ્ઞાનની દ્રઢતા કરી હોય, તો મરવાની બીક ન લાગે. એટલા માટે આ સ્વામીએ આપણને કહયું કે, આપણે બ્રહ્મ છીએ. બ્રહ્મ હમારી જાત. હું આત્મા છું, બ્રહ્મ છું, આ લોક, દેહ, બ્રહ્માંડ ખોટું છે. તે મહારાજે વચનામતમાં કહયું સાધુજનન દ્વારા બ્રહ્મનો સંગ કરે, તો એમાં બ્રહ્મના ગુણ આવે છે. બીજું, મીણબાઈની વાત કરી કે, મીણબાઈ એવા ભગવાનના સારા ભકત હતા. એને ઘેર ભગવાન પધાર્યા. તે ભગવાનની ચંદન પુષ્પથી પ્રેમે કરીને પૂજા કરી, ભગવાનને હાર પહેરાવ્યા મહારાજને પલંગ ઉપર બેસાડયા. ત્યારે એક સ્વામીએ કીર્તન કર્યું, "આવો

ધર્મકુંવરને નિરખીએ નેણા ભરીને, જુઓ સાથે જેને અક્ષર મુકતો અપાર છે, આવો ધર્મ કુંવરને નિરખીએ નેણા ભરીને." તે ધર્મકુંવર કોણ હતા ? ઘનશ્યામ મહારાજ.

સો કરોડ દિવાળીને દશેરા કરોડ હજાર એ થકી મમ અંતરે આનંદ અપરંપાર

બીજું, મોટા સંતોએ લખ્યું કે, સો કરોડ દિવાળી ને દશેરા કરોડ હજાર, તે થકી મમ અંતરે આનંદ અપરંપાર. તે આનંદ શેનો હતો ? કાંઈ જલેબીનો, ફાફડાનો કે મીઠાઈનો ? ના. ત્યારે શેનો આનંદ હતો ? ભગવાનનો આનંદ હતો. અત્યારે ભગવાનનો આનંદ તો એવો જ છે. "વ્હાલા એ રસના ચાખણહાર, છાસ તે નવ પીએ રે લોલ." તો એવો આપણને ભગવાનમાં પ્રેમ થઈ જાય તો આપણને આ લોકમાં કાંઈ મોહ ન રહે. મોહ ન રહે એટલે સાધુ બની જાય ? ના, સાધુ બનવાની કે ભગવા લુગડાં પહેરવાની જરૂર નથી. ધોળા કપડાવાળા સાધુ બનવાનું. ધોળા કપડાં ભલે પહેરીએ પણ આવા ગુણ શીખવા. ત્યારે આ બાઈએ આવી રીતે પ્રેમે કરીને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને, અંતરમાં ભગવાનની મૂર્તિ ઉતારી દીધી. બાઈ કહે કે, મહારાજ તમે મારા ઉપર દયા કરી, મને દર્શન આપ્યા તે સારૂં કર્યું. બીજું, પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં કહયું કે,

"આવાને આવા રે, આવાને આવા રે,
રહેજો મારી આંખલડીમાં પ્રભુ,આવાને આવા રે
આવાને આવા મારા નાથ બિરાજો,
હાં રે મારા તનડાના તાપ બુઝાવા રે
રહેજો મારી આંખલડીમાં પ્રભુ, આવાને આવા રે"

નામીએ સહિત નામ લેવું

આપણા સર્વેના મોટા ભાગ્ય છે કે, આપણને આવા સ્વામિનારાયણ ભગવાન દયાળુ મળી ગયા છે. તો આપણે દરેકે શું કરવાનું છે કે, તે ભગવાનની પ્રસન્નતાના સાધન આપણે જેટલા બને તેટલા વિશેષ વિશેષ કરવા અને વળી મોટા સંતો કહેતા કે, નામીએ સહિત ભગવાનનું નામ લેવું. નામીએ સહિત એટલે શું ? કે, આપણે

ામિનારાયણ ભગવાનનું નામ લઈએ એટલે આપણને સ્વામિનારાયણ ભગવાનના
ંતરમાં દર્શન થાયે, ઘનશ્યામ મહારાજનું નામ લઈએ તો આપણને ઘનશ્યામ
હારાજના દર્શન થાયે, હરિકૃષ્ણ મહારાજનું નામ લઈએ તો આપણને હરિકૃષ્ણ
હારાજની મૂર્તિ દેખાય. બીજું, મહારાજે વચનામતમાં પણ એ જ કહ્યું કે, બહાર
થવા અંતરમાં ભગવાનની મૂર્તિ સામે જોઈ રહે એને અંતર દ્રષ્ટિ કહેવાય. આપણે
કે સત્સંગ કરીને, આ સાચે ભાવે ભગવાનનું ભજન કરીને, કરી કરીને આપણે
વાનું એ જ છે કે, ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણ, દરેકનો સાર શું છે કે,
ગવાનમાં પ્રેમ કરવો. આ સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવ છે. એને
ે આપણે સાચે ભાવે પ્રેમ કરશું, તો જરૂર આપણા પર ભગવાન દયા કરી પોતાની
ય મૂર્તિનું સુખ આપશે. માટે આપણે જેટલું બને તેટલું ભજન વિશેષ કરવું.

અતિથિ દેવો ભવ

વ્હાલા હરિભકતો આપણા સૌના મોટા ભાગ્ય છે કે એનું કોઈ વર્ણન થઈ શકે
ી. આજે પવિત્ર એકાદશી કહેવાય. આજે ભગવાન પાતાળમાં પોઢી ગયા.આ
ાદશી હોય ત્યારે તેને દેવપોઢી એકાદશી કહેવાય. આજે વિષ્ણુ ભગવાન પોઢી
ા છે. અષાઢ સુદ એકાદશીને દેવપોઢી એકાદશી કહેવાય અને કારતક સુદ
ાદશીને દેવઉઠી એકાદશી કહેવાય. બલિરાજાને ભગવાને વચન આપ્યું કે, અખંડ
ન આપીશ.

બીજું, શિક્ષાપત્રીમાં લખ્યું કે, ગહસ્થને ઘેર કોઈ ભિક્ષુક ભિક્ષા માંગવા આવે
ભિક્ષુકમાં ભગવાનની ભાવના રાખીને આપણા ઘરની પરિસ્થિતિ હોય તે પ્રમાણે
ી અન્ન વસ્ત્રે કરીને સંભાવના કરવી એમ મહારાજે શિક્ષાપત્રીમાં પણ કહ્યું
શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ભાષ્યમાં પણ કહ્યું કે આવી રીતે ઘેર ભિક્ષુક
તો તેમાં "દેવ" ની ભાવના રાખી અને પોતાની શકિત પ્રમાણે ભિક્ષા આપવી.
ભગવાન કેવી રીતે આવે તે આપણે જાણી શકતા નથી. મોટા સંતોએ લખ્યું કે,
નો ધર્મ શું? તો સર્વજીવ હિતાવહ. સર્વ જીવનું હિત કરવું એ જ સાધુનો ધર્મ છે.
કરવું ને આમ ન કરવું એમ નહીં પણ મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું કે, સાધુ

હોય તેને કોઈ મારે કે ગાળ દે તો પણ તેણે તે સહન કરવું, પણ સામે મારવું પણ નહીં કે સામી ગાળ દેવી નહીં.

સંત પ્રેમદાસ

બીજું, એક પ્રેમદાસ કરીને સંત હતા, તે હરિભકતોને કથા વાર્તા સંભળાવતા. ત્યારે સંતો ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું સંભળાવતા. માણસોને શાંતિ થઈ જાતી. એક કરોડપતિ માણસ હતો, તેને આ વાતની ખબર પડી. તેણે પોતાના મિત્રને વાત કરી કે, મેં સાંભળ્યું છે કે આ ગામમાં કોઈ મહાત્મા આવ્યા છે. એની વાતો સાંભળીને શાંતિ થઈ જાય છે. એના દર્શન કરવાથી પણ મન શાંત થઈ જાય છે. ભાઈ ! મને વાતું સાંભળવા આવવા દેશો ? ત્યારે આ સંતો હોય, તેને ગમે તે માણસ હોય, આ ઝાડનો છાંયો હોય, એ ઝાડની નીચે ગમે તે આવીને બેસે પણ ઝાડ બેસવાની ના નથી પાડતું. હું આને છાંયો નહીં આપું તેમ નથી કહેતું. આ સંતો પણ એવા જ હતા. તે મોટા સંતોએ લખ્યું કે,

"તીન તાપકી ઝાલ ઝર્યો, પ્રાની કોઈ આવે
તાકું શીતલ કરત તુરત, દિલ દાહ મિટાવે
કહી કહી સુંદર બેન રેન, અજ્ઞાન નિકાસે
પ્રગટ હોત પહિચાન, જ્ઞાન ઉર ભાનુ પ્રકાશે

આ જગતના જીવો હોય એ ત્રિવિધ તાપથી બળ્યા કરતા હોય. અધ્યાત્મ, અધિભૂત અને અધિદૈવ. એ ત્રણ પ્રકારના તાપમાં જગતના જીવો બળતા હોય એને ભગવાનના જ્ઞાનની, ધ્યાનની, વૈરાગ્યની વાતો કરી અને અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને જ્ઞાનરૂપી સૂર્યનો એના હૃદયમાં પ્રકાશ કરી દે એવા સંતો છે.

તેમ આ પ્રેમદાસ સંતે કહયું કે, જે કોઈ આ રીતે જ્ઞાન યજ્ઞ કરે તેને ભગવાન જરૂર દર્શન આપે છે. આ વાત સાંભળીને શેઠને આનંદ થઈ ગયો. અહોહો ! જે આ રીતે જ્ઞાન યજ્ઞ કરે તેને ભગવાન જરૂર દર્શન આપે છે. એટલે કથાની સમાપ્તિ થયા બાદ એ શેઠ સ્વામી પાસે આવ્યા અને કહયું કે, હે સ્વામી ! આ પ્રમાણે જે યજ્ઞ કરે તેને ભગવાન દર્શન આપે છે, તો હું આ યજ્ઞ કરું તો મને ભગવાન દર્શન આપે ? સ્વામી

કહે હા ! તમે આવી રીતે યજ્ઞ કરો તો ભગવાન તમને જરૂર દર્શન આપશે. ત્યારે આ શેઠને તો મહાત્માના વચનમાં વિ વાસ આવી ગયો. જેમ પરીક્ષિત રાજાએ શુકદેવજી પાસે સાત દિવસ કથા સાંભળી તો તેને આત્મા ને પરમાત્માનું જ્ઞાન દ્રઢ થઈ ગયું. શુકદેવજીએ છઠ્ઠે દિવસે રાજાને કહયું કે હે રાજન્ ! કાલે સાતમે દિવસે તક્ષક નાગ આવીને તમને કરડશે ને તમારો દેહ પડી જાશે. ત્યારે પરીક્ષિત રાજાએ કહયું કે, ભાગવતની કથા સાંભળવાથી તથા ભગવાનના લીલા ચરિત્રો સાંભળવાથી મને શાંતિ થઈ ગઈ. ભલે મારો દેહ કાલે પડતો હોય તો આજે જ હમણાં પડી જાય ! મને મરવાની જરા પણ બીક છે નહીં. આપણે સર્વે જાણીએ છીએ, દેખીએ છીએ કે આપણા વડીલો સર્વે ચાલ્યા ગયા, તેમ આપણે પણ આ દુનિયામાંથી ચાલ્યા જાવું પડશે. પરીક્ષિત રાજાને મરવાનો ભય ટળી ગયો. આપણે અહીં સર્વે બેઠા છીએ અને અચાનક સર્પ નીકળે તો કેટલા જણા બેસો? આપણે બેઠા છીએ અને સર્પ, વાઘ કે સિંહ આવે તો કેટલા જણા બેસીએ ? આપણને એમ થાય કે અમને કાળનો ડર નથી. પણ આપણને હજી બીક લાગી જાય છે. કેવી બીક લાગી જાય છે ?

આપણા એક સંત હતા. તે સાંજ પડે ગાયનું છાણ લઈને પોતાના હાથે લીંપે. લીંપીને સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ ભગવાનનું નામ લેતા સૂઈ જાય. હમણાં ભગવાન તેડવા આવશે, હમણાં ભગવાન તેડવા આવશે, એમ ભગવાનનું નામ લે.

મહારાજે કહયું કે, જ્યાં સુધી આપણું શરીર સારૂં હોય, સત્સંગનો યોગ સારો હોય, ત્યાં સુધીમાં આપણા મોક્ષનું કામ કરી લેવું. બીજું, આપણને તાવ આવે તો આપણે શું કરી શકીએ ? યોગ્ય રીતે દવા કરીએ. બીજું, રાતના બાર વાગ્યે છાતીમાં દુઃખે તો જલ્દી જલ્દી ડોકટરને બોલાવી, દવા કરીએ.

બીજું, મોટા સંતો કહેતા જ્ઞાન ગોષ્ઠિ શું કહેવાય ? તો ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું કરે તેને જ્ઞાન ગોષ્ઠિ કહેવાય. બીજું, આપણે સાચે ભાવે સત્સંગ કરીએ તો જેમ પરીક્ષિત રાજાને મરવાની બીક ટળી ગઈ, તેમ આપણે પણ ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું કરીએ તો આપણાને પણ મરવાનો ભય ટળી જાય ને આ મનુષ્ય જન્મનો ફેરો સુફળ થઈ જાય.

બીજું, પેલા શેઠને પણ મહાત્માના વચનમાં વિ વાસ આવી ગયો. તેથી તેમણે

સ્વામીને કહયું કે, જેમ શુકદેવજીએ પરીક્ષિત રાજાને ભાગવતની કથા કહી તેમ મારે પણ ભાગવતની કથા કરાવવી છે. સ્વામી ! તમે કથા કરી દેશો ? સ્વામી કહે હા, તમારા જેવા પ્રેમી શેઠ કહે તે મારે કરવું જોઈએ, તે શા માટે ન કરી દઈએ ? પછી સંતે ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું કરી. શેઠ બહુ રાજી થયા. પછી સ્વામીએ ભાગવતની કથા શેઠને સંભળાવી. શેઠે કથા બરાબર સાંભળી. સ્વામીએ કહયું કે, ભગવાન દર્શન આપશે, પણ કથાની સમાપ્તિ થઈ પણ ભગવાનના દર્શન થયા નહીં. શેઠ વિચાર કરવાન લાગ્યા કે, આ સ્વામીએ કહયું હતું તેમ સાત દિવસ મેં ભાગવતની કથા સાંભળી, તો પણ ભગવાનના દર્શન થયા નહીં. એટલે સ્વામી પાસે આવ્યા. સ્વામીને કહયું કે સ્વામી ! તમે કહેતા હતા કે, ભગવાનના દર્શન થાશે પણ ભગવાનના દર્શન થયા નહીં. સ્વામીએ કહયું કે, તમે કથા તો સાંભળી હવે આવતી કાલે બ્રાહ્મણોને જમાડો તો ભગવાન દર્શન આપશે. એટલે બીજે દિવસે બ્રાહ્મણોને બોલાવ્યા. બ્રાહ્મણો યજ્ઞમાં આહુતિ આપવા લાગ્યા. બીજી બાજુ બ્રાહ્મણો રસોઈ કરતા હતા, ત્યાં ભિક્ષાન્ન દેહિ ! ભિક્ષાન્ન દેહિ ! કરતા કરતા એક ભિક્ષુક આવવા લાગ્યો. બ્રાહ્મણોને થયું કે, આ ભિક્ષુક અમારી રસોઈને અભડાવી દેશે તો બ્રાહ્મણો બધા ભૂખ્યા રહેશે. આથી બ્રાહ્મણોને ક્રોધ આવી ગયો. ભિક્ષુક તો ભિક્ષાન્ન દેહિ ! ભિક્ષાન્ન દેહિ ! કરતો હતો. બ્રાહ્મણો ભિક્ષુકને મારવા લાગ્યા. પછી શેઠને બોલાવ્યા અને કહયું કે આ ભિક્ષુક રસોઈ અભડાવી દેશે,તો બ્રાહ્મણો અહીંથી ભૂખ્યા જશે અને તમને પાપ લાગશે. શેઠે ભિક્ષુકને થોડા મારીને કાઢી મૂકયા. આ તો ભગવાન ભિક્ષુકનું રૂપ લઈને આવ્યા હતા. પણ શેઠને ઓળખાયા નહીં. બ્રાહ્મણોએ જમી લીધું. શેઠે બ્રાહ્મણોને દાન દક્ષિણા આપી.

આ પ્રેમદાસ નામના સંત હતા, તે ગંગા કિનારે પોતાની ઝૂંપડીમાં બેઠેલા. બાવા વેશે આવેલા ભગવાન સ્વામી પાસે ગયા અને કહયું કે સ્વામી! તમે આ શેઠને કહેલું કે, ભગવાનના દર્શન થાશે, હું શેઠને દર્શન દેવા ગયો પણ બ્રાહ્મણોએ મને થપાટ મારી, આ શેઠે મને થપાટ મારી. જુઓ, સ્વામીએ કહયું અરે પ્રભુ ! મારે વચને કરીને તમે શેઠને દર્શન દેવા ગયા. એટલે ભગવાને કહયું કે, સ્વામી ! તમારા જેવા સંતને અર્થે મેં ભલે માર ખાધો, પણ તમારું વચન ખોટું પડે તે મારાથી સહન

થાય નહીં. આમ ભગવાન ને સ્વામી વાતું કરતા હતા, ત્યાં પેલા શેઠ આવ્યા. સ્વામીને કહે સ્વામી ! તમે ફરાળ કરો. સ્વામીએ થોડોક ફરાળ કર્યો. ભગવાન અંતર્ધાન થઈ ગયા. શેઠ કહે સ્વામી ! તમે કહેતા હતા કે, ભગવાન મને દર્શન દેશે, પણ આ ભગવાનના દર્શન થયા નહીં. સ્વામી કહે કે, હે શેઠ ! આ ભગવાન ભિક્ષુક સ્વરૂપે આવ્યા હતા, તો તમે ભિક્ષા તો દીધી નહીં, બ્રાહ્મણોએ માર્યું, તમે પણ માર્યું. ભગવાન હમણાં જ આ માર દેખાડી ને ગયા. શેઠ રોવા મંડયા. અહોહો ! સ્વામી ! મેં ભગવાનનો અપરાધ કર્યો. સ્વામી કહે કે, તમે હવે આવા વિચાર કરો નહીં. શેઠ કહે કે, સ્વામી! મેં તમારા વચને આ કથા કરી, પણ મેં ભગવાનને માર માર્યો તો કયા જન્મે છૂટીશ ? શેઠ તો રોવા મંડયા. સ્વામી કહે કે, તમે બ્રાહ્મણોને દક્ષિણા આપી દો. તમારો પ્રેમ છે તો ભગવાન જરૂર તમને દર્શન આપશે. સ્વામીએ શેઠને ભગવાનના દર્શન કરાવ્યા. શેઠ રાજી થઈ ગયા ! અહોહો ! સ્વામી! તમે મને ભગવાનના દર્શન કરાવ્યા.

આમાં કહેવાનો હેતુ એટલો જ કે, ભગવાન ગમે તે રૂપે દર્શન આપે, પણ તેમાં દેવની ભાવના રાખીને ગહસ્થ હોય તેમણે પોતાની શકિત પ્રમાણે દાન આપવું.

બલિરાજા પાસે વામન ભગવાન ભિક્ષા માંગવા ગયા

બલિરાજા પાસે વામન ભગવાન " ભિક્ષાન્ન દેહિ ભિક્ષાન્ન દેહિ" કરતા આવ્યા, ત્યારે બલિરાજા કહે, હે ભિક્ષુક ! માંગો, જે માંગો તે આપું. ત્યારે વામનરૂપે વિષ્ણુભગવાન કહે કે, હું તો સંતોષી બ્રાહ્મણ છું. તમે મને ત્રણ પગલાં જમીન આપો. અરે ! ભૂદેવ ! હું તો ત્રિલોકીનો રાજા બલિ છું. આમાં શું માંગ્યું ? હજી કાંઈ વિશેષ માંગો. ત્યારે આ વામન રૂપે ભગવાન કહે કે, હે રાજન્ ! અમને આનાથી વિશેષ કાંઈ જોઈતું નથી. ત્યારે રાજાના ગુરૂ શુક્રાચાર્ય રાજાને કહે કે હે રાજન્ ! આ વામન નથી પણ આ વામન ભગવાન આવ્યા છે. આ તો તારૂં બધુ લઈ લેશે. આ વાત સાંભળી રાજાને આનંદ થયો. અહોહો ! મારે ઘેર ભગવાન આવ્યા ! તો ભગવાનથી કઈ વસ્તુ ઢાલી છે. ત્યારે બલિરાજા કહે કે, ભગવાનના દર્શન થાવા બહુ જ દુર્લભ છે. પહેલાના ખતમાં માણસો કાંઈ દાન આપે, કોઈ ગોદાન આપે કે કોઈ કન્યાદાન આપે તો

તુલસીનું પાંદડુ લઈને ભગવાનને અર્પણ કરતા, એમ તુલસીને પાંદડે. રાજા પોતાના ગુરૂને કહે છે હે શુકાચાર્ય ! ભગવાન જેવા ભિક્ષુક માંગવા આવે તો પછી મારૂં શું ભાગ્ય ! તે ભલે બધું લઈ લે ! આ બ્રાહ્મણને લોભ લાગ્યો કે, આ વામન બધું લઈ લેશે તો મને ભિક્ષા મળશે નહીં. એટલે પાણી આપવાના પાત્રમાં જઈને બેસી ગયા. ભગવાને પાણીના પાત્રમાં દર્ભની સળી ખોસી એટલે શુકાચાર્યની આંખમાં લાગ્યું તેથી તે એક આંખે આંધળા થઈ ગયા. બલિરાજાએ હાથમાં પાણી લઈ તુલસીને પાંદડે ત્રણ પગલાં પથ્વી અર્પણ કરી.

ભગવાને મોટું રૂપ ધારણ કરી એક પગલાંમાં આકાશ લઈ લીધું, બીજા પગલાંમાં પાતાળ લઈ લીધું. આમ બે પગલાંમાં આકાશ, પાતાળ ને પથ્વી બધું લઈ લીધું. પછી બ્રાહ્મણે કહયું કે હે રાજન્ ! બે પગલાં આપ્યા, હવે ત્રીજું પગલું આપો. હવે ન આપી શકો તો કહી દયો કે અમો હવે કાંઈ નહીં આપી શકીએ. રાજા કહે કે, અમે તો રાજા કહેવાઈએ. અમે વચન આપીએ પછી આપી ન શકીએ તો તો અમારૂં માથું જાય ! એટલે હું તમને કહી શકું નહીં કે મેં તમને જે દાન આપ્યું તે નહીં આપી શકું. મારો આ પંચભૂતનો દેહ છે. આ પથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ પંચમહાભૂતોમાંથી આપણો દેહ બંધાય છે. બલિરાજા કહે કે, પ્રભુ! આ મારો દેહ પણ પથ્વીનો ભાગ છે. વામન કહે હા ! એ વાત સાચી. બલિરાજા કહે મારી છાતીમાં તમારો પગ આપો. એટલે તમારા ત્રણ પગલાં જમીન કષ્ણાપર્ણ કર્યા કહેવાય. બલિરાજાની ભકિતને વશ થઈને ભગવાને છાતીમાં પગ મૂકયો, તેથી બલિરાજાને પાતાળમાં નાંખી દીધો. ભગવાને કહયું બલિરાજા, મેં તારૂં બધું લઈ લીધું, તને કાંઈ થતું નથી ? બલિરાજાએ કહયું કે, ભગવાન ! તમારા જેવા ભગવાનથી અધિક બીજી શું વસ્તુ છે. આમ બલિરાજાએ બધું આપી દીધું. ત્યારે વામન ભગવાને બલિરાજાને કહયું કે, મારી પાસે કાંઈક માંગો. ત્યારે આ રાજાએ શું માંગ્યું ? હે દયાળુ ! હે પ્રભુ ! તમે મારા ઉપર રાજી થયા હો તો મને અખંડ દર્શન આપો. મહારાજે વચનામતમાં લખ્યું કે, બલિરાજા પાસે ભગવાન એક ક્ષણ માત્ર માંગવા આવ્યા હતા, પણ ભગવાન બલિરાજાને વશ થઈ અખંડ દર્શન આપતા. તેના ઉપર પ્રેમાનંદ સ્વામીએ કીર્તન લખ્યું,

"આવાને આવા રે, આવાને આવા રે
રહેજો મારી આંખલડીમાં પ્રભુ આવાને આવા રે"

બલિરાજાએ એ જ માગ્યું કે, ભગવાન મને અખંડ દર્શન દેજો.

હોલાના દૃષ્ટાંતે કરીને માયારૂપી જાળમાંથી છુટવાનો ઉપાય

શાસ્ત્રમાં વાત લખી કે, હોલા હતા તે જાળમાં સપડાઈ ગયા, પછી થોડા હોલા ઉડયા, પણ જાળ ઉપડી નહીં. પછી સર્વેએ વિચાર કર્યો કે આપણે સર્વે ભેળા મળીને બળ કરીએ, તો આ જાળ ઉપડી જાય. પછી સર્વેએ સાથે મળીને બળ કર્યું. તો જાળના ખીલા ઉખડી ગયા ને સારા શેઠ હતા, તેમણે કાતર લઈને જાળને કાપી નાખી. તેમ આપણે પણ જ્યારથી આ સૃષ્ટિનું મંડાણ થયું ત્યારથી કરીને આજ દિન સુધી આપણે સર્વે આ માયારૂપી જાળમાં સપડાઈ ગયા છીએ.

પુનરપિ જનનં પુનરપિ મરણમ્ આપણે બધા જગબંધનની જેલમાં જન્મોજનમ બંધાયા કરીએ. પણ જેમ હોલાએ સર્વે સાથે મળીને બળ કર્યું, તો જાળના ખીલા ઉખડી ગયા, તેમ આ જગબંધનની જેલ, આ માયારૂપી જાળને તોડવા માટે આપણે સર્વે સાથે મળીને બળ કરશું, તો જેમ સારા શેઠ હતા, તેમણે કાતર લઈને જાળને કાપી તેમ સંતો કે આચાર્યો આ માયારૂપી જાળ કાપવા માટે દેશોદેશમાં ને ગામેગામમાં વિચરે છે.

બીજું, શાસ્ત્રમાં લખ્યું કે, મારી કર્મની રેખ પર મેખ, મિટયા લખ્યા વિધાતા લેખ. આ દયાળુ સ્વામિનારાયણ ભગવાને કર્મની રેખ પર મેખ મારી. બીજું, આપણે સર્વેએ આગલા જન્મમાં જપ કર્યા હશે, તપ કર્યા હશે, દાનપુણ્ય કર્યા હશે, તે કરતા કરતા કાંઈક આપણું બાકી રહી ગયું હશે, તે પુરૂં કરવા માટે ભગવાને આપણાને સત્સંગમાં જન્મ આપ્યો છે. બીજું, દુર્વાસાનો જ્યારે શ્રાપ થયો ત્યારે સર્વે ચિંતા કરવા લાગ્યા. અહો ! આવી ભૂમિને છોડીને મત્યુલોકમાં જાવું પડશે? સર્વે ચિંતા કરવા માંડયા. ત્યારે નારાયણ ભગવાન શું કહે છે ? હે ઋષિમુનિઓ ! તમે કાંઈ પણ ચિંતા કરો નહીં. આ દુર્વાસાનો શ્રાપ થયો તેમાં હું પણ આવી ગયો છું. હું પણ મત્યુલોકમાં

જન્મ લઈશ અને તમને ત્યાં બોલાવીશ. તો આપણે દરેકે શું કરવું કે, સ્વામિનારાયણ ભગવાનનો દ્રઢ આશરો રાખવો. આ સ્વામિનારાયણ ભગવાન આપણા ઈષ્ટદેવ છે અને તેમના વિષે પતિવ્રતાની ટેક રાખવી અને શિક્ષાપત્રી, વચનામત, સત્સંગી જીવન આદિક પુસ્તકો આપણા હાથમાં આપ્યા છે. તે પ્રમાણે આપણે વર્તશું તો દેહ છતાં દુઃખી નહીં, ને તન છૂટે તેજ અંબાર. કહેતા દેહને અંતે તેજોમય અક્ષરધામને આપણે પામશું. તો આપણે આનંદમાં ભજન કરવું. ભગવાન પોતાના ભકતને આ લોકમાં અન્ન વસ્ત્રે કરીને સુખિયા કરે છે અને દેહને અંતે દિવ્ય એવા સુખ સુખનો નહીં પાર, એવી ભગવાન પોતાના ભકતને દિવ્ય માધુરી પ્રકાશમાન મૂર્તિનું સુખ આપે છે. તો આપણે દરેકે દિન દિન પ્રત્યે ભગવાનની મૂર્તિમાં હેત કરી, દેહને અંતે પણ ભગવાનની દિવ્ય માધુરી, પ્રકાશમાન મૂર્તિની સેવામાં રહી જવાય એજ આ માનવ જન્મ પામ્યાનો ખરો લાભ છે અને આ સત્સંગ કર્યાનું સાચું તે જ ફળ છે. એટલે આપણે દરેકે ભગવાન ભજવામાં કાળજી રાખવી ને ભગવાનની મૂર્તિમાં હેત કરવું એજ સાચે ભાવે સત્સંગ કર્યાનું સાચું ફળ છે. માટે આપણે દરેકે ભગવાન ભજવામાં વિશેષ કાળજી રાખવી.

પ્રત્યક્ષ પૂજા તથા માનસીપૂજા બંનેનું પૂણ્ય સરખું છે

વચનામતમાં એકાદશીનો મહિમા બહુ કહયો છે અને તે વાત પણ સાચી છે. મહારાજ કહે કે, એકાદશીને દિવસે, ઈન્દ્રિય, અંતઃકરણને નિયમમાં રાખી અને જેટલું બને તેટલું વધારે ભગવાનનું ભજન વિશેષ કરવું. બીજું, સ્વામિનારાયણ ભગવાને સારંગપુરના વચનામતમાં કહયું છે કે, જે પ્રત્યક્ષ ભગવાનની પૂજા કરે અને માનસી પૂજા કરે, બંનેનું પુણ્ય સરખું છે. તો તમે સર્વે ભગવાનના ભકતો છો એટલે માનસી પૂજા કરતા જ હશો, પણ કોઈ ઓછી વધુ કરતા હો તો, આજથી એવો નિયમ રાખો કે હંમેશા કરવી. બીજું, ગહસ્થને વ્યવહારિક કાર્ય હોય પણ આગળ પાછળ વ્યવહારિક કાર્ય કરીને માનસી પૂજા કરવી. ઓફિસમાં બેઠા હોઈએ તો પણ માનસી પૂજા થઈ શકે. તો માનસી પુજાનો મહારાજે બહુ જ મહિમા કહયો છે. તો તમે હરિભકતો માનસી પૂજા કરતા જ હશો અને ન કરતા હો તો જ્યારે ટાઈમ મળે સવારે, બપોરે, ચાર વાગ્યે, સાંજે અને સૂતી વખતે, આ પ્રકારે જો આપણે માનસી પૂજા કરીએ, તો

મોટા સંતો એમ કહેતા કે આપણે એક માનસી પૂજાનું ૫૦૦૦ (પાંચ હજાર) રૂપિયાનું પુણ્ય મળે અને એક મહિનાનું કેટલું થાય ? દોઢ લાખ. એક વર્ષનું અઢાર લાખ રૂપિયાનું પુણ્ય થાય અને આપણને માનસી પૂજા કરવા માટે એકેય પૈસો ખર્ચવાની જરૂર પડતી નથી. પણ આગળ પાછળ કામકાજ કરીને માનસી પૂજા આપણે કાળજી રાખીને કરવી. આવી રીતે આગળ પાછળ કામકાજ કરીને આવી રીતની ટેવ પાડો તો ટેવ પડી જ જાય એમ સ્વામિનારાયણ ભગવાને છેલ્લા પ્રકરણના ત્રેવીસમાં વચનામતમાં કહયું છે.

ભગવાન સંબંધી કીર્તનનો મહિમા

ભગવાનના કીર્તનો પણ એવા છે કે, આપણે સાંભળીએ તો શાંતિ થઈ જાય અને વડોદરાની એક વાત લખેલી છે. તે વડોદરામાં સ્વામિનારાયણ ભગવાન અને સંતો ગયેલા, તો સંતો કીર્તન બોલ્યા કે, " રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું." તે વાત પણ સાચી છે. સાચું સગપણ તો ભગવાનનું જ છે. બાકી તો આ સષ્ટિનું મંડાણ થયું ત્યારથી આ બધા જીવાત્મા, આ સગપણને સાચું માનતા આવે છે. પણ કયાં સુધી ? તો આ દેહનું નિમિત્ત હોય ત્યાં સુધી. વળી દેહનું નિમિત્ત પુરૂં થયે, વળી પાછા તે સગપણ કર્યા જ કરે છે. આ સાચું સુખ આપણને કયારે મળશે ? તો આજે સ્વામિનારાયણ ભગવાનની દયાથી આપણા સૌના મોટા પુણ્ય છે કે, આ સમય આપણને ભગવાન ભજવવાનો સારો લાભ મળ્યો છે. બીજું, એક બેન આખો દિ બોલ્યા કરતા હતા કે, સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું. તો તેને અંતકાળનો સમય થયો ત્યારે સ્વામિનારાયણ ભગવાન તેડવા ગયા. મહારાજે વચનામતમાં કહયું અને મોટા સંતોએ પણ કહયું કે, મારા જનને અંતકાળે જરૂર મારે આવવું, બિરૂદ મારૂં ન બદલે, સર્વે જનને જણાવવું. એટલે ભલે આ બાઈ સત્સંગી થયા નહોતા. પણ આ મોટા સંતોના કીર્તનો સાંભળ્યા અને એમને યાદ રહી ગયું, તો અંતકાળે ભગવાન એને તેડવા ગયા. ત્યારે તે બાઈ કહે કે, તમે કોણ છો ? ત્યારે સ્વામિનારાયણ ભગવાન કહે કે, અમે તો સ્વામિનારાયણ ભગવાન છીએ. બાઈ કહે કે, હું તો કાંઈ તમારી સત્સંગી નથી, અમે તો વૈષ્ણવ છીએ. તમે કેમ તેડવા આવ્યા ? સ્વામિનારાયણ ભગવાન કહે કે, તમે હંમેશા અમને બોલાવો છો કે સગપણ હરિવરનું

સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું. તો આ જે અમે સ્વામિનારાયણ છીએ તે તમને તેડવા આવ્યા છીએ.

બીજું, સભામાં કીર્તન બોલતા ત્યારે સ્વામિનારાયણ ભગવાન પણ સભામાં બિરાજમાન હતા. કીર્તનમાં શું લખ્યું ? ઓરા આવો નટવર નાનડિયા, હે ભગવાન, અમારી પાસે આવો. નટવર નાનકડા હે ભગવાન અમારી પાસે આવો. એમ સંતો ભગવાનના કીર્તન ગાતા હતા. ત્યારે મહારાજે કહયું કે, હે સંતો ! હે હરિભકતો! તમે જ નજીક આવો. અમારા પાસે આવો. ત્યારે સંતો તથા હરિભકતો મહારાજ પાસે આવીને બેઠા.

જ્યાં ભગવાનના ભકતો ભેળા થઈને સત્સંગ કરે છે
ત્યાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે

બીજું, એક મોટા સંતે વાત પૂછી કે, હે ભગવાન ! તમે કયાં રહો છો ? તમે વૈકુંઠમાં રહો છો, ગોલોકમાં રહો છો કે અક્ષરધામમાં રહો છો ? તમે કયાં રહો છો ? ત્યારે એના ઉત્તરમાં ભગવાને કહયું કે, હું તો વૈકુંઠમાં રહેતો નથી, હું તો ગોલોકમાં રહેતો નથી. જ્યાં મારા ભકતજનો મારા મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું કરીને સત્સંગ કરતા હોય, આવા કીર્તનો બોલતા હોય, ત્યાં અમે અખંડ નિવાસ કરીને રહીએ છીએ. તે પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં કહયું, "વંદુ સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ" તે કીર્તન બોલ્યા. મહારાજ સાંભળીને બહુ રાજી થઈ ગયા. અહોહો ! આવી રીતે જેને ભગવાનનું ચિંતન થાય છે, તેને તો અમે ઊઠીને દંડવત કરીએ. મહારાજે બે ઠેકાણે કહયું કે, આવી રીતે ભગવાનના કીર્તન બોલતા હોય, એ ઠેકાણે ભગવાનનું આવી રીતે ચિંતવન થતું હોય, તેવા સંત કે ભકતો હોય તેને મહારાજ કહે કે, ઊઠીને દંડવત કરીએ.

ભુજમાં શ્રીજી મહારાજે અઢાર પરમહંસોને દંડવત્ કર્યા

બીજું, મહારાજ ભુજમાં હતા ત્યાંથી કાગળ લખ્યો, અલૈયા, મામૈયા, સુરા આદિક દિક્ષા લઈ અઢાર પરમહંસો થઈ અને અહીં ભુજ આવજો. ત્યારે મોટા મોટા ઘણા શેઠિયા હતા, મોટા મોટા પટેલો હતા. કોઈ બે ગામના ધણી, કોઈ પાંચ ગામના ધણી, મોટા મોટા રાજા હતા. પણ આટલી બે આંગળની ચિઠ્ઠી સ્વામિનારાયણ

ભગવાનની લઈને વાંચી, એટલે સર્વે ભેળા થઈને રવાના થઈ ગયા. એક અદ્‌ભુતાનંદ સ્વામી હતા. ત્યાં એમના લગ્ન થતા હતા, લગ્નના ફેરા ફરતા હતા.ત્યાંના મેથાણના અજા પટેલ હતા તે એમના મામા થાતા. તેમણે તેને કહયું કે, તું લગ્ન કરીને તારે ઘરે જાજે. મને તો આ મહારાજનો કાગળ આવ્યો છે, એટલે હું તારી જાનમાં રોકાઈશ નહીં. હું તો ભુજમાં સ્વામિનારાયણ ભગવાન પાસે જઈશ. ત્યારે એ છોકરો જે પરણતો હતો તે કહે, મામા! તે કાગળમાં શું છે? ત્યારે મામાએ તે કાગળ વંચાવ્યો કે, આ સુરા, માતરા, મામૈયા આદિક પરમહંસો થઈને આવજો. આ છોકરો પરણતો હતો! પણ આ સ્વામિનારાયણ ભગવાનનો બે લીટીનો કાગળ વાંચીને મામાને કહે કે, મામા! તમે સર્વે જાઓ તો હું પણ ચાલું! મામા કહે અરે ભલા માણસ તું ગાંડો છો? આ લગ્નની જાન જોડીને તમે પરણો છો, ત્યારે હવે અત્યારે અહીં સાધુ થવા જવાતું હશે? ત્યારે તે છોકરો કહે મામા! આ લગ્ન તો ચોર્યાશી લાખ જન્મમાં જ્યારે જ્યારે દેહ ધર્યો ત્યારે કર્યા છે ને. ભૂમાનંદ સ્વામીએ કીર્તનમાં કહયું કે,

"હથેવાળો હરિસંગાથે કીધો રે,
ભૂમાનંદ કહે જન્મ સફળ કરી લીધો રે."

ત્યારે આ છોકરો કહે મામા! હું ચાલીશ. છોકરાએ હાથમાં મીંઢળ બાંધેલું. છોડીને નાંખી દીધું. બે ફેરા ફર્યા હતા, તે રીતે અવળા ફેરા ફરીને ચાલ્યો. સર્વે સાધુ થઈને ભુજમાં ગયા. ભુજમાં ગામ પાસે એક હમીરસર તળાવ છે ને બીજું પણ એક દેશલસર તળાવ છે, ત્યાં ગામ બહારે ભાગોળમાં ગયા. તળાવને કિનારે હજી છત્રી કરી છે. ત્યારે મહારાજ કહે કે, આ સર્વે મારા પરમહંસો આવે છે, તેને અમે સામા જઈએ. ત્યારે સર્વે સંતો હરિભકતો કહે કે, હે મહારાજ તમે સામા જાઓ તો અમે પણ ચાલીએ. મહારાજ, સંતો અને હરિભકતો ભેળા સામા ગયા. ત્યારે આ અઢાર પરમહંસોને જોઈને મહારાજ દંડવત કરવા લાગ્યા. આ તમે મારો એક–બે આંગળ જો કાગળ વાંચી, આ તમારું ઘર–બાર,રાજ–પટેલપણું મૂકીને મારે વચને કરીને તમે નહીં સાધુ થયા. મહારાજે પાંચ દંડવત કર્યા. એક તો મહારાજે ત્યાં દંડવત કર્યા છે અને બીજા આહીં. આ કીર્તન બોલ્યા છે કે, જેને આવી રીતે ભગવાનનું ચિંતવન થાય છે એને તો ઊઠીને અમે દંડવત કરીએ! અને જેને ત્યાં જન્મ લીધો તેના મા–બાપ

પણ કતાર્થ થયા જાણવા. બીજું, મહારાજે કહ્યું કે, આવી રીતે જે મારું ચિંતવન કરતા હોય, મારું આવી રીતે ભજન કરતા હોય, એવા ભકતને અર્થે મારો દેહ પણ કૃપાપણે કરી નાખ્યો છે. જેવા મને મારા ભકત વહાલા છે, તેવું કાંઈ પણ મને વહાલું છે નહીં.

સૌ કરતા ભગવાનના ભકત ચવું એ કઠણ કામ છે

નિષ્કુળાનંદ સ્વામીએ પણ લખ્યું, ભકત થાવું ભગવાનના, છે જો કઠણ કામ, અને પ્ર.પ્ર. ના ૧૪ માં વચનામતમાં પણ લખ્યું કે, સૌ કરતા ભકત થાવું બહું કઠણ છે. પણ મહારાજે ભકતના શું લક્ષણ કહયા ? કે ભકત હોય તે પોતાના દેહને મિથ્યા જાણે અને આત્માને સત્ય જાણે. ત્યારે તમે સર્વે સારા ભકત છો. તમે જાણો જ છો કે, દેહ છે તે ખોટો છે, તેમાં આત્મા છે તે જ સત્ય છે. સ્વામિનારાયણ ભગવાને પ્ર.પ્ર. ના ૨૦ ના માં પણ લખ્યું કે, અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં ઘેલો ને મૂર્ખમાં મૂર્ખ કોણ છે ? તો મહારાજે શું કહયું ? જે પોતાના સ્વરૂપને જોતો નથી એ જ અજ્ઞાનીમાં અજ્ઞાની, ઘેલામાં ઘેલા અને મૂર્ખમાં અતિશય મૂર્ખ. સ્વામિનારાયણ ભગવાને કહયું કે, આ આત્મા છે, એ જ પ્રકાશમાન છે. નૈનં છિન્દતિ શસ્ત્રાણિ, નૈનં દહતિ પાવક ! આ આત્મા છે તે છેદાતો નથી, બળતો નથી, કપાતો નથી, આ એકદમ પવિત્ર છે.

બીજું, લોયાના ૧૪ ના વચનામતમાં કહયું –કે અધો ઉર્ધ્વ અધો એટલે નીચું અને ઉર્ધ્વ એટલે ઉપર અને અપાર, દિવ્ય છે. કોઈપણ અક્ષરધામનો પાર પામી શકતા નથી, એટલું મોટું અક્ષરધામ છે. તે અક્ષરધામને આત્મા સાથે એકતા કરીએ તો અક્ષરધામ કેવડું મોટું થયું ? તે અક્ષરધામની સાથે આપણે વિચારે કરી એકતા કરીએ તો અક્ષરધામરૂપ થયા કહેવાઈએ. બીજું, સ્વામીએ કીર્તનમાં લખ્યું કે, રટે બ્રહ્મ થઈને પરબ્રહ્મને રે. તે વિચારે કરીને હું આત્મા છું, બ્રહ્મ છું, ચૈતન્ય છું. તે વચનામતમાં કહયું કે મોટા બ્રહ્મવેતાનો સંગ કરે, તો તેનામાં બ્રહ્મના ગુણો આવે છે. એમ આપણે પણ હું આત્મા છું, બ્રહ્મ છું, ચૈતન્ય છું એમ મહારાજ કહે કે મનન દ્વારા નિદિધ્યાસ કરે, તો એનામાં બ્રહ્મના ગુણ આવે. પછી તેનું કોઈ માન કરે કે કોઈ અપમાન કરે તો એને કાંઈ પણ લાગે નહીં ને એને આત્મા પણ દેખાય અને આત્માને વિષે પરમાત્મા પણ દેખાય. જેને સત્સંગ થયો છે તેને તો આત્મા જોવો પોતાના

હાથમાં જ છે અને આત્માને વિષે રહેલા પરમાત્મા પણ દેખાય. આપણી જે કાંઈ કસર હોય તે ટાળીને, આપણા આત્માને વિષે પરમાત્મા દેખાય અને ભગવાનની મૂર્તિનું સુખ આ લોકમાં પણ આવે અને દેહને અંતે અપાર સુખ સુખ સુખ ને સુખનો નહીં પાર. એવું ભગવાનના અક્ષરધામમાં સુખ રહેલું છે. એ સુખ પામવાને માટે જ આપણે સાચે ભાવે ભજન કરવું. બીજું, અનાદિકાળનો આ જીવ માયામાં ગોથા ખાધા જ કરે છે અને માયારૂપી અનેક કાંટા જીવને લાગેલા જ છે. તે માયારૂપી કાંટા કાઢીને રામબાણ લગાડવાના છે. એક મહાત્માએ કીર્તનમાં લખ્યું કે રામબાણ વાગ્યા હોય તે જાણે. રામબાણ કે'ને વાગ્યા ? નરસિંહ મહેતાને વાગ્યા, મીરાંબાઈને વાગ્યા અને સંતોને વાગ્યા.

જેમ મોરલી વાગે ને મણિધર ડોલે તેમ ભગવાનના ભક્તોએ ભગવાનના ધ્યાન કથા કીર્તનાદિના આનંદમાં ડોલ્યા કરવું

મેં એવા મોટા ચાર પાંચ સંતોના દર્શન કરેલા તે ભગવાનનું અખંડ ધ્યાન કરતા. તે બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં કહયું છે. બીજું, મોટા સંતોએ લખ્યું કે, મોરલી વાગે ને જેમ મણિધર ડોલે તેમ જે ભગવાનનું ધ્યાન કરે, ભજન કરે એવા સંતો, એવા હરિભકતો જેમ મોરલી વાગે અને સર્પ ડોલ્યા કરે. ત્યારે મેં એવા બે પાંચ સંતોના દર્શન કરેલા અને આવી રીતે સાથે મળી ભગવાનના જ્ઞાનની, ધ્યાનની ગોષ્ઠિ કરતા એટલે મને બહુ આનંદ આવતો. હું તો ત્યારે બહુ નાનો હતો. પચાસ વર્ષ પહેલાની આ વાત છે, ત્યારે મારા ધ્યાન ગુરૂને હું એમ પૂછતો કે, સ્વામી ! આ બધા આમ ડોલ્યા કરે છે તે એમને શું થાય છે ? ત્યારે સ્વામી કહે કે, આ રીતે ભગવાનનું ધ્યાન,ભજન કરતા હોય ત્યારે એમાં એટલો બધો આનંદ આવી જાય, ને ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જાય ને આમ ડોલ્યા કરે. તે વચનામતમાં પણ મહારાજે કહયું કે, આ સંતો ભગવાનના મહિમાના, જ્ઞાનના, ધ્યાનના કીર્તનો બોલાવે. એમાં પણ એ જ વાત છે કે, આ ભકતજનો કીર્તન બોલતા જાય ને મોરલી વાગે ને સર્પ ડોલે તેમ ભકતજનો ડોલતા જાય. તો કીર્તન ભકિત પણ મહારાજે એવી શ્રેષ્ઠ કહી છે, અને આવી રીતે

પ્રેમાનંદ સ્વામી કીર્તન બોલ્યા તો મહારાજ બહુ રાજી થયા. આપણે પણ ભગવાનના કથા, કીર્તન, વાર્તા કર્યા જ કરવાના.

આપણે ઘરે પણ હંમેશા એવો ટાઈમ હોય, ચોવીસ કલાક તો કોઈ કામ કરતા હશે નહીં, છ કલાક, આઠ કલાક, વેપારી હોય તે કદાચ બાર કલાક કામ કરતા હોય. ચોવીસ કલાક તો કોઈ કામ કરતા હશે નહીં. તમે ગહસ્થો ભલે બધા કામકાજ કરતા હો તો ભલે કરો, પણ આગળ પાછળ કામકાજ કરી અને ભગવાનના કીર્તન ગાવા, ભગવાનની માનસી પૂજા કરવી, ભગવાનનું ધ્યાન કરવું.

મોક્ષ સંબંધી કામ આપણે પોતે જ કરવું પડે છે

ગમે તેટલું કામ હોય પણ મારા ગુરૂ કહેતા કે, બીજા કામમાં નોકર રાખે– મોટી ઓફિસમાં કોઈ ૫૦ નોકર રાખે કોઈ ૧૦૦ નોકર રાખે, પણ મારા ગુરૂ વાત કરતા કે, બે કામમાં નોકર કામ આવતા નથી. તે બે કામ કયાં ? એક જમવાનું અને બીજું જાજરૂ જવાનું. તે બે કામમાં કોઈ નોકરો કામ આવતા નથી. ગમે તેટલું કામ હોય પણ ભૂખ લાગે તો કરોડ કામ મૂકીને આપણે જમીએ છીએ અને જાજરૂ જવાનું થાય તો આપણે જ કરવું પડે. એમ તે બે કામમાં કોઈ નોકર કામ આવતા નથી. મોટા સંતોએ તો દ્રષ્ટાંત આપ્યું. તેમ આ મોક્ષ સંબંધી કામ કરવામાં કોઈ નોકરો કામ લાગશે નહીં. તમને સ્ત્રી હોય, પુત્ર હોય તો ભલે, એમાં કાંઈ ભગવાને ના પાડી નથી. ગહસ્થ હોય તેને સ્ત્રી હોય, પુત્ર હોય, મેડી–હવેલી એ બધું હોય, એ બધું ગહસ્થને શોભારૂપ છે. પણ તેમાં મોહ ન રાખવો. બીજું, મોટા સંતોએ કહયું કે, અમે તો સાધુ થયા. સ્ત્રી, પુત્ર, સગા સંબંધી, ધન દૌલત, માલમિલકત તે બધા હરામના સમ ખાઈને બધું મૂકીને સાધુ થયા છીએ, તેમ તમારે સર્વેએ મનથી સાધુ થાવું પડશે. બીજું, મોટા સંતો કહેતા કે, જ્યાં સુધી આપણું શરીર સારૂં હોય અને સારો યોગ હોય, ત્યાં સુધીમાં આપણે મોક્ષ સિદ્ધ કરી લેવો. બીજું, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભકિતએ સહિત ભગવાનના એકાંતિક સંતો જ્યાં રહેતા હોય, ત્યાં નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું.

બીજું, સવારે સાંજે ભગવાનનું ધ્યાન કરવાની ટેવ રાખવી. સૂઈએ

ત્યારે એમ જાણવું કે, મારા પાસે મારા ભગવાન સૂતા છે, સારા હરિભકતો સૂતા છે, મુકતો સૂતા છે. એમ કરીએ તો આપણને ખરાબ સ્વપ્ન ન આવે. મહારાજ કહે કે, જેનો જીવ બળને પામ્યો હોય, તેને ખરાબ સપનાં પણ ન આવે.

મૂળજી બ્રહ્મચારી

મૂળજી બ્રહ્મચારીની વાત લખી કે, મૂળજી બ્રહ્મચારી ભોળા જેવા હતા, જ્ઞાન કાંઈ હતું નહી. પણ ભગવાનની મૂર્તિ ત્રણેય અવસ્થામાં દેખતા. મહારાજ કથા કરતા હોય ત્યારે તેમાં ઘણા બેઠા હોય, ત્યારે કેટલાકને ઊંઘ આવી જતી. જેને ઝોકું આવે તેને મહારાજ "બેરખો" મારતા. બેરખો એટલે શું ? જાડા મણકાં હોય તેને બેરખો કહેવાય અને જીણા મણકાં હોય તેને માળા કહેવાય. મોટા મણકાં હોય, બાર મણકાં હોય, અઢાર મણકાં હોય તેને બેરખો કહેવાય. જેને ઝોકું આવે તેના પર મહારાજ બેરખો નાખતા ને કહેતા કે અરેરે ! તમે ભગવાનનું ધ્યાન, ભજનનું અલૌકિક સુખ મૂકીને તમને ઝોકા કેમ આવે છે ? અમને તો કાળનો એટલો બધો ભય લાગે છે કે, સૂઈએ ત્યારે પણ ઊંઘ આવતી નથી, તે ભગવાનને તો કાળ–માયાનો કાંઈ ભય હતો જ નહીં પણ આપણે ભગવાનના ભકત છીએ તો, કાળ ને માયા કાંઈ રાહ જોશે નહીં કે, આ ભાઈનું કામ અધુરૂં છે, આ અહીં રહે પણ ટાઈમ થશે તો જવાનું જ છે. મહારાજ કહે કે, આપણું શરીર સારૂં હોય ત્યારે ભકિત કરી લેવી. મૂળજી બ્રહ્મચારી કથામાં બેઠા હતા ત્યારે મહારાજે બેરખો માર્યો અને બોલ્યા, "મૂળજી બ્રહ્મચારી ! એ મૂળજી બ્રહ્મચારી !" ત્યારે બ્રહ્મચારી બોલ્યા કે, આપણે કોઈ ગામમાં ગયા, ત્યાં સંતો હરિભકતોની સભા ભરાઈને બેઠી હતી ત્યાં અચાનક લ્હાય લાગી, તે તેમાં તમે બળી ન જાઓ એટલે તમને ઉપાડયા. મૂળજી બ્રહ્મચારી ત્રણેય અવસ્થામાં મહારાજની મૂર્તિ દેખતા. મેં પણ ઘણા એવા સંતોના દર્શન કર્યા છે. સૂતા હોય તો પણ સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ મોરની જેમ કંઠ ચાલ્યા જ કરે, તેમ ભગવાનનું નામ ચાલ્યા જ કરે.

આ મૂળજી બ્રહ્મચારી મહારાજને ખભે ઉપાડીને દોડતા દોડતા ડેલીની બહાર નીકળી ગયા. આ શું કર્યું ? મૂળજી બ્રહ્મચારી બોલ્યા કે, મને એમ થયું કે કોઈ ઠેકાણે

આપણે પધરામણી કરવા ગયા, ત્યાં લ્હાય લાગી, મહારાજને હાથમાં કે પગમાં કયાંય બળી જાય તો સારૂં નહીં, એટલે ત્યાં દોડી ગયો. મહારાજ કહે જુઓ ! આ મૂળજી બ્રહ્મચારી ભોળા જેવા છે, પણ ત્રણેય અવસ્થામાં મારી મૂર્તિ દેખે છે. તમે સર્વે ભગવાનના સારા ભકતો છો. તમે ભલે સર્વે વ્યવહારિક કાર્ય કરો, દૂધ, સાકરને ચોખા જમો, હિંડોળા ખાટમાં ઝૂલો. પણ સાથે સાથે જેમ બે કામમાં કોઈ નોકર કામ આવતા નથી, તેમ ભગવાનનું ધ્યાન અને ભજન તે બે કામ કરવામાં કોઈ નોકર કામ આવશે નહીં. તમે સર્વે કરો જ છો અને હજી પણ બને તેટલું ભગવાનનું ભજન વિશેષ કરજો.

જેવો એ રસ ચાખ્યો તેણે સંસાર રસ કૂચો કરી નાખ્યો

બીજું, સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર ઘણી દયા કરી અને અક્ષરધામમાંથી અહીં પથ્વી ઉપર પધાર્યા. ત્યારે આપણા શાસ્ત્રમાં લખ્યું છે કે, અક્ષરધામમાં એટલું બધું સુખ રહેલું છે, સુખ સુખ સુખનો નહીં પાર. તે સ્વામિનારાયણ ભગવાને સારંગપુરના વચનામતમાં લખ્યું કે, એક નિમિષ માત્ર ભગવાનની મુર્તિનું સુખ લીધું હોય તો એમ થાય કે, મેં લાખો વર્ષો સુધી સુખ લીધું. નિમિષમાત્ર એટલે શું ? કેટલા કલાક થાય ? બે કલાક થાય કે ચાર કલાક થાય ? નિમિષ એટલે એક ક્ષણ. આંખનું મટકું ભરીએ એટલી વાર પણ જો ભગવાનની મૂર્તિનું સુખ લીધું હોય તો એમ થાય કે મેં લાખો વર્ષો સુધી એ સુખ લીધું. ત્યાં લખ્યું કે, વ્હાલા એ રસના ચાખણહાર, છાશ તે નવ પીવે રે લોલ.

જેણે જેણે એ રસ ચાખ્યો, તેણે સંસાર રસ કૂચો કરી નાખ્યો. એટલે આ ભગવાનની મૂર્તિનું સુખ એવું અલૌકિક છે. તો ભગવાનના આવા સુખનો એવો મહિમા સમજાઈ જાય તો, એક ક્ષણ માટે પણ ભગવાનને આપણે ભૂલીએ નહીં અને સંસારમાં કયાંય મોહ રહે નહીં. મોહ ન રહે એટલે શું સાધુ થઈ જાય ? ના. સાધુ ન થાય. કોઈ હરિભકતોને મારે જોરે સાધુ બનાવવાની ઈચ્છા છે નહીં. હા. જેને વૈરાગ્ય હોય તે ભલે બને. બીજું, એટલી ઈચ્છા ખરી કે, ધોળા કપડાંવાળા સાધુ બનાવશું. અકુર, વિદુર, સુદામા એ સર્વે પરોક્ષના ભકત હતા. પણ ધોળા કપડાંવાળા સંત હતા. બીજું,

સ્વામિનારાયણ ભગવાનના વખતમાં ગોરધનભાઈ, પર્વતભાઈ, મયારામ ભટ આદિક ઘણા ભકતજનો સંસારમાં રહેલા હતા. સંસારમાં સરસો રહે અને મન રહે મારી પાસ, સંસાર જેને લોપે નહીં તેને જાણું મારો દાસ.

મોટા સંતો કહેતા કે, તમે સર્વે સંસારમાં રહેલા છો, તે ભગવાને એમ નથી કીધું કે, તમે સર્વે સંસાર મૂકીને સન્યાસી થઈ જાઓ, અને સન્યાસી થાશો તો જ મોક્ષ થાશે, એમ મહારાજે કહયું નથી. ગહસ્થાશ્રમ છે તે ઉત્તમ આશ્રમ છે. આ બ્રહ્મચર્ય આશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસાશ્રમ એ ત્રણેયનું પોષણ કોણ કરે છે ? સાધુ કરે છે ને ? સાધુ પાસે કાંઈ ન હોય. પૈસા હોય નહીં. માલમિલકત કાંઈ ન હોય. સાધુ કયાં કમાવા જાય ? તે ત્રણેયનું પોષણ કોણ કરે છે ? ગહસ્થાશ્રમી કરે છે. ગહસ્થાશ્રમમાં રહેવું તે ઉત્તમ આશ્રમ છે. તે મહારાજે કાંઈ ના પાડી નથી. પણ મહારાજ કહે સંસારમાં સરસો રહે, મન મારી પાસ, સંસાર જેને લોપે નહીં તેને જાણું મારો દાસ.

પેટનું શેઠનું અને ઠેઠનું આ ત્રણ કામ કરે તે ડાહ્યો કહેવાય

મોટા સંતોએ એક દ્રષ્ટાંત આપ્યું કે, ત્રણ કામ કરે તે ડાહયો કહેવાય, એક પેટનું, બીજું શેઠનું અને ત્રીજું ઠેઠનું. પહેલા બે કામ કરવામાં તો કોઈને આળસ થાતી નથી. પેટનું એટલે ? આપણે ધંધો કરવો પડે, નોકરી કરવી પડે, પૈસા તો કમાવવા પડે ને ? એટલે તે કામ કરવામાં તો કોઈને આળસ થાતી નથી અને શેઠનું એટલે આ સંસ્થારૂપી શેઠનું. આ તમે નોકરી કરવા જાઓ તે એક સેવા જ છે. મોટા સંતોએ શું કહયું કે, આ સંસારરૂપી શેઠ છે. તમારા બેનને ત્યાં લગ્ન હોય, ભાણેજાના લગ્ન હોય તો તમારે શું કરવું પડે ? મોસાળું કરવું પડે ને? કાંઈ ન કરીએ તો બહેન શું કહે? અરે ! મારો ભાઈ તો ગાંડો છે. મારો છોકરો પરણે છે પણ એણે કાંઈ આપ્યું નહીં. એટલે સંસારરૂપી શેઠની બધી જ ફરજો બજાવવી પડે. તે બે કામ કરવામાં તો કોઈને આળસ થાતી નથી. પણ ઠેઠનું. ઠેઠનું એટલે ? આ મોક્ષ સંબંધી કામ. આ જાણીએ છીએ, દેખીએ છીએ કે આપણા વડીલો સર્વે ચાલ્યા ગયા, તેમ આપણે આ દુનિયામાંથી જરૂર જાવું પડશે. પણ કયાં જાશું ? મોટા સંતો કહેતા કે બે બે ઘડી વત્તિ પાછી વાળીને

વિચાર કરવો કે, હું ક્યાંથી આવ્યો ? ને ક્યાં જાવું છે ? અહીંથી અચાનક જાવાનું થાશે. આપણે પણ વિચાર કરવો કે આપણે ક્યાંથી આવ્યા છીએ. આપણે ગર્ભવાસમાં શું કોલ કરી આવ્યા છીએ કે, હે પ્રભુ ! મને આ દુઃખમાંથી છોડાવો તો તમારું નામ અખંડ લઈશ. બીજું, ઘણા માણસો હોય તેઓ કહે કે, શું ઉતાવળ છે ? આ જન્મમાં થશે તેટલું કરશું. વળી કાંઈ અધૂરું રહી જાશે તો બીજા જન્મમાં કરશું. એ એની સારી સમજણ કહેવાય નહીં.

સાધુનો ધર્મ છે, સર્વજીવનું હિત કરવું

મોટા સંતો વાત કરતા હતા કે આ સંતો હોય તે ગામડે ફરવા જાય. ઈન્ડિયામાં હોય તે ચોમાસામાં કથા કરવા જાય. શિયાળામાં નામ ધર્માદો લેવા જાય. ત્યારે આ સંતો કથા કરવા ગયેલા. સાધુનો ધર્મ તો તે જ કે, સર્વજીવહિતાવહ. સર્વનું હિત કરવું તે જ સાધુનો ધર્મ. એટલે સંતોએ ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું કરી. હરિભકતો બહુ રાજી થયા. બીજું, કથા વાર્તા પૂરી થઈ જાય એટલે મોટા સંતો સ્વામિનારાયણ ભગવાનના વખતમાં ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી આદિક સારા સારા મોટા સંતો હતા, તે કથા વાર્તા પૂરી થઈ જાય એટલે જ્ઞાનગોષ્ઠિ કરતા અને ત્યારબાદ પણ મોટા સંતો હોય તે ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું કરે. તમારા જેવા સારા સારા એકાંતિક ભકતો હોય, તે પણ દરરોજ પા કલાક, અર્ધો કલાક શાંતિથી બેસે. એટલે કથા વાર્તા પૂરી થઈ જાય પછી બે ચાર સંતો ને બે ચાર હરિભકતો બેસી, ભગવાનના ધ્યાનની, ભજનની વાતું કરે એને જ્ઞાનગોષ્ઠિ કરી કહેવાય, અને આ ભાઈ આવો છે, તેવો છે, આમ કરે છે, તેમ કરે છે, તે પણ જ્ઞાનગોષ્ઠિ કહેવાય ને ? ના તે જ્ઞાનગોષ્ઠિ ન કહેવાય. તે ટીખળ કહેવાય. જ્ઞાનગોષ્ઠિ કહેવાય નહીં.

ત્યારે આ ભગવાનના મહિમાની, ધ્યાન ભજનની વાતું કરતા હતા, ત્યાં તે પટેલ બેઠા. તે પટેલના દીકરાનો દીકરો નાનો પાંચ સાત વર્ષનો હશે તે આવીને ભગવાનના દર્શન કરી, સંતોના દર્શન કરીને જવા મંડયો. એના દાદા કહે કે, શામજી,

શામજી, આવ કે ! આ સ્વામી આવ્યા છે. આ સ્વામી પાસે વર્તમાન ધરાવીને કંઠી પહેર. એમ દાદાએ એના પૌત્રને કહયું. ત્યારે પૌત્ર શું બોલ્યો ? "પોય ગાલ." પોય ગાલ. એમ કહીને ભાગવા જ મંડયો. સ્વામી તો કઈ સમજયા નહીં. કચ્છમાં લોહાણા હોયને તે આવી ભાષા બોલે, સ્વામી તો સમજયા નહીં એટલે દાદાને કહે કે, આ છોકરો શું બોલતો હતો ? મેં છોકરાને કહયું, સ્વામી પાસે આવ, કંઠી પહેર, વર્તમાન ધરાવ. હવે તે કહે કે, મારે હમણા કંઠી પહેરવી નથી, પછી પહેરીશ. એમ સ્વામી દષ્ટાંત આપતા. એમ આપણે પણ કચ્છના લોકોની પેઠે "પોય ગાલ પોય ગાલ" એમ ન કરવું. કચ્છી ભાષામાં ગાલ એટલે વાતું ને પોય એટલે પછી. મારા ગુરૂ એમ વાત કરતા. એમ આપણે પણ તે છોકરાની પેઠે પોય ગાલ, પોય ગાલ એમ કરીએ તો યોગ્ય કહેવાય નહીં ! હમણાં શી ઉતાવળ છે ? કેટલાક માણસોને વાતું કરીએ કે, ભગવાનની આવી ભકિત કર, ભજન કર, સત્સંગ કર, પછી નહીં મળે, પછી નહીં મળે, કાંઈ લે લે લ્હાવ, પછી નહીં મળે. મોતી સરીખો કણ લઈને મૂરખ ઘંટીમાં કાં દળે ? ભાઈ ! પછી આ ભગવાન નહીં મળે, આવા આચાર્યો નહીં મળે, આવા સંતો નહીં મળે.

ભગવાનની અપાર દયાથી આજે આપણને જેવો જોઈએ તેવો ભગવાન ભજવાનો યોગ મળ્યો છે

સ્વામિનારાયણ ભગવાનની દયાથી અને આપણા પૂર્વના સારા પુણ્યથી જેવો જોઈએ એવો જોગ આજે આપણને મળ્યો છે. કોઈ વાતની ભગવાને કચાશ રાખી નથી. ભગવાન આપણને અન્ન વસ્ત્ર આપે છે, શરીર સારૂં રાખ્યું છે. આવા અક્ષરધામ તુલ્ય મંદિરો, આવી અક્ષરધામ તુલ્ય સભા, આવા સ્ત્રી ધનના ત્યાગી સંતોનો યોગ, આચાર્યોનો યોગ. સ્વામિનારાયણ ભગવાને શું કચાશ રાખી છે ? ભગવાન આપણને પૂછશે તો શું કહેશું ? મને ભગવાન નહોતા મળ્યા કે સંતો નહોતા મળ્યા કે આચાર્યો નહોતા મળ્યા કે જમવા નહોતું મળ્યું ? આ મુંબઈમાં અમે જઈએ ત્યાં ઝૂંપડપટી હોય ત્યાં સવારનું જમવાનું મળે તો સાંજનું જમવાનું ન મળે ને સાંજનું જમવાનું મળે તો

સવારનું જમવાનું ન મળે. માણસની બિચારાની નબળી સ્થિતિ હોય અને ત્યાં આપણે તેને કહીએ કે ભાઈ! તું ધ્યાન કર, ભગવાનનું ભજન કર, તો શું કરી શકે? બિચારાને રોટલા ખાવા ન મળતા હોય, રહેવા મકાન ન હોય તો શું કરી શકે? ત્યારે ભગવાને આપણા ઉપર દયા કરી આ શરીર સારૂં આપ્યું. મનુષ્યનો દેહ મળ્યો.

બીજું, મોટા સંતોએ કહયું કે મનુષ્યનો દેહ છે તે શાસ્ત્રમાં ચિંતામણી તુલ્ય કહયો છે. હવે ચિંતામણી તુલ્ય મનુષ્યનો દેહ મળ્યો, તે મોટા સંતોએ લખ્યું કે, "વારંવાર મનુષ્ય તન ન આવે, મનુષ્ય તન ન આવે જ્ઞાન વિના તે તું વ્યર્થ ગુમાવે" સંતોએ લખ્યું કે આ ચિંતામણી તુલ્ય મનુષ્ય દેહ મળ્યો છે. બીજું, કોઈ માણસના હાથમાં ચિંતામણી હોય, તો તે જે જે વસ્તુનું ચિંતવન કરે, તે તેને મળી જાય. તેમ આ મનુષ્યનો દેહ ચિંતામણી તુલ્ય મળ્યો. વારંવાર મળતો નથી. પણ આપણને આ ભગવાનની દયાથી ને પૂર્વના પુણ્યથી જ મળ્યો છે. બીજું, આપણા મોટા ભાગ્યથી જ સ્વામિનારાયણ ભગવાન મળી ગયા. આપણે આગલા જન્મમાં જપ કર્યા હશે,તપ કર્યા હશે, વ્રત, દાન, પુણ્ય તે બધું કરતાં કરતાં, કાંઈક અધુરૂં રહી ગયું હશે, તે કસર ટાળવાને માટે, સ્વામિનારાયણ ભગવાને આપણને મનુષ્યનો જન્મ આપ્યો છે. તે આવા જોગમાં રહીને આપણી કસર નહીં ટાળીએ તો આવો જોગ ક્યારે મળશે?

ભકતરાજ પર્વતભાઇ

જેમ દાદા ખાચરનું મહારાજની જીભ વળે એમ તેમનું શરીર વળતું. તેવી રીતે પર્વતભાઈનું શરીર વળતું. તે એક દિવસ પર્વતભાઈને ત્યાં મહારાજ પધાર્યા. તે પર્વતભાઈ સભામાં બેસી ગયા. પા કલાક, અર્ધો કલાક કથાવાર્તા થઈ. મહારાજને થયું કે આ પર્વતભાઈ તો કાંઈ બોલ્યા નહીં. આ ટાઈમ થાશે એટલે સંતોને જમાડવા પડશે. હરિભકતોને જમાડવા પડશે. આ પર્વતભાઈ તો કાંઈ કરતા છે નહીં! મહારાજ કહે પર્વતભાઈ, પર્વતભાઈ! અહીં આવો. આ તમારે ઘેર મહેમાન આવ્યા, આ સંતો આવ્યા, આ હરિભકતો આવ્યા, તમે કાંઈ કરતા નથી? ત્યારે પર્વતભાઈ શું બોલ્યા? મહારાજ! ઘરનો ધણી આવે પછી મારે શું ચિંતા હોય કે? આ તમે ઘરના ધણી છો.

તમારી ઈચ્છા હોય એમ કરો. આ ગોળ છે, આ ખાંડ છે, લોટ છે, આ બધુંય છે. ઘરના ધણી ન હોય ત્યાં સુધી મહેતાજી હોય તે કામ કરે. હવે ઘરના ધણી તમે આવ્યા, પછી મારે શું ચિંતા ? તમે જાણો ને તમારૂં ઘર જાણે. આ જુઓ ! તે પર્વતભાઈ સાધુ બન્યા ન હતા પણ ગહસ્થાશ્રમમાં હતા. પણ જળકમળવત્ હતા. આપણે પણ એવી રીતે રહેવાની ટેવ પાડવી.

બીજું, આપણે જાણીએ છીએ કે, આ બધુ ખોટું છે, "સંસાર છે સુખ દુઃખનો દરિયો, તેને તરી શકે કોઈક તરીયો, સંત સમાગમ કરીને મનને મારીએ" બીજું, સપનું સમજો રે આ સંસારને, આ સંસાર છે તે સપના સમાન છે. આ શેઠ હોય કે સાહેબ હોય કે કોઈ ગરીબ માણસ હોય તેને રાતે સપનું આવે કે હું આ રાજા થઈ ગયો, કે કોઈ મોટો શેઠ થઈ ગયો. સવાર પડે ત્યારે શું હોય ? કાંઈ ન હોય ! તેમ આપણે જોઈએ છીએ, જાણીએ છીએ. ભલે તમે બંગલામાં રહો, ભલે તમે પૈસા કમાવો. ભગવાને કાંઈ ના પાડી નથી. પણ સપના સમાન છે. આ બધું ભગવાનનું છે, હું તો મહેતાજી તરીકે છું. આ મહેતાજી હોય, એ આ દુકાનમાં પૈસા લે, માલ લે, ત્યારે તે માણસ શું વિચાર કરે કે, આ સો, બસો, પાંચસો કે હજાર રૂપિયા પગારના આવે તે મારા છે. બાકી પેઢી તો શેઠની છે. આપણે પણ તે વાત જાણીએ કે આ પેઢી તે શેઠની છે. આપણે જાણીએ પણ છીએ, દેખીએ પણ છીએ! આપણે આ દુનિયામાંથી જઈએ ત્યારે કાંઈપણ ભેળું લઈ જતા નથી. આ પર્વતભાઈએ કાંઈ ભગવા કપડાં પહેર્યા હતા નહીં. તો પણ તેમણે શું કહયું કે, મહારાજ ! આ ઘર તમારૂં જ છે. દાદા ખાચર કહેતા ને કે, આ બધું મહારાજ તમારૂં છે. તમારી સેવા અર્થે છે. તમારી આજ્ઞાએ કરીને હું આ બધું કરૂં છું. બાકી આ બધુ તમારૂં છે. બીજું, તમે ગહસ્થાશ્રમમાં રહેતા હો, સ્ત્રી, પુત્ર, માલમિલકત બધુ હોય, પણ આપણે જાણીએ કે, આ ભગવાનના બાળકો છે. ભગવાનના બાળકોની સેવા, ભગવાને મને આપી છે, એટલે હું સેવા કરૂં છું. બીજું, તમે જાણો છો ને? આ તમારે સ્ત્રી હોય, પુત્ર હોય, સગા સંબંધી હોય, ભલે હોય એની અન્ન વસ્ત્ર વડે સેવા કરવી, માંદા સાજા થાય તો એની સેવા કરવી. દીકરા દીકરી હોય તેને ભલે પરણાવો, પણ એમ જાણવું કે આ ભગવાનના બાળકો છે.

સ્વામિનારાયણ ભગવાને ભગવાનના બાળકોની સેવા મને સોંપી છે,એટલે

હું કરૂં છું. આ કેનું છે ? આ બધું ભગવાનનું છે. વાતેય સાચી છે ને. આ બધુ ભગવાનનું છે. આપણું છે કાંઈ ? પચાસ વર્ષ પહેલા આ ગામ તમારૂં હતું ? તમારા ગામનું નામ તો મને આવડતું નથી. આ બધા તો નોખા નોખા ગામથી આવ્યા છે. એક જ ગામના નથી. પચાસ વર્ષ પહેલા આ કોઈ આપણું હતું ? અને પચાસ વર્ષ પછી ? આપણું રહેશે ખરૂં ? મને તો એમ લાગે છે કે બધાનો એ વિચાર હોય કે મારે તો આ દુનિયામાં પાછું આવવું નથી અને આ ને આ જન્મે કરી આત્મા ને પરમાત્માનું જ્ઞાન દ્રઢ કરી અને વાસના ટાળી ને દેહને અંતે મારે ભગવાનની સેવામાં રહેવું છે.

બીજું, તમે બધા પૂર્વના યોગ ભ્રષ્ટ જીવ છો એટલે આપણને બધાને ભગવાને ખેંચી લીધા અને આ સ્વામિનારાયણ ભગવાને ઘોર કળિમાં સતયુગ સ્થાપ્યો. પ્રગટાવી અનાદિ મોક્ષની રીત પ્રેમાનંદ કહે નહીં માને તો પછી થાશે ફજેત. આજે દુનિયામાં હળાહળ ઘોર કળિયુગ વ્યાપી ગયો છે. દુનિયા આખીમાં એવું છે. પણ જેને આવા ભગવાન મળ્યા ન હોય, જેને આવા આચાર્યો મળ્યા ન હોય, જેને આવા સંતો મળ્યા ન હોય એ જગતના જીવો બિચારા બધા એવા જ દુઃખો ભોગવ્યા જ કરે છે. પણ આપણા સૌના તો અહોભાગ્ય છે કે અક્ષરધામના અધિપતિ એવા ભગવાનના દર્શન કરીએ, આવા હરિભકતોના દર્શન કરીએ, આવા સંતોના દર્શન કરીએ, તો આપણને શાંતિ થઈ જાય છે. શાંતિ કેમ થઈ જાય છે ? આપણે આગલા જન્મમાં સારા કર્મ કર્યા હશે એ પુણ્યે કરીને આપણને આ સત્સંગ કરવો ગમે છે. તો આપણે સાચે શુધ્ધ ભાવે સત્સંગ કરીને આ સંસારમાં જળકમળવત્ રહેવું. પાણીમાં કમળ હોય, તે વરસાદ વરસે તો, એક કલાકમાં પાંચ ફૂટ પાણી ચડી જાય, પણ તે કમળ પાણીમાં ડૂબતું નથી. તેમ આપણે પણ એમ જાણવું કે, આ સંસાર ખોટો છે ને સંસારમાં નિર્લેપ રહેવું, જેમ પર્વતભાઈએ કહયું કે, હે મહારાજ ! જે કાંઈ છે તે બધું તમારૂં જ છે.

સંસારરૂપી રથના પતિ અને પત્ની બે પૈડા છે

મોટા સંતો કહેતા કે, ગાડું હોય તેના બંને પૈડા સરખા હોય તો ગાડું સારૂં ચાલે. એક પૈડું વાંકુ હોય તો ? ગાડું સરખું ન ચાલે, તેમ આ સંસારરૂપી રથ છે તેના સ્ત્રી અને પુરૂષ બંને પૈડા છે. શાસ્ત્રમાં લખ્યું છે કે, સ્ત્રી પણ પુરૂષની અર્ધાંગના

કહેવાય. એટલે પુરૂષ હોય તેણે શાંતિથી પોતાની સ્ત્રીને બોલાવવી. આનું શું કરશું ? આ કેમ કરશું ? આ છોકરાનું શું કરશું? એમ પૂછીએ તો એને એટલો પ્રેમ થઈ જાય તે જેમ તેમ બોલાવીએ તો, એને હેત ન થાય, તેમ ગહસ્થાશ્રમમાં રહેતા હોઈએ અને પોતાના બાળકો હોય અને પતિ પત્નીને એકબીજામાં કાંઈ ભૂલ પડી હોય તો તે બાળકો સાંભળે એમ કાંઈ બોલવું નહીં. પણ બાળકો ભણવા ગયા હોય, કે કાંઈ આડા અવળા ગયા હોય ત્યારે પુરૂષને વાત કરવી કે આમ હતું. ને બાઈનો કાંઈક વાંક હોય, તો પણ પુરૂષ હોય તે બાઈને શાંતિથી કાંઈ કહે, કોઈનો પણ વાંક હોય ને તેને શાંતિથી કહે, તો તેનો સંસાર સારો ચાલે. સ્ત્રી ભલે અર્ધાંગના કહેવાય પણ તે લક્ષ્મીનું સ્વરૂપ કહેવાય, એટલે તે લગ્ન કર્યા એટલે કાંઈ તે વેચાતા લીધા નથી.

તમે સર્વેએ લગ્ન કર્યા ત્યારે સાસરાને કાંઈ પૈસા આપ્યા છે ? બે લાખ આપ્યા છે ? ના, નથી આપ્યા. તે દાન મળ્યું છે. કન્યાદાન તો મહારાજ કહે કે, સ્ત્રી હોય તે પણ પતિની અર્ધાંગના કહેવાય. તો એકબીજામાં શાંતિથી વાત કરવી અને કોઈ પ્રકારે ગુસ્સે ન થવાનું. મહારાજ કહે કે, સ્ત્રીને આપણે શાંતિથી બોલાવીએ અને એકબીજા હળીમળીને રહીએ, તો સંસાર સારો ચાલે. મોટા સંતો કહેતા કે પવિત્ર ગહસ્થાશ્રમમાં રહેવું. ગહસ્થાશ્રમમાં રહેવું તે મહારાજે પાપ કહયું નથી. પવિત્ર ગહસ્થાશ્રમ કેને કહેવાય ? કે સ્વામિનારાયણ ભગવાને આજ્ઞા કરી કે, બ્રાહ્મણ ને સૂર્ય અને અગ્નિની સાક્ષીએ કરીને જે લગ્ન કર્યા હોય એની સાથે જ સંબંધ રાખવો, તે સિવાય બીજી સ્ત્રીઓને માતા, બહેન અને દિકરી સમાન ગણવી.

સીતા માતાના ચરણ વિના લક્ષ્મણજીએ બીજું કાંઈ પણ જોયું નહીં

રામ ભગવાનના વખતમાં લક્ષ્મણજીની વાત લખી કે, લક્ષ્મણજી ચૌદ વરસ સુધી રામ ભગવાન ભેળા વનમાં રહયા. રોજ સીતા માતાને પગે લાગવા જાય. પણ સીતા માતાના ચરણ વિના લક્ષ્મણજીએ બીજું કાંઈ પણ જોયું નહીં. રાવણ સીતામાતાનું હરણ કરી ગયો ત્યારે હે રામ ! હે રામ ! બોલતા સીતા માતાએ બધા દાગીના નાખવા માંડયા. આ બધા દાગીના પડયા. તે લઈને રામ ભગવાન પાસે લઈ આવ્યા, ત્યારે રામ ભગવાન લક્ષ્મણજીને પૂછે છે કે, લક્ષ્મણ! આ કાનના, આ નાકના, આ

હાથના દાગીના લક્ષ્મણજીને બતાવ્યા. લક્ષ્મણજી કહે કે, હું તો આ કાંઈ ઓળખતો નથી. પણ આ પગના ઝાંઝર છે, હે ભાઈ ! હું સીતા માતાને પગે લાગવા જાતો, ત્યારે તેના ચરણના દાગીના સિવાય કાંઈ પણ જોયું નથી.

પવિત્ર ગૃહસ્થાશ્રમના નિયમો

"પર ધન પત્થર સમ જાનીએ, પર સ્ત્રી માત સમાન
ઈતના કરે રામ ન મીલે, તો તુલસીદાસ જમાન"

તેમ સ્વામિનારાયણ ભગવાને કહયું કે, પવિત્ર ગહસ્થાશ્રમ કેને કહેવાય કે પર સ્ત્રી માત સમાન જાણવી. એટલું કરતા સ્વામિનારાયણ ભગવાન ન મળે તો મોટા સંતો કહે કે, અમે જમાન. જે સ્ત્રીએ લગ્ન કર્યા હોય અને બ્રાહ્મણની, અગ્નિની, સૂર્યની સાખે જેને પરણેલા હોય તે સિવાય કોઈ પર પુરૂષ સામે ખોટી દ્રષ્ટિથી જુએ નહીં. સ્વામિનારાયણ ભગવાને કહયું કે, પોતાનો પતિ અંધ હોય, લૂલો હોય, તો પણ તેને ઈ વરતુલ્ય ગણવો, અને તેની સામે કાંઈ પણ બોલવું નહીં. તેને પવિત્ર ગહસ્થાશ્રમ કહેવાય.

પવિત્ર દેશ હતો, તેમાં એક દંપતિ ભગવાનના એકાંતિક ભકત હતા. સવારમાં વહેલા ઉઠી, બંને પતિ પત્ની, નાહી ધોઈ, ભગવાનની પૂજાપાઠ કરે. મહારાજે પૂજા કરવાનો પણ નિયમ કહયો, ત્યારે કેટલાક હોય તે એમ કહે કે, અમારે ઘરે બધા ભગવાનની મૂર્તિ હોય એની પૂજા કરીએ તો પૂજાનું પુણ્ય મળે ? ના. તેનું પુણ્ય તેના ધર્મપત્નીને મળે પણ પુરૂષને તે પુણ્ય ન મળે. ત્યારે તે પૂજા પણ દરેકે નોખી રાખવી. આ સર્વે અહીં બેઠા છે તેમની પાસે નોખી પૂજા હશે. અમે પણ દરેકને નોખી પૂજા કરવાનું કહીએ જ છીએ. જેની સેવા પૂજા ન હોય તેણે લઈને પૂજા કરવી.

ઘરે સિંહાસનમાં ભગવાનની મૂર્તિ હોય તે સહજાનંદ સ્વામી મહારાજની તથા ઘનશ્યામ મહારાજની રાખવી તથા સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ હોય તેને આપણે દરરોજ ઘરે રસોઈ બનાવતા હોઈએ તે જમાડવાની. સવારમાં વહેલા ઉઠી, નાહી ધોઈ, પૂજાપાઠ કરીને પછી બાઈ હોય તે ભગવાનની મૂર્તિ સંભારી, સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભગવાનનું નામ લઈને રસોઈ બનાવે ને ભગવાનને થાળ જમાડે તેથી ભગવાન રાજી થાય. બીજું, એક કીર્તનમાં કહયું કે,

"હરતા ફરતા કરતા ઘરનું કામ
સ્વામિનારાયણ સ્વામિનારાયણ
મુખે રટિએ આઠો જામ"

આઠો જામ એટલે કેટલા કલાક થાય ? બે કલાક કે ચાર કલાક થાય ? ચોવીસ કલાક થાય. ત્યારે મોટા સંતો કહેતા કે, દિવસ જાય ડખામાં અને રાત જાય વખામાં. આખો દિવસ વ્યવહારિક કામ કરવામાં ચાલ્યો જાય, તો રાતના સપના આવે તે ખરાબ આવે. પણ દિવસના આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન કર્યું હોય અને સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને કામ કરીએ તો તે કામ નિર્ગુણ થઈ જાય. આપણે હંમેશા બોલીએ પણ છીએ,

"હવે મારા વહાલાને નહીં રે વિસારૂ
વાસોચ્છ્વાસે તે નિત્ય સંભારૂ"

આપણે સર્વે બોલીએ છીએ. બોલી તો જઈએ છીએ પણ સાચું બોલીએ છીએ કે ખોટું બોલીએ છીએ ? મોટા સંતો કહેતા કે, આવી જો લટક કે ટેવ પડી જાય તો એની મેળે જ વાસોચ્છ્વાસે સ્વામિનારાયણ સ્વામિનારાયણ થયા જ કરે. એવા ૫-૭ તારા સંતો કે ૫-૭ હરિભકતોના મેં દર્શન કર્યા હતા. અખંડ મોરનો કંઠ ચાલે એમ એને સ્વામિનારાયણ સ્વામિનારાયણ થયા જ કરે ! તો તમારે પણ એવી ટેવ પાડવી, લટક પાડવી. તો મહારાજ કહે કે, ન થાય એવું શું છે ? અભ્યાસ કરીએ તો આત્મા પણ દેખાય ને આત્માને વિષે રહેલા પરમાત્મા પણ દેખાય. મહારાજ કહે કે, ડરો તા જોઈને તેની મદદ કરે મોરારિ. આપણી સાચી ભાવના હોય કે મારે આ ને આ જ જન્મે કરી અને ભગવાનની ભકિત, ભજન કરીને દેહને અંતે આપણે ભગવાનની વામાં રહેવું છે. ભલે તમે હમણાં ગહસ્થાશ્રમમાં રહેલા હો એટલે ઉપરથી થોડું સંસારના જેવું પણ જણાય પણ અંતરમાં એવી ભાવના હોય કે મારે મારી કસરો ટાળીને વે ભગવાનની સેવામાં રહેવું છે. એવી સાચી ભાવના હશે તો જરૂર ભગવાન આપણી કસરો ટળાવી દેશે.

બીજું, ગહસ્થોએ આવી રીતે વ્યવહારિક કાર્ય કરતા કરતા બાઈ ભગવાનને ભારીને રસોઈ બનાવે અને નાના નાના બાળકો હોય એને ભણવા જવું હોય તો

એની મમ્મીને શું કહે ? મમ્મી ! આ ભગવાનને થાળ જમાડયો ? જમવાનું માગે નહીં. બાળકો ભણવા જતા હોય કે બીજે કયાંય જતા હોય, પણ બાળકો એમ બોલે નહીં કે મમ્મી, મને ભૂખ લાગી છે. બિસ્કીટ લાવો, પીપર લાવો એમ માગે નહીં. પણ બાળકો શું કહે ? મમ્મી ! થાળ જમાડયો ? ત્યારે એના મમ્મી ભગવાનને થાળ જમાડયો હોય તો તે બાળકોને જમાડે અને થાળને થોડીવાર હોય તો એની મમ્મી કહે કે, બેટા! હજી આ ભગવાનને થાળ જમાડયો નથી. તો બાળકો બેઠા હોય, જરાય કજીયો ન કરે ! કજીયો કરે એવા છે નહીં પણ આ બાળકોને આપણે આ શીખવાડવાનું. માતા પિતા બાળકોનો જન્મ થાય, બાળપણમાં જ બાળકને સારા સંસ્કાર રેડવા તે પણ માતા પિતાની ફરજ છે. કારણકે માતા અને પિતા હોય એ પહેલા ગુરૂ કહેવાય. ત્યારે માતા અને પિતા હોય એમણે બાળકોને સારા સંસ્કાર આપવા.

એક પત્નીવ્રત રાખવું. એમાં પણ સ્વામિનારાયણ ભગવાને પ્રથમ પ્રકરણનું ૩૪ મું વચનામત છે એમાં લખ્યું કે, ત્યાગી હોય તેણે અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળવું અને ગહસ્થને પણ બ્રહ્મચર્ય કહયું છે. શું કહયું છે ? એક પત્ની વ્રત રાખવું. બીજી સ્ત્રીઓ સામે કયારેય પણ ખોટી દ્રષ્ટિ કરે નહીં. તે કનિષ્ઠ બ્રહ્મચર્ય કહયું. ને મધ્યમ આ અગિયારસ ને જન્માષ્ટમી આદિક તહેવારો હોય ત્યારે મહારાજે ગહસ્થને બ્રહ્મચર્ય પાળવાનું કહયું છે. એકાદશી હોય, જન્માષ્ટમી હોય, રામ નવમી હોય કે આપણે કોઈ એકટાણું કરતા હોઈએ, પત્ની એકટાણું કરતા હોય કે પતિ એકટાણું કરતા હોય, ત્યારે પણ બ્રહ્મચર્ય પાળવાનું કહયું છે. તે પાળી ન શકે તો તે વ્રતનો નાશ થઈ જાય છે અને પાપ લાગે છે, તે મધ્યમ. અને ઉત્તમ બ્રહ્મચર્ય કોને કહેવાય ? કે રજસ્વલાપણું પ્રાપ્ત થાય. એમ. સી. આવ્યા પછી ચાર દિવસ પછી એમ. સી. પાળવાનું રાખે ને ત્યાર બાદ ચોથે દિવસે નહાઈને શુદ્ધ થાય. પછી ચાર થી કરીને સોળ દિવસ સુધી ઋતુકાળ કહેવાય. એ પ્રમાણે વર્તે તો જેમ સાધુ અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ કરીને ભગવાનનું ભજન કરે એ રીતે આ ગહસ્થાશ્રમમાં રહેલા હોય તો એને એવી જ પ્રાપ્તિ થાય છે. મહારાજ કહે કે આવી રીતે પવિત્ર ગહસ્થાશ્રમમાં રહેવું. આ પવિત્ર ગહસ્થાશ્રમ તમે સમજ્યાને ? આ ત્રણ પ્રકારના ગહસ્થના નિયમો કહયા

તે પ્રમાણે વર્તે અને ઘરમાં ભગવાનની મૂર્તિને પધરાવી ભગવાનને થાળ જમાડી અને બાળકોને પ્રસાદ આપે અને પતિને પણ પ્રસાદ જમાડે તે પવિત્ર ગહસ્થાશ્રમ કહેવાય. એક મહાત્માએ લખ્યું કે,

"પશુ કરતા નર ઘડ્યો
ભૂલ્યો શિંગ ને પૂંછ"

પશુ ને શું હોય ? શિંગડુ અને પૂછડું હોય. માણસ જો નિયમ ન પાળે અને બીજે જ્યાં ત્યાં કોઈના ખેતરમાં ચરવા કહેતા વ્યભિચાર કરવા જાય, તે પશુ તુલ્ય કહેવાય. આ તો શાસ્ત્રમાં વાત લખી છે એટલે વાત કરવાની મારી ફરજ છે. આ સિંહ હોય તે મેં જોયું નથી પણ શાસ્ત્રમાં લખ્યું છે કે વર્ષમાં એક જ વખત સ્ત્રી સંબંધ કરે. એવું લખ્યું છે. તો ગહસ્થાશ્રમમાં રહેવું તે કાંઈ પાપ કહયું નથી. તમે ગહસ્થાશ્રમમાં રહો, દૂધ ચોખા ને સાકર જમો પણ ભગવાનનો દ્રઢ આશરો રાખીને ભગવાનનું ભજન કરશો તો દેહ છતા દુઃખી નહી અને તન છૂટે તેજ અંબાર. દેહ છતાં ભગવાન પોતાના ભકતની અન્ન વસ્ત્ર અને આબરૂએ કરીને રક્ષા કરે જ છે અને દેહને અંતે મહારાજ રથ, વેલ લઈ અને અક્ષરધામમાં લઈ જાય છે.

શીદ જાઓ છો બીજે શીર કૂટવા, આવો સત્સંગ મેલીને મોક્ષ રૂપ

મહારાજે પ્ર.પ્ર.ના પહેલા વચનામતમાં કહયું કે ધર્મકુળને આશ્રિત એવો, ધર્મકુળને આશ્રિત કોણ કહેવાય ? કે આપણા વડતાલ દેશના ને અમદાવાદ દેશના આચાર્ય મહારાજ હોય અને આ સંતોને દિક્ષા આપી હોય એ જ સંતો માન્ય કહેવાય. બીજા સંતો ભલે હથેળીમાં ભગવાન દેખાડતા હોય તો પણ આપણે બીજે કયાંય માથા મારવાની જરૂર નથી.

"શીદ જાઓ છો બીજે શિર કુટવા રે લોલ
આવો સત્સંગ મેલીને મોક્ષરૂપ"

હે ભાઈઓ ! આ દિવ્ય સત્સંગ મળ્યો તો બીજે જ્યાં ત્યાં શા માટે માથા

ભટકાવા જાવ છો ? પણ આપણે સર્વેએ ખ્યાલ રાખવો. ભલે એ હથેળીમાં ચાંદ દેખાડતા હોય, કોઈ ચમત્કાર દેખાડતા હોય, પણ મહારાજ કહે કે ધર્મકુળને આશ્રિત આપણા આચાર્ય મહારાજે જે સંતોને દિક્ષા આપી હોય, તે સંતો માન્ય કહેવાય અને ગહસ્થોએ પણ આચાર્ય મહારાજ પાસે ગુરૂ મંત્ર લીધો હોય, તે જ બરાબર ગણાય. આપણે ગુરૂમંત્ર લીધો હોય તો ગુરૂમંત્રની એક માળા ફેરવવી અને ન લીધો હોય તો આ બાજુ આવે ત્યારે વળી લઈ લેજો. વડતાલ દેશના હરિભકતો હોય એમણે વડતાલ દેશના આચાર્ય મહારાજ પાસે ગુરૂમંત્ર લેવો અને અમદાવાદ દેશના હરિભકતો હોય એમણે અમદાવાદ દેશના આચાર્ય મહારાજ પાસે ગુરૂમંત્ર લેવો. મહારાજ કહે કે, ધર્મકુળને આશ્રિત એવા જે ભગવાનના ભકત હોય, સંતો હોય ને તેમાં પણ મોટા સંતો કહેતા કે આ સત્સંગમાં લક્ષાવધિ માણસો છે ને આપણા સંતો પણ કેટલા હશે ? બે હજાર, ત્રણ હજાર કે પાંચ હજાર હશે. સાઈઠ વર્ષ પહેલા હું સાધુ થયો ત્યારે અમદાવાદમાં ઘણા સાધુ હતા. વડતાલમાં ઘણા સંતો હતા. જુનાગઢમાં પણ ઘણા સંતો હતા. સાઈઠ વર્ષ પહેલાની વાત છે. એટલે ત્યારે સાધુ વધારે હતા. અત્યારે બે હજાર કે ત્રણ હજાર આજુબાજુ હશે. તો મહારાજ કહે કે સંગની શુદ્ધિ અને નિર્દોષ બુદ્ધિ રાખવી. સંગ કરવો તો કેનો કરવો ?

ગુરૂ કરવા તો જ્ઞાની કરવા

"ગુરૂ કરવા તો જ્ઞાની કરવા સત અસત્ ને જોઈ
બળદ લેવો ખેડીને ડોબું લેવું દોહી"

આમાં શું કહયું કે, કાલાઘેલા ગુરૂ કરવા નહીં. બીજું, આપણે વિચાર કરવો કે,

ગુરૂ બિન જ્ઞાન નહીં, ગુરૂ બિન ધ્યાન નહીં
ગુરૂ બિન આત્મ વિચાર ન લહત હૈ

બીજું, લોભી ગુરૂ ને લાલચું ચેલા, બંને નરકમાં ઠેલમ ઠેલા. એમ શાસ્ત્રમાં લખ્યું છે. પણ આપણા સંપ્રદાયમાં તો એવા કોઈ સંતો છે નહીં. આ જગતમાં બાવા હોય તે એવા ફેલફતુર કરતા હોય, તે એવા લોભી ગુરૂ હોય તો એમાં આપણે કયાંય ફસાવું નહીં. 'ગુ' એટલે અંધકાર 'રૂ' એટલે નાશ. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે

એને સાચા ગુરૂ કહેવાય. કોઈ મૂકાવે મને કાળથી, તેને આપું હું મારૂં શિશ જી. કોઈ મને કાળ અને માયાથી મૂકાવે એને મારૂં મસ્તક આપું. આગળ ભગવાનને અને ગુરૂને ખોળવા જાતા હતા. આ સમયમાં તો તમારા મોટા ભાગ્ય છે કે ઘરે બેઠા આ મોટા ભગવાન મળી ગયા. આચાર્ય મહારાજ અહીં આવે, સંતો અહીં આવે. તમારા તો ઘણાં મોટા ભાગ્ય છે. પણ ભાગ્ય છે તો ખરા પણ હવે આપણે જેટલા બને તેટલા સારા કર્મો કરવા. મહારાજ કહે કે, ગુરૂ કરવા તો જોઈને કરવા, બળદ લેવો તો ખેડીને લેવો અને ભેંસ લેવી તો દોહીને લેવી. તેમ આ ગુરૂને આપણે આખી જિંદગી સોંપીએ છીએ, તન, મન ને ધન અનેક જન્મના કર્મ આપણે વર્તમાન ધારીએ ત્યારે ગુરૂને આપણે શું કહીએ છીએ ?

"કાળ માયા પાપ કર્મ યમદૂત ભયાદહમ્
શ્રીકૃષ્ણદેવ શરણં પ્રપન્નોઽસ્મિ સપાતુમામ્"

અનેક જન્મના કર્મો, તન, મન, ધન, હે ભગવાન ! હે ગુરૂમહારાજ! હું તમને અપર્ણ કરૂં છું. આપણે આ જિંદગી સોંપવી તો કેને સોંપવી? તો મહારાજ કહે કે, આવા ગુરૂને. ગુરૂની પણ ત્રણ પ્રકારની સ્થિતિ લખી છે. તે ગુરૂ હોય તે મોટી મોટી વાતું કરે કે આ વચનામતમાં આમ કહયું છે. આ શિક્ષાપત્રીમાં આમ કહયું છે. ના ગીતાજીમાં આમ કહયું છે. આ સત્સંગિજીવનમાં આમ કહયું છે. એમ મોટી મોટી વાતું કરે પણ વર્તે કાંઈ નહીં. તો તે ગુરૂ બરોબર કહેવાય નહીં.

ગાય છે તે ગાય છે દૂધ પ્યારા ને પાય છે. છાશે જગ ભરમાય છે. આપ ઘાયી ગાય તો કોઈક જ થાય છે

એક મોટા સંતે દ્રષ્ટાંત આપ્યું કે ગાય છે તે ગાય છે, દૂધ પ્યારાને પાય છે. છાશે જગ ભરમાય છે, આપ ગાય તો કોક જ થાય છે. કેતા અમારા ગુરૂ વાત કરતા ગાય છે તે ગાય જ છે. તે પોતાના વાછરડાને તથા માલિકને (ઘરના માણસોને) ધ પાય છે. પછી કહયું કે, છાસે જગ ભરમાય છે. તે ગામડામાં જેને ઘેર ગાયો કે સો હોય તેને ઘેરથી આડોસી પાડોસી આવીને છાસ લઈ જાય. પછી કહયું કે, આપ

ગાય તો કોક જ થાય છે. કેતા કોક એવી ગાય હોય છે તે પોતે પોતાના જ આંચળનું દૂધ જાલીને પીએ છે. તેમ સંતો મોટી મોટી વાતું કરે પણ તે પ્રમાણે વર્તે નહીં તો એ ગાય જેવા કહેવાય. અહોહો ! આ સ્વામીએ સારી વાતું કરી પણ કોઈને એક આનો પણ અસર થઈ નહીં. વાતે ય સાચી ! કયાંથી અસર થાય ? હવે પોતે વર્તતા ન હોઈએ, જ્યાં ત્યાં ફરતા હોઈએ, જ્યાં ત્યાં ખાતા હોઈએ કે કાંઈ વસ્તુ ભેગી રાખતા હોઈએ ! ને પછી તમને કહીએ તો કેવી છાપ પડે ? આ સ્વામી ટાઢા પહોરના ગપ્પા માર્યા કરે છે. પોતે તો આમ કરે છે ! તો તે છાપ પડે નહીં. પણ પોતે નિયમોનું પાલન કરતા હોય એ જોવું એટલે એનું વત્તાંત જોવું. બીજું, એના ગુરૂ કેવા હતા ? એનું જ્ઞાન કયાંથી આવ્યું તે જોવું. તો મહારાજ કહે કે,એક તો એનું વત્તાંત જોવું. બીજું, એના ગુરૂ કેવા હતા? કેના થકી એ જ્ઞાન પામ્યા ? ને ત્રીજું એના સમાગમ થકી કેટલા સુધર્યા છે ? અને એના કેટલા સ્વભાવ પ્રકતિ ટળ્યા છે? કેટલા ભગવાનના ભકત થયા છે ? આ ત્રણ પ્રકારે ગુરૂની શુદ્ધિ જોઈને પછી ગુરૂ કરવા. તેમ આપણને આવા ભગવાન મળ્યા, આવા આચાર્યો મળ્યા, આવા સંતો મળ્યા, આવો સત્સંગનો યોગ મળ્યો, છતાં પણ આપણે થોડોક ખ્યાલ નહીં રાખીએ તો મહારાજ કહે કે, જગતના જીવો તો અભાગિયા પણ યાદવો તો શ્રીકષ્ણ ભેળા રહયા તોય એ કષ્ણ ભગવાનને ઓળખ્યા નહીં. તો એ અભાગીયાઓમાં શિરોમણી કહેવાય. આ જગતના જીવો તો અભાગિયા છે જ. કેમકે એમને આવા ભગવાન મળ્યા નથી, આવા આચાર્યો મળ્યા નથી, આવા સંતો મળ્યા નથી. એટલે જગતના જીવો બિચારા અભાગિયા જ છે. પણ આપણને બધી વાતે મહારાજે સાનુકૂળ કરી આપ્યું છે. એટલે આવા જોગમાં રહીને આપણે જો આપણું મોક્ષ સંબંધિ કામ નહીં કરીએ, તો પછી આવો જોગ કયાં મળશે?

માત પિતાની સેવા કરવી

મહારાજે શિક્ષાપત્રીમાં પણ કહયું કે, માતા પિતાની સેવા કરવી. માતા પિતાનો આપણા ઉપર એટલો બધો ઉપકાર છે કે, સો જન્મ સુધી પણ આપણે એમની સેવા કરીએ તો પણ એનો બદલો વાળી શકીએ નહીં.

પણ કેટલાક આવી રીતે ખ્યાલ ન રાખે તો પપ્પાને સામા ન થાય પણ મમ્મીને સામા થાય! કેટલાક વાતું કરે કે સ્વામી! મારા સામું તો આ છોકરો બોલતો નથી પણ મમ્મીને સામો થાય! તો મમ્મીનો તો પિતા કરતા પણ ઘણો વધુ ઉપકાર કહેવાય. નવ મહિના સુધી પોતે આપણો ભાર ગર્ભવાસમાં વેઠયો, માતા પોતે દુઃખ વેઠીને બાળકોને સારા કપડાં પહેરાવે, સારૂં જમાડે, ટાઢ પડે તો એને સારૂં ઓઢાડે.

પપ્પા તો પા કહેવાય ને માતાનો પ્રેમ વધારે કહેવાય. માતાનો પ્રેમ જેટલો શાસ્ત્રમાં લખ્યો એટલો કોઈનો નથી લખ્યો. મહારાજે શિક્ષાપત્રીમાં પણ લખ્યું, વચનામતમાં પણ લખ્યું ને રામ ભગવાને રામાયણમાં પણ લખ્યું કે જેમ માતા બાળકની રક્ષા કરે છે તેમ ભગવાન કહે કે હું મારા ભકતની રક્ષા કરૂં છું. માતાનો પ્રેમ પૂરો કહેવાય. પપ્પાનો પ્રેમ પા કહેવાય. પણ માતા પછી શું કહે? કે બેટા! આ તારા પપ્પા છે. બાળક નાનું હોય ત્યાં સુધી ભલે માતા તેને નવડાવે, ખવડાવે, પીવડાવે, મોટું કરે પણ સાચી માતા કોને કહેવાય? કે પહેલા પોતાના પપ્પાની ઓળખાણ કરાવે. જો! આ તારા પપ્પા છે. તું ભણજે. તને સારૂં ભણાવશે, સારી નોકરીએ લગાડશે, સારે ધંધે લગાડી દેશે. સાચી માતા તેને કહેવાય પપ્પાને ઓળખાવે, તેમ અમને સાધુને પણ માતા સમાન કહયા છે.

જેમ માતા બાળકને પિતાની ઓળખાણ કરાવે છે તેમ સાધુ મુમુક્ષુને પિતા જે ભગવાનની ઓળખાણ કરાવે છે

શાસ્ત્રમાં સાધુને પણ માતા સમાન કહયા છે. જેમ માતા બાળકને પિતાની ઓળખાણ કરાવે તેમ પિતા જે સ્વામિનારાયણ ભગવાન તેની ઓળખાણ મુમુક્ષોને કરાવે તે જ સાચા સાધુ કહેવાય. જેવો માતાનો પ્રેમ છે એવો જ સાધુનો પ્રેમ છે.ત્યારે અમારે સાધુને કાંઈ સ્વાર્થ છે નહીં. આ ૬૫ વર્ષ થયા પણ હજી મને કપડાં કયાંથી મળે છે? જમવાનું કયાંથી મળે છે? એની કોઈ ખબર છે નહીં. આ સાતમી વાર અમેરિકા આવ્યો. કોણ ટિકિટ લઈ આવે છે? કોણ ગાડીમાં બેસાડે છે? મને કાંઈ ખબર પડતી નથી, કે સંકલ્પ પણ કરવો પડતો નથી.

સતયુગ હતો ત્યારે કલ્પવક્ષની નીચે જાતા ત્યારે સંકલ્પ કરવો પડતો કે મારે

આ લાડુ જોઈએ, આ ભજીયા જોઈએ, પણ આ સ્વામિનારાયણ ભગવાને સંતો ઉપર તો એટલી બધી દયા કરી કે સતયુગ કરતા પણ સારા ફ્રેશ કાળ સંતોને છે. આ અમેરિકા આવ્યા કે આ ઈન્ડિયામાં બીજે કયાંય જઈએ તો ગાડીની ટિકિટ કોણ લઈ આવે છે ? કાંઈ ખબર પડતી નથી. એવા દયાળુ સ્વામિનારાયણ ભગવાન મળી ગયા છે. આ મારી વાત શા માટે લખી કે, મારાથી બની શકે તે ભગવાનની આજ્ઞા પાલન કરૂં છું. તમે ભલે ગહસ્થાશ્રમમાં રહેલા હો, આવી રીતે આજ્ઞા પ્રમાણે વર્તતા હો તો સ્વામિનારાયણ ભગવાને ગહસ્થો માટે શું માગ્યું ? કે તમારા ભકતો હોય એને પ્રારબ્ધમાં રામપાત્ર લખ્યું હોય, તો મને આવો, પણ ભગવાનના ભકત હોય, તે કોઈ પ્રકારે અન્ન વસ્ત્રે કરીને દુઃખી થાય નહીં. તો આથી અગાઉ અનેક અવતારો થઈ ગયા અને ગીતાજીના વાકય પ્રમાણે હજુ અનેક અવતારો થાશે. પણ આ સ્વામિનારાયણ ભગવાન જેવો દયાળુ અવતાર તો કોઈ થયો નથી અને થાશે પણ નહીં. મહારાજે લખ્યું કે, આ વાત તો ન ભૂતો ન ભવિષ્યતિ. ને નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે, "નોતી દીઠી નોતી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત, પુરૂષોત્તમ પ્રગટી રે." એક મોટા સંત વાત કરતા કે, જગતમાં બાવાઓ ભજન બોલે કે, ઉત્તર દેશથી સાહેબો આવશે, કાંકરીએ ડેરા તાણશે, પાંચની મંડળીઓ ચલાવશે, પથ્વીમાં ઘેમર ચલાવશે.ઘેમર એટલે રેલગાડી ચલાવશે.

ભગવાન કયાંથી આવ્યા?ભગવાન ઉત્તરદેશમાં જન્મ્યા ને? પણ ભગવાન પીપળાના વક્ષ ઉપર ચડયા. ત્યારે ચારે બાજુ નજર ફેરવી. પછી નીચે ઉતર્યા. એના મામા વશરામ મામાએ પૂછયું. અરે ઘનશ્યામ! આ પીપળા ઉપર શું ચડયા ? કયાંય આંબા જેવા ઝાડ પર ચડયા હોત તો સારા ફળ તો જમવા મળત! પીપળામાં શું મળે? પીપળામાં તો ટેટા હોય! ત્યારે ભગવાને શું કહયું? કે મામા! હું કાંઈ ફળ ખાવા ચડયો ન હતો, પણ હું તો આ મુમુક્ષો કયાં છે તે જોવા ચડયો હતો. એટલે સ્વામિનારાયણ ભગવાન પોતે ત્યાં છપૈયામાં જન્મ લઈને કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત આદિકમાં ફર્યા.

અમેરિકાના પણ મોટા ભાગ્ય કે આપણા આચાર્યો અને સંતો અમેરિકામાં આવીને આવા અક્ષરધામ તુલ્ય મંદિરો કર્યા અને આવો સારો યોગ આપ્યો.

આળસ પ્રમાદ અને મોહનો ત્યાગ કરી ભગવાનમાં પ્રેમ કરવો

ગુજરાતનું એક ગામ હતું. ત્યાં પટેલ લોકો રહેતા હતા. તે રામજીભાઈ ખેતીનું કામ કરતા હતા. તેના દાદા પ્રેમજીભાઈ હતા. તેમની ઉમર એંસી વર્ષની થઈ હતી. તેથી તે પ્રેમજીભાઈનો દેહ પડી ગયો. તેથી પ્રેમજીભાઈનો દાડો કરવા રામજીભાઈએ વિચાર કર્યો. તેથી તેમણે સગા સંબંધીઓ, પોતાના નાતીલાઓને બોલાવ્યા ને વાત કરી કે મારા દાદા પ્રેમજીભાઈ દેહ મૂકી ગયા છે. એના પાછળ મારે દાડો કરવો છે. તે દાડો મારે સારો કરવો છે, ભલે ગમે તેટલો ખર્ચો થાય. પણ કોઈએ ન કરી હોય તેવી નવિન મીઠાઈ કરાવવી. એ સાંભળી ઘણાં લોકોએ નોખી નોખી મીઠાઈ બનાવવાની વાત કરી. ત્યારે બીજા લોકો કહે કે, એવી મીઠાઈ તો ઘણા લોકોએ કરી હોય,ત્યારે એક હોશિયાર જુવાનીયાએ કહયું, છૂટું ચુરમું નોખું આપવું. તેમાં દળેલી ખાંડ નાખી આપવી ને ઘી નોખું આપવું ને ખેતરમાં રેતી પાથરીને જમવા બેસાડો, તે રેતીને બદલે ખાંડ પાથરવી અને ખાંડ ઉપર માણસો બેસાડીને જમાડવા. તેની વાત સાંભળી બધાએ હા પાડી. કે આ વાત બરાબર, આવું કોઈએ કર્યું નહીં હોય. આ નવિન કહેવાય. એવી રીતે કરવાનું નક્કી કર્યું. ને દાદાનો દાડો કરે તેમાં આજુબાજુના ગામના પોતાના સંબંધીઓને બોલાવ્યા, ને એકબીજાના ગામના પોતાના સંબંધીઓ હશે તેને આમંત્રણ આપ્યું કે મારા દાદા મરી ગયા છે, તો આવતી દશમના તેનો દાડો છે, તો આપ જમવા આવજો. ને દાડાની વાત સાંભળીને રવજીભાઈ નામ હતું તે પોતાના દીકરાનું નામ કાનજીભાઈ હતું તેને પૂછયું કે,આ દાડો કરે છે ત્યાં કોણ જાશે? ત્યારે તે છોકરો કહે પપ્પા, તમે જાઓ. ખેતીનું કામ હું સાચવીશ. તે સાંભળી તેના પપ્પા કહે હું તો ઘણીવાર ગયો છું. આમાં તમે જાઓ હું આ ખેતીનું કામ સાચવીશ. તે સાંભળી છોકરો દાડામાં ગયો ને ત્યાં જમીને બીજે દિવસે પોતાના ઘરે આવ્યો. તેને પૂછે છે કે બરાબર જમી આવ્યો ને ? ત્યારે કહે હા. જમી આવ્યો પણ મને જરા મોળું પડયું. તેના પપ્પાએ પૂછયું તને શું મોળું પડયું અને શેની રસોઈ હતી ?ત્યારે છોકરો કહે કે છૂટું ચુરમું ને દળેલી ખાંડ ને ઘારે ઘી. એના પપ્પા બોલ્યા કે એ તો રસોઈ બરાબર કહેવાય. શું ખાંડ નહોતા પીરસતા? ત્યારે છોકરો બોલ્યો કે દળેલી ખાંડ તો ત્રણ ચાર પીરસતા

હતા. પણ મને જરા આળસ થઈ ને માંગી નહીં એટલે હું મોળું મોળું જમી આવ્યો. એના પપ્પા કહે કે એ તો તારી ભૂલ કહેવાય. એ તો એક દ્રષ્ટાંત કહેવાય. મોટા સંતોએ એક વાત કહી કે, મોસાળમાં વિવાહ હોય ને મમ્મી પીરસતા હોય ને ભૂખ્યો રહી જાય તો એ જમવાવાળાની ભૂલ કહેવાય. એતો દ્રષ્ટાંત છે. તેનો સિદ્ધાંત કે સત્સંગરૂપી મોસાળ, ને મમ્મીને ઠેકાણે સારા સંતો ભગવાનની વાતો કરે ને ભકત સાચો ભકત ન થાય, તો ઓલ્યો છોકરો દાડામાં ગયો અને મોળું જમી આવ્યો, તેના જેવા કહેવાય. માટે આપણે આળસ પ્રમાદ ને મોહ ટાળીને ભગવાનમાં પ્રેમ કરવો. એ જ આ માનવ જન્મ પામ્યાનું સાચું ફળ છે. માટે આપણે ભગવાન ભજવવામાં કાળજી રાખવી.

આપણા ઉપર ભગવાને દયા કરી અને આવા સંતો આપણને મળ્યા. સત્સંગનો પણ આવો યોગ મળ્યો. આવા આચાર્યો મળ્યા. ભગવાને કોઈ વાતે અધુરાશ રાખી નથી.આવા યોગમાં જો આપણને અધુરાશ રહેશે તો શું કહેવાય ? આ છોકરા જેવા કહેવાઈએ ને ? આળસુ કહેવાઈએ. તે માટે સંતે લખ્યુ કે,

"આળસને અજ્ઞાન અતિશય, કામ બગાડયું તારૂં
દેવાનંદ કહે દેહ મનુષ્યનો ન મળે ખર્ચે નાણું"

આળસ અને અજ્ઞાનમાં તો આપણે ચોર્યાશી લાખ જન્મો ફરીને આવ્યા. કયાંય આવા ભગવાન કે આવા સંતો કે આવા આચાર્યો મળ્યા નહીં હોય અને મળ્યા હશે તો આપણે બરોબર સમાગમ કર્યો નહીં હોય, તેથી આપણે પાછળ રહી ગયા. તેમાં મોટા સંતો કહેતા કે, ભૂતકાળ અને ભવિષ્યકાળનો વિચાર ન કરતા, વર્તમાનકાળ સુધારી લેવો. અત્યારે શું ખામી છે ? લ્યો. કોઈને ખામી હોય તો કહો. હમણાં ખામી દૂર કરીએ. બીજું, મોક્ષ કાર્યમાં કોઈને ખામી હોય તો દૂર કરીએ. બીજું, તમે સર્વે મોક્ષના ખપ વાળા છો ને સર્વે મોક્ષભાગી જીવાત્માઓ છો. બીજું, તમે સર્વે ભગવાનના સારા ભકતો છો. આ ભગવાન મળ્યા. આવો યોગ મળ્યો અને હજીપણ કાંઈ જો અધુરાશ રહી જાય, તો આપણી એટલી ખામી કહેવાય. તો અમને તે ભાવના છે કે તમે સર્વે ભગવાનના સારા ભકતો છો અને ભગવાને તમને સુખીયા કર્યા છે અને હજીપણ કાંઈ કાચ્યપ હોય તો તે આપણી કસરો ટાળી અને આમ મરવાનો ભય

ટળી જાય. ભલે સ્વામિનારાયણ ભગવાન હમણાં જ તેડવા આવે તો તૈયાર છીએ!

શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિષે જ એક પતિવ્રતાની ટેક રાખવી

તમે સર્વે ભગવાનના સારા ભકતો છો અને ભગવાનને વિષે પતિવ્રતાની ટેક રાખજો. બીજા ભગવાનના અનેક અવતારો થઈ ગયા છે અને બીજા અનેક થાશે, પણ આ સ્વામિનારાયણ ભગવાન જેવો બીજો કોઈ દયાળુ અવતાર થયો નથી અને થાશે પણ નહીં. એને વિષે પતિવ્રતાની ટેક રાખવી. બીજે કયાંય પણ માથા ભટકાવવા નહીં.

મોટા સંતોએ દ્રષ્ટાંત આપ્યું કે, અત્રિઋષિ હતા. તેમના પત્નીનું અનસુયા નામ હતું. ત્યારે સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં પણ કહયું કે, પત્ની હોય તે પતિવ્રતાની ટેક રાખે. પહેલા પણ વાત કરી કે, પોતાના પતિ સિવાય કોઈએ પણ કયાંય ખોટી દ્રષ્ટિ કરવી નહીં. તેમ આ અત્રિ ઋષિના પત્ની અનસુયા હતા. એટલે તે પતિવ્રતાનો ધર્મ પાલન કરતા હતા. પતિ એજ પરમે વર. શાસ્ત્રમાં પણ લખ્યું કે સ્ત્રીનો ગુરૂ પતિ કહેવાય. આપણા શાસ્ત્રોમાં આપણા સ્વામિનારાયણ ભગવાને કહયું કે, પુરૂષ હરિભકત હોય એણે આપણા આચાર્ય મહારાજશ્રી પાસે દિક્ષા લેવી અને બાઈયું હોય તેમને ગાદીવાળા પાસે દીક્ષા લેવી.

ગુરૂમંત્ર લેવો તે બરોબર પણ વિશેષ તો પતિની આજ્ઞા પ્રમાણે જ ચાલે તે બરાબર કહેવાય. પતિની પણ એ જ ફરજ કહેવાય કે એને સારી રીતે સમજાવી કરીને ધર્મ નિયમમાં રાખવી, તો જ તે પતિ કહેવાય. ત્યારે આ બાઈ પતિવ્રતાની ટેક રાખતા અને દુનિયા આખીમાં તેમનું નામ વખણાયું. એક લોકમાં એમ કહે છે કે, સૂર્ય છે તે કાંઈ કહેતો નથી કે હું સૂર્ય ઉગ્યો, પણ પ્રકાશ થાય. સૂર્ય રાત્રીને કાંઈ કહેતો નથી કે તું ભાગી જા! એમ કાંઈ કહે છે? સૂર્ય ઉગે ત્યારે રાત્રીને એમ કહે છે કે, જા, તું ભાગી જા! અહીં કેમ બેઠી છો? સૂર્ય ઉગે એટલે એમની મેળે જ રાત્રીનો અંધકાર ચાલ્યો જાય. તેમ આ સારા સંતો હોય કે સારા હરિભકતો હોય કે સારા બાઈઓ હોય, તો જે વસ્તુ સારી હોય તે કાંઈ છાની રહેતી નથી. આ બાઈ અનસુયા, આવો પતિવ્રતાનો ધર્મ પાલન કરતા. એટલે આખી દુનિયામાં એમનું નામ વખણાયું. અહોહો!

આ અનસુયાબાઈ પતિવ્રતાનો ધર્મ પાલન કરે છે.

બીજા પણ એક બાઈની વાત લખી. બીજા એક બાઈ હતા તે પણ પતિવ્રતાનો ધર્મ પાલન કરતા હતા. એટલે પોતાનો પતિ આવ્યાનું, યોગ બળથી જાણી બાઈએ દરવાજો ખોલ્યો. ઈન્ડિયામાં પહેલા સાંબેલાથી ખાંડણીયામાં અનાજ ખાંડતા. તે આ બાઈ સાંબેલું લઈને ખાંડણીયામાં અનાજ ખાંડતા હતા અને એના પતિ દરવાજે આવ્યા અને એના પત્નીને કહે, અરે પત્ની, મને તરસ લાગી છે પાણી લાવ. ત્યારે સાંબેલું અદ્ધર રાખી દીધું. નીચે મૂકયું નહીં અને ઘરમાંથી ગ્લાસ ભરીને પાણી પતિને પાયું. સાંબેલું એમ ને એમ અદ્ધર રહી ગયું. તે સાંબેલું કેવું હતું ? એમાં કાંઈ જીવ હતો નહીં, પણ પતિવ્રતાનો ધર્મ નિર્જીવને પણ વશ કરી લે છે. આ પતિવ્રતાનો ધર્મ છે.

બીજા પણ એક બાઈ હતા, તે પણ પતિવ્રતાનો ધર્મ પાલન કરતા. ઈન્ડિયામાં પહેલા આવા મશીનો ન હતા. કૂવામાં પાણી ભરવા જાય ત્યારે નદી હોય, તળાવ હોય ત્યાં આ બાઈ વાસણ ન લઈ જાય. કપડું લઈને જાય ! કપડાંમાં પાણી ભરી જાય એટલે ભારો બાંધી જાય. કપડાંમાં પાણી જરા વાર રહે, વધારે રહે નહીં. કારણ કે તે પતિની આજ્ઞા પ્રમાણે વર્તતા હતા. તેથી આ સ્ત્રીઓ પણ મહામુકત થયા. મીરાંબાઈ પણ કેવા ? ને મહારાજના વખતમાં જીવુબા, લાડુબા આદિક કેવા ભગવાનની રસોઈ બનાવતા. થાળ બનાવતા અને ભગવાનનું સ્વામિનારાયણ સ્વામિનારાયણ નામ લેતા. એટલે બાઈઓ પણ મહામુકતો હતા.

આપણા સત્સંગમાં ઘણા બાઈઓ થઈ ગયા. એક મીણબાઈ ને વજીબા, બીજા સખીબા. એવા ઘણા બાઈઓ કામ કરતા તોય ભગવાનનું અખંડ ધ્યાન ભજન કરતા. એમ આ અનસુયાબાઈ આવો પતિવ્રતાનો ધર્મ પાલન કરતા. એટલે દુનિયા આખીમાં એની છાપ પડે ! અહોહો ! આ બાઈ બહુ જ પતિવ્રતા છે. દુનિયા આખીમાં તો શું પણ ત્રિલોકીમાં એની છાપ પડે. સ્વર્ગ, મત્યુ અને પાતાળ ત્રણેય લોકમાં આ બાઈની છાપ પડવા લાગી. અહોહો ! આ બાઈ પતિવ્રતા છે. ત્યારે બ્રહ્માના પત્ની સાવિત્રી, વિષ્ણુ ભગવાનના પત્ની લક્ષ્મીજી અને શંકર ભગવાનના પત્ની પાર્વતીજી એ ત્રણેય બાઈયુએ વિચાર કર્યો કે, અમે બધાય પતિવ્રતાનું ધર્મ પાલન કરીએ છીએ ! પણ આ બાઈ કેવા છે ? તે અમારાથી પણ વધી જાય છે ? આથી તેમણે તેમના

પતિઓને કહયું કે, તમો અનસુયાના પતિવ્રતાપણાની પરીક્ષા કરો પણ બ્રહ્મા, વિષ્ણુ ને શંકર ભગવાને તેમને ઘણા સમજાવ્યા પણ પત્નીઓ માની નહીં. આથી બ્રહ્મા, વિષ્ણુ ને શંકર ત્રણેય ભિક્ષુકનું રૂપ લઈને અનસુયાને દ્વાર આવ્યા ને બોલ્યા, "ભિક્ષાન્ન દેહી ભિક્ષાન્ન દેહી" કહીને ઊભા રહયા.

અત્યારે પણ આપણે વાત કરી હતી કે, ગહસ્થ હોય એને ત્યાં કોઈ ભિક્ષુક ભિક્ષા માંગવા આવે તો એને કાંઈક આપવું. ત્યારે તે બાઈ તો ઘી, ગોળ, અનાજ, લોટ જે કાંઈ ઘરમાં હોય તે વસ્તુ લઈને ભિક્ષા આપવા આવ્યા. અમારે તે ભિક્ષા ન જોઈએ. ત્યારે બાઈ કહે કે, તમારે શું ભિક્ષા જોઈએ ? પોતાના પતિવ્રતાના ધર્મને બળે જાણી ગયા કે, આ બધાય ભિક્ષુક થઈને આવ્યા છે, તે આ બ્રહ્મા છે, આ વિષ્ણુ છે અને આ શંકર છે. એમ બાઈ પોતાના યોગ બળે જાણી ગયા. ત્યારે આ ત્રણે કહે કે, તમે નગ્ન ભિક્ષા આપો તો ભલે, નહીંતર તો અમે ચાલ્યા જશું. શિક્ષાપત્રી ભાષ્યમાં કહયું કે, ગહસ્થને ઘેર કોઈ પણ માગવા આવે, કોઈ ભિક્ષુક આવે અને સન્માન ન કરે ને ભિક્ષા ન આપે એ ભૂખ્યો જાય તો તેના આ જન્મના પુણ્ય હોય કે આગલા જન્મના પુણ્ય હોય, તો તેનો ક્ષય થઈ જાય. આ બાઈએ વિચાર કર્યો કે, હું તો ગહસ્થ છું, આને ભિક્ષા નહીં આપું તો મારો ગહસ્થનો ધર્મ જાશે અને આ રીતે કરૂં તો મારો પતિવ્રતાનો ધર્મ જાય. એટલે વચનામતમાં પણ કહયું છે કે, ધર્મ રાખે તો ભકિત જાય ને ભકિત રાખે તો ધર્મ જાય. તો કોને રાખવું ? તો મહારાજ કહે કે, ભગવાનનું સંસ્મરણ કરે તો તેનો ધર્મ પણ રહે ને ભકિત પણ રહે. એટલે આ બાઈ ભગવાનનું નામ લેવા માંડયા. પછી બાઈએ પોતાના પતિવ્રતાના ધર્મના બળે ભગવાનનું પ્રસાદીનું જળ ત્રણેય ઉપર છાંટયું અને બાઈએ મનમાં સંકલ્પ કર્યો કે, આ ત્રણેય બાળક થઈ જાય ! બ્રહ્મા જગતના સષ્ટા કહેવાય, વિષ્ણુ ભગવાન છે તે જગતના પોષણકર્તા કહેવાય ને શંકર ભગવાન છે તે સંહાર કર્તા કહેવાય. તે ત્રણેયને બાળક બનાવી દીધા. એટલું બધું પતિવ્રતાના ધર્મનું બાઈઓને બળ હોય છે. આ ત્રણેય નાના બાળક થઈ ગયા ને પછી નગ્ન થઈને તેમને સ્તનપાન કરાવી, પારણીયામાં સૂવાડયા. તેને ઝુલાડે, હિંચકા નાખે, સૂવાડે એટલે તેનો ધર્મ સચવાઈ ગયો. એમ કરતા કરતા, બેઠવાડિયું, પંદર દિવસ થયા, એટલે બ્રહ્માના પત્ની સાવિત્રી, વિષ્ણુ ભગવાનના

પત્ની લક્ષ્મીજી અને શંકર ભગવાનના પત્ની પાવર્તી એ ત્રણેય બહેનો વિચાર કરવા મંડ્યા કે અરે ! આપણા પતિ કયાં ખોવાઈ ગયા ? આ બ્રહ્મા આદિકને કોઈ રાખી શકે નહીં. ત્રણેય બાઈયું તપાસ કરે, ત્યારે એક ભાઈ કહે, એક બાઈ અનસુયા બહુ પતિવ્રતા છે, તેને ઘેર ભિક્ષા લેવા જતા અમે જોયા હતા. પછી અમને ખબર નથી. ત્યારે આ ત્રણેયને થયું કે હા! આ બાઈ બહુ પતિવ્રતા છે. તેણે પતિવ્રતાના ધર્મના બળ વડે પોતાને ઘેર આમને રાખ્યા હશે. તે પણ ત્યાં ગયા.અરે બાઈ ! અમારા પતિને તમે તમારે ત્યાં રાખ્યા તે તમે સારૂં નથી કર્યું. આ બાઈ કહે કે મેં કાંઈ નથી રાખ્યા. આ તો માંગણી કરી કે મને આવું જમાડો, તો મારે તો કરવું જ પડે. લઈ જાઓ આ તમારા પતિને. આ પારણામાં સૂતા છે, તમે લઈ જાઓ. ત્યારે તે ત્રણેયને ઓળખે કોણ ? ત્રણેય નાના નાના બાળક. એકેય પોતાના પતિને ઓળખી શકયા નહીં ! કહ્યું કે બાઈ, અમે ભલે પતિવ્રતા છીએ, પણ મત્યુલોકમાં રહીને તમે પતિવ્રતાનો ધર્મ, પતિવ્રતાની ટેક રાખી, તો હવે અમારા પર દયા કરો ને અમારા પતિને ઓળખાવો. કેમકે, બીજાને લઈ જાઈયે તો ? આ બ્રહ્માજીને પછી પાર્વતી લઈ જાય તો તેનો ધર્મ બરાબર કહેવાય નહીં ને ? કે પાર્વતીજીને વિષ્ણુ ભગવાન તેડી જાય તો ? એટલે આ બાઈને કહ્યું કે હે બાઈ ! તમારી પતિવ્રતાની ટેક સાચી ને તમે બ્રહ્મરૂપ સાચા. અમે ભલે પતિવ્રતા ખરા પણ તમે મત્યુ લોકમાં રહીને આવા પતિવ્રતાના ધર્મ પાલન કર્યા માટે તમે અમારા ઉપર દયા કરો ને અમારા પતિ જેવા પહેલી દશામાં હતા, એવા કરો.અમારા ઉપર થોડી દયા કરો એવી પ્રાર્થના કરી. બાઈએ તો વળી ભગવાનનું નામ લઈ અને પાણી છાંટયું. ત્રણેય જણા પહેલા હતા તેવા થઈ ગયા. બ્રહ્મા પોતાના લોકમાં ગયા. શંકર ભગવાન કૈલાસમાં ગયા ને વિષ્ણુ ભગવાન વૈકુંઠમાં ગયા.

એટલે આમાં કહેવાનું એટલું જ કે, બાઈઓનો ધર્મ નકામો છે એવું નથી. બાઈઓનો ધર્મ પણ પવિત્ર કહેવાય. કેમકે બાઈયુ બાળકોને જન્મ આપે, માતા પોતાના બાળકને મોટા કરે. બાઈયોનો પોતાનો ધર્મ, પાછા પોતાના પતિને પણ ઓળખાવે. તો આ બાઈ મત્યુ લોકમાં હોવા છતાં પણ આવી પતિવ્રતાની ટેક રાખી, તો ભગવાનને પણ બાળક કરી દીધા. તમે સર્વે સાચા ભગવાનના ભકતો છો એટલે આવી રીને ભલે ગહસ્થાશ્રમમાં રહો, દૂધ ચોખા ને સાકર જમો, હિંડોળા ખાટમાં

ભલે ઝૂલો, પણ સ્વામિનારાયણ ભગવાનનો દ્રઢ આશરો રાખી અને આજ્ઞા પાલન કરશું તો " દેહ છતાં દુઃખી નહીં ને તન છૂટે તેજ અંબાર" દેહ છતાં પણ ભગવાન પોતાના ભકતની અન્ન, વસ્ત્ર અને આબરૂએ કરીએ રક્ષા કરે જ છે, ને દેહને અંતે દિવ્ય, અપાર ભગવાનના અક્ષરધામમાં સુખ રહેલું છે, તે સુખ આપણને ભગવાન જરૂર આપશે. તમે સર્વે ભગવાનના સારા ભકતો છો, તો ભગવાન ભજવામાં વિશેષ કાળજી રાખશો અને બાઈયુંએ પણ આવી રીતે પોતાનો પતિવ્રતાનો ધર્મ રાખવો. પુરૂષ હોય તેણે પણ એક પત્ની વ્રત રાખવું.

જાણે અજાણે કોઈ નાનું મોટું પાપ થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત કરવું

ભગવાને લોયાના પાંચમાં વચનામતમાં લખ્યું અને શિક્ષાપત્રીનાં પણ છેવટમાં લોકમાં લખ્યું કે, જાણે અજાણે કાંઈક નાનું મોટું પાપ થઈ ગયું હોય, તો તેનું યથાશકિત પ્રાયશ્ચિત કરવું. તો તે પ્રાયશ્ચિત કેવી રીતે કરવું ? શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ભાષ્યમાં પણ લખ્યું છે ને સ્વામિનારાયણ ભગવાને લોયાના પાંચમાં વચનામતમાં પણ લખ્યું, નિષ્કપટ કોને કહેવાય ? ધર્મ, ભકિત, વૈરાગ્ય ને ત્રીસ લક્ષણે યુકત હોય અને કોઈ દિવસે એને જગતના સંકલ્પ થતા ન હોય અને ભગવાનનું અખંડ ભજન કરતા હોય, એવા જે સંત તેને કહેવું. ને એથી પણ વિશેષ શું કહયું ? આ મારો સમાગમ કરે છે, આ મારી પાસે નિર્દોષ થઈને આવે તો એને ભગવાનના મહિમાની, ધ્યાન ધર્યાની વાતું શાસ્ત્રમાં જે પ્રાયશ્ચિત કહયું હોય, તે પ્રમાણે સંતો કહે તેમ કરે તો એનું પાપ ટળી જાય છે. મહારાજે શિક્ષાપત્રીમાં કહયું કે, જે પાપ કરે ને તેનું પ્રાયશ્ચિત કરે તો તેને કયારેય પણ પાપી માનવો નહીં. કેમકે જીવમાત્ર ભૂલનેપાત્ર છે. ભૂલને ટળાવનાર ભગવાન ને કાં ભગવાનના સાચા સંતો હોય. તો મહારાજ કહે કે એવા મોટા સંતો પાસે નિષ્કપટ થઈ અને કહેવું અને એ સંતો કે ભગવાનના સારા ભકતો હોય, તે જે પ્રમાણે ઉપાય બતાવે તે પ્રમાણે કરે તો તેના ગમે તેટલા પાપ હોય તોપણ ટળી જાય.

હમણાં એક સંતની વાત કરી, પચાસ વર્ષ પહેલાની. કે ગામના એક મોટા પટેલ હતા, આગેવાન હતા.એવી કાંઈક ભૂલ પડી ગઈ એટલે પહેલા ઈન્ડિયામાં

એવો રિવાજ હતો કે, આવું કોઈ પાપ થઈ જાય, તો તેને નાતની બહાર કાઢતા. એને ઘેર કોઈ ખાવા જાય નહીં. સંતો એને ઘેરથી રસોઈ લે નહીં. પણ એ આ પટેલ ગામના મોટા માણસ. લાખો–કરોડોપતિ માણસ. પણ મનુષ્ય માત્ર ભૂલને પાત્ર. એટલે આ માણસથી કાંઈક ભૂલ થઈ ગઈ ! પણ તે માણસ પ્રાયશ્ચિત માટે એકટાણાં કરી શકે કે ઉપવાસ કરી શકે તેવો હતો નહીં. ત્યારે અમારા મોટા સંત હતા તેમની પાસે આવ્યા. સ્વામી, મારાથી આવી ભૂલ થઈ ગઈ, તો તમે દયા કરો, પણ હું માણસ છું, નબળો છું એટલે વ્રત, ઉપવાસ, એકટાણાં આદિક કાંઈ કરી શકીશ નહીં. પણ દયા કરીને બીજો કાંઈક ઉપાય બતાવો તો સારૂં. સંતો તો દયાળુ છે. ગામના ચાર–પાંચ–સાત આગેવાનો પણ ભેળા આવેલા. તેમણે પણ કહયું કે, અજાણતા આનાથી આવી ભૂલ થઈ ગઈ. પણ આ આવી રીતે એકટાણાં, ઉપવાસ આદિ કરી શકશે નહીં. સ્વામી કહે કે, જાવ ! આ નરનારાયણ દેવને પાંચ દંડવત કરજો અને ગાયોને પાંચસો રૂપિયાનું ઘાસ નાખજો અને હમીરસર તળાવમાં નહાઈ આવો. જાવ તમારા પાપ બધા માફ.

તેમણે આ માન્યું. સ્વામીએ આ રીતે પાપ ટાળી નાખ્યા. તેથી તે બહુ રાજી થયા. બીજું, આ અમારી પાસે લાખો માણસો આવે છે અને મને આવડે તેવું કહયું, પણ આજે ઘણા ભકતોને એવી ઈચ્છા હતી કે અમે આવીને સ્વામીને શાંતિથી એકલા મળીએ. પણ આ સંજોગવસાત્ શાંતિથી એકલા મળી શકાય એવું નથી. સવારના રસોઈ કરી ભગવાનને થાળ કરવો, આદિક તૈયારી કરવી, એટલે સવારના વહેલા ઉઠું, નહીંતર તો પહેલા હું સવારે ચાર વાગ્યે નહાવા જાતો. કોઈને ના પાડતો નહીં. પણ આજે આવું છે એટલે શાંતિથી મળાશે નહીં. પણ હું સર્વેને ખાસ એટલી વિનંતી કરૂં છું કે, આમાં કોઈ પાપ કર્મ કરતા હોય, કે દારૂ પીતા હોય, ઈંડા માંસ ખાતા હોય કે, વ્યભિચાર કરતા હોય એવું મને કાંઈ દેખાતું નથી. પણ જાણ્યે અજાણ્યે કોઈથી એવું પાપ થઈ ગયું હોય, કોઈએ દારૂ પીધો હોય, ઈંડા માંસ ખાધા હોય કે ચોરી, જુગાર, વ્યભિચાર આદિક પાપ કર્મ થઈ ગયું હોય તો હું ભગવાનને પ્રાર્થના કરીશ. પિતની પારાયણ કરી હતી ત્યારે પાંચ લાખ પિત આવ્યા હતા. ને બોલવા મંડયા કે અમે આવા પાપ કર્યા, અમે આવા દુઃખી છીએ. એટલે સંતોએ એના ઉપર પાણી

છાંટીને કહયું કે જાવ ! તમારા બધા પાપ ભગવાન માફ કરશે. તો કોઈથી આવું કાંઈ થઈ ગયું હોય તો, શનિવારનું એકટાણું કરજો. કેમકે રોજ તો કોઈ ઓફિસે જતા હોય, કોઈ દુકાને જતા હોય, તો રોજ તો એવું થઈ ન શકે. તો શનિવારનું કે રવિવારનું કે સોમવારનું એકટાણું કરવું. પાંચ કે દશ કે અગ્યાર એવી માળા ફેરવવી કે જનમંગલના પાઠ કરવા અને પોતાની શકિત પ્રમાણે ગાયોને ઘાસ નાખવું. મંદિરમાં યથાશકિત દાન કરવું. તો એવું પુણ્ય કરીએ તો ભગવાન તે પાપનો નાશ કરશે. હું ભગવાનને પ્રાર્થના કરીશ. અહીં તો એવું કોઈ લાગતું નથી. પણ આજથી એવો નિયમ રાખજો કે કોઈએ દારૂ પીવો નહીં. ઈંડા, માંસ ખાવા નહીં. ચોરી કરવી નહીં. જુગાર રમવો નહીં. વ્યભિચાર કરવો નહીં.

એકાદશીના દિવસે અન્ન જમે તેને કોળીયે કોળીયે બ્રહ્મહત્યાનું પાપ લાગે છે

પંદર દિવસ થયા અમે અહીં ફરીએ છીએ, તે કેટલાક સત્સંગી તો કહેવાય, કંઠી બાંધી હોય, પૂજા પણ કરતા હોય, પણ કહેશે કે સ્વામી ! અમે એકાદશી કરતા નથી. તો એકાદશીનું વ્રત હોય ત્યારે સ્વામીએ વાત કરી કે, એકાદશીને દિવસે કોઈ માણસ અન્ન જમે તો તેને કોળિયે કોળિયે બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. એટલે એકાદશી હોય ત્યારે કોઈએ પણ અનાજ ખાવું નહીં, અને ખરા માતા પિતા પણ કયારે કહેવાય ? કે પોતાના બાળકોને હમણાં નાની અવસ્થામાંથી જ આ નિયમોનું પાલન કરાવે. પહેલા જે વાત કરી કે, પવિત્ર ગહસ્થાશ્રમ કોને કહેવાય ? તો પોતાના બાળકોમાં નાનપણથી સારા સંસ્કાર રેડે ! અને ભગવાનના નિયમોનું પાલન કરે. નાના નાના બાળકો હોય એને પણ એકાદશીને દિવસે બિસ્કીટ ને પીપર એવું ખવડાવવું નહીં, પણ ફરાળી વસ્તુ ખવડાવવી. આગલે દિવસે બાળકોને ફરાળી વસ્તુ બનાવી દઈએ પણ બાળકને પણ અનાજ ખવરાવીએ એ સારૂં નહીં. કેમકે, નાનપણથી જ એને સારા સંસ્કાર પડી જાય ,તો તે ઉંમર લાયક થાય તો પણ તે સારા નિયમોનું પાલન કરે. તો એકાદશી તમે તો દરેક રહેતા હશો જ. પણ બાળકોને આવી રીતે ખવડાવતા હો તો એને અનાજ ન ખવડાવવું સારૂં. અને ફરાળી એવો રાજગરીનો શીરો બનાવો, મોહનથાળ બનાવો,

ભાખરી બનાવો, આ ફુટ હોય, આ જયુસ હોય તે અનેક પ્રકારની ફરાળી વસ્તુ મળતી હોય તો આવી રીતે બધી એકાદશી રાખવી.

કોઈપણ પ્રકારના વ્યસન ન કરવા તથા કાંદા લસણ ન ખાવા.

તમાકુ કે ગુટખા કે માવા કે એવું કાંઈ ખાતા હોય, એવું તો અહીં કોઈ દેખાતું નથી. કોઈને ખૂણે ખાંચરે હોય તો તેને આજથી નિયમ રાખવો કે, એવું કાંઈ પણ કયારેય ખાવું નહીં અને દારૂ પીવો નહીં, જુગાર રમવો નહીં. આ આટલામાં કોઈ દારૂ પીએ એવું દેખાતું નથી, છતાંય કોઈને ખૂણે ખાંચે એવું કાંઈ હોય, તો આજથી એવો નિયમ રાખવો કે એવું કાંઈ ખાવું નહીં. કેટલાક માળા કરતા હોય, પૂજા કરતા હોય પણ કહેશે કે સ્વામી ! અમે કાંદા લસણ તો ખાઈએ છીએ, એના વિના તો અમને ભાવતું નથી. તો શિક્ષાપત્રીમાં મહારાજે ના પાડી કે ભગવાનના ભકતને કાંદા લસણ ખાવા નહીં અને ગીતાજીમાં પણ કહયું કે, કાંદા લસણ ખાય તેની બુદ્ધિ તામસી થઈ જાય. માટે કોઈએ કાંદા લસણ ખાવા નહીં. આહાર શુદ્ધો સત્વ શુદ્ધિ, સત્વ શુદ્ધો ધ્રુવાન સ્મતિ. શુદ્ધ આહાર હોય તો આપણને સત્વ ગુણ વર્તે ને આહાર શુદ્ધિ કયારે કહેવાય ? કે ઘરે રોટલી, દાળ, ભાત, શાક કરી ભગવાનને થાળ ધરાવી અને જમે તો તે આહારની શુદ્ધિ કહેવાય, તો એને સદાય સત્વગુણ વર્તે. સત્વગુણ હોય તો એને ભગવાનની મૂર્તિ સદાય ધ્યાનમાં રહે. ખાવું પીવું તે આહાર કહેવાય ને બોલવું, જોવું, ફરવું તે વિહાર કહેવાય. તો આવા સમૈયા હોય, રવિવાર હોય તો આવા મોટા હોલ, આવા મોટા મંદિરો હોય ત્યાં જઈ ભગવાનની કથા વાર્તા સાંભળવી અને એમ અનુકૂળ જોગ ન હોય તો ઘરે પણ પાંચ–સાત જણા ભેળા મળી ને આવી ગહસભા કરવી. ને એમાં પણ આવી ભગવાનની ભકિત કરવી. આ સિવાય શનિવાર કે રવિવાર સરકારે શા માટે રાખ્યો છે ? ભગવાનની ભકિત કરવા માટે રાખ્યા છે. કોઈ જાણ્યે અજાણ્યે આવું કાંઈ થઈ ગયું હોય તો ભગવાનની પ્રાર્થના કરવી, ભગવાન પાસે માફી માંગવી કે હે પ્રભુ ! હે દયાળુ ! મારા ગુના માફ કરજો.

બીજું, ભગવાન તો અંતર્યામી છે જ, એટલે ભગવાન પોતાના ભકતના ગુના માફ કરે છે. તે કીર્તનમાં સ્વામીએ લખ્યું છે કે, પધારો ને સહજાનંદજી, મારા ગુના

કરીને માફ ! અમ જેવા તમને ઘણા પણ તમો અમારે એક. હે ભગવાન ! તમે અમારા ગુના સામું જોશો નહીં. ભગવાન ને ભગવાનના સંતો જીવના ગુના સામું જોવે તો, ભગવાનને અને સંતોને તેની સામું જોવાની મરજી ન થાય. જીવમાત્ર ભૂલને પાત્ર છે. પણ ભગવાન ને સંતો એવા દયાળુ છે, તો ભગવાન પાસે એવી પ્રાર્થના કરવી કે હે ભગવાન ! હે દયાળુ ! અમારાથી આ જાણ્યે અજાણ્યે કોઈ ગુના થઈ ગયા હોય તો તમો માફ કરજો અને ભગવાનને રાજી કરવા માટે થોડા આવા એકટાણાં કરવા, થોડી માળા ફેરવવી, દાન પુણ્ય કરીએ તો ભગવાન જરૂર માફ કરશે. હું પણ ભગવાનને પ્રાર્થના કરીશ કે, તમે કોઈએ જાણ્યે અજાણ્યે પાપ કાંઈક કર્યુ હોય તો મહિનો કે બે મહિના કે છ મહિના સુધી આવી રીતે નિયમ પાળશો, તો ભગવાન ગુના માફ કરશે. તમે સર્વે સાચે ભાવે ભગવાનની ભકિત, ભજન, સત્સંગ કરજો. દિન દિન પ્રત્યે તમને ભગવાનની માધુરી મૂર્તિમાં હેત થાય અને અનાદિ કાળના આ માયાના કાંટા નીકળી જાય, તે જ સાચે ભાવે સત્સંગ કર્યાનું સાચું ફળ છે અને આ પવિત્ર મનુષ્ય જન્મનો લાભ છે. તમે સર્વે ભગવાનના સારા ભકત છો, તે તમને ભગવાન વિશેષ સુખીયા કરે. તે મહારાજે કહયું છે કે, સાધુને વ્હાલા ભગવાન ! એટલે ભગવાનને અમે તમારી વતી પ્રાર્થના કરશું કે તમારામાં કાંઈ જાણ્યે અજાણ્યે આવા દોષો હોય, તો ભગવાન જરૂર ટળાવી દે અને દરેકને સુખીયા કરે.

સાધુને વ્હાલા ભગવાન

ગુણાતીતાનંદ સ્વામીએ કહયું કે, સાધુને વ્હાલા ભગવાન. હું પણ ભગવાનને એવી પ્રાર્થના કરીશ કે, તમને ઘનશ્યામ મહારાજ પોતાની દિવ્ય, માધુરી, પ્રકાશમાન મૂર્તિનું સુખ આપે અને જે કાંઈ થોડીઘણી કાચ્યપ હોય તો તે ભગવાન ટળાવી દે. દેહ ને અંતે આપણે સર્વેને ભગવાન પોતાની સેવામાં રાખે. બીજું, આપણને સાચી ભાવના છે તો આગળ પણ આપણે ભેળા મળીને તપ કર્યા હશે અને આજે પણ ભગવાને આપણને ભેળા રાખ્યા છે, ને દેહને અંતે પણ આપણે દરેકને ભગવાનની હજુર સેવામાં રહેવાનું છે, તો દરેકે ભગવાન ભજવવામાં વિશેષ કાળજી રાખવી. અમને

પણ બહુ બળ આવી જાય છે કે આવી રીતે ભગવાનના ભકતો ભજન કરે છે, તેને ધન્યવાદ છે.

બીજું, અમારે એક સંત હતા, તે ફરવા ગયા હતા, ત્યાં નાના નાના છોકરાઓ હતા. એમણે દૂરથી સંતોને જોયા. સંતોના દર્શન કર્યા અને બાળકો પાસે પોંક હતા. લ્યો સ્વામી, આ તમે પોંક જમો. પોંકની તો કાંઈ હજાર રૂપિયાની કે લાખ રૂપિયાની કિંમત હતી નહીં પણ એમનો ભાવ હતો ! સ્વામીએ તે પોંક લઈ, ભગવાનને ધરાવી, સ્વામી પોતે પણ થોડું જમ્યા અને સર્વે સંતોને પણ કહ્યું કે આનું સારૂં થાય માટે તમે પણ સર્વે થોડું થોડું જમો. ભગવાન પણ જમ્યા, સંતો પણ જમ્યા.બ્રહ્માનંદ સ્વામી નામ હતું. સ્વામીએ કહયું છોકરા ! તમે કાંઈ માંગો ! આ તમે અમને પોંક આપ્યો તો અમે બહુ રાજી થયા. પોંક શું લાખ રૂપિયાની વસ્તુ હતી ? પણ એનો પ્રેમ હતો, ભાવ હતો. છોકરા કહે કે સ્વામી ! અમને તો કાંઈ માંગતા આવડે નહીં પણ તમને જે વ્હાલી વસ્તુ હોય તે અમને આપો ! ત્યારે સાધુને કાંઈ પૈસા કે લુગડાં એવું કાંઈ વ્હાલું હોય નહીં ! પણ સાધુને વહાલા ભગવાન. સ્વામીએ છોકરાના માથે હાથ મૂકયો, જા ! ભગવાન તારૂં સારૂં કરશે ! માથે હાથ મૂકયો ત્યારથી છોકરાની નિરાવરણ દ્રષ્ટિ થઈ ગઈ. નાની અવસ્થા હતી ત્યારથી એના મનમાં હતું કે મારે સાધુ બનવું છે. ને એ મોટો થયો. સ્વામીએ હાથ મૂકયો એટલે એને જગતના કાંટા કાઢી નાખ્યા. પછી અઢાર કે વીસ વર્ષનો થયો તે છોકરો ભુજમાં સાધુ થયો. એનું અચ્યુતદાસ સ્વામી નામ પાડયું. ત્યારે આવી નાની અવસ્થામાં ધ્યાન કરવા માંડે. ધ્યાન કરતા કરતા ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જાય.

બીજું, એક પ્રેમબાઈ હતા. મહારાજ ! મારે ઘેરે આવો. મહારાજ એને ઘેર ગયા. એના સામું જોયું. જેમ ચમકપાણ દેખીને લોઢું ખેંચાઈ જાય એમ આ બાઈની વત્તિ ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગઈ. અરે બાઈ ! તું કહેતી હતી કે, મારે ઘરે આવો, મારે ઘરે આવો. પણ તું તો મારી સામુંયે જોતીય નથી ! આ બાઈતો મહારાજની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા હતા. થોડીવાર થઈ જાગ્યા. ભગવાનની પ્રાર્થના કરી કે હે પ્રભુ, હે દયાળુ , તમે મારા ઉપર દયા કરીને દર્શન આપ્યા. તે મને ન્યાલ કરી. તેમ આ અચ્યુતદાસ સ્વામી નાની અવસ્થામાંથી જ વીસ વર્ષે સાધુ થયા. પછી ભગવાનના

થાળ કરવા જાય. તે રસોઈ બનાવતા હતા. રોટલી ચડાવતા હતા. પહેલાના વખતમાં આજની જેમ મશીન નહીં. ચૂલા હોય તે ચૂલામાં લાકડાં બાળતા હોય. હવે તો મશીન થઈ ગયા. પણ પહેલા લાકડાં બાળતા.એટલે તાવડી તપેલી હોય તેમાં રોટલી નાખીને સંકલ્પ થયો, આ રોટલી મારા ભગવાન જમશે. એમ એમણે ચિંતવન કર્યું, તેથી વૃત્તિ સ્થિર થઈ ગઈ. એટલે મોટા સ્વામી કહે કે ચાલ ચાલ ! તારાથી આ કામ નહીં થાય. એટલે આમાં કહેવાનો હેતુ એટલોજ કે આ છોકરા ઉપર સ્વામી રાજી થઈ ગયા તો તે ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગયા. તેમ તમે સર્વે ભગવાનના સારા ભકતો છો, તો ભગવાન તમારા ઉપર રાજી થાય અને ખૂબજ સુખિયા થાઓ એવી પ્રાર્થના કરશું.

પ્રશ્નોત્તરી

પ્ર ન : પૂજામાં તથા ઘરના સિંહાસનમાં કઈ મૂર્તિ રાખવી ?

ઉત્તર: પૂજામાં હરિકૃષ્ણ મહારાજ, રાધાકૃષ્ણ દેવ, નરનારાયણ દેવ, લક્ષ્મી નારાયણ દેવ તે મૂર્તિઓ પૂજાની સાથે જ આવી હતી તો તે મૂર્તિઓ પૂજામાં રાખવામાં વાંધો નહીં. ઘરે થાળ ધરાવવા એક જ ઘનશ્યામ મહારાજની મૂર્તિ રાખવી. તે એક રખાય તો સારૂં છતાંય જેમ સાનુકૂળ પડે તેમ કરવું.

પ્ર ન :છોકરાને બહારની ચોકલેટ ખવડાવાય કે નહીં ?

ઉત્તર: તો તે તો આમાં વાત કરી કે બહારની વસ્તુ ખાઈએ તો અંતરની શુદ્ધિ ન રહે. ચોકલેટ કે બિસ્કીટ લઈને છોકરો આવ્યો હોય તો આપણે સમજાવીને શાંતિથી વાત કરવી. અમે પહેલા પણ વાત કરી કે, છોકરાને ચોકલેટ બિસ્કીટ આપવા નહીં. બાળપણથી જ છોકરાને એવા સંસ્કાર આપેલા હોય ! તો આવું છોકરા માંગેય નહીં ને આવું પણ નહીં.

પ્ર ન :સત્સંગ થયા પછી અમારી કસરો ટાળવા માટે અમારે પ્રયત્નો કરવા પછી આવા ભગવાન મળ્યા છે, આવા સંતો મળ્યા છે, તો સો સદ્‌ગુરૂનું જ્ઞાન આપીને અક્ષરધામમાં લઈ જશે કે શું ?

ઉત્તર : તો ભગવાન કહે કે, સત્સંગ થયો તે તો બરાબર છે. ભગવાન મળ્યા, સંતો મળ્યા. તો તે કસર તો ટળાવી દેશે. પણ આપણે પુરૂષ પ્રયત્ન કરવો પડે. જેમ

આ બાઈએ પોતે પતિવ્રતાનો ધર્મ પાળ્યો તો બ્રહ્મા, વિષ્ણુ ને શંકરને બાળક બનાવી દીધા. તો આપણે પુરૂષ પ્રયત્ન તો કરવો જ જોઈએ. કરતાં કરતાં અધુરૂં રહે તો ભગવાન કસર ટળાવી દે, પણ કસર ટાળવા માટે આપણે કાંઈ મહેનત ન કરીએ તો તે બરાબર કહેવાય નહીં.

પ્ર ન : ખરાબ સપના બહુ આવે છે તો તેનું કારણ અને નિરાકરણ કપા કરીને જણાવશો.

ઉત્તર : એક તો આપણે પહેલા વાત કરી કે, દિવસમાં ભગવાનનું ધ્યાન ભજન કર્યું હોય તો રાતે બીજા ખરાબ સપના આવશે જ નહીં. તો આવી રીતે જો ભજન કરીએ તો એની મેળે ટળી જાય.

પ્ર ન : નિર્વાસનિક થવા શું કરવું? જીવમાં સત્સંગ પાકો થાય એનો ઉપાય શું?

ઉત્તર : નિર્વિકલ્પ એટલે ભગવાનનું ધ્યાન ભજન કરતા કોઈ પ્રકારનો સંકલ્પ ન રહે ને એમ જાણે કે, ભગવાન મારા ઉપર રાજી થાય અને આપણે જો આવી રીતે ધ્યાન ભજન કરીએ તો ભગવાન જરૂર નિર્વાસનિક કરી આપે અને આપણે આવું જો ભજન કરીએ તો જીવમાં એની મેળે જ સત્સંગ થઈ જાય છે. તે મહારાજે વચનામતમાં કહ્યું કે પ્રયાસ વિના જ દોષ એની મેળે ટળી જાય છે.

પ્ર ન : કેટલાક બાળકો કહે છે કે બહારની વસ્તુ ચોકલેટ, બિસ્કીટ અમારે નથી ખાવા પણ વડીલો ખવડાવે તો શું કરવું?

ઉત્તર : વડીલો ખવડાવે તે બરાબર કહેવાય નહીં. વડીલો કેને કહેવાય? પોતે ધર્મ નિયમનું પાલન કરે અને બાળકો પાસે નિયમો કરાવે તેજ સાચા વડીલો કહેવાય. સાચા સંતો પણ તેને જ કહેવાય. એટલે તે વડીલો એવું કરતા હોય, તો તેને વડીલ માનવાની જરૂર નથી.

પ્ર ન : ટૂર ઉપર ભોજન કરાય કે નહીં?

ઉત્તર : ચોખ્ખાઈથી બનાવ્યું હોય તો કરવામાં વાંધો નહીં. તો તે આપણે ટૂર કરવા ગયા હોઈએ તો જમવું તો પડે જ. તમને ખબર ન હોય તો ભગવાન માફ કરે અને જાણ્યે અજાણ્યે કાંઈક એવું થઈ જાય તો ઘરે આવીને ભગવાનની પાંચ માળા

કરવી અથવા તો થાય તો એકટાણું કરવું. ખાધા વિના તો ચાલે નહીં. આખો દિ' કામ કરો ને ભૂખ લાગી હોય તો કામ કરી શકાય નહીં અને ભજન પણ થાય નહીં. તો આવી રીતે ખ્યાલ રાખીને ચાલવું.

પ્ર ન : ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવાની શરૂઆત કર્યા પછી ભગવાનની મૂર્તિ જલ્દી દેખાય તે માટે કયા સાધન કરવા ?

ઉત્તર : તો સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભગવાનનું નામ લેતા જઈએ તો બીજા વિચારો આવે જ નહીં. મોટા સંતો કહેતા કે, એમ જ બેઠા બેઠા ધ્યાન કરીએ તો બીજા વિચારોમાં પડી જવાય. પણ મનમાં ને મનમાં ભગવાનનું એક એક અંગ ધારીને બે વખત સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભગવાનનું નામ લઈએ, તો એમાં વૃત્તિ સ્થિર થઈ જાય અને ભગવાનની મૂર્તિ અંતરમાં દેખાઈ જાય. ધ્યાન કરતા એને કલાક થઈ જાય તો પણ ખબર રહે નહીં.

પ્ર ન : ભગવાનને પ્રસન્ન કરવા અને ભગવાન મળી જાય એના ઉપાય શું છે ?

ઉત્તર : ભગવાનને પ્રસન્ન કરવા માટે આ પહેલા વાત કરી કે, પવિત્ર ગહસ્થાશ્રમમાં રહેવું અને પવિત્ર ગહસ્થાશ્રમના જે નિયમો કહયા તો આ બાઈએ પોતાના પતિ વિષે એવી પતિવ્રતાની ટેક રાખી તો બ્રહ્મા, વિષ્ણુ અને શિવને બાળક બનાવી દીધા. તો આપણા સ્વામિનારાયણ ભગવાન એવા દયાળુ છે ! તો આપણે સાચે ભાવે નિયમોનું પાલન કરી ને ભકિત કરશું તો જરૂર ભગવાન સુખીયા કરશે.

પ્ર ન : શ્રીજી મહારાજનો જેવો મહિમા છે તેવો ને તેવો કેવી રીતે સમજાય ? ક્રોધનું મૂળ શું છે ? ક્રોધરૂપી અવગુણનો કેવી રીતે નાશ કરાય ?

ઉત્તર : તો શ્રીજી મહારાજનો એવો મહિમા સમજાય કે આ અક્ષરધામના અધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાન મને મળી ગયા છે. તો મારા મોટા ભાગ્ય છે. પહેલા ભણતા હતા ત્યારે એક કવિતા આવતી " મને કહોને પરમે વર કેવા હશે ? કેવા હશે ને શું કરતા હશે ? " તો ભગવાનનો એવો મહિમા સમજાય કે, આ તો સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ આ ભગવાન મને મળી ગયા છે, તો એને આઠેય પહોર અહોઅહો પણું વર્ત્યા કરે અને કામ, ક્રોધ ને લોભ એ ત્રણેયને મહારાજે વચનામતમાં નર્કના દ્વાર લખ્યા છે. એમ મોટા સંતોએ વાત કરી કે એક

માણસ તો લાખો રૂપિયાનું દાન કરે અને હજારો માળા ફેરવે તો તેનું જે પુણ્ય થાય એ એકાદવાર જ જો ક્રોધ કરે તો તે લાખો રૂપિયાનું પુણ્ય નાશ થઈ જાય અને હજાર માળાનું પુણ્ય પણ ક્ષય થઈ જાય. માટે મહારાજ કહે કે, ક્રોધ તો કયારેય કરવો નહીં. ક્રોધ કરીએ તો આપણા પુણ્યમાં એટલો ક્ષય થઈ જાય અને બીજાના દોષ તો આપણે શા માટે જોવા ? સંગની શુદ્ધિ અને નિર્દોષ બુદ્ધિ આપણે રાખવી. સંગ કરવો તો જોઈને કરવો. કે સારા એવા સંતો હોય, સારા ભગવાનના ભકત હોય એવાનો સમાગમ કરવો અને સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં પણ લખ્યું કે, જ્યારે ભરત ખંડમાં મનુષ્યનો જન્મ આવે છે ત્યારે ભગવાન કે ભગવાનના સંતો જરૂર વિચરતા જ હોય છે. તેનો જો યોગ થઈ જાય તો કામ ને ક્રોધ ને બધા દોષો પ્રયાસ વિના ટળી જાય. તો એવા ભગવાનને, એવા સંતોને ઓળખીને આપણે દોષ ટાળીએ તો ટળી જાય.

પ્ર ન : એક માણસ કહે છે કે, અમે ઘરમાં પાંચ માણસ છીએ, ઘણાં વર્ષોથી સત્સંગ કરવા છતાં, ઘરમાં બહેનોનો સત્સંગ ન હોવાથી ભગવાનના સંબંધી જે મજો આવવો જોઈએ તે મજો આવતો નથી. તો હવે શું કરવું ? તેનો ઉપાય બતાવો.

ઉત્તર : સાઠ વર્ષ પહેલા અમે એક સમાચાર પત્રના ખબરપત્રીને મળ્યા હતા, ત્યારે તે કહે કે સ્વામી ! મારા ઘરમાં દશ માણસો છીએ પણ દશેય ના મન અલગ છે. કોઈ રામને ભજે, કોઈ કૃષ્ણને ભજે, કોઈ માતાને માને, કોઈ પીરને માને. હું તો એક સ્વામિનારાયણનું નામ લઉ છું. મેં કીધું કે તે જ બરોબર છે. તમારે બીજા કોઈનુંય જોવાનું નહીં. સુરા ખાચરની પેઠે, સુરાખાચરને મહારાજ કહે, સુરાખાચર ! વાતું કરો ! સુરાખાચર કહે કે, ભણેબા, અમને કાઠીને તો વાતું કરતા આવડે નહીં. મહારાજ કહે કે સુરાખાચર! આ જ તો તમારી પાસે જ વાતું સાંભળવી છે. સુરાખાચરનું પેટ ને મહારાજનો ઢોલીયો બંને સરખું થઈ જાય. સુરાખાચર ઊભા થઈ તાળી પાડીને બોલ્યા ભણે જો ! આ મહારાજ મને કહે કે, વાતું સંભળાવો. પણ વાતુંમાં શું કહેવું ? જુઓ ! આ ઢોલિયા પર બેઠા તે સાક્ષાત્ અક્ષરધામના અધિપતિ છે. તેને વિષે નિષ્ઠા રાખીને ભગવાનનું ભજન કરશું ને તો એમ જાણું કે, હું ને મારો ઠાકર ! ઠાકર બેઠા પારણે ને હું દોરી તાણું ! અને જગત બધું કાણું ! મહારાજ મને આવી વાત આવડે છે !

તેમ કહીને બેસી ગયા. આમાં શું વાત કરી કે, આ અક્ષરધામના અધિપતિ ભગવાન છે એમાં નિષ્ઠા રાખજો. એનું ભજન કરજો. તો અક્ષરધામમાંથી આવીને મહારાજ અક્ષરધામમાં તેડી જાશે અને ભગવાન મારા અને હું ભગવાનનો. બીજા ઘરના ન માનતા હોય તો પોતાના સ્ત્રી પુત્ર હોય એને સમજાવવા અને ન માને તો આપણે ભગવાનની પ્રાર્થના કરવી. પણ એમાં આપણે કોઈ પ્રકારના ઝઘડા કરવા નહીં. મતમતાંતર કરવા નહીં. આપણે આપણું કરવું. મોટા સંતો કહેતા કે તું તારૂં સંભાળ ! બીજાની તારે શું પડી ? તેમ આપણે આપણું કરવું. બીજા ન કરતા હોય તો તેની આપણે ચિંતા કરવી નહીં. એક ભકતની પહેલા વાત કરી કે, સ્વામી ! મારા કુટુંબમાં દશ માણસો છે પણ મને ખાત્રી છે કે મને મારા ભગવાન અક્ષરધામમાં જરૂર તેડી જાશે તો આપણે પણ એવો નિશ્ચય જરૂર રાખવો કે, મને મારા ભગવાન મળ્યા છે તો મને સ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાં તેડી જાશે.

પ્ર ન :નિયમ ધર્મ પાળીને ભગવાનનું નામ લઈએ તો તે ભકિત ફળે ? ને માતા પિતાની સેવા કરવી ને ?

ઉત્તર :જરૂર ફળે.માતા પિતાનું ઋણ તો એની કરોડો જન્મ સુધી સેવા કરીએ તો પણ ચુકવી શકાય નહીં. ને માતાનું ઋણ તો પિતા કરતા પણ ઘણું કહેવાય. તો માતા ને આપણે પ્રેમથી બોલાવવા ને પ્રેમથી આપણે સેવા કરવી. માતા રાજી થાય તો ભગવાન પણ આપણા ઉપર રાજી થાય.

પ્ર ન :બીજું, આપણા ધર્મમાં ખાસ તો બાઈનો ધર્મ ન પાળતા હોય તેવા બહેનોને ઘર સાફ કરવા માટે રખાય કે નહીં ? એટલે કે એમ. સી. ન પાળતા હોય તેવા બહેનોને રખાય ?

ઉત્તર :તો તે તો મહારાજે શિક્ષાપત્રીમાં કહયું કે, ત્રણ દિવસ એમ. સી. પાળીએ તે સારૂં કહેવાય. પણ ઘરમાં તો તે નિયમ પાળો તો સારૂં કહેવાય. પણ ઘરમાં સાફ સૂફી કે વાસણ કે એવા કામ થાય નહીં. કપડાં ધોવા કે વાસણ માંજવા એવું કામ કરી શકાય નહીં.

આપણે સત્સંગમાં કોઈની વાત સાંભળીને કોઈનોય અવગુણ લેવો નહીં. દુઃખ પામવું નહીં. આપણે આપણું ભજન કરવું. જેનામાં સારા ગુણ હોય તે આપણે

લેવા અને ખરાબ ગુણ હોય તે આપણે લેવા નહીં.

પ્ર ન :સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ છતાં પણ કુટુંબમાં કોઈ અવગતે ગયું હોય તો તેના મોક્ષ માટે ભાગવત કરવું ?

ઉત્તર : તો આપણા સત્સંગમાં કોઈનો મોક્ષ ન થયો હોય અને અવગતે ગયા હોય તો આપણા સત્સંગમાં ભાગવતની કથા કરાવે છે તે બરોબર છે. ઘણા સત્સંગી જીવનની કથા કરે છે. મહારાજે લખ્યું છે કે, સત્સંગી જીવનની કથા સાંભળે અને કરાવે તેના કરોડો જન્મોના પાપ બળી જાય છે.પરીક્ષિત રાજાની વાત લખી કે સાત દિવસમાં તેનો મોક્ષ થયો એટલે ઘણા ભાગવતની કથા કરાવે છે. બરાબર છે. સત્સંગી જીવનની કથા કરાવીએ તો તેનાથી પણ જીવનો મોક્ષ જરૂર થાય છે.

નિત્ય પ્રત્યે સાધુનો સમાગમ કરવો. બ્રહ્માનંદ સ્વામીએ લખ્યુ કે " સંત સમાગમ કીજે નિશ દિન સંત સમાગમ કીજે." આખો દિવસ સંતો પાસે બેસી રહો તો વ્યવહારિક કાર્ય ક્યારે થાય ? જોબ પર ક્યારે જાવ ? એટલે બેસી રહેવાની જરૂર નથી. પણ આ સંતોનો સમાગમ કર્યો હોય, વાતું સાંભળી હોય, તો એને સંભારીને આપણે યાદ કરીએ તો તે સંતોનો સમાગમ કર્યો કહેવાય.

પ્ર ન : પતિને પત્નીના ગુરૂ કહે છે, તો તેમાં પત્નીની શી ફરજ બને?

ઉત્તર : તે તો આપણે વાત કરીને મહારજે શિક્ષાપત્રીમાં લખ્યું કે પતિને પરમે વર માની અને પતિવ્રતાની ટેક રાખી, તો બાઈએ સાંબેલું ઉંચું રાખ્યું તો પણ રહી ગયું. બાઈ કપડામાં પાણી ભરી આવતા તો પણ પાણી કપડામાંથી ઢોળાતું નહીં. આ બાઈ પતિવ્રતાનો ધર્મ પાળતા તો, બ્રહ્માને, વિષ્ણુને, શંકરને પણ બાળક બનાવી દીધા. તો તે વધારે પતિવ્રતા કેમ કહેવાય ! તો તે પતિવ્રતાનો ધર્મ બરાબર પાલન કરે એ જ સાચા પત્ની કહેવાય. છતાં જો ઓછું વધું પાલન કરતા હોય તો પતિનો તે જ ધર્મ છે કે તેણે ગુસ્સો કરવો નહીં ને શાંતિથી એને સમજાવવું તો તેને ગુરૂ કહેવાય, પણ ઝઘડો કરે તો તે ગુરૂ કહેવાય નહી.

પ્ર ન :ગ્રહણ આવતું હોય ત્યારે ચણા મમરા વાપરી નાખવા?

ઉત્તર : ગ્રહણ પછી તે ચણા કે મમરા તો ખવાય. ચણા કે મમરા કાંઈ અભડાતા નથી. તે પાણીમાં પલાળ્યું ન હોય, અનાજ અડાડયું ન હોય અને ચોખ્ખા હોય અને

રસોડામાંથી દૂર હોય તો ખાવામાં કાંઈ વાંધો નહીં.

પ્ર ન : સત્સંગમાં બેસીએ, પૂજા કરવા બેસીએ, માનસી પૂજા કરવા બેસીએ કે કથામાં બેસીએ ને આંખ બંધ કરીએ તો ઊંઘ કેમ આવે છે ?

ઉત્તર : ઊંઘ આવે તે આપણી ગાફલાઈ કહેવાય. તે આપણે કાળજી રાખીએ તો ટળી જાય.

પ્ર ન : કીર્તન કરતા કે ચેષ્ટા બોલતા મન બીજે જવાથી વિક્ષેપ બહુ થાય છે, તો તેનું નિરાકરણ શું ? નિરાકરણ કેમ થાય ?

ઉત્તર : આમાં પણ આપણે કાળજી રાખીએ તો ટળી જાય.

પૂજા કરવા બેસીએ ત્યારે આંખ બંધ ન કરવી. ખુલ્લી આંખે બેસવું અને માનસી પૂજા કરવામાં ઊંઘ આવે અને આળસ જેવું થાય તો મોટા સંતો કહેતા, ટાઈટ બેસવું. એક સંત હતા, એંસી વર્ષની ઉમર હતી પણ તે પદ્માસન કરીને બેસતા, તે એક કલાક સુધી બેસતા. તો આપણે ખટકો રાખીએ તો જરૂર થાય. ઊંઘી જઈએ તો તે આપણી ગાફલાઈ કહેવાય. તો તે ગાફલાઈ ન રાખતા, આપણે ટાઈટ બેસીએ અને કદાચ એવું થાય તો પણ પૂજા કરવામાં કે માનસી પૂજા કરવામાં ઊંઘ આવી જાય તો તે બરાબર ન કહેવાય. કથા સાંભળવા બેસીએ તો કથામાં આપણે અહોહો ! આનંદ આવી જતો હોય ને મહારાજે ચેષ્ટામાં પણ કહયું કે કથા સાંભળતા રે, હરે હરે કહી બોલે મર્મ કથાનો રે, સુણી મગન થઈ ડોલે. કથા વાર્તામાં જેને આળસ હોય તેને મહારાજ કહે કે, રૂડા ગુણ આવે નહીં. પહેલાના જમાનામાં ઈન્ડિયામાં કથા કરતા ત્યારે એક બ્રાહ્મણ હોય તે કથા કરે ને બીજા હોય તે હરે ! હરે ! કરતા હોય. આ મોર હોય તે એની કળા કરે તો ? નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું કે મયુરની આંખમાંથી પાણી પડે ને તે પાણી જો અદ્ધર ઢેલડા ઝીલે તો મયુર થાય અને પડી જાય ને તે પાણી જો ઢેલડા ઝીલે તો ઢેલડા થાય. ભુજમાં મોટા સંતો હતા. ભુજમાં મોટા મોટા કારભારીઓ હતા. તે કારભારીઓ આવીને કથામાં બેસે. સ્વામી પૂછે કે, શું આવ્યું ? એટલે તે વાત કરે કે, ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની વાતું આવી. બહુ આનંદ આવ્યો.જરા ઊંઘ જેવું જણાય તો ટાઈટ બેઠા હોય. તે રાજ્યના મોટા કારભારીઓ હતા, પણ આવી ભગવાનની કથા સાંભળવામાં આવું તાન. તેમ

આપણને પણ આવી ભગવાનની કથાનો મહિમા સમજાય ને ભગવાનની કથાનો આનંદ આવે તો તેને કયારે પણ ઊંઘ આવે નહીં. આવી જાય તો એટલી આપણી ગાફલાઈ કહેવાય.કીર્તન બોલતા બોલતા જો બીજે મન જાય તો તે પણ આપણી ગાફલાઈ કહેવાય, ને કીર્તન બોલતા બોલતા તલ્લીન થઈ જવાય તો એને ઊંઘ કે આળસ આવે નહીં. ભગવાનના મહિમાની, જ્ઞાનની, ધ્યાનની, શણગાર આરતીની વાતું આવે તો એને ભગવાનની મૂર્તિ આમ દેખાયા જ કરે. આપણે આવી રીતે કરીએ તો આળસ કે પ્રમાદ થાય નહીં.

ધ્યાન અને ભજન તો એક સ્વામિનારાયણ ભગવાનનું જ કરવું

બીજું, સ્વામિનારાયણ ભગવાને અનેક જીવોના કલ્યાણ માટે નરનારાયણ દેવ પધરાવ્યા, રાધાકૃષ્ણ દેવ પધરાવ્યા, લક્ષ્મીનારાયણ દેવ પધરાવ્યા, મુરલીમનોહર દેવ પધરાવ્યા. તો એમને માનવા, પૂજવા અને દર્શન કરવા. ભગવાનનું ધ્યાન, ભજન તો આપણને કયા ભગવાન મળ્યા છે ? સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે. સ્વામિનારાયણ ભગવાને કહયું કે, અમે અમારા ઈષ્ટદેવ શ્રી કૃષ્ણ ભગવાનનું ધ્યાન કરીએ છીએ. તે સ્વામિનારાયણ ભગવાને આપણને શીખવાડયું. સ્વામિનારાયણ ભગવાન આ પથ્વી ઉપર આવ્યા ત્યારે એમણે માતા પિતા કર્યા, ગુરૂ કર્યા અને ઈષ્ટદેવ કર્યા. પણ આપણે આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન એનું જ ધ્યાન કરવું. જો કૃષ્ણ ભગવાનનું ધ્યાન કરીએ તો ગોલોકમાં જવાય અને રામ ભગવાનનું ધ્યાન કરીએ તો વૈકુંઠમાં જવાય. નરનારાયણ દેવનું ધ્યાન કરીએ તો બદ્રિકાશ્રમમાં જવાય. સ્વામિનારાયણ ભગવાને બાથમાં ઘાલીને અમદાવાદમાં નરનારાયણ દેવ પધરાવ્યા અને ભગવાને કહયું કે આ મારૂં જ સ્વરૂપ છે. એમ માનીને એને તમે પૂજજો ને દર્શન કરજો. તેમ ગઢડામાં પણ કહયું. ભુજમાં પણ કહયું. દરેક ઠેકાણે મહારાજે કહયું તો એમાં આપણે ભગવાનની ભાવના રાખવી ને પ્રેમથી એના દર્શન કરવા. પણ ધ્યાન ભજન તો સ્વામિનારાયણ ભગવાનનું જ કરવું.

માનસી પૂજાની આપણે વાત કરી કે, આ ભગવાનને ઉઠાડીએ, નવરાવીએ,

થાળ જમાડીએ, આરતી ઉતારીએ તે મનમાં સંકલ્પ કરીએ તો આપણે ભગવાનની મૂર્તિને અંતરમાં ઉતારીએ તો આપણને ભગવાનની મૂર્તિ અંતરમાં દેખાય. ભગવાનને નવડાવીએ છીએ, આરતી ઉતારીએ છીએ, જમાડીએ છીએ એવો એનો આભાસ થાય. એવો અભ્યાસ આપણે કરવો.

ચાતુર્માસના નિયમ વિષે

શિક્ષાપત્રી ભાષ્યમાં શતાનંદ સ્વામીએ કહ્યું કે, રીંગણાં એટલે વેતાંક, શેરડી અને મૂળા તે ત્રણ આપણે ચોમાસામાં ખાતા નથી. અન્નકૂટ થાય ત્યારે અન્નકૂટમાં ધરાવીએ. ત્યાર બાદ ખાઈએ છીએ. બાકી ચાર્તુમાસમાં કઠોળ ખાવાની ના પાડી નથી. હા! સત્સંગી જીવનમાં એમ લખ્યું કે, અષાઢ મહિનામાં શાક ન ખાવું. શ્રાવણ મહિનામાં દૂધ ન પીવું. ભાદરવા મહિનામાં દહીં ન ખાવું અને આસોમાં કઠોળ ન ખાવું. પણ તે તો જેણે એવા નિયમ રાખ્યા હોય એને, બાકી બીજા કોઈને એવું કરવાની જરૂર છે નહીં. પણ આવા જે નિયમ રાખતા હોય તે અષાઢ મહિનામાં ચાતુર્માસમાં શાક ન ખાય, શ્રાવણમાં દૂધ ન પીએ, દૂધ એટલે દૂધની કોઈપણ વસ્તુ ખવાય નહીં. ભાદરવામાં દહીં અને આસોમાં કઠોળ ખવાય નહીં. એ તો એવા જે નિયમ રાખતા હોય એના માટે છે. પણ બીજા કોઈને કઠોળ ખાવાની ના છે નહીં.

શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ જ છે

પ્ર ન : વચનામતમાં મહારાજે કહ્યું છે, ભરતખંડમાં મનુષ્યનો જન્મ મળે ત્યારે ભગવાન, કાં તો ભગવાનના અવતાર રૂપે કાં તો સાધુ રૂપે વિચરે. વિચરતા હોય તો હાલમાં મહારાજ કયાં વિચરે છે ?

ઉત્તર : તે તો સ્વામિનારાયણ ભગવાન ધામમાં પધાર્યા ત્યારે સર્વે ચિંતા કરવા માંડયા કે મહારાજ તમે અમને મૂકીને ચાલ્યા જશો તો અમે તમારા વિના રહી શકશું નહીં. તો તમે અમને સર્વેને સાથે તેડી જાઓ. ત્યારે મહારાજ કહે કે, હે ભકતો! હે સંતો! હે આચાર્યો! હજુ મારે આ સષ્ટિમાં અનેક કાર્યો કરવાના છે. હું કોઈને હમણાં ધામમાં

લઈ જઈશ નહીં અને કોઈ આવશે તો પણ હું એને રાખીશ નહીં. સચ્ચિદાનંદ સ્વામી ધામમાં ગયા તો મહારાજે એમને ધામમાં રાખ્યા નહીં. મહારાજે એમને સેવામાં રાખ્યા નહીં. મહારાજ કહે કે તમે અમારી આજ્ઞા લોપીને આવ્યા તો તમે પાછા જાવ નહીંતર છ મહિના સુધી તમને અહીં આવું દુઃખ ભોગવવું પડશે. એટલે સ્વામી પાછા દેહમાં આવી ગયા.

બીજું, મહારાજે કહયું કે અનેક જીવોના કલ્યાણ માટે હું હાલમાં એક જ રૂપે દર્શન આપતો, પણ હવે જે અમે મૂર્તિઓ પધરાવી તથા ભવિષ્યમાં પણ આપણા આચાર્યો જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરે, એમાં હું અખંડ રહીશ અને મૂર્તિ દ્વારે દર્શન આપીશ અને આચાર્ય મહારાજ દ્વારા દિક્ષા આપીશ અને સંતો દ્વારે જ્ઞાન આપીશ અને સત્શાસ્ત્રો દ્વારા ઉપદેશ આપીશ. તો મહારાજ આ ચાર સ્વરૂપે આજેય સત્સંગમાં બિરાજમાન છે જ. આ મૂર્તિ દ્વારે આપણે ભગવાનના દર્શન કરીએ છીએ. અહોહો! હે મહારાજ! હે દયાળુ! હે કપાળુ! તે મહારાજે વચનામતમાં કહયું કે, ગદ્‌ગદ્‌ કંઠે અને રોમાંચિત ગાત્રો વડે આવી રીતે ભગવાનનું દર્શન કરીએ તો રૂંવાડે રૂંવાડે ભગવાનનો આનંદ આવી જાય અને તે દ્રઢ કરવાને માટે જ એક ભકતની વાત લખી.

એક ભકત હતા તે મહારાજ જ્યારે પથ્વી ઉપર બિરાજમાન હતા, એકાદશી કે પૂનમના દર્શન કરવા જાતા, ભગવાનના દર્શન કરતા, ભગવાનની વાતો સાંભળતા એમને એમાં બહુ આનંદ આવતો. મહારાજ અંતર્ધાન થયા ત્યારબાદ ગઢપુરમાં દર્શન કરવા આવ્યા, ત્યારે દાદા ખાચરના દરબારમાં આવી અને લીંમડા નીચે આવ્યા. ત્યાં ભગવાન યાદ આવી ગયા. અહોહો ! આ લીંમડા તળે ભગવાન બેસતા, મને બોલવતા, પણ હવે તો ચાલ્યા ગયા. મને કોણ બોલાવશે? એમ કરીને એમનું હૃદય ભરાઈ ગયું. પછી મહારાજનું વચન યાદ આવી ગયું. ભગવાને કહયું છે કે આ મૂર્તિમાં હું અખંડ દર્શન દઈશ અને મંદિરમાં ભગવાનના દર્શન કર્યા. ગદ્‌ગદ્‌ કંઠે અને રોમાંચિત ગાત્રો વડે દર્શન કર્યા. ભગવાનના દર્શન થયા. ભગવાન આમ મટકું મારવા લાગ્યા. હાથ હલાવવા લાગ્યા. આ ભકતને બોલાવવા માંડયા. અહોહો ! ભકત, આવો આવો. મંદિરના ગર્ભદ્વાર ખુલી ગયા. ગોપીનાથ ભગવાને ગુલાબનો હાર પહેર્યો હતો તે હાર એને ગોપીનાથ ભગવાને પહેરાવ્યો. ભકત રાજી થઈ ગયા. અહોહો ! આ

ભગવાન કહી ગયા કે હું મૂર્તિમાં અખંડ રહીશ, તો આપણે પણ એવી ભાવના રાખીએ કે આ અક્ષરધામના અધિપતિ તે વખતે મનુષ્ય ભાવે હતા. આજે મૂર્તિ ભાવ ટાળી આવી રીતે આપણે દર્શન કરીએ તો આપણને પણ ભગવાન આવી રીતે મટકાં મારતા દેખાય. હાથ હલાવતા દેખાય. બોલતા દેખાય. ચાલતા દેખાય.

મહારાજે મધ્યના ૧૩ ના વચનામતમાં કહયું કે અમારા અંતરમાં મૂર્તિ દેખાય છે, બેઠી દેખાય છે, ઊભી દેખાય છે, કયારેક હરતી ફરતી દેખાય. આ ગઢડું છે કે આ ઓસરી છે તે કાંઈ દેખ્યામાં આવતું નથી. બીજું, મેં એવા પાંચ સાત સંતોના દર્શન કરેલા, તે વાત કરતા કે આપણને ભગવાન આવી રીતે દર્શન આપે. આપણે પણ એવી રીતે ધ્યાન કરીએ, અભ્યાસ કરીએ તો તે પહેલા હતા અને આજે નથી તેવું નથી. આજે પણ સાચે ભાવે દર્શન કરીએ ને ભગવાનની ભજન ભકિત કરતા હોય, તો આજે પણ એ ભગવાન પ્રત્યક્ષ રૂપે બિરાજમાન છે જ. આ સંતો ને હરિભકતોને આ ભગવાન જરૂર દર્શન આપતા જ હશે. તે આચાર્ય દ્વારે તથા સંતો દ્વારે ને શાસ્ત્ર દ્વારે ભગવાન પ્રત્યક્ષ બિરાજમાન છે જ.

પ્ર ન : બીજું, ભાગવત ધર્મ કેને કહેવાય ? તથા વર્ણાશ્રમ ધર્મ કેને કહેવાય ?

ઉત્તર : વર્ણાશ્રમ ધર્મ તો જે વર્ણના હોય તે પ્રમાણે વર્તે તે વર્ણાશ્રમ ધર્મ કહેવાય. આશ્રમ એટલે ત્યાગ આશ્રમ છે, સંન્યાસ આશ્રમ છે. તે બધા આશ્રમ કહેવાય અને ભાગવત ધર્મ એટલે જે જે પહેલા વાત કરી કે, પવિત્ર ગહસ્થાશ્રમમાં રહેલા હોય તો એણે ભાગવત ધર્મનું પાલન કર્યુ કહેવાય. સંતો પણ અષ્ટપ્રકારે બ્રહ્મચર્ય પાળીને ભગવાનનું ધ્યાન ભજન કરતા હોય, નિયમ પાલન કરતા હોય તો એવા સંતોએ પણ તે ભાગવત ધર્મનું પાલન કર્યુ કહેવાય.

પ્ર ન : બીજું, અગીયારસના ભૂલમાં કશુંક ખવાઈ જાય અને પછી યાદ આવી જાય તો શું કરવું ?

ઉત્તર : તો પછી કાંઈ ખાવું નહીં. બીજે દિવસે એકટાણું કરવું અને પચ્ચીસ માળા ફેરવવી તો ભગવાન માફ કરે.

પ્ર ન : ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા ઘણીવાર ખરાબ ઘાટ થાય અને ખરાબ વિચારો આવે તો એના નિવારણનો શું ઉપાય ?

ઉત્તર : તે તો મહારાજે વચનામતમાં લખ્યું કે, ભગવાનનું ધ્યાન કરતા, ભજન કરતા બીજા વિચારો આવે તો ઉંચે સાદે નિર્લજ્જ થઈ આપણે સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભગવાનનું ભજન કરીએ તો તે ઘાટ સંકલ્પ ટળી જાય છે. જેમ આ લોકમાં કોઈ માણસ હોય તે સૂતા હોય તો ચોર આવીને ચોરી કરી જાય પણ જાગીને લાકડી લઈને ચોરને મારવા માંડે તો તે ચોર જતો રહે. તેમ આ ઈન્દ્રિયો અંતઃકરણ બધા ચોર છે. જરાક પણ ગાફલાઈ રાખીએ તો તે ચોરી કરી જાય. પણ સાવધાની રાખીએ તો તે ચોર ચોરી કરી શકે નહીં.

પ્ર ન : એક હરિભકતે પ્ર ન પૂછયો કે, ધ્યાનમાં મૂર્તિ ધારીએ છીએ પણ દેખાતી નથી, તો શું કરીએ તો ધ્યાન થાય ? અમે આંખ બંધ કરીને મૂર્તિ ધારીએ છીએ પણ જરાક અઘરૂં રહે છે. પ્રકાશમય મૂર્તિ દેખાતી નથી. પ્રયત્ન ઘણો કરીએ છીએ.

ઉત્તર : તેમાં મહારાજે કહયું કે ધ્યાન કરતા મૂર્તિ ન દેખાય તો પણ ધ્યાન કરવું. પાંચ વર્ષ થાય, દશ વર્ષ થાય, સો વર્ષ થાય તો પણ તે ધ્યાન મૂકી દે નહીં. તો એની ભકિતએ કરીને ભગવાન વશ થઈ જાય છે. એમ સ્વામિનારાયણ ભગવાને પ્ર.પ્ર. ના પાંચમા વચનામતમાં લખ્યું.

પ્ર ન : ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ કેવી રીતે પાળવું ? ગ્રહણમાં ઘરમાં બનાવેલી વસ્તુનું શું કરવું ? દૂધથી બનાવેલી વસ્તુ વપરાય કે નહીં ? ઘરમાં બનાવેલા ખીચીયા પાપડ રખાય કે નહીં ? ગ્રહણ લાગે ત્યારે ઘરમાં બધાને અડકાય કે નહીં ? આપ કપા કરીને સમજાવશો. ફ્રિજમાં મૂકેલી વસ્તુઓ પાછી વપરાય કે નહીં ?

ઉત્તર : દૂધમાં કે ઘીમાં બનાવેલી વસ્તુ હોય તે વપરાય, પાણીમાં બનાવેલા પાપડ કે બીજી કાંઈ વસ્તુ હોય તે રાખી શકીએ નહીં. ફ્રિજમાં રાખીએ તો ફ્રિજ અભડાય છે, માટે ફ્રિજમાં રાખી શકાય નહીં અને રાખીએ તો ખવાય નહીં અને વેધ તો ચંદ્રગ્રહણ હોય તો ૯ કલાક લાગે છે અને સૂર્ય ગ્રહણ હોય તો એનો ૧૨ કલાક વેધ લાગે છે. વેધ લાગ્યા પછી નાના બાળકો હોય, વદ્ધ હોય કે રોગી હોય તેને એક પહોર, એક પહોર એટલે કે ૩ કલાક પહેલા જમી શકે છે અને બીજા હોય એને સૂર્ય ગ્રહણ હોય તો ૧૨ કલાક અને ચંદ્રગ્રહણ હોય તો ૯ કલાક સુધી ખવાય નહીં.

પ્ર ન :અનેક જગ્યાએ મહારાજના દર્શન કરીએ છીએ. આ બધી જુદી જુદી જગ્યાએ જુદી જુદી મૂર્તિના દર્શન થાય, તો જ્યારે ધ્યાન કરવા બેસીએ, તો કઈ મૂર્તિનું ધ્યાન કરવું? અક્ષરધામમાં મહારાજ કેવા છે? તમે તો દરરોજ દર્શન કરો જ છો. કામ, ક્રોધ અને માન વિગેરે શત્રુઓને કેવી રીતે જીતવા?

ઉત્તર :તે અક્ષરધામમાં ઘનશ્યામ મહારાજ પ્રકાશમાન છે ને અહીં તો આપણને જે મૂર્તિઓ પ્રિય લાગે તે મૂર્તિનું ધ્યાન કરવું. બીજું, કામ, ક્રોધ, લોભ, માન તેને જીતવા માટે વિચાર કરવો કે આ દોષ નહીં જીતીએ તો નર્કમાં જ જવું પડશે. એમ વિચારીએ તો જીતાઈ જાય.

જુદે જુદે ઠેકાણે દર્શન કરીએ તો એમાં વાંધો નહીં પણ આપણા ધ્યાનમાં ભગવાનની મૂર્તિ એકજ રાખવી. ઘનશ્યામ મહારાજ રાખીએ કે હરિકૃષ્ણ મહારાજ રાખીએ પણ ધ્યાનમાં નોખી નોખી મૂર્તિ બદલાવવી નહીં. મંદિરોમાં નોખા નોખા દર્શન કરીએ, તો એમાં આપણે એવી જ રીતની ભાવના કરીએ કે સહજાનંદ સ્વામીની મૂર્તિ હોય તો એની ભાવના કરીએ. આ ઘનશ્યામ મહારાજ છે, તો ઘનશ્યામ મહારાજ આપણને જરૂર દર્શન આપશે કે હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ હોય તો એમાં ભાવના કરીએ તો એમાં હરિકૃષ્ણ મહારાજ દર્શન આપશે. તો તુલસીદાસને કેમ ભગવાને દર્શન આપ્યા હતા? તો આપણે એવી ભાવના રાખીએ તો ભગવાન આપણને જરૂર દર્શન આપે જ. ભગવાનનું ભજન કરીએ તો કામ, ક્રોધ ને લોભ તે અંતઃશત્રુ એની મેળે જ ટળી જાય છે.

પ્ર ન :અહીં સ્મશાનમાં જવું પડે છે તે પછી ઘેર આવીને નહાઈ ધોઈને પછી ઘરનું કામ કરાય કે નહીં?

ઉત્તર :સ્મશાનમાં જઈએ તો બેવાર નહાવું પડે. એક તો સ્મશાનમાંથી આવીને અને બીજું રાતના, કયારે? રાતના સ્મશાને ગયા હોઈએ તો દિવસના સૂર્ય સ્નાન કરવું અને દિવસના ગયા હોઈએ તો સ્મશાનેથી આવીને સ્નાન કરવું અને રાતના તારા દર્શન કરી બીજું સ્નાન કરવું. પછી સૂતક ઉતરે.ને પછી ઘરમાં કામકાજ કરવામાં વાંધો નહીં. પણ રસોડામાં જવાય નહીં. ઘરમાં પથારી હોય એમાં સૂવાય પણ નહીં. આ રીતે સૂતક ઉતરી જાય પછી ઘરનું બધું કામકાજ કરી શકાય.

પ્ર ન : ભગવાનના મંદિરમાં ઘરે મૂર્તિઓ બદલાવીને મોટી મૂર્તિ મૂકી હોય તો વિદ્યમાન મૂર્તિનું શું કરવું? અને બહાર ગામ જઈએ તો ઘરના મંદિરમાં પધરાવેલા મહારાજની સેવા પૂજામાં ભંગ પડે તો શું કરવું?

ઉત્તર : તો પહેલા વાત કરી કે, ઘરમાં ભગવાનની મૂર્તિ હોય તે બદલાવવી પડે તો ઘરે ભગવાનની પ્રાર્થના કરવી, થાળ ધરાવવો અને આરતી કરીને થોડી વિધિ કરીએ તો ભગવાન માફ કરે અને ઘરમાં પધરાવેલી મૂર્તિ બહાર જતા હોઈએ તો તેમાં તો આપણને જો અનુકૂળ હોય તો બીજાને આપીએ અને ન હોય તો ભગવાનને સ્વસ્થાનં ગચ્છ દેવેશ.... છેલ્લો લોક બોલીને વિસર્જન કરીએ. ને આવીએ ત્યારે આપણે સવારે પૂજા કરીએ ત્યારે ઉત્તિષ્ઠોત્તિષ્ઠ.... એ લોક બોલીએ છીએ એ લોક બોલીને આપણે ભગવાનના દર્શન કરીએ. તો બીજાને ઘરે આપી ન શકો કે કયાંય લઈ પણ ન જવાય, તો આવું કરીએ તો ભગવાન આપણને માફ કરે ને ભગવાનની પ્રાર્થના કરીએ.

પ્ર ન : જાણ્યે અજાણ્યે કોઈ પાપ થયું હોય તો શું કરવું?

ઉત્તર : તે તો પહેલા આપણે બધી વાત સમજાવી કે, આવી રીતે નાનું મોટું પાપ થઈ ગયું હોય તો આવી રીતે એકટાણા કરવા, માળા ફેરવવી, થોડું દાન પુણ્ય કરીએ અને ભગવાનને પ્રાર્થના કરીએ તો ભગવાન જરૂર દયાળુ છે. તો તે પાપ ટળાવી દે. પણ તે પાપનું પ્રાયશ્ચિત કરીએ વળી પાછા પાપ કર્યા જ કરીએ તો તે પાપ ટળે નહીં. તો આપણે એવી રીતે તે કાળજી રાખીને પહેલા જાણ્યે અજાણ્યે નાનું મોટું પાપ થઈ ગયું હોય તો તેનું યથાશકિત નિરાકરણ કરવું પણ વળી પાછું પાપ કર્યા કરીએ તો તે પ્રાયશ્ચિતની વિધિ બરાબર કહેવાય નહીં. માટે એવી કાળજી રાખવી ને ફરીને કયારેય નાનું મોટું પાપ ન કરીએ તો જ પ્રાયશ્ચિતની વિધિ બરાબર કહેવાય.

પ્ર ન : એક ભકત પૂછે છે કે, અમે અહીં બહાર જઈએ તો બધાને ઘેર જમવું પડે છે. તો ઘેર આવીને પ્રાયશ્ચિત કરવું હોય તો કેવી રીતે કરવું?

ઉત્તર : તો બહાર ગયા હોઈએ ત્યારે સારા સત્સંગી હોય ને સારા નિયમ ધર્મનું પાલન કરતા હોય તો એનું જમીએ તો એમાં કોઈ વાંધો હોતો નથી. પણ એવા કોઈ નિયમ ધર્મ પાલન કરતા ન હોય એને ત્યાં જવાઈ જાય તો ઘરે આવીને પાંચ–દશ

માળા ફેરવવી. એકાદું એકટાણું કરીએ, ભગવાનને પ્રાર્થના કરીએ તો ભગવાન માફ કરે.

પ્ર ન : જે ગુરૂ બનાવ્યા હોય તેની જ કંઠી પહેરવી કે નહીં? અને પૂજા પણ ગુરૂની આપેલી કરવી કે બીજા સંતોની આપેલી પૂજા કરીએ તો એમાં સારૂં શું કહેવાય ?

ઉત્તર : જે ગુરૂ સારા નિયમ ધર્મ બરાબર પાલન કરતા હોય તો તેની જ કંઠી પહેરવી ને પૂજા પણ એની જ અર્પણ કરેલી કરવી તેજ બરાબર કહેવાય.

તો એમાં તો મહારાજે કહયું કે, આપણે જેને ગુરૂ બનાવ્યા હોય તો ગુરૂ તો જ્ઞાન ગુરૂ કહેવાય. જ્ઞાન ગુરૂ તો આપણે ગમે તેટલા કરીએ પણ નિષ્ઠા ગુરૂ તો એકજ રખાય. નિષ્ઠા ગુરૂ પાસે જે કંઠી પહેરી હોય એ બરાબર નિયમ પાલન કરતા હોય તો બીજા ગુરૂ બદલાવવાની જરૂર નહીં. પણ પહેલા જે વાત કરી કે લોભી ગુરૂ અને લાલચુ ચેલો હોય એવા ગુરૂ મળી જાય તો એને બાજી પડવાની જરૂર નહીં. દત્તાત્રેય ભગવાને ચોવીસ ગુરૂ કર્યા હતા અને રામાનંદ સ્વામી પણ આત્માનંદ સ્વામી પાસે ગયા તો ભગવાનને નિરાકાર સમજાવ્યા, તો એને પણ ગુરૂ બનાવ્યા. જેવા તેવા ગુરૂને બાજી પડવાની જરૂર નહીં. સારા ગુરૂ હોય તો ભલે એને ગુરૂ રાખવા. નહીંતર ભલે ગુરૂ બદલાવીએ એમાં કોઈ પાપ લાગતું નથી. પૂજા તો આપણે સ્વામિનારાયણના સિદ્ધાંત પ્રમાણે ઘનશ્યામ મહારાજની મૂર્તિ હોય કે રાધાકૃષ્ણની મૂર્તિ હોય કે નરનારાયણ દેવની મૂર્તિ હોય કે લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિ હોય તેની પૂજા કરવામાં વાંધો નહીં. પણ આપણને એમ લાગે કે આ ગુરૂના નિયમ ધર્મ બરાબર નથી તો એને બદલાવી નાખવા એમાં કોઈ વાંધો નહીં. પણ ચાલુ માટે એમ કરવાની જરૂર નહીં.

પ્ર ન : સપના કેમ આવે છે તે જણાવશો. તેના નિરાકરણનો ઉપાય જણાવશો. શું કરવાથી સપના ટળે તેનો ઉપાય બતાવશો. આશીર્વાદ આપશો આવું અમને ન થાય. બોર્નવીટાવાળું દૂધ પિવાય કે નહીં તે કેફી વસ્તુ કહેવાય કે નહીં ?

ઉત્તર : સપના ટળે કેમ તો રાત્રે સૂતી વખતે ભગવાનની માળા ફેરવવી ને ઊંઘ ન આવે ત્યાં સુધી મનમાં ભગવાનનું નામ લઈએ તો સપના ન આવે. દૂધનું લખ્યું તે પાવડર કેફી નથી પણ દૂધમાં નાખવાની જરૂર નહીં.

સપના તો આપણે ભગવાનની મૂર્તિને સંભારીએ તો જેનો જીવ બળને પામ્યો હોય તેને કયારેય પણ સપનું આવે નહીં. કેટલેક ઠેકાણે દૂધમાં આવું કેફી આવે છે,તો એવું દૂધ આપણે વાપરવું નહીં. અમેરિકામાં તો એવો રિવાજ છે કે જેમાં જે જે વસ્તુ હોય તે માથે લખેલું હોય એ વાંચીએ અને કેફી ન હોય ને સારું હોય તે દૂધ આપણે પીવું. કેફી વાળું હોય તેવું દૂધ આપણે પીવું નહીં. ચીઝ હોય કે એવી કોઈ બીજી વસ્તુ હોય એમાં ઈંડા કે એવી કોઈ બીજી વસ્તુ હોય તો આપણે એ ખાવી નહીં.

પ્ર ન: મહારાજને થાળ, આરતી કરીએ ત્યારે એની સાથે પિતઓને પણ બોલાવીએ તો એને તકલીફ થાય કે નહીં ?

ઉત્તર : મહારાજને થાળ ધરાવીએ કે આરતી ઉતારીએ એમાં પિતઓને બોલાવવાની કોઈ જરૂર છે નહીં. પિતઓના કલ્યાણ માટે માળા ફેરવવી પણ થાળ કરીએ ત્યારે પિતઓને બોલાવવાની કોઈ જરૂર નથી.

પ્ર ન : અમારા ઘરે પૂજ્ય સ્વામીના આશીર્વાદથી વ્યસન કે એવું બધુ નીકળી ગયું છે. ગયા વર્ષે મહારાજની આજ્ઞાથી અમારા ઘરે સત્સંગમાં વધારો થયો, સત્સંગ જીવમાં ઉતર્યો. એકજ ગુરૂ રાખવા એમ બધા હરિભકતો કહે છે.

ઉત્તર : ગુરૂ તો આપણે એકજ રાખવા, બીજા સંતો આવે તો આપણે એને માનીએ કે ભલે પૂજીએ એમાં કોઈ વાંધો નહીં. પણ નિયમ ધર્મ બરાબર પાળતા ન હોય અને બીજી બધી વસ્તુઓ માંગ્યા કરતા હોય તો એવા ગુરૂને માનવાની જરૂર નહીં.

પ્ર ન : માનસી પૂજા પછી એક કલાક પૂજા કરીએ તો એમાં વાંધો નહીં ને ?

ઉત્તર : એમાં વાંધો નહીં.

પ્ર ન : ઘરમાં ઉપદ્રવો થતા હોય તો શું કરવું ?

ઉત્તર : આપણે બરાબર નિયમોનું પાલન કરીએ અને થોડી થોડી માળાનું પુણ્ય આપતા જઈએ, તો એની મેળે શાંતિથી સુધરી જાય. માળાનું પુણ્ય આપે તે બરાબરછે, આસ્તે આસ્તે સુધરી જાય. ઘરમાં માણસો હોય, બૈરા છોકરા હોય એને શાંતિથી સમજાવવા. પણ ઝઘડો કરવો નહીં. ભગવાનને પ્રાર્થના કરીએ અને શાંતિથી સમજાવીએ તો આસ્તે આસ્તે થઈ જશે

પ્ર ન :ભગવાનનું સ્મરણ કરવાનું શરૂ કરીએ ત્યારે ભગવાનના નામનો જપ ચાલતો હોય ત્યારે મનથી બીજા સંકલ્પો થઈ જાય છે તેનું નિરાકરણ આપશો. હાલતા ચાલતા જનમંગલના પાઠ થાય કે નહીં? ઘરમાં ફોટા વાળા અનેક કેલેન્ડર્સ થઈ ગયા છે. તો શું કરવું?

ઉત્તર :મનથી બીજા સંકલ્પો થાય ત્યારે ભગવાનની પ્રાર્થના કરવી તેથી ટળી જાય. જનમંગલના પાઠ હાલતા ચાલતા ન થાય. ઘરમાં ઘણી મૂર્તિઓ ભેગી થઈ હોય તો દિવાલમાં રાખવી પણ ભગવાનના મંદિરમાં રાખવી નહીં. મંદિરમાં તો એકજ ઘનશ્યામ મહારાજની મૂર્તિ રાખવી.

પ્ર ન :ભગવાનની ભકિત, પૂજા, કીર્તન, સ્મરણ,ચિંતન કરતા વિકાર વાસના બહુ થાય તો તે કેમ ટળે?

ઉત્તર :તે ભગવાનની પ્રાર્થના કરવાથી ટળે છે. તે તો ભગવાનનું આપણે અખંડ સ્મરણ કરીએ તો એની મેળે શાંતિ થઈ જાય.

પ્ર ન :ગહસ્થ જીવનમાં રહીને ભગવાનને કેમ સાધી શકાય?

ઉત્તર :તે તો પહેલા વાત કરી કે પવિત્ર ગહસ્થાશ્રમમાં રહીએ તો ભગવાન રાજી થાય જ છે. એમાં ભગવાનને કહેવાની જરૂર રહેતી નથી.

પ્ર ન :મધ્યના ૬૬ ના વચનામતમાં કહયું કે, ભગવાનનું ધ્યાન કરતા કરતા ભગવાનને આકારે થઈ જાય છે એટલે ભગવાનના આકારે થઈ જાય છે એટલે તે ભગવાન થઈ જાય છે?

ઉત્તર :એના ઉત્તરમાં વચનામતમાં કહયું કે, ભગવાનને ભજી ભજીને અનંત કોટિ મુકતો થાય, પણ તે ભગવાનના ધામમાં જાય તો એને એમ થાય કે આ મારા ભગવાન છે અને હું એમનો દાસ છું. એમ સ્વામી સેવકપણું રહે છે, પણ પોતે ભગવાન થઈને જેમ તેમ વર્તવા મંડે તો તે ભકત કહેવાય નહીં.

પ્ર ન :ધાણાની દાળ મીઠાંના પાણીમાં શેકેલી હોય તો તે ખવાય કે નહીં?

ઉત્તર :ખાવામાં વાંધો નહીં.

પ્ર ન :વિમુખની વ્યાખ્યા શી છે? રાત્રે પથારીમાં સૂતા સૂતા માળા કરીએ

તો પૂજાની માળા વપરાય કે ન વપરાય ?

ઉત્તર : મહારાજ કહે કે સત્સંગથી જે નોખા પડી ગયા હોય તે વિમુખ કહેવાય. આપણે બોલીએ પણ છીએ કે વિમુખ જીવકે વદનસે કથા સૂણી નવ જાત. આપણા સત્સંગથી જે નોખા પડી ગયા હોય અને આપણા આચાર્ય પાસેથી જેમણે દિક્ષા ન લીધી હોય તે વિમુખ કહેવાય. એમની વાતું આપણે સાંભળવી નહીં. રાતે સૂતા સૂતા માળા ફેરવવી હોય તો બીજી રખાય પણ પૂજાની માળા નહીં.

પ્ર ન : દરિયાપાર સૂતક લાગે નહીં ? લાગે તો કોનું ? કેટલા દિવસનું લાગે ? ત્યારે શું કરવું અને શું ન કરવું ?

ઉત્તર : દરિયાપાર હોય તે ખબર પડે તો પાળવું પડે. ઘણા પાળતા હોય અને ઘણા ન પાળતા હોય, પણ સૂતક તો પાળવું જ પડે.

પ્ર ન : ગ્રહણ થયા પછી શું ?

ઉત્તર : તે તો મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું કે, સંતો હોય તેમણે પૂજા કરવી ને ગૃહસ્થ હોય તેમણે પોતાની શકિત પ્રમાણે દાન કરવું.

પ્ર ન : ગુરૂપૂર્ણિમાના દિવસે કોને પૂજવા ?

ઉત્તર : તો ગુરૂપૂર્ણિમાના દિવસે તો આપણા ગુરૂ ના ગુરૂ તો સ્વામિનારાયણ ભગવાન. આપણે હંમેશા બોલીએ છીએ કે, "જય સદ્‌ગુરૂ સ્વામી !" ગુરૂ ના ગુરૂ તો સ્વામિનારાયણ ભગવાન છે અને ત્યારબાદ ગુરૂપદે સ્વામિનારાયણ ભગવાને આચાર્યોની સ્થાપના કરી એટલે આચાર્યની પૂજા કરવી અને ત્યાર બાદ સંતો આપણા જે ગુરૂ હોય તેમની આજ્ઞા માનીને તેમનું વચન મુખ્ય માનવું. પણ આપણા ગુરૂના ગુરૂ તો સ્વામિનારાયણ ભગવાન છે અને બીજા નંબરે ગુરૂ પદે આચાર્ય મહારાજને, મહારાજે કહયા, અને સંતો જે આપણા ગુરૂ હોય તેમની આજ્ઞા પાલન કરી અને તેમના પાસેથી જ્ઞાન લેવું.

પ્ર ન : ભગવાન એક છે કે અનેક છે ?

ઉત્તર : એ તો અનેક જીવોના કલ્યાણ કરવા માટે ભગવાને અનેક અવતારો લીધા અને હજી પણ લેશે. પણ આપણને કયા ભગવાન મળ્યા ? સ્વામિનારાયણ

ભગવાન મળ્યા. સુરાખાચરની જેમ. ઠાકર બેઠા પારણે ને હું દોરી તાણું. હું સ્વામિનારાયણ ભગવાનનો અને સ્વામિનારાયણ ભગવાન મારા. મારા ગુરૂ મને કહેતા કે, કેટલાક કહેતા કે આ સ્વામિનારાયણ ભગવાન કૃષ્ણ જેવા છે. શાસ્ત્રોમાં, વચનામતમાં પણ લખ્યું છે અને "વાતો" માં પણ લખ્યું છે, તો મારા ગુરૂ હતા તે ચાર કલાક સુધી ચર્ચા ચાલી. કેટલાક કહે કે ભગવાનને રામ જેવા માનવા. કેટલાક કહે કે કૃષ્ણ જેવા માનવા. પણ મારા ધ્યાન ગુરૂ શ્રી વલ્લભદાસજી સ્વામી કહે કે, નકામા વાદ વિવાદમાં શા માટે આવવું ને ભજન ભૂલો છો ? તે તો અક્ષરધામમાં જાશું ત્યારે દેખશું. અક્ષરધામમાં જાશું ત્યારે મહારાજ ત્યાં અક્ષરધામમાં બેઠા હશે, ત્યારે આપણે જાણીએ કે આ અક્ષરધામના અધિપતિ છે અને ગોલોકમાં જાશું ત્યારે ગોલોકમાં કૃષ્ણ ભગવાન છે, આપણે એવી ભાંજગડમાં પડવું નહીં. સ્વામિનારાયણ ભગવાનને વિષે નિષ્ઠા રાખીને એનું આપણે ભજન કરવું.

આપણે એક બીજામાં અંતરનો પ્રેમ રાખવો ને અંતરનો પ્રેમ હોય તો મહારાજ કહે કે, લાખો ગાઉ દૂર હોઈએ તો એ પાસે જ છે, અને અંતરનો પ્રેમ ન હોય તો પાસે હોય તોય તે લાખો ગાઉ દૂર છે. અંતરનો પ્રેમ છે તે જ આપણે સાચો પ્રેમ છે.

આવી રીતે મને આવડે તેવા પ્ર નના ઉત્તર કર્યા. બાકી તો મોટા સંતોએ કહયું કે ચાર વેદ, છ શાસ્ત્ર અને અઢાર પુરાણનો સાર કોઈ પણ સમજી શકતા નથી. આપણા સૌના નિયંતા સ્વામિનારાયણ ભગવાન છે. એમને વિષે પતિવ્રતાની ટેક રાખવી. એમનું ભજન કરીએ તો આ લોકમાં પણ ભગવાન આપણી સહાયતા કરે છે, અને દેહને અંતે પણ અપાર, દિવ્ય જેમાં સુખ રહેલું છે તે સુખ આપણને ભગવાન જરૂર આપે છે. માટે આપણે જેટલું બને તેટલું ભગવાનનું ભજન વિશેષ કરવું અને પવિત્ર ગહસ્થાશ્રમમાં રહેવું.

આ પવિત્ર ગહસ્થાશ્રમની, આ ભગવાનના મહિમાની વાત લખી છે. તે પ્રમાણે જો વર્તશું, તો ભગવાન જરૂર આપણા ઉપર રાજી થાશે. આપણે એક બીજામાં અંતરનો પ્રેમ છે. આથી આ અગાઉના જન્મમાં પણ આપણે ભેળા મળી આપણે સૌએ વ્રત, તપ, જપ કર્યા હશે, તો વળી પાછા ભગવાને અહીં આપણને ભેળા કરી આપ્યા, અને આપણે એકબીજામાં અંતરમાં પ્રેમ રાખી, આવી રીતે ભગવાનના

નિયમોનું પાલન કરી અને ભજન કરશું, તો દેહ ને અંતે પણ આપણે સર્વેએ ભગવાનની સેવામાં રહેવાનું છે. તો દેહને અંતે ભગવાનની સેવામાં રહી જવાય તો જ આપણો આ માનવ જન્મનો ફેરો સુફળ થયો કહેવાય. તમે બધા થોડી ઘણી કાચ્યપ ટાળીને આ રીતે ભગવાનનું ભજન કરો અને ભગવાનની મૂર્તિનું સુખ લ્યો. એવી સ્વામિનારાયણ ભગવાન આગળ, ઘનશ્યામ મહારાજ આગળ પ્રાર્થના કરૂં છું.

માતા જેમ બાળકની રક્ષા કરે છે તેમ ભગવાન

પોતાના ભક્તની રક્ષા કરે છે.

સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં અને શિક્ષાપત્રીમાં કહયું કે,જેવા મને મારા ભકત વહાલા છે તેવું કાંઈ પણ વહાલું નથી. માતા જેમ બાળકની રક્ષા કરે એમ મારા ભકતની મહારાજ કહે હું રક્ષા કરૂં છું.

એક હાથીની વાત લખી. એક હાથી હતો. હાથીને ગરમી થાય ત્યારે મોટું તળાવ હોય કે નદી હોય, એમાં એ હાથી ઠંડક કરવાને જાય. તેમ આ હાથી ઉનાળ ના વખતની ગરમીમાં મોટી નદી હશે તેમાં તે ગયો. ત્યારે નદીમાં તો મોટા મોટા મગરમચ્છ હોય, એટલે તે હાથીના પગે મોટો મગરમચ્છ વળગ્યો અને હાથીને તાણી જવા મંડયો. હાથીમાં ઘણું બળ હોય, પણ પાણીમાં એનું કાંઈ બળ ચાલે નહીં. પાણીમાં કેનું બળ ચાલે ? તો માછલાં હોય, મોટા મોટા મગરમચ્છ હોય તે હાથીને આમ તાણી જવા માંડયા. હાથીએ આમ ઘણું નીકળવાનું બળ કર્યું, પણ આ મગરમચ્છે એના પગને એટલો બધો જકડી લીધો ને ખેંચી જ જાવા મંડયો. એટલે હાથીએ જાણ્યું કે હવે આમાં મારૂં કાંઈ ચાલશે નહીં.

માટે જગતના કર્તા હર્તા ભગવાન છે. એટલે પોતાની સૂંઢમાં પાણી ભરીને એને અર્પણ કર્યું. હે ભગવાન ! હે દયાળુ ! તમે આ મગરમચ્છથી મારી રક્ષા કરજો. આવી હાથીની પ્રાર્થના સાંભળીને, ભગવાન ગમે ત્યાં હોય, પણ ભકત આવી રીતે ભગવાનને યાદ કરે, ભગવાનની પ્રાર્થના કરે, ત્યારે ભગવાન પોતાના ભકતનું રક્ષણ કરવાને માટે આવે જ છે. એના અનુસંધાનમાં આપણા સંતોએ કીર્તન કર્યું કે,

ગરૂડ તજીને પાળા પધાર્યા, ગજ સારૂં મહારાજ !
એવી રીતે તમે આવો દયાળુ, કરવા અમારા કાજ ! !

આવું હાથીનું વચન સાંભળીને ભગવાન તો પોતે પોતાના ગરૂડને તજીને પધાર્યા, ગજ સારૂ મહારાજ, હાથીનો આવો આર્તનાદ તથા પ્રાર્થના સાંભળીને ભગવાન દોડતા આવ્યા. દોડી અને હાથી પાસે આવ્યા ! હાથીને મગરમચ્છની જાળમાંથી છોડાવ્યો. એટલે હાથી બહુ રાજી થયો. અહોહો! હે ભગવાન ! હે દયાળુ ! તમે મારી આ રક્ષા કરી.

આ તો વાતેય સાચી છે. તો આપણે એના ઉપરથી શું લેવાનું કે, આ સંસારરૂપી મોટી નદી, એમાં કામ ને ક્રોધ ને લોભ ને એ બધા મોટા મોટા મગરમચ્છો છે. તે આપણને આ સંસારરૂપી નદીમાં ખેંચી જાય છે. પણ જેમ આ હાથીએ ભગવાનની આવી પ્રાર્થના કરી તો ભગવાને એની રક્ષા કરી. તેમ જ્યારથી આ સષ્ટિનું મંડાણ થયું ત્યારથી કરીને આજ દિવસ સુધી આપણને આ કામ ને ક્રોધ ને લોભ તે બધાય મોટા મોટા મગરમચ્છો સંસારરૂપી સમુદ્રમાં ખેંચી જાય છે. એમાં આપણે સર્વે પુનરપિ જનનં ને પુનરપિ મરણમ્. આપણે સર્વે તે વડે જ જન્મ મરણના ફેરા ભોગવ્યા જ કરીએ છીએ !

પણ આજે સ્વામિનારાયણ ભગવાને આપણા ઉપર એવી દયા કરી અને મહારાજે પણ આપણને સવારે પૂજા કરતી વખતે કહયું કે, હંમેશા પાંચ દંડવત કરતા હોઈએ તો એક દંડવત વધારે કરવો અને ભગવાનની પ્રાર્થના કરવી કે હે પ્રભુ ! હે દયાળુ ! આ કામ ને ક્રોધ ને લોભ થકી મારી રક્ષા કરજો અને તમારા કોઈ ભકતનો મને, વચને અને દેહે કરીને કોઈ અપરાધ ન થાય. તો આપણે આવી ભગવાનની પ્રાર્થના કરીએ. તો આ કામ ને ક્રોધ ને લોભ તે બધા એવડા મોટા મોટા મગરમચ્છો છે, તેણે બ્રહ્મા, શિવ જેવા મોટા મોટાને હરાવી દીધા છે. પણ આપણા તો એવા મોટા અહોભાગ્ય છે કે સ્વામિનારાયણ ભગવાને વચનામતમાં લખ્યું છે કે, આવી અક્ષરધામ તુલ્ય સભા હોય, તેના દર્શન કરીએ તો પ્રયાસ વિના જ દોષો ટળી જાય.

એના ઉપર એક ભકતની વાત લખી કે, પોતે એવા મોટા ભકત હતા નહીં, પણ એણે સાંભળ્યું કે આ સ્વામિનારાયણ ભગવાન કહેવાય છે અને એના દર્શન કરવાથી એને શાંતિ થઈ જાય છે અને એના દોષ બધા ટળી જાય છે. એમ એણે

સાંભળ્યું, ત્યારે કોઈ દેવી આત્મા હોય એને એમ થયું કે, મારે આવા દયાળુ ભગવાન પથ્વી પર બિરાજમાન છે, તો મારે એના દર્શન કરવા છે. તે ભાઈ ભગવાનના દર્શન કરવા ગઢડા ગયા. મહારાજ સભા કરીને ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની વાતું સંભળાવતા હતા. એવી સભા જોઈને એના અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ, માન એ આદિ ટળી ગયા. બીજું, તમે સર્વે આવા અમેરિકા જેવા દેશમાં રહી અને કામને, ક્રોધને, લોભને, તે મોટા મોટા મગરમચ્છ છે, તેને અહીં કયાંય પેસવા દેતા નથી, તે તમારા મોટા ભાગ્ય કહેવાય. જગતના જીવો એવા કામ, ક્રોધ, લોભનો બિચારા માર ખાધા જ કરે છે. પણ આપણા ઉપર ભગવાને દયા કરી અને ભગવાને પોતાના ભક્તજનોના દોષ ટાળી નાખ્યા. જો આવા દોષ ટળ્યા ન હોય તો કયાંથી આપણે અહીં બેસી શકીએ. આવી સભા જોઈને કામ ને ક્રોધ ને લોભ તે મોત વિના જ મરી ગયા. મરી ગયા એટલે ? ભગવાનના ભક્ત હોય તે ભલે ગહસ્થાશ્રમમાં રહેલા હોય, પણ ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તે તો એના કામ, ક્રોધ ને લોભ તે બધાય દોષ જીતાઈ ગયા કહેવાય. ત્યારે આ ભક્ત ત્યાં ગયેલા. મહારાજના એણે દૂરથી દર્શન કર્યા અને એને આમ શાંતિ શાંતિ થઈ ગઈ.

બીજું; નિરંજનાનંદ સ્વામી પાસે જઈને કોઈ બેસે તો એને શાંતિ થઈ જાય. ટાઢું થઈ જાય. ટાઢું થઈ જાવું એટલે સ્વામી પાસે કાંઈ બરફ હતો નહીં. જેમ આ લોકમાં ચાર ડિગ્રી કે પાંચ ડિગ્રી તાવ આવે તો બરફ મૂકે. બરફ મૂકે એટલે અંતરમાં ટાઢું ન થાય, બહારથી ટાઢું થાય. એટલે શરીરમાં ટાઢું થાય. પણ અંતરમાં તો આવા સ્ત્રી ધનના ત્યાગી સંતો, ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આ સર્વે બ્રહ્મની મૂર્તિઓ હતા. એટલે આ નિરંજનાનંદ સ્વામી પાસે જઈને કોઈ બેસે તો એને આમ અંતરમાં ટાઢું થઈ જાય. એ આમ શાંતિ શાંતિ થઈ જાતી. નિરંજનાનંદ સ્વામી પાસે બરફ હતો નહીં, પણ સ્વામી પાસે ભગવાન હતા. એવા સાચા સંતોના દર્શન કરીએ તો એને શાંતિ થઈ જાય.

એકાંતિક ભક્ત ભાલચંદ્ર શેઠ

સત્સંગી જીવનના બીજા પ્રકરણમાં સુરતના હરિભક્ત ભાલચંદ્ર હતા તેમની

વાત લખી, ત્યાં મહારાજ પધાર્યા. આ ભાલચંદ્ર નામના ભકત મોટા એકાંતિક ભકત હતા. મહારાજની મૂર્તિનું હંમેશા ધ્યાન કર્યા જ કરે. જેમ અખંડ મોરનો કંઠ ચાલે તેમ તેમને સ્વામિનારાયણ સ્વામિનારાયણ સ્વામિનારાયણ થયા જ કરતું. ભાલચંદ્ર શેઠ વેપાર કરતા. અમારી પેઠે આ ભગવા પહેર્યા હતા નહીં. પોતે વેપાર કરતા પણ અખંડ સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા. જેમ ગોરધનભાઈની વાત લખી, તે પણ કોઈ કાંઈ લેવા આવે, કોઈ ગોળ લેવા આવે તો એને આપે, પણ કોઈ પૈસા ન આપે તો, તે હસ્તે સ્વામિનારાયણ ભગવાનનું નામ લખતા.

મુકતાનંદ સ્વામીએ મહારાજને કહયું કે મહારાજ ! આ ગોરધનભાઈનો વ્યવહાર બગડી જાશે. મહારાજે પૂછયું કેમ ? તો આ માણસો માલ લઈ જાય છે અને કોઈ પૈસા નથી આપતા તો હસ્તે સ્વામિનારાયણ એમ લખે છે. મહારાજ કહે કે તો અમે કાંઈ દેવાળીયા છીએ ? અમારૂં નામ લખે તો તે ભકતને બીજા માણસો જરૂર પૈસા આપશે જ. એટલે મહારાજ કોઈને પ્રેરણા કરે કે જાવ ! આ ખાંડના પૈસા, આ ગોળના પૈસા, આ ચોખાના પૈસા દઈ આવો. ત્યારે ગોરધનભાઈ કયારેય ઉઘરાણી કરવા જાતા નહીં. પણ માણસો પૈસા આપી જાતા.

તેમ આ ભાલચંદ્ર ભકત પણ તેવા જ હતા. હંમેશા ભગવાનની પ્રાર્થના કરે કે હે પ્રભુ ! હે દયાળુ ! તમે દયા કરીને મારે ઘરે દર્શન દેવા પધારજો. જોકે પોતે તો ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખતા જ હતા. જેમ બ્રહ્માનંદ સ્વામીએ કહયું કે

"મારા હૈડામાં નાથ હંમેશ દર્શન દેજો રે
બ્રહ્મમુનિ કહે નટવર વેશ, આંખલડીમાં રહેજો રે"

એના ઉપરથી આપણે શું સમજવું ? બ્રહ્માનંદ સ્વામી ચોવીસ કલાક બેસી રહેતા ન હતા. બ્રહ્માનંદ સ્વામીને મહારાજે આજ્ઞા કરી તે વડતાલનું મંદિર કરાવ્યું. જુનાગઢનું મંદિર કરાવ્યું. મુળીનું મંદિર કરાવ્યું. પણ અખંડ એને સ્વામિનારાયણ સ્વામિનારાયણ થયા જ કરતું અને સ્વામિએ કીર્તનમાં પણ લખ્યુ કે હે ભગવાન ! જયારે અમે તમારૂં ધ્યાન કરીએ ત્યારે હૃદયમાં તમારી પ્રકાશમાન, દિવ્ય, માધુરી મૂર્તિનું દર્શન આપજો અને બ્રહ્મમુનિ કહે નટવર વેશ આંખલડીમાં રહેજો રે ! એટલે ! આ સ્વામી મંદિરનું કામ કરતા ત્યારે એમ જાણતા કે આ ભગવાન મારી

પાસે બેઠા છે. આ ભગવાન આમ ચાલ્યા આવે છે. વળી આ માણસો અહીં કામ કરે છે. તે પણ અક્ષરધામના મુકતો છે, એવી ભાવના કરીને બહાર મૂર્તિના દર્શન કરતા.

બીજું, જ્યારે આપણને ટાઈમ હોય, ત્યારે હૃદયમાં મૂર્તિના દર્શન કરીએ, વ્યવહારિક કામકાજ કરતા હોઈએ ત્યારે મનમાં ને મનમાં સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ નામ લઈએ અને બહાર મૂર્તિને જોઈએ તો એવો અભ્યાસ કરીએ તો દર્શન થાય. બીજું, બ્રહ્માનંદ સ્વામી તો અખંડ મૂર્તિ દેખતા જ હતા. પણ આપણને આવું શીખવાડયું. શું શીખવાડયું ? કે જે ગહસ્થ હોય, તે વેપારી હોય એણે વેપાર કરવો જોઈએ, ખેડૂત હોય તેણે ખેતી કરવી જોઈએ. પણ ઓફિસમાં બેઠા હોઈએ કે બીજે જ્યાં હોઈએ ત્યાં આમ સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ ભગવાનનું નામ લીધા જ કરીએ. આ સર્વે અહીંયા મુકતો બેઠા છે. બ્રહ્માનંદ સ્વામીએ ગહસ્થ લોકોને શીખવાડયું કે આવી રીતે વ્યવહાર કામ કરતા ભગવાનને સંભારવા. ને સંતોને મંદિર સંબંધી કાર્ય હોય, પણ આવી રીતે ભગવાનને સંભારવાનો અભ્યાસ કરવો. તે મંદિરનું કામ પણ થાય ને ભગવાનને પણ સંભારી શકાય.

બીજું, ગઢપુરમાં મહારાજ મંદિર કરતા હતા ત્યારે મહારાજે સંતોને કહયું કે હે સંતો ! આ બેલા (પત્થર) શિખર ઉપર ખડકજો. પણ અંતરમાં મારી મૂર્તિ રાખજો. અંતરમાં બેલા ખડકશો નહીં. ત્યારે એવા સંતો તો મહારાજની મૂર્તિ ત્રણેય અવસ્થામાં દેખતા જ હતા. પણ આપણને શીખવાડયું કે સંતો હોય અને તેને ભગવાનના મંદિર સંબંધી કાર્ય કરવું હોય અને હરિભકતને કથા વાર્તા કરવી હોય, તો પણ ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું. ગહસ્થ હોય એને વ્યવહારિક કાર્ય કરવું હોય તો ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું.

ગાડાના દષ્ટાંતે કરીને કામકાજ કરતાં ભગવાનની સ્મૃતિ રાખવી

મોટા સંતોએ એક દ્રષ્ટાંત આપ્યું. ખેડૂત હોય એને ગાડું હોય, ત્યારે તે ગાડું ઠાલું હોય તો તે અવાજ કર્યા કરે. પણ પાંચ મણ કે દશ મણ કે વીશ મણ ગાડાંમાં વસ્તુ ભરી હોય, તો તે ખખડે નહીં. તે મોટા સંતો દ્રષ્ટાંત દેતા કે આપણે ભગવાનને ભૂલીને કામ કરીએ તો તે ઠાલું ગાડું કહેવાય અને ભરેલું ગાડું એટલે આપણે ભગવાનની

મૂર્તિને સંભારીને કામ કરીએ, તો તે ભરેલું ગાડું કહેવાય. ત્યારે આ ભાલચંદ્ર નામના ભકત હતા તે ભગવાનની મૂર્તિ ત્રણેય અવસ્થામાં દેખતા હતા. પણ એને એવી ઈચ્છા કે હે દયાળુ ! તમે દયા કરીને અહીં મને દર્શન દેવા પધારો. તે હંમેશા એવી પ્રાર્થના કરતા, તો તેનો ભાવ જોઈને મહારાજ ત્યાં ગયા. દૂરથી મહારાજને આવતા તે ભકતે જોયા એટલે જેમ ચમકપાણ દેખીને લોઢું ખેંચાઈ જાય તેમ તે ભકતની વત્તિ ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ ગઈ. ભગવાને વચનામતમાં પણ લખ્યું કે જેમ ચમકપાણમાં લોઢું ખેંચાઈ જાય, તેમ આવી રીતે આપણે ભગવાનના પ્રેમથી દર્શન કરીએ, તો આપણા મનની વત્તિ ભગવાનની મૂર્તિમાં તલ્લીન થઈ જાય. આ ભાલચંદ્રની વત્તિ ભગવાનની મૂર્તિમાં ખેંચાઈ ગઈ. મહારાજ ત્યાં ગયા. અરે હે ભાલચંદ્ર ! હે ભાલચંદ્ર ! તમે હંમેશા કહેતા હતા કે મારે ઘરે આવો. પણ તમે તો અમારા સામું પણ જોતા નથી. ત્યારે ભાલચંદ્રની વત્તિ પોતાની મૂર્તિમાં ખેંચી લીધી હતી. પછી મહારાજે આમ ચપટી વગાડી. ચપટી વગાડીને ધ્યાનમાંથી જાગ્રત કર્યા. એવી રીતે ભગવાનના દર્શન કર્યા તો એમને અંતરમાં આનંદ થઈ ગયો. અહોહો ! પ્રભુ ! મારે ઘરે તમે દયા કરીને પધાર્યા તો આનંદ થઈ ગયો. મોટા સંતોએ કીર્તનમાં લખ્યું છે કે,

" મારે મંદિર પધાર્યા શ્યામ કે થઈ બડભાગી
મારે હરિવર સાથે હેત શું લગની લાગી
મારા મનની પૂરી હામ કતાર્થ કીધી
ભવ બુડતાં મારી બાંહ્ય ગ્રહીને લીધી
કહે યોગાનંદ મુનિરાય ભજી લ્યો પ્રીતે
નહીં આવે જમના દૂત શાસ્ત્રની રીતે"

આ ભાલચંદ્ર ભકત પણ કીર્તન કરીને બોલ્યા કે હે પ્રભુ ! તમે દયા કરીને મારે ઘરે પધાર્યા અને મારા મનની ઈચ્છા તમે પૂરી કરી. સંતો પૂછે છે કે તમે સર્વે ભગવાનને પ્રાર્થના કરો છો ને ? કે મારે ઘરે આવો, મારે ઘરે આવો એમ પ્રાર્થના કરો છો ને ? કે હવે કરશો ? આપણે પણ એવી રીતે ભગવાનને પ્રાર્થના કરીએ તો આપણે ઘરે ભગવાનની મૂર્તિ હોય, તેમાંથી પ્રગટ થઈને આપણને ભગવાન જરૂર દર્શન આપશે ! પછી વળી કીર્તન બોલ્યા

"નેણામાં રાખું રે નેણામાં રાખું રે
નાથ તમને જતન કરીને મારા નેણામાં રાખું
નેણે નિરખી હરિને ઉરમાં ઉતારું
હાં રે જેના ગુણલા નિશદિન ગાઉ રે
નાથ તમને નેણામાં રાખું રે"

ભાલચંદ્ર નામના ભકત આવું કીર્તન બોલ્યા. ભકત ચિંતામણીમાં પણ સ્વામીએ લખ્યું કે, નેત્રે કરીને ભગવાનની મૂર્તિ જાણે પી જાશે. પાણી હોય કે શરબત હોય તો પી જવાય. પણ આ સ્વામીએ લખ્યું કે, નેત્રે કરીને ભગવાનની મૂર્તિ હું પી જાઉ. કેમ પીવાય ? ભગવાનની મૂર્તિ કેમ પી જવાય ? આવી ભગવાનની કિશોર મૂર્તિ ચોસઠ તસુ મૂર્તિ એને કેમ પી જવાય ? મને તો તે ઘેડય બેસતી નથી. કેવી રીતે કરશું ? આપણે બધા શું કરશું ? પાણી હોય તો પી જવાય, પણ સવા ચોસઠ તસુની ભગવાનની મૂર્તિ હતી તે કેમ પી જવાય ? તો આ સ્વામીએ લખ્યું કે, જેમ ધરમપુરના કુશળકુંવરબાઈ હતા તે દ્રષ્ટિ પલટાવીને દર્શન કરતા જતાં અને ભગવાનની મૂર્તિ અંતરમાં ઉતારતા જાતા. એટલે પી જાવાની કાંઈ જરૂર નથી. પણ નેત્ર વડે નિરખી અને આપણા હૃદયમાં ઉતારી તે પી જવાય એમ કહેવાય. કિશોર મૂર્તિ, પ્રકાશમાન તે મૂર્તિને અંતરમાં ઉતારી લેવી તે પી ગયા એમ કહેવાય. પી જવું એટલે નેત્રે કરીને તે ભગવાનની મૂર્તિને આપણા અંતરમાં ઉતારીએ.

બીજું, સંતો પૂછે કે તમે સર્વે ભગવાનના ભકત છો, એટલે એવું કરતા જ હશો. પણ ન કરતા હો તો આજથી કાળજી રાખીને કરશો. આ ભાલચંદ્ર સાધુ થયા ન હતા કે એણે કોઈ ભગવા કપડાં પહેર્યા હતા નહીં. વ્યવહારિક કાર્ય બધું કરતા હતા. સ્ત્રી, પુત્ર, ધન, દોલત, માલ મિલ્કત બધું હતું, પણ આવી રીતે ભગવાનની મૂર્તિને ત્રણેય અવસ્થામાં સંભારતા. પછી મહારાજે ધ્યાનમાંથી જગાડયા. પછી તેમણે પ્રાર્થના કરી. પછી મહારાજને માટે સર્વેએ રસોઈ બનાવી. અનેક મીઠાઈ, સાટા, જલેબી, મોહનથાળ એમ અનેક પ્રકારની મીઠાઈ બનાવી. ફરસાણ બનાવ્યા. પુરી, દાળ, ભાત, શાક અનેક પ્રકારના વ્યંજનો બનાવ્યા. પછી મહારાજને, ભાલચંદ્ર નામના ભકત હતા તે પ્રેમથી જમાડતા. મોઢામાં કોળિયા આપતા જાય ને મહારાજને જમાડતા

જાય. મહારાજ ! આ સાટા લ્યો, આ જલેબી લ્યો. સંતો હરિભકતોને પૂછે છે, કે તમે સર્વે એમ કરો છો ને ? માનસી પૂજા કરીએ ત્યારે આ ભગવાન બિરાજમાન છે અને આ ભગવાનને સાટા જમાડીએ, મોહનથાળ જમાડીએ, મહારાજને મોઢામાં કોળિયા દેતા જઈએ અને ભગવાન જમતા જાય ! એમ તમે સર્વે કરો છો ને ? કે હવે કરશો ? મહારાજ કહે કે માનસી પૂજા કરે કે પ્રત્યક્ષ પૂજા કરે, બંનેમાં સરખું જ પુણ્ય થાય. તેમ આવી રીતે ભાલચંદ્ર નામના ભકતે મહારાજને પ્રેમથી જમાડયા,ને જમાડીને પ્રેમથી ભગવાનને ચળુ કરીને મુખવાસ દીધો ને પછી સર્વે સંતોની પંકિત કરી. ભાલચંદ્ર ભકત કહે કે મહારાજ ! આજ તમે સંતોને જમાડો તો સારૂં ! આમ તો દરરોજ મહારાજ સંતોને જમાડે નહીં. પણ કાંઈક એવો પ્રસંગ હોય ત્યારે જમાડે. આપણા આચાર્ય મહારાજ હોય તે આવો કોઈ મોટો સમૈયો હોય અને સંતો વિનંતી કરે તો આચાર્ય હોય તે આ સંતોને પંકિતમાં જમાડે. ભાલચંદ્ર ભકતનો આવો પ્રેમ જોઈ, મહારાજ પોતાના પ્રેમી ભકતના જેવા જેવા મનોરથો હોય, તે પુરા કરે જ છે. તે તો ભગવાન જ્યારે ગઢપુરમાં, વડતાલમાં, અમદાવાદમાં, ભુજમાં હતા ત્યારે કરતા હતા.

શ્રદ્ધા આદર અને પ્રેમથી સંતો, હરિકતોને પીરસવું

આ ભાલચંદ્ર નામના ભકતનો પ્રેમ જોઈ, મહારાજ આમ ખેસ આડો નાખીને ભેટ બાંધીને પીરસવા મંડયા. લાડુ, સાટા, મોહનથાળ, ભજીયા એ આદિક અનેક પ્રકારની મીઠાઈ લઈ, પાંચ વખત પંગતમાં ફરીને સંતોને જમાડયા. મહારાજે સત્સંગી જીવનમાં પણ લખ્યું છે કે, સંતો હોય કે તમે સર્વે હરિભકતો હોય, તે હરિભકતોને જમાડતા હોય કે સંતોને જમાડતા હોય તો એમાં શું કરવું ? શ્રદ્ધા, આદર અને પ્રેમ. સંતોને જમાડતા હો તો આવો વિચાર કરવો કે અહોહો ! આવા સંતોને જમાડવાનો મને લાભ મળ્યો. તમે સર્વે હરિભકતો હો, તે હરિભકતોને પીરસતા હો તો એવો વિચાર કરવો કે, અહોહો ! આ ભગવાનના ભકતોને પીરસવાનો મને લાભ મળ્યો. એવી શ્રદ્ધા રાખવી. આદર એટલે પ્રેમભાવ. અહોહો ! આવા ભગવાનના ભકત છે. આવું ભગવાનનું ભજન કરે છે. તો એમ આદરથી જમાડવા અને પ્રસન્નતા. પ્રસન્નતા

એટલે એની ઈચ્છા ન હોય અને જોરે કરીને લાડુ નાખી દઈએ. એને જોરે કરીને નાખીએ એટલે તે પ્રસન્ન થાય ને? તમે લાડુ ખાવાની ઈચ્છા ન હોય અને લાડુ નાખી દે તો રાજી થાય ને? તે પ્રસન્ન થાય નહીં. હા! ભગવાન એવું કરતા ખરા! સ્વામિનારાયણ ભગવાન એવું કરતા ખરા. એવું લખ્યું છે "હા હા કરે "એમ "હા "હા" કરે તો એની ઈચ્છા છે, પણ એકલી ના ના કરે તો મહારાજ કહે કે તેની ઈચ્છા છે પણ જો સિંહનાદ કરે કે હવે નહીં જોઈએ. ત્યારે ન પીરસવું. તો મહારાજ આ સંતોને પ્રેમથી જમાડતા.

પછી મહારાજ આવી રીતે બધા સંતોની પંક્તિમાં ફર્યા. પછી છેલ્લે દૂધપાક વધ્યો. ભાલચંદ્ર શેઠ કહે કે મહારાજ! આ લાડુ છે કે મોહનથાળ છે, તે તો હું રાખી મૂકું, પણ આ દૂધપાક કયાં રાખું? અત્યારે તો ફ્રિજમાં બધા રાખી મૂકે છે. બે ચાર દિ બગડે નહીં. નહીંતર દૂધપાક રહે નહીં. પહેલાના જમાનામાં તો દૂધપાક કરે એટલે વાપરી જ નાખવો પડે.

પછી મહારાજે એક ડોલમાં દૂધપાક ભરી, હાથમાં પીરસવાનું લઈ અને પીરસવા મંડયા. ત્યારે બ્રહ્માનંદ સ્વામી પાસે મહારાજ આવ્યા. બ્રહ્માનંદ સ્વામી! આ દૂધપાક લ્યો! ત્યારે બ્રહ્માનંદ સ્વામી વિચારવા લાગ્યા કે આ દૂધપાક, પણ દૂધપાકને મહારાજના હાથનો સ્પર્શ હોય નહીં. તોય પણ મહારાજે એમને બે વાટકા દૂધપાક આપી દીધો. બ્રહ્માનંદ સ્વામી કહે કે મહારાજ! દૂધપાકની શી જરૂર હતી? આ આત્માનંદ સ્વામીના દાંત નથી તે એમને આપ્યો હોત તો એ પી જાત, પણ લાડુ આપ્યો હોત તો હું જમત. તો લાડુને શેનો સંબંધ હતો? તો લાડુને તો મહારાજના હાથનો સંબંધ હતો. દૂધપાક ભલે ભગવાનનો પ્રસાદ હતો, પણ ભગવાનના સ્પર્શ વિના નકામો હતો. પછી મહારાજ કહે કે લ્યો! ત્યારે આ લાડુ પણ મહારાજે આપ્યા.

સંતોને જલેબી જમાડી અખંડ મૂર્તિ દેખતા કર્યા

સર્વે સંતોને આવી રીતે મહારાજે દૂધપાક જમાડયો. જમી કરીને સર્વે તપ્ત થયા. ફરી ભાલચંદ્ર નામના ભકત રસોડામાં જોવા ગયા. આ સાટા, લાડુ, મોહનથાળ

સંતોને ખૂબ જમાડયા. પણ આ જલેબી એક બાજુ રહી ગઈ હતી. જલેબીના બે ત્રણ વાસણો ભરેલા હતા તે પડયા રહયા. ભાલચંદ્ર ભકત કહે કે, મહારાજ ! આ લાડુ જમાડયા, આ સાટા જમાડયા, બધુંય તમે જમાડયું, દૂધપાક પણ જમાડયો પણ આ જલેબી તો તમે ભૂલી ગયા. ભૂલી ગયા ? ઈન્ડિયામાં વિજયાદશમીને દિવસે ફાફડા ને જલેબી બનાવે ને બધા પ્રેમથી જમે. ભાલચંદ્ર ભકત કહે કે મહારાજ ! આ જલેબી બે ત્રણ દિવસે બગડી જાય. તે રહે નહીં. મહારાજ ! તમે જલેબી જમાડો તો સારૂં ! મહારાજ કહે કે હે ભાલચંદ્ર ભકત ! આ જલેબી તો હવે કોઈ ખાય એમ છે નહીં. કોઈને લાડુ જમાડયો તો માથે હાથ મૂકયો, મોહનથાળ જમે અને પરાણે ઝાલતા, એમ સર્વે સંતોને પાંચ વાર જમાડયા છે ! હે ભાલચંદ્ર ભકત ! હવે કોઈ જલેબી ખાય એવું લાગતું નથી ! ભાલચંદ્ર કહે કે મહારાજ ! આ જલેબી બનાવી છે તે સંતો જમે નહીં તો બરાબર કહેવાય નહીં. માટે તમે પીરસો તો ખરા. ત્યારે મહારાજે ભાલચંદ્રનો ભાવ જોઈ જલેબીનું પાત્ર હાથમાં લઈ, લ્યો જલેબી ! લ્યો જલેબી ! એમ બોલતા જાય પણ કોઈએ જલેબી લીધી નહીં. મહારાજ કહે કે, થોડું વધારે કાંઈ આપવું પડે તો બધા લેશે. મહારાજ કહે કે, આ જલેબી જે જમે, તેને મારી મૂર્તિ અખંડ દેખાય ! સર્વ સંતો એ આ વાત સાંભળી ! આનંદ થઈ ગયો. મહારાજ કહે કે, લ્યો જલેબી, લ્યો જલેબી, પણ મહારાજે સંતોને પ્રેમથી લાડુ, સાટા આદિક જમાડયું હતું, એટલે હવે જલેબી જમી શકાય તેટલી જરા પણ પેટમાં જગ્યા હતી નહીં. એટલે કોઈએ જલેબી લીધી જ નહીં. ભાલચંદ્ર કહે કે હે મહારાજ ! જલેબી તો જમાડવી જ પડે. એક અપારાનંદ સ્વામી ને એક કાનડાનંદ સ્વામી એ જરા ભોળા જેવા હતા. તે એને સ્વામિનારાયણ એમ નામ પણ પુરૂં આવડતું ન હતું, પણ તે સામિનારાણ સામિનારાણ એમ બોલતા. તે ભોળા જેવા હતા, પણ અખંડ સ્વામિનારાયણ સ્વામિનારાયણ થયા જ કરતું હતું.

તે બેય સંતો ગહસ્થાશ્રમમાંથી સાધુ થવા આવ્યા પણ આ ભોળા જેવા હતા. કોઈ કામ કરે તો ભૂલી જાય ! બહ્માનંદ સ્વામી, મુકતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિક સંતો પાસે ગયા. સ્વામી ! અમને સાધુ બનાવો ! સંતો કહે કે આને ડાબા

જમણા હાથની ખબર નથી, તો આવા સાધુ બનાવીને અમે શું કરીએ ? એની તો આપણે સેવા કરવી પડે. પછી એ બેય મહારાજ પાસે આવ્યા. કહે કે મહારાજ ! તમે આ સંતોને કહો અમને સાધુ બનાવે. મહારાજ કહે કે તમે ગુરૂ કરી આવો, હું સાધુ બનાવી દઉં ! વળી તે બીજા સંતો પાસે ગયા. પણ કોઈ ગુરૂ થવાની એને હા પાડે નહીં. હતા બેય ભોળા જેવા ! રાંધતા પણ આવડે નહીં અને કાંઈ કામ કરતા પણ આવડે નહીં ! આને કેવી રીતે સાધુ બનાવવા ? પણ મહારાજ તો એવા દયાળુ ! આ પૂર્વના યોગભ્રષ્ટ જીવો હતા. એટલે મહારાજ કહે કે, તમને કોઈ સાધુ બનાવતા નથી એટલે લાવો ! હું તમને સાધુ બનાવી દઉં ! એટલે મહારાજે બંનેને સાધુની દિક્ષા આપી. અપારાનંદ સ્વામી અને કાનડાનંદ સ્વામી નામ પાડયું. અપારાનંદ સ્વામી, કાનડાનંદ સ્વામી ને સહજાનંદ સ્વામી ! ત્રણેયની જોડ ! એટલે ત્યારે મહારાજ પોતે પણ સાધુ થયા ! મહારાજે થોડા દિવસ પોતાની પાસે રાખ્યા. પછી મહારાજ બ્રહ્માનંદ સ્વામીને કહે કે, આ અપારાનંદ સ્વામી અને કાનડાનંદ સ્વામી બેય ને તમારી પાસે રાખો. એટલે બ્રહ્માનંદ સ્વામીએ રાખ્યા. અપારાનંદ અને કાનડાનંદ બે સ્વામી હતા, મહારાજ આ જલેબી પીરસતા હતા તો પાછળથી બોલ્યા, મહારાજ, મને આપો કે ! એટલે મહારાજે એમના મોઢામાં જલેબી આપી. ત્યારથી કરીને તેમની નિરાવરણ દ્રષ્ટિ થઈ ગઈ. ત્રિકાળજ્ઞાની થયા ! અને અખંડ મહારાજની મૂર્તિ દેખે.

ત્યારે આમાં કહેવાનો હેતુ એટલો જ કે, આ ભાલચંદ્ર નામના ભકતનો પ્રેમ હતો તો ભગવાન જમ્યા, સંતોને જમાડયા, પછી હરિભકતોને જમાડયા. પછી પોડશોપચારે કરીને મહારાજની પૂજા કરી.

" એવી પૂજા કરીને પાયે લાગીયા " ને પછી આરતી ઉતારી. પૂજા કરીને ભાલચંદ્ર ભગવાનને પગે લાગ્યા. ભગવાનને પ્રાર્થના કરી. મહારાજ કહે ભાલચંદ્ર ભકત, તમે સારી સેવા કરી. અમે બહુ રાજી થયા. તમે કાંઈ પ્ર ન અમને પૂછો. ત્યારે ભાલચંદ્ર નામના ભકતે પૂછયુ કે, એકાંતિક ભકતના શું લક્ષણ છે ? ત્યારે સત્સંગી જીવનમાં પણ લખ્યું ને કારિયાણીના સાતમાં વચનામૃતમાં લખ્યું છે કે, સંતોએ પ્ર ન પૂછયો કે, એકાંતિક ભકતના શું લક્ષણ છે ? ત્યારે ભાલચંદ્ર નામના ભકતનો

આવો પ્ર ન સાંભળીને મહારાજે ઉત્તર કર્યો કે ભગવાનનો એકાંતિક ભકત હોય એની વત્તિ જ્યાં જ્યાં જાય ત્યાં તે ભગવાનની મૂર્તિને જ દેખે.

"જ્યાં જુએ ત્યાં રામજી, બીજું કાંઈ નવ ભાસે રે,
અનુભવીને અંતરે, રહે રામ તેને વાસે રે"

આવી રીતે આત્યંતિક કલ્યાણને પામીને જેની સ્થિર દશા વર્તતી હોય તેને જેમ આ લોકમાં કમળાનો રોગ (પીળીયો રોગ) થયો હોય તો તે સર્વે પીળું જ દેખે. પણ સર્વે માણસો કાંઈ પીળા હોતા નથી. પણ આને કમળાનો રોગ થયો હતો, તેથી સર્વે ને એ પીળા જ દેખે. તેમ એકાંતિક સ્થિતિ જેની થઈ હોય, તે જ્યાં જોવે ત્યાં ભગવાનની મૂર્તિ જ દેખે. તે શું બધાય ભગવાન થઈ જાય ? ન થાય. પણ જેની આવી સ્થિતિ થઈ જાય, તેને આવી રીતે જ્યાં જુએ ત્યાં તેને ભગવાન જ દેખાય. ને ઉપર લખ્યા મુજબ જ્યાં જુએ ત્યાં રામજી બીજું કાંઈ નવ ભાસે રે, અનુભવીને અંતરે રહે રામ તેને વાસે રે. તે ભગવાનની મૂર્તિ જ દેખે છે. તે ભાગવતના દશમા સ્કંધમાં પણ વાત લખી કે, ગોપીઓ પણ રસ્તામાં ચાલ્યા જાય, અરે મેં આ કાળિનાગ નાથ્યો હતો, મેં આની લીલા કરી હતી. એમ ગોપીઓ ભગવાનનું અનુકરણ કરવા માંડી. પોતાના દેહનું ભાન ભૂલી ગયા.

પીજ ગામના અવલબાઈ

સ્વામિનારાયણ ભગવાને ભકત ચિંતામણીમાં ૧૪૧ ના પ્રકરણમાં પીજ ગામના અવલબાઈની વાત લખી. તે આવી રીતે ભગવાનની મૂર્તિનું ધ્યાન કરતા, એને ભગવાનનો સાક્ષાત્કાર થઈ ગયો. ત્યારે પોતાના દેહનું ભાન ભૂલી ગયા. બોલવા મંડયા કે, હું જ સહજાનંદ સ્વામી છું, આવો ! મને ઢોલિયા માથે બેસાડો. મારી આરતી ઉતારો, મને જમાડો. એમ આ બાઈ કહેવા મંડયા. પાંચ મિનિટ, દશ મિનિટ એવું રહયું, પછી જયારે પોતાના દેહમાં પાછા આવ્યા ત્યારે કહે કે, " અરે ! અમે વિધવા બાઈ ! મને પલંગ પર કેમ બેસાડયા ? મારે તો આમ પલંગ ઉપર બેસાય જ નહીં, નીચે બેસાય !"

ત્યારે આમાં કહેવાનો હેતુ એટલો કે, મધ્યના ૬૬ માં વચનામૃતમાં મહારાજે કહ્યું કે, આવી રીતે ભગવાનનો ભક્ત ભગવાનનું ધ્યાન, ભજન કરે તો ભગવાનના સાધર્મ્યપણાને પામી જાય છે એટલે એ ભગવાનને આકારે થઈ જાય છે. મહારાજે પ્ર.પ્ર. ૫૧ માં વચનામૃતમાં કહ્યું કે, ભગવાનનો ભક્ત આવી રીતે ભગવાનનું ધ્યાન, ભજન કરતાં કરતાં તે ભગવાનને આકારે થઈ જાય છે, તો એનું મનુષ્યપણું રહેતું નથી અને કારિયાણીના પહેલા વચનામૃતમાં પણ કહ્યું કે ભમરી ઈયળને લાવીને ભીંત ઉપર ગુંજારવ કરે તો ભમરી કેવી જ ભમરી થાય છે. કોઈ અંગ ઈયળનું રહેતું નથી. એમ ૬૬ માં વચનામૃતમાં કહ્યું. ૬૬ માં વચનામૃતમાં પણ બધા સંતોએ ભગવાનને પ્રશ્ન પૂછ્યો કે, તેને આમ જો ભગવાનના સાધર્મ્યપણાને પામી જાય, તો પછી તેને કાંઈ કરવા પણું રહેતું નથી, તો શું કરવું? ભગવાને કહ્યું કે, ધ્યાન, ભજન કરવું ને સ્વામી સેવકપણું રાખવું ને એમ જાણવું કે, આ મારા સ્વામી છે ને હું તેનો સેવક છું તો મોલમાં જામી ન રહે.

આપણે દુનિયામાં રહેતા હોઈએ તો ઉપરથી વ્યવહારિક કાર્ય કરવું, પણ અંતરમાં ભગવાનની મૂર્તિ રાખવી.

ભગવાનનો એકાંતિક ભક્ત હોય એની વૃત્તિ જ્યાં જ્યાં જાય ત્યાં તે ભગવાનની મૂર્તિને જ દેખે.

ભગવાનને વિષે પ્રેમ થઈ જાય તો સંસારના સુખ ઝેર જેવા થઈ જાય.

આળસ, પ્રમાદ, મોહનો ત્યાગ કરીને જેમ બને તેમ ભગવાનની ભક્તિ વિશેષ કરવી.

આત્મા-પરમાત્માનું જ્ઞાન દૃઢ કર્યું હોય તો મરવાની બીક ન લાગે.

ભગવાનની નાની-મોટી જે આજ્ઞા છે તે બરાબર પાલન કરીએ તો જાણે આપણે ભગવાનના ભક્ત થયા કહેવાઈએ.